# कर्त्तव्य-कौमुदी

## द्वितीय ग्रंथ

पं. मु. श्री रत्नचन्द्रजी.

श्री गुलाब-वीर-ग्रन्थमाला—रत्न ७ मुं.

# कर्त्तव्य-कौमुदी

## द्वितीय ग्रंथ.

[ ખંડ ૧–૨ : સંપૂર્ણ ]

रचयिता
शतावधानी पंडित मुनिराज
**श्री रत्नचन्द्रजी.**

कर्त्तव्यमेव कर्त्तव्यं प्राणैः कण्ठगतैरपि ।
अकर्त्तव्यं न कर्त्तव्यं प्राणैः कण्ठगतैरपि ॥

વિવેચક તથા પ્રકાશક
**ચુનીલાલ વર્ધમાન શાહ**
વઢવાણનિવાસી.
સારંગપુર, તળીયાની પોળ, અમદાવાદ.

દ્વિતીય આવૃત્તિ : પ્રત ૪૦૦
વીર સંવત્ ૨૪૫૭ : વિ. સં. ૧૯૮૭ : ઈ. સ. ૧૯૩૧

મુદ્રક : જયન્તીલાલ માધવલાલ.
મુદ્રણસ્થાન : 'સુદામા મુદ્રણાલય' ધીકાંટા રોડ,—અમદાવાદ.

મૂલ્ય રૂ. ૨॥

# પ્રસ્તાવના.

## [ પ્રથમ આવૃત્તિ ]

વિદ્વાનોએ મનુષ્યજીવનના ચાર વિભાગો કર્યા છે: બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. એ ચાર વિભાગો અથવા આશ્રમોમાંના પ્રથમ બે આશ્રમમાં આદરણીય કર્ત્તવ્ય કર્મનો બોધ " કર્ત્તવ્ય–કૌમુદી " ના પ્રથમ ગ્રંથમાં આવી ગયો છે, અને આ દ્વિતીય ગ્રંથમાં બાકીના બે આશ્રમોનાં કર્ત્તવ્ય કર્મનો બોધ સમાવિષ્ટ કરવામાં આવ્યો છે. દ્વિતીય ગ્રંથના પુનઃ બે ખંડો પાડવામાં આવ્યા છે અને તેમાં બેઉ આશ્રમનાં કર્ત્તવ્ય કર્મ આવે છે. સંક્ષેપમાં કહીએ તો પ્રથમ ગ્રંથ જીવનના પ્રવૃત્તિ-વિભાગને વિશુદ્ધ કરવા માટે નિર્માયો હતો અને આ બીજો ગ્રંથ તેના નિવૃત્તિવિભાગને વિશુદ્ધ કરવા માટે યોજાયો છે.

જીવન પોતે જ પ્રવૃત્તિ છે અને પ્રવૃત્તિને અંતે નિવૃત્તિ અનિવાર્ય છે. મનુષ્ય જો પ્રવૃત્તિનો અંત સ્વયમેવ લાવીને નિવૃત્તિને સાધતો નથી, તો પ્રવૃત્તિ માટેની શક્તિનો હ્રાસ કુદરત પોતે જ નીપજાવે છે અને તેને નિવૃત્ત કરે છે. આ સ્થિતિમાં સુજ્ઞ મનુષ્ય પ્રાણીનું કર્ત્તવ્ય છે કે પ્રવૃત્તિને એટલી વિશુદ્ધ તથા નિષ્કામ કરવી કે જેથી પરમ નિવૃત્તિના આધ્યાત્મિક લાભો આત્માને થાય. આ માટે જીવનની ત્રીજી અને ચોથી અવસ્થા–વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમનો સદુપયોગ કરવો આવશ્યક છે. વાસનાઓ છાંડીને વનમાં જઇ નિવાસ કરવો અને આત્મચિંતન કરવું એ વાનપ્રસ્થાશ્રમ શબ્દપ્રયોગનું તાત્પર્ય છે, પરંતુ એ પ્રકારનું જીવન આજે બહુધા લુપ્ત થયું છે. કાળનો એ પ્રભાવ છે. એ પરિસ્થિતિમાં જનતાની વચ્ચે રહીને પણ વાનપ્રસ્થ જીવન કેવી રીતે જીવવું તેનો બોધ આ ગ્રંથના પ્રથમ ખંડમાં ગ્રંથકારે આપ્યો છે. પ્રવૃત્તિને નિષ્કામ કરીને નિવૃત્તિની આધ્યાત્મિક સાધનાના માર્ગો એ ખંડના પૃથક્ પૃથક્ પરિચ્છેદમાં દર્શાવવામાં આવ્યા છે. તેવી જ રીતે પ્રવૃત્તિને શુદ્ધતર કરતા જતાં ચતુર્થ આશ્રમમાં

પ્રવેશ કરી, સર્વથા ત્યાગને આલંબી, આત્મચિંતન, આત્મધ્યાન અને છેવટે મુક્તિસુખને વરવાની સીઢીનાં પગથીયાં બીજા ખંડના પૃથક્ પૃથક્ પરિચ્છેદોમાં દર્શાવ્યાં છે.

ગ્રંથમાં વાપરવામાં આવેલી પરિભાષા જૈન છે, છતાં જેવી રીતે એક જ ગિરિશિખરપર ચઢવાને જૂદા જૂદા માર્ગો હોય છે, તેવી રીતે નિવૃત્તિની આધ્યાત્મિક સાધનાના પણ જૂદા જૂદા માર્ગો છે. આ માર્ગો ગ્રંથકારે જૈન પરિભાષામાં દર્શાવ્યા હોવા છતાં અન્ય ધર્મોના માર્ગોમાં અને આ ગ્રંથમાં દર્શાવવામાં આવેલા માર્ગોમાં કેટલું સામ્ય છે અને ગ્રંથમાં દર્શાવેલું તત્ત્વ કેટલા મોટા પ્રમાણમાં જૈનોને તેમજ જૈનેતરોને સંમાન્ય થાય તેવું છે તે દર્શાવવાનો યત્ન મેં વિવેચનમાં કર્યો છે. ગ્રંથકારે બહુધા સૂત્રરૂપે પોતાનું વક્તવ્ય દર્શાવ્યા પછી તેને સરળ તથા જનતાને પચે તેવા સ્વરૂપમાં મૂકવાનું કાર્ય વિવેચનકારને શિરે રહે છે. એ કાર્ય મેં જેવી રીતે પ્રથમ ગ્રંથમાં યથાશક્તિ બજાવ્યું હતું તેવી જ રીતે આ ગ્રંથમાં યથાશક્તિ બજાવ્યું છે, અને તેમ કરતાં જૂદા જૂદા ગ્રંથોનો, જૂદા જૂદા ધર્મના અભ્યાસનો અને સાધુઓ તથા પંડિતોનો આશ્રય લીધો છે. આથી વિવેચન સુગમ્ય થશે અને ગ્રંથનું વક્તવ્ય સાંપ્રદાયિક ન બનતાં સર્વમાન્ય બનશે એવી મને આશા છે. બીજો ગ્રંથ પ્રસિદ્ધ થએલો જોવાની આશા રાખી રહેલા વાચકોને પહેલો ગ્રંથ પહેલી વાર બહાર પડયા પછી ઘણે લાંબે વખતે આ ગ્રંથ બહાર પડતો જોઇને આશ્ચર્ય થશે. પં. મુ. શ્રી રત્નચંદ્રજી "અર્ધમાગધી કોશ" ની રચનાના કાર્યમાં ગુંથાઇ રહેવાથી બીજો ગ્રંથ પ્રમાણમાં મોડો લખાયો હતો ખરો, પરન્તુ એ ગ્રંથનો મૂળ વિભાગ તૈયાર થયા પછી ૬ વર્ષ જેટલો સમય વિવેચન તૈયાર કરવામાં વીતાવવા માટેની જવાબદારી વિવેચનકારની છે અને વ્યવસાયની તથા બીજી ઉપાધિઓને અંગે તે કાર્ય વહેલું નહિ કરી શકવા માટે તે વાચકોની ક્ષમાનો પ્રાર્થી છે.

સારંગપુર, તળીયાની પોળ<br>
અમદાવાદ : તા. ૧-૧-૩૧ } **ચુનીલાલ વર્ધમાન શાહ.**

## [ બીજી આવૃત્તિ ]

પહેલી આવૃત્તિ મુજબ આ બીજી આવૃત્તિ છાપેલી છે. છાપકામમાં જે મુખ્ય અશુદ્ધિઓ રહેલી, તેને માટે શુદ્ધિપત્ર વધારેલું છે.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિની ૬૫૦ નકલો તેમ જ પ્રથમ ગ્રંથની તેટલી જ નકલો મોરબીનિવાસી શ્રી. ડાહ્યાલાલ મકનજી ઝવેરીએ પોતાના મકાનના વાસ્તુપ્રસંગે મોરબીના પોતાના જ્ઞાતિબંધુઓને ઘેર ઘેર વહેંચી આપી હતી અને પોતે શૈવ હોવા છતાં જૈનતત્વના પ્રેમી હોઈ જમણવાર પાછળ મોટું ખર્ચ ન કરતાં તેમણે આવી લ્હાણી ઉચિત માની હતી. આથી તુરતમાં જ આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે.

તા. ૧–૨–૩૧ ચુ. વ. શાહ.

# શુધ્ધિપત્ર.

[નીચેના શુદ્ધિપત્રમાં મુખ્ય મુખ્ય અશુદ્ધિઓને શુદ્ધ કરી આપવામાં આવી છે.]

| પૃષ્ઠસંખ્યા | શ્લોક અથવા પંક્તિ | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૪ | (શ્લો) | ૪ | रुचि | रुच्चिं |
| ૩૨ | (પં) | ૧ | હે | કહે |
| ૬૬ | (શ્લો) | ૨૭ | गहाङ्गण | गृहाङ्गण |
| ૭૯ | (પં) | ૮ | અહુાત | આહુતિ |
| ૯૬ | (પં) | ૧૧ | દર્યાદ્ | દયાર્દ્ર |
| ૯૭ | (શ્લો) | ૩૯ | ॅयो | दूर्यो |
| ૧૨૪ | ,, | ૫૨ | सत्या | सत्यो |
| ૧૨૬ | (પં) | ૧૪ | એટણે | એટલે |
| ૧૩૨ | (શ્લો) | ૫૫ | दौ ॅल्यं | दौर्बल्यं |
| ૧૩૯ | (પં) | ૮ | કુમુમો | કુસુમો |
| ,, | (પં) | ૧૭ | ઢોંકેલાં | ઢાંકેલાં |
| ૧૪૫ | (શ્લો) | ૬૨ | क्षेत्रा | क्षेत्र |
| ૧૫૯ | (પં) | ૯ | Religlon | Religion |
| ૧૬૫ | (શ્લો) | ૭૧ | यता | यतो |
| ૧૭૧ | દશમ પરિચ્છેદનું મથાળું:— સેવાધર્મઃ રોગી જનોની સેવા | | | |
| ૧૭૭ | (શ્લો) | ૭૭ | पित्तादता | पित्तार्दिता |
| ૧૮૦ | (પં) | ૩ | મુંદર | સુંદર |
| ૧૮૭ | (શ્લો) | ૮૨ | सज्जनः | सज्जनैः |
| ૧૯૨ | (પં) | ૫ | કેયવાયેલા | કેળવાયેલા |
| ૨૩૧ | (પં) | ૧૪–૧૭ | અલ્યાયુષી | અલ્પાયુષી |
| ૨૩૮ | (શ્લો) | ૧૦૫ | ऽानलैः | ऽनिलैः |

| પૃષ્ઠસંખ્યા | શ્લોક અથવા પંક્તિ | | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૩૯ | (પં) | ૫ | गरीयस | गरीयसी |
| ૨૪૧ | (શ્લો) | ૧૦૬ | साधनः | साधनैः |
| ,, | ,, | ,, | तद्युक्त्या | तद्युक्त्या |
| ૨૪૩ | ,, | ૧૦૭ | दर्मा | धर्मा |
| ૨૫૨ | (પં) | ૩ | અત્યાર | અત્યાચાર |
| ૨૬૦ | (પં) | ૧ | યચોચિત | યથોચિત |
| ૨૮૨ | (શ્લો) | ૧૨૪ | रेतः | रेतैः |
| ૩૦૪ | ,, | ૧૩૪ | भयने | भयेन |
| ૩૦૯ | (પં) | ૧ | થોટું | થોડું |
| ૩૬૪ | (પં) | ૭ | કાષ્ડ | કાષ્ટ |
| ૩૬૪ | (પં) | ૨૬ | પરન્તુ | પરન્તુ |
| ૩૮૫ | (પં) | ૧૭ | આ રીવકૃત | આ રીતે વિકૃત |
| ૩૮૮ | (પં) | ૧૩ | સાઓધુના | સાધુઓના |
| ૩૯૦ | (શ્લો) | ૧૭૬ | सद्धमस्य | सद्धर्मस्य |
| ૩૯૯ | (પં) | ૩ | લ લ્ય | લૌલ્ય |
| ૪૦૩ | (પં) | ૨૪ | રા વાં | રાખવાં |
| ૪૩૫ | (શ્લો) | ૧૯૨ | माशनं | मासनं |
| ૪૩૮ | ,, | ૧૯૩ | मना | मनो |
| ૪૪૮ | (પં) | ૨ | આથય | આશય |
| ૪૫૦ | (પં) | ૨૬ | lt | it |
| ૪૬૧ | (પં) | ૨૬ | શરીને | શરીરને |
| ૪૮૮ | (પં) | ૮ | પ્રકટ છે | પ્રકટે છે. |

## અનુક્રમણિકા.


મઙ્ગલાચરણમ્. ( શ્લોક ૧ ) ... ... ... પૃષ્ઠ ૨
પૂર્વોત્તરગ્રન્થસમ્બન્ધઃ ( શ્લોક ૨ ) ... ... ,, ૩
તૃતીયચતુર્થવયસોઃ કર્ત્તવ્યતારતમ્યમ્ ( શ્લોક ૩ ) ,, ૫


### પ્રથમ ખણ્ડ.


પ્રથમ પરિચ્છેદ. સમ્યગ્દષ્ટિ ( શ્લોક ૪ થી ૭ ) ... ,, ૭
દ્વિતીય ,, સમ્યક્ ચારિત્ર ( શ્લો. ૮ થી ૨૭ )... ,, ૧૭
તૃતીય ,, સેવાધર્મ ( શ્લો. ૨૮ થી ૩૪ ) ... ,, ૭૦
ચતુર્થ ,, સેવાધર્મઃ મૈત્રી ભાવના ( શ્લોક ૩૫ થી ૪૨ ) ... ... ,, ૮૪
પંચમ ,, સેવાધર્મઃ પ્રમોદ ભાવના ( શ્લો. ૪૩ થી ૪૫ ) ... ... ,, ૧૦૬
ષષ્ઠ ,, સેવાધર્મઃ કરૂણા ભાવના. ( શ્લો. ૪૬ થી ૫૦ ) ... ... ,, ૧૧૨
સપ્તમ ,, સેવાધર્મઃ માધ્યસ્થ્ય ભાવના (શ્લો. ૫૧ થી ૫૫) ,, ૧૨૧
અષ્ટમ ,, સેવાધર્મઃ બાળકોની સેવા (શ્લો. ૫૬ થી ૬૦) ,, ૧૩૪
નવમ ,, સેવાધર્મઃ વિદ્યાર્થીઓની સેવા ( શ્લો. ૬૧ થી ૭૩ ) ... ... ,, ૧૪૩
દશમ ,, સેવાધર્મઃ રોગી જનોની સેવા ( શ્લો. ૭૪ થી ૭૮ ) ... ... ,, ૧૭૧
એકાદશ ,, સેવાધર્મઃ નિરૂદ્યમી જનોની સેવા ( શ્લો. ૭૯ થી ૮૪ ) ... ... ,, ૧૮૧
દ્વાદશ ,, સેવાધર્મઃ વિધવાઓની સેવા ( શ્લો. ૮૫ થી ૮૮ ) ... ... ,, ૧૯૪

| | | | | |
|---|---|---|---|---|
| ત્રયોદશ | ,, | સેવાધર્મ: વૃદ્ધ જનોની સેવા ( શ્લો. ૮૯ થી ૯૩ ) ... ... | પૃષ્ઠ | ૨૦૨ |
| ચતુર્દશ | ,, | સેવાધર્મ: પશુસેવા ( શ્લો. ૯૪ થી ૯૯ ) | ,, | ૨૧૧ |
| પંચદશ | ,, | સેવાધર્મ: જ્ઞાતિની સેવા (શ્લો. ૧૦૦ થી ૧૦૪) | ,, | ૨૨૪ |
| શ | ,, | સેવાધર્મ: સ્વદેશસેવા (શ્લો. ૧૦૫ થી ૧૧૨) | ,, | ૨૩૮ |


## દ્વિતીય ખણ્ડ.


| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ | પરિચ્છેદ | આત્મદષ્ટિ. ( શ્લો. ૧૧૩ થી ૧૧૭ )... | ,, | ૨૫૭ |
| દ્વિતીય | ,, | વૈરાગ્ય પ્રકરણ ( શ્લો. ૧૧૮ થી ૧૨૮ ) | ,, | ૨૭૦ |
| તૃતીય | ,, | સંસારત્યાગ ( શ્લો. ૧૨૯ થી ૧૩૩ ) | ,, | ૨૯૪ |
| ચતુર્થ | ,, | મહાવ્રતો અને પાપસ્થાનનો પરિહાર ( શ્લો. ૧૩૪ થી ૧૪૦ ) ... | ,, | ૩૦૩ |
| પંચમ | ,, | સમિતિ પ્રકરણ ( શ્લો. ૧૪૧ થી ૧૬૩ ) | ,, | ૩૨૧ |
| ષષ્ઠ | ,, | પરિષહ–વિજય ( શ્લો. ૧૬૪ થી ૧૬૭ ) | ,, | ૩૬૭ |
| સપ્તમ | ,, | સાધુની દિનચર્યા ( શ્લો. ૧૬૮ થી ૧૭૨ ) | ,, | ૩૭૬ |
| અષ્ટમ | ,, | સાધુસમાજની મર્યાદા ( શ્લો. ૧૭૩ થી ૧૭૭ ) ... ... | ,, | ૩૮૫ |
| નવમ | ,, | તપશ્ચર્યા: ( શ્લો. ૧૭૮ થી ૧૮૫ ) ... | ,, | ૩૯૫ |
| દશમ | ,, | તપશ્ચર્યા: સ્વાધ્યાય. (શ્લો. ૧૮૬ થી ૧૮૯) | ,, | ૪૨૨ |
| એકાદશ | ,, | તપશ્ચર્યા: ધ્યાન. ( શ્લો. ૧૯૦ થી ૨૧૯ ) | ,, | ૪૩૦ |
| દ્વાદશ | ,, | તપશ્ચર્યા: વ્યુત્સર્ગ (શ્લો. ૨૨૦ થી ૨૨૪) | ,, | ૪૯૪ |
| ગ્રન્થકારપ્રશસ્તિ: | | ... ... ( શ્લો. ૨૨૫–૨૨૬ ) | ,, | ૫૦૩ |

ॐ नमो वीतरागाय ॥

# कर्त्तव्य-कौमुदी.

## द्वितीय ग्रन्थ.

"કર્ત્તવ્ય-કૌમુદી"ના પ્રથમ ગ્રંથના પ્રારંભમાં ગ્રંથકારે જેવી રીતે ઇષ્ટ દેવનું સ્તવન-મંગલાચરણ કર્યું હતું, તેવી રીતે આ દ્વિતીય ગ્રંથના પ્રારંભમાં પણ તે મંગલાચરણમાં સ્તવન કરે છે. ઇહિલોકના અને પરલોકના શ્રેયઃને અર્થે મનુષ્યે જે કર્ત્તવ્ય કર્મ કરવાનાં હોય છે તે કર્ત્તવ્ય કર્મનો ઉપદેશ આ બેઉ ગ્રંથોમાં કરવામાં આવેલો છે. તે ઉપદેશનો આધાર સર્વાંશે સર્વદેશી માનવ ધર્મના ઉપદેશ ઉપર રહેલો છે. પ્રથમ ગ્રંથમાં ગ્રંથકારે એક જૈન મુનિ તરીકે પોતાના ઇષ્ટ દેવનું-પંચમ કાળના શાસનપતિ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન કર્યું હતું. ગ્રંથના હેતુની અને પોતાના દૃષ્ટિબિંદુની વિશાળતાનું દર્શન કરાવતાં આ દ્વિતીય ગ્રંથના પ્રારંભમાં તે સર્વ ધર્મને સામાન્ય અભીષ્ટ તત્ત્વનું સ્તવન કરે છે. જેઓ વિશાળ દૃષ્ટિના, કેવળ મુમુક્ષુ ભાવે જગતમાં સત્યને શોધનારા અને સ્વાનુભૂત સત્યને જગતના કલ્યાણાર્થે ઉપદેશનારા છે તેઓને તો 'वसुधैव कुटुम्बकम्' એ જ એક ભાવના હોય છે.

**भवबीजाङ्कुरजलदा रागाद्याः क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

અર્થાત્—જગતની ચોરાશી લાખ યોનિમાં જીવને ભ્રમણ કરાવનારા અંકુરને પોષનારા જે રાગાદિ દોષો છે તે દોષો જેના ક્ષય પામ્યા છે તે બ્રહ્મા હોય, અથવા વિષ્ણુ હોય અથવા શંકર હોય, અથવા જિન હોય-ગમે તે દેવ હોય તોપણ તેને નમસ્કાર હો. એ જ પ્રકારની વિશાળ દૃષ્ટિથી ગ્રંથકાર મંગલાચરણ કરે છે.

शार्दूलविक्रीडितम् ॥

मङ्गलाचरणम् । १ ॥

**यस्माद्गौतमशङ्करप्रभृतयः प्राप्ता विभूतिं परां ।**
**नाभेयादिजिनास्तु शाश्वतपदं लोकोत्तरं लेभिरे ॥**
**स्पष्टं यत्र विभाति विश्वमखिलं देहो यथा दर्पणे ।**
**तज्ज्योतिः प्रणमाम्यहं त्रिकरणैः स्वाभीष्टसंसिद्धये ॥**

## મંગલાચરણ.

**ભાવાર્થ**—જે જ્યોતિમાંથી શ્રી ગૌતમબુદ્ધ, શંકર આદિ મહાપુરૂષો પરમ વિભૂતિને પામ્યા અને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી આદિ જિનેશ્વરો તો લોકોત્તર શાશ્વતપદ–સિદ્ધપદને પ્રાપ્ત થયા, જે જ્યોતિમાં અખિલ વિશ્વમંડળ દર્પણમાં દેહના પ્રતિબિમ્બવત્ સ્પષ્ટ રીતે ભાસમાન થાય છે તે ज्योतिः ને હું મન, વચન અને કાયાએ કરીને મારી અભીષ્ટ વસ્તુની સંસિદ્ધિને અર્થે નમસ્કાર કરૂં છું. (૧)

**વિવેચન**—આત્મા અને પરમાત્માના સ્વરૂપ વિષે જૂદા જૂદા વિદ્વાનોએ, યોગીઓએ અને મહાપુરૂષોએ જૂદી જૂદી કલ્પનાઓ કરી બતાવી છે, પરન્તુ એ કલ્પનાઓમાં જે વસ્તુસ્વરૂપની ઘટના ઘટાવવામાં આવી છે તે સામાન્ય જનસમાજને બુદ્ધિગમ્ય થઈ પડે એ રીતે ઘટાવવામાં આવી છે. વસ્તુતઃ સર્વ જ્ઞાનના સાર રૂપ એક પરમ વિશુદ્ધ કેવલજ્ઞાનરૂપ ચૈતન્યજ્યોતિ આ અખિલ વિશ્વમાં વ્યાપી રહેલો છે એમ તેઓ માને છે. એ જ્યોતિ કેવો છે? ભર્તૃહરિ કહે છે કે—

**दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।**
**स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥**

અર્થાત્—જેની મૂર્તિ, દિશા અને કાળ વગેરેથી અમર્યાદિત છે, એટલા જ

માટે અનંત અને ચૈતન્યરૂપ છે, જે આત્મ અનુભવના એક સારરૂપ છે, તે શાન્ત પ્રકાશને હું નમસ્કાર કરૂં છું. **ભ**ર્તૃહરિએ પોતાના 'નીતિશતક'ના પ્રારંભમાં એ પરમ જ્યોતિને નમસ્કાર કરતાં તેનું સ્વરૂપ ઉપર પ્રમાણે ઘટાવ્યું છે. આ ગ્રંથકારે પણ એ 'એકસાર'નું સ્તવન કરી સ્વાભીષ્ટની સંસિદ્ધિને અર્થે તેના આશીર્વાદની યાચના કરી છે. આ સ્તવનના શ્લોકમાં એ પરમ જ્યોતિના જે ગુણો દર્શાવવામાં આવ્યા છે તેમાં કેટલીક સૂચકતા રહેલી છે. એ પરમ જ્યોતિમાંથી ગૌતમબુદ્ધ, શંકર આદિ મહાપુરૂષો જનસમાજને આકર્ષવાની પરમ વિભૂતિ પામ્યા, એ પરમ જ્યોતિમાંથી શ્રી ઋષભદેવ આદિ ચોવીસે જિનો–તીર્થંકરો પરિપૂર્ણ શાશ્વત–નિર્વાણપદને પામ્યા, એટલું જ નહિ પણ એ પરમ જ્યોતિમાં અખિલ વિશ્વ સ્પષ્ટાકારે ભાસે છે, એટલું ચૈતન્ય –સામર્થ્ય જે જ્યોતિમાં રહેલું છે તે જ્યોતિનો એક અણુ પણ મનુષ્યને પ્રાપ્ત થાય તો તેનું કલ્યાણ થયા વિના કેમ રહે? તેટલા માટે એ પરમ ચૈતન્ય સ્વરૂપ જ્યોતિને સ્તવતાં ગ્રંથકાર ઉચરે છે કે આ ગ્રંથલેખન જે પોતાનું અભીષ્ટ છે તેની સંસિદ્ધિ–પૂર્તિને માટે તેનો આશીર્વાદ પોતાને પ્રાપ્ત થાય અને તદર્થે प्रणमाम्यहं त्रिकरणैः–'હું મન, વચન તથા કાયાથી નમસ્કાર કરૂં છું.' જ્યોતિના પરમ સામર્થ્યના દૃષ્ટાંત વડે તેના આશીર્વાદ પ્રત્યેના પોતાના વિશ્વાસનું સંપૂર્ણત્વ ગ્રંથકારે પ્રદર્શિત કર્યું છે. (૧)

[ 'કર્ત્તવ્ય-કૌમુદી'ના પ્રથમ ગ્રંથનો અને આ દ્વિતીય ગ્રંથનો પૂર્વાપર સંબંધ કેવા પ્રકારનો છે તે હવે પછીના શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે. ]

**पूर्वोत्तरग्रन्थसम्बन्धः । २ ॥**

**पूर्वार्द्धे वयसोर्द्वयोः प्रथमयो–र्नीतिः समालोचिता ।**
**सद्योऽयं समयस्तृतीयवयसः कर्त्तव्यसंदर्शने ॥**
**विद्या येन समर्जिता धनमपि प्राप्तं कुटुम्बोचितं ।**
**तेनावश्यतया परार्थनिरतं कार्यं निजं जीवनम् ॥**

## પ્રથમ ગ્રંથનો આ ગ્રંથ સાથેનો સંબંધ.

**ભાવાર્થ** તથા **વિવેચન**—પ્રથમ ગ્રંથમાં પહેલી બે વયમાં આદરવા યોગ્ય નીતિ રીતિ અર્થાત્ કર્તવ્ય કર્મનું આલોચન કરવામાં આવ્યું હતું. હવે ત્રીજી અવસ્થાનાં કર્તવ્ય કર્મનું દર્શન કરવાને માટે આ સમય ઉપસ્થિત થયો છે, અર્થાત્ આ દ્વિતીય ગ્રંથ લખવામાં આવ્યો છે. કર્તવ્યના બોધને અર્થે મનુષ્યજીવનની ચાર જૂદી જૂદી અવસ્થાઓ વિદ્વાનોએ કલ્પી છે અને પ્રત્યેક અવસ્થાનાં વિશિષ્ટ કર્તવ્ય કર્મનો ઉપદેશ કર્યો છે. એ ચાર અવસ્થાનાં કર્તવ્ય કર્મ આ ગ્રંથકારે *પ્રથમ ગ્રંથમાં અનુક્રમે (૧) શિક્ષણ, (૨) નીતિ, (૩) પરાર્થ, (૪) ત્યાગ, એ પ્રમાણે દર્શાવેલાં છે. પ્રથમ ગ્રંથના પ્રથમ ખંડમાં સામાન્ય કર્તવ્યનો બોધ કરવામાં આવ્યો છે અને બીજા ખંડથી અવસ્થા પરત્વે વિશિષ્ટ કર્તવ્યનો બોધ પ્રારંભવામાં આવ્યો છે. એ પ્રમાણે બીજા ખંડમાં બાલ્યાવસ્થાના શિક્ષણ વિષેનો બોધ તથા ત્રીજા ખંડમાં યુવાવસ્થામાં નીતિપુરઃસર ઉદ્યોગપ્રવૃત્તિ વિષેનો બોધ કરવામાં આવ્યો છે. હવે અનુક્રમે ત્રીજી અવસ્થાના કર્તવ્યબોધનો વિષય ઉપસ્થિત થાય છે, અને તે દ્વિતીય ગ્રંથના પ્રથમ ખંડમાં તથા ચોથી અવસ્થાના કર્તવ્યબોધનો વિષય બીજા ખંડમાં આવશે. પ્રથમ અને દ્વિતીય અવસ્થામાં જેણે અનુક્રમે વિદ્યોપાર્જન તથા ધનોપાર્જન કર્યું છે અને જીવનમાં પોતાનું તથા પોતાના કુટુંબનું ઐહિક હિત સાધ્યું છે તેણે હવે આગળ વધીને પરાર્થે પોતાના જીવનનો સદ્વ્યય કરવામાં ઉદ્યત થવું આવશ્યક છે. (૨)

[ કોઈ ગ્રંથ, પ્રકરણ કિંવા વાક્યોના અર્થનિર્ણયના કાર્યમાં કુશળ મીમાંસકોએ સાત વસ્તુઓના વિચારને આવશ્યક માન્યો છે. उपक्रमोपसंहारौ अभ्यासोऽपूर्वता फलम् । अर्थवादोपपत्ती च लिंगं तात्पर्यनिर्णये ।। અર્થાત્-પહેલાં ગ્રંથનો પ્રારંભ તથા છેવટે એ બાબતોનો નિર્ણય કરવો, પછી અનુક્રમે અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ, અને ઉપપત્તિ અથવા ઉપપાદન એ તપાસવાં: એ પ્રકારે ગ્રંથના તાત્પર્યનો જેમ નિર્ણય થાય છે તેમ એ જ પ્રકારના તાત્પર્યનિર્ણયની દૃષ્ટિથી ગ્રંથકારો ગ્રંથ-લેખનમાં ઉદ્યત થાય છે. ઉપર્યુક્ત શ્લોકમાં સામાન્ય પ્રસ્તાવ કરવામાં આવ્યા પછી નીચેના શ્લોકમાં ગ્રંથના ઉપક્રમ તથા ઉપસંહારનું તારતમ્ય આપવામાં આવે છે.

---

*જુઓ શ્લોક ૫ (પ્રથમ ગ્રંથ-ખંડ ૧-પરિચ્છેદ ૨).

तृतीयचतुर्थवयसोः कर्त्तव्यतारतम्यम् । ३ ॥

**अभ्यासार्थमिदं चतुर्थवयसो नूनं तृतीयं वयो ।**
**यद्यत्तत्र च सर्वथा भवति तद्देशेन भाव्यं त्विह ॥**
**प्रायस्तत्र महाव्रतानि विषयत्यागः कुटुम्बं जगत् ।**
**साध्यान्यत्र लघुव्रतानि विरतिः स्थूला समाजः कुलम् ।**

**ભાવાર્થ**—ત્રીજી અવસ્થા ખાસ કરીને ચોથી અવસ્થાનાં કર્તવ્યનો અભ્યાસ કરવા માટે છે; એટલે કે ચોથી અવસ્થામાં જે કાર્યો સર્વથા-પરિપૂર્ણતઃ કરવાનાં છે તે કાર્યો ત્રીજી અવસ્થામાં પરિમીત સ્વરૂપમાં આદરવાનાં છે. ચોથી અવસ્થામાં જ્યારે વિષયોનો સર્વથા ત્યાગ કરી, આખા જગતને કુટુંબવત્ માની, મહાવ્રતો આદરવાનાં હોય છે; ત્યારે ત્રીજી અવસ્થામાં સ્થૂલ પાપોથી નિવૃત્ત થઈ, સમાજને કુટુંબવત્ માની, લઘુવ્રતો-અણુવ્રતો આદરવાનાં હોય છે. (૩)

**વિવેચન**—મનુષ્યના જીવનની ચતુર્થ અવસ્થા એ મનુષ્યાવતારની સર્વશ્રેષ્ઠ અવસ્થા છે. પૂર્વ કર્મના શુભ યોગથી કોઈ તેજસ્વી આત્મા પ્રથમ અવસ્થામાંથી જ ચતુર્થ અવસ્થામાં કૂદી પડે છે અને ચતુર્થ અવસ્થાને યથાયોગ્ય રીતે પાર ઉતારે છે; પરંતુ જેઓ ક્રમે ક્રમે આગળ વધવાની પરિમીત શક્તિવાળા મનુષ્યો છે તેઓને માટે ઉત્તરોત્તર અવસ્થાની સફળતા માટે પૂર્વ પૂર્વ અવસ્થા અભ્યાસનો કાળ પૂરો પાડે છે; એ નિયમે ચતુર્થ અવસ્થા માટેનો અભ્યાસનો કાળ એ ત્રીજી અવસ્થા છે. પહેલી-બીજી અવસ્થામાં દેહ તથા કુટુંબ પ્રત્યેનાં કર્તવ્ય કર્મો બજાવ્યા પછી મનુષ્યનું કર્તવ્યક્ષેત્ર ઉત્તરોત્તર વિશાળ થતું જાય છે. ચતુર્થ અવસ્થામાં તેણે એવો નિવૃત્તિધર્મ સ્વીકારવાનો છે કે જેથી સમગ્ર વસુધાને તે આત્મવત્ જુએ, પ્રત્યેક પ્રાણીમાં આત્મતુલ્યતાનું જ ભાન કરે. આ પરમ યોગીની દશા પ્રાપ્ત કરવા પૂર્વે ત્રીજી અવસ્થામાં મનુષ્યે પ્રાથમિક ચોથી અવસ્થા પાળવી

જોઇએ. વિષય–કષાયનો સર્વથા ત્યાગ કરવો, આખા જગત્માં સમાન ભાવનો અનુભવ કરવો, યોગની સાધના કરવી અને એ રીતે પરમ યોગી-પદની પ્રાપ્તિ કરવી એ ચોથી અવસ્થાનાં મુખ્ય કર્તવ્યો છે. ત્રીજી અવ-સ્થામાં એ કર્તવ્યો અંશતઃ પાળી ધીમે ધીમે આગળ વધવું જોઇએ, એટલે કે સ્થૂળ પાપોનો ત્યાગ કરવો કે જેથી આગળ જતાં વિષય–કષાયનો સર્વથા ત્યાગ કરવાનું બની શકે; દેશ અને સમાજની સેવા બજાવવી કે જેથી દૃષ્ટિની વિશાળતા વધે અને એ રીતે સમગ્ર જગત્ કિંવા વિશ્વ ઉપર કુટુંબ-ભાવ જાગૃત થાય; પૃથક્ પૃથક્ વ્રતો, નિયમો ઇત્યાદિ ગ્રહણ કરવાં કે જેથી આગળ જતાં સંયમાદિ ધારણ કરીને યોગસાધનાને માર્ગે સરલતાથી ચડી શકાય. ત્રીજી અને ચોથી અવસ્થાનું આ તારતમ્ય છે અને એ જ આ ગ્રંથના બે ખંડોનો ઉપક્રમ તથા ઉપસંહાર છે. (૩)

# प्रथम खण्ड.

## प्रथम परिच्छेद.

### સમ્યગ્દષ્ટિ.

सम्यग्दृष्टिः । ४ ॥

**सम्यग्दृष्टिविलोकितं हि सकलं सद्धर्मकृत्यं भवेत्।**
**सम्यग्दृष्टिरुदाहृता जिनवरैस्तत्त्वार्थरुच्यात्मिका ॥**
**सद्देवः सुगुरुः सुधर्म इति सत्तत्त्वत्रयं कथ्यते।**
**ज्ञात्वा तत्परमार्थतः कुरु रुचिं तत्त्वत्रये निर्मले ॥**

**સમ્યગ્દષ્ટિ.**

**ભાવાર્થ—**ધર્મનું દરેક અનુષ્ઠાન સમ્યગ્ દષ્ટિપૂર્વક જ હોવું જોઇએ. તીર્થંકરોએ સમ્યગ્ દષ્ટિનું સ્વરૂપ તત્ત્વાર્થની રૂચિ તરીકે ઓળખાવેલું છે. સત્ય દેવ, સત્ય ગુરૂ અને સત્ય ધર્મ એ ત્રણ તત્ત્વો કહેવાય છે, એ ત્રણ તત્ત્વોનું પારમાર્થિક સ્વરૂપ સમજીને, હે માનવ! તેના નિર્મળ સ્વરૂપમાં તું રૂચિ–શ્રદ્ધા રાખ. (૪)

**વિવેચન—**સમ્યગ્ દષ્ટિ અથવા સમ્યક્ત્વ અથવા સમકિત ઉપર જૈન ધર્મમાં બહુ ભાર મૂકવામાં આવ્યો છે અને તેથી ઉલટું મિથ્યાત્વ છાંડવા ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આ સમ્યગ્ દષ્ટિ એટલે શું? રૂઢાર્થમાં સમકિતી અને મિથ્યાત્વનો અર્થ કરવામાં આવે છે કે જેઓ જૈન ધર્માનુયાયી હોય તેઓ સમકિતી કહેવાય અને જેઓ અન્ય ધર્માનુયાયી હોય તેઓ મિથ્યાત્વી કહેવાય; પરન્તુ ખરી રીતે તો દષ્ટિમાંથી વિષમતા

ત્રયોદશ ,, સેવાધર્મ: વૃદ્ધ જનોની સેવા (શ્લો. ૮૯ થી ૯૩) ... ... પૃષ્ઠ ૨૦૨
ચતુર્દશ ,, સેવાધર્મ: પશુસેવા (શ્લો. ૯૪ થી ૯૯) ,, ૨૧૧
પંચદશ ,, સેવાધર્મ: જ્ઞાતિની સેવા (શ્લો. ૧૦૦ થી ૧૦૪) ,, ૨૨૪
શ ,, સેવાધર્મ: સ્વદેશસેવા (શ્લો. ૧૦૫ થી ૧૧૨) ,, ૨૩૮

## દ્વિતીય ખણ્ડ.

પ્રથમ પરિચ્છેદ આત્મદષ્ટિ. (શ્લો. ૧૧૩ થી ૧૧૭)... ,, ૨૫૭
દ્વિતીય ,, વૈરાગ્ય પ્રકરણ (શ્લો. ૧૧૮ થી ૧૨૮) ,, ૨૭૦
તૃતીય ,, સંસારત્યાગ (શ્લો. ૧૨૯ થી ૧૩૩) ,, ૨૯૪
ચતુર્થ ,, મહાવ્રતો અને પાપસ્થાનનો પરિહાર (શ્લો. ૧૩૪ થી ૧૪૦) ... ,, ૩૦૩
પંચમ ,, સમિતિ પ્રકરણ (શ્લો. ૧૪૧ થી ૧૬૩) ,, ૩૨૧
ષષ્ઠ ,, પરિષહ–વિજય (શ્લો. ૧૬૪ થી ૧૬૭) ,, ૩૬૭
સપ્તમ ,, સાધુની દિનચર્યા (શ્લો. ૧૬૮ થી ૧૭૨) ,, ૩૭૬
અષ્ટમ ,, સાધુસમાજની મર્યાદા (શ્લો. ૧૭૩ થી ૧૭૭) ... ... ,, ૩૮૫
નવમ ,, તપશ્ચર્યા: (શ્લો. ૧૭૮ થી ૧૮૫) ... ,, ૩૯૫
દશમ ,, તપશ્ચર્યા: સ્વાધ્યાય. (શ્લો. ૧૮૬ થી ૧૮૯) ,, ૪૨૨
એકાદશ ,, તપશ્ચર્યા: ધ્યાન. (શ્લો. ૧૯૦ થી ૨૧૯) ,, ૪૩૦
દ્વાદશ ,, તપશ્ચર્યા: વ્યુત્સર્ગ (શ્લો. ૨૨૦ થી ૨૨૪) ,, ૪૯૪
ગ્રન્થકારપ્રશસ્તિ: ... ... (શ્લો. ૨૨૫–૨૨૬) ,, ૫૦૩

जिनवरैस्तत्त्वार्थरुच्यात्मिका–જિનવરોએ 'સમ્યગ્દષ્ટિ'ને 'તત્ત્વાર્થ રૂચિ'ના નામથી ઓળખાવી છે. હવે તત્ત્વ તે કયાં? તત્ત્વો ત્રણ છે. (૧) સત્ય દેવ, (૨) સત્ય ગુરૂ, (૩) સત્ય ધર્મ. આ ત્રણ તત્ત્વો ઉપર મનુષ્યના ધાર્મિક જીવનનો પાયો બંધાય છે. સત્ય દેવ કયો? સત્ય ગુરૂ કયો? અને સત્ય ધર્મ કયો? તેને જાણીને–નહિ, તેને परमार्थतः જાણીને, તેનું પારમાર્થિક સ્વરૂપ સમજીને પછી, હે મનુષ્ય! તેના નિર્મળ સ્વરૂપમાં તું રૂચિ રાખ: કારણકે નંદીસૂત્રમાં કહ્યા મુજબ मिच्छ दिट्ठिस्स मिच्छत्त परिग्गहिआइं मिच्छसुयं, एयाइं चेव सम्मदिट्ठिस्स सम्मत्तपरिग्गहिआइं सम्मसुयं ॥ અર્થાત્ મિથ્યાશ્રુતનાં જે જે શાસ્ત્રો છે તે મિથ્યાદષ્ટિએ ગ્રહણ કરેલાં માટે મિથ્યાશ્રુત હોય અને એ જ શાસ્ત્રને સમ્યગ્દૃષ્ટિએ–સમભાવે ગ્રહણ કરવામાં આવે તો તે સમશ્રુત હોય. તાત્પર્ય એ છે કે–સમ્યગ્દષ્ટિને જ્ઞાન સમ્યગ્રૂપે અને મિથ્યાદષ્ટિને મિથ્યારૂપે પરિણમે છે, તેથી જો તું સમ્યગ્દષ્ટિને ધારણ કરીશ નહિ તો ગમે તેવું જ્ઞાન પણ તને મિથ્યા જ પરિણમશે, એમ रुचि શબ્દદ્વારા ગ્રંથકાર પ્રબોધે છે, અને એ રીતે પ્રત્યેક મનુષ્યને સમ્યગ્દષ્ટિની આવશ્યકતા હોવાનું સૂચવે છે.

જૈન ધર્મને અનુસરનારાં સૂત્રો તથા ગ્રંથોમાં સમ્યક્ત્વના અનેક ભેદો તથા ઉપભેદો દર્શાવેલા છે અને તેથી ઉલટાં મિથ્યાત્વ વિષે પણ વિસ્તૃત વિવેચનો કરેલાં છે. જેને સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થઇ નથી તે હમેશાં મિથ્યાત્વમાં જ અટવાયા કરે છે. જેને તત્ત્વરૂચિ હોય નહિ, જેને ચોક્કસ દેવ, ગુરૂ કે ધર્મ પ્રત્યે શ્રદ્ધા જ હોય નહિ તેનામાં સાચું જ્ઞાન, કે સચ્ચરિત્રનો સંભવ હોતો નથી. આ જ કારણથી જૂદા જૂદા ધર્મના આચાર્યો મનુષ્યોને મિથ્યાત્વમાંથી બચાવવા સારૂ કોઇ એક જ દેવ, ગુરૂ કે ધર્મને અવલંબીને જીવનનો નિર્વાહ કરવાનું સૂચન કરી રહેલા છે. 'ધર્મસંગ્રહ'માં શ્રી **માનવિજય** ગણિ 'સમ્યક્ત્વ'ની વ્યાખ્યા આપતાં કહે છે:—

**न्याय्यश्च सति सम्यक्त्वेऽणुव्रतप्रमुखग्रहः ।**
**जिनोक्ततत्त्वेषु रुचिः श्रद्धा सम्यक्त्वमुच्यते ॥**

અર્થાત્—સમ્યક્ત્વ હોય તો અણુવ્રત પ્રમુખનો સ્વીકાર કરવો ઘટે

છે, તેથી જિન ભગવંતે કહેલા તત્ત્વ ઉપર રૂચિ તથા શ્રદ્ધા તે સમ્યક્ત્વ કહેવાય છે. તે જ પ્રમાણે ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે—

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**
**अहं त्वां सर्वपापेभ्यो मोचयिष्यामि मा शुचः ॥१८॥६६॥**

અર્થાત્—સર્વ ધર્મોને છોડીને એક મારે શરણે જ તું આવ, હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, માટે ગભરાઇશ નહિ. તેથી આગળ વધીને **મા**ત્થીની ખ્રિસ્તી ધર્મની વાર્તામાં કહ્યું છે કે પોતાના ધર્મ ઉપર શ્રદ્ધા રાખનાર વેશ્યાની અને ઇશુને શરણે જનાર એક ચોરની પણ મુક્તિ થઇ હતી. આ પ્રમાણે પ્રત્યેક ધર્મ સમ્યક્ત્વનો ઉપદેશ કરવાની સાથે મિથ્યાત્વનો ત્યાગ કરવાનું પણ કહે છે. અંતઃકરણની નિર્મળતા, સમજપૂર્વકની શ્રદ્ધા અને તત્ત્વની અભિરૂચિ એવા ગુણોથી યુક્ત જે સમ્યગ્દષ્ટિ તેના વિના મનુષ્યમાં અનેક પ્રકારના વહેમો, અશ્રદ્ધા તથા સંશયોનાં ભૂત ભરાય છે. અદૃઢ મન કોઇ જાતનું સત્કાર્ય પણ પરિપૂર્ણતઃ કરી શકતું નથી અને તેથી જ संशयात्मा विनश्यति એવું ગીતામાં કહ્યું છે. જૈન ધર્મમાં મિથ્યાત્વ બે પ્રકારનું કહ્યું છે: (૧) લૌકિક અને (૨) લોકોત્તર. લોકવ્યવહારની ખાતર પાખંડીનાં વિરોધી આચરણો કરવાં એ લૌકિક મિથ્યાત્વ છે. તેમ સ્વધર્મનાં વિરોધી આચરણો કરવાં તે લોકોત્તર મિથ્યાત્વ છે. હિંસાનો સર્વથા ત્યાગ કરવાના જૈન કે વૈષ્ણવ ધર્મના સિદ્ધાંત પર શ્રદ્ધા ધરાવનાર તરીકે ઓળખાતો મનુષ્ય દેવીને માનતાને ખાતર બકરાનો ભોગ આપે તે લૌકિક મિથ્યાત્વ છે, કારણકે એવી માનતા પ્રત્યેની તેની કિંચિત્ શ્રદ્ધા પણ તેની સ્વમત પ્રત્યેની પૂર્વ શ્રદ્ધાનું ખંડન કરીને તેને મિથ્યાત્વની ખાડીમાં ગબડાવી પાડે છે. એવા મનુષ્યમાં સમ્યગ્દષ્ટિ હોવાનો સંભવ જ નથી અને સમ્યગ્દષ્ટિની પ્રાપ્તિ કર્યા પૂર્વે મનુષ્ય આત્માનું હિત સાધવાને કદાપિ સમર્થ નીવડતો નથી. (૪)

**[સમ્યગ્દષ્ટિની આવશ્યકતાનું સૂચન કર્યા બાદ સુદેવ, સુગુરૂ અને સુધર્મ એ ત્રણ તત્ત્વોની ઓળખાણ આપવામાં ગ્રંથકાર પ્રવૃત્ત થાય છે.]**

### देवगुरुधर्मलक्षणम् । ५ ॥

**देवः कर्मचतुष्टयक्षयकरः सद्धर्मसंस्थापको।**
**रागद्वेषविघातकस्त्रिजगतां चेतश्चमत्कारकः ॥**
**निर्ग्रन्थः समदृग् महाव्रतधरश्चित्तैकनिष्ठो गुरु-**
**र्धर्मः क्षान्तिदयादिसद्गुणमयो रत्नत्रयद्योतकः ॥**

### દેવગુરૂધર્મનાં લક્ષણો.

**ભાવાર્થ—**જે રાગદ્વેષનો સર્વથા ક્ષય કરીને, જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોનો નાશ કરીને, સદ્ધર્મનું સ્થાપન કરે અને આત્માના અલૌકિક પ્રભાવથી ત્રણ જગતના પ્રાણીઓના ચિત્તને ચમત્કાર ઉપજાવે તેવા અદ્ભુત સામર્થ્ય-વાળાને સત્ય દેવ, ચિત્તની એક નિષ્ઠા રાખનાર, સમદષ્ટિવાળા, મહાવ્રત ધારણ કરનાર નિર્ગ્રન્થને સદ્ગુરૂ અને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન તથા સમ્યક્ ચારિત્રરૂપ ત્રણ રત્નને પ્રકાશ આપનાર ક્ષમા, દયા, આદિ સદ્ગુણસમૂહને સત્ય ધર્મ કહેવામાં આવે છે. (૫)

**વિવેચન—**આ શ્લોકમાં ગ્રંથકારે દેવ, ગુરૂ અને ધર્મરૂપ ત્રણ તત્ત્વોનું નિરૂપણ કરી બતાવ્યું છે. 'ધર્મ' એ મનુષ્યને ઇહિલોકમાંથી તારીને મુક્તિનું પરમ સુખ અપાવનાર છે અને તેથી જ 'ધર્મ' એ મનુષ્યનો હમેશનો 'સખા' મિત્ર મનાય છે. કૃષ્ણે યજુર્વેદના તૈત્તિરીયારણ્યકમાં કહ્યું છે:—
धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा । लोके धर्मिष्ठं प्रजा उपसर्पन्ति । धर्मेण पापमप-नुदति । धर्मे सर्वं प्रतिष्ठितं । तस्माद्धर्मं परमं वदन्ति ॥ અર્થાત્—ધર્મ જગતના સર્વ પ્રાણીઓને આશ્રયરૂપ છે, જગતમાં લોકો ધર્મ શું અને અધર્મ શું તે જાણવા માટે ધર્મિષ્ઠ મનુષ્યો પાસે જ જાય છે, ધર્મથી પાપ ટળે છે અને ધર્મમાં સર્વ કાંઈ રહ્યું છે, માટે જ ધર્મને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. ધર્મ આવી અલૌકિક વસ્તુ છે અને પ્રત્યેક મનુષ્યે તે ધારણ કરવો જોઇએ; પરન્તુ ગ્રહણ કરવાનો ધર્મ તે સત્ય ધર્મ અથવા સુધર્મ હોવો

જોઇએ. જગત્‌માં અનેક ધર્મો પ્રવર્તે છે અને અનેક મતપંથો વિદ્યમાન છે. આ કાળમાં કોઈ પણ દુરાચરણ એવું નથી કે જેને મત–પંથના ચાલકોએ ધર્મને નામે પ્રવર્તાવ્યું ન હોય ! રશિયામાં **રાસપુટીન** નામનો એક ધર્મપ્રચારક થઈ ગયો. તે જબરો જાદૂગર હતો. તેના ધર્મનો સિદ્ધાન્ત એ હતો કે " જેમ બને તેમ વધુ પાપ કરો, એટલે પ્રભુ મળશે ! " આ વિલક્ષણ સિદ્ધાંતને માટે પણ તેની પાસે ' બાયબલ ' નો આધાર હતો ! *બાયબલમાં એવું કથન છે કે પાપી મનુષ્યો ઉપર પ્રભુની દયાળુતા અત્યંત ઉતરે છે. એ ઉપરથી **રાસપુટીને** એવો સિદ્ધાંત ચલાવ્યો કે પ્રભુની દયા પામવી હોય અને પ્રભુની હજુરમાં જલ્દી જવું હોય તો મનુષ્યે વધારે પાપી બનવું જોઇએ; જેમ બને તેમ વધારે પાપ કરવાં જોઇએ ! **રાસપુટીન** પોતાના મતાનુયાયી સ્ત્રી પુરૂષોને પાપ કરવાની વધારે અનુકૂળતા મળે તેટલા માટે રાત્રિને સમયે મોટા મેળા ભરતો અને પછી ત્યાં અનેક પ્રકારનાં પાપાચરણો ચાલતાં ! **રાસપુટીન** સંખ્યાબંધ ભોળાં સ્ત્રીપુરૂષોને પોતાના મતમાં લઇને એક મોટો પંથ ચલાવી શક્યો હતો. આ વિશાળ જગત્‌માં જ્યારે પાપ કરવું એ જ ધર્મના સિદ્ધાંત તરીકે ચાલી શકે છે અને ભોળાં મનુષ્યો તેવા પંથમાં સપડાય છે, ત્યારે મનુષ્યે પોતે ગ્રહણ કરવાના ' ધર્મ ' ની પસંદગી કરતી વેળાએ ' સત્ય ધર્મ ' જ ગ્રહણ કરવા જેવી સાવધાનતા રાખવી શું આવશ્યક નથી ? આટલા માટે ' ધર્મ ' ની વ્યાખ્યા ગ્રંથકાર સંક્ષેપમાં આપે છે કે रत्नत्रय કહેતાં સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ રત્નને પ્રકાશ આપનાર ક્ષમા–દયા આદિ સદ્‌ગુણસમૂહ એ જ ધર્મ છે. વૈશેષિક દર્શનમાં કહ્યું છે કે यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः અર્થાત્ જેનાથી અભ્યુદય અને આત્મકલ્યાણ થાય તેજ ધર્મ. ' ધર્મસંગ્રહ ' માં કહ્યું છે કે—

> **वचनादविरुद्धाद्यनुष्ठानं यथोदितम् ।**
> **मैत्र्यादिभाववसंमिश्रं तद्धर्म इति कीर्त्यते ॥**

---

* અંગ્રેજીમાં એક કહેવત છે કે સેતાનને પણ જો જોઇએ તો પોતાના પાપકાર્યના ટેકા માટે જોઇતા શબ્દો બાયબલમાંથી મળી આવે છે.

અર્થાત્—શાસ્ત્રના અવિરોધી વચનને અનુસરીને યથાર્થ મૈત્રી વગેરેના ભાવ સહિત જે આચરણ તે 'ધર્મ' કહેવાય છે. આ ઉપરથી સમજાય છે કે 'ધર્મ' ગ્રહણ કરવાનો હેતુ અભ્યુદય, આત્મકલ્યાણ, સદાચરણ આદિ સાધવાનો હોવો જોઇએ. ગ્રંથકાર એ જ હેતુને દર્શાવવાને 'ત્રિરત્ન' —સમ્યક્ જ્ઞાન દર્શન તથા ચારિત્રની પ્રાપ્તિ કરાવનારને જ 'સત્ય ધર્મ' રૂપ કહી ધર્મનો હેતુ સમજાવવાની સાથે ધર્મની પસંદગી કરવાનું પણ સૂચન કરે છે.

સત્ય ધર્મની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે? એ જાણવાનું અવશિષ્ટ રહે છે. સદ્ગુરૂ વિના સદ્ધર્મની પ્રાપ્તિ શક્ય નથી. આ જગત્માં પોતાને ગુરૂ કહેવડાવનાર તો અનેક છે પરન્તુ સદ્ગુરૂ તો કોઇક જ હોય છે. ગ્રંથકાર એ સદ્ગુરૂને શોધી કાઢવા માટે તેના ગુણોનું નિરૂપણ કરતાં સમજાવે છે કે મહાવ્રતોને ધારણ કરનાર નિર્ગ્રન્થ હોય કે જે પોતાના સદાચરણની છાપ પોતાના શિષ્ય ઉપર પાડી શકે, સમદૃષ્ટિવાળો હોય કે જે આ ધર્મ સારો ને આ ધર્મ ખોટો એવી બદ્ધ માન્યતાવાળો ન હોય પરન્તુ જ્યાં જ્યાં સારભૂત વસ્તુ હોય ત્યાં ત્યાંથી તે ગ્રહણ કરીને તે જ માર્ગે શિષ્યને દોરવામાં તેનું હિત માનતો હોય, અને જે ચિત્તને એકનિષ્ઠાવાળું રાખનાર હોય—આંદોલાયમાન ચિત્તવાળો કે શંકાશીલ વૃત્તિવાળો ન હોય કે જેથી શિષ્યને પણ તે દઢ રીતે સન્માર્ગે દોરી શકે: આવા ગુણોથી યુક્ત ગુરૂને સદ્ગુરૂ માનવો એ આવશ્યક છે. જેવી રીતે ધર્મ એ મનુષ્યના જીવનનું આલંબન છે, તેવી રીતે કોઇ વિશિષ્ટ ધર્મનો સ્થાપક કિંવા તેના સિદ્ધાન્તોનો પ્રવર્તક દેવ તે પણ મનુષ્યનું લક્ષ્યબિંદુ છે. આ દેવ સત્ય દેવ હોવો જોઇએ. જેનામાં દિવ્યતા હોય તે દેવ કહેવાય પરન્તુ દિવ્યતા સારી અને માઠી એવી બે પ્રકારની હોય છે અને સારી—માઠી વિભૂતિવાળા અનેક દેવો જગત્માં મનાય છે. મનુષ્યે કેવા દેવને પોતાના આલંબનરૂપ માનવો તેના સંબંધમાં ગ્રંથકાર કહે છે કે જેણે રાગદ્વેષનો ક્ષય કર્યો હોય, ચાર કર્મોનો નાશ કર્યો હોય, સદ્ધર્મનું સ્થાપન કર્યું હોય અને અલૌકિક આત્મપ્રભાવથી—પરમ વિભૂતિથી પ્રાણીઓના ચિત્તને ચમત્કાર ઉપજાવવા વડે પોતાનું અદ્ભુત સામર્થ્ય

બતાવ્યું હોય તે જ 'સુદેવ' નામને યોગ્ય ગણાય. સુદેવનું આ લક્ષણ વ્યાપક છે. પુરાણમાં કહ્યા પ્રમાણે—

**निर्ममो निरहङ्कारो निस्संगो निःपरिग्रहः ॥**
**रागद्वेषविनिर्मुक्तं तं देवं ब्राह्मणा विदुः ॥**

અર્થાત્—જે મમતા, અહંકાર, સંગ અને પરિગ્રહથી રહિત હોય અને જે રાગદ્વેષથી મુક્ત હોય તેને બ્રાહ્મણો દેવ કહે છે. આ ગુણો તે દેવેજ પ્રાપ્ત કરેલા હોય કે જેણે કર્મો અને રાગદ્વેષનો ક્ષય કર્યો હોય; અને જેણે તપશ્ચર્યાદિ વડે પરમ વિભૂતિને પ્રાપ્ત કરી પ્રાણી માત્રના ચિત્તને ચમત્કૃત કર્યું હોય. એ પ્રમાણે સત્ય દેવ, સત્ય ગુરૂ અને સત્ય ધર્મની પ્રાપ્તિવડે મનુષ્ય સમ્યગ્દષ્ટિની પ્રાપ્તિ કરી શકે છે અને એ માર્ગે તે આત્મ-હિતચિંતનમાં આગળ વધી શકે છે. (૫).

[ હવે ગ્રંથકાર સામાન્ય રીતે ધર્મનું માહાત્મ્ય અને ધર્મનું ફળ બે શ્લોકોમાં દર્શાવે છે. ]

**धर्ममाहात्म्यम् । ६ ॥**

**धर्मः कल्पतरुर्मणिर्विषहरो रत्नं च चिन्तामणि-**
**र्धर्मः कामदुधा सदा सुखकरी संजीवनी चौषधिः ॥**
**धर्मः कामघटश्च कल्पलतिका विद्याकलानां खनिः ।**
**प्रेम्णैनं परमेण पालय हृदो नो चेद् वृथा जीवनम् ॥**

**धर्मफलम् । ७ ॥**

**धर्मः कृन्तति दुःखमुन्नतसुखं दत्ते समाध्युद्भवं ।**
**दुष्कर्माणि रुणद्धि शक्तिमतुलां प्रादुष्करोत्यात्मनः ॥**
**ज्ञानज्योतिरपूर्वमर्पयति स स्वर्गापवर्गप्रद-**
**स्तन्नास्तीह महत्समुन्नतिपदं यन्नैव दद्यादयम् ॥**

## ધર્મનું માહાત્મ્ય.

**ભાવાર્થ**—ધર્મ એ તરૂઓમાં કલ્પતરૂ સમાન છે, રત્નોમાં વિઘ્નને હરનાર મણિ તથા ચિન્તામણિ સમાન છે, પશુઓમાં કામદુગ્ધા ધેનૂ સમાન છે, ઔષધીઓમાં સંજીવની ઔષધી સમાન સુખકારક છે, પાત્રોમાં કામ-ઘટ સમાન છે, લતાઓમાં કલ્પલતા સમાન છે, અને વિદ્યાકળાની ખાણ સમાન છે; માટે તેનું પાલન પરમ પ્રેમથી કરવું, નહિતો આખું જીવતર વ્યર્થ છે. (૬)

## ધર્મનું ફળ.

આધુનિક સમયમાં ધર્મ દુઃખને ઉચ્ચ સુખના રૂપમાં ફેરવી નાંખે છે, ધર્મ પરમ શાન્તિ–સમાધિને ઉત્પન્ન કરે છે, ધર્મ દુષ્કર્મોનો નાશ કરી આત્માની અતુલ શક્તિને ઉત્પન્ન કરે છે, ધર્મ એ સ્વર્ગ અને ઉન્નત દશાને પ્રાપ્ત કરાવનાર જ્ઞાનજ્યોતિને પમાડે છે, અને ઇહિલોકમાં ઉન્નતિનું એક પણ ઉંચું શિખર એવું નથી કે જેને ધર્મ ન પ્રાપ્ત કરાવે.(૭)

**વિવેચન**—ધર્મનું સ્થાન કેટલું ઉચ્ચ છે? ધર્મપાલન મનુષ્યને શી પ્રાપ્તિ કરાવે છે? એ બે પ્રશ્નોના ઉત્તરમાં આ બે શ્લોકો લખીને ગ્રંથકાર ધર્મના સર્વોચ્ચ પદનું ઉપમાવડે દર્શન કરાવે છે અને ધર્મના ફળની વિશાળ વ્યાપ્તિનો ખ્યાલ આપે છે. જગતની નૈસર્ગિક વિભૂતિ અનેક-વિધ છે. વૃક્ષો, પક્ષીઓ, પશુઓ, રત્નો, પર્વતો ઇત્યાદિ વિભૂતિ વડે જગત્ દીપ્તિમાન છે. એ પ્રત્યેક વિભૂતિમાં પણ જે વસ્તુ સર્વથી ઉચ્ચ હોય અને તે ઉચ્ચ વસ્તુ પછીની ઉચ્ચ વસ્તુ કલ્પનાતીત વિષય લેખાય, તેવું સર્વોચ્ચ પદ 'ધર્મ'નું છે. વૃક્ષો અનેક જાતનાં છે અને જગત્માં પ્રત્યેક જાતિનું વૃક્ષ સૌંદર્ય તથા ઉપયોગિતામાં પોતાનો ભાગ ભજવી રહેલું છે, એટલે તેમાંનું કોઇ વૃક્ષ નિરર્થક નથી; છતાં વૃક્ષોના મૂલ્યમાં ન્યૂનાધિકતા તો રહેલી છે. વૃક્ષોમાં સર્વથી અત્યંત મૂલ્યવાન કલ્પવૃક્ષ મનાય છે. બીજાં વૃક્ષો તો તે ઉપર જે ફળ પાકતાં હોય તેજ ફળ આપીને મનુષ્યને આતુરતામાંથી મુક્ત કરે છે. પરન્તુ કલ્પવૃક્ષ એવું છે કે જેની છાયામાં જઇને ઊભા રહેનાર મનુષ્યને તેની ઇચ્છામાં આવે તેવું ફળ પ્રાપ્ત થાય છે. આવું મહત્ત્વનું સ્થાન વૃક્ષોમાં કલ્પવૃક્ષનું છે અને તેજ સ્થાન 'ધર્મ'નું પણ છે. એજ પ્રમાણે

રત્નોમાં વિષને હરનાર મણિ અને ચિંતામણિનું સર્વોચ્ચ સ્થાન 'ધર્મ'નું છે કે જે રત્ન વિષરૂપ વ્યાધિઓનું શમન કરીને ચિંતિત સુખોની પ્રાપ્તિ કરાવે છે. પશુઓમાં કામદુગ્ધા ગાયનું સર્વોપરિ સ્થાન ધર્મનું છે કે જે ગાય મનુષ્યની ઇચ્છામાં આવે તે સમયે અમૃત જેવું દૂધ આપે છે. ઔષધિઓમાં સંજીવની ઔષધિ જેવો ધર્મ છે કે જે ઔષધિની માત્રા મૃત્યુ સમીપવર્તી જીવને પુનઃ જીવતો કરવાનો અદ્‌ભુત ગુણ ધરાવે છે. પાત્રોમાં કામઘટનું સ્થાન ધર્મનું છે. કામઘટમાં હાથ નાંખીને બહાર કાઢતાં જેવી રીતે ઇષ્ટ વસ્તુ જ હાથ આવે છે તે જ પ્રમાણે ધર્મ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરાવે છે. એ જ પ્રમાણે લતાઓમાં ધર્મને કલ્પલતાનું સ્થાન તથા વિદ્યાકળાની ખાણનું સ્થાન આપવામાં આવ્યું છે તે પણ ઉચિત છે. ધર્મનું આવું માહાત્મ્ય જરા પણ અતિશયોક્તિભરેલું નથી. શ્રીમાન્ દેવેંદ્રસૂરિએ પણ કહ્યું છે:—

**जह चिंतामणिरयणं सुलहं नहु होइ तुच्छविहवाणं।**
**गुणविहववज्जियाणं जियाण तह धम्मरयणंपि ॥**

અર્થાત્—જેમ ધનહીન જનોને ચિન્તામણિરત્ન મળવું સુલભ નથી, તેમ ગુણરૂપી ધને કરીને રહિત જીવોને ધર્મરત્ન પણ મળી શકતું નથી શ્રી દશવિકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

**धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।**
**देवावि तं नमंसंति जस्स धम्मे सयामणो ॥**

અર્થાત્—ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે. અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મને સેવનારાઓને દેવો પણ નમસ્કાર કરે છે. ધર્મનું આવું ઉત્કૃષ્ટ મંગલરૂપ, ઉત્કૃષ્ટ વૃક્ષ રૂપ કે ઉત્કૃષ્ટ રત્નરૂપ પદ છે તે શામાટે છે ? કારણકે તેનું સેવન કરનારને ધર્મ અનેકવિધ મીઠાં ફળોની પ્રાપ્તિ કરાવે છે. પૂર્વે જણાવ્યું છે તેમ જે વડે મનુષ્યનો અભ્યુદય થાય તથા આત્મકલ્યાણ થાય તે ધર્મ કહેવાય છે. 'ધર્મ'નો ધાત્વનુસારી અર્થ કરીએ તો—

**दुर्गतिप्रसृतान् जंतून् यस्माद्धारयते ततः ।**
**धत्ते चैतान् शुभस्थाने तस्माद्धर्म इति स्मृतः ॥***

---

* ધર્મરત્ન પ્રકરણ.

અર્થાત્—દુર્ગતિમાં પડનાર પ્રાણીઓને પડતાં ધરી રાખે અને શુભ ગતિમાં પહોંચાડે તે ધર્મ કહેવાય છે. આપસ્તંબ ધર્મસૂત્રમાં પણ કહ્યું છે કે ધર્મચર્યાવડે મનુષ્ય ઉત્તમ વર્ણપણાને પામે છે. ધર્મનાં ફળ તે ઇહ-લોકનાં ક્ષણિક--અશાશ્વત ફળ નથી કે જે ફળનો ઉપભોગ નશ્વર સુખની પ્રાપ્તિ કરાવે છે; પરંતુ ધર્મ એ મનુષ્યને ઉચ્ચ વર્ણના ગુણોથી યુક્ત બનાવે છે, તેનો અભ્યુદય કરે છે, તેને દુર્ગતિમાં પડતો અટકાવે છે, તેને શાન્તિ-સમાધિ આપી તેના આત્માનું કલ્યાણ કરે છે અને છેવટે સદ્ગતિ—સ્વર્ગ-પ્રાપ્તિ પણ કરાવી જ્ઞાનના અખંડ જ્યોતિમાં લીન કરાવે છે: આવાં શાશ્વત મીઠાં ફળો આપનાર ધર્મનું માહાત્મ્ય કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન, કામદુગ્ધા ગાય, કામઘટ, સંજીવની ઔષધિ, કલ્પલતા કે વિદ્યાકળાની ખાણ જેવા ઉપમાનથી ગાવું તે પણ ધર્મની ઉચ્ચતાની યથાર્થ કલ્પના માટે પૂરતું નથી; પરન્તુ મનુષ્યની વૈખરી વાણીથી ધર્મનું માહાત્મ્ય વિશેષ મોટાં ઉપમાનોથી ગાઇ શકાય તેમ નથી, તેથી જ ગ્રંથકારને ધર્મની મહત્તાનાં આટલાં ગુણગાન કરીને વિરમવું પડે છે. આવા ઉચ્ચ ધર્મના સેવનનો બોધ ઇહલોકને તરી ગએલા મહાત્માઓ મનુષ્યના હિતને અર્થે આપી ગયા છે અને અત્યારે પણ આપી રહ્યા છે, પરન્તુ જેમ સુવર્ણના પાત્ર વિના સિંહણનું દૂધ રહી શકતું નથી, ગુણહીન મનુષ્ય રત્નને જાળવી રાખી શકતો નથી, તેવી જ રીતે સુપાત્રતા વિના સુધર્મની પ્રાપ્તિ દુષ્કર છે. (૬—૭)

# द्वितीय परिच्छेद.

## સમ્યક્ ચારિત્ર.

**व्रतपालनम् । ८ ॥**

**विज्ञाय व्रतलक्षणानि निकटे शास्त्रार्थवेत्तुर्मुने-**
***रानन्दो निखिलव्रतानि जगृहे भोः स्वीकुरु त्वं तथा ॥**

* आनन्द-आनन्दनामा श्रावकः यः श्रीमहावीरप्रभुसमीपे द्वादशव्रतानि जग्राह ॥

**शक्तिर्नो यदि तावती प्रथमतः सोत्साहमङ्गीकुरु ।**
**पञ्चाणुव्रतकानि धर्मविधिना सम्यक् समीपे गुरोः ॥**

### વ્રતનું પાલન.

**ભાવાર્થ**—હે મનુષ્ય! જૂદાં જૂદાં વ્રતોનાં લક્ષણોને શાસ્ત્રજ્ઞાનને પામેલા મુનિ પાસેથી પહેલાં જાણી લે; **આનંદ** નામના શ્રાવકે બધાં વ્રતોને સમજી લઇને જેવી રીતે તે ધારણ કર્યાં તેવી રીતે તું પણ એ વ્રતો ગ્રહણ કરી લે; જો એ બધાં વ્રતો ગ્રહણ કરવાની શક્તિ તારામાં ન હોય, તો ઉત્સાહપૂર્વક પાંચ લઘુવ્રતોનો અંગીકાર ગુરૂની સમીપે સમ્યક્ ધર્મવિધિ વડે કરી લે. (૮)

**વિવેચન**—જીવનમાં નીતિયુક્ત આચરણો આચરવાં તે મનુષ્યનું ચારિત્ર્ય કહેવાય છે. ચારિત્ર્યનું બંધારણ સદાચરણથી જ થાય છે, પરન્તુ સદાચરણ માટે સારૂં શું અને માઠું શું તેનું જ્ઞાન હોવું જોઇએ અને એ જ્ઞાનપૂર્વક સારાં આચરણોને ગ્રહણ કરી ખોટાં આચરણનો ત્યાગ કરવો જોઇએ. આ વિધિને જૈનો સમ્યક્ ચારિત્ર્યનું ગ્રહણ કહે છે. એ સદાચરણ અથવા સમ્યક્ ચારિત્ર્ય માટે આદરવાયોગ્ય શું અને ત્યજવાયોગ્ય શું? યાજ્ઞવલ્કયસ્મૃતિના આચાર નામના અધ્યાયમાં કહ્યું છે કે—

**अहिंसा सत्यमस्तेयं शौचमिंद्रियनिग्रहः ।**
**दानं दया दमः क्षान्तिः सर्वेषां धर्मसाधनम् ॥**

અર્થાત્—અહિંસા, સત્ય, અસ્તેય—ચોરી ન કરવી તે, પવિત્રતા, ઇંદ્રિયનિગ્રહ, પરોપકાર, દયા, મનનું દમન તથા ક્ષમા એ નવ વાનાં સર્વ કોઈને ધર્મનાં સાધન છે. એ જ પ્રમાણે જૈન ધર્મમાં બાર વ્રતો જણાવેલાં છે અને એ બાર વ્રતોને ધારણ કરવાથી મનુષ્ય સદાચરણી બની શકે છે. પરન્તુ આ ધર્મનાં સાધન કિંવા વ્રતને ધારણ કરતાં પહેલાં ગ્રંથકાર એક મહત્ત્વની શરત કરવા માંગે છે. 'હું હિંસા નહિ કરૂં' કિંવા 'હું સત્ય બોલીશ' એવી પ્રતિજ્ઞા કરવી કિંવા વ્રત આદરવું એ જેટલું સહેલું છે તેટલું કઠીન તેનું પરિપાલન છે. હિંસાઓ અનેક પ્રકારની છે અને અનેક

પ્રકારે થાય છે; અસત્યો અનેક પ્રકારનાં છે અને અનેક પ્રકારે બોલાય છે; પ્રતિજ્ઞા કરનારે પહેલાં એ સર્વ પ્રકારો સમજવા જોઈએ અને પછી જ પ્રતિજ્ઞા કરવી જોઈએ. મનથી હિંસા થાય છે, શબ્દથી હિંસા થાય છે અને શરીરથી હિંસા થાય છે; મનથી હિંસા અન્ય પાસે કરાવાય છે, વચનથી કરાવાય છે અને શરીરથી કરાવાય છે; એ જ રીતે મન, વચન, કાયાથી હિંસા કરનાર પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવામાં પણ પાતક લાગે છે. પ્રત્યેક પાપ આવી અનેક રીતે થાય છે અને સર્વથા એ પાપો કિંવા દુરાચરણો ત્યજીને સદાચરણો આચરવાં તે સંપૂર્ણ સચ્ચારિત્ર્ય છે. પ્રત્યેક વ્રત કે પ્રતિજ્ઞા ધારણ કરતાં પહેલાં આ વિષેનું પૂરૂં જ્ઞાન પ્રતિજ્ઞા કરનારે મેળવવું જોઈએ અને પછી યથાશક્તિ પ્રતિજ્ઞા આદરવી જોઈએ; તેટલા માટે ગ્રંથકાર એવી શરત કરવા માંગે છે કે વ્રતોનાં લક્ષણો શાસ્ત્રજ્ઞાન ધરાવનારા મુનિ પાસેથી સમજીને જ પછી પોતાના શરીર; શક્તિ અને સ્થિતિની અનુકૂળતાઓ વિચારી એ વ્રતો ધારણ કરવાં કે જેથી એ વ્રતોનો કોઈ વાર ભંગ કરવાનો સમય ઉપસ્થિત ન થાય. વ્રત ધારણ કરનાર વ્રત ધારણ કરતી વેળાએ જે ઉચ્ચાભિલાષા ધરાવતો હોય છે તે ઉચ્ચાભિલાષાનું પાલન કરવાને તે સમર્થ હોવો જોઈએ અને જ્યારે તેણે ધારણ કરેલાં વ્રતોને તે યથાસ્થિત રીતે પાળી શકે ત્યારે જ ઉત્તરોત્તર સચ્ચારિત્ર્યમાં આગળ વધી શકે અને ધીમે ધીમે સાચી માનવતા તેનામાં આવતી જાય; પરન્તુ ઉંચું વ્રત ધારણ કરીને પછી સામર્થ્યને અભાવે તેને તોડવું એ મનુષ્યની વૃત્તિને હીન બનાવનારૂં છે અને તેની ઉચ્ચાભિલાષાઓનો ક્ષય કરનારૂં છે. એવી રીતે એક વાર પણ પતિત થએલા માણસને પોતાની શક્તિ ઉપર એટલો અવિશ્વાસ આવી જાય છે કે તે સચ્ચારિત્ર્યની નીસરણીપર ઉંચે ચડવાની કલ્પના કરવાની પણ હિંમત ધરી શકતો નથી. તેટલા જ માટે વ્રતો સંબંધી પૂરી માહિતી મેળવીને યથાશક્તિ વ્રતો ધારણ કરવાનું ગ્રંથકારે સૂચન કર્યું છે. વેદધર્મમાં નવ ધર્મસાધનો કહ્યાં છે અને જૈન ધર્મમાં બાર વ્રતો કહ્યાં છે; એ બધાં વ્રતો ધારણ કર્યાં વિના સુચરિત થવાતું નથી: પરન્તુ સ્થિતિ અને શક્તિ એ બધું એકી સાથે અંગીકાર કરવાની પરવાનગી ન આપતી હોય તોપણ

ઉંચે ચડવાની ઇચ્છા રાખનારે નિરાશ થવાની જરૂર નથી. ધીમે ધીમે આગળ વધવું અને જેમ જેમ શક્તિ ખીલતી જાય, સ્થિતિ અનુકૂળ થતી જાય, તેમ તેમ નવી નવી પ્રતિજ્ઞાઓને અંગીકૃત કરવી એ જ ડહાપણનું કાર્ય છે. જૈન ધર્મમાં કહેલાં બાર વ્રતમાં પહેલાં પાંચ અણુવ્રત અર્થાત્ નાનાં વ્રતો કહેલાં છે તે સચ્ચારિત્ર્યવાન થવાના જિજ્ઞાસુઓ માટે જ છે. ગ્રંથકારે એ પાંચ અણુવ્રતો ગ્રહણ કરવા સૂચવ્યું છે અને તે સાથે **આનંદ** નામના શ્રાવકે ગ્રહણ કરેલી રીતિને અનુસરવાનું કહ્યું છે.

**દૃષ્ટાંત**—વાણિજ્ય નામના નગરમાં **આનંદ** નામનો ગાથાપતિ રહેતો હતો. ખેતી અને વેપાર એ બેઉ તેના વ્યવસાયો હતા. તે અત્યંત ધનવાન તેમજ ઐશ્વર્યવાન હતો. તેની પાસે ૧૨ કરોડ સોનામહોરોના મૂલ્ય જેટલું દ્રવ્ય હતું. ૪ કરોડ સોનામહોરો તે જમીનમાં દાટી રાખતો, ૪ કરોડ સોનામહોરો તે વેપારમાં રોકતો અને ૪ કરોડ સોનામહોરોની તેની ઘરવખરી હતી. તેની પાસે ૪૦ હજાર ગાયો હતી. એક વાર મહાવીર સ્વામીનો ઉપદેશ સાંભળીને તેને વ્રતો અંગીકાર કરવાની ઇચ્છા થઇ. મહાવીર સ્વામી પાસેથી તેણે વ્રતો સંબંધી સંપૂર્ણ માહિતી મેળવી અને પછી તેણે વ્રતો અંગીકાર કર્યાં. આ વ્રતો અંગીકાર કરતાં તેણે સર્વ પ્રકારનાં પાપનાં દ્વાર બંધ કર્યા નહિ, કારણકે તેની શક્તિ એટલે સુધી ખીલી નહોતી. દાખલા તરીકે તેણે સત્ય જ બોલવાની પ્રતિજ્ઞા લીધી, પરન્તુ કેવી રીતે? હું અસત્ય બોલું નહિ, કોઇની પાસે બોલાવું નહિ, અને તેમાં મન વચન તથા કાયાને પ્રવર્તાવું નહિ; પરન્તુ કોઇ અસત્ય બોલે અને તે અસત્યને પોતાના મન કે વચનથી સારૂં માનવાનું--સહાનુભૂતિ બતાવવાનું બની જાય એવો સંભવ સંસાર--વ્યવહારને અંગે રહેલો હોઇને તેણે એ પ્રકારની પ્રતિજ્ઞા લીધી નહિ. એ દિશાએ પોતાની શક્તિ હજી કેળવવાની તેને જરૂર હતી, તેથી તેણે એટલી છૂટ રાખી. ધનની, ઢોર--ઢાંખરની, જમીન ઇત્યાદિની તેણે મર્યાદા બાંધી; પરન્તુ એ મર્યાદા પોતાની સ્થિતિ અને સંયોગોનો વિચાર કરીને જ બાંધી. તે સમજતો હતો કે આ મૃત્તિકારૂપ ધનના અંબાર કાંઇ આત્માની આસપાસ વીંટળાતાં પાપનાં જાળાં તોડી શકનાર

નથી, છતાં એ જાળાં ત્યજીને એકદમ દૂર નાસી જવાની તેની માનસિક શક્તિ નહોતી એટલે તેણે વિવેકપુરઃસર તેની મર્યાદા બાંધી અને એ રીતે તૃષ્ણાની અપરિમીતતાની આડે બંધ બાંધ્યો. એ જ રીતે તેણે બારે વ્રતો યથાશક્તિ અંગીકાર કર્યાં. એ વ્રતો–પ્રતિજ્ઞાને અનુસરીને તેણે ચૌદ વર્ષ ગાળ્યાં. એ વખતમાં તેણે પોતાની પ્રતિજ્ઞાને અણીશુદ્ધ રીતે પાળી અને એથી વધારે આગળ વધવાને માટે પોતાની શક્તિ–ઉપર હવે તેને શ્રદ્ધા ઉત્પન્ન થઇ. હવે તેણે ઘર ત્યજીને ધર્મસ્થાનકમાં વસી પડિમાધારી શ્રાવક થવા અથવા વાનપ્રસ્થાવસ્થા ગાળવાનો નિશ્ચય કર્યો. તેણે વ્યવહારની જાળને છોડી દીધી, ભોગવિલાસ છોડી દીધા અને ધર્મસ્થાનકમાં વસી તપશ્ચર્યાનો આરંભ કર્યો: પરન્તુ પોતાની શક્તિની અપૂર્ણતાઓનો વિચાર કરીને સંપૂર્ણ મુનિત્વ અંગીકાર કર્યું નહિ. એ અવસ્થામાં જ તેનું મૃત્યુ થયું પરન્તુ સમ્યક્ચારિત્ર્યવાન્ શ્રાવક તરીકે તેને અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઇ.

એવું જ બીજું દૃષ્ટાંત ગુજરાતના રાજા કુમારપાળનું છે. કુમારપાળ એક રાજા હતો અને તેને રાજ્ય જાળવવા, પ્રજાનું રક્ષણ કરવા તથા શત્રુઓના મદનું મર્દન કરવા માટે અનેક પ્રકારનાં કાર્ય કરવાં પડે એ સ્વાભાવિક હતું; આ કારણથી તેણે હેમચંદ્રાચાર્ય પાસે આદરેલાં વ્રતોમાં પોતાની શક્તિ તથા સ્થિતિનો સંપૂર્ણ વિચાર કર્યો હતો, છતાં એ વ્રતોમાં તેણે કરેલો ત્યાગ તથા ઇંદ્રિયોનું કરેલું દમન પ્રતીત થતું હતું. (૮)

[ વ્રતો અંગીકાર કરવાના સંબંધમાં એટલી પ્રસ્તાવના કર્યા પછી હવે અનુક્રમે બાર વ્રતો વિષેનું વિવેચન પ્રારંભાય છે, તેમાં પ્રથમ અહિંસા વ્રતની વ્યાખ્યા આપવામાં આવે છે. ]

## अहिंसाव्रतम् । ९ ॥

**रक्ष्या यद्यपि सर्वजीवनिवहास्तत्रापि जीवास्त्रसा--**
**वैशिष्ट्येन हि तद्वधेऽतिदुरितं तस्मान्निहन्यान्न तान् ॥**

नाप्यन्येन विघातयेत्कथमपि व्यर्थं न च स्थावरान् ।
हिंसात्याग-विधायकं व्रतमिदं धर्मेच्छया पालयेत् ॥

## અહિંસા વ્રત.

**ભાવાર્થ**—જો કે આ સંસારમાંના સ્થાવર–જંગમ સર્વ જીવોનું રક્ષણ કરવું એ જ ખરૂં અહિંસા વ્રત છે તોપણ વ્યવહારના યોગે કરીને સ્થાવર જીવોની હિંસા અનિવાર્ય હોઇને ત્રસ જીવોનું રક્ષણ તો અવશ્ય કરવું જ જોઇએ. ખાસ કરીને ત્રસ જીવોનો વધ મહાપાપનું ઉપાર્જન કરાવનારો હોઇને તેઓની હિંસા કોઇ પણ રીતે કરવી નહિ, બીજાની પાસે કરાવવી નહિ અને સ્થાવર જીવોની હિંસા પણ નિષ્પ્રયોજન કરવી નહિ. હિંસાનો ત્યાગ કરાવનારૂં આ વ્રત ધર્મની ઇચ્છાપૂર્વક પ્રત્યેકે પાળવું. (૯)

**વિવેચન**—આ સંસારમાં જીવો એક ઇંદ્રિયથી માંડીને પાંચ ઇંદ્રિય સુધીના હોય છે; તેમાં એક ઇંદ્રિયવાળા જીવો સ્થાવર કહેવાય છે, કારણકે એવા જીવો એક સ્થળેથી બીજે સ્થળે પોતાની મેળે હલન–ચલન કરી શકતા નથી. તેથી ઉપર બે ઇંદ્રિયથી માંડીને પાંચ ઇંદ્રિય સુધીના જીવો ત્રસ જીવો કહેવાય છે, તેમને કોઇ પણ વસ્તુનો સ્પર્શ થતાં સુખ–દુઃખનો અનુભવ થાય છે, અને એ અનુભવને મનુષ્ય પોતાની આંખોવડે જોઇ શકે છે. વનસ્પતિ, ખનિજ પદાર્થ ઇત્યાદિ જીવો એક ઇંદ્રિયવાળા છે, અને હાલની વૈજ્ઞાનિક પદ્ધતિને અનુસરીને એ પદાર્થોમાં રહેલું જીવતત્ત્વ સિદ્ધ કરવામાં આવેલું છે. જ્યારે એ પદાર્થોમાં પણ જીવ છે ત્યારે તે જીવોને જીવનરહિત કરવા તે હિંસા છે: એટલે એ સ્થાવર જીવોને તેમજ ત્રસ જીવોને જીવનરહિત ન કરવાની પ્રતિજ્ઞા એ જ સંપૂર્ણ અહિંસા વ્રત કહેવાય. પરન્તુ આવું અહિંસા વ્રત પાળવું એ ગૃહસ્થોને માટે શક્ય નથી, તેમજ તૃતીય વાનપ્રસ્થ અવસ્થા કિંવા પરાર્થજીવનને માટે એ પ્રકારની અહિંસાની પ્રતિજ્ઞા દુષ્કર છે, તેટલા માટે ત્રસ જીવોનું રક્ષણ કરવું અને તેમની હિંસા કરવી નહિ તેને વહેવારૂ રીતે અહિંસાની પ્રતિજ્ઞારૂપે ચલાવી લેવાનું કહેવામાં આવ્યું છે. પરન્તુ સ્થૂળ અહિંસા વ્રતની મર્યાદા એટલેથી

પૂર્ણ થતી નથી. હિંસા પોતાની જાતે ન કરવી એટલી પ્રતિજ્ઞાથી પણ અહિંસાવ્રત પળાતું હોય તો પછી કસાઇઓ પણ એ વ્રત પાળી શકે, કારણકે જાનવરના માંસનો વેપાર કરનારાઓ જાનવરને કાપવાનું કામ તો જાતે કરતા નથી પણ ગલકટ્ટાઓ પાસે એવું કામ પૈસા આપીને કરાવે છે, અને એ રીતે કરવામાં આવતી હિંસા પણ પોતીકી હિંસાની બરાબર જ છે; તેથી ગ્રંથકાર સ્પષ્ટીકરણ કરે છે કે જેમ જીવોની હિંસા પોતે કરવી નહિ તેમ બીજા પાસે કરાવવી નહિ, અને સ્થાવર–એકેંદ્રિય જીવોને નિષ્પ્રયોજન મારવા–મરાવવા નહિ. જ્યાંસુધી મનુષ્યને દેહનું બંધન રહેલું છે, ત્યાંસુધી जीवो जीवस्य जीवनम् એ ન્યાયે તેને સ્થાવર જીવોની હિંસા કરવી પડે છે; પરન્તુ તેમાંએ જો વિવેક રાખવામાં આવે તો તેથી મનુષ્ય અનેક પ્રકારની સૂક્ષ્મ હિંસાથી પણ બચી શકે છે. કોઇ રાજા ચોરી કરીને નાઠેલા ચોરની પાછળ પાછળ તેને પકડવાને પોતાનાં માણસો સાથે ઘોડા પર બેસીને જતો હોય અને માર્ગમાં કોઇ નવાંકુર ફૂટેલાં ધાન્યનાં ખેતરો આવે; ખેતરની બે બાજુએ થઇને રસ્તો જતો હોય તે રસ્તે રસ્તે નહિ જતાં તે પોતાની ટુકડીને ખેતરમાં દાખલ કરી તેમાંના છોડવાને ખુંદી–કચરી દોડાવી જાય, તો તે વનસ્પતિની નિષ્પ્રયોજન હિંસા જ તેણે કરી લેખાય. તેના ઘોડા ભૂખ્યા થયા હોય અને નજીકમાં બીજે ક્યાંય ઘાસ ન હોય તો એ ખેતરમાંથી ઘોડાને ઘાસ ખવરાવવાની તેને જરૂર પડે તો તેથી થતી એકેન્દ્રિય જીવોની હિંસા નિષ્પ્રયોજન કહેવાય નહિ, પરન્તુ ઘોડાને ચલાવવા માટે બાજુનો રસ્તો સહેજ લાંબો હોય અને ખેતરમાંથી જતાં સહેજ ટૂંકો રસ્તો મળતો હોય, તો તેટલા ખાતર સૂક્ષ્મ હિંસા કરવા માટે તે પાપી ઠરે છે.

**શંકા**—હિંસા કરવી નહિ અને કરાવવી નહિ, એટલે કે જીવને તેના દશ પ્રાણથી હીન કરવો કરાવવો નહિ, એટલામાં જ જો અહિંસાના વ્રતની પૂર્તિ થતી હોય તો શું મન કે વચન વડે હિંસા અહિંસા વ્રતવાળો કરી શકે ?

**સમાધાન**—ના. મન, વચન અને કાયા એ ત્રણે વડે જીવની હિંસા કરવી–કરાવવી નહિ એવું અહિંસા વ્રત પાળવાનું વાનપ્રસ્થાશ્રમીને સૂચન

કરવાનો ગ્રંથકારનો હેતુ અત્ર રહેલો છે, અને તેટલા માટે ઉપરના શ્લોકમાં **कथमपि** અર્થાત્ 'કોઇ પણ રીતે' એ શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો છે.

મનવડે વળી સ્થૂળ હિંસા કેવી રીતે થતી હશે ? આ વાત કેટલાકો સમજી શકતા નથી. જ્ઞાનપૂર્વક રજ્જુને સર્પ માનીને તેના ઉપર તલ્વારનો ઘા કરવાની ઇચ્છા કરવી તે માનસિક હિંસા છે, અને તેથી મન ઉપર હિંસાના જેવી જ અસર થાય છે. એ ઘા કરતી વખતે મનનો જે ક્ષણિક હિંસક ભાવ થાય છે તે ભાવ ઉપલક દૃષ્ટિથી જોનારને ક્ષુલ્લક લાગે છે, પરન્તુ વસ્તુતઃ એ ભારે અસર કરે છે અને એવા અનેક ક્ષણિક ભાવોનું સ્થૂળ પરિણામ જ્યારે મનુષ્યના જીવનમાં આવે છે, ત્યારે તેને ભાન થાય છે કે પોતે જે વાતને ક્ષુલ્લક માની હતી તે વાતે જ પોતાનું અનિષ્ટ કર્યું છે. કૃત્રિમ ક્રોધ બતાવવાની ટેવના અતિયોગથી સાચા ક્રોધી સ્વભાવના બની ગએલા મનુષ્યો જગત્માં ઘણી વાર જોવામાં આવે છે, તે મન ઉપર કૃત્રિમ ક્રોધની પણ થતી આધ્યાત્મિક અસરનું ફળ છે. **व्यर्थ** એ શબ્દનો અર્થ 'અર્થરહિતપણે' અર્થાત્ 'નિષ્પ્રયોજને' એવો થાય છે : ક્ષુલ્લક અને ગૃહસ્થને જીવનવ્યવહારમાં જરૂરીઆત પૂરતો સ્થાવરનો આરંભ કરવો પડે તેથી તેનો ત્યાગ ન થઇ શકે તોપણ કેટલીક વાર બીનજરૂરીઆત ચીજોનો મોજશોખની ખાતર ઉપયોગ કરવામાં આવતાં સ્થાવરની હિંસા થાય છે. તે હિંસા 'વ્યર્થ' છે. તેના વિના પોતાના જીવનને કંઇ હાનિ થતી નથી તેથી સ્થાવર હિંસાની પણ મર્યાદા બાંધવી. પ્રયોજન વિના સ્થાવરની પણ હિંસા ન કરવી. (૯)

[ હવે પ્રત્યક્ષ હિંસા વિના થતી હિંસા અને તે દ્વારા અહિંસા વ્રતનું ખંડન કેવી રીતે થાય છે તેના થોડા દૃષ્ટાંતો આપવામાં આવે છે. ]

**अहिंसाव्रतपालनम् । १० ॥**

## पापर्द्धिः पललाशनं च मदिरापानं निषिद्धं ह्यतो–
## हिंसातस्त्रसदेहिनां नियमतस्तत्र व्रतभ्रंशनात् ॥

**यद्वस्तु त्रसहिंसया समजनि त्याज्यं च तत्सर्वथा।**
**स्याद्बन्धाद्यतिचारदोषरहितं सेव्यं तथाऽऽद्यं व्रतम्॥**

## અહિંસા વ્રતનું પાલન.

**ભાવાર્થ**—માંસભક્ષણ એ પાપપુંજને પ્રાપ્ત કરાવનારૂં છે તથા મદ્યપાન પણ નિષિદ્ધ છે; ત્રસજીવોની હિંસાવડે તે નીપજે છે અને તેથી અહિંસાવ્રતનું ખંડન થાય છે. જે વસ્તુ ત્રસજીવોની હિંસા કરવાથી નીપજે તે સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે; માટે બંધ--વધ ઇત્યાદિ અતિચારના દોષોથી રહિતપણે એ પ્રથમ વ્રતનું પાલન કરવું. (૧૦)

**વિવેચન**—માંસભોજન કરનારા ઘણાકો પોતાને હાથે જીવોનો ઘાત કરતા નથી, તેમજ મદ્યપાન કરનારાઓ દ્રાક્ષ કે મહુડાંને કોહવી તેમાં ઉત્પન્ન થતા જંતુઓને ઉકાળી તેનો અર્ક કાઢતા નથી; પરન્તુ તેમને માટે બીજાઓ જીવોને મારી માંસ નીપજાવે છે અને મદિરા ગાળે છે, તેટલા માટે માંસભક્ષીઓ અને મદ્યપીઓ હિંસાના કાર્યને ઉત્તેજન આપી હિંસાના જ ભાગીદાર બને છે: એ સમજી શકાય તેવું છે. કોઇ ગૃહસ્થ પોતાના અનુ-ચરને કહે કે--મને કસ્તુરીમૃગનો ડુંટો લાવી આપ, તે વખતે તે જાણતો હોય છે જ કે એ માણસ કસ્તુરીમૃગને મારીને જ તેનો ડુંટો કાઢી લાવ-વાનો છે અને તેથી તેણે વચનવડે કસ્તુરીમૃગની હિંસા જ કરાવી લેખાય. આ પ્રમાણે રેશમ વાપરનાર, હાથીદાંતની વસ્તુઓનો ઉપભોગ કરનાર કિંવા પીછાંવાળી ટોપીઓ પહેરનાર અપ્રત્યક્ષ રીતે હિંસા કરનારા જ લેખાય છે. જેઓએ અહિંસાનું વ્રત ગ્રહણ કર્યું હોય તેઓએ આવા હિંસાજનિત પદા-ર્થોનો ઉપભોગ પૂર્વે કહેલી રીતે--વ્યર્થ કરવો જોઇએ નહિ.

**पंचेन्द्रियाणि त्रिविधं बलं च। उच्छ्वासनिःश्वासमथान्यदायुः॥**
**प्राणाः दशैते भगवद्भिरुक्ता स्तेषां वियोगीकरणं तु हिंसा॥**

અર્થાત્—પાંચ ઇંદ્રિયો, મન, વચન અને કાયા એ ત્રણ બળ, શ્વાસો-ચ્છ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય છે અને તે પ્રાણનો વિયોગ

કરવો તે હિંસા કહેવાય છે. હિંસાજનિત પદાર્થો જીવોના એ દશ પ્રાણોનો વિયોગ કરવાથી જ નીપજે છે અને તેટલા માટે એ વસ્તુઓનો ત્યાગ અણુવ્રત રૂપે અહિંસાની પ્રતિજ્ઞા લેનારે પણ કરવો યુક્ત છે. તે સાથે એટલું સમજવાની જરૂર છે કે એ દશ પ્રાણમાંથી એકાદ પ્રાણનો પણ વિયોગ કરવા કરાવવામાં ઉદ્યુક્ત થવું એ પણ હિંસાને માર્ગે જવા જેવું છે. ઘાણીના બળદની આંખે અંધારીયું ચડાવી તેને આંધળો કરવો તે શું તેની નેત્રેંદ્રિયને થોડા કાળને માટે પણ લૂંટી લેવા બરાબર નથી? ઉડતા પોપટને પકડીને પાંજરામાં પૂરવો તે શું તેની કાયાનું બળ હરી લેવા તુલ્ય નથી? સાપને હાંલ્લીમાં પૂરીને રાખી મૂકવો, તે તેનું ખાનપાન કે ઉચ્છ્વાસ–નિઃશ્વાસ અટકાવવા બરાબર નથી? આ રીતે પ્રાથમિક હિંસા થાય તેવાં કાર્યો પણ સ્થૂળ અહિંસા વ્રતવાળો કરી શકે નહિ. આ માટે જૈન ધર્મમાં પાંચ અતિચારનો ત્યાગ કરવાનું ફરમાવેલું છે.

**क्रोधाद् बंधछविच्छेदोऽधिकभाराधिरोपणम् ।**
**प्रहारान्नादिरोधश्चाऽहिंसायाः परिकीर्त्तिताः ॥**

અર્થાત્—(૧) ક્રોધથી આકરૂં બંધન બાંધવું, (૨) કર્ણાદિકનો છેદ કરવો, (૩) અધિક ભાર ભરવો, (૪) પ્રહાર કરવો અને (૫) અન્ન--જળનો નિરોધ કરવો, એ પ્રમાણે એ પાંચ અતિચાર છે. જીવ પૂરેપૂરા દશ પ્રાણથી મુક્ત થાય ત્યારે જ તેની હિંસા થઇ કહેવાય અને અહિંસાવ્રતનો ભંગ થયો કહેવાય, પરન્તુ ઉપર કહેલા પાંચ અતિચારરૂપ દોષો હિંસાના જ હેતુ છે; અલબત્ત, તેથી જીવ મૃત્યુવશ તો થતો નથી. એક ગાડું હાંકનાર ગાડાને જોડેલા બળદને ક્રોધપૂર્વક જ્યારે પ્રહાર કરે છે, ત્યારે તેની અંતર્વૃત્તિ તો હિંસાનો દોષ કરી ચૂકે છે, પરન્તુ એ પ્રહારથી બળદ મરતો નથી, તેથી બહિર્વૃત્તિથી તેનું અહિંસાનું વ્રત પળાયું દેખાય છે. હાલની સરકારે મૂગાં પ્રાણીઓને દુઃખી નહિ કરવા માટે કેટલાક કાયદાઓ કર્યા છે તેમાં આ પાંચ અતિચારરૂપ દોષ ઉપર લક્ષ રાખેલું છે. પીછાં માટે પક્ષીઓને નહિ મારવાના હુકમો કાઢ્યા છે, ગાડાંઓમાં અમુક પ્રમાણથી વધારે ભાર નહિ ભરવાનો કાયદો કર્યો છે, છતાં તેમાં કેટલીક ખામીઓ છે. રાજા કુમારપાળે

અમારિ ઘોષણા કરાવી ત્યારે તેણે આવા અતિચારો પ્રજાને હાથે તેમજ પોતાના હાથે ન થાય તેવા કાયદા કર્યા હતા. (૧૦)

[ હવે બીજા સત્યવ્રત વિષે કહેવામાં આવે છે ]

सत्यव्रतम् । ११ ॥

**हास्यक्रोधभयप्रलोभनभवं ब्रूयात् क्वचिन्नानृतं।**
**नाप्यन्येन च भाषयेत् त्रिकरणैरेतच्च सत्यव्रतम् ॥**
**अभ्याख्यानपरापवादलपनं विश्वासघातस्तथा।**
**मिथ्यासाक्ष्यपरप्रतारणमिहान्तर्भाव्यमेतद्विधम् ॥**

સત્ય વ્રત.

**ભાવાર્થ—**હાંસી--મશ્કરી, ક્રોધ, બ્હીક કે લોભ એમાંના કોઇ પણ કારણે ક્યાંય પણ અસત્ય બોલવું નહિ, તેમ જ બીજાની પાસે અસત્ય બોલાવવું નહિ. મન, વચન અને કાયા એ ત્રણ કરણથી અસત્યનું સેવન ન કરવું તે જ સત્ય વ્રત કહેવાય છે. કોઇની ઉપર ખોટું આળ ચડાવવું, પારકી નિંદા કરવી, વિશ્વાસઘાતનું કામ કરવું, ખોટી સાક્ષી પૂરવી, બીજાને છેતરવું, એ બધા દુર્ગુણો અસત્યના જ ભાઇ છે; માટે સત્ય વ્રત સ્વીકારનારે એ બધા દોષોનો ત્યાગ કરવો જોઇએ. (૧૧)

**વિવેચન—**યથાસ્થિત વસ્તુ–તથ્ય વસ્તુથી વિપરીત વાત બોલવી તે સામાન્ય રીતે અસત્ય કહેવાય છે, પરન્તુ અસત્યના અનેક ભેદ છે. तीव्रसंकल्पजं स्थूलं सूक्ष्मं हास्यादिसंभवम् અર્થાત્ જે તીવ્ર સંકલ્પ વડે અસત્ય વદાય તે સ્થૂલ અસત્ય છે અને હાસ્યાદિ કારણે અસત્ય વદાય તે સૂક્ષ્મ અસત્ય છે. સ્થૂલ અસત્યના પુનઃ ચાર ભેદ છે. (૧) અભૂતો ભાવન અસત્ય એટલે કે સામો નામનું ખડધાન્ય ચોખા જેવું છે એમ કહેવું તે, (૨) ભૂત નિન્હવ એટલે આત્મા નથી, પુણ્યપાપ નથી, એમ કહેવું તે, (૩) અર્થાન્તર અસત્ય એટલે ગાયને ઘોડો કહેવો તે, અને (૪) ગર્હા અસત્ય

એટલે નિંદાના ભયથી અસત્ય કહેવું તે : આ સર્વ પ્રકારનાં અસત્યો વ્યવહારમાં અનેક રીતે ઉપયોગમાં લેવાય છે. અમુક કન્યા કે અમુક વર સારાં આચરણવાળાં હોવા છતાં તેને ખોટાં આચરણવાળાં કહેવાં, તોફાની ઘોડાને સોજ્જો ઘોડો કહી વધારે પૈસા મેળવવા, ક્ષારવાળી ભૂમિને ફળદ્રુપ ભૂમિ કહી તેનું વધારે મૂલ્ય ઉપજાવવા યત્ન કરવો, મરણ પામેલા પિતાએ પોતાને ત્યાં મૂકેલી થાપણ ઓળવવા માટે તેના પુત્રને તે વિષે કાંઇ કહેવું નહિ કિંવા 'હું કાંઇ જાણતો નથી' એમ કહેવું, ખોટી સાક્ષી પૂરી સત્યના હિતમાં અન્યાયના નિમિત્તભૂત થવું, સાહસપૂર્વક અપ્રિય વચન બોલવું, કોઇનું રહસ્ય જનસમૂહમાં ઉઘાડું કરી તેને હાનિ નીપજાવવા યત્ન કરવો, કોઇ પણ વિચારપૂર્વક આળ ચડાવવું, કોઇની ગુપ્ત વાત ચેષ્ટાથી જાણી લઇને પ્રકાશવી, બનાવટી લેખ કરવો ઇત્યાદિ સર્વ અસત્યના જ જૂદા જૂદા પ્રયોગો છે. આ પ્રયોગો પણ પુનઃ મન વચન અને કાયા એ ત્રણે યોગવડે થાય છે એટલે અસત્યવાદના અનેક ઉપભેદો પડે છે. આ બધા સંકલ્પજનિત તીવ્ર અસત્યો છે. તે ઉપરાંત કોઇ વાર હાંસીની ખાતર અસત્ય બોલવા મનુષ્ય પ્રેરાય છે, પૂર્વ સંકલ્પ નહિ હોવા છતાં ક્રોધના ઉભરામાં જૂઠ બોલી જવાય છે, રાજાના, અપકીર્તિના, મૃત્યુના ઇત્યાદિ ભયવડે પણ મનુષ્ય અસત્ય બોલવા તૈયાર થાય છે કિંવા કોઇ મોટા લાભના પ્રલોભનથી પણ તે જૂઠું બોલવા લલચાય છે : આ બધા પ્રકારનાં અસત્યોને સત્ય વ્રતને ગ્રહણ કરનારે ત્યજવાં જોઇએ, એ ઉપદેશ આ શ્લોકમાં સમાવવામાં આવેલો છે. શુક્રનીતિમાં પણ વાચિક પાપ તરીકે એકલા અસત્યવાદને જ નહિ પણ ચાડી, કઠોર ભાષણ ઇત્યાદિને વાચિક પાપો કહેલાં છે :

**हिंसास्तेयान्यथा कामं पैशून्यं परुषानृते ।**
**संभिन्नालापव्यापादमभिध्या दृग्विपर्ययम् ॥**

અર્થાત્–હિંસા, ચોરી તથા અગમ્યગમન એ ત્રણ કાયિક પાપ છે; ચાડી, કઠોર ભાષણ, અસત્ય કથન અને યથેચ્છ લવલવાટ એ ચાર વાચિક પાપ છે; અને પારકા દ્રોહનું ચિંતન, પરધનની ઇચ્છા તથા ધર્મમાં દૃષ્ટિનો વિપર્યય એ માનસિક પાપ છે.

**શંકા**—સત્યથી વિરૂદ્ધ એ તો અસત્ય છે જ, પરન્તુ પરાઈ સત્ય વાતને પ્રકાશવી તેમાં 'અસત્યવાદ' કેવી રીતે આવી શકે?

**સમાધાન**—'સત્ય' શબ્દનો શાસ્ત્રીય અર્થ **सद्भ्यो हितं सत्यम्** અર્થાત્ 'જે સજ્જનને હિતકારક હોય તે સત્ય' એવો થાય છે, અને તેટલા માટે **न सत्यमपि भाषेत परपीडाकरं वचः** અર્થાત્ બીજાને પીડા થાય તેવું વચન સત્ય હોય તોપણ બોલવું નહિ એમ કહેવામાં આવ્યું છે. સત્ય પણ પીડાકારક વચન કેવું અનર્થકારક નીવડે છે તેનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

**દૃષ્ટાન્ત**—પુણ્યસાર નામનો એક વણિક એક વાર પોતાની સ્ત્રીનું આણું વાળવા સસરાને ઘેર ગયો. તેની સ્ત્રી પરપુરૂષાનુરાગી થઇ હોવાથી પતિની સાથે જવાને આનાકાની કરતી હતી, તોપણ પુણ્યસારે હઠ કરીને તેને પોતાની સાથે લીધી. રસ્તામાં પુણ્યસારને તૃષા લાગી તેથી તે પાણી લેવાને એક કૂવાને કાંઠે ગયો. તે કૂવામાંથી પાણી ખેંચતો હતો એવામાં તેની સ્ત્રીએ તેને ધક્કો મારીને કૂવામાં નાંખી દીધો, અને પોતે પાછી પિતાને ઘેર આવી. પિતાએ તુરતમાં જ પાછા ફરવાનું કારણ પુત્રીને પૂછ્યું તો તેણે કહ્યું કે "માર્ગમાં મારા પતિને લૂંટારાએ લૂંટી લીધો અને તેને માર્યો હશે કે શું થયું હશે તેની મને ખબર નથી. હું તો નાસીને અહીં આવી છું." એમ કહીને તે પિયેરમાં રહી સ્વેચ્છાએ વર્તવા લાગી. આ બાજુએ પુણ્યસાર કૂવામાં થોડું પાણી હોવાથી ડૂબ્યો નહિ. તેને કોઇ મુસાફરોએ ખેંચીને બહાર કાઢ્યો. તે પુનઃ શ્વસુરગૃહે ગયો, અને લોકોએ તેને રસ્તામાં બનેલા બનાવની વાત પૂછી ત્યારે તેણે કહ્યું કે "મને ચોરોએ લૂંટી લીધો પણ જીવતો મૂક્યો, અને મારી સ્ત્રી અહીં આવતી રહી તે સારૂં થયું." એ પ્રમાણે તેણે પોતાની સ્ત્રીનું રહસ્ય છુપાવીને લોકોને વાત કહી, તેથી તેની સ્ત્રીને પોતાના વર્તન માટે પસ્તાવો થયો અને પતિના સૌજન્ય પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો. પછી સ્ત્રીને લઇને પુણ્યસાર ઘેર આવ્યો. દંપતી હવે પ્રેમપૂર્વક રહેવા લાગ્યાં. તેમને એક પુત્ર પણ થયો. એક વખત પુણ્યસાર ભોજન કરતો હતો એવામાં પવનનો વંટાળીયો આવવાથી તેના ભાણામાં રજ પડવા માંડી એટલે

સ્ત્રીએ આવીને પોતાના વસ્ત્રનો છેડો આડો રાખ્યો. તેની આવી પતિસેવા જોઈને પુણ્યસારને તેનું પૂર્વચરિત્ર યાદ આવ્યું અને તે સ્વલ્પ હસ્યો. પુત્ર મોટો થયો હતો એટલે તેણે એકાંતમાં જઈને પિતાને હાસ્યનું કારણ પૂછ્યું. પુત્રનો ઘણો આગ્રહ જોઈને પિતાએ તેની પાસે તેની માતાનું પૂર્વ ચરિત્ર કહી દીધું. એક વખત પુણ્યસારના પુત્રની સ્ત્રી પોતાના પતિ પાસે પોતાની સ્ત્રીજાતિ માટે ગર્વ કરતી હતી, તે વખતે તેના પતિએ પોતાની માતાનું પૂર્વ ચરિત્ર તેને કહ્યું અને સ્ત્રીજાતિની દુષ્ટતાનો ઉલ્લેખ કર્યો. તે સ્ત્રી તે વખતે તો કાંઈ બોલી નહિ, પરન્તુ કેટલાક વખત પછી સાસુ–વહુ વચ્ચે કલહ થયો ત્યારે વહુએ સાસુના મર્મની વાતો ખુલ્લી કરીને મ્હેણું માર્યું. આ મ્હેણું સાંભળતાં જ સાસુના મનમાં વિચાર આવ્યો કે "અહો, મારા પતિ પુણ્યસારે આટલા વખત સુધી મારી વાત ગુહ્ય રાખી, પણ છેવટે આ છોકરાની વહુ આગળ તે પ્રકટ કરીને મને મ્હેણાં સાંભળતી કરી, તો હવે મારે જીવીને શું કરવું છે?" આવું વિચારી, ફાંસો ખાઈ તે મૃત્યુ પામી. આ જોઈને પુણ્યસારને પણ પસ્તાવો થયો કે પોતે પુત્રને તેની માતાના મર્મની વાત ન કહી હોત તો સારૂં હતું, અને તેણે આત્મઘાત કર્યો. સત્ય રહસ્ય પણ જો પરને પીડાકારક હોય તો તેને ખુલ્લું કરવું એ એક દોષ છે અને ભલે તે અસત્ય કથન ન હોય, પરન્તુ સત્યવ્રત અંગીકાર કરનારને માટે તો તે ત્યાજ્ય જ હોવો જોઈએ. (૧૧)

[ હવે ત્રીજા અસ્તેય વ્રત વિષે વિવેચન કરવામાં આવે છે. ]

## अस्तेयव्रतम् । १२ ॥

**वस्तु स्यात् पतितं पथे गृहगतं कस्यापि चौर्येच्छया।**
**ग्राह्यं तन्न विनाऽऽज्ञया त्रिकरणैर्नाप्यन्यतो ग्राहयेत्॥**
**ज्ञात्वा स्तेयधनं कथञ्चिदपि तन्नादेयमप्यल्पकं।**
**साहाय्यं न विधेयमस्य तदिदं दत्तव्रतं पालयेत्॥**

## અસ્તેય વ્રત.

**ભાવાર્થ**—કોઈની પણ કંઈ વસ્તુ માર્ગમાં પડી ગઈ હોય કે ઘરમાં પડી હોય તે ધણીની રજા સિવાય ચોરી કરવાના ઈરાદાથી મન વચન અને કાયા એ ત્રણ કરણે કરી ઉપાડવી નહિ, તેમ જ બીજાની પાસે ઉપડાવવી નહિ, એટલું જ નહિ પણ ચોરીનું ધન કે ચોરાયેલી વસ્તુ કોઈ પણ રીતે જાણવામાં આવે તો તે અલ્પ પણ લેવું નહિ. તેમજ ચોરને ચોરીના કામમાં કોઈ પણ રીતે સહાય ન કરવી, તેનું નામ દત્તવ્રત—અસ્તેયવ્રત. તે વ્રત સુજ્ઞ માણસે બરાબર પાળવું જોઇએ. (૧૨)

**વિવેચન**—પ્રથમ ગ્રંથમાં વિદ્યાર્થીઓના ધર્મ ગણાવતાં ગ્રંથકારે 'અચૌર્ય' વિષે કહેલું છે અને અત્ર પરાર્થજીવન ગાળનારને અસ્તેયવ્રત ગ્રહણ કરવાનો ઉપદેશ કરતાં તે વિષે કેટલુંક વિશિષ્ટ કથન કરવામાં આવેલું છે. વિદ્યાર્થીઓને માટે 'અચૌર્ય' ની વ્યાખ્યા જે કાંઇ હતી, તે કરતાં ઘણી આગળ વધેલી વ્યાખ્યા વાનપ્રસ્થાશ્રમમાં મનુષ્યે ગ્રહણ કરવાના અસ્તેય વ્રતની આપવામાં આવી છે. કોઈની કાંઈ પણ વસ્તુ તેના ઘરમાં કે માર્ગમાં પડી હોય તો તે ચોરી કરવાના હેતુથી કાયાએ કરી ન લેવી એટલું જ નહિ, પણ મન અને વચનવડે એવી ચોરી કરવી નહિ કિંવા કરાવવી નહિ એ અસ્તેય વ્રત ગ્રહણ કરનારની પ્રતિજ્ઞા હોવી જોઇએ. જૈન ધર્મમાં તેને 'અદત્તાદાન' કહે છે. 'અદત્ત' એટલે કોઇએ નહિ આપેલું તેવું અને 'આદાન' એટલે ગ્રહણ કરવું: કોઇએ આપેલું ન હોય એવું કાંઈ ગ્રહણ કરવું તે જ વ્રતની દૃષ્ટિએ ચોરી છે, એવી વિસ્તૃત વ્યાખ્યા અસ્તેય વ્રતની થાય છે.

**आहृतं स्थापितं नष्टं विस्मृतं पतितं स्थितम् ।**
**नाददीताऽस्वकीयं स्वमित्यस्तेयमणुव्रतम् ॥**

અર્થાત્—કોઇનું હરણ કરી લાવેલું, મૂકેલું, ખોવાએલું, વિસ્મૃત થએલું પડી ગએલું કે રહી ગએલું કોઈ બીજાનું ધન ગ્રહણ કરવું તે અસ્તેય નામનું અણુવ્રત છે. પરન્તુ આ વ્રત ગ્રહણ કરનાર ઉપર તે સંબંધી બીજા

ફરમાનો શાસ્ત્રકારે કરેલાં છે. કોઇ અસ્તેય વ્રત ગ્રહણ કરનાર કહે કે હું કાંઇ ચોરી કરતો નથી પરન્તુ ચોરાઇ આવેલી વસ્તુનો વેપાર કરૂં છું, કિંવા ચોરને તેના ધંધામાં સગવડ કરી આપું છું કિંવા વેપારમાં વધારે લાભ મેળવવા માટે ઓછું આપું છું અને વધારે લઉં છું, તો એવા બધા પ્રકારોને શાસ્ત્રકારે જ નહિ પણ રાજનીતિકારે ચોરી કહી છે અને તેને માટે શાસ્ત્રમાં શાસન ફરમાવેલું છે. હાલની સરકાર પણ એવાં કાર્યોને રાજ્યનો અપરાધ લેખે છે એ જાણીતી વાત છે. કહ્યું છે કેઃ—

**चौरश्चौरार्पको मंत्री भेदज्ञो क्वाणकक्रयी ।**
**अन्नदस्थानदश्चेति चौरः सप्तविधः स्मृतः ॥**

અર્થાત્—ચોર પોતે, ચોરને સાધનો આપનાર, ચોર સાથે મંત્રણા કરનાર, ચોરનો ભેદ જાણનાર, ચોરેલી વસ્તુ ખરીદનાર, ચોરને અન્ન આપનાર અને ચોરને સ્થાન આપનાર એ સાતે પ્રકારના ચોર કહેવાય છે. આટલા જ માટે મન, વચન અને કાયાએ ચોરી નહિ કરવા–કરાવવા ઉપરાંત ગ્રંથકાર ચોરાએલી વસ્તુ નહિ રાખવાનો અને ચોરીના કામમાં ચોરને સહાય નહિ કરવાનો બોધ આપે છે. જૈન ધર્મમાં તેના પાંચ અતિચારો કહેલા છે એ અતિચાર ટાળવાની સાથે અસ્તેયવ્રત ગ્રહણ કરવું એવું કહેવાનો ગ્રંથકારનો આશય છે. એ અતિચારો નીચે પ્રમાણે કહેલા છેઃ—

**स्तेनानुज्ञा तदानीतादानं वैरुद्धगामुकम् ।**
**प्रतिरूपक्रियामानान्यत्वं वा स्तेयसंश्रिता ॥**

અર્થાત્—ચોરને આજ્ઞા કરવી, ચોરીનું દ્રવ્ય લેવું, રાજાએ નિષેધ કરેલ વ્યાપારાદિ આચરવું, એક વસ્તુમાં બીજી વસ્તુ ભેળસેળ કરીને વેચવી, અને ખોટાં તોલ–માપ રાખવાં એ બધા અસ્તેય વ્રતના દોષો છે.

**દૃષ્ટાન્ત**—જે દોષો ઉપર જણાવેલા છે તે દોષો કરનારા ચોરો ઉપર હાલમાં બધા દેશોમાં કાયદા ચાલી રહેલા છે. હિંદુસ્તાનમાં અફીણ જેવા પદાર્થ ઉપર સખ્ત જકાત નાંખવામાં આવેલી છે તેથી કેટલાકો માળવામાંથી છૂપી રીતે અફીણ લાવી વેચે છે અને કમાણી કરે છે, પરન્તુ આ

ચોરીનો અપરાધ શિક્ષાને પાત્ર ઠરેલો છે. હાલમાં અમેરિકા દેશે પોતાને ત્યાં પીવાના દારૂનો વેપાર બંધ કર્યો છે અને તેની પેદાશ તેમજ પરદેશથી થતી આયાત બંધ કરી છે. છતાં કેટલાકો રાજ્યસત્તાની વિરૂદ્ધ પડી ચોરી–છુપીથી દારૂ બનાવે છે, ચોરી છૂપીથી વેચે છે અને પીએ છે; એટલું જ નહિ પણ પરદેશથી દારૂનાં પીપનાં પીપ સ્ટીમરોમાં આવે છે અને રાજ્યસત્તાને તેની ખબર મળતાં એવી સ્ટીમરોમાંનો માલ જપ્ત કરી દરિયામાં હોમી દેવામાં આવે છે, અને માલ આયાત કરનારાઓને શિક્ષા કરવામાં આવે છે. (૧૨)

[ હવે ચોથા બ્રહ્મચર્ય વ્રત અથવા શીલવ્રત વિષે વિસ્તૃત વ્યાખ્યાન કરવામાં ગ્રંથકાર ઉદ્યુક્ત થાય છે. ]

**ब्रह्मचर्यव्रतम् । १३ ॥**

# स्याद्दार्ढ्यं यदि सर्वथा स्वमनसो ब्रह्मव्रतं गृह्यतां ।
# नोचेदेकनिजस्त्रियैव सततं सन्तोषवृत्तिर्वरा ॥
# संपर्कोऽपि परस्त्रिया न कुधिया कार्यः सदाचारिणा ।
# स्त्रीपुंसोभयशीलरक्षकमिदं प्रोक्तं चतुर्थं व्रतम् ॥

**બ્રહ્મચર્ય વ્રત.**

**ભાવાર્થ**—જો પોતાના મનની પૂરેપૂરી દઢતા હોય તો સર્વથા બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરવું. જો તેટલી દઢ વૃત્તિ ન હોય તો સ્વદારાસંતોષ વૃત્તિ રાખવી અર્થાત્ પોતાની સ્ત્રીથી જ સંતોષ રાખવો. સદાચારી માણસે કુબુદ્ધિથી પરસ્ત્રીનો સ્પર્શ સરખો પણ ન કરવો. સ્ત્રી અને પુરૂષ બન્નેના શીલનું રક્ષણ કરનાર એ ચોથું વ્રત–બ્રહ્મચર્ય વ્રત શાસ્ત્રકારોએ કહ્યું છે. (૧૩)

**વિવેચન**—સામાન્ય રીતે વિદ્યાર્થી અવસ્થા અને ગૃહસ્થાશ્રમ પૂરો કર્યા પછી ત્રીજી અવસ્થા એટલે વાનપ્રસ્થાશ્રમ કિંવા સેવાશ્રમમાં મનુષ્ય પડે છે અને એ અવસ્થામાં જો મનુષ્યની માનસિક દઢતા હોય તો તેણે યાવજ્જીવન બ્રહ્મચર્ય ધારણ કરી લેવું જોઇએ. ભોગોપભોગનો યુવાવસ્થાનો કાળ વ્યતીત થઇ ગયા પછી પ્રૌઢાવસ્થામાં જો મનુષ્ય દઢ વિચાર કરે તો

તેને માટે એ વ્રતનું ગ્રહણ યુવાવસ્થા જેટલું મુશ્કેલ થઈ પડતું નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર વધાર્યાં વધે છે અને ઘટાડયાં ઘટે છે. જે વખતે વિષયવૃત્તિ ઘટાડવાનો સુગમ્ય કાળ આવે તે વખતે તે ઘટાડવાની તક જવા દેનાર પોતાના જીવનનો અમૂલ્ય કાળ ગુમાવે છે. વિષયાભિલાષા જ્યાંસુધી હોય ત્યાંસુધીમાં જ તેનું દમન કરવું એ હિતાવહ છે–સાચું વ્રત છે; વૃદ્ધાવસ્થામાં દેહ જર્જરિત થાય, સાંગોપાંગ શિથિલ થઈ જાય અને ભોગશક્તિ નાશ પામે, ત્યારે **वृद्धा नारी पतिव्रता** ની પેઠે બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કરવું તે એ વ્રતપાલનનો ખરો આધ્યાત્મિક લાભ ગુમાવવા બરાબર છે. તેટલા માટે ગ્રંથકાર સૂચવે છે કે જો મનની દઢતા હોય તો આ અવસ્થામાં સ્ત્રી–પુરૂષે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવું જ; પણ જો મન નિર્બળ હોય, તો પછી પુરૂષે સ્વદારસંતોષ વ્રત અને સ્ત્રીએ સ્વપતિસંતોષ વ્રત અંગીકાર કરવું, એ સદાચારી સ્ત્રીપુરૂષનો પરમ ધર્મ છે. સ્વસ્ત્રીનો આ અવસ્થામાં ત્યાગ કરવો એ બ્રહ્મચર્યવ્રત છે. સ્વસ્ત્રીને માટે છૂટ રાખી પરસ્ત્રી ગ્રહણ નહિ કરવામાં પણ બ્રહ્મચર્યવ્રત રહેલું છે; પરન્તુ એ વ્રત અંગીકાર નહિ કરતાં પાપના દ્વારને મોકળું રાખવું અને પછી ભલે એ પાપ ન કરવું એથી વ્રતગ્રહણનો આધ્યાત્મિક લાભ મનુષ્યને થતો નથી. કહ્યું છે કે—

**यः स्वदारेषु संतुष्टः परदारपराङ्मुखः ।**
**स गृही ब्रह्मचारित्वाद्यतिकल्पः प्रकल्पते ॥**

અર્થાત્—જે મનુષ્ય પોતાની વિવાહિત સ્ત્રીમાં સંતુષ્ટ થઇ પરસ્ત્રીથી વિમુખ રહે છે, તે ગૃહસ્થ છતાં પણ બ્રહ્મચારીપણાથી યતિ સમાન કહેવાય છે. આ ઉપરથી એટલું સમજવાનું છે કે અદઢ મનવાળાએ પણ સ્વદારસંતોષ વ્રત ગ્રહણ કરવામાં પશ્ચાત રહેવું જોઇએ નહિ.

**શંકા—**જે સ્ત્રી કે પુરૂષે પોતાની પહેલી બે અવસ્થામાં કદાપિ કુમાર્ગે ગમન કર્યું ન હોય, તે સ્ત્રી કે પુરૂષે આ ત્રીજી અવસ્થામાં એ વ્રત ગ્રહણ કરવું તેનો અર્થ શું એવો ન થાય કે તે વખત સુધી તેમણે યથેચ્છ છૂટ

ભોગવી હોવી જોઇએ અને હવે જ તેઓ વ્રતથી બંધાવા માગે છે? તેથી લોકોમાં શું તેમની અપકીર્તિ ન થાય?

**સમાધાન**—ના. જેણે કદિ અપવિત્ર આચરણ કર્યું જ નથી તેણે પણ વ્રત તો ગ્રહણ કરવું જ જોઇએ, કારણકે અવ્રતી તરીકેની અવસ્થામાં તેમણે ભલે પરપુરૂષગમન કે પરસ્ત્રીગમન કર્યું ન હોય, પરન્તુ તેમણે વાણી અને મનથી ઘણી વાર અબ્રહ્મચર્ય સેવ્યું હોય એ બનવાજોગ છે. વ્રત ગ્રહણ કરવાથી મન અને વાણીનો એ માર્ગ પણ બંધ થાય છે અને જ્યારે એ બેઉ માર્ગો બંધ થાય છે ત્યારે જ બ્રહ્મચર્ય વ્રતનો આધ્યાત્મિક લાભ—ઇંદ્રિયદમનનો પરમ લાભ મળે છે. કાયાથી અબ્રહ્મચર્ય નહિ સેવનાર એ વ્રત ગ્રહણ કરવાથી મન અને વાણી ઉપર પણ અંકુશ મૂકવાને તૈયાર થાય છે અને તેથી સમાજમાં તેના ભૂતકાળના જીવન માટે અપકીર્તિ થવાનો સંભવ નથી. ગ્રંથકાર કહે છે કે—**सम्पर्कोऽपि परस्त्रिया न कुधिया कार्यः सदाचारिणा** એટલે કે દુષ્ટ બુદ્ધિથી પરસ્ત્રીનો સ્પર્શ પણ સદાચારી મનુષ્યે ન કરવો જોઇએ; તેમાં કાયા ઉપરાંત મનને પણ સંયમમાં રાખવાનો જ હેતુ રહેલો છે.

**પુનઃ શંકા**—જે પુરૂષ એક કરતાં વધારે સ્ત્રીઓને પરણ્યો હોય તે પોતાની બધી સ્ત્રીઓને સ્વદારસંતોષ વ્રત ગ્રહણ કરવાથી ભોગવી શકે કે કેમ?

**સમાધાન**—ભોગવી શકે. दार શબ્દ સંસ્કૃત છે અને તે હમેશાં બહુવચનમાં જ વપરાય છે, એટલે એક કરતાં વધારે સ્ત્રીઓ પરણનાર રાજાઓ પણ સ્વદારસંતોષ વ્રત ગ્રહણ કરી શકે.

**પુનઃ શંકા**—કોઇ પુરૂષ પરસ્ત્રીને ગ્રહણ કરવાનું વ્રત લે, પરન્તુ વેશ્યા જેવી સામાન્ય સ્ત્રી કે જે પરસ્ત્રી—પારકી પત્ની નથી, તેને અમુક કાળ સુધી સ્વસ્ત્રી કરીને રાખે તો તેના સ્વદારસંતોષ વ્રતનું ખંડન થાય કે નહિ?

**સમાધાન**—અવશ્ય ખંડન થાય. એવી સ્ત્રી **दार** ન કહેવાય, કારણકે તે ધર્મપત્ની હોતી નથી—ધર્મવિધિપૂર્વક તેનું પાણિગ્રહણ કરવામાં આવેલું હોતું નથી. હાલના સમયમાં—અંગ્રેજ સરકારના રાજ્યમાં લગ્ન, તલાક,

વારસો ઇત્યાદિને લગતા ચિત્ર-વિચિત્ર કાયદા થયા છે અને તેમાંના કોઇ કાયદાની રૂએ એવી રખાતને કદાચ મૃત પતિનો વારસો મળે કિંવા એવી રખાતનો પુત્ર કોર્ટમાં લઢીને જનકની મીલકતમાંથી ભાગ પણ મેળવે, છતાં એવી ધર્મવિધિથી નહિ પરણેલી સ્ત્રી વેશ્યા તુલ્ય જ ગણાય છે. આવી આવી અનેક શંકાઓ કુતૂહલીઓને થયા કરતી હોવાથી શાસ્ત્રકારે આ વ્રતના પાંચ અતિચારો-દોષો પણ જણાવ્યા છે અને એ દોષો એ વ્રત ગ્રહણ કરનારે ત્યજવા આવશ્યક ઠરાવ્યા છે.

**इत्वरात्तागमोऽनात्तागतिः परविवाहनम् ।**
**मदनात्याग्रहोऽनंगक्रीडा च ब्रह्मणि स्मृता ॥**

અર્થાત્—થોડા કાળ માટે કોઇએ રાખેલી સ્ત્રીનો સમાગમ, કોઇએ નહિ ગ્રહણ કરેલી એવી સ્ત્રીનો ( પોતાની સાથે વેવીશાળ કર્યું હોય તેવી કુમારિકા અથવા વિવાહિત પણ અલ્પ વયની બાળાનો ) સમાગમ, પારકા વિવાહની ગોઠવણ, ભોગવિલાસમાં તીવ્ર અનુરાગ અને અનંગક્રીડા એ બ્રહ્મચર્ય વ્રતના પાંચ દોષો છે. માત્ર વ્રતમાં કરેલા વિધાનને શબ્દશઃ વળગી રહીને અનાચાર સેવવાની છૂટ વ્રત ધારણ કરનારને ન મળે અને ઉપર જણાવી તેવી શંકાઓને ઉપસ્થિત કરવાનું કારણ ન રહે તેટલા માટે આ દોષોનું કથન કરવામાં આવેલું છે. બ્રહ્મચર્ય વ્રત કિંવા સ્વદારસંતોષ વ્રતનો લાભ મનુષ્યને ત્યારે જ મળે કે જ્યારે તે આ દોષોથી દૂર રહે. થોડા કાળ માટે રાખેલી વેશ્યા કે અપરિગ્રહિત બાળા સાથેનો સમાગમ અહિતકર છે એ તો સ્પષ્ટ જ છે. શાસ્ત્રકાર જેમ તેની મનાઇ કરે છે તેમ સમાજ પણ તેની અપકીર્તિ કરે છે. અપરિગ્રહિત બાળા સાથેના સમાગમની તો રાજ્યનો કાયદો પણ મનાઇ કરે છે. પોતાના સંતાન સિવાય બીજાઓનાં બાળકોના વિવાહ ગોઠવી આપવા તે ગૃહસ્થાશ્રમમાં વ્યવહારને માટે કદાચ કોઇ આવશ્યક માનતું હોય, તોપણ વાનપ્રસ્થાવસ્થામાં તો એથી વિરક્ત થવું જ યુક્ત છે. પરસ્ત્રીના સેવનથી જેવા શારીરિક અને આત્મિક ગેરલાભો થાય છે તેવા જ ગેરલાભો અતિ સ્ત્રીસેવનથી અને વિષયક્રીડાથી થાય છે. 'ભાવપ્રકાશ' નામે વૈદકના ગ્રંથમાં કહ્યું છે કે—

शूलकासज्वरश्वासकार्श्यपांड्वामयक्षयाः ।
अतिव्यवायाज्जायन्ते रोगाश्चाक्षेपकादयः ॥

અર્થાત્—સ્ત્રીસેવન ઘણું કરવાથી શૂળ, કાસ, જ્વર, શ્વાસ, કૃશતા, પાંડુરોગ, ક્ષય અને આંચકી વગેરે વાતરોગ થાય છે. તેવી જ રીતે આસનાદિ વડે થતી અનંતક્રીડા પણ વિષયવૃત્તિને વધારનારી અને દેહ તેમજ આત્માનું અહિત કરનારી છે. જેણે જીવનમાં પરસ્ત્રીગમન કર્યું ન હોય છતાં વ્રત ધારણ કર્યું ન હોય તે આવા દોષો કરવાની છૂટ ભોગવવા તત્પર રહી શકે છે, પરન્તુ વ્રત ધારણ કર્યા પછી આ દોષો તેને ત્યજવા પડે છે, એટલે વ્રત ધારણ કરનાર અને વ્રત ધારણ ન કર્યા છતાં પોતાના મનથી પરસ્ત્રી ત્યજવાનો નિયમ કરનાર વચ્ચે ઘણું અંતર રહે છે. પૂર્વે આપવામાં આવેલી શંકાનું વિશેષ નીરસન એ રીતે થાય છે. (૧૩)

[ હવે પછી બે શ્લોકોમાં ગ્રંથકાર શીલવ્રતની આવશ્યકતા દર્શાવતાં તેનો મહિમા ગાય છે. ]

शीलव्रतस्यावश्यकता । १४ । १५ ॥

व्यर्थं मानवजीवनं सविभवं शीलं विना शोभनं ।
व्यर्था शीलगुणं विना निपुणता शास्त्रे कलायां तथा ॥
व्यर्थं साधुपदं च नायकपदं शीलं यदा खण्डितं ।
सेवाधर्मसमादरो न सुलभः शीलव्रतं चान्तरा ॥
पृथ्वी सत्पुरुषं विना न रुचिरा चन्द्रं विना शर्वरी ।
लक्ष्मीर्दानगुणं विना वनलता पुष्पं फलं वा विना ॥
आदित्येन विना दिनं सुखकरं पुत्रं विना सत्कुलं ।
धर्मो नैव तथा धृतः श्रुतधरैः शीलं विना शोभते ॥

## શીલવ્રતની આવશ્યકતા.

**ભાવાર્થ—**જીવનને શોભાવનાર શીલગુણ વિના વૈભવની સાથે મનુષ્યનું જીવન મળ્યું હોય પણ તે વ્યર્થ છે. શીલ–બ્રહ્મચર્યના ગુણ વિના શાસ્ત્રમાં અને કળામાં નિપુણતા મેળવી હોય તોપણ તે વ્યર્થ છે. જો શીલ ખંડિત કર્યું તો સાધુની પદવી કે નાયક પદવી મેળવી હોય તો તે પણ વ્યર્થ છે. શીલવ્રત ન હોય તો સેવાધર્મનો આદર જ થઇ શકે નહીં. જેમ સત્પુરૂષ વિના પૃથ્વી, ચન્દ્ર વિના રાત્રિ, દાનગુણ વિના લક્ષ્મી, ફૂલ અને ફળ વિના વનલતા, સૂર્ય વિના દિવસ, સુખકારી પુત્ર વિના કુલ–વંશ શોભતો નથી, તેમ શાસ્ત્રવેત્તાએ પણ ધારણ કરેલ ધર્મ શીલ વિના શોભતો નથી. (૧૪–૧૫)

**વિવેચન—**શીલવ્રત–બ્રહ્મચર્ય વ્રત નહિ ધારણ કરનારનું ચિત્ત લાલચને વશ રહેતું હોવાથી તેનામાં અનેક દોષોનો પ્રાદુર્ભાવ થાય છે, એ નિઃસંશય છે. શીલવ્રત એ અબ્રહ્મચર્યમાં નહિ પડેલાને માટે પણ આવશ્યક છે અને બંધ દ્વારની અર્ગલાની ગરજ સારે છે. એ વ્રત વિના અનેક ચતુર પુરૂષો પણ વિષયની અંધારી ખાડીમાં પડ્યા છે અને ખરાબ ખસ્ત થયા છે; અને તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

**विषयार्तमनुष्याणां दुःखावस्था दश स्मृताः ।**
**पापान्यपि बहून्यत्र सारं किं मूढ पश्यसि ॥**

અર્થાત્—વિષયપીડિત મનુષ્યની દશ દુઃખદ અવસ્થા થાય છે અને તેમાં અનંત પાપ રહેલું છે. આ દશ અવસ્થા કઈ? (૧) અમુક સ્ત્રીનો અભિલાષ, (૨) તે મળશે કે નહિ મળે તેની ચિંતા, (૩) તેનું પુનઃ પુનઃ રટણ, (૪) તેનું ગુણકીર્તન, (૫) ઉદ્વેગ, (૬) વિલાપ, (૭) ઉન્માદ, (૮) રોગોત્પત્તિ, (૯) જડતા, (૧૦) મૃત્યુ. જ્યારે વિષયવિકાર અનુક્રમે મનુષ્યની આવી દુર્દશા કરે છે, ત્યારે ગમે તેવો ચતુર પુરૂષ હોય, નાયક હોય, સાધુપુરૂષ હોય, કિંવા ગ્રંથકાર કહે છે તેમ **શ્રુતધર** હોય અર્થાત્ જેણે અનેક શાસ્ત્રગ્રંથો વાંચીને પુષ્કળ જ્ઞાનભંડાર પોતાના મગજરૂપી સંદૂકમાં ભરી

રાખ્યો હોય, તોપણ તે અવનતિની ખાડીમાં પડે તેમાં શું આશ્ચર્ય છે? એવા મનુષ્યની બુદ્ધિની કે જ્ઞાનની કશી કીંમત નથી, તો તેની ઈહિ લોકની પદવીની, તેના વૈભવવિલાસની, તેની કીર્તિની શી કિંમત હોઈ શકે? વિષયવિકારને વશ થએલા મોટા મોટા રાજાઓનાં રાજ્યો ભાંગીને ભૂકો થઈ ગયાં છે અને તેમના રાજમુકુટો ધૂળમાં રગદોળાયા છે. વિષયી વિદ્વાનોની વિદ્યા તૃણવત્ મનાઈ છે અને ઈહિલોકમાં તેમને સૂવાને સાથરો પણ મળ્યો નથી. વિષયી ધનવાનોના ધનને વિષતુલ્ય સમજી રંકજનો પણ તેની સમીપે ઢૂકતા નથી, અને વિષયી સાધુઓ કે ધર્માચાર્યો સાક્ષાત્ સ્વર્ગે જનારૂં વિમાન બતાવતા હોય તોપણ ડાહ્યા જનો તેનું મ્હોં જોવા ઈચ્છતા નથી. એક શીલવ્રત વિના મનુષ્યના સર્વે ગુણો અને વિશિષ્ટતાઓ તૃણવત્ મનાય છે. વિષયી મનુષ્યને ચાબખા મારતાં કવિ બ્રહ્માનંદે યોગ્ય જ કહ્યું છે કે—

**પનઘટ બેઠે પન ખોવતા હે, મુખ જોવતા હે પનિયારિયાંકા,**
**દીન રેન માયા બીચ ભૂલ ગયા, ખુશી ખ્યાલ કિયા નિત્ય ખ્વારિયાંકા;**
ચિત્ત ફાટ ગયા બદફેલ ચલે, બાર ઠેલતા હે ઘરબારિયાંકા,
બ્રહ્માનંદ કહે તોકું દુઃખ લગે, **પણ મુખ તો આગ** પેન્નરિયાંકા.

**દૃષ્ટાંત—સ**મુદ્રદત્ત નામનો એક વણિક પોતાની **શી**લવતી નામની સ્ત્રીને મૂકીને **સોમ**ભૂતિ નામના એક વિદ્વાન બ્રાહ્મણની સાથે પરદેશ ગયો. બ્રાહ્મણ પરદેશમાં થોડો વખત રહીને પાછો પોતાને નગર આવ્યો અને **સ**મુદ્રદત્તનો પોતાની સ્ત્રી ઉપરનો પત્ર લેતો આવ્યો. આ ખબર થતાં **શી**લવતી પોતાના પતિએ મોકલેલો સંદેશાનો પત્ર લેવા **સોમ**ભૂતિને ઘેર ગઇ; પણ **સોમ**ભૂતિની બુદ્ધિ **શી**લવતીની સુંદરતા જોઇને ચળી ગઇ અને તેની વિદ્વત્તા બળી ગઈ, એટલે તેણે પોતાની દુષ્ટ ઈચ્છા પૂરી કરવાની શરતે પત્ર આપવાની હા કહી. ચતુર **શી**લવતી વિચારીને બોલી કે 'પહેલે પહોરે તમારે મારે ત્યાં આવવું.' પછી તે નગરના સેનાપતિ પાસે ગઈ, અને તેને કહ્યું કે **સોમ**ભૂતિ મારા પતિનો સંદેશપત્ર લાવ્યો છે પણ મને આપતો નથી. સેનાપતિની બુદ્ધિ પણ બગડી અને તેણે પણ કહ્યું કે મારી ઈચ્છા પૂરી કરે તો **સોમ**ભૂતિ પાસેથી પત્ર અપાવું. તેને બીજે પહોરે

આવવાનું આમંત્રણ આપીને **શી**લવતી મંત્રી પાસે ગઈ. મંત્રીએ પણ એવી જ માંગણી કરી એટલે તેને ત્રીજે પહોરે આવવાનું કહી તે રાજા પાસે ગઇ. રાજાએ પણ એવી પ્રાર્થના કરી એટલે **શી**લવતી તેને ચોથે પહોરે આવવાનું કહી ઘેર આવી. તેણે પોતાની સાસુ સાથે સંકેત કર્યો કે તમારે મને ચોથે પહોરે બોલાવવી. પહેલે પહોરે બ્રાહ્મણ આવ્યો તેની સાથે સ્નાન પાનમાં જ પહેલો પ્રહર નિર્ગમન કર્યો, એટલામાં સેનાપતિ આવ્યો. તેનો શબ્દ સાંભળતાં જ બ્રાહ્મણ કંપવા લાગ્યો. **શી**લવતીએ તેને એક મોટી પેટીના ખાનામાં પૂર્યો. એ જ પ્રમાણે સેનાપતિ, મંત્રી અને રાજા અનુક્રમે આવ્યા અને **શી**લવતીએ તેમને પણ પેટીના જૂદા જૂદા ખાનામાં પૂર્યા. આ પ્રમાણે ચારેને પૂરીને સ્હવારે તે રૂદન કરવા લાગી, એટલે તેના કુટુંબીઓ એકઠા થયા. **શી**લવતીએ તેમને કહ્યું કે મારા સ્વામીનું મરણ થયું છે એવા મને ખબર મળ્યા છે. એ પ્રમાણે **સ**મુદ્રદત્ત અપુત્ર મરણ પામ્યાની ખબર જાણી કુટુંબીઓ અનુક્રમે સેનાપતિ, મંત્રી અને રાજા પાસે ગયા પણ તે કોઇ મળ્યા નહિ એટલે તે રાજકુમાર પાસે ગયા અને કહેવા લાગ્યા કે **સ**મુદ્રદત્ત શેઠ પરદેશમાં અપુત્ર મરણ પામ્યા છે માટે તેમની મીલકત આપ ગ્રહણ કરો. કુમાર **શી**લવતીને ઘેર આવ્યો અને **શી**લવતીએ તેને પેલી પેટી સોંપી દીધી. પેટીને રાજભુવનમાં લઈ જઇને ઉઘડાવી તો માંહેથી રાજા, મંત્રી, સેનાપતિ અને બ્રાહ્મણ નીકળ્યા ! રાજા એટલો શરમાયો કે તે રાજ્ય છોડીને વનવાસી થઈ રહ્યો. પછી કુમારે મંત્રી, સેનાપતિ અને બ્રાહ્મણને દંડ દેઈ દેશપાર કર્યા તથા **શી**લવતીની પ્રશંસા કરી. વ્રત નહિ ધારણ કરવાથી મોહ કે પ્રલોભનથી મનુષ્યની બુદ્ધિ બગડતાં વાર લાગતી નથી અને તે વખતે બ્રાહ્મણના જેવી વિદ્વત્તા, સેનાપતિના જેવું શૌર્ય, મંત્રીના જેવી દક્ષતા અને રાજાના જેવો અધિકાર એ કશું કામ લાગતું નથી : તેમજ અપકીર્તિ થયા પછી તે બધું કોડીની કીંમતનું લેખાય છે; તેથી એ વ્રત ધારણ નહિ કરનાર સેવાધર્મમાં પ્રવેશ પણ કરી શકે નહિ એમ કહેવાનો આ શ્લોકનો તેમ જ આ દૃષ્ટાંતનો હેતુ છે. (૧૪–૧૫)

**[ ઇંદ્રિયની પરવશતામાં કેવું દુઃખ રહેલું છે તેનો ખ્યાલ આપવા માટે નીચેનો શ્લોક નિર્માયલો છે. ]**

इन्द्रियपारवश्यदुःखम् । १६ ॥

**एकैकेन्द्रियपारवश्यनिहता मत्स्याः पतङ्गा मृगा।**
**दृश्यन्ते किल दुर्दशामुपगता भृङ्गाश्च हस्त्यादयः॥**
**ये पञ्चेन्द्रियकामभोगविवशा नक्तंदिवं लम्पटा-**
**स्तेषां स्यादिह का दशा परभवे स्थानं च लभ्यं किमु॥**

ઇન્દ્રિયના પરવશપણાનું દુઃખ.

**ભાવાર્થ**—માત્ર એકેક ઇન્દ્રિયની પરાધીનતાથી હણાયેલ મત્સ્ય, પતંગ, મૃગ, ભમરા અને હાથી આદિ પ્રાણીઓ દુર્દશામાં પડેલા જોવામાં આવે છે; ત્યારે જે મનુષ્યો પાંચે ઇન્દ્રિયના કામભોગને વશ થયેલ હોઇને રાત દિવસ વિષયલંપટ રહે છે તેમની આ ભવમાં શું દશા થશે અને પરભવમાં કેવું સ્થાન પ્રાપ્ત થશે ? (૧૬)

**વિવેચન**—જિહ્વાના સ્વાદને વશ થએલું માછલું ધીવરની જાળમાં ખાવા જાય છે એટલામાં તે તેમાં પકડાઇ પ્રાણ ખુએ છે. દીપકને તેજના અંબારરૂપ જોઇ આનંદ અનુભવતું પતંગીયું તેને મળવા દોડે છે અને તેમાં જ પડીને ભસ્મીભૂત થઇ જાય છે. મધુર વાદ્યસ્વર સાંભળીને મુગ્ધ થએલ કસ્તુરીમૃગ પારાધિની નજીક ને નજીક જઇ છેવટે તેના ફાંસામાં ફસી પડી જીવ ગુમાવે છે. મધ ચૂસવાનો લોભી ભ્રમર સ્વાદેંદ્રિયની પરવશતામાં ફસાઇ કમળમાં પડયો રહે છે અને સાંજ પડતાં કમળ બીડાય છે એટલે તેમાં કેદ પુરાઇ રહે છે અને આખી રાત કેદમાં રહ્યા પછી સ્હવારે કમળ ઉઘડે તે પહેલાં તો હાથી સરોવરમાં પાણી પીવા આવે છે ત્યારે તે કમળ ખાઇ જાય છે અને તે સાથે કેદ થએલો ભ્રમર પણ હાથીનો ખોરાક બને છે. પુનઃ હાથી પણ લીલું ઘાસ ખાવાના લોભથી શિકારીઓની ખાડમાં ફસી પડી મૃત્યુના મુખમાં હોમાય છેઃ આ બધાં નાનાં મોટાં પ્રાણીઓ કોઇ જીભના, કોઇ આંખના, કોઇ કાનના, કોઇ ત્વચાના ઇત્યાદિ એક એક ઇંદ્રિયના પરવશપણાને લીધે દુઃખી થાય છે; ત્યારે વિષયલંપટ

મનુષ્ય તો પાંચે ઇંદ્રિયની પરવશતાને અનુભવે છે. સ્ત્રીનું સૌંદર્ય જોઇને નેત્રની, સ્ત્રીના શબ્દો શ્રવણ કરીને તેના માધુર્ય પાછળ કાનની, તેના સ્પર્શસુખ—આલિંગનાદિથી ત્વચાની, તેના દેહમાંથી નીકળતા તથા તેના સુવાસિત કેશમાંથી નીકળતા અને મદાન્વિત કરે તેવા ગંધથી નાસિકાની અને તેના હસ્તથી ગ્રહણ કરેલા આસવ—તાંબુલાદિથી જિહ્વાની પરવશતાને અનુભવતા કામી જનો પોતાની સર્વ ઇંદ્રિયોની શક્તિઓને વિષયના અગ્નિમાં આહુતિ બનાવે છે એ સ્પષ્ટ જ છે. એવા જનોની ઇહલોકમાં અને પરલોકમાં દુર્દશા થાય તેમાં શું આશ્ચર્ય છે ?

**દૃષ્ટાંત**—ઇહલોકની દુર્દશા દાખવનારૂં **મુંજ**રાજાનું કથાનક અહીં ઉપયોગી થશે. **મુંજ માળ**વાનો રાજા હતો. **સર**સ્વતીનો પરમ સેવક હોઇ વિદ્વત્શિરોમણિ મનાતો હતો. તે એવો વીર હતો કે **કર્ણા**ટકના રાજા **તૈલપ**ને તેણે સોળ વાર હરાવ્યો હતો. તે એવો સ્વરૂપવાન હતો કે તેને લોકો 'પૃથિવીવલ્લભ' કહેતા ! તે ગીત—વાદ્યાદિ કળાઓમાં નિપુણ હતો. આવા ગુણો, આવો અધિકાર અને આવી વિદ્વત્તા છતાં તે વિલાસપ્રિય અને વિષયી હતો. **મુંજે** **તૈલ**પને સોળ વાર હરાવ્યા છતાં અભિમાનને ઘોડે ચડેલા **મુંજ**ને **તૈલ**પે સત્તરમી વારના યુદ્ધમાં હરાવ્યો અને કેદ પકડયો. **તૈલ**પે તેને એક એકાંત મકાનમાં કેદમાં રાખ્યો. 'પ્રબંધ ચિંતામણિ' માં જણાવ્યા પ્રમાણે **તૈલ**પની વિધવા બ્હેન **મૃ**ણાલવતી **મુંજ**ની તપાસ કરવાને તેના કેદખાનામાં અવારનવાર જતી. એવામાં બેઉ વચ્ચે પ્રેમ જોડાયો અને કેદખાનામાં રહ્યો રહ્યો પણ **મુંજ** વિષય ભોગવવા લાગ્યો. આ બાજુએ **મા**ળવાના મંત્રી **રૂ**દ્રદામે ગામ બહારથી **મુંજ**ના કેદખાના સુધી સુરંગ ખોદી અને **મુંજ**ને તે દ્વારા નાસી જવાની સગવડ કરી આપી. પરન્તુ કામદેવથી જે પરવશ થએલો છે એવા **મુંજે** **મૃ**ણાલવતીને સાથે લેવાને આ વાત તેને કહી અને **મૃ**ણાલવતીએ દગો કરી પોતાના ભાઇને **મુંજ**ના સંકેતની વાત કહી દીધી; તેથી નાસી જતાં **મુંજ** પકડાયો. તેને બંદીને વેશે આખા ગામમાં ફેરવી શૂળીએ ચડાવી મારી નાંખવામાં આવ્યો. પરન્તુ વિધિની ગતિ કેવી અકલિત છે ? ઇહલોકમાંથી તેનો નાશ થયો તોપણ તેની દુર્દશા તો ચાલુ જ રહી ! એવી વાર્તા છે કે

**મુંજને** શૂળીએ ચડાવ્યા પછી તેનું મુડદું કાગડા–કૂતરા ખાઇ ગયા અને હાડકાં રઝળતાં પડ્યાં. એક વાર એક વણિક લાંબા પ્રવાસેથી આવતાં એ બાજુએથી નીકળ્યો અને તેણે **મુંજની** ખોપરી જોઇ. એ ખોપરી પર 'શું વીતી શું વીતશે?' એવી રેષાઓ તેણે જોઇ. વણિકને વિચાર થયો કે રાજા **મુંજ** ઉપર ઘણું વીત્યું અને છેવટે તે મૂઓ તથા તેની ખોપરી રઝળતી થઇ, છતાં હજી વીતવાનું શું બાકી રહ્યું હશે? આથી તેણે કુતૂહલની ખાતર એ ખોપરી ઉંચકી લીધી અને પોતાના ઘરમાં એક પેટીમાં તે મૂકી. વણિક રોજ ત્રણ ચાર વાર પેટી ઉઘાડીને ખોપરી જોતો, એવા હેતુથી કે–વળી તેના પર કાંઇ નવું વીતક વીત્યું છે? વણિકની સ્ત્રી આશ્ચર્યથી વિચારતી કે પોતાનો સ્વામી પરદેશથી એવું શું કમાઇને લાવ્યો છે કે જેનાં રોજ ત્રણ–ચાર વાર દર્શન કરે છે અને મારાથી ગુપ્ત રાખે છે? એક વાર સ્વામીને બહાર ગએલો જોઇને સ્ત્રીએ પેટી ઉઘાડી અને ખોપરી જોઇ. હાડકા જેવી અપવિત્ર વસ્તુને આ રીતે રાખી તેનાં દર્શન કરવાની સ્વામીની ટેવ ઉપર ગુસ્સે થએલી સ્ત્રીએ એ ખોપરી તેમાંથી કાઢી લીધી અને ખાંડીને તેનો બારીક ભૂકો કર્યો. પછી તેને દૂધમાં ઉકાળીને તેની બાસુદી બનાવી પોતાના સ્વામીના ભોજનસમયે તે પીરસી. વણિક સ્વાદે સ્વાદે તે ખાઇ ગયો. ખાઇ રહ્યા પછી તેણે પેટી ઉઘાડી અને જોયું તો ખોપરી ન મળે! તેણે સ્ત્રીને તે સંબંધે પૂછ્યું કે 'પેલી ખોપરી ક્યાં ગઇ?' સ્ત્રીએ જવાબ આપ્યો કે 'તમારી પાસે જ છે.' વણિક સમજ્યો નહિ એટલે પુનઃ પૂછતાં સ્ત્રીએ પોતાના ગુસ્સાની અને પોતે બનાવેલી બાસુદીની વાત કહી તથા જણાવ્યું કે બાસુદી તમે ખાધી છે માટે ખોપરી તમારી પાસે છે એમ હું કહું છું. આ સાંભળતાં જ વણિકને સૂગ ઉત્પન્ન થઈ અને તેને જોરથી ઉલટી થતાં બાસુદી મુખવાટે બહાર નીકળી ગઇ!! અહો વિષયવિલાસી **મુંજ**! તું શત્રુને હાથે કેદ પકડાયો, કેદમાં પુરાયો ત્યાં વિલાસમાં ડૂબી બંદીને વેશે ભીખ માંગતો ઘેર ઘેર રખડ્યો, શૂળીએ ચડ્યો, અને તારાં હાડકાંનો ભૂકો થઇ, તે પણ વણિકના પેટમાંથી ઉછળીને બહાર નીકળી પડ્યો!! આથી વધારે મોટી ઇહલોકની દુર્દશા બીજી કઇ હોઇ શકે? (૧૬)

[હવે પછીના બે શ્લોકમાં ગ્રંથકાર શીલવ્રત પાળવાનો બાહ્યોપચાર દર્શાવે છે.]

ब्रह्मचर्यव्रतपालनमर्यादा । १७ । १८ ॥

नैव क्वापि दृशाऽन्ययोषितमहो पश्येदयोग्येच्छया ।
दृष्टा चेद्भगिनीयमस्ति जननीत्येवं द्रुतं भाव्यताम् ॥
नो हास्यं सममेतया न च कदाऽप्येकान्तसंभाषणं ।
न क्रीडा न सहासनं न चलनं कार्यं व्रतारोहणे ॥
सेव्यं मादकवस्तु नो रसभृतं भोज्यं न वा नित्यशो-
दध्यान्मोहकवस्त्रभूषणभरं नो वाङ्गशुश्रूषणम् ॥
कुर्यादिन्द्रियनिग्रहार्थमुचितं पर्वानुसारं तपो ।
यद्यत् किं बहुनाऽस्य शुद्धिजनकं तत्तद्विधेयं पुनः ॥

**બ્રહ્મચર્ય વ્રત પાળવાની મર્યાદા.**

**ભાવાર્થ—**જેને બ્રહ્મચર્ય વ્રત પાળવું હોય તેણે કોઇ પણ સ્થળે અયોગ્ય ઇચ્છાથી પરસ્ત્રી તરફ નજર ન કરવી જોઇએ. કદાચ નજર ગઇ તો 'આ મારી માતા છે કે બ્હેન છે' એમ ભાવના કરવી જોઇએ. વળી પરસ્ત્રી સાથે હાસ્ય–મશ્કરી ન કરવી, એકાંત સંભાષણ ન કરવું, ગમત ક્રીડા ન કરવી, એક આસને તેની સાથે બેસવું નહિ, તેમજ માર્ગમાં તેની સાથે એકલા ચાલવું નહિ, માદક વસ્તુનું સેવન ન કરવું, દરરોજ સરસ સરસ ભોજન ન કરવું, મોહક વસ્ત્રો અને મોહક આભૂષણો ધારણ ન કરવાં, શરીરની વિભૂષા ન કરવી, ઇંદ્રિયોના નિગ્રહને માટે પર્વને દિવસે યોગ્ય તપ કરવું; વધારે શું કહેવું! જે જે કારણથી શીલવ્રત બરાબર પળે તે તે દરેક અનુ-ષ્ઠાન કરવું જોઇએ. (૧૭–૧૮)

**વિવેચન—**એક સ્થળે બ્રહ્મચારીની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે ब्रह्मचारी स विज्ञेयो न पुनर्बद्धघोटकः ॥ અર્થાત્—સાંકળથી બાંધેલા

ઘોડાની પેઠે જે બ્રહ્મચર્ય પાળે છે તે બ્રહ્મચારી કહેવાતો નથી, પરંતુ જે ઇચ્છાપૂર્વક બ્રહ્મચર્ય પાળે છે તે જ બ્રહ્મચારી કહેવાય છે. આ ઉક્તિ સત્ય છે, પરન્તુ જેઓ માનસિક શક્તિમાં દુર્બળતા ધરાવતા હોય તેઓના ભાવ આસપાસના વાતાવરણથી વિપરીત બની જતાં વાર લાગતી નથી અને તેટલા માટે કૃત્રિમ પણ નિર્દોષ ઉપાયો દ્વારા બ્રહ્મચર્ય જાળવી રાખવું એ કોઈ પણ રીતે અયુકત નથી. એક વેશ્યાના ગૃહસમીપે વસીને ચાતુર્માસ ગાળી બ્રહ્મચર્ય પાળવું એ માનસિક શક્તિની પરમાવધિ છે એ ખરૂં છે, પરન્તુ સ્વામીનારાયણ સંપ્રદાયના આદિપુરૂષે ફરમાવ્યું છે કે સ્ત્રી જાતિ ભણી દૃષ્ટિ કરતાં મોહ ઉત્પન્ન થવાનો સંભવ હોવાથી તેની ભણી દૃષ્ટિપાત જ ન કરવો અને એ રીતે માનસિક, વાચિક અને કાયિક બ્રહ્મચર્ય પાળવું, એ ઉતરતી પંક્તિની માનસિક શક્તિથી પણ પળાએલું શુદ્ધ બ્રહ્મચર્ય છે એ નિઃસંશય છે. એ સંપ્રદાયની શિક્ષાપત્રીમાં કહ્યું છે કે—

**नैष्ठिकव्रतवंतो ये वर्णिनोमदुपाश्रयाः ।**
**तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ॥**

અર્થાત્—નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સાથે બોલવું નહિ અને જાણી જોઇને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ.

**तासां वार्त्ता न कर्त्तव्या न श्रव्याश्च कदाचन ।**
**तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥**

અર્થાત્—તે સ્ત્રીઓની વાર્તા કયારે પણ કરવી નહિ તથા સાંભળવી નહિ અને જે સ્થાનકમા સ્ત્રીઓ આવજા કરતી હોય તે સ્થાનકમાં સ્નાનાદિક ક્રિયા કરવા જવું નહિ.

**न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितो शुकम् ।**
**न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥**

અર્થાત્—તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારણ કરેલું વસ્ત્ર તેને અડકવું નહિ ને મૈથુનાસક્ત પશુ—પક્ષી આદિને જાણીને જોવાં નહિ.

આ હેતુપૂર્વક ગ્રંથકારે બ્રહ્મચર્ય વ્રત પાળવાના કેટલાક બાહ્યોપચાર દર્શાવેલા છે, જેવા કે વિષયી દૃષ્ટિથી પરસ્ત્રી તરફ જોવું નહિ, પરસ્ત્રી સાથે હાસ્ય-વિનોદ કરવો નહિ, કામને ઉદ્દીપ્ત કરે તેવા માદક પદાર્થોનું સેવન કરવું નહિ, એકાંતમાં પરસ્ત્રી સાથે સંભાષણ કરવું નહિ, રમત-ગમત કરવી નહિ, પરસ્ત્રી સાથે એક આસને બેસવું નહિ કે માર્ગમાં સાથે સાથે ચાલવું નહિ, શરીર પર મોહક આભૂષણો ધારણ કરવાં નહિ, ઇંદ્રિયના દમન અર્થે યોગ્ય તપશ્ચર્યા કરવી, રોજ સરસ ભોજનો કરી ઇંદ્રિયોને બ્હેકાવવી નહિ, ઇત્યાદિ. આવા બાહ્યોપચાર પાળનારની સ્થિતિ કાંઇ બાંધેલા ઘોડાના જેવી હોતી નથી એ સમજી શકાય તેમ છે. બાંધેલો ઘોડો તો પારકાને વશ છે, પરન્તુ એવા બાહ્યોપચારથી બ્રહ્મચર્ય પાળનાર પોતાના વ્રત કે પ્રતિજ્ઞાને વશ હોય છે અને વ્રત કે પ્રતિજ્ઞા તેના મનોનિશ્ચયના જ ફળરૂપ હોઇ વસ્તુતઃ તેનું બ્રહ્મચર્ય સ્વવશતાને લીધે જ જન્મેલું ગણાય છે, ઘોડાના જેવી પરવશતાને લીધે નહિ. આ શ્લોકોમાં વાનપ્રસ્થ થવા ઇચ્છિતા પુરૂષને પરસ્ત્રી સાથેના વર્તનના સંબંધમાં જે બાહ્યોપચારો સૂચવવામાં આવ્યા છે, તેના જેવા બાહ્યોપચારો એક સંસારત્યાગી મુનિને સર્વ સ્ત્રીઓના સંબંધમાં ઉત્તરાધ્યયન સૂત્રમાં સૂચવવામાં આવેલા છેઃ-**इह खलु थेरेहिं भगवंतेहिं दस बंभचेर समाहिठाणा पन्नत्ता । जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्तेगुत्तिंदिए गुत्तबंभचारी सया** अप्पमत्ते विहरेज्जा ॥ અર્થાત્-જૈન ધર્મમાં શ્રી સ્થવિર ભગવાને બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાન પ્રરૂપ્યાં છે, જેનું શ્રવણ કરવાથી અને સમજવાથી સાધુ સંયમ અને સંવરને વિષે સુદૃઢ રહી શકે છે, પોતાનું ચિત્ત સ્થિર રાખી શકે છે, ત્રણ ગુપ્તિએ સુરક્ષિત રહી શકે છે, પાંચે ઇન્દ્રિયોને કાબૂમાં રાખી શકે છે, બ્રહ્મચર્ય પાળી શકે છે અને સદાસર્વદા અપ્રમત્ત વિચરી શકે છે. આ દશ સમાધિસ્થાન નીચે મુજબ જણાવેલાં છે. (૧) શયન-આસનને માટે સ્ત્રી, પશુ તથા નપુંસકથી વ્યાપ્ત સ્થાનનો ઉપયોગ કરવો નહિ, (૨) સ્ત્રી વિષેની શૃંગારી વાતચીત કરવી નહિ, (૩) સ્ત્રીની સાથે

એક જ આસને બેસવું નહિ, (૪) સ્ત્રીના સૌંદર્ય તરફ નજર કરવી નહિ કે સૌંદર્યનું ચિંતન કરવું નહિ, (૫) પડદાને અથવા દિવાલને આંતરે રહીને સ્ત્રીનાં કલહ, રૂદન, ગીત, હાસ્ય, વિલાપ આદિ શબ્દ સાંભળવા નહિ, (૬) પોતાના ગૃહસ્થાશ્રમમાં પૂર્વે સ્ત્રી સંગાથે જે ભોગ ભોગવ્યા હોય તે સંભારવા નહિ, (૭) ઘીથી લચપચતો આહાર કરવો નહિ, (૮) અતિ ખાનપાન સેવવું નહિ, (૯) પોતાના શરીરને વિભૂષિત કરવું નહિ અને (૧૦) શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શની દરકાર કરવી નહિ. આ દશ સમાધિસ્થાનો એવાં છે કે જે જૈન ધર્મનો કિંવા અન્ય કોઈ ધર્મનો સાધુ મુનિ યથાસ્થિત પાળે, તો તેના બ્રહ્મચર્ય વ્રતને ખંડિત થવાનો સમય આવવા પામે જ નહિ. સાધુઓને માટે ઉપયોગી એવાં ક્લિષ્ટ બંધનો આ ગ્રંથકારે વાનપ્રસ્થ થવા ઈચ્છનારા સેવાધર્મીઓને માટે નહિ યોજતાં તેઓ પાળી શકે તેવા ઉપચારોનું જ દર્શન કરાવવાનો વિવેક દર્શાવ્યો છે. (૧૭–૧૮).

[ હવે પરિગ્રહની મર્યાદા બાંધવા માટેના પાંચમા વ્રત વિષે કહેવામાં આવે છે. ]

**परिग्रहमर्यादाव्रतम् । १९ ॥**

# वस्तूनां धनधान्यभूमिनिलयादीनां जगद्वर्तिनां।
# मर्यादाकरणं मतं व्रतमिदं तृष्णाजये पञ्चमम् ॥
# निर्वाहाय कुटुम्बिनां सुखतया यावन्मितावश्यकं।
# तस्माच्चाधिकसंचये किमु फलं व्यर्थं ह्युपाधिर्भवेत् ॥

**પરિગ્રહપરિમાણ વ્રત.**

**ભાવાર્થ**–ધન, ધાન્ય, જમીન, ઘર, પશુ, નોકરચાકર વગેરે અનેક વસ્તુઓ જગતમાં વિદ્યમાન છે; તેની મર્યાદા કરવી–હદ બાંધવી તે પાંચમું પરિગ્રહ પરિમાણ વ્રત કહેવાય છે. તૃષ્ણાને જીતવામાં આ વ્રત ઉપયોગી થઈ પડે છે. અલબત્ત, કુટુંબી ગૃહસ્થને અમુક આવશ્યકતા રહે છે, તેથી કુટુંબનો સુખે સુખે નિર્વાહ થાય તેના માટે જેટલી જરૂરીઆત હોય તેટલું

મેળવવું કે તેટલી છૂટ રાખવી તે ઠીક, પણ તેથી વધારે સંચય કરવાનું શું ફળ છે? તે તો ફોકટની ઉપાધિ જ ગણાય. (૧૯)

**વિવેચન**–**तृष्णां छिन्धि भज क्षमां जहि मदम्** ઇત્યાદિ બોધવચનોમાં ઉપદેશનો ભંડાર ભરેલો છે, પરન્તુ તે ઉપદેશને અનુસરવાના માર્ગો પણ હોય છે. તૃષ્ણાને કાપી નાંખ, ક્ષમા ધારણ કર, મદનો ત્યાગ કર, એવા ઉપદેશો સામાન્ય મનુષ્યોને માર્ગદર્શક થતા નથી, અને તેટલા માટે ધર્માચાર્યોએ તેના ક્રમાનુગત માર્ગો નક્કી કર્યા છે. તૃષ્ણાને કાપી નાંખવા માટે પરિગ્રહની મર્યાદાનું વ્રત ઉપયોગી છે. પરિગ્રહ પાંચ પ્રકારનો છે. ધનધાન્ય, સામાન્ય ધાતુનાં વાસણો વગેરે, પશુઓ, જમીન તથા ખેતરો તથા ઘરો વગેરે અને સોનુંરૂપું તથા જવાહીર: આ વસ્તુઓને પરિગ્રહ રૂપે ઓળખાવી છે તેનું કારણ એ છે કે સંસારમાં એ વસ્તુઓ માયાસ્વરૂપે લલચાવનારી છે અને જેમ જેમ તે માયાને વધારે સેવવામાં આવે છે, તેમ તેમ મનુષ્ય તેમાં વધારે ને વધારે બંધાતો જાય છે. પ્રવૃત્તિને અંતે મનુષ્યે નિવૃત્ત જીવન ગાળવું જોઇએ, પરન્તુ આ પરિગ્રહ એવા પ્રકારનો છે કે તેથી મનુષ્યને નિવૃત્તિ ગમતી નથી અને અંતસુધી તે સંસારના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ તથા મત્સર રૂપ ષડ્રિપુમાં સંડોવાએલો જ રહે છે. આ પાંચમું વ્રત આ બધાંનો એકીસાથે ત્યાગ કરી દેવાનું ફરમાવતું નથી, પરન્તુ એ પ્રત્યેક વસ્તુની મર્યાદા બાંધવાનું કહે છે. આવી મર્યાદા બાંધી દેવાથી એક લોભી મનુષ્યની લોભવૃત્તિની પણ હદ બંધાઇ જાય છે અને તેથી તેની તૃષ્ણા આગળ વધવાને બદલે તેને સંતોષનો આધ્યાત્મિક અનુભવ થવા લાગે છે. કેટલાકોની તૃષ્ણા એવી વિલક્ષણ હોય છે કે પોતાના જીવનનો સ્વલ્પ કાળ શેષ રહે, તોપણ એ સ્વલ્પ કાળમાંએ પોતાને કોટ્યાધિપતિનું કે રાજાનું પદ એકાએક પ્રાપ્ત થઇ જવાની આશા રહ્યા કરે છે અને તેથી તેઓ માને છે કે પોતે એ પદની પ્રાપ્તિ કર્યા પછી જ પરિગ્રહની મર્યાદા બાંધશે; પરન્તુ કાળનો કાંઇ ભરોસો હોતો નથી. તેઓ નથી એ પદ પ્રાપ્ત કરી શકતા કે નથી વ્રતવડે પરિગ્રહની મર્યાદા બાંધી તૃષ્ણાનો નિરોધ કરતા અને તૃષ્ણાવડે ઘેરાએલા જ મરણને શરણ થાય છે.

તેટલા માટે જ કહ્યું છે કે, આવતી કાલનું કામ આજે અને મધ્યાહ્‌ને કરવાનું હોય તે સવારે કરવું, કારણકે મૃત્યુ એવી રાહ જોતું નથી કે એણે કર્યું છે કે નથી કર્યું. આવા લોભી મનુષ્યોએ સમજવું જોઇએ કે પોતાના કુટુંબનિર્વાહ વગેરેને માટે જેટલું દ્રવ્ય, જમીન, ઘરવખરી વગેરે જોઇએ તેનું માપ કાઢી, તેની મર્યાદા બાંધી દીધી હોય અને ત્યારપછી કદાપિ વિશેષ દ્રવ્ય મળે તો તે દ્રવ્યનો સુમાર્ગે વ્યય કરવાથી જ પુણ્યોપાર્જન થાય અને મનુષ્યજાતિની સેવા થઇ શકે. લોભી વૃત્તિના મનુષ્યોથી વ્રતના બંધન વિના પરોપકાર થઇ શકતો નથી, તેથી પોતાની ચિત્તવૃત્તિના દોષને સમજનારા ડાહ્યા માણસોએ કાંઇ સત્કાર્ય કરવાનો યોગ મળે તેવા હેતુથી પણ પરિગ્રહની મર્યાદા બાંધવી યુક્ત છે.

**દૃષ્ટાંત**–કાંકરેજની નજીકના ગામમાં **પેથડ** નામનો એક ઓશવાળ વણીક રહેતો હતો. તે બહુ દરિદ્ર હતો. તેણે **ધર્મઘોષ** નામના ધર્માચાર્ય પાસે પરિગ્રહની મર્યાદા બાંધી અને પાંચ લાખ રૂપિયા સુધીની છૂટ રાખી. આ જોઇને ધનિકો હસવા લાગ્યા કે જેને ખાવા અન્ન મળતું નથી તે પાંચ લાખ રૂપિયા વડે પોતાના ધનની મર્યાદા બાંધે છે! કાળક્રમે **પેથડ** પોતાના ગામમાં બહુ દુઃખી થવા લાગ્યો એટલે તે **મા**ળવા તરફ ચાલ્યો. ઉજ્જયિની નગરીમાં તે રાજ્યના મંત્રીને ઘેર સેવક થઈને રહ્યો. એક વાર રાજાએ ઘણા ઘોડા વેચાતા રાખ્યા અને મંત્રીને તેનાં નાણાં ચૂકવી આપવા કહ્યું. મંત્રી કહે કે મારી પાસે નાણાં નથી. રાજાએ તેને કેદમાં બેસાડયો, એટલે **પેથડે** મંત્રીના માણસો પાસે કાચા હિસાબ ઉપરથી તુરત પાકો હિસાબ તૈયાર કરાવીને રાજાની પાસે રજુ કર્યો. આથી રાજા ખુશ થયો અને તેણે **પેથડ**ની ચતુરાઈ પરથી તેને મંત્રી બનાવ્યો. **પેથડ**ને એ પદે લાખો રૂપિયા મળ્યા પરન્તુ તેણે પાંચ લાખ રૂપિયાથી વધારે દ્રવ્ય પોતાની પાસે રાખ્યું નહિ અને લાખો રૂપિયા તેણે ધર્મસ્થાનકો, જાહેર ઉપયોગનાં સ્થળો અને બીજાં સારાં કર્મોમાં ખર્ચ્યાં. (૧૯)

**[ તૃષ્ણા કેવી અપરિમીત છે તેનું દર્શન નિમ્ન શ્લોકમાં ગ્રંથકાર કરાવે છે. ]**

तृष्णानिरोधः । २० ॥

**नो सौख्येन विना परार्थकरणे वृत्तिर्दृढा जायते ।**
**सन्तोषेण विना सुखं न लभते राजा धनाढ्योऽथवा ॥**
**सन्तोषो न धनेन संभवति यल्लाभे च लोभोदय-**
**स्तत्तृष्णामवरुध्य पञ्चममिदं शीघ्रं गृहाण व्रतम् ॥**

## તૃષ્ણાનો નિરોધ.

**ભાવાર્થ**–જ્યાંસુધી પોતાને સુખ ન હોય ત્યાંસુધી પરોપકાર કરવાની દૃઢ વૃત્તિ થતી નથી. રાજા હોય કે ધનાઢ્ય હોય પણ જ્યાંસુધી સંતોષ ન ઉત્પન્ન થાય ત્યાંસુધી સુખ મળતું નથી. પૈસાની પ્રાપ્તિ થાય તેથી કંઇ સંતોષ થઇ જતો નથી, કેમકે જેમ જેમ લાભ મળે તેમ તેમ લોભ વધતો જાય; માટે સંતોષ અને સુખ મેળવવાનો એ જ માર્ગ છે કે તૃષ્ણાને રોકીને ઉપર જણાવેલ પાંચમું વ્રત જલ્દી સ્વીકારવું. (૨૦)

**વિવેચન**–તૃષ્ણાનો નિરોધ એ જ સંતોષપ્રાપ્તિનો દરવાજો છે અને સંતોષપ્રાપ્તિના મંદિરમાં પ્રવેશ કર્યા પછી જ પરાર્થસાધના કરવાની તત્પરતા મનુષ્યમાં આવે છે; કાઉપર કહે છે તેમ–

It is content of heart
Gives Nature power to please;
The mind that feels no smart
Enlivens all it sees.

અર્થાત્–જે હૃદય સંતુષ્ટ છે તે પ્રકૃતિમાં આનંદ જુએ છે અને જે મન ચંચલતા કે અસંતુષ્ટતાથી રહિત છે તેને જ્યાં ત્યાં આનંદનો પ્રકાશ જ દેખાય છે. આ આનંદનો પ્રકાશ તૃષ્ણાખોર મનુષ્યને તો જીવનમાં કદાપિ દેખાતો નથી, કારણકે તેની તૃષ્ણાનો અંત જ હોતો નથી અને સંતોષ તો તેને સ્વપ્નમાં પણ મળતો નથી. કેટલાક માને છે કે જેમ વધારે ધન મળે

તેમ સદુપયોગમાં ધન વધારે વાપરવાની સગવડ મળે, પરન્તુ એ માન્યતા ભૂલભરેલી છે. સો રૂપિયાની મૂડીવાળો માણસ જો સંતોષી હોય તો તે તેમાંથી પાંચ રૂપિયા પણ પરાર્થમાં-પરોપકારમાં વાપરી શકે છે, પરન્તુ નવ્વાણું હજારની મૂડીવાળાને એક હજાર વધારે એકઠા કરી એક લાખ પૂરા કરવાનો લોભ થાય છે, લાખ થયા પછી દશ લાખની ઈચ્છા થાય છે, દશ લાખ થયા પછી કોટયાધિપતિ, અબ્જાધિપતિ અને છેવટે અમેરિકાના કાર્નેજી થવાની લોલુપતા થાય છે! તૃષ્ણાનો પાર જ હોતો નથી એ ખરૂં છે. સ્વામી બ્રહ્માનંદ કહે છેઃ-

એક મીલે દશ વીશકું ઈચ્છત, વીશ મીલે શત સહસ્ર ચહે હે,
સહસ્ર મીલે લખ કોટી અરબ લું, ભોમિ સબે કબ રાજ હિ પૈ હે;
સોપિ મિલે સુરલોક વિધિ લગી, પૂરનતા મનમેં નહિ લૈ હે;
એક સંતોષ વિના બ્રહ્માનન્દ, તેરી ક્ષુધા કબહુ નહિ જૈ હે.
મોતિન પુંજ કીયે અતિ સંગ્રહ, કંચન કે સુખવાસ હવેલી;
કોષ ભરે ધન જોર અસંખિત, શેષ રહી સો પ્રથીમેં હિ મેલી;
ક્યું તૃષ્ણા કરીકે ક્રમ બાંધત, નાંહિ ચલે દમરી એક ભેલી;
બ્રહ્મમુનિ કહે ક્યું વિલલાત હે, તું શઠ શેર અનાજ કો બેલી.

માટે પરોપકાર કરવાની ઇચ્છાવાળાએ અને પોતાનું અંતિમ જીવન સુખ-સંતોષમાં જાય તથા ચિત્તની નિવૃત્તિનો આધ્યાત્મિક લાભ મળે એવી કામનાવાળા મનુષ્યે પોતાના સર્વ સંયોગો વિચારીને અનેક પ્રકારના પરિગ્રહોની મર્યાદા બાંધવી ઉચિત છે. રાજર્ષિ ભર્તૃહરિ તૃષ્ણા સંબંધે યથોચિત જ કહે છે કેઃ—

**उत्खातं निधिशंकया क्षितितलं ध्याता गिरेर्धातवो ।**
**निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन संतोषिताः ॥**
**मन्त्राराधनतत्परेण मनसा नीताः श्मशाने निशाः ।**
**प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुञ्च माम् ॥**

અર્થાત્-પૈસાની તૃષ્ણાએ પૃથ્વીને ખોદી, પર્વતોની ધાતુઓને ગાળી, નદીઓના પતિ સમુદ્રને ખેડ્યો, મહાશ્રમે રાજાઓને સંતોષ્યા, અને મંત્ર

સાધવાને માટે શ્મશાનમાં રાત્રિઓ કાઢી, તોપણ ફૂટી બદામ મળી નહિ; માટે હે તૃષ્ણા! હવે તો તું મને છોડ. (૨૦)

[ **સંયમ-સંગ્રહ** કરવાની વસ્તુઓની અર્થાત્ પરિગ્રહની મર્યાદા વિષે કહ્યા **પછી દિશાઓની અને ભોગ્ય વસ્તુઓની મર્યાદા બાંધવા રૂપી છઠ્ઠા અને સાતમા** વ્રત વિષે હવે કહેવામાં આવે છે. ]

**दिङ्मानभोगोपभोगमानव्रते । २१ ॥**

**दिङ्मानेन भवेद् व्रतं सुखकरं षष्ठं तथा सप्तमं ।**
**भोगाङ्गांशुकभूषणाशनजलौषध्यादिमाने भवेत् ।**
**यद्वाणिज्यमपारपापजनकं चाङ्गारकर्मादिकं ।**
**कर्मादानतया मतं तदखिलं हातव्यमस्मिन् व्रते ॥**

**દિશાઓ અને ભોગ્ય વસ્તુની મર્યાદા બાંધવાનાં વ્રતો.**

**ભાવાર્થ**—પૂર્વ પશ્ચિમ આદિ દિશાઓનું માન કરવાથી સુખ આપનાર એવું છઠ્ઠું વ્રત નિષ્પન્ન થાય અને ભોગનાં સાધન વસ્ત્ર—આભૂષણ ખાન પાન ઔષધિ આદિની મર્યાદા કરવાથી સાતમું વ્રત નીપજે. લાકડાં બાળી કોલસા કરવા, વન કપાવવાં ઈત્યાદિ અત્યંત પાપજનક, કર્માદાન રૂપે ગણાતા જે પંદર પ્રકારના વ્યાપાર તેનો ત્યાગ પણ સાતમા વ્રતમાં કરવામાં આવે છે. (૨૧)

**વિવેચન**—દિશાઓ દશ છે: ચાર દિશાઓ, ચાર ઉપદિશાઓ, આકાશ અને પાતાળ. આ દશે દિશાઓમાં ગમનાગમન કરવાની અને એ દિશાઓમાંથી જૂદી જૂદી ભોગ્ય વસ્તુઓ મંગાવવાની મર્યાદા કરવી તે આ વ્રતનો હેતુ છે. એ જ રીતે ખાદ્ય—પેય, ભોગ્ય ઈત્યાદિ વસ્તુઓની મર્યાદા બાંધવી એ સાતમા ભોગોપભોગ વ્રતનો હેતુ છે. આ બેઉ વ્રતો આદરનાર એક પ્રકારની તપશ્ચર્યામાં જ પ્રવેશ કરે છે તેમ કહી શકાય. તેથી ગમના-ગમનની વૃત્તિનો અને ભોગ્ય વસ્તુઓનો ઉપભોગ કરવાની લાલસાનો અવશ્ય નિરોધ થાય છે. ગમનાગમનની પ્રવૃત્તિ જેમ વધારે વિશાળ થાય છે, તેમ

જૂદા જૂદા પ્રકારનાં પાપો વધારે થાય છે; અને જેમ જેમ ભોગ્ય વસ્તુઓ વધારે ભોગવાતી રહે છે, તેમ ઈંદ્રિયો વધારે બહેકતી જાય છે; અને ત્રીજી અવસ્થાને માટે આ કર્તવ્યો ઉપદેશવામાં આવ્યાં છે, એટલે એ અવસ્થામાં આવેલા મનુષ્યે તો આવી મર્યાદા બાંધવી તેજ ઉચિત છે. કહ્યું છે કે—

**जगदाक्रमप्रमाणस्य प्रसरल्लोभवारिधेः ।**
**स्खलनं विदधे तेन येन दिग्विरतिः कृता ॥**

અર્થાત્—જે મનુષ્ય આ દિગ્વિરતિરૂપ વ્રત ગ્રહણ કરે છે, તે આ જગતનું આક્રમણ કરનાર લોભરૂપી મહાસમુદ્રની સ્ખલના કરે છે. આ કથન સત્ય છે. હજારો ગાઉ દૂરનાજ નહિ પણ લાખો અને કરોડો ગાઉ દૂરના–દરિયાપારના દ્રવ્યને મેળવવા માટેનો લોભ જેઓ છાંડવા માંગતા હોય તેમણે આ દિશાવ્રતને અવશ્ય ગ્રહણ કરવું જોઈએ, એટલુંજ નહિ પણ જે મુનિજનોએ આપણા ભારતવર્ષના દરિયાકિનારા સુધીનુંજ દિશામાન ગ્રહણ કર્યું હોય, તેમણે દરિયાપારની ભોગ્ય વસ્તુઓનો ઉપભોગ કરતાં પણ અટકવું જોઈએ. વિદેશી કાપડ એ દરિયાપારથી આવે છે અને મર્યાદા કરેલી દિશાની બહારનું કાપડ ધારણ કરવું એ યુક્ત નથી.

પરિગ્રહની મર્યાદા કરવાથી તૃષ્ણાનો નિરોધ થાય છે, પરન્તુ જ્યાંસુધી ભોગોપભોગના પદાર્થોની મર્યાદા કરવામાં આવે નહિ ત્યાંસુધી મન તથા ઈન્દ્રિયોનો નિરોધ પૂરો થતો નથી.

**सकृत्सेवोचितो भोगो ज्ञेयोऽन्नकुसुमादिकः ।**
**मुहुः सेवोचितस्तूपभोगः स्वर्णाङ्गनादिकः ॥**

અર્થાત્–એક વખત સેવવાયોગ્ય અન્ન, પુષ્પ વગેરે ભોગ કહેવાય છે અને વારંવાર સેવવાયોગ્ય સુવર્ણ, સ્ત્રી વગેરે ઉપભોગ કહેવાય છે. ભોગ અને ઉપભોગની વસ્તુઓ દુનિયામાં સેંકડો અને હજારો છે, અને તેમાંની નિર્દોષ ચીજોને તે માટે પસંદ કરી સદોષ ચીજોનો ત્યાગ કરવો એ નિગ્રહના અભિલાષી મનુષ્યને માટે યુક્ત છે. તૃતીય અવસ્થાના સેવાધર્મને ગ્રહણ કરનાર મનુષ્યે જૂદા જૂદા ખાદ્ય–પેયના પદાર્થો, પહેરવાનાં વસ્ત્રો, મુખવાસના

પદાર્થો, વાહનો, શય્યાઓ, અંગવિલેપનના પદાર્થો, સ્ત્રીસેવન, શાક-ફળ-ફૂલ ઇત્યાદિ, અને દુષ્ટ ધંધા વ્યાપાર જેવાં કે વન કપાવવાં અને તેને આગ લગાડી કોયલા પડાવવા, હાડકાંનો વેપાર કરવો, માંસ-મદિરા વેચવાં, પ્રાણી વગેરેનાં કારખાનાં કરવાં, ઘોડા-બળદને ખસ્સી કરી વેચવાં, ધંધા માટે પશુ પક્ષીને પાળી તેમને વધારે દામ આપનારને વેચવાં, ઇત્યાદિ કાર્યોમાંના દૂષિતને તજીને અદૂષિતને માટે પણ મર્યાદા બાંધવી જોઇએ. મીલ કે કારખાનું ચલાવવું એ પણ એક દૂષિત કર્મ છે અને જૈન ધર્મની દૃષ્ટિએ તો ત્યાજ્ય છે, પરન્તુ ચાલુ વ્યવહારને કારણે એવાં કાર્યોનો સર્વથા ત્યાગ કરવાનું અશક્ય હોઇ એવાં કાર્યોમાં મર્યાદા બાંધવી એ આ અવસ્થામાં દાખલ થએલાને માટે અવશ્ય હિતાવહ છે. (૨૧)

[હવે અષ્ટમ વ્રત વિષે વિવેચન કરવામાં આવે છે].

**अनर्थदण्डनिवृत्तिव्रतम् । २२ ॥**

**सम्पद्धानिसुतादिमृत्युसमये चित्ते न शोचेन्मनाङ्।**
**नाऽऽलस्यं यतनाविधावुपचयः शस्त्रायुधादेर्न वा ।**
**यत्कस्याऽपि न पापकर्मविषये कुर्यान्मनाक् प्रेरण-**
**मेतल्लक्षणमष्टमं व्रतमिदं कर्मौघसंरोधकम् ॥**

**નિષ્પ્રયોજન પાપની નિવૃત્તિરૂપ આઠમું વ્રત.**

**ભાવાર્થ**—અપધ્યાન, પ્રમાદ, હિંસક શસ્ત્રસંચય અને પાપોપદેશ એ ચાર અનર્થાદંડ કહેવાય છે, તેનાથી નિવર્ત્તવું એટલે સંપત્તિની હાનિ થાય કે પુત્રાદિકનું મૃત્યુ થાય તે વખતે પણ મનમાં જરા શોચ ન કરવો, જીવરક્ષણાદિ કાર્યમાં કંઇ પણ આલસ્ય ન કરવું, પ્રાણહારી શસ્ત્ર અને આયુધાદિનો સંગ્રહ ન કરવો, અને પાપાનુષ્ઠાનની બાબતમાં કોઇને કંઇ પ્રેરણા ન કરવી, એ જ કર્મના સમૂહને રોકનાર આઠમા વ્રતનું લક્ષણ છે. (૨૨)

**વિવેચન**–પૂર્વે અહિંસા વ્રતના વિવેચનમાં કહેવામાં આવ્યું છે કે જ્યાંસુધી આત્માને દેહનું બંધન રહેલું છે, અને જ્યાંસુધી સંસાર વ્યવહારનો ભાર દેહની સાથે સંકળાએલો રહે છે, ત્યાંસુધી અનેક પ્રકારની સૂક્ષ્મ સ્થૂલ જીવોની હિંસા મનુષ્યને માટે અનિવાર્ય જ રહે છે. એટલે કે કેટલાક પ્રકારની માનસિક, વાચિક તથા કાયિક હિંસા કર્યા વિના ચાલી શકતું નથી. એ પ્રકારની અનિવાર્ય હિંસા તે અર્થદંડ–હેતપુરઃસર અન્ય જીવોને આપવામાં આવેલો દંડ કહેવાય છે; પરન્તુ ઘણી વાર મનુષ્યો અનર્થ દંડ આચરે છે–અહેતુક પાપાચરણ કરે છે: એ પ્રકારના અનર્થ દંડમાં કેટલીક વાર તેઓ જાણીજોઇને પ્રવર્તે છે અને કેટલીક વાર અવશતાથી–ગફલતથી વર્તે છે: એવા પ્રકારનાં અહેતુક–નિષ્પ્રયોજન પાપાચરણ ન થાય તેટલા માટે આ વ્રત નિર્માણ થએલું છે. અપધ્યાન–દુષ્ટ ધ્યાન, પ્રમાદ, હિંસક શસ્ત્રનો સંચય અને તેનું દાન તથા પાપકર્મનો ઉપદેશ એ ચાર પ્રકારના અનર્થ દંડ છે. જૈન શાસ્ત્રોમાં આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એવું બે પ્રકારનું અપધ્યાન કહેલું છે. કોઇ દુઃખાદિને લીધે મોટા શબ્દથી આક્રંદ કરવો, શોચ કરતાં આંસુ પાડવાં, દીનતાપૂર્વક વારંવાર ક્લિષ્ટ ભાષણ કરવું અને માથું કે છાતી વગેરે અંગોપાંગ કૂટવાં એ આર્તધ્યાનનાં બાહ્ય ચિહ્નો છે. રૌદ્રધ્યાન એટલે કે ક્રોધપૂર્વક જૂદા જૂદા પ્રકારનાં અનિષ્ટ ધ્યાન કરવાં તે. પ્રાણીઓને હથીયારોથી કિંવા મંત્રાદિ પ્રયોગોથી મારી નાંખવાનું ચિંતન કરવું, કોઇનું અનિષ્ટ કરવાને ચાડી કરવાની કે પારકા દોષ પ્રકટ કરવાની ઇચ્છા કરવી, તીવ્ર રોષથી ધનિકોના મરણવડે પરદ્રવ્ય હરણ કરવાની યોજનાઓનું ચિંતન કરવું, પોતાના દ્રવ્યના રક્ષણ માટે સર્વત્ર શંકા પામી શત્રુ વગેરેને હણવાના વિચારો કર્યા કરવા એ રૌદ્ર ધ્યાનના પ્રકાર છે. દુઃખના વિયોગ માટે ને સુખના સંયોગ માટે મનુષ્ય રાત દિવસ મથન કર્યા કરે છે, પરન્તુ એ મથન સત્યમાર્ગે કરવાને બદલે જ્યારે તે અન્ય પ્રાણીઓના અહિતદ્વારા પોતાનું હિત કરવાની મિથ્યા કલ્પનાઓ કર્યા કરે છે, ત્યારે તે પોતાની ચિત્તવૃત્તિને પાપના પંકથી અનર્થક–અહેતુક–નિષ્પ્રયોજન રીતે લિપ્ત કરે છે અને તેથી આ બેઉ જાતનાં અપધ્યાન તે અનર્થ

દંડ છે. અનર્થ દંડનો બીજો ભેદ પાપકર્મનો ઉપદેશ કરવો એ છે. સૌ કોઇ પોતપોતાના હિત અને વ્યવહારને અર્થે જે કાંઈ કાર્યો કરવાં પડે તે કર્યા કરે છે; તેઓને પાપકર્મો કરવાને અન્ય મનુષ્યે ઉપદેશ આપવો તે તે અન્ય મનુષ્યને માટે અહેતુક એટલે કે નિરર્થક જ છે, અને તેથી તેની ગણના અનર્થ દંડમાં થાય છે. તેનો ત્રીજો ભેદ હિંસક વસ્તુઓ–શસ્ત્રાદિનો સંગ્રહ કરવો કિંવા તેવી વસ્તુઓનું દાન કરવું તે છે. તલ્વાર, બંદુક, તીર, છરા, એ આયુધો અને ઘંટી, સાંબેલું, ગાડાં, દાતરડાં, કરવતો ઇત્યાદિ સૂક્ષ્મ જીવોને ઘાતક થનારાં શસ્ત્રોનો સંગ્રહ કરવો તથા તે અન્યને આપવાં એ પણ અનર્થ દંડ છે. એક સૂતારનો ધંધો કરનાર મનુષ્યને પોતાના ઉપયોગનાં શસ્ત્રો રાખવાં પડે કિંવા એક રાજ્ય ચલાવનાર રાજાને પોતાના ભંડારમાં વિધવિધ શસ્ત્રાસ્ત્રો રાખવાં પડે તે અનિવાર્ય છે, પરંતુ અન્ય જનો એવો સંગ્રહ કે દાન કરે તે અહેતુક હોઇને અનર્થ દંડ કરનારા લેખાય છે; પ્રમાદ એ અનર્થ દંડનો ચોથો પ્રકાર છે. પ્રમાદી મનુષ્ય અનેક પ્રકારનાં અહેતુક પાપ કરે છે અને તેથી તેનાં તેવાં કાર્યો અનર્થ દંડનાં લેખાય છે. જેમકે મદ્યપાન કરેલો મનુષ્ય અનેક પ્રકારનાં દુષ્ટ વચન બોલે છે અને મારામારી કે દોડાદોડી કરે છે, વિષયી મનુષ્ય હિતાહિતનું ચિંતન કર્યા વિના અનુચિત કાર્યો કરે છે, કામ, ક્રોધ, લોભ, મોહાદિને વશ થએલો મનુષ્ય અનેક દુષ્ટ કાર્યો કરવામાં પ્રવૃત્ત થાય છે, નિદ્રામાં તે અનેક દુષ્ટ ચિંતનાઓ કરે છે અને રાજા, દેશ, સ્ત્રી, ઇત્યાદિને લગતી કથા–વાર્તામાં પણ અનેક દુષ્ટ પ્રસંગો આવે છે; એ બધા પ્રકારો પ્રમાદરૂપી અનર્થ દંડના છે. 'પ્રમાદ' નો સામાન્ય અર્થ આલસ્ય થાય છે, પરન્તુ મનની સ્વવશતાનો જ્યારે જ્યારે ત્યાગ કરવામાં આવે ત્યારે ત્યારે મનુષ્ય પ્રમાદ સેવનારો બને છે અને તે અનેક પ્રકારના અનર્થ દંડ કરે છે. આળસ થાય, મુગ્ધ થવાય, વાર્તારસમાં ડૂબી જવાથી ભાન ભૂલી જવાય, કેફમાં ચિત્ત લુબ્ધ બની જાય ઇત્યાદિ બધા પ્રસંગો પ્રમાદના જ છે, તે તે પ્રસંગોમાં મનની સ્વવશતા આંદોલિત થાય છે અને તેથી તે અનર્થ દંડના કારણીભૂત બને છે. આ કારણથી અનર્થ દંડના પ્રસંગો ટાળવા

એ એક પ્રકારની માનસિક તપશ્ચર્યા છે. પ્રમાદવશતાથી મનુષ્યો સાધારણ અનર્થ દંડ તો હાલતાં ચાલતાં કરે છે. રસ્તે ચાલતાં કોઇ મિત્ર મળે કે તુરત તેની સાથે વાતચીત કરતાં કોઈ સ્ત્રીની સુંદરતાનો પ્રસંગ ઉપાડવો, રાત્રે પાણીનો લોટો કે નળો સહજ આળસને કારણે ઢાંકયા વિના સૂઈ રહેવું અને પછી સહવારે તેમાં કોઈ ગરોળી કે ઉંદર પડીને મરી ગએલાં જણાય ત્યારે પસ્તાવો કરવો, રસોડામાં ઉલેચ બાંધવાની આળસ કરતાં ભાત કે દાળની તપેલીમાં જંતુ પડે તે ચલાવી લેવું અને જ્યારે એવો ખાદ્ય પદાર્થ ઝેરી થાય અને તેનું માઠું પરિણામ આવે ત્યારે જ જાગવું, ઇત્યાદિ અનેક રીતે મનુષ્ય અનર્થ દંડ આદરે છે. આ વ્રત આદરવાથી મનુષ્ય એવાં નિરર્થક પાપોમાંથી દૂર રહેવાની વૃત્તિ કેળવવાને સમર્થ બને છે. (૨૨)

[ હવે નવમા સામાયિક વ્રત વિષે કહેવામાં આવે છે. ]

**सामायिकव्रतम् । २३ ॥**

**रागद्वेषकषायतो विषमता या जायते स्वात्मन-**
**स्तद्दूरीकरणाय साम्यजनकं सामायिकाख्यं व्रतम् ।**
**कायोत्सर्गसमाधिशास्त्रमननं स्वाध्यायजापश्रुती-**
**स्त्यक्त्वा न क्रियतां च कार्यमपरं घण्टामितेऽस्मिन् व्रते॥**

**નવમું સામાયિક વ્રત.**

**ભાવાર્થ**—આત્મ પ્રવૃત્તિમાં રાગદ્વેષ કે કષાયને લીધે પોતાના આત્માની જે વિષમ પરિણતિ થઈ હોય તે દૂર કરવાને માટે સમભાવ ઉત્પન્ન કરનાર સામાયિક નામનું વ્રત સ્વીકારવું જોઈએ. અર્થાત્ દરરોજ એક બે કે તેથી વધારે સામાયિક કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ. સામાયિકનો કાળ થોડામાં થોડો બે ઘડીનો હોય છે તે વખત દરમ્યાન કાયોત્સર્ગ કરવો, આધ્યાત્મિક શાસ્ત્રનું મનન કરવું, સ્વાધ્યાય કરવો, માળા ફેરવવી કે શાસ્ત્રશ્રવણ કરવું. તે સિવાય સાંસારિક કોઈ પણ કાર્ય કરવું ન જોઇએ. (૨૩)

**વિવેચન**—બે ઘટિકા પર્યંત શુભ ધ્યાનપૂર્વક એક સ્થળે બેસી રહીને શુભ ચિંતન, ધર્મવિચાર અને વૃત્તિને ઉચ્ચતર બનાવે તેવા અભ્યાસમાં સમય ગાળવો તેને સામાયિક કહે છે. સંસારી જનોને સ્હવારથી સાંજસુધી અનેક પ્રકારના સારા-માઠા વ્યવહારમાં સમય ગાળવો પડે છે, અને અનેક સારી માઠી વૃત્તિઓ ઉદ્‌ભૂત-તીરોભૂત થાય છે. એક કાળે ક્રોધનો પ્રસંગ આવે છે, તો બીજે કાળે મોહનો પ્રસંગ આવે છે; એક ક્ષણે જૂઠું બોલવાનું મન થાય છે તો બીજી ક્ષણે દંભ કરવાનું મન થાય છે; એક વખતે દયા ઉત્પન્ન થાય છે તો બીજે વખતે પોતાનું અહિત કરનારનું નિકંદન કરવાનું મન થઈ આવે છે. જો મનુષ્ય આવી ચિત્રવિચિત્ર પ્રકારની વૃત્તિઓમાં જીવનભર રગદોળાયા કરે તો પછી તેના મનસ્‌ની અધોદશાજ આવતી જાય છે. આવા વ્યવહારરૂપી ખારા સમુદ્રની વચ્ચે મીઠી વીરડી રૂપ સમ+આય+ઈક=સમત્વનો લાભ કરાવનાર સામાયિકની આવશ્યકતા એકલા જૈન ધર્મમાં જ સૂચવી છે એમ નથી. અન્ય ધર્માચાર્યોએ પણ ચિત્તને સમતાનો પરિચય કરાવવા માટે સંધ્યોપાસના, નિમાજ, પ્રેયર ઇત્યાદિની આવશ્યકતા દાખવી છે. મન એજ બંધ અને મોક્ષનું કારણ છે એમ શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, તો મનની અધમ દશા ન થાય તેટલા માટે તેને સમતામાં રસ લેનારૂં કરવાનો યત્ન સેવવો આવશ્યક છે. એક સ્થળે કહ્યું છે કે—

**तप्येद्वर्षशतैर्यश्च एकपादस्थितो नरः ।**
**एकेन ध्यानयोगेन कलां नार्हति षोडशीम् ॥**

અર્થાત્—કોઈ મનુષ્ય સો વર્ષ સુધી એક પગે ઊભો રહીને તપ કરે તોપણ તે એક ધ્યાનયોગની સોળમી કળાને યોગ્ય પણ થાય નહિ. દેહદમન વડે જ્યાંસુધી મનોદમન ન થાય ત્યાંસુધી એ દેહદમનનું મૂલ્ય સ્વલ્પ જ રહે છે. તેથી ધ્યાનયોગરૂપ સામાયિકનું મૂલ્ય ઉપરના શ્લોકમાં દેહદમન કરતાં વિશેષ આંકવામાં આવ્યું છે. જૈન શાસ્ત્રગ્રંથમાં તો એટલેસુધી કહ્યું છે કે—

**दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो ।**
**इयरो पुण सामाइयं करेइ न पहुप्पए तस्स ॥**

અર્થાત્—એક પુરૂષ દિવસે દિવસે લાખ સુવર્ણનું દાન દે અને બીજો સામાયિક કરે તો સુવર્ણનું દાન સામાયિકની બરાબર ન થાય. ચિત્તવૃત્તિને સ્થિર—સમ કરવી એ એક માનસિક યોગનો પ્રકાર છે. દુષ્ટ વિચારો કરતાં એક સ્થળે બે ઘડી સુધી બેસી રહેવાથી સામાયિકનો હેતુ સરતો નથી એમ કેટલાકો સમજે છે અને તેથી સામાયિક કરવાની પરવા કરતા નથી; પરન્તુ ચિત્તને દુષ્ટ વિચારમાં ન વર્તવા દેવા માટ ધાર્મિક વિચારોથી ભરેલા ગ્રંથનું વાચન કરવું, સ્તોત્રપાઠ કરવો કિંવા માળા ફેરવવી એવા ઉપચારવડે ચિત્તવૃત્તિને અધમ માર્ગે જતી અટકાવી શકાય છે. વૃત્તિને પતિત થતી અટકાવ્યા પછી તેને સ્થિર કરવાનું પણ અભ્યાસથી બને છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છેઃ—

**अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ।**
**अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥**

અર્થાત્—હવે મારામાં સારી રીતે ચિત્તને સ્થિર રાખવાનું તારાથી બની શકતું ન હોય, તો હે ધનંજય! અભ્યાસની સહાયથી એટલે કે પુનઃ પુનઃ પ્રયત્ન કરીને મારી પ્રાપ્તિ કરી લેવાની ઉમેદ રાખ. સામાયિકનો —ચિત્તને સ્થિર રાખવાનો લાભ પણ અભ્યાસવડે પ્રાપ્ત કરી શકાય છે; તેટલા માટે સામાયિકનો પૂરો લાભ તત્કાળમાં પ્રાપ્ત ન થાય તો તેથી નિરાશ થઈને તેનો ત્યાગ કરવો જોઈએ નહિ. (૨૩)

[હવે **સામાયિક** કરવાના **સમયની** અને તે સમયમાં ત્યજવાના દોષોની સમજણ આપવામાં આવે છે.]

**सामायिकस्यावश्यकता ।२४॥**

**प्रातः प्रागशनात् प्रसन्नमनसाऽवश्यं विदध्यादलं ।**
**स्वच्छः शान्तनिकेतने प्रतिदिनं सामायिकं भावतः ॥**
**त्यक्तव्या विकथा मनस्तनुवचोदोषाः समग्राः स्वतो—**
**नैर्मल्यं च भवेद्यथा परिणतेः स्थैर्यं च कार्यं तथा ॥**

## સામાયિક વ્રતની આવશ્યકતા.

**ભાવાર્થ**—પ્રભાતના સમયમાં જમ્યા પહેલાં દરરોજ સ્વચ્છપણે શાન્ત–નિરૂપાધિક સ્થાનમાં જઇને પ્રસન્ન મનથી ભાવપૂર્વક એક સામાયિક પરિપૂર્ણ વિધિસહિત અવશ્ય કરવું જોઈએ. સામાયિકના સમયમાં વિકથા તજવી, મનના દોષ, વચનના દોષ, અને કાયાના દોષ દૂર કરવા અને જે જે પ્રકારે આત્માના પરિણામની નિર્મલતા અને સ્થિરતા થાય તેવી રીતે અનુષ્ઠાન કરવું જોઇએ. (૨૮)

**વિવેચન**—મૂર્તિપૂજકો જેમ પ્રભાતમાં જ દેવપૂજા કે સંધ્યોપાસના આદિ કરે છે, યોગીઓ પ્રભાતમાં જ યોગ પ્રક્રિયા કરે છે, તેમ ચિત્તને સમાવસ્થાનો લાભ કરી આપનાર સામાયિક પણ પ્રાતઃકાળમાં જ કરવું વિશેષ યોગ્ય છે. રાત્રિની નિદ્રા પછી મન તાજું અને નિર્મળ થએલું હોય તેવે વખતે આવી પ્રક્રિયા મન ઉપર સારી અસર કરતી હોવાથી ગ્રંથકારે '**प्रातः प्रागशनात्**' એટલે પ્રભાતે ભોજન કર્યા પૂર્વે–ભૂખ્યે પેટે સામાયિક કરવું એવું સૂચન કર્યું છે. ઉદરમાં આહાર પડ્યા પછી આહારના જૂદા જૂદા રસો શરીરમાં ચડવા લાગે છે અને તેથી મન ઉપર રજોગુણ તથા તમોગુણની અસર થવા લાગે છે; આ કારણથી ભૂખ્યે પેટે જ સામાયિક કરવું એ વિશેષ હિતાવહ છે. દિવસના બીજા ભાગોમાં સામાયિક કરવામાં કાંઇ જ હાનિ નથી. ઉપનિષદોમાં સહવાર, બપોર અને સાંજ એમ ત્રણે કાળમાં સંધ્યા કરવાનું કહેલું છે અને ચિત્તશુદ્ધિને અર્થે એ ઉપયોગી છે; પરન્તુ પ્રાતઃકાળમાં મનની સમતા માટેની ક્રિયાઓ જેટલી લાભકારક નીવડે છે તેટલી બીજા કાળમાં નીવડતી નથી, તેટલા જ માટે ગ્રંથકારે પ્રભાતના સામાયિકને તો **अवश्यं विदध्यात्** એમ કહ્યું છે. ઉપવાસવડે મન તથા તનના દોષોને મટાડવાની ચિકિત્સા કરનારા ડા. એપ્ટન સિંકલેર અને ડો. મેકફેડન પણ ભૂખ્યે પેટે મનને થનારા આધ્યાત્મિક લાભોનું વિગતે વર્ણન કરી બતાવે છે અને તેટલા માટે પ્રભાતના સામાયિકને આવશ્યક લેખવામાં સુઘટિતતા રહેલી છે. સામાયિકનો કાળ મનની સમતાને અર્થે ગાળવાનો હોવાથી બે ઘડીનું વ્રત લઈ બેઠા પછી મન, વચન અને કાયાને

દુઃપ્રવૃત્તિમાં ચડવાં દેવાં યુક્ત નથી અને તેટલા માટે ગ્રંથકારે એ ત્રણે વડે થતા દોષોનો ત્યાગ કરવા સૂચવ્યું છે. સામાયિક કરીને મનમાં વ્યાપારાદિના, કોર્ટ–દરબારના ઝગડાના, પોતાના લાભાર્થે કોઈનું અનિષ્ટ કરવાના અને એવા બીજા વિચારો કરવા, સામાયિક કરીને વાણીવડે દુઃખપ્રવૃત્તિ કરવી, જેમકે બીજાઓ સાથે વ્યવહારની વાતો કરીને તેમાં ઇષ્ટા-નિષ્ટ સલાહ આપવી, યદ્વાતદ્વા બોલવું, કોઈને ઠપકો આપવો કે ગાળ દેવી અને સામાયિક કરીને કાયાનો અનિષ્ટ વ્યવહાર કરવો, એ બધાં સામા-યિકના લાભોને ગુમાવનારાં છે. વચન અને કાયાને દુઃપ્રવૃત્તિમાં યોજવાથી મન તો તેની મળે જ દુઃપ્રવૃત્તિમાં યોજાઈ ચૂક્યું હોય છે; અને સામાયિક એ માનસિક સમતાને માટે હોઈ એ ત્રણે વડે થતાં અનિષ્ટ કાર્યો ત્યજવાં જ યુક્ત છે. મન શાંતિ–સમાધિ કે શુભ વિચારોમાંથી ભ્રષ્ટ ન થાય માટે એકાંતમાં સામાયિક કરવું અને ધાર્મિક ગ્રંથોનું વાચન કરવું એ વધારે ઇષ્ટ છે. મનને અન્ય માર્ગે જવા દઈને શરીર વડે સામાયિક કરી બેસવાથી કિંવા દેવની પૂજા કરતાં મિત્રો સાથે વાર્તાલાપ કરતા રહેવાથી જે માનસિક લાભ થવો જોઈએ તે થતો નથી. જે લાભ સૂક્ષ્મતામાં રહેલો છે તે લાભ ક્રિયાની સ્થૂલતામાં રહેલો નથી. મન, વાણી અને કાયાના આવા ૩૨ દોષો જૈન શાસ્ત્રોમાં કહેલા છે, અને એ દોષો ટાળવાને પાંચ અતિચારો કહેલા છે:–

**कायवाङ्मनसा दुष्टप्रणिधानमनादरः ।**
**स्मृत्यनुपस्थापनं च स्मृताः सामायिकव्रते ॥**

અર્થાત્–મન, વચન અને કાયાથી દુષ્ટ આચરણ કરે તે ત્રણ, સામા-યિકમાં આદર–ઉત્સાહ રાખે નહિ તે ચાર.અને વ્રતના કાળ વગેરેનું સ્મરણ કરે નહિ તે પાંચ, એવા સામાયિકના અતિચાર-દોષો છે; એ દોષો ટાળીને સામાયિક કરવાથી લાભ થાય છે. ઉત્સાહ–આદર વિનાનું સામાયિક માત્ર સ્થૂળ થાય છે અને સમય–બે ઘડીનો નક્કી કરેલો સમય પૂરો નહિ કરવાથી ઉતાવળ કરવાથી ચિત્તવૃત્તિને પૂરી શાન્તિ મળતી નથી. (૨૪)

**[ હવે દસમા દેશાવકાશિક વ્રત વિષે કહેવામાં આવે છે ].**

देशावकाशव्रतम् । २५ ॥

षष्ठे यद्विहिता दिशां परिमितिस्तत्रापि संक्षेपतो-
द्रव्यादेः परिमाणमादरधिया कृत्वाऽऽश्रवो रुध्यते ॥
प्रोक्तं तद्दशमं व्रतं मुनिवरैर्देशावकाशाभिधं ।
षट्कोटया प्रतिपालनीयमनिशं कालं यथेष्टं पुनः ॥

### દેશાવકાશિક વ્રત.

**ભાવાર્થ**—છઠ્ઠા વ્રતમાં દિશાઓનું જે પરિમાણ બાંધ્યું હોય તેમાં સંકોચ કરીને દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી ફરીને જે આદરપૂર્વક હદ બાંધવામાં આવે અને તેમ કરીને આશ્રવનો નિરોધ કરવામાં આવે તેને મુનિવરો દેશાવકાશ નામે દશમું વ્રત કહે છે. આ વ્રત ચાર ઘડી કે એક રાત અથવા એક દિવસ પર્યંત મરજી પ્રમાણે આદરવું અને તે છ કોટીએ કરી બરાબર પાળવું જોઇએ. ( ૨૫ )

**વિવેચન**—પૂર્વે છઠ્ઠા વ્રતમાં દિશાઓનું પરિમાણ બાંધીને જે સંયમ આદરવામાં આવ્યો હોય છે તે આ દશમા વ્રતના આદરથી વધારે આગળ વધે છે. છઠ્ઠું વ્રત આદરનાર અર્થાત્ દિશાઓનું માપ બાંધીને એ દિશાઓની અંદર જ આવજા કરવાની કિંવા એ વિસ્તારની અંદરથી જ મંગાવેલી વસ્તુઓનો ઉપભોગ કરવાની પ્રતિજ્ઞા જીવનપર્યંત કિંવા એક કે પાંચ વર્ષ પર્યંત લઇ શકે છે; પરન્તુ આ દેશાવકાશિક વ્રતનો સંયમ રાત કિંવા દિવસ કિંવા રાત્રિદિવસના કોઇ ખંડ પૂરતો જ હોય છે. એટલો વખત ઘર, દુકાન કે શય્યાખંડની બહાર જઇને કોઇ પ્રવૃત્તિ કરવી નહિ એવું તેમાં સૂચન રહેલું છે. જેવી રીતે વીંછી કરડે છે ત્યારે શરીરના એક આખા ઉપાંગમાં તેનું વિષ ફેલાવાથી ચસકા આવે છે, પરન્તુ માંત્રિક પોતાના મંત્રપ્રયોગવડે ઉપાંગનું વિષ એક થોડા ભાગમાં—આંગળીમાં લાવી મૂકે છે, એવી રીતે દિશાપરિમાણ વ્રતમાં જે છૂટ

રાખી હોય છે, તે છૂટનો પણ દેશાવકાશિક વ્રતમાં સંક્ષેપ કરવો તેવા હેતુથી આ વ્રત યોજવામાં આવ્યું છે. આથી પાપપ્રવૃત્તિમાં મનુષ્ય સંયમ રાખતાં શીખે છે અને જેમ જેમ તે પોતાના ગમનાગમન અને જરૂરીઆતો માટેની દિશાઓ ટૂંકી ને ટૂંકી કરતો જાય છે, તેમ તેમ તેની અંતમુર્ખતાને વિકસવાની તક મળતી જાય છે. જૈન શાસ્ત્રમાં આ વ્રતને માટે પાંચ અતિચાર કહેવામાં આવેલા છેઃ—

**प्रेष्यप्रयोगानयनं पुद्गलक्षेपणं तथा ।**
**शब्दरूपानुपातौ च व्रते देशावकाशिके ॥**

અર્થાત્—ચાકરને મોકલવો, બહારથી કાંઇ મંગાવવું, પુદ્ગલ—કાંકરો કિંવા કાંઇ પદાર્થ ફેંકવો, શબ્દ કરી બહાર સંભળાવવો, અને પોતાનું રૂપ બતાવવું, એ પાંચ અતિચાર છે. મર્યાદિત કરેલી જગ્યામાં જ રહ્યા છતાં ઉપરના દોષો કરી શકાય છે; અને જો દેશાવકાશિક વ્રતનો હેતુ અમુક જગ્યામાં કાયાને ગોંધાઇ રહેવા દેવી એટલો જ હોત, તો આ પાંચ દોષોથી એ વ્રતનો ભંગ થયો લેખાત નહિ; પરન્તુ મન, વચન અને કાયાના સંયમને અનુલક્ષીને આ વ્રત આદરવાનું હોવાથી ઉપર બતાવેલા દોષો કરવા ઘટે જ નહિ. કાયાનું બંધન તો માણસ પણ ખાટલામાં પડ્યો પડ્યો ક્યાં વેઠતો નથી? તે ત્યાં પડ્યો પડ્યો લાખો રૂપિયાના વેપાર કરે છે, કાંઇ કાંઇ કપટ દગાઇના પ્રયોગો આદરે છે, સાચાં—જૂઠાં બોલે છે અને કોઇને ત્રાસ આપે છે તો કોઇને ગાળો ભાંડે છે! શું એવો માણસ દેશાવકાશિક વ્રત ધારણ કરનાર લેખાશે? નહિ જ. મન, કાયા અને વાણીને સંયમમાં રાખવા માટે જ એ વ્રત છે અને તેટલા માટે ગ્રંથકાર પોતાના શ્લોકમાં અતિચારોનું દર્શન કરાવવાની આવશ્યકતા નહિ જોતાં સંક્ષેપમાં જ કહે છે કે **षट्कोटया प्रतिपालनीयम्** અર્થાત્ આ વ્રત છ કોટીએ પાળવું. છ કોટી એટલે શું? મન વચન અને કાયાથી કોઇ કાર્ય કરવું કે કરાવવું નહિ તે. એકંદરે નવ કોટિ છે અને આ છ કોટિમાં મન વચન અને કાયા વડે અનુમોદવું એ ૩ કોટિ ઉમેરવાથી નવ કોટિ થાય છે. નવ કોટિએ પ્રત્યેક વ્રત આદરવું એ અત્યંત ઇષ્ટ છે. જૈન મુનિઓને

બધાં વ્રતો નવ કોટિએ જ કરવાનાં હોય છે. તેઓ મન, વચન અને કાયાને કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણે દ્વારે બંધ કરીને સંયમમાં રાખવા બદ્ધપ્રતિજ્ઞ થએલા હોય છે; પરન્તુ ગૃહસ્થ જનોને માટે અનુમતિના વ્યાપારનો ત્યાગ દુઃશક્ય છે, બલકે અશક્ય છે. મન એ મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ છે, પરન્તુ મન મર્કટ જેવું છે. એ મનના મર્કટને બુદ્ધિની સાંકળથી બાંધી શકાય છે. દુષ્ટ વ્યાપારમાં પરોવાએલું મન વાણી અને કાર્યદ્વારા દુષ્ટતા આચરે છે, પરન્તુ મનોવ્યાપારમાં દુષ્ટતા ડોકીયાં કરવા લાગે, તે જ ક્ષણે જો તેને બુદ્ધિની સાંકળના બંધ મારવા માંડ્યા હોય તો તેનો એ મનોવ્યાપાર અટકી જાય છે, અને અટકી ન જાય તોપણ તેની વૃત્તિ વાણી કે કાયાને દુષ્ટતામાં પ્રવર્તાવવાની થતી નથી. આ રીતે મન, વાણી અને કર્મને બુદ્ધિના યોગે કરીને ગૃહસ્થો સંયમમાં રાખી શકે છે, પરન્તુ મન વચન અને કાયાવડે અનુમોદના કરવાનો જે વ્યાપાર છે તે તો બુદ્ધિના બંધમાં આવી શકતો નથી. મન વચન અને કાયાની ત્રિવિધ પ્રવૃત્તિને અટકાવવી એ આવશ્યક છે પરન્તુ એ આવશ્યકતા પૂર્ણ રીતે તો સંન્યાસીઓ કે મુનિઓ જ પ્રાપ્ત કરી શકે—ગૃહસ્થોને માટે એ શક્ય નથી. જે વ્યાપાર—અનુમોદનાનો વ્યાપાર બુદ્ધિપૂર્વક થયો હોતો નથી તેથી પણ જૈન ધર્મના નિશ્ચય નયની દૃષ્ટિએ તો કર્મ—બંધન થાય છેજ, પરન્તુ ગૃહસ્થાશ્રમમાં જે કાંઈ અનિવાર્ય છે, તેમાં એ અનુમોદનાનો વ્યાપાર એટલો સ્વાભાવિક છે કે તેને ત્યજીને ચાલવું એ અમુકજ કાળ માટે માત્ર વ્રતમાં બેઠેલા મનુષ્યને વ્યવહાર નયની દૃષ્ટિએ શક્ય નથી અને એને ત્યજવાની વાતો સંકલ્પવિકલ્પાત્મક મનવાળો મનુષ્ય કરે તો તે માત્ર વાતો જ રહે છે. જેઓ માત્ર મનથી અનુમોદના થઈ જાય તેને ક્ષંતવ્ય માની ચલાવી લે છે તેઓ ભૂલી જાય છે કે મનની અનુમોદનાની સાથે વાણી અને કાયાની અનુમોદના થયા વિના રહેતી જ નથી. મનમાં અનુમોદન વડે પ્રસન્નતા ઉત્પન્ન થઈ હોય અને વદન પર પ્રસન્નતાની ચેષ્ટા—રેષાઓ તરી આવે નહિ એ શું અનેક વિકારોને અહોનિશ અનુભવવાનં ટેવાએલા ગૃહસ્થો માટે શક્ય કે સંભવિત છે? *"સ્વામીનાથ! આપ જ્યારે સામાયિક કરી રહો*

ત્યારે આપને તૃષા લાગી હશે એમ માનીને આ પાણીનો લોટો અહીં મૂકીને હું ઉપાશ્રયે વ્યાખ્યાન શ્રવણ કરવા જઉં છું" એમ કહીને પાણીનો લોટો મૂકી જનાર પત્ની પ્રત્યે 'હું' કારનો સ્પષ્ટ ઉચ્ચાર પતિના મુખમાંથી નીકળી પડવાનો શું સંભવ નથી? એ સંભવને પણ ત્યજીને ચાલવાનું ગૃહસ્થો માટે અશક્ય હોઇને આ વ્રતના સંબંધમાં ગ્રંથકારે ૭ કોટીએ વ્રત આદરવાનું સૂચન કરેલું છે. (૨૫)

[હવે અગીઆરમા પૌષધ વ્રતની આવશ્યકતા સૂચવી તે આદરવાનો બોધ કરવામાં આવે છે.]

**पौषधव्रतम् । २६ ॥**

**त्यक्त्वा भूषणमाल्यमेकदिवसं कृत्वोपवासं परं ।**
**हित्वा पापकृतिं गृहीतनियमस्तिष्ठेच्च धर्मस्थले ॥**
**धर्मध्यानपरायणः शुभमतिस्तत्पौषधाख्यं व्रतं ।**
**ग्राह्यं पर्वदिनेषु दोषरहितं पाल्यं विशुद्धयाऽऽत्मनः ॥**

**પૌષધ વ્રત.**

**ભાવાર્થ**—એક સવારથી બીજી સવાર સુધી ચોવીહારો ઉપવાસ કરીને, સાંસારિક વસ્ત્રો, ભૂષણો, માલા વગેરે ત્યજીને, પાપના બધા વ્યાપાર પરિહરીને નિયમ લઈ ધર્મસ્થાનમાં એક અહોરાત્ર પર્યંત ધર્મધ્યાન પરાયણ થઇને સદ્વિચારણામાં રહેવું તેને પૌષધ વ્રત કહેવામાં આવે છે. મુમુક્ષુ ગૃહસ્થે આઠમ, ચઉદશ, પાખી, વગેરે પર્વણી તિથિઓમાં તે વ્રત ગ્રહણ કરવું અને દોષરહિતપણે આત્માની વિશુદ્ધિથી પાળવું જોઇએ. (૨૬)

**વિવેચન**—મન અને ઇંદ્રિયોના નિગ્રહપૂર્વક તથા સમભાવપૂર્વક આત્માભિમુખ થવાના જે ઉપચારો પૂર્વે દર્શાવ્યા છે—જૂદાં જૂદાં વ્રતોનું ગ્રહણ, સામાયિક, દેશાવકાશિક વ્રત—તે પછી એક વિશિષ્ટ વ્રત પૌષધવ્રત આવે છે. સામાયિક અને દેશાવકાશિકથી આગળ વધનારૂં તે વ્રત છે. **पोषं धर्मस्य धत्ते यत्तद् भवेत्पौषधं व्रतम्** અર્થાત્ જેથી ધર્મની પુષ્ટિ થાય તે પૌષધ

વ્રત કહેવાય છે. આ વ્રત જૂદા જૂદા સંપ્રદાયના જૈનો જૂદી જૂદી રીતે કરે છે, પરન્તુ અહીં ગ્રંથકારે એ વ્રત એક દિવસનું પાળવાનું કહ્યું છે. પર્વને દિવસે સંખ્યાબંધ સામાયિકો કે દેશાવકાશિક વ્રત કરવા કરતાં પૌષધમાં વિશિષ્ટતા રહેલી છે, તો એ વિશિષ્ટતા જળવાય એ રીતે એ વ્રતનું પાલન કરવું જોઇએ અને તેટલા માટે તે દિવસે ઉપવાસ કરીને પૌષધશાળામાં એક અહોરાત્ર સુધી ધર્મધ્યાનપરાયણ તથા સદ્વિચારમાં મશગુલ રહેવું એ વિશેષ હિતકર છે. **पर्वदिनेषु** અર્થાત્ આઠમ, ચૌદસ, પાખી વગેરે પર્વને દિવસે આ વ્રત કરવાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. પર્વને દિવસે તપશ્ચર્યા કરવાનું માહાત્મ્ય જૈન તેમજ જૈનેતર શાસ્ત્રગ્રંથોમાં કહ્યું છેઃ ઉત્તરાધ્યયન સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે—

**सर्वेष्वपि तपो योगः प्रशस्तः कालपर्वसु ।**
**अष्टम्यां पंचदश्यां च नियतः पौषधं वसेत् ॥**

અર્થાત—સર્વ પર્વકાળમાં તપનો યોગ શ્રેષ્ઠ છે, પણ આઠમ અને પુનમે તો અવશ્ય પૌષધ ગ્રહણ કરવો.

પર્વના દિવસોનું આવું માહાત્મ્ય છે, તેથી આત્માભિમુખ થવાની વિશિષ્ટ યૌગિક ક્રિયાઓ–પૌષધાદિ એ દિવસોએ કરવી જોઇએ, અને તે માટેની પ્રતિકૂળતાઓને જીતી માનસિક શિથિલતાને ત્યજવી જોઇએ. (૨૬)

[હવે છેલ્લા અતિથિદાન વ્રત વિષે વિવેચન કરવામાં આવે છે.]

**अतिथिदानव्रतम् । २७ ॥**

**ये सन्तोऽतिथयो गृहाङ्गणगतास्तेषां पुरस्कारतो–**
**योग्यान्नोदकवस्त्रपात्रनिलयं यद्दीयते श्रेयसे ॥**
**एतद् द्वादशकं व्रतं समुदितं निष्कामदानात्मकं ।**
**सेव्यं भावनयाऽशनादिसमये योगे तु दानेन वा ॥**

**અતિથિસત્કાર–દાનવ્રત.**

**ભાવાર્થ**—જે સત્પુરૂષો અતિથિ તરીકે અગાઉથી કહેવરાવ્યા વિના

ઘરને આંગણે આવ્યા હોય તેમનો પૂરતો સત્કાર કરીને ઉચિત અન્ન પાણી વસ્ત્ર પાત્ર સ્થાન વગેરે નિષ્કામ બુદ્ધિથી કેવળ શ્રેયને માટે આપવામાં આવે તેને નિષ્કામ દાનરૂપ બારમું વ્રત કહેવામાં આવે છે. ગૃહસ્થોએ ભોજન વખતે ભાવના ભાવીને કે અતિથિનો યોગ મળે તો દાન આપીને આ વ્રત દરરોજ પાળવું જોઇએ. (૨૭)

**વિવેચન**—અ+તિથિ=અતિથિ=જેઓ કોઇ પણ તિથિનો નિર્ણય કર્યા વિના–કહેવરાવ્યા વિના આપણે ઘરને આંગણે આવી પહોંચે તે અતિથિ કહેવાય છે. 'અતિથિ' શબ્દનો બીજો અર્થ વિદ્વાનો એવો પણ કરે છે કે–

**तिथिपर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना ।**
**अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ॥**

અર્થાત્—જે મહાત્માએ તિથિ, પર્વ, ઉત્સવ, વગેરે સર્વનો ત્યાગ કરેલો હોય તે અતિથિ કહેવાય છેઃ બાકીના અભ્યાગત કહેવાય છે. આવા જે અતિથિઓ આપણે આંગણે આવી ચડે તેમને આદરપૂર્વક અન્નવસ્ત્રાદિનું દાન કરવું તે વ્રતને અતિથિ સંવિભાગ વ્રત કહે છે.

**अतिथिभ्योऽशनावासवस्त्रपात्रादिवस्तुनः ।**
**तत्प्रदानं तदतिथिसंविभागव्रतं भवेत् ॥**

અર્થાત્—અતિથિને અન્ન, નિવાસ, વસ્ત્ર અને પાત્ર વગેરે વસ્તુઓનું દાન કરવું તે અતિથિ સંવિભાગ નામે વ્રત કહેવાય છે. અતિથિને આવી જીવનને ઉપયોગી વસ્તુઓ આપવામાં પણ ગ્રંથકાર એ મુખ્ય વસ્તુઓ ઉપર ધ્યાન ખેંચે છે. દાન આપવા યોગ્ય અતિથિ કોણ? શું તિથિનો નિર્ણય કર્યા વિના ઘેર ઘેર ભીખ માંગનારાઓ ફરે છે તેઓ આ અતિથિઓ છે? ગ્રંથકાર કહે છે કે સાચા અતિથિ એ જ કહેવાય કે જે અતિથિ હોવા ઉપરાંત सन्त હોય.

**दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।**
**देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं विदुः ॥**

અર્થાત્—જેણે આપણા ઉપર કાંઇ ઉપકાર કર્યો હોય તેટલા માટે

નહિ પણ અનુપકારી મનુષ્યને જે દાન દેશ, કાળ અને પાત્ર જોઇને આપવામાં આવે તે જ સાત્ત્વિક દાન કહેવાય છે. આવું સાત્ત્વિક દાન સંત અતિથિને જ ઘટે. શરીરે રાતા-માતા વેશધારી બાવાઓ જેઓ પેટ ભરવાને કામ કરવાની આળસને લીધે भिक्षां देहि કરી ઘેર ઘેર ભટકે છે, ત્રાગાં કરે છે, લોકોને સતાવે છે, તેઓ કાંઇ સુપાત્ર અતિથિઓ હોઈ શકતા નથી. બીજી વાત એ કે સુપાત્ર અતિથિને દાન આપવું તો ખરૂં, પરન્તુ તે કેવી કેવી વસ્તુઓનું ? ગ્રંથકાર કહે છે કે योग्यान्नोदकवस्त्रपात्रनिलयं-અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર અને નિવાસ જે 'યોગ્ય' હોય-અયોગ્ય ન હોય તે આપવું. દાનની વસ્તુમાં યોગ્યતા કેવી રીતે તપાસવી ? એક વસ્તુ રાત્રે ઉઘાડી પડી રહી હોય અને ગૃહપતિને શંકા હોય કે કદાચ તેમાં કોઇ ઝેરી જંતુની લાળ પડી હોય તેથી અજાણે તે ખાવા યોગ્ય નથી, તો તે અતિથિને આપી દો: આ પ્રકારની વસ્તુઓ દાનને માટે અયોગ્ય છે, તે જ રીતે કોઈ વાસી હોવાથી બગડેલી વસ્તુ હોય, કોઈ વસ્તુ બીજી દુષ્ટ વસ્તુના સ્પર્શથી વ્રતધારી અતિથિને અગ્રાહ્ય હોય, એ પ્રકારની વસ્તુઓ દાનને માટે અયોગ્ય છે, અને તે અતિથિને આપવી એ દોષયુક્ત છે.આવું દાન પણ કેવળ શ્રેયસ્ માટે આપવું: એટલે કે કાંઇ બદલાની અપેક્ષા વિના નિષ્કામબુદ્ધિથી આપવું જોઇએ. યોગ્ય વસ્તુનું દાન યોગ્ય પાત્રને કરવામાં આવે, પરન્તુ નિષ્કામ બુદ્ધિ ન હોય અને કંટાળાથી કે મત્સર ભાવથી દાન કરવામાં આવે તો તે દાન પણ નિષ્ફળ છે. દાનના પાંચ દોષો વિદ્વાનોએ કહેલા છે.

**अनादरो विलंबश्च वैमुखं विप्रियं वचः ।**
**पश्चात्तापश्च दातुः स्यात् दानदूषणपंचकम् ॥**

અર્થાત્—અનાદર, વિલંબ, મ્હોં બગાડવું, અપ્રિય વચન બોલવું અને પસ્તાવો કરવો એ પાંચ દાતાના દાનનાં દૂષણો છે. આ દૂષણો ત્યજીને અને આહારની નિર્દોષ વસ્તુને નિષ્કામબુદ્ધિથી સુપાત્ર અતિથિને આપવી તે જ ખરૂં 'અતિથિ સંવિભાગ' વ્રત છે. અતિથિને દાન આપવાનું માહાત્મ્ય જૈન ઉપરાંત જૈનતર ધર્મગ્રંથોમાં પણ કથવામાં આવેલું છે. કર્મકાંડી ગૃહસ્થ કે વાનપ્રસ્થ હોય અને વેદાંતમાં દર્શાવેલા વિધિ અનુસાર નિત્ય યજ્ઞ-

યાગાદિ અને સંધ્યાતર્પણાદિ કરતો હોય, પરન્તુ अतिथिर्यस्य भग्नाशः तस्य होमो निरर्थकः—અર્થાત્—જેને આંગણે આવેલો અતિથિ નિરાશ થઇને પાછો જાય છે તેનાં હોમ-હવનાદિ નિરર્થક જાય છે એમ કહેવામાં આવ્યું છે. અતિથિદાનનું આવું માહાત્મ્ય જેઓ સમજે છે તેઓ તો સાધુ, સંન્યાસી કિંવા અન્ય કોઈ સંતને ભોજન આપ્યા પછી પોતે ભોજન લેવું એવું વ્રત પાળે છે; પરન્તુ આવા વ્રતને બાહ્યાચારે પાળવા કરતાં સુપાત્ર અતિથિનો યોગ મળે અને હું તેમને દાન આપું એવી ભાવનાપૂર્વક નિષ્કામબુદ્ધિને કેળવવી તથા ખરો યોગ મળી જતાં ઉમંગભેર દાન આપવું એથી પણ અતિથિસંવિભાગ વ્રતનું સંપૂર્ણ પાલન થાય છે.

**શંકા**—અન્ન, ઉદક, વસ્ત્ર, પાત્ર અને સ્થાન એ પાંચ વસ્તુઓ નિર્દોષ હોય તો તેનું સુપાત્રે દાન કરવું એમ કહ્યું: અતિથિને કાંઈ દ્રવ્ય જોઈતું હોય અને તે આપવામાં આવે તો ?

**સમાધાન**—દ્રવ્ય એ નિર્દોષ વસ્તુ નથી અને જો સંગ્રહને માટે અતિથિને દ્રવ્ય જોઈતું હોય તો તે સાચો અતિથિ નથી. અતિથિ એવો સંત હોવો જોઇએ કે જેને સંગ્રહવાની અભિલાષા ન હોય પરન્તુ માત્ર દેહના નિભાવને અર્થે જીંદગીની જરૂરીઆત એક દિવસમાં એક દિવસ પુરતી જ હોય. જૈન સાધુઓ કે સાચા સંન્યાસીઓ દ્રવ્ય કે ધાતુનું પાત્ર ગ્રહણ કરતા જ નથી પરન્તુ જે બીજાઓ દ્રવ્ય ગ્રહણ કરે છે તે દ્રવ્યનો ઉપયોગ તેમને શો હોય ? દેહનો નિભાવ કરવાને ખોરાકી ખરીદવાની જરૂર તેમને હોય અને જો ખોરાકનું જ દાન તેમને કરવામાં આવે તો પછી તેમને દ્રવ્ય શા માટે જોઇએ ? છતાં જેઓ દ્રવ્યની જ વાંચ્છનાથી પોતાને અતિથિ તરીકે ઓળખાવતા હોય તેઓ સાચા અતિથિ હોતા નથી પરન્તુ સંગ્રહ કરવાની વૃત્તિવાળા, બાહ્યતઃ સાધુ અને અંતરમાં પૂર્ણ અસાધુ હોય છે. તેઓને સુપાત્રમાં ગણવા તે યોગ્ય લેખાય નહિ. (૨૭)

# तृतीय परिच्छेद.

## સેવાધર્મ.

[ સ્વધર્મમાં બુદ્ધિને સ્થિર કરીને અને સ્વધર્મપાલન માટેના બાહ્યાંતર નિયમોના-વ્રતોના પાલનવડે આત્માભિમુખ થઇને તૃતીય અવસ્થાનાં કર્તવ્યો કરવાં, કારણકે જે મહત્ત્વનાં કાર્યો એ અવસ્થામાં મનુષ્યે કરવાનાં છે તે એકલી વિદ્યાથી જ નહિ પરન્તુ સચ્ચારિત્ર્યથી જ થઇ શકે છે. પરાર્થ કરવો, સમાજની સેવા કરવી, પરોપકાર અર્થે જીવન ગાળવું, પોતાના મર્યાદિત કુટુંબની સેવા ગૃહસ્થાશ્રમમાં કર્યા પછી સેવાનું વર્તુલ વિસ્તારીને સમાજને-જનતાને પોતાના કુટુંબરૂપ માની તેની સેવામાં ઉદ્યત થવું: એવો કર્તવ્યનો અંગુલિનિર્દેશ કરતાં ગ્રંથકાર સેવાધર્મની મહત્તા ગાય છે, સેવાના જૂદાં જૂદાં ક્ષેત્રોનું દર્શન કરાવે છે, સેવા કરવાની પદ્ધતિનું સૂચન કરે છે અને એ રીતે સેવા બજાવતાં મનુષ્યનું આધ્યાત્મિક હિત કેવું સધાય છે તે પણ દર્શાવે છે. તેમાં પહેલા આ પરિચ્છેદમાં સેવાધર્મની પ્રસ્તાવના કરે છે. ]

सेवाधर्मः । २८ ॥

**यद्देशीयजलानिलैर्वपुरिदं संधारितं पोषितं ।**
**यच्छिक्षाव्यवहारतो निपुणता बुद्धेः समासादिता ॥**
**यस्माज्जीवनसाधनानि वसनाऽन्नादीनि लब्धानि वा ।**
**तेषां प्रत्युपकारिणी सुमनुजाः सेवा समाश्रीयताम् ॥**

સેવાધર્મ.

**ભાવાર્થ**—જે દેશનાં હવાપાણીથી આ શરીર પોષાયું હોય કે ધારણ થયું હોય, જે સમાજના શિક્ષણથી કે વ્યવહારથી બુદ્ધિમાં નિપુણતા આવી હોય, જે લોકોની પાસેથી જીવનનાં સાધનો અન્ન અને વસ્ત્રાદિક પ્રાપ્ત થયાં હોય, તેમના ઉપકારનો બદલો વાળવાને સારા માણસોએ પોતાથી બનતી રીતે તેમની સેવા બજાવવી જોઇએ. (૨૮)

**વિવેચન**–મહાભારતના શાન્તિપર્વમાં કહ્યું છે કે:–" **दुःखादुद्विजते सर्वः सर्वस्य सुखमीप्सितम्।** અર્થાત્–દુઃખનો સર્વને કંટાળો આવે છે અને સુખને સર્વ કોઈ વાંચ્છે છે. આપણે સુખને માટે યત્ન કરીએ છીએ તેમ બીજાઓ પણ પોતાના સુખને માટે યત્ન કરે છે. એ પ્રમાણે સૌ જો પોતપોતાના સુખને માટે યત્ન કરતા હોય તો તે એક પ્રકારનો સ્વાર્થવાદ થયો. જ્યાં સ્વાર્થવાદ પ્રચલિત હોય, ત્યાં પરાર્થવાદનો કિંવા સેવાધર્મનો સંભવ શો ? બૃહદારણ્યક ઉપનિષદ્‌માં **યાજ્ઞવલ્ક્ય** અને તેની સ્ત્રી **મૈત્રેયીના** સંવાદમાં **મૈત્રેયીના** પ્રશ્નનો ઉત્તર આપતાં **યાજ્ઞવલ્ક્ય** કહે છે કે: "**મૈત્રેયી!** સ્ત્રીને પતિ પ્રિય હોય છે તે પતિને ખાતર નહિ, પરન્તુ પોતાના આત્માની પ્રીતિને અર્થે જ તે પ્રિય હોય છે. તે જ પ્રમાણે માતા–પિતાને પુત્ર, પુત્રને માટે પ્રિય હોતો નથી પરન્તુ પોતાના સ્વાર્થને માટે જ તેના ઉપર માતા-પિતા પ્રેમ કરે છે." **आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति**–આત્મપ્રીતિ અર્થે જ સર્વ વસ્તુઓ આપણને પ્રિય હોય છે. આ પ્રમાણે જ્યાં પરાર્થસાધના પ્રકટ હોય છે, ત્યાં પણ વિદ્વાનો સ્વાર્થની ઘટના દર્શાવે છે. **હૉબ્સ** નામનો એક અંગ્રેજ વિદ્વાન પણ દરેક કૃતિમાં મનુષ્યનો નિકટનો કે દૂરનો સ્વાર્થ પ્રતિપાદન કરે છે. મી. **હ્યુમ** પોતાના એક નિબંધ 'Of the Dignity or Meanness of Human Nature' માં કહે છે: "What say you of natural affection? Is that also a species of self-love? Yes; All is self-love. Your children are loved only because they are yours. Your friend for a like reason. And your country engages you only so far as it has a connection with your self." મી. હ્યુમના કથનનું તાત્પર્ય એ છે કે કુદરતી પ્રેમને વશ થઈને કોઈ પ્રેમ કરતું નથી પરન્તુ આત્મપ્રીત્યર્થે જ પ્રેમ કરે છે. તમે તમારાં બાળકો કે મિત્રો કે દેશને ચાહો છો, તેનું કારણ એ છે કે તમે તમારી જાતને –તમારા આત્માને ચાહો છો, અને એ રીતે સ્વાર્થ પૂરતો જ તમારા પ્રેમનો સંબંધ છે. આ સિદ્ધાન્ત પ્રતિપાદન કરનારાઓ તો એટલે સુધી

કહે છે તમે કોઈ દુઃખી જનને દુઃખમાંથી મુક્ત કરો છો અને તેને તમે ધન આપો છો કે તમારા શરીર વડે તેનું દુઃખ કાપો છો તેમાં પણ તમારો સ્વાર્થ છે. તમે એક મનુષ્યને દુઃખી જોઈને દુઃખ પામો છો અને તમારૂં હૃદય બળે છે. એ હૃદયનો દાહ દૂર કરવાના સ્વાર્થથી તમે દુઃખીને હર કોઈ પ્રકારની મદદ કરો છો અને તમારો સ્વાર્થ સાધી લો છો! આ પ્રમાણે હૉબ્સ, હ્યુમ વગેરે વિદ્વાનો સેવાધર્મમાં પણ સ્વાર્થવૃત્તિ જુએ છે. વેદાંતીઓ स्वનો અર્થ 'આત્મા' કરી અધ્યાત્મદષ્ટિથી પોતાના એક આત્મામાં સર્વ ભૂતોનો અને સર્વ ભૂતોનો પોતાના આત્મામાં સામાવેશ કરી સ્વાર્થ અને પરાર્થમાં રહેલા દ્વૈતભાવનો નાશ કરી બતાવે છે, અને કહે છે કે પરોપકાર એ સ્વાર્થ હોય તોપણ આખા જગતના પ્રત્યેક પરમાણુનો હિતસંબંધ તેની સાથે રહેલો છે. 'સ્વાર્થ' શબ્દનો આવો સૂક્ષ્મ અર્થ કરવો એ ભલે સયુક્તિક હોય પરન્તુ તેથી સમાજને તેના હિતમાર્ગનું દર્શન કરાવી શકાય તેમ નથી. જે પોતાના આત્મામાં સર્વ ભૂતોને અને સર્વ ભૂતોમાં પોતાને જોતો હોય, वसुधैव कुटुम्बकम्ના તત્ત્વને હસ્તામલકવત્ જોનારો તેમ જ અનુભવનારો હોય, તેવા મનુષ્યને તો પરાર્થ કે પરોપકાર કરવાના ઉપદેશની પણ જરૂર રહેતી નથી. તેનાં જ્ઞાનચક્ષુઓ એટલાં ખુલેલાં હોય છે કે તે પોતે જ ઉપદેષ્ટા થઈ લોકોને જગતના કલ્યાણને માર્ગે ચડાવવા સમર્થ હોય છે. અહીં ગ્રંથકારને તૃતીય અવસ્થામાં વિહરતા મનુષ્યને તેના કર્તવ્યનો ધર્મ સમજાવવાનો હોવાથી તે મનુષ્યને પોતાનું જગત્ પ્રત્યેનું ઋણ અદા કરી ઋણમુક્ત થવાનું કહે છે. જે દેશનાં હવાપાણીથી પોતાના દેહનું પોષણ થયું હોય, જે સમાજના શિક્ષણ કે વહેવારથી બુદ્ધિ ખીલી હોય અને જેઓની પાસેથી નિર્વાહનાં સાધનો પ્રાપ્ત થયાં હોય તેઓની પ્રત્યે અદા કરવાનું કરજ મનુષ્યે કેવી વીતે ફેડવું? ગ્રંથકાર કહે છે કે तेषां प्रत्युपकारिणी सेवा समाश्रीयताम्–તે તે ઉપકારીઓ પ્રત્યે પ્રત્યુપકારરૂપ સેવા બજાવવી જોઇએ. તેટલા માટે કહ્યું છે કે:

**धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।**
**तन्निमित्तो वरं त्यागो विनाशे नियते सति ॥**

અર્થાત્—ડાહ્યા મનુષ્યે ધન-જીવનાદિને પરાર્થે ત્યજવાં જોઈએ: વિનાશ આવી પહોંચે તે પહેલાં પરાર્થે તેનો ત્યાગ કરવો એ જ યુક્ત છે. પરાર્થ કિંવા સેવાધર્મને નીતિમાં સ્થાન મળ્યું છે તેનું કારણ એ છે કે કેવળ પોતાના સ્થૂલ સ્વાર્થથી પ્રેરાઈ મનુષ્યો જો પરહિતનો વિચાર કરતા નથી તો તેઓ પોતાનું કરજ નહિ ફેડવાને લીધે છેવટે દેવાળું કાઢવાની સ્થિતિમાં જ આવી પડે છે. જે દેશનાં મનુષ્યો આવી સ્વાર્થ-વૃત્તિથી પ્રેરાઈને પોતાના સંબંધીઓનું, સમાજનું કે દેશનું હિત કરવામાં તત્પર રહેતા નથી તેઓ વિનાશની નજીક ખેંચાઈ જાય છે તેનું કારણ એ છે કે તેઓ પોતાનું કુદરતી કરજ નહિ ફેડી શકવાથી દેવાળું કાઢવાની અણીપર હોય છે. પરાર્થસાધના નીતિમાં સ્થાન પામી છે અને જનસમાજને કર્તવ્યપાલનમાં ઉદ્યુક્ત કરવા માટે એ સ્થાન વાજબી રીતે આપવામાં આવ્યું છે. (૨૮)

[પરાર્થવૃત્તિ જગત્‌માં બધે કેવી રીતે વ્યાપી રહી છે અને તેથી લેતી-દેતીના વહેવાર મુજબ જગત્‌ના સર્વ જીવોનો વહેવાર કેવી રીતે ચાલે છે તે નીચેના શ્લોકમાં ઉદાહરણો વડે દર્શાવવામાં આવ્યું છે.]

### प्रत्युपकारवृत्तेर्व्यापकता । २९ ॥

**वृक्षाः पोषणकारकाय ददति स्वाद्यं सुपक्वं फलं।**
**जग्ध्वा शुष्कतृणानि दुग्धममलं गावोऽर्पयन्त्यन्वहम् ॥**
**रे श्वानोऽप्युपकारकस्य निलयं नो विस्मरन्ति क्षणं।**
**हन्यात्प्रत्युपकारसिद्धनियमं धीमान्मनुष्यः कथम् ॥**

### પ્રત્યુપકારવૃત્તિનું વ્યાપકપણું.

**ભાવાર્થ**—વૃક્ષો પોષણ કરનારને પરિપકવ સ્વાદિષ્ટ ફલ આપે છે. ગાયો સૂકું ઘાસ ખાઇને દરરોજ નિર્મલ દૂધ દે છે. અરે! કૂતરાઓ પણ ઉપકારી માણસનું ઘર એક ક્ષણ પણ ભૂલી જતા નથી અર્થાત્ તેના

ઘરનું રક્ષણ કરે છે. આમ જ્યારે ચરાચર જીવોમાં પણ પ્રત્યુપકાર વૃત્તિ જોવામાં આવે છે, ત્યારે બુદ્ધિમાન્ મનુષ્ય શું પ્રત્યુપકારના વ્યાપક નિયમનો ભંગ કરશે ? નહિ જ. (૨૯)

**વિવેચન**—પોતા ઉપર ઉપકાર કરનાર ઉપર સામો ઉપકાર કરવો એ પ્રત્યુપકાર વૃત્તિ કહેવાય છે; કેટલાકો તેને પરોપકાર કહે છે, પરન્તુ વસ્તુતઃ તેને પ્રત્યુપકાર કહેવો તે વધારે યુક્ત છે. ફળની આશા વિના ઉપકાર કરવો એ પરોપકાર છે, પરન્તુ એવા પ્રકારનો નિષ્કામ ઉપકાર કરવાનું શિક્ષણ સમાજમાં ત્યારેજ પ્રસરે કે જ્યારે એ પરોપકારમાં વસ્તુતઃ પોતાનું ઋણ અદા કરવા જેવો પ્રત્યુપકાર રહેલો છે એવું લોકોના ધ્યાનમાં ઉતારવામાં આવે. કોઇ આપણા પ્રત્યે ઉપકાર કરે તોપણ તે ઉપકાર કરનારે તો એમજ સમજવું જોઈએ કે પોતે પ્રત્યુપકારજ કરે છે અર્થાત પોતાનું ઋણ અદા કરે છે. એ ઋણ પોતાની દૃષ્ટિ સમીપે નહિ હોવા છતાં કુદરતે બજાવવાની સોંપેલી ફરજ એ પ્રત્યેક મનુષ્યનું ઋણ છે એમ સમજીનેજ તેણે એ ઋણ અદા કરવું જોઈએ. તેજરીતે પ્રત્યક્ષ ઉપકારનો બદલો વાળનાર—સામો ઉપકાર કરનાર પણ પ્રત્યુપકારદ્વારા ઋણજ અદા કરે છે. આવો પ્રત્યુપકાર દુનિયાનો પ્રત્યેક પદાર્થ અને પ્રાણી કરે છે, તેથી જ દુનિયાનો વ્યવહાર સારી રીતે ચાલે છે. એ પ્રત્યુ-પકાર વૃત્તિ કેટલી વ્યાપક છે—પ્રત્યેક વસ્તુ કે પ્રાણીમાં પોતાનું ઋણ અદા કરવાનો ખ્યાલ કેટલો બળવત્તર છે તે ગ્રંથકાર બતાવે છે કે—વૃક્ષો પોતાનું પોષણ કરનારને પાકાં ફળ આપે છે, ગાયો પોતાના પાલકને દૂધ આપે છે અને કૂતરાઓ પણ પોતાના પાલકના ઘરનું રક્ષણ કરે છે. હવે એ જ રીતે બીજી બાજુએથી વિચારીએ તો પોતાને ફળ આપનાર વૃક્ષોને લોકો પાણી પાય છે અને ખાતર પૂરે છે, દૂધ આપનાર ગાયને લોકો ખોરાક આપે છે અને ઘરનું રક્ષણ કરનાર કૂતરાઓને રોટલો ખવાડે છે; આ પ્રમાણે જનાવરો અને મનુષ્યો પરસ્પર પ્રત્યુપકાર કરે છે.

**શંકા**—એક કૂતરો આપણા ઘરનું રક્ષણ ન કરતો હોય છતાં આપણે તેને રોટલો ખવાડીએ તો તે પણ શું પ્રત્યુપકાર કહેવાય ?

**સમાધાન**—હા. કુદરતે એક જ કૂતરા પ્રત્યેનું તમારૂં નહિ પણ આખી કૂતરાની જાતિ પ્રત્યેનું બલકે બધાં જાનવરો પ્રત્યેનું તમારૂં કર્તવ્ય ઠરાવી રાખેલું છે. એ કર્તવ્ય બજાવતાં તમે તમારૂં કરજ ચૂકવો છો. કૂતરાની જાતિના બલકે બધાં જાનવરોના તમારી ઉપર જે ઉપકારો છે તેના બદલામાં તમારી મનુષ્યજાતિએ પણ પ્રત્યુપકાર કરવો ઘટે. એ ઋણ અદા નહિ કરીને જીવવું તે જીવવું નથી, પરન્તુ પ્રત્યુપકાર કરતાં જીવવું એ જ ખરૂં જીવવું છે. કહ્યું છે કે—

**आत्मार्थं जीवलोकेऽस्मिन्को न जीवति मानवः ।**
**परं परोपकारार्थं यो जीवति स जीवति ॥**

અર્થાત્—આત્માર્થે તો આ દુનિયામાં કયો માણસ જીવતો નથી? પરન્તુ પરોપકારાર્થે જીવનાર જ ખરૂં જીવન જીવ્યો કહેવાય. (૨૯)

[परोपकाराय फलन्ति वृक्षाः ॥ વૃક્ષનું પરાર્થજીવન અને તેની પ્રત્યુપકાર વૃત્તિ કેવાં આદર્શ છે તે બતાવવા માટે નીચેના બે શ્લોકોમાં ગ્રંથકારે વૃક્ષ પ્રત્યે અન્યોક્તિ કરી છે.]

वृक्षस्य परार्थजीवनम् । ३० । ३१ ॥

**त्वं सर्वावयवैर्गदं हरसि भो! निष्पाद्य भैषज्यकं ।**
**पत्रैः पोषयसे सदा पशुगणान् दुर्भिक्षकाले नरान् ॥**
**युज्यन्ते कुसुमानि ते प्रतिदिनं सत्कारपूजाविधौ ।**
**काष्ठं ते कृषिनौ गृहान्नपचने त्वग् युज्यते वल्कले ॥**
**यष्ट्याद्यैरपकारिणामपि फलं मिष्टं ददासि द्रुतं ।**
**पान्थानां तु पथःश्रमं हरसि वा त्वं छायया शीतया ॥**
**वृष्ट्याकर्षकवायुशुद्धिजनकः शीताऽऽतपादेः सहः ।**
**केनेदं तव शिक्षितं तरुवर प्राच्यं परार्थं व्रतम् ॥**

युग्मम् ॥

## વૃક્ષનું પરાર્થ જીવન.

**ભાવાર્થ**—હે તરૂવર ! તું પત્ર, મૂળ, છાલ, વગેરે તારા સર્વ અવયવોથી ઔષધરૂપે બની મનુષ્યોના રોગને હરે છે, દુકાળ જેવા વખતમાં મનુષ્યોને અને પશુઓને પાંદડાંથી પોષણ આપે છે, તારાં ફૂલો મનુષ્યોનો સત્કાર કરવામાં અને પૂજનવિધિમાં દરરોજ વપરાય છે, તારાં લાકડાં ખેતીના કામમાં, વહાણ બનાવવામાં, ઘર બાંધવામાં, અને રસોઈ પકાવવામાં વપરાય છે, તારી છાલ વલ્કલ ચીવર બનાવવામાં કામ આવે છે; જે માણસો લાકડી કે પથરાથી તારો અપકાર કરે છે તેને પણ તું મીઠાં ફળ આપે છે, તારી શીતળ છાયાવડે મુસાફરોના પંથના શ્રમને તું દૂર કરે છે, વૃષ્ટિનું આકર્ષણ કરે છે, વાયુને શુદ્ધ બનાવે છે, શીત તાપ સહન કરીને પણ જનસમાજ ઉપર આટલો ઉપકાર કરે છે : આ પરમાર્થ વ્રત તને કોણે શીખવ્યું ? ( ૩૦–૩૧ )

**વિવેચન**—આ અન્યોક્તિવડે વૃક્ષની ઉપયોગિતાનું સૂચન કરવા ઉપરાંત તેના પરાર્થ જીવનનો ખ્યાલ આપવામાં આવ્યો છે. વૃક્ષનાં પાંદડાં, મૂળીયાં, છાલ, લાકડાં, ફળ–ફૂલ, તેમાંથી ઝરતો રસ–ગુંદ–લાખ વગેરે સઘળું મનુષ્યોના તેમજ ઈતર પ્રાણીઓના ઉપયોગમાં આવે છે જ; કહ્યું છે કે—

**अहो एषां वरं जन्म सर्वप्राण्युपजोवनम् ।**
**धन्या महीरुहा येभ्यो निराशा यान्ति नार्थिनः ॥**

અર્થાત્—વૃક્ષો બધાં પ્રાણીઓના જીવનનિર્વાહ માટે ઉપયોગી થાય છે, અને તેની પાસે આશા ધારણ કરીને જનાર કોઈ પણ પ્રાણી નિરાશ થતું નથી. પરન્તુ તેની આ ઉપયોગિતા ઉપરાંત તેનું પરાર્થ જીવનનું વ્રત કેટલું કટ્ટર છે ? તેને પત્થર મારનાર–તેનો અપકાર કરનારને પણ તે તો ફળ આપીને સામો ઉપકાર જ કરે છે. પોતાના પરાર્થ જીવનની પૂર્તિને માટે તે શીત કાળમાં કે ઉષ્ણ કાળમાં શીત–તાપ સહન કરીને તપશ્ચર્યા આદરે છે અને જીવનપર્યંત પરાર્થ જ કરે છે. જે મનુષ્યો પણ ખરા પ્રત્યુપકાર વૃત્તિવાળા છે તેઓ સામા માણસના અપકારની કે ઉપકાર કરવામાં વેઠવી પડી હરકતો તથા સેવવી પડતી તપશ્ચર્યાની પરવા કર્યા

વિના જ પ્રત્યુપકાર કરે છે. स्वार्थो यस्य परार्थ एव सः पुमानेकः सतामग्रणीः एટલે કે પરાર્થ એજ જેનો સ્વાર્થ છે એ મનુષ્ય જ સત્પુરૂષોમાં હમેશાં અગ્રણી કહેવાય છે. વૃક્ષનો સ્વાર્થ એજ પરાર્થ છે, અને તેથી તેને ધન્યવાદ આપતાં ગ્રંથકાર પૂછે છે કે, હે વૃક્ષ! આવું પરાર્થવ્રત તું કોની પાસેથી શીખ્યું ? ( ૩૦–૩૧ )

[ કુદરતી વિભૂતિરૂપ સૂર્યાદિની પરોપકારિતા હવે વર્ણવે છે ].

**परोपकारार्थमेव सद्वस्तूनामस्तित्वम् । ३२ ॥**

**सूर्यो भ्राम्यति नाशनाय तमसो लोकोपकाराय च ।**
**मेघो वर्षति वाति वायुरमलः कालादिमर्यादितः ॥**
**नद्यो भूमितले वहन्ति नितरां नृणां हरन्त्यो मलं ।**
**सद्भावोद्भवनं परार्थमवनौ प्रायेण विज्ञायते ॥**

**ઉચ્ચ વસ્તુઓની હયાતી પરોપકારને માટે જ છે.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—અંધકારનો નાશ કરવાને અને લોકોને ગરમી આપી જીવન નભાવવાને સૂર્ય પરિભ્રમણ કરે છે, વરસાદ વરસે છે, નિર્મળ વાયુ ઋતુની મર્યાદા પ્રમાણે વાય છે, મનુષ્યોના મેલને દૂર કરતી નદીઓ પૃથ્વીના પટ ઉપર હમેશ વહે છે: આ બધું જોતાં પૃથ્વી ઉપર સારી વસ્તુઓનું અસ્તિત્વ ઘણે ભાગે પરોપકાર અર્થે જ હોય એમ જણાય છે. એ તો કુદરતની જડ વિભૂતિની વાત થઇ; પરન્તુ ચૈતન્યવંત મનુષ્યોમાં સદ્‌વસ્તુરૂપ સજ્જનો હોય છે અને સૂર્ય, વરસાદ, ઋતુઓ વગેરેની તુલનામાં સજ્જનોનું અસ્તિત્વ પણ પરોપકારાર્થે જ ઘટે. સુભાષિતકાર તો એટલે સુધી કહે છે કે:

**रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जनाः ।**
**एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥**

અર્થાત્—સૂર્ય, ચંદ્ર, વરસાદ, વૃક્ષો, નદી, ગાયો તેમ જ સજ્જનોને

તો વિધિએ આ કાળમાં પરોપકાર માટે જ નિર્માણ કર્યા છે. આ ઉપમાનથી સમજી શકાશે કે જે સ્થાન આ વિશ્વમાં સૂર્ય-ચંદ્રાદિ દૈવી વસ્તુઓનું છે, તેવું જ મહત્ત્વનું સ્થાન સજ્જનોનું છે. સજ્જનોને શિરે જગત્ બધા ઉપર ઉપકાર કરવાનો જ—ઉપકાર પાછળ પોતાનું સમસ્ત જીવન ખપાવવાનો ભાર રહેલો છે. અત્ર તો માત્ર જીવનની તૃતીય અવસ્થાને જ પરોપકાર—પ્રત્યુપકાર--સેવાધર્મમાં અર્પણ કરવાનો હેતુ રહેલો છે. એ અવસ્થામાં પણ એટલી સુજનતા જે ન આણી શકે તેવાઓની ઉપર કટાક્ષ કરતાં કહેવામાં આવ્યું છે કેઃ—

**तृणं चाहं वरं मन्ये नरादनुपकारीणः ।**
**घासो भूत्वा पशुन्पाति भीरून्पाति रणाङ्गणे ॥**

અર્થાત્—કેવળ અનુપકારી મનુષ્ય કરતાં તો એક તણખલું પણ સારૂં છે, કારણકે તે બિચારૂં ઘાસ કહેવાઇને પશુઓનું રક્ષણ કરે છે અને સમરાંગણમાં ભીરૂ જનોનું પણ રક્ષણ કરે છે--તાત્પર્ય કે ભીરૂઓ રણક્ષેત્રમાં વસ્તુતઃ 'ઘાસ' ખાતા કહેવાય છે તે એ તણખલારૂપ કહેવાતા ઘાસનો જ ઉપકાર છે! (૩૨)

[જાનવરોમાં પણ નૈસર્ગિક પરોપકાર વૃત્તિ રહેલી છે તેના દાખલા હવે આપવામાં આવે છે.]

**प्राणिनामपि परोपकारवृत्तिः । ३३ ॥**

**कौशेयं रचयन्ति सूक्ष्मकृमयो नक्तंदिवं यत्नतः ।**
**स्वादिष्ठं मधुमक्षिका मधुभरं संचिन्वते सन्ततम् ॥**
**मुक्ता बिभ्रति शुक्तयोऽपि जठरे कस्तूरिकां सन्मृगा ।**
**एतेषामसुधारिणामपि जनुर्लोकोपकारार्थकम् ॥**

**પ્રાણીઓમાં પણ પરોપકારવૃત્તિ.**

**ભાવાર્થ**—કોશેટાના સૂક્ષ્મ જંતુઓ રાત દિવસ યત્ન કરીને રેશમ

તૈયાર કરે છે, મધમાખી સતત ઉદ્યોગ કરીને સ્વાદિષ્ઠ મધનો સંચય કરે છે, છીપો પોતાના પેટમાં મોતી ધારણ કરે છે, કસ્તૂરીમૃગો કસ્તૂરી ઉત્પન્ન કરે છે : આ બધાં પ્રાણીઓનું જીવન શું સ્વાર્થ માટે છે? નહિ જ. કેવળ લોકોના ઉપકારને માટે જ. (૩૩)

**વિવેચન**—આ શ્લોકમાં પરોપકાર કરતાં પ્રાણીઓના જે દાખલા આપવામાં આવેલા છે, તે દાખલામાં પ્રત્યેક પ્રાણી પરોપકાર કરતાં પોતાના જીવનનો ભોગ આપે છે. રેશમના કીડાઓ રેશમનો કોશેટો બનાવે છે અને જ્યારે તેમાંના કીડાને ગરમ પાણીમાં નાંખી જીવનની આહુતિ આપવામાં આવે છે ત્યારે જ કોશેટાનું રેશમ ઉપયોગમાં આવી શકે છે. મધમાખીઓ રાત્રિદિવસ શ્રમ લઇને મધ એકઠું કરે છે, તેનો તેને કાંઈ ઉપયોગ હોતો નથી, પરન્તુ મનુષ્યો તે મધ લઇને તેનો ભોજનાદિમાં ઉપયોગ કરે છે, એ પણ માખીઓનો પરોપકાર છે. જ્યારે મધ પાડવામાં આવે છે ત્યારે અનેક માખીઓનો સંહાર થાય છે, અનેક માખીઓ મૂર્છિત થાય છે અને અનેક ઉડીને નાસી જાય છે. છીપોના ઉદરમાં મોતી પાકે છે પરન્તુ જ્યારે તેને ચીરીને તેમાંની માછલીને મારી નાંખવામાં આવે છે ત્યારે જ તે મોતી મનુષ્યને મળે છે, એટલે લોકોને માટે રત્ન પેદા કરનારી માછ-લીનો પરોપકાર પણ તેના જીવનને ભોગે જ સિદ્ધ થાય છે. કસ્તુરીમૃગની ડૂંટીમાં કસ્તુરી હોય છે, અને તે લોકોના ઉપયોગમાં આવે તે પહેલાં તેને પણ પોતાના જીવનની આહુતિ આપવી પડે છે. મૃગને માર્યા વિના કસ્તુરી મેળવી શકાતી નથી. આવાં કૃમિ, પશુ, પ્રાણી પરોપકાર કરતાં કરતાં મૃત્યુવશ થાય છે. આ દૃષ્ટાન્તોમાં ગ્રહણ કરવામાં આવેલાં પ્રાણીઓના જીવનમાં અનેક બીજાં દૃષ્ટિબિંદુઓ પણ રહેલાં છે. દાખલા તરીકે મધમાખીઓને 'ઉદ્યમ'ની મૂર્તિરૂપે અને પોતે મધ નહિ ખાતી હોવા છતાં તે લેવા જનારને ચટકો ભરવા તે દોડે છે તેથી તેની ઇર્ષ્યાથી ભરેલી લોભી સંગ્રાહક વૃત્તિની પ્રતિકૃતિરૂપે પ્રશંસવામાં તેમજ નિંદવામાં આવે છે. કસ્તુરીમૃગનો જીવ લેનારા પારાધિઓ તેને સંગીતથી લોભાવીને પાશમાં પાડી મારી નાંખે છે, તેથી કાનની કામી ઇંદ્રિય વડે થતી તેની

પરવશતાના દૃષ્ટાંત વડે ઇંદ્રિયનિગ્રહનો બોધ પણ કરવામાં આવે છે: પરન્તુ પ્રત્યેક પ્રાણીના જીવનની અનેક જૂદી જૂદી દિશાઓ હોય છે અને જૂદી જૂદી દિશાઓનાં જૂદાં જૂદાં દૃષ્ટિબિંદુઓ હોય છે; તેથી અત્ર ગ્રંથકારે બીજા દૃષ્ટિબિંદુઓને ગૌણ રાખી માત્ર તેમનાં જીવનમાં રહેલી પરોપકારિતાને પ્રધાન સ્વરૂપ આપેલું છે. આવાં પ્રાણીઓનાં સમસ્ત જીવન પરોપકારમાં પસાર થાય છે, અને મૃત્યુ પણ પરોપકાર અર્થે જ થાય છે, ત્યારે મનુષ્યને તો વિદ્યાર્થીકાળ તથા ગૃહસ્થાશ્રમમાં અર્ધું જીવન ગાળ્યા પછી ત્રીજી અવસ્થામાં પરાર્થે જીવન ગાળવાનું વિદ્વાનો તથા શાસ્ત્રકારો કહે છે. એટલો સેવાધર્મ પણ નહિ બજાવતાં જે મનુષ્યો કેવળ પરોપકાર-શૂન્ય જીવન ગાળે તથા બાંધી મૂઠીએ આવ્યા ને ખાલી હાથે ગયા સરખુ જીવન પૂરૂં કરે, તેમને માટે તો યોગ્ય કહેવામાં આવ્યું છે કે, परोपकारशून्यस्य धिङ्मनुष्यस्य जीवनम् પરોપકારશૂન્ય જીવન ગાળનાર મનુષ્યને ધિક્કાર છે! (૩૩).

[ એ પ્રમાણે સેવાધર્મની મહત્તા તથા આવશ્યકતાનું કથન કરવામાં આવ્યા-બાદ ગ્રંથકાર એ ધર્મમાં પ્રવેશ કરવા માટેના દ્વારોનું નિદર્શન કરે છે. ]

## सेवाधर्मप्रवेशद्वाराणि । ३४ ॥

**सेवाधर्मपुरप्रवेशकरणे द्वाराणि चत्वारि वै ।**
**मैत्री सर्वजनैर्न केनचिदपि क्लेशस्तदाद्यं व्रतम् ॥**
**मोदोऽन्यस्य सुखेन यस्तदपरं द्वारं तृतीयं दया ।**
**दुःखाऽऽर्तेषु चतुर्थमुग्रकलुषे योपेक्षणाऽऽश्रीयते ॥**

## સેવાધર્મમાં પ્રવેશ કરવાનાં દ્વાર.

**ભાવાર્થ**—સેવાધર્મરૂપ નગરમાં પ્રવેશ કરવાનાં ચાર દ્વાર છે. કોઇની પણ સાથે ક્લેશ ન કરતાં સર્વ જનોની સાથે મૈત્રી રાખવી તે પ્રથમ દ્વાર; બીજાને સુખી દેખી ખુશી થવું તે બીજું દ્વાર; દુઃખી જીવો ઉપર દયા રાખવી

તે ત્રીજું દ્વાર અને પાપી જીવો ઉપર પણ દ્વેષ ન કરતાં તેમની ઉપેક્ષા કરવી અર્થાત્ સમજાવતાં ન સમજે તો તેનાથી તટસ્થ રહેવું તે ચોથું દ્વાર છે. (૩૪)

**વિવેચન**–सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः–અર્થાત્–સેવાધર્મ પરમ ગહન છે અને તે યોગીઓને પણ અગમ્ય છે. એવા પરમ ગહન ધર્મમાં યોગી નહિ એવા મનુષ્યોને દાખલ થવા માટેનો માર્ગ સુગમ્ય ક્યાંથી હોઇ શકે ? તથાપિ અભ્યાસ અને આયાસ વડે પ્રત્યેક કાય સિદ્ધ થઈ શકે છે; સેવાધર્મ પણ એક પ્રકારનો પરમ યોગ છે, તે માટેનું આધ્યાત્મિક શાસ્ત્ર છે અને શાસ્ત્રે દર્શાવેલા દ્વારે થઈને ગમન કરનારને એ યોગ સાધ્ય થાય છે. જનતાની અને જગતના પ્રત્યેક જીવની સેવા બજાવવી એ ભલે સ્થૂળ કાર્યોથી નીપજતી હોય, પરન્તુ સેવાબુદ્ધિથી જ્યાંસુધી અંતરંગ રંગાએલું હોતું નથી ત્યાં સુધી એ સ્થૂલ સેવા બજાવવામાં મનુષ્ય પ્રવૃત્ત જ થતો નથી. ખ્રિસ્તી ધમમાં તો સેવાધર્મને પ્રભુપ્રાપ્તિનો માર્ગ કહેલો છે. એક સ્થળે કહેલું છે કે–“ **They asked a great one, “How many ways are there to God?” He said, “There are as many ways as there are atoms in the Universe, but the best and shortest is Service.”** અર્થાત્—તેઓએ એક મહાત્માને પ્રશ્ન કર્યો કે પ્રભુપ્રાપ્તિ માટે કેટલા માર્ગો છે ? તેણે જવાબ આપ્યો કે–વિશ્વમાં જેટલા અણુ છે તેટલા માર્ગ છે, પરન્તુ ‘ સેવા ’ એ સર્વોત્તમ અને ટૂંકામાં ટૂંકો માર્ગ છે. આ ઉપરથી સમજી શકાશે કે સેવા બજાવનાર સેવક સેવાના આધ્યાત્મિક ગુણ વિનાનો હોય જ નહિ અને હોય તો તે સેવક ‘ સાચો ’ હોઇ શકે નહિ. સેવાધર્મ બજાવનારનું અંતરંગ સેવામાં જ લીન બની ગએલું–સેવાની જ ઝંખના કરનારૂં અને નિષ્કામ વૃત્તિથી, સ્વાર્થ ઉપર દૃષ્ટિ પણ નહિ રાખતાં કેવળ પરાર્થવૃત્તિથી, સ્વભાવપ્રેરિત બનીને સેવાને માર્ગે જનારૂં હોવું જોઇએ. આ સેવાધર્મરૂપી નગરમાં પ્રવેશ કરવા માટેનાં ચાર દ્વાર જ શાસ્ત્રમાં કહેલાં છે, અને તેનો નામનિર્દેશ ગ્રંથકારે આ શ્લોકમાં

કરેલો છે. એ ચાર દ્વાર જૂદી જૂદી દિશાએ આવેલાં નથી પરન્તુ એક જ દિશાએ આવેલાં છે, અને ચારેમાં થઇને પસાર થનાર જ સેવાધર્મરૂપ નગરમાં પ્રવેશ કરી શકે છે. આ ચાર દ્વારો કયાં ? ( ૧ ) મૈત્રી–Love towards equals ( ૨ ) મોદ–Love towards superiors, ( ૩ ) દયા–કરૂણા Love towards inferiors, અને ( ૪ ) ઉપેક્ષા-માધ્યસ્થ્ય–Indifference towards opposition. સમાન જીવો પ્રત્યે મૈત્રીભાવ, પોતાથી મોટાઓ તથા ઉચ્ચ ગુણોપેત જીવો પ્રત્યે આમોદ–પ્રમોદભાવ–તેઓને સુખી જોઇને પોતે પ્રમુદિત થવું એ વૃત્તિ, પોતાથી હલકા અથવા ગુણોમાં પામર જીવો પ્રત્યે કરૂણાભાવ અને પોતાની પ્રત્યે વિરોધ દાખવનારાઓ--શત્રુઓ વગેરે પ્રત્યે ઉપેક્ષાભાવ અથવા માધ્યસ્થ-ભાવ : એવા ચાર ગુણોની પ્રાપ્તિ કરવામાં જેઓ સમર્થ થયા નથી તેઓ સેવાધર્મ અંગીકાર કરી શકતા નથી અથવા જો કરે છે તો તેઓ સેવાના હેતુને પાર પાડી શકતા નથી. આ દુનિયામાં સર્વ જીવો કે સર્વ મનુષ્યો સમાન હોતા નથી. કોઇ આપણા જેવા, કોઇ આપણાથી મોટા, કોઈ નાના અને કોઈ આપણા વિરોધી પણ હોય છે. જ્યાંસુધી એ ચારે પ્રકારના જીવો કે મનુષ્યો પ્રત્યે સમાન ભાવ રાખવાને અંતરંગ કેળવાયું ન હોય ત્યાંસુધી આપણે સેવા કેવી રીતે બજાવી શકીએ ? આ સમાન ભાવની કેળવણી માટેના આ ચાર માર્ગો છે. આ માર્ગે પ્રયત્નપૂર્વક આગળ વધનાર સમાન ભાવ ધારણ કરનારો બને છે, અને પછી તેને હાથે જે સેવા બજાવાય છે તે સાચી સેવા નીવડે છે.

**દૃષ્ટાંત–સાચો** નામનો એક માળી હતો. તે અને તેની સ્ત્રી વૃદ્ધ થયાં, તેમને પેટે કાંઈ સંતાન નહોતું અને જીંદગીસુધી ખાઈ શકાય તેટલું ધન તેમની પાસે હતું. એક વર્ષે પૂરો વરસાદ પડ્યો નહિ અને દેશમાં દુકાળ પડ્યો. **સાચાએ** વિચાર્યું કે પોતે વૃદ્ધ થયો છે અને કાંઈ ધન રળવાની હવે જરૂર નથી તો આ દુકાળના વખતમાં લોકોનું કાંઈ ભલું પોતાને હાથે થાય તો ઠીક. આ વિચારથી તેણે પોતાના ગામથી દૂર ત્રણેક ગાઉ પર ઉંડા કુવાને કાંઠે પરબ બાંધી અને તે તથા તેની સ્ત્રી રાત દહાડો ત્યાં રહીને

વટેમાર્ગુઓને તથા ઢોર ઢાંખરને પાણી પાવા લાગ્યાં. **સાચા**ની સ્ત્રીએ સ્વામીના ઇરાદાને અનુકૂળ મત આપ્યો હતો એટલે તે પણ રાત દહાડો પરબમાં સ્વામીની પાસે રહેવા લાગી. તે કુવામાંથી પાણી સીંચતી અને માટલાં ભરતી. **સાચો** પણ પાણી ભરતો અને પાતો. પરન્તુ જે સેવા-બુદ્ધિ **સાચા**માં હતી તે તેની સ્ત્રીમાં નહોતી. કોઇ ઢેડનો છોકરો પરબે પાણી પીવા આવે તો સ્ત્રીના નાકનું ટીચકું ચડતું. પરબથી દૂર પાણી પાવા તેને જવું પડતું. પોતાના ગામનો કોઈ વટેમાર્ગુ પાણી પીવા આવતો અને તેની સાથે **સાચા**ની સ્ત્રીને કાંઈ અણબનાવ ભૂતકાળમાં થએલો હોય તો તે પાણી પાવા ઉઠતી જ નહિ અને **સાચો** સ્ત્રીના સ્વભાવને સમજીને પોતાની મેળે પ્રેમભાવથી પાણી પાવા ઉઠતો. તેના ગામનો કોઈ શેઠ કે ગરાસીયો પાણી પીવા આવતો ત્યારે સ્ત્રી તેની ખુશામત કરતી, અને કોઇ તરસ્યાં ઢોર આવતાં ત્યારે તેની મોજમાં આવે તો પાણી પાતી અને નહિ તો ચોખ્ખી ના કહેતી. **સાચા** માળીને પોતાની સ્ત્રીનો આ સ્વભાવ ગમતો નહોતો પણ કંકાસ નહિ થવા દેવાને તે મૌન રહેતો અને પોતાથી બનતી સેવા સર્વ કોઇની કરતો. એક વાર એક કુંભારનાં દસ ગધેડાં ઇંટો લાધેલાં નીકળ્યાં. કુંભારે પરબે આવીને ગધેડાંને થોડું પાણી પાવા માંગણી કરી, ત્યાં સ્ત્રી બોલી ઉઠી: “હજી માણસોને પાણી પહોંચતું નથી ત્યાં ગધેડાંને વળી પાણી શાનું ? જા, લઈ જા. તારે ગામ જઇને પાજે.” કુંભારે કહ્યું કે ગધેડાં બહુ તરસ્યાં છે ને થોડું પાણી પાશો તો જ ગામ ભેગાં થશે અને નહિતો મરી જશે. પણ સ્ત્રીએ માન્યું નહિ. **સાચા**ને દયા આવી અને તે પાણી પાવા ઉઠ્યો. તેણે પાણીની માટલી લઈ પાસે પડેલા કુંડામાં પાણી રેડવા માંડયું, ત્યાં સ્ત્રીએ તેના હાથમાંથી માટલી ઝુંટવી લીધી અને સ્વામીને ઠપકો દીધો. **સાચો** બહુ દુઃખી થયો. તે તુરત કુવાપર ગયો અને પાણી સીંચીને ગધેડાંને પાવા લાગ્યો. ગધેડાં બહુ તરસ્યાં હતાં. પાણી સીંચતાં તે થાકયો પરન્તુ તેની સેવાબુદ્ધિએ થાકને ગણકાર્યો નહિ. પાણી પાઈ રહીને તે પાછો પરબમાં આવ્યો અને જરા આરામ લેવાને સૂતો. તુરત તેને તાવ ચડયો અને રાત્રે તો મરણ પામ્યો.

બીજી બાજુએ તેની ક્રોધી સ્ત્રીએ પરબની ઓરડીમાં જઇને ફાંસો ખાધો હતો ! પોતાની ના ઉપરવટ થઇને સ્વામીએ ગધેડાંને પાણી પાવા માંડ્યું તેથી તે અભિમાનિની સ્ત્રીને બહુ ગુસ્સો ચડ્યો હતો અને તેથી તેણે એ દુષ્કર્મ કર્યું હતું. સાચાની સ્થૂળ સેવા અને તેની પાછળ રહેલી સેવાબુદ્ધિ કે જેમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા તથા માધ્યસ્થ્ય રહેલાં હતાં, અને તેથી ઉલટું તેની સ્ત્રીની વૈતરારૂપ સેવા કે જેની પાછળ સેવા-બુદ્ધિ તથા તેને યુક્ત આંતર્ ગુણો નહોતા, તે બેઉનું સ્વરૂપ બીજા દિવસના પ્રભાતમાં વટમાર્ગુઓના સમજવામાં આવ્યું. સાચો માળી ગરીબ કે તવંગર, નાના કે મોટા, ઢેડ કે બ્રાહ્મણ, ગાય કે કૂતરૂં ગમે તેવા પ્રાણી પ્રત્યે કેવી સેવાબુદ્ધિ ધરાવતો હતો અને તેમને પાણી પાઈ સંતુષ્ટ કરતો હતો, તથા તેની સ્ત્રી પાણી પાતી હતી છતાં તેની એ સેવાની પાછળ કેવી કટુતા, ભાવનાહીનતા વગેરે અવગુણો હતા, તે લોકો તો જાણતા જ હતા, પરન્તુ એક જ કામ કરનાર બેઉ જણાની સેવાનાં બે જૂદાં જૂદાં પરિણામો આવેલાં જોઇને તેમનું હૃદય દ્રવ્યું. ગામલોકોએ એકઠા થઇને બેઉનો અગ્નિસંસ્કાર કર્યો અને સાચાની પરબ જ્યાં હતી ત્યાં જ પાકી પરબ બંધાવી 'સાચા માળીની પરબ' ને નામે તેનું નામ અમર કર્યું. (૩૪)

## चतुर्थ परिच्छेद.

### સેવાધર્મ : મૈત્રી ભાવના.

[ પૂર્વે કહેલી ચાર ભાવનાઓમાં પહેલી મૈત્રી ભાવના વિષે વિવેચન કરવામાં આવે છે. મૈત્રી સ્થાપ્યા પૂર્વે વૈરબુદ્ધિનો ત્યાગ કરવાની આવશ્યકતા દર્શાવતાં ગ્રંથકાર વૈરના અનર્થોનું કથન કરે છે.]

**वैरत्यागः । ३५ ॥**

**वैरं दुःखदवानलोद्भवकरं चिन्तालताम्भोधरो ।**
**धर्माम्भोजहिमं महाभयखनिः कर्मप्रवाहाऽऽश्रयः ॥**

रागद्वेषमहीधराग्रशिखरं विक्षेपवंशोत्सवो ।
मैत्री संश्रयणार्थमुत्क्षिप हृदश्चैतत्समूलं द्रुतम् ॥

## વેરનો ત્યાગ.

**ભાવાર્થ**—કોઈની સાથે પણ વેર બાંધવું તે દુઃખરૂપી દાવાનલ અગ્નિને ઉત્પન્ન કરનાર છે, ચિંતારૂપ લતાને સિંચવામાં અંભોધર—મેઘરૂપ છે, ધર્મરૂપ કમળને બાળવામાં હિમરૂપ છે, મ્હોટા ભયની ખાણ છે, કર્મના ધોધને આશ્રય આપનાર છે, રાગદ્વેષ રૂપ પહાડનું મુખ્ય શિખર છે, વિક્ષેપની સંતતિને ઉત્સવ સમાન છે માટે મૈત્રી ભાવનાનો આશ્રય કરવાને વેરની જડને હૃદયમાંથી મૂલ સહિત જલ્દી ઉખેડી નાંખ. (૩૫)

**વિવેચન**—'વેર બાંધવું' એટલે પરસ્પર વૈરવૃત્તિ વધે એવું કૃત્ય કરવું. જગત્‌માં વૈર બાંધવાને પરિણામે મોટા અનર્થો થયાના પુષ્કળ દૃષ્ટાંતો મળે છે. **રાવણે રામ** સાથે વેર બાંધ્યું, કૌરવોએ પાંડવો સાથે વૈર બાંધ્યું, તેનાં કેવાં પરિણામો આવ્યાં તે જગત્ જાણે છે. દુઃખ, ચિંતા, ત્રાસ, પાપ, રાગદ્વેષ અને કુલપરંપરાગત વિક્ષેપ તેમાંથી જન્મ્યાં અને દુર્ગતિના ભાગી થવાના વૈરાંધ જનોને પ્રસંગો આવ્યા. ગીતામાં કહ્યું છે કે—न चापि वैरं वैरेण केशव व्युपशाम्यति અર્થાત્—વૈરથી વૈરનું શમન થતું જ નથી, પરન્તુ વૃદ્ધિ થાય છે. **વાલ્મિકિના** રામાયણમાં જણાવ્યા મુજબ જ્યારે **રાવણની** ઉત્તરક્રિયાનો પ્રસંગ આવ્યો ત્યારે તે ક્રિયા કરવાને **રામે વિભિષણને** સૂચના કરતાં કહ્યું હતું કે—मरणान्तानि वैराणि निवृत्तं नः प्रयोजनम् ॥ અર્થાત્—જ્યારે રાવણ મરણ પામ્યો ત્યારે જ તેના વૈરનો અંત આવ્યોઃ તેની વૈરબુદ્ધિ તે જીવતો હતો ત્યાંસુધી તો ટકી જઃ હવે તેનું મરણ થતાં અમારૂં યુદ્ધનું પ્રયોજન પણ પૂરૂં થયું. આ ઉપરથી સમજી શકાય છે કે વૈરનો અગ્નિ એક વાર પ્રજળ્યો અને જો તેને નવાં નવાં નિમિત્તો દ્વારા ખોરાક મળ્યા જ કરે તો તે અગ્નિ જીવનનો અંત આવતાં સુધી હોલવાતો જ નથી. આવા ભયાનક વૈરને ગ્રંથકારે દુઃખના દાવાનળને ઉત્પન્ન કરનાર, ચિંતા-

રૂપી લતાને સિંચનાર મેઘ, ધર્મરૂપી કમલને બાળનાર હિમ, ભયની ખાણ, કર્મના ધોધના આશ્રય રૂપ, રાગદ્વેષ રૂપ પહાડનું શિખર અને વિક્ષેપની સંતતિને ઉત્સવના સાધન તરીકે ઓળખાવીને યથાર્થ ઉક્તિ કરી છે. જ્યાં-સુધી એ વૈર બાંધવાની વૃત્તિને ચિત્તમાં સ્થાન મળ્યા કરે. ત્યાંસુધી **मित्ति मे सव्व भूएसु**—સર્વ ભૂતો પ્રત્યે મૈત્રી ધારણ કરવાનો ચિત્તવૃત્તિને અવકાશ જ ક્યાંથી મળે? શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે **निर्वैरः सर्वभूतेषु यः स मामेति पांडव**—હે પાંડવ ! જે સર્વ જીવો પ્રત્યે નિર્વૈર–વૈરરહિત વૃત્તિનો હોય છે તે જ મને–પ્રભુને પ્રાપ્ત કરે છે. એ કથનમાં પણ નિર્વૈરતાદ્વારા મૈત્રીરૂપ સમભાવનાનો જ ઉપદેશ રહેલો છે. 'માત્થી'ની વાર્તામાં ઇશુએ કહ્યું છે કે "તું તારા વૈરી ઉપર પ્રીતિ કર" અને "તને એક ગાલ ઉપર તમાચો મારે તેની પાસે તું તારો બીજો ગાલ ધર." જ્યાંસુધી નિર્વૈરતા દ્વારા મૈત્રીની ઉપાસના કરવામાં ન આવે ત્યાંસુધી **वसुधैव कुटुम्बकम्** ની ભાવના કિંવા આત્મૌપમ્ય ભાવ સિદ્ધ થતો નથી.

**શંકા**—હમેશાં વૈરબુદ્ધિથી જ વૈર બંધાતું નથી. સત્યવાદી મનુષ્ય સત્ય બોલે કે સત્યાચરણ કરે તોપણ દુર્જન તેની ઉપર વૈર ધારણ કરે છે. એવા દુર્જનના વૈરને જીતીને તેની મૈત્રી બાંધવી તે કેમ બને?

**સમાધાન**—ગ્રંથકારે અત્ર મૈત્રી ભાવનાનું હૃદયમાં સ્થાપન કરવાનો બોધ કરતાં કહેલું છે કે વૈરની જડને હૃદયમાંથી જલ્દી ઉખેડી નાંખ; અને તેમાં દુર્જનના વૈરને જીતવાનો પણ વિધિ અંતર્ગત છે. મૈત્રીની ભાવનાથી જો મનુષ્યનું હૃદય તરબોળ થએલું હોય છે તો તે દુર્જનનું વૈર પણ શમી જાય છે, એટલું એ હૃદયનું આકર્ષણ થાય છે. ઋષિ–મુનિઓના ખીલેલા આત્મબળ અને સમવૃત્તિના આકર્ષણથી સિંહ–વ્યાઘ્ર જેવા પણ પોતાની દુષ્ટતાને વિસરી જાય છે: માત્ર જે જરૂરનું છે તે મૈત્રી ભાવના હૃદયમાં જડાએલી હોવી જોઇએ, નહિ કે માત્ર વાણીમાં જ હોવી જોઇએ. હૃદયનો સદ્‌ગુણ હમેશાં દુર્ગુણ ઉપર જય મેળવે છે જ. 'ધમ્મપદ' નામના બૌદ્ધ ગ્રંથમાં પણ કહેલું છે કે—

**अक्कोधेन जिने क्कोधं असाधुं साधुना जिने ।**
**जिने कदरियं दानेनं सच्चेनालीकवादिनम् ॥**

અર્થાત્—બીજાના ક્રોધને આપણા અક્રોધથી–સમતાથી જીતવો, દુષ્ટ જનને આપણી સાધુતાથી જીતવો, કદ્રૂને દાનથી જીતવો અને અસત્યને સત્યથી જીતવું. વસ્તુતઃ દુર્જનના વૈરને પણ નિર્વૈરતાથી–મૈત્રી ભાવનાથી જીતી શકાય છે.

**દૃષ્ટાંત**—**સિંહઘોષ** અને **અશ્વઘોષ** નામના બે રાજાઓ હતા. **સિંહઘોષે** **અશ્વઘોષ** રાજાની ઉપર હલ્લો કરીને તેનું રાજ્ય જીતી લીધું અને **અશ્વઘોષને** પકડ્યો. **અશ્વઘોષનો** પુત્ર **રોહિતાશ્વ** તે સમયે પ્રવાસે ગયો હતો. **અશ્વઘોષને** કેદ કરવાથી તેની પ્રજાએ **સિંહઘોષ** સામે બંડ ઉઠાવ્યું એટલે **સિંહઘોષે** **અશ્વઘોષને** શૂળીએ ચડાવવાનો ઠરાવ કર્યો. જે વખતે તેને શૂળી પાસે લઈ જવામાં આવ્યો તે વખતે **રોહિતાશ્વ** પ્રવાસેથી આવ્યો અને વેશ બદલાવીને શૂળી પાસે ગયો. પિતાએ પુત્રને ઓળખ્યો. પ્રકટ રીતે તો તેની સાથે વાતચીત કરી શકે તેમ નહોતું, કારણકે તેમ કરવાથી **રોહિતાશ્વ** ખુલ્લો પડી જાય અને શત્રુ તેને મારી નાંખે, પરન્તુ **અશ્વઘોષે** શૂળીએ ચડતી વખતે લોકોને સંબોધીને વાગ્વિદગ્ધતાપૂર્વક પુત્રને સમજાવ્યું કે–" વૈરને લાંબું કરવું નહિ. " પિતાની આ શિખામણ માનીને **રોહિતાશ્વ** ચાલ્યો ગયો અને **અશ્વઘોષને** શૂળીએ ચડાવી મારી નાંખવામાં આવ્યો. **રોહિતાશ્વ** જંગલમાં ભટકવા લાગ્યો, પરંતુ તેને શાંતિ મળી નહિ. પિતાને શૂળીએ ચડાવનાર **સિંહઘોષને** કોઈ રીતે મારી નાંખ્યા વિના તેને શાંતિ મળે તેમ નહોતું. **રોહિતાશ્વ** વિદ્યાકળામાં નિપુણ હતો. તેણે હવે સંગીત-શાસ્ત્રીનો વેશ લીધો. **સિંહઘોષની** રાજસભામાં જઇને તેણે પોતાની સંગીત વિદ્યાથી રાજાને ખુશ કર્યો અને પોતાની ઓળખાણ દૂર દેશના સંગીત-શાસ્ત્રી તરીકેની આપી. **સિંહઘોષે** તેને પોતાની પુત્રીને સંગીત શિખવવા માટે નોકરીએ રાખ્યો. પોતાની વિદ્યા, ચતુરાઈ, વિનય, સરળતા, ભલમન-સાઈ વગેરે ગુણોથી એકાદ વર્ષમાં તો તે રાજાની પ્રીતિને પાત્ર થયો અને

રાજકુંવરીને સંગીત શીખવવા ઉપરાંત રાજાના હજુરી તરીકેની સેવા પણ બજાવવા લાગ્યો. એક વાર શિકારે જતાં રોહિતાશ્વ પણ રાજાની સાથે હતો. એક મૃગની પાછળ પડતાં રાજા અને રોહિતાશ્વ ઘણા દૂર નીકળી ગયા અને બીજું શિકારી મંડળ પાછળ રહી ગયું. રોહિતાશ્વની સૂચનાથી રાજા આરામ લેવાને તથા ઘોડાને થાક ખવરાવવાને એક વૃક્ષ હેઠળ થોભ્યા. રોહિતાશ્વે ઘોડાના પલાણમાંથી ગાદી કાઢી પાથરી અને રાજા રોહિતાશ્વના ખોળામાં માથું મૂકીને સૂતો તથા થોડી વારમાં ઉંઘી ગયો. રાજાને યમદ્વાર પહોંચાડવાનો આ સારો લાગ જોઇને રોહિતાશ્વે મ્યાનમાંથી તલ્વાર કાઢી અને રાજાના માથા નીચે કપડાનો મોટો ડૂચો મૂકી દઇને તે તેને મારવાને તૈયાર થઈ ગયો. ક્ષણભર તે થોભ્યો, એટલામાં તેને મરતી વખતનું પિતાનું વચન યાદ આવ્યું કે "વૈરને લાંબું કરવું નહિ." એ વિચાર આવતાં તેણે તલ્વારને તુરત મ્યાન કરી, પરન્તુ તે જ ક્ષણે રાજાની આંખ ઉઘડી ગઈ અને તેણે રોહિતાશ્વને તલ્વાર મ્યાન કરતો જોયો. રાજાએ રોહિતાશ્વને તલ્વાર કાઢવાનું કારણ પૂછ્યું એટલે તેણે ગદ્‌ગદ્ કંઠે પોતાનો અપરાધ કહ્યો, પોતાની ઓળખાણ આપી અને ફાંસીએ ચડતી વખતની પિતાની શિખામણની વાત કહી. સિંહઘોષ રોહિતાશ્વની સુજનતાથી જીતાઈ ગયો. તેને વિચાર થયો કે આ વખતે જરૂર રોહિતાશ્વ પોતા પર વૈર વાળી શકત એ નિઃસંશય છે, પરન્તુ પિતાની શિખામણને તેણે માન્ય રાખી મારા જેવા શત્રુને પણ જીવિતદાન દીધું તે કેવો સજ્જન કહેવાય ? અને મેં તેના પિતાને શૂળીએ ચડાવ્યો છતાં તેણે પુત્રને વૈર લાંબું ન કરવાની શિખામણ આપી, તે કેવો સદ્‌ગુણી રાજા કહેવાય ? આથી સિંહઘોષને અશ્વઘોષને શૂળીએ ચડાવવા માટે બહુ પસ્તાવો થયો અને પોતે કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત તેણે રોહિતાશ્વને તેના પિતાનું રાજ્ય પાછું આપવા ઉપરાંત પોતાની પુત્રી પરણાવીને કર્યું. નિર્વૈરતાથી શત્રુ પણ જીતાય છે તે આ દૃષ્ટાંત ઉપરથી માલમ પડે છે. (૩૫).

**[ હૃદયમાંથી વૈરબુદ્ધિનો નાશ કર્યા પછી મૈત્રી ભાવનાની ખીલવણી માટેનું બીજું પગથીઉં બતાવતાં હવે ગ્રંથકાર સર્વ જીવો પ્રત્યે ભ્રાતૃભાવ ધારણ કરવાનું ઉપદેશે છે. ]**

सर्वेऽपि भ्रातरः । ३६ ॥

**भ्रातृत्वेन भवान्तरेषु जनिताः सर्वेऽपि जीवाः पुरा ।
नैकोऽप्यस्ति तथाविधो न रचिता येनाऽत्र सम्बन्धिता
पुत्राः सन्त्यखिलाङ्गिनो भगवतः कर्तृत्ववादे पुन-
रेवंसत्यखिला जनाः समभवन् ते भ्रातरः सोदराः ॥**

### સર્વ જીવોની સાથે ભ્રાતૃભાવ.

**ભાવાર્થ**—આ જગતના સર્વ જીવો કોઇ ને કોઈ ભવમાં અગાઉ ભાઈ-રૂપે ઉત્પન્ન થઈ આવ્યા છે. એવો એક જીવ નથી કે જેની સાથે આપણે ઈષ્ટ સંબંધ જોડયો ન હોય. જે લોકો સૃષ્ટિના કર્ત્તા તરીકે ઈશ્વરને માને છે તેમને મતે તો જગતનાં તમામ પ્રાણીઓ ઈશ્વરના પુત્ર ઠર્યાં—એટલે કર્તાવાદી અને અકર્તાવાદી બંનેના મત પ્રમાણે તમામ જીવોને ભવાન્તરની અપેક્ષાએ તારા સહોદર ભાઈ કહી શકાય—અને ભાઈની સાથે વિરોધ કરવો તે અનુચિત. (૩૬)

**વિવેચન**—જગત્માં કોઇ એવું માને છે કે આ સૃષ્ટિ ઈશ્વરે રચી છે અને કોઈ એમ માને છે કે તે અનાદિ—અનંત છે; પરન્તુ બેઉ માન્યતા-વાળા એટલું તો માન્ય રાખે છે કે જગતના સર્વ જીવો પરસ્પર બંધુ સમાન છે. કવિ દલપતરામ જગતના સર્વ મનુષ્યોને 'એક પિતાના પરિવાર' તરીકે ઓળખાવતાં કહે છે કે—

" કાળા ગોરા કોઇ છે, ધનહીણા ધનવાન,
" કહો ન અધિકો કોઇને સઘળા એક સમાન."

પરન્તુ એ કવિની ઉક્તિને કે ધર્મગુરૂઓના ઉપદેશને અનુસરીને સર્વને બંધુ તુલ્ય લેખવાની સમબુદ્ધિ મનુષ્યે ખીલવવી જોઈએ અને ત્યારે જ તેની મૈત્રીભાવના ઉત્તરોત્તર વિકાસ પામતી જાય. જેઓ ઇશ્વરમાં સૃષ્ટિનું કર્તૃત્વ-આરોપે છે તેઓ એક પિતાના પુત્રો તરીકે જગતનાં મનુષ્યોને માન્ય રાખે

છે અને અકર્તૃત્વવાદીઓ તો તેથી પણ આગળ વધીને જગતનાં જંતુ માત્રને પોતાનાં બંધુ તુલ્ય સિદ્ધ કરે છે તે કેવી રીતે? જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે–

**न सा जाई न सा जोणी । न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुया जत्थ । सव्वे जीवा अणंतसो ॥**

અર્થાત્–લોકોમાં અનંતાનંત જીવો છે તે દરેક જીવની સાથે એકેક જીવે માબાપ, ભાઇ–ભગિની, પુત્ર–પુત્રી, સ્ત્રી, ઈત્યાદિ સગપણો અનંત વાર બાંધ્યાં છે; એવા સંબંધ વિનાનો એક પણ જીવ નથી. આવા સંબંધ-થી બંધાએલા જીવોને શત્રુ કે વૈરી લેખવા તે કેવળ અયુક્ત છે. તેઓની પ્રત્યે તો પ્રત્યેક મનુષ્યે ભ્રાતૃભાવ જ વિકસાવવો ઘટે. ઈહલોકની અને પરલોકની ગણત્રી કરીને જ જ્યાંસુધી દૃષ્ટિની વિષમતા ટાળવાનો યત્ન કરવામાં આવતો નથી ત્યાંસુધી દૃષ્ટિની વિષમતા પૂરી રીતે ટળતી નથી અને વસુધાને કુટુંબ માનવા જેવી મૈત્રીભાવના ખીલતી નથી.

**દૃષ્ટાંત**–જેઓ ઈહલોક–પરલોકની ગણત્રી કરતાં નથી, જેઓ વૈરને ટકાવી રાખતાં સમજતાં નથી કે એ વૈરજ્વાળા પોતાના ભાવી જન્મોને પણ દગ્ધ કરનારી નીવડશે, તેઓને માટે એક દૃષ્ટાંત આપવામાં આવે છે. એક ગામડામાં એક માછી રહેતો હતો. કાંઈ કામ પ્રસંગે શહેરમાં જતાં રસ્તામાં નદીકાંઠે ઝાડ ઉપર એણે પક્ષીનો માળો જોયો. તેમાં તેણે ઇંડાં જોયાં એટલે તેને તે ખાવાનું મન થયું, અને તે લઈને એ શહેરમાં ગયો. શહે-રમાં એક મિત્રને ત્યાં જઈ તેણે ઇંડાં પકવ્યાં અને ખાધાં, એમાંથી એક તેણે એના ભાઇબંધની છોકરીને આપ્યું. તેનો એ છોકરીને એવો સ્વાદ લાગ્યો કે તે દિવસથી એ છોકરી પાડોશીની મરઘીનાં ઇંડાં ચોરી લાવીને ખાતી. છોકરીને પોતાનાં ઇંડાં ખાતી જોઇને મરઘીને ક્રોધ આવ્યો અને એણે પ્રભુને એવી પ્રાર્થના કરી કે—“ હે ભગવાન્! આવતા જન્મમાં હું રાક્ષસી થાઉં અને આ છોકરીનાં સંતાન ખાઉં એમ કરજો.” કેટલાક દિવસ પછી એ મરઘી અને છોકરી બન્ને મરી ગયાં અને બન્ને એક જ ઘરમાં અવતર્યાં. મરઘી બિલાડી થઇ અને છોકરી મરઘી થઇ. મરઘી ઇંડાં

મૂકે તે બિલાડી ખાઇ જાય. આમ ઘણો વખત ચાલ્યું. આખરે મરઘીએ ચિડાઇને પરમેશ્વરને પ્રાર્થના કરી કે—"હે ભગવાન્! આવતા જન્મમાં હું આ બિલાડીને અને એનાં બચ્ચાંને ખાઉં એમ કરજો." કેટલેક દિવસે એ બિલાડી અને મરઘી બન્ને મરી ગયાં. બિલાડી હરણી થઇ અને મરઘી વાઘણ થઇ. વાઘણ એ હરણીને અને એનાં બચ્ચાંને ખાઇ ગઇ. એવી રીતે પાંચસો અવતાર તેઓ એક બીજા ઉપર વેર વાળતાં ચાલ્યાં. છેવટે **શ્રાવ-સ્તી** નગરીમાં એમાંની એક જણી છોકરી અને બીજી રાક્ષસી અવતરી; ત્યાં એક દહાડો **બુદ્ધદેવે** એમને જોયાં અને તેમને જન્મ જન્મ વૈર ન રાખવાને ઉપદેશ કર્યો. એ ઉપરથી સમજાશે કે વૈર કરતાં તેમજ મૈત્રી ધરતાં ઇહિલોક—પરલોક ઉભયનો વિચાર પૂરેપૂરો આવશ્યક છે, કારણકે એવા સંબંધો અવતાર—પરંપરાના પણ નીવડે છે. (૩૬)

[સર્વ જીવો પ્રત્યેની આવી ફરજ બજાવતાં કોઈ વાર કોઈનું અનિષ્ટ ચિંતવવા જેવો દોષ થાય તો તેથી મનની વૃત્તિ કલુષિત થાય અને ભાવના જેટલી ઉંચી ચડી હોય તેથી બમણી પાછી નીચે પડે. આવો દોષ થાય ત્યારે શું કરવું ? ગ્રંથ-કાર નિમ્ન શ્લોકમાં તે દોષનું નિવારણ બતાવે છે.]

### क्षमायाचनम् । ३७ ॥

**नानिष्टं मनसाऽपि चिन्त्यमखिलभ्रात्रात्मकप्राणिनां ।**
**किन्त्विष्टं मनसा धनेन वचसा कायेन कार्यं सदा ॥**
**येषां क्वाप्यजनि क्षतिः कथमपि त्वत्तोऽज्ञतायां तदा ।**
**तांस्त्वं शुद्धधिया क्षमापय मुदा सन्ध्याद्वये नित्यशः ॥**

### ક્ષમા માંગવી.

**ભાવાર્થ**—જ્યારે દરેક પ્રાણી ભાઇ સમાન છે ત્યારે તેનું મનથી પણ અનિષ્ટ ચિંતવવું નહિ કિન્તુ ધન, તન, મન અને વચનથી તેમનું હમેશ ઇષ્ટ કરવું જોઇએ. હે માનવ! તેમાંના કોઇ પણ પ્રાણીની કોઇ પણ

રીતે તારાથી અજાણપણે કંઇ પણ ક્ષતિ થઇ હોય તો સાંઝે અને સવારે એ સંધ્યાકાળે હમેશ શુદ્ધ બુદ્ધિથી તેમની પાસેથી ક્ષમા માંગ. (૩૭)

**વિવેચન**—પૂર્વે દર્શાવવામાં આવ્યું છે કે સર્વ મનુષ્ય પ્રાણીઓ ઉપરાંત સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના વિકસાવવાને તેમને આત્મૌપમ્ય વડે નિર્વૈરતાથી પોતા સમાન કિંવા પોતાના બંધુ સમાન લેખવા; પરંતુ વ્યવહારમાં વર્તતા મનુષ્યથી કોઈ કોઇ વાર મન-વચન-કાયાથી અજાણપણે પણ પરનું અહિત થઇ જાય છે. જેઓ જાણીજોઇને જ પોતાના ક્ષુદ્ર લાભને માટે પારકું અહિત કરે છે, તેમને મૈત્રી ભાવના વિકસાવવાનો બોધ કરવો તે એક કુંડામાં મીઠું ભરીને તેમાં ગુલાબનો છોડ વાવવા બરાબર છે, પરન્તુ જેઓએ ગૃહસ્થાશ્રમને છોડવાનો નિશ્ચય કર્યો છે, કિંવા જે મુમુક્ષુઓ હરકોઈ આશ્રમમાં કિંવા હરકોઈ વયે આત્મૌપમ્ય દૃષ્ટિ વા માનસિક સમતાને કેળવવાની જિજ્ઞાસાવાળા છે તેઓથી જ્યારે અજાણતાં પરના અહિતનું ચિંતન થઈ જાય છે, ત્યારે તેણે કેવી રીતે વર્તવું તેનું સૂચન કરવાનો ગ્રંથકારનો આ શ્લોક લખવામાં હેતુ છે. પ્રભાતમાં અને સાયંકાળે રાત્રિની અને દિવસની પોતાની પરિચર્યાનું સ્મરણ કરીને પોતે કયાં કયાં સારાં કિંવા કયાં કયાં માઠાં કાર્યો કર્યાં તે વિષે વિચારી દુષ્કૃત્યની આલોચના કરવી, જેમનું અહિત કર્યું હોય -થઇ ગયું હોય તેની મનઃપૂર્વક ક્ષમાપના યાચવી, પુનઃ તેવું કૃત્ય ન થઇ જાય તે માટે સાવધચિત્ત રહેવાનો નિશ્ચય કરવો, એટલું માનસિક ચિંતન પ્રમાદવશતઃ પતિત થતી મૈત્રી ભાવનાને પુનઃ ઉંચે ચડાવનારૂં નીવડે છે. પાપનું પ્રાયશ્ચિત્ત એ પશ્ચાત્તાપ છે અને ક્ષમાયાચના દુષ્કૃત્યના સાચા પશ્ચાત્તાપ વિના કરી શકાતી નથી, એટલે એ રીતે ક્ષમાયાચનાવડે પાપનું પ્રાયશ્ચિત્ત જ સધાય છે. જૈન ધર્મમાં આ ક્રિયાને પાપમાંથી પાછા હઠવા રૂપ-પ્રતિક્રમણ કહેવામાં આવે છે. બુદ્ધે પણ સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ કેળવવા માટે ક્ષમાયાચનાને આવશ્યક લેખી છે.

**દૃષ્ટાંત**—ક્ષમાપનાના તીવ્ર પાલનનું એક દૃષ્ટાંત છે. **પાટલીપુત્રના રાજા ઉદાયનના** રાણીવાસમાં **સુવર્ણગુલિકા** નામની એક અત્યંત સ્વરૂપ-

વતી દાસી હતી. એકદા ઉજ્જયિનીના રાજા **ચંડપ્રદ્યોતની** દષ્ટિએ તે પડી અને રાજા તેની ઉપર મોહિત થયો, પરન્તુ ઉદાયન રાજાએ તેની માંગણી સ્વીકારી નહિ; એટલે તેણે એ દાસીનું હરણ કરવાનો નિશ્ચય કર્યો. **ચંડપ્રદ્યોત** એક વાર હાથી પર બેસીને દાસીનું હરણ કરવા નિકળ્યો, પરન્તુ ઉદાયનને હાથ પકડાઈ ગયો અને ઉદાયને તેને કેદમાં પૂર્યો. સંવત્સરીનો દિવસ આવતાં ઉદાયન સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પહેલાં સૌને ખમાવવાની સાથે કેદીઓને પણ ખમાવવા ગયો. ખમાવતાં ખમાવતાં તે રાજા **ચંડ-પ્રદ્યોત** પાસે આવ્યો અને બોલ્યો: "મેં તમને કાયદા પ્રમાણે તમારા ગુન્હાની સજા કરી છે, પણ મારા મનમાં તમારી પ્રત્યે અંગત દ્વેષ નથી, માટે તમે ખમજો." **ચંડપ્રદ્યોતે** કહ્યું: "મને કેદમાંથી બહાર કાઢી તારી દાસી **સુવર્ણગુલિકા** પરણાવે તો જ હું ક્ષમા આપું. હું પણ શ્રાવક છું અને એથી મારે પણ પ્રતિક્રમણ થાય." ઉદાયને તેને બહુએ સમજાવ્યો પણ તે સમજ્યો નહિ. છેવટે "દાસીપતિ" એવા અક્ષરો પોતાના કપાળમાં ડંભાવવા ( ડામ દેવા ) ની શરતે તેને **સુવર્ણગુલિકા** પરણાવવાનું ઉદાયને કબૂલ કર્યું અને એ રીતે ખમતખામણાં કર્યાં. (૩૭)

[ હવે મૈત્રીભાવનો વિકાસ કેવે ક્રમે કરવો તે દર્શાવવામાં આવે છે. ]

**मैत्रीक्रमः । ३८ ॥**

**मैत्री कल्पलता प्रयाति विततिं शक्तेर्विकाशो यथा।**
**तस्यास्तिष्ठति मूलमात्मनिलये स्कन्धस्तु सम्बन्धिषु ॥**
**शाखा-देश-समाज-मानवगणे विस्तारमापद्यते।**
**सर्वप्राणिगणे तदीयशिखरं प्रान्ते जगद्व्याप्नुते ॥**

**મૈત્રીનો ક્રમ.**

**ભાવાર્થ**—જેમ જેમ માણસની શકિતનો વિકાશ થતો જાય, તેમ તેમ મૈત્રીરૂપ કલ્પલતા વિસ્તાર પામતી જાય. તે કલ્પલતાનું મૂળ પોતાના

ઘરમાં હોય છે, એટલે પ્રથમ ઘરથી શરૂ થાય છે; સગાં સંબંધીઓમાં તેનું સ્કંધ-થડ હોય છે, દેશ સમાજ અને મનુષ્ય માત્રમાં તેની શાખા વિસ્તરે છે, તેની ટોચ તો સર્વ પ્રાણીવર્ગમાં પહોંચે છે, અને આખર તે લતા આખા જગતને વ્યાપી રહે છે. (૩૮)

**વિવેચન**—અત્ર મૈત્રીના ક્રમનું દર્શન એક લતાના વિસ્તારની તુલનાથી કરાવવામાં આવ્યું છે. મૈત્રીને કલ્પલતા કહીને ગ્રંથકારે મૈત્રીને પ્રથમ પોતાના ગૃહથી શરૂ કરવાનું કહી પછી તેનું થડ, શાખા, અને ટોચનાં ડાંખળાં સગાં–સંબંધી, દેશ–સમાજ–મનુષ્ય પ્રાણી અને સર્વ પ્રાણી વર્ગ સુધી પહોંચાડવાનું સૂચન કરેલું છે. તાત્પર્ય એ છે કે મૈત્રી ભાવનાનો વિકાસ ક્રમે ક્રમે થાય છે. ઘરઆંગણે મૈત્રી કિંવા દૃષ્ટિની સમતા નહિ જાળવી શકનાર દેશસેવક કે સમાજસેવક થઈ શકતો નથી, અને તે વસુધાને કુટુંબરૂપ માનનારો સાધુ કે સંન્યાસી પણ થઈ શકતો નથી. કદાચ તેવો માણસ દેશસેવક કે સાધુ બને છે, તોપણ તેનામાં તે તે પદના ઉત્તમ ગુણો હોતા નથી અને તેથી પોતાનું વિહિત કર્તવ્ય બજાવી શકતો નથી. એક બલૂનમાં બેસીને ઉડનારો માણસ જેમ જેમ આકાશમાં ઉંચે ચડતો જાય છે, તેમ તેમ તેની દૃષ્ટિગોચર ક્ષિતિજનું વર્તુળ વધારે ને વધારે મોટું થતું જાય છે, તેવી જ રીતે મૈત્રી ભાવનામાં મનુષ્ય જેમ જેમ ઉંચો ચડતો જાય છે, તેમ તેમ તેનું મૈત્રીનું વર્તુળ લંબાતું જાય છે. તેટલા માટે મૈત્રીભાવનાનો વિકાસ કરવા ઇચ્છનારે ઘરઆંગણેથી જ તેની શરૂઆત કરવી જોઈએ. તૃતીય અવસ્થામાં જે વખતે સમાજ, દેશ કે સમગ્ર જનતાનું કલ્યાણ કરવાનું હોય છે, તે વખતે મૈત્રીનો ક્રમ શીખવાને માટે ઘરનાં મનુષ્યોથી શરૂઆત કરનાર માણસ જોઈએ તેવી રીતે આગળ વધી શકતો નથી, એટલે ગૃહાસ્થાશ્રમમાં જ કૌટુંબિક મૈત્રીભાવનાની તો પૂર્ણ કેળવણી કરી નાંખવામાં આવેલી હોવી જોઇએ; એટલે પછી તૃતીય અવસ્થામાં સમાજ અને દેશ પ્રત્યેની તથા આગળ જતાં જગતનાં પ્રાણીમાત્ર પ્રત્યેની મૈત્રી કેળવવાનો અને **एतामारुह्य निःश्रेणीं ब्रह्मलोके महीयते**—એ રીતે નિસરણી ચઢતાં ચઢતાં છેવટે બ્રહ્મલોકમાં પહોંચવાનો ઈપ્સિતાર્થ પૂરો થાય છે. મૈત્રી ભાવનાનો

વિકાસ અને તેના ક્રમના સંબંધમાં બુદ્ધનું કથન પણ આ વિચારોને અનુરૂપ જ છે. બૌદ્ધ ગ્રંથોમાં મૈત્રીભાવનાનું વિધાન કરતાં કહેવામાં આવ્યું છે કે–

**अत्तूपमाय सब्बेसं सत्तानं सुखकामतं ।**
**पस्सित्वा कमतो मेत्तं सब्बसत्तेसु भावये ॥**

અર્થાત્–આપણી પેઠે જ સર્વ પ્રાણી સુખની ઇચ્છા કરે છે, એમ સમજીને ક્રમે ક્રમે સર્વ પ્રત્યે મૈત્રીભાવ ઉત્પન્ન કરવો. આ સંબંધે વિશેષ ઉપદેશ બુદ્ધે 'કકચૂપમ સુત્ત'માં કરેલો છે. તે ઉપદેશનું તાત્પર્ય પણ–ક્રમે ક્રમે મૈત્રીભાવનાને વિસ્તારવાનું છે.

**દૃષ્ટાંત**—એક નવા ગ્રેજ્યુએટના મનમાં વિદ્યાર્થી અવસ્થાથી જ દેશની સેવા કરવાના વિચારો રમ્યા કરતા હતા, અને તેના મનમાં કાંઇ કાંઈ અભિલાષો ભરેલા હતા. તે બી. એ. ની પરીક્ષામાં પસાર થયો કે તુરત એક મોટા શહેરની 'વનિતાવિશ્રામ' જેવી સંસ્થામાં સેવાભાવનાથી નોકરી કરવાને તૈયાર થયો. વનિતાવિશ્રામ કાઢનાર વૃદ્ધ ધનવાન બાઈની પાસે તે ગયો અને તેણે પોતાનો નોકરી કરવાનો વિચાર જણાવ્યો. એટલે વૃદ્ધ બાઇએ પૂછ્યું: "વારૂ, તમે પગાર શો લેશો?" ગ્રેજ્યુએટ જુવાને જવાબ આપ્યો: "માત્ર પંદર રૂપિયા." બાઇએ પૂછ્યું: "તમે શું પરણેલા નથી?" જુવાને કહ્યું: "પરણેલો તો છું." "ત્યારે તમે બે માણસ પંદર રૂપિયામાં પૂરૂં કરી શકશો?" "હું માત્ર સેવાબુદ્ધિથી જ આપની સંસ્થામાં જોડાવા ઇચ્છું છું: મને ધનનો લોભ નથી." "ત્યારે તમે ગર્ભશ્રીમંત છો?" જુવાને કહ્યું: "નાજી, હું સામાન્ય સ્થિતિનો છું, પરન્તુ સ્ત્રીના પોષણ જેવી મારી સ્વાર્થી ભાવનાથી પ્રેરાઇને વનિતાવિશ્રામ જેવી લોકોપકારક સંસ્થા પાસેથી વધારે દ્રવ્ય લઉં એવું કશું મારી સેવાવૃત્તિને રૂચતું નથી. સ્ત્રી વળી હરકોઈ રીતે પોતાનું ઉદર ભરી લેશે." વૃદ્ધ બાઇને આવી સેવાભાવનાથી આશ્ચર્ય થયું. તેણે કહ્યું: "ત્યારે તમે કાલે તમારી સ્ત્રીને લઇને મારી પાસે આવજો." જુવાને કહ્યું: "પણ તે માંદી છે,

એટલે અહીં આવી શકશે નહિ." વૃદ્ધાએ પૂછ્યું: "વારૂ, તેને શું દર્દ છે ?" જુવાને કહ્યું: "તે તો કાંઈ મને ખબર નથી, પણ મારી માતા તેની માવજત સારી રીતે કરે છે." "કોની દવા કરો છો ?" જુવાને કહ્યું: "દવા તો કોઇની કરતાં જ હશે ને !" "વારૂ, મારી સંસ્થામાં અનેક ગરીબ કન્યાઓ, વિધવાઓ અને અશક્ત બાઇઓ છે; તેમની પ્રત્યે તમે સમાન દૃષ્ટિથી રહેશે તો–" જુવાન અધવચ બોલ્યો: "જરૂર, દેશનાં દુઃખી બાળકોને જોઇને મારા હૃદયને આજથી નહિ પણ હું જ્યારે કૉલેજમાં હતો ત્યારથી દુઃખ થતું હતું તેથી માત્ર ઉદર પૂરવા જેટલા જ બદલાથી મારા કુટુંબીઓની જરા પણ ચિંતા કર્યા વગર હું આપની સંસ્થામાં સેવા કરવાને રહેવા ઇચ્છું છું; તો પછી આપ સમજી શકશો કે સંસ્થાની ગરીબ બિચારી બાળાઓ, દુર્ભાગી વિધવાઓ અને દર્યાદ્ર અશક્ત સ્ત્રીઓ પ્રત્યે મારી દયા ભાવના—" આ ભાષણ સાંભળીને શ્રદ્ધાથી વધારે વાર ધીરજ રાખી શકાઇ નહિ. તે બોલી: "અરે મિસ્તર દેશ સેવક ! મને તમારી સેવાની ભાવનાનો જરા પણ વિશ્વાસ નથી, માટે મારી સંસ્થામાં તમને મુફ્ત રાખવાને પણ હું તૈયાર નથી. જે માણસ પોતાની સ્ત્રીનું ઉદર ભરવાની ચિંતા રાખતો નથી, જેને પોતાની માંદી સ્ત્રીના દર્દની કે તેના ઔષધોપચારની ખબર નથી, જેને સ્ત્રી પ્રત્યેનો પ્રેમ એટલે શું તે માલૂમ નથી, તેની પ્રેમભાવના મારી સંસ્થાની ગરીબ બાળાઓ અને સ્ત્રીઓ ઉપર આકર્ષાય એ હું માનતી જ નથી. એ સંભવિત પણ નથી. કુદરતે જેને પોતાનાં જ બનાવ્યાં છે તેને જે ચાહતો નથી તે પરાયાંને ચાહે એ નહિ બનવાજોગ છે." જુવાન ગ્રેજ્યુએટની આંખો પોતાની પહેલી ફરજ પ્રત્યે ઉઘડી કે સૌથી પહેલાં આપ્તજનો પ્રત્યેની પોતાની નિર્મળ પ્રેમભાવના વિના સમાજસેવા કે દેશસેવા વ્યર્થ છે. એ જ રીતે મૈત્રીભાવના વિકસાવવામાં ક્રમાનુસારી થવું એ ઈષ્ટ છે. (૩૮)

**[ મૈત્રીનો ઘાત થાય તેવા સંયોગોની ઉપસ્થિતિ થતાં કેમ વર્તવું તે વિષે હવે ગ્રંથકાર કહે છે. ]**

मैत्रीघातकप्रकृतेः परिहारः । ३९ ॥

वैधर्म्यं यदि तत्त्वनिश्चयधिया तत्त्वं समालोच्यतां ।
वैदेश्यं यदि गृह्यतां नवगुणस्तस्मात्स्वयं दीयताम् ॥
वैजात्येऽपि विरोधभावजननं दोषावहं सर्वथा ।
भेदेऽपि प्रकृतेर्योरनुचितं मैत्रीपथोत्सर्जनम् ॥

## મૈત્રીઘાતક પ્રકૃતિ દૂર કરવી.

**ભાવાર્થ**—બે વ્યક્તિ કે બે સમાજ વચ્ચે ધર્મભેદ હોય તો મૈત્રીનો ઘાત થવાનો સંભવ છે પણ ત્યાંએ મૈત્રીનો માર્ગ છોડવો ન જોઇએ કિન્તુ ધર્મભેદ હોય ત્યાં તત્ત્વનિશ્ચય કરવાની બુદ્ધિથી તત્ત્વની સમાલોચના કરવી, જ્યાં દેશભેદ હોય ત્યાં પણ વિરોધ ન કરતાં ગુણની આપ લે કરવી અર્થાત્ સ્હામામાં નવા ગુણો હોય તે લેવા અને આપણામાં હોય તે તેમને દેવા, જ્યાં જાતિભેદ હોય ત્યાં પણ વિરોધ કરવો તે સર્વથા દોષપૂર્ણ છે; જ્યાં બેના સ્વભાવ વચ્ચે ભેદ હોય ત્યાં પણ મૈત્રીનો માર્ગ છોડવો ઉચિત નથી. (૩૯)

**વિવેચન**—બાહ્ય જીવન ઘણી વાર મનુષ્યના આંતર્ જીવન ઉપર અસર કરે છે, એટલે કેટલીક વાર એવા સંયોગોમાં મનુષ્ય આવી પડે છે કે તેની મૈત્રી ભાવના હચમચી જવા પામે છે. આવા પ્રસંગે શું કરવું ? ગ્રંથકાર આ શ્લોકમાં એવા મૈત્રીઘાતક પ્રસંગોના થોડાં ઉદાહરણ આપે છે. બે વ્યક્તિ કે બે સમાજ વચ્ચે ધર્મભેદ હોય તો મૈત્રીનો ઘાત થવાનો પ્રસંગ આવે છે. સ્વધર્મનું અભિમાન રાખવું એ એક સદ્ગુણ છે, પરંતુ એ સદ્ગુણ જો અન્યધર્મી પ્રત્યે દ્વેષને ઉત્પન્ન કરનારો નીવડે તો એ સદ્ગુણ દુર્ગુણરૂપ જ લેખાય છે. ધર્મનું અભિમાન પ્રશસ્ત હોવું જોઇએ–ધર્મતત્ત્વનું અભિમાન હોવું જોઇએ; તેને બદલે પોતાના ધાર્મિક સંપ્રદાય, મત, પંથ કે વાડાનું અભિમાન રાખવું એ તો વૃત્તિની ક્ષુદ્રતાને દર્શાવે છે. તેટલા માટ ધર્માભિ-

માની મનુષ્યે પણ જ્યારે પોતાની સામે વિધર્મી આવે અને તેની સાથે કોઈ બાબતમાં મતભેદ પડે ત્યારે તત્ત્વનિશ્ચય કરવાની બુદ્ધિથી તત્ત્વની સમાલોચના કરવી જોઈએ; અને જ્યારે એ તત્ત્વ વિચારશે કે હું વૈષ્ણવ ધર્મદ્વારા પ્રભુપ્રાપ્તિ કરવા માંગું છું, તો તે બુદ્ધોપાસના દ્વારા નિર્વાણપ્રાપ્તિ કરવા માંગે છે; વસ્તુતઃ બેઉનો હેતુ તો જન્મ–મરણના ફેરા ટાળવાનો જ છે. પરમાત્મા તો બેઉનો એક જ છે, તો પછી ઐહિક ભેદદષ્ટિથી શા માટે મૈત્રીનો ત્યાગ કરવો જોઇએ? એવી રીતે તત્ત્વાલોચન કરનાર વીર પુરૂષની તો શત્રુ પણ પ્રશંસા કરે છે અને તેનું કોઇ અમિત્ર બનતું નથી કે રહેતું નથી. એ જ સાચો 'મનુષ્ય' કહેવાય છે. नाम यस्याभिनन्दन्ति द्विषोऽपि स मतः पुमान् ॥ પ્રાચીન કાળમાં જૈન, બૌદ્ધ અને વૈષ્ણવ ભાઇઓ એક જ પિતાના ઘરમાં સુલેહ–સંપથી રહી શકતા તે આવી જ તત્ત્વવિચારણા વડે રહેતા. એ ધર્મભેદની વાત થઇ. જ્યાં દેશભેદ હોય ત્યાં શું કરવું? મહાત્મા ગાંધીજી કહે છે કે સ્વદેશાભિમાન ત્યારે જ યોગ્ય ગણાય કે જ્યારે પરદેશીઓ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય જ નહિ. દેશના હિતને અર્થે કોઇ પરદેશીઓ સાથે યુદ્ધ કરવું પડે તોપણ એ યુદ્ધ કરવામાં દ્વેષ નહિ પણ મિત્રતા જ કારણીભૂત હોવી જોઇએ. કોઈ શંકા કરશે કે જો મિત્રતા હોય તો યુદ્ધ સંભવિત જ નથી; પરન્તુ એ ભૂલ છે. દ્વષી યુદ્ધ કરનાર શત્રુથી પોતાનું સંરક્ષણ કરવા ઉપરાંત શત્રુનું પુષ્કળ અનિષ્ટ કરે છે, તેને મનુષ્યની વર્ગણામાંથી ઉતારીને પશુ બનાવી દેવા તે તલસે છે; પરન્તુ મૈત્રી ભાવનાવાળાને દેશને અર્થે યુદ્ધ કરવું પડતું હોવા છતાં તે પોતાનું રક્ષણ કરીને યોગ્ય પ્રસંગ આવ્યે શત્રુની સાથે સંધિ કરે છે. તે તેનો દ્વેષ કરતો નથી કે તેનું અનિષ્ટ કરવા મથતો નથી, પરન્તુ તેનો મિત્ર બનીને તેનામાં પોતા કરતાં જે કાંઈ નવા ગુણો હોય તે ગ્રહણ કરવા તત્પર રહે છે. એ પ્રમાણે પરદેશીઓ તરફ જોતાં જ્યારે ગુણગ્રહણને સારભૂત માનવા સુધી મનુષ્યની દષ્ટિ કેળવાય છે ત્યારે તેને તેની તરફ કદાપિ દ્વેષ થતો નથી. ગત યુરોપીય મહાયુદ્ધમાં ફ્રાન્સ અને જર્મની બેઉ દેશોએ મનુષ્યજાતિનું અકલ્યાણ કરનારા વ્યાપારો કર-વામાં મણા મૂકી નથી. જર્મનીએ પોતાના વિજ્ઞાનશાસ્ત્રનો હિંસાને અર્થે

જ પુષ્કળ ઉપયોગ કર્યો અને ફ્રાન્સે જર્મનીને કચડી નાંખીને પુનઃ ઉંચું માથું નહિ કરવા દેવા પુષ્કળ યત્ન કર્યો. કવિસમ્રાટ્ રવીંદ્રનાથ ટાગોર જર્મની અને ફ્રાન્સનાં એ કાર્યોને અનિષ્ટ જ માને છે. લોકકલ્યાણનો ઘાત કરનારા એ દેશો હોવા છતાં લોકકલ્યાણ વાંચ્છક કવિ ટાગોરે તેમની પ્રત્યે દ્વેષ દાખવ્યો નથી. તેમણે જર્મનીના તત્ત્વવિદ્ મહાપુરૂષોનો પરિચય કરવા જર્મનીની અને ફ્રેંચ પંડિતોના ગુણોનું અવલોકન કરવા ફ્રાન્સની મુલાકાત લઈ પુષ્કળ માન મેળવ્યું છે અને તે તે તત્ત્વવેત્તાઓ તથા પંડિતોને માન આપ્યું છે. આ પ્રમાણે જ્યાં પરસ્પર ગુણવિનિમયની દૃષ્ટિ જ હોય છે, ત્યાં દેશી–પરદેશીની ભાવના ટકતી નથી અને તેટલા માટે જ ગ્રંથકારે એવા મૈત્રીઘાતક પ્રસંગની ઉપસ્થિતિમાં गृह्यतां नवगुणस्तस्मात्स्वयं दीयताम् એવો ઇષ્ટ માર્ગ જ દાખવ્યો છે. જાતિભેદ ઉપસ્થિત થાય ત્યાં શું કરવું ? ગ્રંથકાર કહે છે કે જાતિભેદની દૃષ્ટિથી જોવાથી વિરોધભાવ જન્મ પામે છે અને વિરોધભાવ એ તો દોષથી ભરેલો જ છે માટે તેનો ત્યાગ કરવો યુક્ત છે. આજકાલ બધા દેશોમાં જૂદી જૂદી જાતિના લોકો રહે છે અને કેટલીક કોમો તો મૂળ પરદેશી હોવા છતાં અમુક દેશની નિવાસી કોમો તરીકે જ સ્થાપિત થઈ ગએલી છે–જેવા કે હિંદુસ્તાનમાંના મુસલમાનો. જેઓની સાથે હળીમળીને રહેવાનું આવશ્યક જ છે તેઓની સાથે વિરોધભાવ પેદા કરવો તે દોષપૂર્ણ છે તેમ જ હાનિકારક છે. ઇશુ ખ્રિસ્ત પણ જાતિભેદની દૃષ્ટિનો ત્યાગ કરી મનુષ્યજાતિ પ્રત્યે સમદૃષ્ટિથી જોવાનું ઉપદેશે છે, પરન્તુ કેટલાક તેના જ અનુયાયીઓ આજે તેના ઉપદેશને માન્ય રાખતા નથી. દક્ષિણ આફ્રિકા અને પૂર્વ આફ્રિકામાં જઇ વસેલા ગોરાઓ એશીઆ અને હિંદમાંથી ત્યાં જઇ વસેલા ઘઉંવર્ણી ચામડીના લોકો ઉપર એવી સૂગ ધરાવે છે કે તેઓ તેમને વિજાતિદ્વેષથી પ્રેરાઇને હાંકી કાઢવા મથે છે. ઇશુ ખ્રિસ્ત એશિયાવાસી હતો; જો આ વખતે તે જીવતો હોય તો તેને પણ તેના અનુયાયી પૂર્વ તથા દક્ષિણ આફ્રિકાના ગોરાઓ પોતાના મુલકમાં પેસવા દે નહિ! આ જાતિ-દ્વેષને પરિણામે તે તે દેશોમાં અનેક પ્રકારના ઉત્પાતો ગોરા અને ઘઉંવર્ણા લોકો વચ્ચે ચાલતા જ રહે છે; એક જ પિતાના પરિવારરૂપ મનુષ્યજાતિના

હિતમાં એવા ઉત્પાતો શું ઓછા હાનિકારક છે? અને જ્યાં બે વ્યક્તિઓના સ્વભાવ કે પ્રકૃતિનો ભેદ હોય ત્યાં તો માત્ર કુદરતી ગતિને સમજીને જ મૈત્રીભાવનાને ટકાવી રાખવી જોઇએ. સંસારમાં સ્વભાવભેદ આજકાલ સ્થળે સ્થળે અને ક્ષણે ક્ષણે દૃષ્ટિગોચર થતા જ રહે છે, અને પછી અશાન્તિના વાયુ વાય છે. ઘણાકોની ધીરતા અને સ્થિરતા તેવે વખતે તૂટી જાય છે; પરન્તુ જો તેઓ એટલી તત્ત્વવિચારણા કરે કે यः स्वाभावो हि यस्यास्ति स नित्यं दुरतिक्रमः અર્થાત્—જેનો જેવો સ્વભાવ પડ્યો હોય છે તે હમેશાં નહિ નિવારી શકાય તેવો જ રહે છે, તો કદાપિ મૈત્રીભાવના તૂટવાનો અવસર જ આવે નહિ. (૩૯)

[ હવે જૂદા જૂદા ધર્મનાં દેશનાં અને જાતિનાં મનુષ્યોમાં પણ મૈત્રી કેટલી સંભવિત અને સ્વાભાવિક છે, તે ઉદાહરણોથી બતાવવામાં આવે છે ]

**वैधर्म्यादिषु सत्स्वपि न मैत्रीघातः । ४० ॥**

**वैधर्म्येऽपि सहैव तिष्ठति सदा किं द्रव्यषट्कं न वा ।**
**वैदेश्येऽपि चकोरचन्द्रकुमुदे ह्रासो न मैत्र्याः सदा ॥**
**वैजात्येऽपि वने सहैव तरवस्तिष्ठन्ति वल्ल्यादिभिः ।**
**किं त्याज्या मनुजैस्तदा सुखकरी मैत्र्यल्पभेदोद्भवे ॥**

**વૈધર્મ્યાદિ છતાં પણ મૈત્રીનો ઘાત થતો નથી.**

**ભાવાર્થ**—ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યના ધર્મો જૂદા જૂદા છે છતાં પણ છએ દ્રવ્ય સાથે સાથે આ લોકમાં રહે છે; કુમુદ, ચકોર અને ચંદ્ર ભિન્ન ભિન્ન દેશના હોવા છતાં તેમની મૈત્રીમાં કોઈ પણ કાળે ઘટાડો થતો નથી. ઝાડ અને લતાઓમાં અનેક જાત હોવા છતાં એક વનમાં સાથે ને સાથે રહે છે; જ્યારે એ પદાર્થો તથા પ્રાણીઓમાં ધર્મભેદ, દેશભેદ કે જાતિભેદ મૈત્રીબાધક થતો નથી, તો પછી મનુષ્યો સાધારણ ભેદનો ઉદય થતાં સુખ કરનારી મૈત્રીનો ત્યાગ કરે તે શું ઉચિત ગણાય? નહિ જ. (૪૦)

**વિવેચન**—પૂર્વ શ્લોકમાં ધર્મ, દેશ, જાતિ આદિની ભિન્નતા ઉપસ્થિત થતાં કેવા વિચારથી મૈત્રીભાવનાને જ વળગી રહેવું તેની તત્ત્વવિચારણા કરવામાં આવી અને આ શ્લોકમાં એ તત્ત્વવિચારણાની સફળતા જગત્‌માં કેવાં કેવાં ઉદાહરણોમાં થતી દેખાય છે તે ગ્રંથકાર સમજાવે છે. વૈધર્મ્યના દૃષ્ટાંતમાં તે ષડ્ દ્રવ્યનું ઉદાહરણ આપે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્‌ગલાસ્તિકાય અને પરમાણુ પુદ્‌ગલ એ છએ દ્રવ્યો જગત્‌માં એકી સાથે અસ્તિત્વ ધરાવે છે. એ દ્રવ્યોના ધર્મો કાંઇ એકસરખા નથી, બલકે પરસ્પર વિરૂદ્ધ પણ છે. ધર્માસ્તિકાયનો ગુણ કોઇ વસ્તુને ગતિમાન કરવામાં સહાય કરવાનો છે અને અધર્માસ્તિકાયનો ગુણ કોઇ પણ ગતિમાન વસ્તુને સ્થિર કરવાનો છે. જેવી રીતે હવામાં ઓકસીજન, નાઇટ્રોજન, કાર્બોનિક એસીડ ગેસ, વગેરે વાયુઓ એકી સાથે એક જ સ્થળે અને હવાના એક પરમાણુની અંદર પણ અસ્તિત્વ ધરાવી રહે છે, તેવી રીતે પરસ્પર વિરૂદ્ધ ગુણોવાળા હોવા છતાં આ છએ દ્રવ્યો જગત્‌માં એકી સાથે વસે છે. એ પ્રમાણે અજીવ પદાર્થોમાં પણ વૈધર્મ્ય નહિ પણ મૈત્રી જ રહેલી છે. વૈદેશ્યના ઉદાહરણમાં કુમુદ, ચંદ્ર અને ચકોરને ગ્રહણ કરવામાં આવેલાં છે. કુમુદ સરોવરમાં નિવાસ કરે છે, ચકોર વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને ચંદ્ર આકાશમાં વસે છે. તે ત્રણે એક બીજાંને મન પરસ્પર વિદેશી જ છે. પરન્તુ તેઓની મૈત્રી કેવી છે? ચકોર જ્યારે ચંદ્રોદય થાય છે, ત્યારે જ ઉલ્લસિત થાય છે. અલબત્ત, ચંદ્ર, ચકોર અને કુમુદની મૈત્રી એકતરફી છે, પોતાનાં પ્રેમી મિત્રો ચકોર અને કુમુદને જોઇને ચંદ્રને કેવો આનંદ થાય છે તે આપણે જાણતા નથી, પરન્તુ અત્ર માત્ર વૈદેશ્યની દૃષ્ટિએ જ મૈત્રીનું અવલોકન કરવાનું હોવાથી એ મૈત્રીની બીજી બાજુ ગ્રહણ કરવાની આવશ્યકતા રહેતી નથી. વૈજાત્યનો દાખલો જૂદી જૂદી જાતનાં તરૂઓ અને વનસ્પતિનો લેવામાં આવ્યો છે. એક વનમાં સેંકડો જાતિનાં વૃક્ષો હોય છે, પરન્તુ તેઓ એક સાથે મૈત્રીપૂર્વક ઊભાં રહે છે; તેઓમાં કાંઇ વૈજાત્યને કારણે કલહ થતો નથી. જ્યારે અજીવ દ્રવ્યોમાં, પ્રાણીઓમાં અને વનસ્પતિમાં પણ આવી મૈત્રી છે, ત્યારે મનુષ્યોમાં તે મૈત્રી

ન હોય તે શું ઉચિત છે? તે બધાં કરતાં મનુષ્ય તો કુદરતની વિભૂતિમાં સર્વોત્તમ છે, છતાં શું તેણે મૈત્રીને સ્થાને કોઈ પ્રત્યે વૈર અને કલહ આદરવાં ઘટે? એક અંગ્રેજ કવિ કહે છે કે—

What good has he gained by his knowledge and skill,
If he strive not for others as much as himself?
No man should consent to inflict or permit
What he knows will give pain to his bitterest foe.

અર્થાત્—મનુષ્યમાં બીજાં બધાં પ્રાણીઓ કરતાં જ્ઞાન અને ડહાપણની વિશેષતા રહેલી છે, છતાં જો મનુષ્ય જેમ પોતાના ભલા માટે યત્ન કરે છે તેમ તે બીજાના ભલા માટે યત્ન ન કરે, તો પછી તેનું જ્ઞાન અને ડહાપણ શા કામનાં? પોતાના કટ્ટા શત્રુને પણ દુઃખ થાય એવું કશું પણ કાર્ય મનુષ્યે કરવું જોઇએ નહિ કે થવા દેવું જોઇએ નહિ. એ જ રીતે જ્યારે વનસ્પતિ, પ્રાણી અને પદાર્થો મિત્ર રૂપે રહે છે અને તેમના કરતાં મનુષ્યની વિશેષતા જ્ઞાન અને ડહાપણમાં રહેલી હોવા છતાં તે મૈત્રી ભાવનાને સમજી તદનુરૂપ વર્તે નહિ, તો પછી તેની એ વિશેષતા પણ શા કામની? તાત્પર્ય એ છે કે એ ભાવનાને નહિ અનુસરનાર મનુષ્યનું જીવન નિષ્ફળ છે. (૪૦)

[ હવે મૈત્રી ભાવનાની એક વૈરિણી ઈર્ષ્યાનું વર્ણન કરતાં ગ્રંથકાર જવાસાને દૃષ્ટાંત રૂપે ગ્રહણ કરે છે. ]

### ईर्ष्यादोषः । ४१ ॥

**रे दुर्भागियवासक! ज्वलसि किं कालेऽम्बुवाहोदये ।**
**दृष्ट्वा जातिमहोदयं मनसि मे दाहज्वरो जायते ॥**
**स्यात्कश्चिज्जगतीतले त्वदुपमो निष्कारणं दुःखितो ।**
**मत्तोऽप्युग्रविषाददग्धहृदया ईर्ष्यालवो मानवाः ॥**

ઇર્ષ્યારૂપ દોષ.

**ભાવાર્થ**—અરે દુર્ભાગી જવાસા! જ્યારે વર્ષાઋતુ નજીક આવે છે

ત્યારે તું કેમ સુકાઇ જાય છે! (જવાસો ઉત્તર આપે છે) "ભાઈ! મારી જાતિનો ઉદય થતો દેખીને મારા મનમાં દાહજ્વર ઉત્પન્ન થાય છે તેથી હું બળું છું." અરે! આ પૃથ્વીની પીઠ ઉપર તારા જેવો અભાગીયો કોણ કે જે વગરકારણે દુઃખી થાય? (જવાસો કહે છે કે) "જે માણસો ઇર્ષ્યાળુ છે તે મારા કરતાં વધારે દુઃખી છે; તેમનું હૃદય હમેશ ખેદ અને દુઃખથી બળ્યા જ કરે છે." (૪૧)

**વિવેચન**—ઇર્ષ્યાના ઉદાહરણ રૂપે જવાસાની વનસ્પતિ સારી પેઠે જાણીતી છે. જવાસો હમેશાં ઉનાળાની ઋતુમાં લીલોછમ રહે છે અને ચોમાસામાં જ્યારે બીજી બધી વનસ્પતિઓ નવપલ્લવિત બને છે ત્યારે તે સુકાઇ જાય છે! જવાસો એ પણ વનસ્પતિ વર્ગમાં રહેલો છે, પરન્તુ પોતાના બીજા કુટુંબપરિવારને ચોમાસામાં ખીલતો જોઇને તે સુકાય છે તથા ઉનાળામાં તેજ પરિવારને સુકાતો જોઇને પોતે લીલોછમ બની જાય છે. તે ઉપરથી પારકી સંપત્તિ જોઇને બળનાર તથા પારકી વિપત્તિ જોઈને હર્ષિત થનાર ઈર્ષ્યાળુ માણસને એ જ પ્રકૃતિના જવાસાની તુલનામાં કવિઓએ મૂક્યો છે. પરન્તુ અહીં ગ્રંથકારે જવાસાને પૃચ્છા કરીને જે ઉત્તર મેળવ્યો છે તે તે કરતાં પણ આગળ વધી જાય છે. કવિ જવાસાને પૂછે છે કે તું વર્ષાઋતુ નજીક આવે છે ત્યારે કેમ સુકાઇ જાય છે? તેનો ઉત્તર જવાસો આપે છે કે મારી જાતનો ઉદય થતો જોઇને મારા મનમાં જે દાહજ્વર-ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે તેથી હું બળું છું; પરન્તુ તે ઈર્ષ્યાળુ માણસને તો પોતા કરતાં પણ વધારે દુર્ભાગી માને છે અને કહે છે કે હું તો માત્ર ચોમાસામાં જ બળું છું, પરન્તુ ઇર્ષ્યાળુ માણસ તો હમેશાં રાત ને દહાડો આખી જીંદગી સુધી બળ્યા કરે છે. ઈર્ષ્યાવૃત્તિનું આ મહા અપાયકારક પરિણામ છે. જેનામાં એ વૃત્તિ પ્રબળ હોય છે તેનામાં કદાપિ મૈત્રી ભાવના પ્રવેશ કરી શકતી નથી. તે હમેશાં સૌને ઇર્ષ્યાથી જ જોઈને મનમાં દગ્ધ થયા કરે છે. એ રીતે ઇર્ષ્યા મૈત્રી ભાવનાનો ઘાત કરનારી તેની પ્રચંડ વૈરિણી છે. તે વૃત્તિ જેનામાં સ્વલ્પ પણ હોય છે તેની મૈત્રી, પ્રમોદ, કરૂણા કે માધ્યસ્થ્ય ભાવના કદાપિ વિકસિત થવા પામતી નથી, માટે

જેનામાં એ વૃત્તિ હોય તેણે મનુષ્યસ્વભાવને, કુદરતી રચનાને, ધર્મના સાચા દૃષ્ટિબિંદુથી અને સર્વત્ર તાત્ત્વિક દૃષ્ટિથી જોવાની ટેવ પાડવી જોઈએ અને તેનો ત્યાગ કરવો જોઈએ. (૪૧)

[ ઈર્ષ્યાળુ માણસ મૈત્રી ભાવનાથી પરાઙ્મુખ રહીને કેવો દુઃખી થાય છે તેનું વર્ણન નીચેના શ્લોકમાં કરવામાં આવ્યું છે. ]

**ईर्ष्यातः सदैव दुःखम् । ४२ ॥**

**भार्या भव्यतरा सुताश्च सुधियः सम्पत् परा कोटित-**
**ईर्ष्यालुर्न सुखं तथाऽपि लभते दन्दह्यते मानसे ॥**
**नो पश्येत् सुखिनं कदापि कमपि क्वापीह भूमण्डले।**
**तर्ह्येवैष भवेत् सुखी परमहो नेदृक्स्थितेः संभवः ॥**

**ઇર્ષ્યાથી હમેશાં દુઃખ.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—સ્ત્રી સારી મળી હોય, દીકરા બુદ્ધિમાન્ હોય, કરોડો ઉપરાંત સંપત્તિ હોય, તોપણ ઈર્ષ્યાળુ માણસ સુખી થઈ શકતો નથી કિન્તુ બીજાનું સુખ જોઈ મનમાં બળ્યા કરે છે. ઇર્ષ્યાળુ માણસ ત્યારે જ સુખી થઇ શકે કે જ્યારે આ પૃથ્વીની પીઠ ઉપર ક્યાંય પણ કોઇ પણ માણસને ક્યારે પણ સુખી થતો ન જુએ; પણ તેવી સ્થિતિ થવાનો સંભવ જ નથી એટલે ઇર્ષ્યાળુ છતી સંપત્તિએ પણ હમેશાં દુઃખી ને દુઃખી જ રહી દગ્ધ થયા કરે છે. જેવી રીતે માણસ ક્રોધથી કેટલીક વાર ઘેલો બની જાય છે, તેવી રીતે ઇર્ષ્યાવૃત્તિથી પણ માણસને ઘેલછા લાગુ પડે છે અને તે હૃદયમાં દગ્ધ થાય છે, એટલું જ નહિ પણ વૈરાંધ બનીને કેટલાક અનર્થ પણ આદરે છે.

**દષ્ટાંત**—આવા એક ઇર્ષ્યાળુ માણસનું દૃષ્ટાંત છે. એક **પંકપ્રિય** નામનો કુંભાર હતો, તેની પાસે પુષ્કળ સંપત્તિ હતી, તેને સુચરિત્ર પુત્રો હતા અને ધંધોવેપાર પણ સારો ચાલતો હતો; પરન્તુ તેનામાં એટલી

પ્રબળ ઈર્ષ્યાવૃત્તિ હતી કે તે કોઈ પણ મનુષ્યને સુખી જોઈ શકતો નહિ. બજારમાં કોઈને વેપારમાં સારો નફો મળ્યાની વાત તે સાંભળે તો તેને દુઃખ થતું, કોઇની પ્રશંસાની વાત કાને પડે તો તે સાંભળી શકતો નહિ અને પડોશમાં કે બીજે ક્યાંય તે કોઇને સુખી કે વિશેષ સંપત્તિમાન જુએ તોપણ તે ઈર્ષ્યાથી બળી જાય. તેની આ વૃત્તિ તેને બહુ દુઃખી કરતી હતી અને તેમાંથી તેને કેવી રીતે મુક્ત કરવો તેનો વિચાર તેની સ્ત્રી તથા પુત્રોએ મળીને કર્યો અને છેવટે એવું ઠરાવ્યું કે તેને જંગલમાં રાખવો કે જ્યાં તેને કોઈ મનુષ્યનો પરિચય પણ ભાગ્યે જ થવા પામે. આ વાત જ્યારે **પંકપ્રિય**ને કરવામાં આવી ત્યારે તેને પણ તે ગમ્યું કારણકે જંગલમાં રહેવાથી કોઈ માણસને નહિ જોઇ શકવાથી પોતાને શાન્તિ મળશે એમ તે સમજતો હતો.

**પંકપ્રિય** વનમાં એક ઝુંપડીમાં એકલો રહેવા લાગ્યો અને કેટલોક વખત ઝુંપડીમાં ગાળવાથી તેની ઇર્ષ્યાવૃત્તિ શમવા લાગી હતી, એવામાં એક રાજા પોતાના અનુચરોથી છૂટો પડી જવાથી તે વનમાં આવી ચઢ્યો. ભૂખ તરસ અને થાકથી તે બહુ વ્યાકુળ થઈ ગયો છે. **પંકપ્રિય**ની ઝુંપડી જોઇને તે ત્યાં ગયો. **પંકપ્રિયે** ભોજનાદિથી રાજાનું આતિથ્ય કર્યું અને રાજા સંતુષ્ટ થયો. રાજાએ **પંકપ્રિય**ને પોતાની સાથે આવવાનો આગ્રહ કર્યો, પણ **પંકપ્રિયે** એ નિમંત્રણનો અસ્વીકાર કર્યો અને તેનું કારણ દર્શાવ્યું. રાજાએ કહ્યું કે “ તું મારી સાથે ચાલ, અને હું એવો બંદોબસ્ત કરીશ કે કોઇ માણસ તારી પાસે કોઇનું સારૂં ન બોલે અને પ્રશંસા ન કરે.” રાજાનાં આવાં વચનથી **પંકપ્રિય** રાજાની સાથે ગયો. એક વાર રાજારાણી બગીચામાં ફરી રહ્યાં છે અને **પંકપ્રિય**ને પણ સાથે રાખ્યો છે. રાણી બગીચામાંના દરેક ઝાડનાં નામ અને ગુણ રાજાને પૂછે છે અને રાજા તેનો ઉત્તર આપે છે. એમ કરતાં બોરડીનું ઝાડ આવ્યું તેની ઓળખાણ પણ રાણીએ રાજાને પૂછી. **પંકપ્રિય**થી એ સહન ન થયું! કારણ એ હતું કે એ રાણી એક ભીલ્લપુત્રી હતી. તેનું નામ **બખ્ખા** હતું. તે રૂપવતી હોઇ રાજા મોહિત થઈ તેને પરણ્યો હતો. જંગલમાં નાનેથી મોટી થએલી અને

બોરાં વીણતી ફરતી ભીલ્લની છોકરી આજે બોરાંના ઝાડને પણ ન ઓળખે તે પંકપ્રિયથી સહન થયું નહિ અને તે માથું કૂટવા લાગ્યો! રાજાએ તેમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તે બોલ્યોઃ

" કાલે બોરાં વીણતી, આજ ન જાણે ખખ્ખ,
પુનરપિ અટવી આદરૂં, સહી ન શકું અણુખ્ખ."

રાજા પણ સમજ્યો કે રાણી પોતાના સ્વામી પાસે માન કરે તેની પણ આ માણસ આટલી ઇર્ષ્યા કરે છે, તો તેને માટે જંગલ જ સારૂં છે. એમ વિચારી રાજાએ પંકપ્રિયને તેની ઇચ્છા પ્રમાણે ફરી અટવીમાં જ મોકલી દીધો. વનમાં એક વાઘના ભયથી તે એક વાર ખાડામાં સંતાઈ ગએલો તે ફરીથી પાછો સંકડાશને લીધે ખાડામાંથી નીકળી શક્યો નહિ અને તેમાં જ ભુંડે હાલે મરણ પામ્યો. જ્યાં આવી તીવ્ર ઇર્ષ્યાંનો વાસ હોય ત્યાં મૈત્રી ભાવતાનું સ્વપ્ન પણ ક્યાંથી હોય? (૪૨)

## पंचम परिच्छेद.

### સેવાધર્મઃ પ્રમોદભાવના.

**परसम्पत्तौ प्रमोदः । ४३ । ४४ ॥**

**कर्त्तव्यव्रतपालने यदि रुचिस्तद्दूरतस्त्यज्यता--**
**मीर्ष्या लेशमिताऽपि दोषजनिका सेवाकपाटार्गला ॥**
**दृष्ट्वोत्कर्षवतः परान्समुदितान्सन्मानितान्सादरं ।**
**मोदस्व त्वमलं विशुद्धमनसा पद्मं यथाऽर्कोदयम् ॥**
**वृक्षाः पल्लविता लताः पुलकिताः पुष्पैर्वसन्ते यथा ।**
**श्रुत्वाऽम्भोधरगर्जनां गिरितटे मत्ता मयूरा यथा ॥**

**लब्ध्वा तोयदबिन्दुमेति विपुलं हर्षं यथा चातको।**
**दृष्ट्वा बन्धुजनं भवोन्नततरं रोमाञ्चितस्त्वं तथा ॥**

## બીજાની સંપત્તિ જોઇ ખુશી થવું.

**ભાવાર્થ**—કર્તવ્ય વ્રત પાળવાની જો ઇચ્છા હોય તો લેશ માત્ર પણ ઈર્ષ્યા કે જે બીજા અનેક દોષ ઉત્પન્ન કરનાર હોઇને સેવાના દ્વારને બંધ કરી દે છે તેને રાખવી ન જોઇએ કિન્તુ દૂરથી ત્યજવી જોઇએ. હે માનવ! બીજા મનુષ્યોને આદરપૂર્વક સન્માન મેળવતાં, ઉદય પામતા ઉત્કર્ષવાળા જોઇને તું તારા નિર્મળ મનથી સૂર્યને જોઈ કમળની પેઠે અત્યંત ખુશી થા. વસંતઋતુ આવતાં જેમ વૃક્ષો નવપલ્લવ થાય છે અને લતાઓ ફૂલવડે પુલકિત-વિકસિત થાય છે, મેઘની ગર્જના સાંભળી પર્વતના શિખર ઉપર રહેલા મત્ત મયૂરો જેમ ખુશી થાય છે, વરસાદના છાંટા મેળવીને જેમ ચાતક પક્ષી પુષ્કળ હર્ષ પામે છે, તેમ હે માનવ! તું પણ તારા માનવબંધુને ઉન્નત થતા જોઇને રોમાંચિત થા-અર્થાત્ રોમાંચ ખડા થાય તેટલો ખુશી થા. (૪૩-૪૪.)

**વિવેચન**—'પ્રમોદ ભાવના'ને બુદ્ધે 'મુદિતા ભાવના' અથવા આનંદી વૃત્તિને નામે ઓળખાવી છે. પરાઈ સંપત્તિને પોતાની સંપત્તિ કરતાં વિશેષ જોઇને ઈર્ષ્યાથી બળવું નહિ પરન્તુ પ્રમુદિત થવું એ આ ભાવનાનો હેતુ છે. ઘણા વહેવારકુશળ મનુષ્યો બીજાને પોતા કરતાં વિશેષ ધનવાન, વિદ્યાવાન્, પુત્રવાન્ જોઈને બહારથી તો આનંદ દર્શાવે છે, પરંતુ અંતરમાં બળે છે: પ્રમોદભાવનાનો હેતુ તો અંતરંગને આનંદથી રંગવાનો છે. **विधिरेवतानि घटयति यानि पुमान्नैव चिंतयति** એવું સમજીને પોતા કરતાં વિશેષ સંપત્તિમાન મનુષ્ય ઉપર વિધિની કૃપા ઉતરેલી જોઇને સંતુષ્ટ રહેવું એજ સાચી પ્રમોદભાવના છે. સંપત્તિનો અર્થ અહીં માત્ર ધનાદિ સ્થૂળ સંપત્તિ જ સમજવાનો નથી; પરન્તુ સંપત્તિ અનેક પ્રકારની હોય છે. માનસિક સંપત્તિ, શારીરિક સંપતિ, આર્થિક સંપત્તિ, કૌટુંબિક સંપત્તિ, ઈત્યાદિ અનેક પ્રકારની

સંપત્તિ મનુષ્ય ધરાવે છે અને તેમાં પ્રત્યેકને પ્રારબ્ધ તથા પુરૂષાર્થ જ કારણીભૂત બને છે, એવું તત્ત્વ જે સમજે છે તે પોતાની સંપત્તિની ક્ષુદ્રતાથી અસંતુષ્ટ થતો નથી અને પરાઇ સંપત્તિ જોઇને બળતો નથી કિન્તુ આનંદિત થાય છે, કે જેવી રીતે સૂર્યના દર્શનથી કમળ, વસંતઋતુના આગમનથી વૃક્ષો તથા લતાઓ, ઘનગર્જનશ્રવણથી મયૂરો અને મેઘાગમનથી ચાતક આનંદિત થાય છે. આ બેઉ શ્લોકોમાં પ્રમોદવૃત્તિનાં ઉદાહરણ આપવા માટે જે પાંચ દૃષ્ટાંતો ગ્રહણ કરવામાં આવેલાં છે તે પાંચ ઈંદ્રિયના ઉદાહરણરૂપ છે. કમળ સૂર્યના દર્શનથી વિકસે છે એટલે કે તેનો આનંદ માત્ર નેત્રદ્વારા બહાર પડે છે. વૃક્ષો વસંતઋતુના વાયુના સ્પર્શથી નવપલ્લવિત થાય છે, એટલે તેનો આનંદ ત્વગિંદ્રિયદ્વારા બહાર પડે છે. લતાઓ પરાગને ગ્રહણ કરીને પુષ્પવતી થાય છે એટલે તેનો આનંદ ઘ્રાણેંદ્રિયના આનંદને સૂચવે છે. મયૂરો મેઘગર્જનાને કાન વડે શ્રવણ કરીને આનંદિત થાય છે એટલે તેમનો આનંદ શ્રવણેંદ્રિયનો માલમ પડે છે. અને ચાતક પક્ષીના મુખમાં જ્યારે નવા જળનાં શીતળ બિંદુઓ પડે છે ત્યારે તેને આહ્લાદ થાય છે એટલે તેનો આનંદ રસનેંદ્રિયનો છે. કથનનું તાત્પર્ય એ છે કે મનુષ્યની પ્રમોદભાવના એટલી ઉત્કટ હોવી જોઈએ કે જેથી પરાઈ સંપત્તિ, પરાયા સદ્‌ગુણો, પરાઈ મહત્તા ઈત્યાદિથી તેની પાંચે ઈંદ્રિયો ખરેખર આનંદિત બની જાય.

બુદ્ધે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા ( માધ્યસ્થ્ય ) ભાવનાને 'બ્રહ્મ-વિહાર' કહ્યો છે. કરણીયમેત્ર સૂત્તમાં કહ્યું છે કે—

**माता यथा नियं पुत्तं आयुसा एकपुत्तमनुरक्खे ।**
**एवंपि सब्ब भूतेसु मानसं भावये अपरिमाणं ॥**

અર્થાત્—માતા જેમ પોતાના એકના એક દીકરાનું પોતાનો પ્રાણ ખરચીને પરિપાલન કરે છે, તેમ તેણે પોતાનું મન સર્વ પ્રાણી માત્રમાં *અપરિમિત પ્રેમથી ભરી રાખવું જોઈએ. માતાનું દૃષ્ટાંત ચારે ભાવનાને* સારી રીતે સ્પષ્ટ કરે છે. માતા ધાવણા બાળકનું પરિપાલન મૈત્રીથી-**પ્રેમથી** કરે છે. તે માંદું હોય છે તો કરૂણાથી તેની બરદાસ્ત કરે છે. વિદ્યાભ્યાસ

કરીને પુત્ર માતા કરતાં વધારે શાણો અને વિદ્યાકુશળ બને છે તો માતા તેને આનંદિત અંતઃકરણથી પંપાળે છે અને આગળ જતાં તે પોતાનો સંસાર સ્વતંત્રપણે ચલાવવા માંડે કે માતાના મનની વિરૂદ્ધ ચાલવા માંડે ત્યારે તે તેની ઉપેક્ષા કરે છે–મધ્યસ્થ વૃત્તિ ધારણ કરે છે પરન્તુ કદાપિ પુત્રનો દ્વેષ કરતી નથી. માતાના પ્રેમનાં ગીતો અનેક કવિઓએ ગાયાં છે તેનું કારણ એ છે કે તે પ્રેમ આવો અલૌકિક છે. તે જ પ્રેમમય મનોવૃત્તિ ધારણ કરીને મહાત્માઓ જગત્‌નું કલ્યાણ કરવાને તત્પર થાય છે. જે બ્રહ્મદેવને કેટલાકો પિતામહ કહે છે તે આ ચાર મનોવૃત્તિની સાક્ષાત્ મૂર્તિ છે. નેરંજરા નદીને કાંઠે ભગવાન્ બુદ્ધ રહેતા હતા ત્યાં તેમની સમીપે બ્રહ્મદેવ આવ્યા એવું કથન બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં કરવામાં આવેલું છે, તેનો તત્ત્વાર્થ એટલો જ છે કે એ ચારે મનોવૃત્તિઓ તેમના મનમાં વિકાસ પામી. (૪૩–૪૪)

[ નિમ્ન શ્લોકમાં ઈર્ષ્યા તથા પ્રમોદના પરસ્પર વિરૂદ્ધ ફળનું કથન કરવામાં આવેલું છે. ]

**ईर्ष्याप्रमोदयोः फलम् ।४५॥**

**ईर्ष्यायाः फलमाप्स्यसि प्रगुणितामीर्ष्यां परेभ्यः पुन ।**
**मोदस्योत्कटमोदमेव जगतस्त्वं लप्स्यसे प्राञ्जलम् ॥**
**मोदन्तां मम सम्पदा परजनाः कुर्वन्तु नेर्ष्यामिति ।**
**वाञ्छा ते मनसस्ततो भज सदा मोदं त्वमीर्ष्यां त्यज ॥**

**ઇર્ષ્યા અને પ્રમોદનું ફળ.**

**ભાવાર્થ—**જો તું બીજાની ઈર્ષ્યા કરીશ તો બીજાઓ તારી વધારે ઇર્ષ્યા કરશે એટલે ઈર્ષ્યાનું ફળ ઈર્ષ્યામાં જ આવશે. જો તું બીજાની સંપત્તિથી પ્રમોદ પામીશ તો બીજાઓ પણ તારી સંપત્તિ જોઈ ખુશી થશે એટલે પ્રમોદનું ફળ પ્રમોદમાં જ આવશે. જો તારી એવી ઇચ્છા હોય કે મારી સંપત્તિ દેખી બીજા બધા ખુશી થાય અને કોઈ પણ મારી ઈર્ષ્યા ન કરે તો તું પણ બીજાની ઈર્ષ્યા ન કરતાં પ્રમોદભાવ રાખ.

**વિવેચન**—મનોવૃત્તિની ઉત્કટતામાં આકર્ષણ શક્તિ રહેલી છે. અંગ્રેજીમાં કહ્યું છે કે **Every desire is a mental current laden with power**–ઈર્ષ્યાયુક્ત મનોવૃત્તિ ભલે બાહ્યત: પ્રકટ ન થતી હોય, અંતરમાં જ છુપાઈ રહેતી હોય, તોપણ તેનું આકર્ષણ સામા માણસના મન ઉપર થયા વિના રહેતું નથી. એક માણસ બીજા ઉપર ઈર્ષ્યા કરે છે તેને પરિણામે બીજાની ઈર્ષ્યાવૃત્તિ પણ ઉશ્કેરાય છે અને પ્રમોદવૃત્તિથી પ્રમોદવૃત્તિ ઉશ્કેરાય છે. આ નિયમને અનુસરીને ગ્રંથકારે ઇર્ષ્યાનું ફળ ઇર્ષ્યામાં અને પ્રમોદનું ફળ પ્રમોદમાં મળવાનું જણાવ્યું છે. જે સર્વનું કલ્યાણ ઇચ્છે છે તેનું કલ્યાણ સર્વ કોઇ ઈચ્છે છે એવું મહાપુરૂષોનું કથન છે તેનો અર્થ પણ એ જ છે.

**દૃષ્ટાંત**—પરંતુ અકલ્યાણ ઇચ્છનારનું પોતાનુંજ અકલ્યાણ કેવી રીતે થાય છે, તેનું એક દૃષ્ટાંત છે. દિલ્હીના એક મોગલ બાદશાહે પોતાના એલચીને **ચીન**ના બાદશાહ પાસે સંદેશો લઇને મોકલ્યો. સંદેશાનો પત્ર એક રત્નજડિત દાબડીમાં બંધ કરીને એલચીને આપ્યો અને તેની સાથે ધન, સામગ્રી તથા નાનું લશ્કર આપ્યું. એલચીએ **ચીન**ના બાદશાહને પત્ર આપ્યો અને મોગલ બાદશાહ તરફની ભેટ—સોગાદો આપી. સંદેશામાં મોગલ બાદશાહે **ચીન**ના બાદશાહને પૂછ્યું હતું કે "અમે હિંદના બાદશાહ પાંચ—દસ વર્ષ જ રાજ્યગાદી ભોગવી મરી જઇએ છીએ અથવા માર્યા જઇએ છીએ અને તમે ઘણાં વર્ષો રાજ્યસુખ ભોગવી શકો છો તેનું શું કારણ?" બાદશાહે એલચીને કહ્યું કે–તમે અહીં સુખે રહો, ઘણે દૂરથી આવ્યા છો માટે આરામ કરો, પછી અમે જવાબ આપીશું એટલે તમે જજો. એલચીને માટે એક વિશાળ વડના ઝાડ હેઠળ તંબૂ—ડેરા નંખાવી આપવામાં આવ્યા અને નોકર—ચાકર, ભોજન, વાહન ઇત્યાદિ વડે તેમનો સારો સત્કાર કરવામાં આવ્યો. મહીને બે મહીને એલચીએ ચીનાઈ બાદશાહ પાસે જવાબની ઉઘરાણી કરી, ત્યારે બાદશાહે કહ્યું, તમે તમારે આનંદ કરો, જવાબની શી ઉતાવળ છે? વળી ફરી બે મહીને એલચીએ પૂછ્યું તોપણ બાદશાહે એવો જ ઉડાઉ જવાબ આપ્યો. ફરીથી બે મહિને એલચીએ પૂછ્યું એટલે બાદશાહે કહ્યું

કે "જે વડના વૃક્ષ તળે તમારો મુકામ છે તે સાવ સુકાઇ જશે, ત્યારે તમોને જવાબ મળશે!" આ જવાબ સાંભળીને સૌ નિરાશ થયા. તેમને એમ જ જણાયું કે હવે પોતે કાંઈ સ્વદેશમાં પાછા ફરી શકવાના નથી, કારણકે આવડો મોટો વડ ક્યારે સુકાય? સૌ ખાય, પીએ અને આનંદ કરે પણ વારંવાર વડની સામે નજર કરે અને નિસાસો મૂકી કહે કે "હે પ્રભુ! આ વડ ક્યારે સુકાય અને અમારો છૂટકારો થાય?" એમ દહાડામાં સેંકડો વખત સંખ્યાબંધ માણસો નિસાસા નાંખતા અને વડની સામે જોતા. એમ કરતાં બીજા ત્રણ માસ ગયા એટલે વડનાં પાંદડાં પીળાં પડ્યાં, પછી પાંદડાં પડવા લાગ્યાં અને ચાર-પાંચ માસમાં તો આખો વડ સુકાઇને તૂટી પડવા લાગ્યો! વડની આ સ્થિતિ થએલી જોઇને એલચી ખુશ થઈ બાદશાહ પાસે જવાબ લેવા ગયો. બાદશાહે કહ્યું કે પેલા વડે જ તમને ખ્યાલ આપી દીધો છે. એલચી સમજ્યો નહિ, એટલે બાદશાહે કહ્યું: "જુઓ, આ વડનું ઝાડ પાંચસો વર્ષથી ઊભું હતું, પરન્તુ તમે બધાએ તે સુકાઇ જાય તેટલા માટે ખરેખરા દિલથી ચાર-પાંચ માસ નિસાસા નાંખ્યા તેથી તે સુકાઈ ગયું; તો તે ઉપરથી સમજો કે તમારા બાદશાહો ઉપર તેમની પ્રજાના નિસાસા જ પડતા હોવા જોઇએ. તમે પ્રજાના ધનની, તેમના ધર્મની, તેમની સંપત્તિની ઈર્ષ્યા કરીને લૂંટ કરો, તો પછી પ્રજા તમારા રાજ્યની અને તમારા રાજત્વની ઈર્ષ્યા કરીને તે નષ્ટ થાય તે માટે નિસાસા નાંખે તેમાં કાંઇ નવાઇ છે?" પારકું બૂરૂં કરવા ઇચ્છિનારનું બૂરૂં કેવી રીતે થાય છે તે દર્શાવનારૂં જ આ ઉદાહરણ છે. ઇર્ષ્યાવૃત્તિ અને પ્રમોદભાવનાનાં ફળ પણ તેવી જ રીતે સમજી લેવાં. (૪૫)

# षष्ठ परिच्छेद.

## સેવાધર્મ: કરૂણા ભાવના.

[ હવે ત્રીજી કરૂણા ભાવના વિષે વિવેચન ચાલે છે.]

**करुणाभावना । ४६ ॥**

**कारुण्यं समदृष्टिलक्षणतया ख्यातं जिनेन्द्रागमे ।**
**मूलं धर्मतरोस्तदेव कथितं बौद्धैस्तथा वैदिकैः ॥**
**श्रामण्यं न तदन्तरेण सुलभं न श्रावकत्वं पुनः ।**
**सेवाधर्मपथे पदं न चलितुं शक्यं विनैतद्ध्रुवम् ॥**

**કરૂણા ભાવના.**

**ભાવાર્થ**—જૈન શાસ્ત્રમાં કરૂણાને સમદૃષ્ટિના લક્ષણ તરીકે ઓળખાવી છે. બૌદ્ધ અને વેદશાસ્ત્રમાં કરૂણાને ધર્મવૃક્ષના મૂલ તરીકે જણાવેલી છે. કરૂણા–દયા વિના શ્રામણ્ય–સાધુપણું અને શ્રાવકપણું પ્રાપ્ત થતું નથી. તેમ જ સેવાધર્મ કે પરોપકારના માર્ગમાં કરૂણા વિના એક ડગલું પણ ચાલી શકાય તેમ નથી. (૪૬)

**વિવેચન**—સમાન પ્રાણીઓ સાથે મૈત્રીભાવના અને મોટા પ્રત્યે પ્રમોદભાવનાને હૃદયમાં સ્થાન આપવાની સાથે પોતાથી જે નાના હોય, ક્ષુદ્ર હોય, સાધનશક્તિ–સંપત્તિમાં દીન હોય તેમની પ્રત્યે કરૂણા ભાવના ખિલવવી એ સેવાધર્મને ગ્રહણ કરનારની ફરજ થઈ પડે છે. સેવાનાં વાંચ્છુ બહુધા દીન–ક્ષુદ્ર જીવો જ હોય છે. સેવાનું નિર્માણ જ બહુધા તેવા પ્રાણીઓ માટે થએલું હોય છે; એટલે એક સેવાધર્મી મનુષ્યને તે ધર્મ ગ્રહણ કર્યા બાદ સમાન અને મોટાં મનુષ્યો કરતાં નાનાં અને ક્ષુદ્ર પ્રાણીઓ સાથે વધારે પરિચયમાં આવવાનું હોય છે અને તેથી સેવાધર્મમાં આ ભાવના સર્વોપરિ ભાવનાનું સ્થાન લેછે; અને તેટલા માટે ગ્રંથકાર કહે છે કે—

सेवाधर्मपथे पदं न चलितुं शक्यं विनैतद्ध्रुवम् અર્થાત્—સેવાધર્મના માર્ગમાં તો કરૂણા વિના એક ડગલું પણ ચાલી શકાતું નથી. સર્વ ધર્મોમાં કરૂણાનું સ્થાન મહત્ત્વનું જ મનાયલું છે. પોતાનું અને પારકું દુઃખ નિવારવું એવું ધર્મનું સામાન્ય લક્ષણ લગભગ સર્વ ધર્મો માન્ય રાખતા હોવાથી કરૂણાનો ઉપદેશ સર્વત્ર જોવામાં આવે છે. મહાભારતમાંના શાન્તિપર્વમાં કહ્યું છે:—

**अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।**
**अनुग्रहश्च दानं च सतां धर्मः सनातनः ॥**

અર્થાત્—મન, વાણી તથા કર્મે કરી પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, દયા રાખવી તથા ઉપકાર કરવો એ સત્પુરૂષોનો સનાતન ધર્મ છે. અનુશાસન પર્વમાં કહ્યું છે:—

**न हि प्राणात्प्रियतरं लोके किं च न विद्यते ।**
**तस्माद्दयां नरः कुर्याद्यथात्मनि तथापरे ॥**

અર્થાત્—જગતમાં પ્રાણીને પ્રાણ કરતાં વધારે પ્રિય બીજું કશું નથી, માટે મનુષ્યે અન્ય પ્રાણીઓ પ્રત્યે આત્મવત્ દયા રાખવી.

દીન–હીન પ્રત્યે આત્મવત્ દયાદષ્ટિથી વર્તવું જોઈએ. બુદ્ધે પ્રસારેલો ધર્મ કેવળ કરૂણા ઉપર જ અવલંબી રહેલો છે અને ખાસ કરીને ક્ષુદ્ર પ્રાણીઓ ઉપરની કરૂણા જ બુદ્ધના સંસારત્યાગના કારણરૂપ હતી. બુદ્ધે સર્વ પ્રાણીઓને સુખ માટે તરફડતાં જોયાં અને તેમને માટે સુખપ્રાપ્તિનો માર્ગ શોધવા તેણે સંસારનો ત્યાગ કર્યો હતો.

જૈન ધર્મમાં પણ કરૂણાનું સ્થાન સર્વોપરિ છે. સમકિતનાં પાંચ લક્ષણો કહેલાં છે: સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા: એમાં અનુકંપા એ જ કરૂણા છે.

**दीनदुःस्थितदारिद्र्यप्राप्तानां प्राणिनां सदा ।**
**दुःखनिवारणे वाञ्छा सानुकंपाभिधीयते ॥**

અર્થાત્—દીન, દુઃખી અને દારિદ્રયને પામેલાં પ્રાણીઓનાં દુઃખોનું નિવારણ કરવાની જે નિરંતર વાંચ્છા કરવી તે અનુકંપા કહેવાય છે.

**દષ્ટાંત**—શ્રી **મહાવીર** સ્વામીની છદ્મસ્થપણાના સમયની કરૂણા ભાવનાનું એક દૃષ્ટાંત એવું છે કે તે એક વાર કનકખલ નામે તાપસોના આશ્રમમાં **ચં**ડકોશિક નામના સર્પને પ્રતિબોધ કરવા માટે ગયા હતા. બીજા લોકોએ તેમને ત્યાં જવાની ના કહ્યા છતાં તે તે જ રસ્તે ગયા અને સર્પના રાફડા પાસે કાયોત્સર્ગ કરીને ઊભા. તેમને જોઇને સર્પ મુખમાંથી વિષની જ્વાલા સ્ફુરાવવા લાગ્યો પરન્તુ **મહાવીર** સ્વામીને જ્વાળા કશી અસર કરી શકી નહિ, તેથી સર્પે તેમના પગપર દંશ દીધો એટલે **મહાવીર** સ્વામીના પગમાંથી ગાયના દૂધ સરખું રૂધિર નીકળવા લાગ્યું. **મહાવીર** સ્વામી બોલ્યાઃ "હે **ચં**ડકૌશિક, બોધ પામ, બોધ પામ." આ શબ્દો શ્રવણ કરતાં **ચં**ડકૌશિકને પોતાનો પૂર્વ ભવનો તમોગુણ યાદ આવ્યો અને તેના ફળરૂપ આ અવતાર પણ યાદ આવ્યો, તેથી પશ્ચાત્તાપ કરતા તે સર્પ **મ**હાવીર સ્વામીને પ્રદક્ષિણા કરી, વંદન કરી, ૧૫ દિવસ અનશન ગ્રહણ કરી મૃત્યુ પામ્યો. અપકાર કરનાર સર્પ જેવા ક્ષુદ્ર પ્રાણી ઉપર પણ અનુકંપા-કરૂણા ધારણ કરવાનો બોધ એ દૃષ્ટાન્તમાંથી પ્રાપ્ત થાય છે. (૪૬)

[ હવે કરૂણાના ફળનું કથન કરવામાં આવે છે.]

**करुणाफलम् ।४७॥**

**सर्वेऽपि प्रियजीवनास्तनुभृतो वाञ्छन्ति सौख्यं सदा।**
**दुःखं कोऽपि न वाञ्छति त्वमिव नो मृत्युं न चानादरम्॥**
**यत्त्वं वाञ्छसि देहि तत्करुणयाऽन्येभ्यो जनेभ्यो मुदा।**
**त्वं तत्प्राप्स्यसि दैवतो बहुतरं सद्यश्च यद्दीयते ॥**

**કરૂણાનું ફળ.**

**ભાવાર્થ**—સર્વ જીવોને જીવન પ્રિય છે એટલે બધા જીવો હમેશાં સુખને ચાહે છે, કોઇ પણ જીવ તારી માફક જ દુઃખની ઇચ્છા કરતો નથી, મૃત્યુ અને અપમાનને ચ્હાતો નથી. તું જેની ઇચ્છા કરતો હો તે તું

ખુશી થઇને કરૂણાબુદ્ધિથી બીજાને આપ. તું જે બીજાને હમણાં આપીશ તેનો બદલો કુદરત તરફથી તને પુષ્કળ મળશે. (૪૭)

**વિવેચન**—પ્રત્યેક જીવને સુખ હમેશાં પ્રિય જ હોય છે, અને દુઃખ અપ્રિય હોય છે. પ્રત્યેક પ્રાણીની પ્રત્યેક પ્રવૃત્તિ હમેશાં સુખને અર્થે જ હોય અને તેથી જે દિશાએથી દુઃખ પ્રાપ્ત થવાનો સંભવ તેને જણાય તે દિશાએ જવા તે ઇચ્છતો નથી. જ્યારે શારીરિક કે માનસિક દુઃખ જ આટલું અપ્રિય હોય છે, ત્યારે એ ઉભય દુઃખોના સત્વરૂપ મરણ કોને પ્રિય હોય? **अनिष्टं सर्वभूतानां मरणं नाम भारत ॥** અર્થાત્—હે ભારત! પ્રાણી માત્રને મરણ અપ્રિય છે—અનિષ્ટ છે. **प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि वै तथा ॥** અર્થાત્—જેમ પોતાના પ્રાણ પોતાને પ્રિય છે, તેમ પ્રાણીઓને પણ હશે એવી આત્મૌપમ્ય બુદ્ધિથી અન્ય પ્રાણીઓના સંબંધમાં વિચારીને કરૂણા ભાવના રાખવી જોઇએ. આત્મૌપમ્ય બુદ્ધિ ધારણ કર્યા વિના ક્ષુદ્ર કિંવા સંપત્તિહીન પ્રાણીઓને સુખાર્થે શું શું જોઇતું હશે તેની કલ્પના આવી શકતી નથી અને કરૂણાની ભાવના વિસ્તરતી નથી; તેટલા માટે ગ્રંથકાર કહે છે કે—**दुःखं कोऽपि न वाञ्छति त्वमिव**—તારી પેઠે કોઇ દુઃખને ઇચ્છતું નથી. **શેક્સપીયર** કહે છે કે દયાનો ગુણ દ્વિગુણ—બેવડો છે. જેની પ્રત્યે દયા દર્શાવીને તેને કાંઇ આપવામાં આવે છે તેને તેથી સુખ તથા આનંદ મળે છે અને જે દયા દર્શાવીને આપે છે તેને પણ સંતોષ પ્રાપ્ત થાય છે: આ બેઉનાં સુખ—સંતોષ—આનંદ આત્મૌપમ્ય દૃષ્ટિનું જ ફળ છે. એવાં દાનનું ફળ કુદરત આપ્યા વિના રહેતી જ નથી,

**દૃષ્ટાંત**—પૂર્વે સોમવંશમાં **રન્તિદેવ** નામે એક કરૂણાવૃત્તિવાળો રાજા થઇ ગયો, તે એટલો દયાળુ હતો કે પરોપકારમાં તેનું સર્વ દ્રવ્ય ખપી ગયું ત્યારે પોતે ભૂખ્યો રહીને પણ ગરીબોનું પોષણ કરતો, પરન્તુ કોઇ અતિથિને નિરાશ કરી પાછો વાળતો નહિ. તે રાજાએ એક વખતે ૪૮ દિવસ સુધી અન્ન પાણીનું કષ્ટ વેઠયું અને ૪૯ મે દિવસે પ્રભાતમાં ભોજન લેવા તે બેઠો કે તુરત જ એક બ્રાહ્મણ અતિથિ ત્યાં આવ્યો. **રન્તિદેવે**

શ્રદ્ધાપૂર્વક અતિથિને આદર સત્કાર આપીને ભોજન કરાવ્યું. બ્રાહ્મણ ભોજન કરીને ગયો અને રન્તિદેવ બાકી રહેલું અન્ન જમવાની તૈયારી કરતો હતો, એટલામાં વળી એક શૂદ્ર અતિથિ આવ્યો; તેને પણ તેણે પોતાના ભોજન માટેના અન્નમાંથી ભોજન કરાવ્યું. શૂદ્ર ભોજન કરીને ગયો એટલે કૂતરાથી વીંટાએલો વળી એક ત્રીજો અતિથિ ભોજન માટે આવીને ઊભો રહ્યો અને બોલ્યો કે: "હે રાજા! હું અને આ કૂતરાં ભૂખ્યાં છીએ, માટે અમને અન્ન આપો." તે સાંભળીને રન્તિદેવ રાજાએ ઘણા માનની સાથે એનો આદર-ભાવ કરીને બાકી જે કાંઇ અન્ન વધેલું હતું તે આપીને પેલાં કૂતરાં તથા તે કૂતરાંના સ્વામીને પ્રણામ કર્યા. એ પ્રમાણે બધું ભોજન અતિથિઓને જમાડવામાં જ પૂરૂં થઇ ગયું, અને માત્ર પાણી રહ્યું તે પણ એક જણ પીએ તેટલું જ રહ્યું. તે પાણી પીવાને રન્તિ-દેવ તૈયાર થયો એટલામાં વળી એક ચાંડાળ ત્યાં આવી ચઢ્યો. તેણે કહ્યું કે "હે રાજા! હું તરસ્યો છું; મને પાણી પીવાને આપો." રાજા એ ચાંડા-ળની દયામણી સ્થિતિ જોઇને બહુ ખેદ પામ્યો અને બોલ્યો: "હે પ્રભુ! હું તારી પાસે ઐશ્વર્ય કે મોક્ષની ઇચ્છા રાખતો નથી, પણ સર્વ પ્રાણી-ઓના અંતરમાં પેસીને તેઓની પીડા ભોગવવાની ઇચ્છા રાખું છું, કે જેથી હું દુ:ખી થતાં પણ સર્વ પ્રાણીઓ દુ:ખરહિત થાય." આમ કહીને રાજાએ તરસથી મરવા જેવા થવા છતાં પેલા ચાંડાળને પીવાને પાણી આપ્યું. પાણી આપતાંની સાથેજ પેલા ત્રણે અતિથિઓ જે મૂળ દેવ હતા તેઓ દેવ રૂપ ધારણ કરી રાજા સામે ઊભા રહ્યા અને કહ્યું: "વરદાન માંગ." પણ આત્મૌપમ્ય બુદ્ધિથી–સાચી કરૂણાવૃત્તિથી જ પ્રેરાઇને પરોપકાર કરનાર એ રાજાએ તેઓને માત્ર નમસ્કાર કર્યા અને કાંઈ પણ માંગ્યું નહિ. કરણ દાનેશ્વરી રોજ સવામણ સોનું દાન કરતો પરન્તુ રાજા રન્તિ-દેવનું દાન કરૂણાવૃત્તિમાં તેના કરતાં પણ ચડે તેવું લેખાય. (૪૭)

**[હવે સ્થૂળ વિભૂતિની સાર્થકતા શામાં રહેલી છે તે ગ્રંથકાર નીચેના શ્લોકમાં દર્શાવી કરૂણા ભાવનાનું સમર્થન કરે છે].**

करुणां विना सर्वं निष्फलम् । ४८ ॥

**किं द्रव्येण फलं न येन करुणापात्रस्य दुःखं हृतं ।**
**किं देहेन न योऽर्पितः क्षितितले त्रस्ताङ्गिनां रक्षणे ॥**
**किं शक्त्या न ययोद्धृताः करुणया दुःखार्दिताः प्राणिनः ।**
**किं बुद्ध्या न ययाङ्कितः शिवपथः कर्मौघविच्छित्तये ॥**

કરૂણા વિના બધું નિષ્ફળ.

**ભાવાર્થ**—જે દ્રવ્યથી કરૂણા રાખવાલાયક માણસનું દુઃખ દૂર ન કર્યું તે દ્રવ્યનું ફળ શું ? જે દેહથી પૃથ્વી ઉપર ત્રાસ પામતા પ્રાણીઓનું રક્ષણ ન કર્યું તે દેહનું ફળ શું ? જે શક્તિથી દુઃખી પ્રાણીઓ ઉપર દયા લાવી તેમનો ઉદ્ધાર ન કર્યો તે શક્તિ શું કામની ? જે બુદ્ધિથી કર્મના સમૂહનું ઉચ્છેદન કરવાને મોક્ષનો માર્ગ ન ઓળખ્યો તે બુદ્ધિનું પ્રયોજન શું ? કશું જ નહિ. (૪૮)

**વિવેચન**—દ્રવ્ય, દેહ, બુદ્ધિ કે શક્તિ જે કાંઇ આ જગતનાં મનુષ્યોની વિભૂતિઓ છે તેનો ઉપયોગ સ્વ અર્થે કરવો એ તો કીટકથી માંડીને હાથી પર્યંતના સર્વ જીવોનો સ્વભાવ જ છે; પરન્તુ તેનું સાચું સાર્થક્ય તો તેમાં જ રહેલું છે કે જ્યારે તેનો ઉપયોગ અન્યને અર્થે–જેઓ તે વિભૂતિથી રહિત હોય અને જેને તેની સાચી આવશ્યકતા હોય તેને અર્થે–કરવામાં આવે. જેઓ સાચા મનુષ્યો છે, કિંવા સેવાધર્મના તત્ત્વને માન્ય રાખનારા છે કિંવા સાધુઓ છે તેઓ તો પોતાની વિભૂતિને પોતા ઉપરાંત પરને અર્થે ખર્ચવામાં જ તે વિભૂતિનું સાર્થક્ય માનનારા છે, પરન્તુ દુષ્ટ અને અજ્ઞ જનો તે જ વિભૂતિઓનો ઉપયોગ ઉંધે માર્ગે કરે છે.

**विद्या विवादाय धनं मदाय शक्तिः परेषां परिपीडनाय ।**
**खलस्य साधोर्विपरीतमेतज् ज्ञानाय दानाय च रक्षणाय ॥**

અર્થાત્—દુષ્ટ પુરૂષ વિદ્યાનો ઉપયોગ વિવાદ-વિતંડા કરવામાં કરે છે અને સત્પુરૂષ જ્ઞાનપ્રાપ્તિમાં કે જ્ઞાનદાનમાં કરે છે, દુષ્ટ પુરૂષ ધનનો ઉપયોગ મદોન્મત્ત બનવામાં અને સત્પુરૂષ દાન કરવામાં કરે છે; દુષ્ટ પુરૂષ શક્તિનો ઉપયોગ પારકાને પીડવામાં ત્યારે સત્પુરૂષ પારકાનું રક્ષણ કરવામાં કરે છે. આ પ્રમાણે એઉના માર્ગો પરસ્પર વિપરીત છે; પરન્તુ વિદ્યા, ધન કે શક્તિ જેવી વિભૂતિનો સદુપયોગ સત્પુરૂષ કયારે થએલો માને છે તે એ શ્લોકમાંથી મળી આવે છે. સેવાધર્મને અંગીકાર કરનારની તો સર્વ વિભૂતિઓ સેવાને પાત્ર પ્રાણીઓના ઉપકારાર્થે જ હોવી જોઇએ.

**દૃષ્ટાંત**—દ્રવ્ય, દેહ, શક્તિ અને બુદ્ધિ સર્વનો ઉપયોગ કરૂણાપાત્રને માટ કરવા માટેનું દૃષ્ટાંત બલ્ખના બાદશાહ સુલ્તાન ઇબ્રાહીમનું છે. તે ઉત્તરાવસ્થામાં ફકીરી હાલતમાં રહેલા અને ઇબ્નઆદમના નામથી ઓળખાતા. એક વખત તે અને એક દરવેશ એકઠા મુસાફરી કરતા હતા. એટલામાં રસ્તામાં દરવેશ માંદો થયો. તેની માવજત કરવામાં પોતા પાસે જે કાંઇ હતું તે તેમણે ખર્ચી નાંખ્યું, છતાં એ કામમાં પૈસાની વધારે જરૂર પડી ત્યારે પોતાનું એક ટટ્ટુ હતું તે પણ વેચી નાંખ્યું. દરવેશ જરા સાજો થયો અને બન્ને આગળ ચાલ્યા, ત્યાં રસ્તામાં દરવેશ બિચારો થાકી ગયો, તે જોઇ એને પોતાને ખભે બેસાડીને તે ત્રણ મજલ સુધી લઇ ગયા, અને એ રીતે તેમણે પોતાના સર્વસ્વનું સાર્થક્ય થએલું માન્યું. (૪૮)

**पुण्यवृक्षसेचनार्थं करुणा । ४९ ॥**

**साम्राज्यं सुयशः सुखं च सुहृदो विद्या विनीताः सुता-**
**स्तानीमानि फलानि पुण्यसुतरोःप्राप्तानि सद्यस्त्वया॥**
**सिञ्चैनं करुणाजलेन सततं चेद्रक्षितुं वाञ्छसि ।**
**नो चेच्छोषमुपैष्यति द्रुततरं सौख्यं च ते नङ्क्ष्यति ॥**

## પુણ્યરૂપ વૃક્ષનું સિંચન કરવાને કરૂણાની જરૂર.

**ભાવાર્થ**—સામ્રાજ્ય-સત્તા, યશ, સુખ, વિદ્યા, મિત્રો અને વિનીત પુત્રો, એમાંનું જે કંઇ હાલ પ્રાપ્ત થયું છે તે બધું પુણ્યરૂપ સુવૃક્ષનું ફળ છે. એ વૃક્ષનું નિરંતર રક્ષણ કરવાને ઇચ્છતો હો તો એનું કરૂણારૂપ પાણીથી સિંચન કર; નહિ તો તે થોડા વખતમાં સુકાઇ જશે અને તારા સુખનો અંત આવી જશે. (૪૯)

**વિવેચન**—પૂર્વે એક શ્લોકમાં ગ્રંથકારે કહ્યું છે કે—**त्वं तत्प्राप्स्यसि दैवतो बहुतरं सद्यश्च यद्दीयते** । અર્થાત્—તું બીજાને જે હમણાં આપીશ, તેનો પુષ્કળ બદલો તને દૈવ-કુદરત તરફથી મળશે. તેથી ઉલટી રીતે ગ્રંથકાર આ શ્લોકમાં કહે છે કે મનુષ્યને અત્યારે જે કાંઇ સંપત્તિ-વૈભવ પ્રાપ્ત થયાં છે તે વાવવામાં આવેલા પુણ્યરૂપ વૃક્ષનાં જ મીઠાં ફળો છે, તો એ વૃક્ષનું નિરંતર રક્ષણ કરવાને તેને કરૂણારૂપી જળનું સિંચન કરતા રહેવું જોઇએ. નહિતો સ્વાભાવિક જ છે કે એ વૃક્ષ સુકાઇ જાય. પરોપકારથી પુણ્ય ઉપાર્જન થાય છે, અને મનુષ્યમાં દીન-હીન જીવો પ્રત્યે કરૂણા ન હોય તો તે પરોપકારને માર્ગે વળવા ઇચ્છતો નથી. કહ્યું છે કે—

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥**

અર્થાત્—કરોડો ગ્રંથમાં જે કાંઇ કહ્યું છે તેનો સાર અર્ધ શ્લોકમાં એટલો જ કહું છું કે-પરોપકાર કરવો એ પુણ્યને માટે છે અને પરપીડનથી પાપ ઉપાર્જન થાય છે. પુનર્જન્મને માનનારા સર્વ ધર્મશાસ્ત્રોમાં એ જ કહેલું છે કે જગતમાં એક મનુષ્ય પ્રાણીને સુખ-વૈભવ મળે છે અને બીજાને દુ:ખ પ્રાપ્ત થાય છે, તેનું કારણ એ છે કે સુખપ્રાપ્તિ કરનારે પોતાના પૂર્વ ભવમાં પુણ્ય કરેલું હોય છે અને દુ:ખ પ્રાપ્ત કરનારે પાપ ઉપાર્જન કરેલું હોય છે. એ પુણ્ય અને પાપનાં બંધનોથી તે સુખ-દુ:ખની પ્રાપ્તિ કરે છે. આ નિયમને સમજનાર મનુષ્યે પરોપકાર દ્વારા પુણ્ય ઉપાર્જન કરવું જ ઘટિત છે. (૪૯)

[ કરૂણાને પાત્ર જીવો કેવા હોય તે વિષે નીચેના શ્લોકમાં સ્ફુટતા કરવામાં આવે છે. ]

करुणापात्राणि ।५०॥

**ये दीना विकलाङ्गिनो विधिहता दारिद्र्यरोगार्दिता–**
**वृद्धा वा विधवा अनाथशिशवो ये केनचित्पीडिताः ॥**
**दुर्भिक्षे तृणधान्यदुर्लभतया सीदन्ति ये ये क्षुधा ।**
**ते सर्वे करुणास्पदं धनवतां वाञ्छन्ति साहाय्यकम् ॥**

કરૂણાપાત્ર જીવો.

**ભાવાર્થ**—જે માણસો ગરીબ, અપંગ, દુર્ભાગી, દરિદ્રી, રોગી અથવા વૃદ્ધ હોય, જે સ્ત્રીઓ વિધવા હોય, જે બાળકો અનાથ હોય અને જે કોઇના દબાણથી પીડાતા હોય, દુકાળના વખતમાં ખડ અને ધાન્ય ન મળવાથી જે ભૂખે મરતા હોય, તે બધાં જાનવરો અને માણસોને કરૂણા-પાત્ર ગણી શકાય. તેવાઓ ધનવાનની આર્થિક સહાય ઇચ્છે એ સ્વાભાવિક છે. ( ૫૦ )

**વિવેચન**—પૂર્વે કહેવામાં આવ્યું છે કે આપણા કરતાં જેઓ માનસિક, આત્મિક, આર્થિક, શારીરિક ઇત્યાદિ પ્રકારની સંપત્તિમાં હીન હોય તેઓ આપણાથી નાના ગણાય છે અને એવા નાના જીવો, પછી તેઓ મનુષ્ય હોય કે જંતુ હોય, તોપણ તે કરૂણાને પાત્ર છે. અત્ર ગ્રંથકારે એ કથનને વિશેષ સ્ફુટ કરતાં જણાવ્યું છે કે જેઓ મનુષ્ય હોવા છતાં ગરીબ, અપંગ, દુર્ભાગી, રોગી, વૃદ્ધ હોય, સ્ત્રી હોય તો નિરાધાર વિધવા હોય, બાળક હોય તો અનાથ કિંવા પરપીડિત હોય, પશુ હોય તો દુષ્કાળાદિને કારણે ભૂખ–તરસથી રીબાતાં હોય, એ બધાં કરૂણાને પાત્ર લેખાય છે. ધનવાનોએ તેઓને અવશ્ય સહાય કરવી ઘટારત છે. કરૂણાપાત્ર જીવોનાં ઉદાહરણોમાંનો એક નાનો ભાગ જ અત્ર દર્શાવવામાં આવ્યો છે. ધન એ કાંઇ રૂપિયા–આના–પાઇથી જ ગણાતું નથી. કોઇની પાસે માનસિક

ધન હોય છે અને કોઈની પાસે શારીરિક ધન હોય છે. કોઇ માનસિક ક્ષુધાથી પિડાતા જીવો હોય છે અને કોઇ આર્થિક ધનની તંગીથી ગરીબ હોય છે. જે જે મનુષ્ય કિંવા પ્રાણી જે જે દિશાએ દીન હોય તે તે મનુષ્ય કિંવા પ્રાણીને તે તે દિશાએ સહાય કરવી, એ જ સાચી કરૂણા છે. ધનવાન પણ વૃદ્ધ હોય અને તેની સેવાર્થે કોઈ પુત્ર-પૌત્રાદિ ઉપલબ્ધ ન હોય તો તેને આર્થિક સહાયકની જરૂર હોતી નથી પરન્તુ માનસિક અને શારીરિક સાહાયકની જરૂર હોય છે. એવા દીન વૃદ્ધને આશ્વાસન વડે માનસિક સહાય કરનારો અને સેવા-શુશ્રૂષાવડે શારીરિક સહાય કરનારો મનુષ્ય સાચો કરૂણાશીલ મનુષ્ય લેખાય. એ જ રીતે અન્ય મનુષ્યો તથા પ્રાણીઓનું સમજવું. બીજી રીતે જોઇએ તો કોઈ અનાથ બાળક હોય અને તેને ભણવાની આવશ્યકતા હોય. પોતાને કોઈ ભણાવે એ હેતુથી તે ભિક્ષા માંગતો હોય, તો તેને પોતાને ઘેર રાખીને રોટલા ખવરાવી ચાકર બનાવવો તે ખરી કરૂણા નથી. તેની દીનતા ભણતર પૂરતી છે માટે તેને ભણતર પ્રાપ્ત કરાવી તેની દીનતા ટાળવી જોઈએ અને એ જ સાચી કરૂણા છે. (૫૦)

---

## सप्तम परिच्छेद.

---

### સેવાધર્મ: માધ્યસ્થ્ય ભાવના.

[ હવે ચોથી માધ્યસ્થ ભાવનાનું પ્રકરણ પ્રારંભાય છે. ]

**माध्यस्थ्यभावना । ५१ ॥**

**पापेभ्यः परिमोचनाय जगतश्चेत्ते मनोभावना ।**
**माध्यस्थ्यं परिशीलनीयमनिशं तस्यास्तदा सिद्धये ॥**
**माध्यस्थ्येन विना मनस्समतुला वैषम्यमापद्यते ।**

# वैषम्येण पतेत्स्वयं गुणगणाद्दूरेऽन्यमुक्तेः कथा ॥

## માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા ભાવના.

**ભાવાર્થ**—જગતને પાપમાંથી છોડાવવાની જો તારી મનોભાવના હોય તો તે ભાવનાની સિદ્ધિમાટે હમેશ મધ્યસ્થ ભાવનાનો અભ્યાસ કરવાની જરૂર છે, કારણકે મધ્યસ્થપણા વિના મનની સમાન તુલા વિષમપણું પામે છે. વિષમપણું આવ્યું એટલે પોતે જ ગુણસમૂહથી પતન પામશે તો પછી બીજાને છોડાવવાની વાત જ ક્યાં રહી ? (૫૧)

**વિવેચન**—જ્યાંસુધી પ્રતિકૂળતા પ્રત્યે પણ મધ્યસ્થતા–નિઃસ્પૃહતા મનુષ્યમાં આવતી નથી, ત્યાંસુધી 'વસુધૈવ કુટુંબકમ્'ની પરમપવિત્ર ભાવના તેનામાં ખીલી શકતી નથી. સામાન્ય સંયોગોમાં તો ઘણાખરા લોકો શાન્ત, મધ્યસ્થ અને ન્યાયની તુલાની પેઠે વૃત્તિઓને સંયમમાં રાખીને વર્તનારા હોય છે; પરન્તુ જ્યારે ભયાનક પ્રતિકૂળતા, વિરોધ અને શત્રુતા સામે આવી જે ઊભી હોય, ત્યારે વૃત્તિને મધ્યસ્થ રાખવી એ કાંઇ જેવો તેવો સંયમ નથી. એ સંયમને તો મનુષ્યે કેળવવો જોઇએ. બુધ્ધે તેને ઉત્તમમાં ઉત્તમ મંગલ કહ્યું છેઃ—

**फुस्सट्ठ लोकधम्मेहि चित्तं यस्स न कपति ।**
**असोकं विरजं खेमं एतं मंगलमुत्तमम ॥**

અર્થાત્—( લાભ અને હાનિ, યશ અને અપયશ, નિંદા અને સ્તુતિ, સુખ અને દુઃખ એ આઠ ) લોકસ્વભાવ સાથે સંબંધ થયા છતાં જેનું ચિત્ત ન કંપતાં શોકરહિત–નિર્મળ અને સુખરૂપ રહે છે, તેનું તે કૃત્ય ઉત્તમ મંગળ છે. સુખ અને દુઃખમાં સમભાવ રાખવો એ જ સાચી મધ્યસ્થતા અથવા ઉપેક્ષા છે. મનુષ્યની આ મધ્યસ્થતાથી મનુષ્ય પોતે પાપકર્મથી મુક્ત થાય એ યુકત છે. પરન્તુ ગ્રંથકાર કહે છે કે–पापेभ्यः परिमोचनाय जगतः–અર્થાત્ જગતને પાપમાંથી છોડાવવા માટે–તું માધ્યસ્થ્યનું પરિશીલન કર. એ કેવી રીતે ? ઉપર જણાવ્યું છે તેવી રીતે અને આગળ

જણાવવામાં આવ્યું છે તેવી રીતે, આ ચારે ભાવના મનુષ્યના પોતાના કલ્યાણમાટે તો છે જ, પરન્તુ એક પણ તેવા મનુષ્યની ભાવનાથી અન્ય જીવોનું પણ કલ્યાણ સધાય છે. જ્યારે એક વૈરી, વિરોધી, નિંદક પોતાની સામે આવીને કટુ વચનો કહે, ત્યારે મધ્યસ્થ વૃત્તિ રાખવાથી પોતાનું કલ્યાણ તો થાય છે જ, પરન્તુ એ વૃત્તિથી વૈરમાં કે નિંદામાં નવી આહુતિ નહિ પડવાથી તેનું તુરત શમન થવા લાગે છે અને સામા માણસનું નવીન પાપબંધન પણ અટકે છે. તેથી ઉલટું મધ્યસ્થ વૃત્તિ નહિ રાખનાર પોતે પાપબંધન કરે છે અને જગતના પાપબંધનનો કારણીભૂત બને છે, અને તેથી ગ્રંથકાર કહે છે કે–મધ્યસ્થતા વિના મનની તુલા વિષમતા પામે છે અને તેથી પોતે જ પતન પામે છે એટલે બીજાને પાપમાંથી મુક્ત કરવાનું કેવી રીતે બને? બલકે તે બીજાનાં પાપને વૃદ્ધિંગત કરવાના સાધનરૂપ થાય છે. આ વિષે ભગવાન્ બુધ્ધે પોતાના શિષ્યોને એક દૃષ્ટાંત આપ્યું હતું તે નીચે આપેલું છે.

**દૃષ્ટાંત**—શ્રાવસ્તી નગરીમાં એક વૈદેહિકા નામની કુલીન સ્ત્રી રહેતી હતી. તે બહુ મીઠાબોલી, નમ્ર અને ઘણી શાન્ત છે એવી તેની આખા શહેરમાં ખ્યાતિ હતી. તેને એક કાલી નામની ચતુર દાસી હતી. દાસીને એક વાર એવી શંકા થઇ આવી કે આ મારી શેઠાણી ખરેખરી શાન્ત વૃત્તિની છે કે હું વખતસર કામકાજ કરૂં છું તેથી તેને ગુસ્સે થવાનો પ્રસંગ જ મળતો નથી? આ શંકાના સમાધાનાર્થે તે એક દિવસ મોડી ઉઠી, ત્યારે વૈદેહિકાએ તેને કહ્યું: "અરે કાલી! આજ આટલું મોડું કેમ કર્યું?" કાલી બોલી: "બાઇસાહેબ! સહેજ વાર થઇ." વૈદેહિકાએ કપાળ ઉપર કરચોલીઓ ચડાવીને અને ભ્રમર ઉંચે ચડાવીને કહ્યું: "આ દાસી કેવી પાપી છે? મોડી ઉઠે છે એટલે શું?" કેટલાક દિવસ ગયા પછી કાલી ફરીને થોડા વખત મોડી ઉઠી. તે દિવસે તેની શેઠાણીએ તેને ઘણી ગાળો ભાંડી. વળી કેટલાક દિવસ ગયા પછી તે ફરીથી મોડી ઉઠી, એટલે બાઇસાહેબનો મિજાજ ગયો. તેણે પાસે પડેલો લોખંડનો સળીયો લઇને કાલીના માથામાં માર્યો. કાલી બૂમો પાડતી અને ગભરાતી રસ્તા

ઉપર દોડી ગઇ. લોકો એકઠા થઈ ગયા. કાલીના માથામાંથી લોહી નીકળતું હતું તેનું લોકોએ કારણ પૂછ્યું તો કાલીએ જણાવ્યું કેઃ "તમે જેને શાંત સમજો છો, તે અમારાં બાઇસાહેબનું આ દુષ્ટ કૃત્ય છે." આ ઉપરથી તે સાધ્વી દેખાતી સ્ત્રી ખરી સાધ્વી નથી પણ ભારે ક્રૂર છે, એમ માની લોકો તેની નિંદા કરવા લાગ્યાં. એ પ્રમાણે વૈદેહિકાના મગજની તુલા વિષમ બનતાં કાલીની તુલા અને જનસમાજની તુલા પણ નિંદા આદિથી પાપ તરફ પતિત થવા લાગી. ભગવાન્ બુદ્ધ કહે છે કે—"હે ભિક્ષુઓ! જ્યાંસુધી કડવા શબ્દ સાંભળવાનો પ્રસંગ આવે નહિ, ત્યાંસુધી ઘણા શાન્ત દેખાય છે, પણ જ્યારે કડવા શબ્દનો પ્રહાર થાય છે ત્યારે માણસ ખરેખર શાંત છે કે નહિ તે જાણવાની તક મળે છે." (૫૧)

[ માધ્યસ્થ્યનું એક અંગ સહિષ્ણુતા છે. તે વિષે હવે કહેવામાં આવે છે.]

## सहिष्णुता ।५२॥

**सेवायां जनतोपकारकरणे धर्मस्य संचारणे ।**
**सत्योत्कृष्टसहिष्णुता मनसि तेऽवश्यं सदाऽपेक्षिता ॥**
**हन्युस्त्वां प्रतिपक्षिणस्तदपि नो कोपो विषादोऽथवा ।**
**नश्येन्नापि च धैर्यमल्पमपि चेत्ते कार्यसिद्धिस्तदा ॥**

## સહનશીલતા.

**ભાવાર્થ**—દેશની સેવા કરવી હોય, સમાજનો ઉપકાર કરવો હોય કે ધર્મનો સંચાર કરવો હોય તો ખરેખર ઉંચા પ્રકારની સહનશીલતા તારા મનમાં અવશ્ય રાખવી જોઈએ. તે એટલેસુધી કે કદાચ તારા પ્રતિપક્ષીઓ લાકડીથી તને મારે તો પણ ક્રોધ કે ખેદ ન થવો જોઇએ તેમ જ ધીરજ જરી પણ ગુમાવવી ન જોઇએ. જો તેમ બની શકશે તો તેં લીધેલા કાર્યની સિદ્ધિ થઇ શકશે. (૫૨)

**વિવેચન**—દેશસેવક, સમાજસેવક કે ધર્મસેવકનું કાર્ય કાંઇ સરલ નથી. सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः । અર્થાત્—યોગી જનોને પણ અગમ્ય થઈ પડે તેવો સેવાધર્મ અતિગહન છે. સેવાને યોગીઓના યોગની સાથે સરખાવવામાં જે હેતુ રહેલો છે, તે એ છે કે સેવાબુદ્ધિવાળાએ યોગના જેવા ગુણો કેળવવા જોઇએ. ચિત્તની સમાધિ એ યોગનું બીજું નામ છે, તેમ સેવાધર્મ અંગીકાર કરનારને પણ ચિત્તની સમાધિ વિના ચાલી શકતું નથી. જે ચાર ભાવનાઓનો ઉપદેશ ગ્રંથકારે કરેલો છે તે પણ ચિત્તની સમાધિ કેળવવાને માટેજ છે. સેવાધર્મીની સામે અનેક પ્રતિકૂળતાઓ આવીને ઊભી રહે છે, તે વખતે તેણે મનની વિષમતા ટાળવી જોઇએ અને ચિત્તવૃત્તિને સમતોલ રાખવી જોઇએ: પરન્તુ તે પૂર્વે તેણે પ્રતિકૂળતાને સંપૂર્ણ રીતે સહન કરી લેવી જોઈએ છે. જ્યાંસુધી તે એ પ્રતિકૂળતાને પચાવી નાંખીને મનને સંયમમાં રાખી શકતો નથી ત્યાંસુધી તે માધ્યસ્થ્ય કે ઉપેક્ષા ભાવનાને કેળવી શકતો નથી. આટલા માટે જ ગ્રંથકાર કહે છે કે પ્રતિપક્ષીઓ લાકડીથી માર મારે તોપણ ક્રોધ કે ખેદ ન થાય એટલી બધી સહિષ્ણુતાની ભૂમિકા સુધી સેવાધર્મીએ પહોંચવું જોઇએ.

**દૃષ્ટાંત**—નમૂનેદાર સહિષ્ણુતાનો એક દાખલો હજરત **અલી**નો છે. હજરત **અલી** કુફા શહેરની મસીદમાં સવારની નમાજ પઢી રહ્યા હતા. ઈબ્ને મુલજીમ જે પહેલાં લશ્કરમાં હતો અને દંગો ફીસાદ કરી નાસી ગયો હતો તે છૂપી રીતે મસીદમાં આવ્યો અને જ્યારે તમામ લોકો હજરત **અલી** સાથે નમાજ પઢવામાં રોકાયા ત્યારે તેણે ઝડપથી હજરત **અલી** ઉપર હુમલો કર્યો અને ઝેરનું પાણી ચઢાવેલી તલવાર વતી ત્રણ ઘા કરી નાઠો. લોકોએ જલ્દીથી નમાજ પૂરી કરી. કેટલાક જણે હજરત **અલી**ને ઉઠાડયા અને કેટલાક ખૂનીને પકડવા દોડયા, અને તેને પકડીને હજરતની રૂબરૂ આણ્યો. તે વખતે લોકો હજરત **અલી**ને સારૂ શરબતનો પ્યાલો તૈયાર કરી તેમની પાસે લાવ્યા. તેમણે કહ્યું: "એ શરબત પહેલાં મારા ખૂનીને આપો કારણકે દોડવાથી તે હાંફી રહ્યો છે અને તરસ્યો જણાય છે." (૫૨)

[હવે પાપી પ્રત્યે કેવી રીતે વર્તવું કે જેથી ચિત્તની સમાધિમાં વિક્ષેપ ન થાય તે વિષે ગ્રંથકાર નીચેનો શ્લોક કહે છે.]

पापिनामपि न तिरस्कारः । ५३ ॥

**भूयांसोऽपि विरोधिनस्तनुभृतः स्युः पापकार्ये रता–**
**बोध्यास्ते मृदुनम्रबोधवचनैः सामाद्युपायैस्त्रिभिः ॥**
**क्रूरत्वान्मृदुतां भजन्ति न च ते केनाऽप्युपायेन चेत् ।**
**कर्त्तव्यं तदुपेक्षणं न च तिरस्कारोऽथवा ताडनम् ॥**

### પાપીઓનો પણ તિરસ્કાર ન કરવો.

**ભાવાર્થ**—આ જગતમાં ધર્મી કરતાં પાપી જનોની સંખ્યા વધારે છે એટલે તારો વિરોધ કરનારા અનેક પાપી જનો પાપના કાર્યમાં મશગુલ થએલ તારા જોવામાં આવશે તેમનો તિરસ્કાર કરવા કરતાં સામદામ આદિ ત્રણ ઉપાયોથી કે કોમળ અને નમ્ર બોધવચનોથી તેમને સમજાવવા. જો તેઓ ક્રૂરપણાને લીધે કોઇ પણ ઉપાયે કોમળ ન બને તો તેમની ઉપેક્ષા કરવી એટલે તેનાં કર્યાં તે ભોગવશે એમ ધારી તેનાથી દૂર થઈ જવું પણ તેમનો તિરસ્કાર કે મારામારી ન કરવી. પ્રેમથી જે સમજાવટ થાય છે તે દ્વેષ અથવા તિરસ્કારથી થતી નથી. (૫૩)

**વિવેચન**—'વૈરનું ઓસડ વહાલ' એ એક સાદું પણ બહુ બોધક કહેવત છે. વૈરીને વશ કરવાનો વિધિ વહાલમાં જ રહેલો છે, તેવી રીતે પાપીને નિષ્પાપી કરવાનો વિધિ તિરસ્કારમાં નહિ પણ તેની પ્રત્યે દયા દર્શાવવામાં રહેલો છે. પાપી મનુષ્ય ધૃણાને પાત્ર નથી, પરન્તુ તે પામર અને તત્ત્વદૃષ્ટિથી અનભિજ્ઞ હોઈ દયાને પાત્ર હોય છે. આવું દયાને પાત્ર જગત નાનું–સૂનું નથી. પાપ કરનારો જગતનો ભાગ નિષ્પાપી ભાગ કરતાં ઘણો મોટો છે અને એવા જગતનો તિરસ્કાર કરીને વર્તવાથી પાપી જગત તેવું ને તેવું જ રહે છે અને પોતાથી એ દયાને પાત્ર જગતનું કશું કલ્યાણ થતું

નથી. પાપીઓનું કલ્યાણ કરવાનો ખરો માર્ગ એ છે કે તેઓની પ્રત્યે દયા-દૃષ્ટિ રાખીને તેમને વ્હાલપૂર્વક બોલાવવા, તેમની વૃત્તિમાંથી ધીરે ધીરે પાપ નિર્મૂળ થાય એવો ઉપદેશ આપવો અથવા અન્ય કોઈ રીતે તેમને પાપી પ્રવૃત્તિથી મુક્ત થવાને માર્ગે ચડાવવા. બાઇબલમાં કહ્યું છે કે: "જો કોઇ તારો અપરાધ કરે તો તેને ઠપકો દે, ને જો તે પસ્તાવો કરે તો તેને માફ કર. જો તે એક દહાડામાં સાત વાર અપરાધ કરે ને સાત વાર તારી તરફ ફરીને કહે કે હું પસ્તાઉં છું, તો તેને માફ કર." આ ક્ષમાવૃત્તિનો બોધ આપનારા બાઈબલનાં વાક્યોમાં પાપીને તિરસ્કારી કાઢવાનો નહિ પરન્તુ તેને સત્કારી તેની વૃત્તિને કોમળ બનાવવાનો યત્ન કરવાનો હેતુ રહેલો છે. આવા યત્નોમાં નિષ્ફળતા મળે તો માત્ર પાપીથી અસહકાર કરવો, પરન્તુ તિરસ્કાર દર્શાવવો નહિ, કારણકે તિરસ્કાર પાપીને વધારે પાપી બનાવે છે.

**દૃષ્ટાંત—અર્જુન** નામનો એક માળી હતો તે રોજ એક યક્ષની પૂજા કરીને પોતાના બગીચામાંથી ઉતરેલાં ફૂલ વેચવા જતો. એક વાર તે તથા તેની સ્ત્રી યક્ષની પૂજા કરતાં હતાં, એટલામાં યક્ષના મંદિરમાં સંતાઇ રહેલા ૬ દુષ્ટ પુરૂષોએ **અર્જુન**ને બાંધી લીધો અને તેની સ્ત્રી સાથે કુકર્મ કરવા માંડયું. **અર્જુન**ને વિચાર થયો કે હું વર્ષોથી યક્ષની પૂજા કરૂં છું છતાં આ વિપત્તિને વખતે તે મને કેમ મદદ કરતો નથી ? શું ખરેખર યક્ષ હશે ખરો ? આ વિચારની સાથે જ યક્ષનું અદ્ભુત ચૈતન્ય **અર્જુન**માં આવ્યું અને તેણે દોરડાના બંધ પોતાના અદ્ભુત બળથી તોડી નાંખ્યા. પછી યક્ષની મૂર્તિના હાથમાં લોખંડની ગદા હતી તે ઉંચકીને તેણે છ પુરૂષ અને સાતમી પોતાની સ્ત્રી એ સાતને મારી નાંખ્યાં; તોપણ તેનો ક્રોધ શાંત થયો નહિ. રોજ એ પ્રમાણે તે જે કોઈ પોતાના હાથમાં આવે તે સાત મનુષ્યોને મારતો ત્યારે શાંત થતો. આ ઉપદ્રવથી કોઇ નગરની બહાર નીકળતું નહિ. એક વાર **મ**હાવીર સ્વામી ગામની બહાર એક બગીચામાં ઉતર્યા અને **અર્જુન** માળીના પંજામાં પડવાની બીકથી કોઈ તેમને વંદન કરવા ગયું નહિ, પરન્તુ **સુદર્શન** શેઠ ગયો. રસ્તામાં **અર્જુન** માળીએ

તેને જોયો અને તેને ગદા લઇ મારવા દોડયો, એટલે શેઠે સ્થિર રહી નમોથ્થુણુંના પાઠ સ્મરી મૃત્યુ થાય તો યાવજ્જીવન સુધીનો સંથારો અને મૃત્યુ ન થાય તો સંથારો પારવાનો સંકલ્પ કર્યો. **અર્જુન** એ સદ્ધર્મશીલ પુરૂષના તેજથી તેના ઉપર ગદા ઉગામી શકયો નહિ અને તેનામાં દાખલ થએલી યક્ષની શક્તિ એકદમ અદ્રશ્ય થઈ જતાં ગદા હાથમાંથી પડી ગઇ. **અર્જુન**નું ગાંડપણ દૂર થતાં તેણે **સુદર્શન** શેઠને પૂછયું કે "તમે કયાં જાઓ છો ?" **સુદર્શને** કહ્યું કે હું "વીર ભગવાન પાસે જઉં છું." **અર્જુને** પણ શેઠની સાથે જવાની ઇચ્છા કરી અને શેઠે તેને ખુશીથી સાથે લીધો. વીર પ્રભુ **અર્જુન**ના પાપોની વાત જાણતા હતા. તેણે પાંચ માસ અને ૧૩ દિવસમાં ૧૧૪૧ મનુષ્યોના પ્રાણ લીધા હતા. છતાં પ્રભુએ તેનો તિરસ્કાર નહિ કરતાં તેની તરફ દયા દૃષ્ટિથી જોયું, તેને બોધ આપ્યો અને દુષ્કર્મથી છૂટવાનો માર્ગ માત્ર સંયમ જ છે એ સમજાવ્યું. **અર્જુન**ને હવે પોતાનાં પાપોનો બહુ પસ્તાવો થયો અને તેણે વીર પ્રભુ પાસે જ દીક્ષા લીધી. દીક્ષા લઈને છઠ છઠનાં પારણાં કરવાં અને રાજગૃહની આસપાસ રહી કોઈના પર ક્રોધ ન કરવો એવી પ્રતિજ્ઞા કરી. સાધુ તરીકેના જીવનમાં તેને બહુ હેરાન થવું પડયું. ઘણાઓને જીવતા મારી નાંખેલા, તેના પુત્રો, ભાઇઓ વગેરે સગાંઓ તેને આહાર–પાણી પણ આપતા નહિ, તેની પ્રત્યે ઘૃણા દર્શાવતા, તેને છૂટે પત્થરે મારતા, પરન્તુ **અર્જુને** ગ્રહણ કરેલો સમભાવ કોઇ વાર પણ ત્યજ્યો નહિ. બીજાઓની કનડગત થતી ત્યારે તે એમ જ ચિંતવતો કે મેં એમને ઘણું નુકસાન કર્યું છે, એ મને થોડો જ બદલો આપે છે. (૫૩)

[ પાપીનો નાશ કરવો એ શું યુકત છે ? આ પ્રશ્નનો ઉત્તર ગ્રંથકાર નીચેના શ્લોકમાં આપે છે. ]

**पापस्यैव नाशो न तु पापिनाम् । ५४ ॥**

**कार्यं पापविनाशनं तदपि नो नाशेन पाप्यङ्गिनो ।**
**घाते पापिजनस्य हिंसकतया पापस्य वृद्धिर्भवेत् ॥**

**वस्त्रादेर्मलनाशनार्थमुचितं नो वस्त्रविच्छेदनं ।**
**किन्तूत्पाद्यजलेन तत्र मृदुतां वस्त्रान्मलोत्सर्जनम् ॥**

**પાપીના નાશને બદલે પાપનો જ નાશ કરવો.**

**ભાવાર્થ**—પાપનો નાશ કરવો તે વાત બરાબર છે, પણ તે પાપી જીવોનો નાશ કરીને નહિ. પાપી જનોના નાશથી પાપનાં બીજનો નાશ થતો નથી અને પાપીના નાશથી પણ હિંસા તો થવાની જ: હિંસા પાપરૂપ હોવાથી પાપની વૃદ્ધિ જ થવાની. લુગડાંના મેલનો નાશ કરવાને શું લુગડાં ફાડી નાંખવાં જોઇએ? નહિ જ. કિન્તુ પાણીથી લુગડાંને કોમળ બનાવી તેનો મેલ દૂર કરવો જોઇએ. તેમ પાપીને પણ કોમળ બનાવી તેનું પાપ દૂર કરાવવું જોઇએ. (૫૪)

**વિવેચન**—પ્રથમ દષ્ટિએ જોતાં આ શ્લોકમાં ગ્રંથકાર એકાંત અહિંસાવાદનું સમર્થન કરતા હોય તેવું જણાય છે: પરન્તુ વસ્તુતઃ તેમ નથી. પાપનો નાશ કરવો અને પાપીનો નાશ કરવો એ બેઉ કાર્યો જૂદાં છે, એ નિઃસંશય છે અને એ બેઉ કાર્યોની વચ્ચે જ્યાં પસંદગી કરવાની હોય ત્યાં પાપનો નાશ કરવો એ કર્મને જ પસંદગી આપવી જોઈએ એવું આ શ્લોકનું સાચું તાત્પર્ય છે, અને આ તાત્પર્ય જે વસ્ત્રનું ઉપમાન ગ્રહણ કરવામાં આવ્યું છે તે પરથી સ્ફુટ થાય છે.

**गुरुं वा बालवृद्धौ वा ब्राह्मणं वा बहुश्रुतम् ।**
**आततायिनमायान्तं हन्यादेवाविचारयन् ॥**

અર્થાત્—ગુરૂ હોય, વૃદ્ધ હોય અગર બાળક હોય કે વિદ્વાન્ બ્રાહ્મણ હોય, પણ જો તે 'આતતાયી' અર્થાત્ અત્યાચારી કિંવા નિર્દોષને રંજાડનારો દુષ્ટ હોય તો તેને વિચાર કર્યા વિના જ ઠાર કરવો. ગ્રંથકાર પાપનો નાશ કરવાનું કહે છે પરન્તુ પાપીનો અવિચારપૂર્વક નાશ કરીને પાપનો નાશ કરવાની ના કહે છે. જ્યારે પાપનો નાશ કરવો અને પાપીનો નાશ કરવો એ બેઉ માર્ગો ખુલ્લા હોય ત્યારે પહેલો માર્ગ પસંદ કરવાનું તે કહે છે. વસ્ત્રમાં મેલ કિંવા કોઈ દર્દનો ચેપ હોય તો તે મલીન વસ્ત્રને

પાણીથી સુકોમળ બનાવીને જેવી રીતે તેમાંથી મેલ કિંવા ચેપને દૂર કરવામાં આવે છે, તેવી રીતે પાપીને પણ સામોપચારથી સુકોમળ બનાવીને તેનામાંથી પાપને નીચોવી નાંખવામાં આવવું જોઇએ. **મનુ** જેવી રીતે 'આતતાયી'ને અવિચારપૂર્વક હાર કરવાનું કહે છે તેવું તો ગીતામાં પણ કહેલું નથી. શ્રીકૃષ્ણ પહેલાં સામોપચારનો પૂરો યત્ન કરે છે એટલે કે પાપીને કોમળ બનાવીને તેનામાંથી પાપનો મેલ નીચોવી નાંખવા મથે છે, છતાં જ્યારે તેનામાંથી ચેપનો નાશ થતો નથી, ત્યારે એ પાપનો ચેપ ઉડીને બીજા નિર્દોષ મનુષ્યને પણ પાપનું દર્દ લાગુ પાડશે એવું વિચારી પાપીનો નાશ કરવા યુદ્ધ કરવાનું **અર્જુન**ને કહે છે. જૈન ધર્મગ્રંથોમાં કહ્યા મુજબ શ્રી શ્રેણીક મહારાજે અમારિ પડો વજડાવ્યો હતો અને ગુજરાતના રાજા **કુમારપાળે** પણ અમારિ ઘોષણા કરી હતી. તેમની આજ્ઞા અધર્મનું ઉચ્છેદન કરવાની હતી; અર્થાત્ જનસમાજમાંથી અધર્મને નીચોવી નાંખવાની તેમની પ્રતિજ્ઞા હતી, પરન્તુ અધર્મીઓનો અવિચારપૂર્વક નાશ કરવાની પ્રતિજ્ઞા નહોતી : તે છતાં તે રાજાઓને અધર્મનો નાશ કરવાને જ્યારે જ્યારે હિંસા અનિવાર્ય લાગી હતી ત્યારે ત્યારે તેમણે યુદ્ધાદિક કર્યાં હતાં અને એકાંત અહિંસાવાદનો જ આશ્રય લઈને પાપનો ચેપ ફેલાવા દીધો નહોતો. વસ્ત્રના દષ્ટાંત વડે ગ્રંથકાર પાપીને કોમળ બનાવવાનો અને પાપને તેનામાંથી નીચોવી નાંખવાનો ઉપદેશ કરે છે. એક વસ્ત્ર કે જેમાં ભયાનક દર્દનો ચેપ લાગ્યો હોય, સાધારણ જળ તો શું પણ તીવ્ર ઔષધયુક્ત જળથી એ વસ્ત્રને સુકોમળ બનાવ્યા છતાં તેમાંથી ચેપ દૂર થાય જ નહિ તો પછી આપણે તે વસ્ત્રને શું કરીએ? અવશ્ય તે વસ્ત્રની ઉપેક્ષા જ કરીએ અને તે રીતે તેને કાંતો ઘરના એક ખૂણામાં પડ્યું રહેવા દઇએ અથવા તો ઘરની બહાર ફેંકી દઇએ : તે જ રીતે પાપીનો તિરસ્કાર ન કરતાં દયાદષ્ટિથી તેનો આદર કરવો એ માધ્યસ્થ્યનો પ્રથમ વિધિ છે, તેને સુકોમળ બનાવી તેનામાંથી પાપનું વિરેચન કરવું એ બીજો વિધિ છે, તે સુકોમળ ન બને તો તેની ઉપેક્ષા કરવી—તેનાથી અસહકાર કરવો—તેનો ત્યાગ કરવો એ ત્રીજો વિધિ છે.

**દૃષ્ટાંત**—**અંગુલિમાલ** નામના એક લૂંટારાએ **શ્રાવસ્તી** નગરીની આસપાસનાં ગામડાંના લોકોને લૂંટી તેમની આંગળીઓ કાપી લઇને તેની માળા બનાવી પોતાનાં કંઠે ધારણ કરી નામ મેળવ્યું હતું. એક દિવસ **બુદ્ધ** ભગવાન્ **શ્રાવસ્તી**માંથી ભિક્ષા ગ્રહણ કરી જે દિશામાં **અંગુલિમાલ** હતો તે દિશામાં ગયા. વાટમાં ગોવાળીયા અને ખેડૂતો મળ્યા તેમણે તેમને એ માર્ગે નહિ જવાનો બહુ આગ્રહ કર્યો; પરન્તુ **બુધ્ધે** તેમનું માન્યું નહિ. તેમને સીધા આગળ વધતા જોઇને **અંગુલિમાલ**ને ભારે આશ્ચર્ય થયું અને તેણે તેમને મારી નાંખવાનો નિશ્ચય કર્યો. તે પોતાની ઢાલ તલવાર લઇને વેગથી **બુદ્ધ** તરફ દોડયો, અને બોલ્યો: "ઓ શ્રમણ! ઊભો રહે." **બુધ્ધે** ઉત્તર આપ્યો: "**અંગુલિમાલ**! હું ઊભો છું અને તું પણ ઊભો રહે." આ કહેવું **અંગુલિમાલ** બરાબર સમજ્યો નહિ. તેણે કહ્યું: "હે શ્રમણ! તું ચાલતો હોઈ ઊભો છું એમ કહે છે અને મને ઊભો હોવા છતાં ઊભો નથી એમ જણાવે છે તેનો અર્થ શું? તું ઊભો છું કેવી રીતે અને હું ઊભો નથી કેવી રીતે?" **બુધ્ધે** કહ્યું: "**અંગુલિમાલ**! પ્રાણી માત્ર વિષે પૂર્ણ દયા હોવાથી હું સ્થિર થયો છું અને પ્રાણીઓ વિષે તારામાં દયા નથી તેનું તું અસ્થિર—અસ્થિત છે." આ વાક્યથી **અંગુલિમાલ**ના હૃદયમાં તત્કાળ બોધ ઉત્પન્ન થયો. તેણે પોતાની ઢાલ—તલ્વાર ફેંકી દીધી અને **બુદ્ધ**ના ચરણમાં પડયો. **અંગુલિમાલ**ના ઉપદ્રવથી ત્રાસેલા પુષ્કળ લોકોએ **પસેનદિ** કોસલના રાજાના મહેલ પાસે જઇને **અંગુલિમાલ**ને શિક્ષા કરવા માટે અરજ કરી. આથી રાજા મોટું સૈન્ય લઈ **અંગુલિમાલ**ને પકડવા નીકળ્યો. વાટમાં તે **બુદ્ધ**ના દર્શનાર્થે ગયો અને ત્યાં તેણે **અંગુલિમાલ**ના ક્રૂરતાભર્યાં ઉપદ્રવની વાત કહી. **બુધ્ધે** કહ્યું: "જો **અંગુલિમાલ** શીલવાન્ થાય તો તું તેને શું કરીશ?" રાજાએ કહ્યું: "તો હું તેનો નાશ નહિ કરતાં તેને નમસ્કાર કરીશ, તેનું રક્ષણ કરીશ અને તેને અન્નવસ્ત્ર આપીશ." પછી **બુધ્ધે** પોતાની પાસે જ બેઠેલા શ્રમણ **અંગુલિમાલ**ની રાજાને ઓળખાણ આપી અને રાજાએ તેના પાપનો નાશ થએલો સમજી તેને નમસ્કાર કર્યાં. રાજા પાપીનો નાશ કરવા જતો હતો, તે પહેલાં **બુધ્ધે** પાપીના પાપનો નાશ કરી બતાવી જગતને બોધ આપ્યો. (૫૪)

[હવે ગ્રંથકાર સેવાધમીંના માધ્યસ્થ્યના વિજયનું કથન કરે છે.]

**शान्तिपूर्वकमाध्यस्थ्येनैव विजयः ॥ ५९ ॥**

**सामर्थ्येऽपि सहिष्णुता समुचिता सेवादिकार्ये ध्रुवं ।**
**दौर्बल्यं यदि मन्यते तदपि नो सम्यक्स्वसत्त्वोदयात् ॥**
**शान्तिक्षान्तिसमाश्रयेण सततं माध्यस्थ्यभावाश्रये ।**
**जह्युस्त्वत्प्रतिपक्षिणोऽप्यत्रनता धाष्टर्यं च पापाग्रहम् ॥**

**માધ્યસ્થ્ય ભાવથી જ વિજય થાય છે.**

**ભાવાર્થ**—પોતામાં ગમે તેટલું સામર્થ્ય હોય તોપણ સેવા આદિ કાર્ય બજાવવું હોય, ત્યારે તો સહિષ્ણુતા રાખવી તે જ ઉચિત છે. આવી સહિષ્ણુતાને દુર્લભતા માનવી એ બરાબર નથી. સમર્થ માણસ સહિષ્ણુતા બતાવે એ તો આત્મિક બળનો ઉદય જ ગણાય; એટલે તેને દુર્બળતાને બદલે સબળતા જ કહી શકાય. માટે શાન્તિ અને ક્ષમાની સાથે માધ્યસ્થ્ય ભાવનો નિરંતર આશ્રય કરવાથી તારા પ્રતિપક્ષીઓ પણ નમ્ર બનીને ધીઠતા અને પાપનો આગ્રહ છોડી દેશે.

**વિવેચન**—अशक्तिमान् भवेत्साधुः એ ઉક્તિવડે જેવી રીતે સાધુત્વને હીણવામાં આવે છે, તેવી રીતે કેટલાકો સહિષ્ણુતાને નિર્બળતા કહીને હીણે છે. પોતાના પ્રતિપક્ષીના પ્રહારને ઝીલીને સામો પ્રત્યુત્તર નહિ આપનાર અથવા તો વિરોધનો પ્રતિકાર નહિ કરનાર હમેશાં સહિષ્ણુતાના ગુણવાળો જ હોય છે, એમ માની લેવાનું નથીઃ કેટલાકોમાં દુર્બળતા હોય છે તેથી તેઓ વિરોધનો પ્રતિકાર કરી શકતા નથી. અને કેટલાકો સહિષ્ણુતાના ગુણવાળા અને સુવિચારી હોય છે તેથી વિરોધનો પ્રતિકાર કરી વૈરનો જન્મ થવા દેવાનું ઇષ્ટ માનતા નથી. આવા દુર્બળ અને સહિષ્ણુ માણસ કાંઈ એકસરખા હોતા નથી. સહિષ્ણુ માણસ તે હોય છે કે જે સમર્થ હોવા છતાં મધ્યસ્થ ભાવથી પોતાના સત્ત્વનું દર્શન કરાવે છે, અને તેટલા માટે ગ્રંથકાર **स्वसत्त्वोदयात्** એ શબ્દનો ઉપયોગ કરે છે. આવા

મધ્યસ્થ ભાવથી પ્રતિપક્ષી પણ પોતાના પાપનો આગ્રહ છોડી દેવાને પ્રેરાય એ સ્વાભાવિક છે.

**દૃષ્ટાંત**—આ વિષે જૈન ગ્રંથમાં એક કથાનક છે. **અર્હન્મિત્ર** નામના શ્રાવકે સ્વદારાસંતોષરૂપ નિયમ ગ્રહણ કર્યો હતો, પરન્તુ તેના મોટા ભાઈની સ્ત્રી તેની ઉપર આસક્ત થઈ અને હાવભાવ–કટાક્ષપૂર્વક તેને ઉપસર્ગ કરવા લાગી; છતાં **અર્હન્મિત્ર** તેના પર આસક્ત થયો નહિ. તેણે પોતાના વ્રતના રક્ષણને અર્થે દીક્ષા ગ્રહણ કરી. તેના પર આસક્ત થએલી તેના મોટા ભાઈની વહુ મરીને કૂતરી થઈ. એકદા **અર્હન્મિત્ર** મુનિ વિહાર કરતાં તે કૂતરી હતી ત્યાં આવ્યા. તેને જોઈને તે કૂતરીએ તેને પતિની જેમ આલિંગન કર્યું. તે જોઈ લજ્જાથી મુનિ નાસી ગયા. તે કૂતરી પણ મરીને મોટા અરણ્યમાં વાંદરી થઈ. ભવિતવ્યતાના યોગથી તે અરણ્યમાં તે મુનિ આવી ચડ્યા. તેને જોઈને તે વાંદરી પ્રથમની જ જેમ રાગથી તેને આલિંગન કરવા લાગી. તે જોઈ બીજા સાધુ તે મુનિને વાનરીપતિ કહીને તેની મશ્કરી કરવા લાગ્યા. તે સાંભળીને મુનિ લજ્જાયુક્ત થઈ નાસી ગયા. તે વાંદરી મરીને યક્ષિણી થઈ. તે મુનિને જોઇને તેને જાતિસ્મરણ થયું, તેથી તેણે વિચાર્યું કે " આ મુનિની મેં ઘણા ભવથી વાંછા કરી છે, પણ તે હજુ મને ઇચ્છતા નથી, તેથી આજે તો હું તેને આલિંગન કરૂં. " એમ વિચારીને તેણે મુનિને આલિંગન કર્યું. તે જોઇને મુનિ ત્યાંથી નાઠા. માર્ગમાં નદી ઓળંગવા માટે તે મુનિ જળમાં પ્રવેશ કરતા હતા તેવામાં તે યક્ષિણીએ તે મુનિનો એક પગ કાપી નાંખ્યો છતાં મુનિ તે સહન કરી રહ્યા. આ વખતે શાસનદેવીએ આવીને યક્ષિણીને તેના પૂર્વ ભવની વાત કરી, એટલે યક્ષિણીએ મુનિની ક્ષમા માંગી પરન્તુ મુનિ તો તે પૂર્વે જ ક્ષમા આપી ચૂકયા હતા અને મધ્યસ્થ ભાવે રહી તેની પ્રત્યે જરા અનિષ્ટતાનું પણ ચિંતન તેમણે કર્યું નહોતું. આ તેમની દુર્બળતા નહોતી પરન્તુ તેમનો સત્ત્વોદય–તેમની સમર્થતા હતી. પછી શાસનદેવીએ મુનિનો પગ સાજો કર્યો. (૫૫)

# अष्टम परिच्छेद.

## સેવાધર્મ : બાળકોની સેવા.

[ પૂર્વે સેવાધર્મને મનુષ્યની તૃતીય અવસ્થાનાં કર્તવ્ય કર્મ તરીકે દર્શાવવામાં આવ્યો છે. એ સેવાધર્મ આદરનાર મનુષ્યની સમીપે સેવાધર્મની વિધવિધ દિશાઓ રજુ કર્યા પહેલાં ગ્રંથકારે સેવાધર્મમાં દાખલ થવાની પ્રતિજ્ઞા કરનાર માટેના ઉચિત ગુણો વિષે વર્ણન કર્યું અને એ ગુણો કેળવવા માટેના માર્ગોનું નિદર્શન કર્યું, કે જે ગુણો વિના મનુષ્ય સેવાધર્મને યથાસ્થિત રીતે પાળી શકતો નથી. સેવાધર્મ ગ્રહણ કરવાને માટે હૃદયક્ષેત્રને વિશુદ્ધ કરીને તેમાં કેવા રંગો પૂરવા જોઈએ તે દર્શાવ્યા પછી હવે એ હૃદયક્ષેત્રને સેવાનાં કાર્યોમાં પ્રેરવા માટે ગ્રંથકાર એ કાર્યોનો અંગુલિનિર્દેશ કરે છે; તેમાં સૌથી પહેલાં મનુષ્યની સેવાના પ્રકારો દર્શાવી ઉત્તરોત્તર-ક્રમે ક્રમે એ સેવાપ્રકારના સૂચનમાં આગળ વધે છે. ]

**मनुष्यसेवा । ५६ ॥**

**निर्नाथाः पशवो यथा करुणया पश्वालये यत्नतो ।**
**रक्ष्यन्ते करुणालुभिर्भविजनैः कृत्वाऽपि भूरिव्ययम् ॥**
**निर्नाथा मनुजास्तथैव करुणाबुद्धया सुरक्ष्याः सदा ।**
**यत्सन्ति प्रथमेऽधिकारिण इमे बुद्धयादिवैशिष्टयतः ॥**

**મનુષ્યસેવા.**

**ભાવાર્થ**—દયાળુ ભાવિક લોકો કરૂણાબુદ્ધિથી પુષ્કળ ખર્ચ કરીને અનાથ પશુઓને જ્યારે બચાવે છે, ત્યારે તેવી જ કરૂણાબુદ્ધિથી અનાથ મનુષ્યોનું સારી રીતે રક્ષણ કરવું જરૂરનું છે, કારણકે મનુષ્યો બુદ્ધિઆદિ ગુણોની વિશેષતાને લીધે પશુ કરતાં ચ્હડતાં છે એટલે તેમનો પ્રથમ અધિકાર છે. (૫૬)

**વિવેચન**—ભગવાન્ બુધ્ધે જે ચાર મુખ્ય સત્યો ગણાવ્યાં છે તેમાંનું સૌથી પહેલું ‘ દુઃખ ’ નામનું સત્ય ગણાવ્યું છે. જન્મ, જરા, મરણ, અપ્રિય સાથેનો સમાગમ, પ્રિય વસ્તુનો વિયોગ અથવા ઈષ્ટ વસ્તુની અપ્રાપ્તિ એ

દુઃખને ઉપજાવવાનાર છે, એવું એ સત્ય છે. આ પાંચ 'ઉપાધિ સ્કંધ' જગત્‌નાં સર્વ પ્રાણીને સમાન અસર કરે છે, એટલે કે એક નાનામાં નાના જંતુથી માંડીને પ્રાણીશ્રેષ્ઠ મનુષ્યમાંની સર્વોપરિ વ્યક્તિ રાજરાજેશ્વર સુધી સર્વ કોઈ-ને એ ઉપાધિ સ્કંધથી ' દુઃખ ' નામના સત્યનો સાક્ષાત્કાર થયા વિના રહેતો નથી. ભગવાન્ મહાવીરે અને બીજા અનેક ધર્મોપદેશકોએ આ જ સત્ય જગત્‌ને સમજાવ્યું છે. પરન્તુ કોઈ ધર્માચાર્યે તેની ઉપર વિશેષ ભાર મૂકયો છે અને કોઈએ ઓછો ભાર મૂકયો છે. સર્વ ધર્મોમાં સેવાપરાયણતાનો બોધ પણ કરવામાં આવેલો છે અને દુઃખી તથા વિકલ પ્રાણીઓની સેવા કરવાનું ફરમાવવામાં આવ્યું છે. આ ઉપદેશને કેટલાક ધર્મોના અનુયાયીઓ કેવળ ભૂલી ગયા છે, કેટલાકો તેને અર્ધો-પર્ધો સંભારી રહ્યા છે અને કેટલાકો એ ઉપદેશને યથાર્થ રીતે નહિ અનુસરતાં અર્ધજ્ઞાનમિશ્રિત સેવા પાછળ પોતાની શક્તિનો વ્યય કરે છે. હિંદમાં અનેક સ્થળે પશુશાળાઓ, પાંજરાપોળો, કબૂતરખાનાં, ઢોરાંની ઇસ્પીતાલ, વગેરે સંસ્થાઓ કેવળ મૂગાં પ્રાણીઓનાં દુઃખોનું શમન કરવા માટે સ્થાપવામાં આવી છે. આવી સંસ્થાઓનાં કામો ચલાવવામાં અને તે માટે દાન કરવામાં મુખ્યત્વે કરીને જૈનો અને વેદધર્મીઓ ભાગ લે છે; તેમાંએ જ્યાં જ્યાં જૈન વસતી સારા પ્રમાણમાં હોય છે, ત્યાં ત્યાં આવી સંસ્થાઓ વધારે ધનવાન અને સારી સ્થિતિમાં ચાલતી હોય છે. પરન્તુ એક બાજુએ ઝીણામાં ઝીણા જંતુ માટેની દયા અને બીજી બાજુએ ચારિત્ર્યની અસ્થિરતાથી-ધર્માચરણની શિથિલતાથી માનસિક અને વાચિક હિંસાનો સંસાર-વ્યવહારમાં અત્યંત ઉપયોગઃ એ બે પ્રકારની પરસ્પર વિરૂદ્ધતા જ્યારે જ્યારે કોઇ જૈનોમાં જોવામાં આવે છે ત્યારે ત્યારે તેને માટે એવી ભાષાનો ઉપયોગ લોકો કરે છે કે-" એ તો નાનાને જીવાડનારો પણ મોટાને મારનારો શ્રાવક છે. " જૈનો નાનામાં નાના ગામમાં મૂગાં પ્રાણીઓ માટે ધર્માદાનો ફાળો કરે, વેપાર ઉપર કર-વેરો નાંખે, પરન્તુ ગામનાં રોગી કે અનાથ-અશક્ત મનુષ્યોને માટે સ્વલ્પ પણ આધારની વ્યવસ્થા ન કરે, બલકે એ કર્તવ્યની ઉપેક્ષા કરે, ત્યારે ઉપર જણાવ્યો તેવો આક્ષેપ કરવામાં આવે તેમાં નવાઈ નથી. પશુઓ કે

પક્ષીઓ મૂગાં પ્રાણીઓ છે, તેટલા માટે તે દયાને પાત્ર છે એ નિઃસંશય છે; પરન્તુ તે ઉપરથી બોલી–ચાલી શકનારા કિંવા પોતાની લાગણી દર્શાવી શકનારા મનુષ્યો ઉપેક્ષાને પાત્ર છે એમ ફલિત થતું નથી. દયા ઉપર જેટલો હક્ક મૂગાં પ્રાણીઓનો છે, તેટલો જ હક્ક મનુષ્યોનો પણ છે અને ગ્રંથકાર કહે છે તેમ, મનુષ્યોમાં બુદ્ધિ આદિ વિશેષ ગુણો રહેલા છે અને એક મનુષ્ય પોતાના જીવન વડે સમગ્ર જનતાનો અનેક પ્રકારે ઉપકાર કરી શકે છે, વળી મનુષ્યત્વ એ સર્વોપરિ અવતાર છે કારણકે મનુષ્યત્વમાંથી જીવ સીધો મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. મનુષ્યની આ વિશેષતાને કારણે તેનો સંરક્ષણ માટેનો અધિકાર પહેલો છે. આ ઉક્તિનો આશય એવો નથી કે મનુષ્યો ઉપરજ દયા દર્શાવીને તેમનું સંરક્ષણ કર્યું એટલે સેવાધર્મીના ધર્મની પૂર્ણાહુતિ થઈ, પરન્તુ જેવી રીતે કરૂણાળુ મનુષ્યો અનાથ પશુઓને માટે પાંજરાપોળો કે કબૂતરખાનાં જેવી સંસ્થાઓ સ્થાપે છે, તેવી રીતે–**તથૈવ** અનાથ મનુષ્યો પ્રત્યે પણ સમાન કરૂણા દર્શાવીને તેમના રક્ષણ–પોષણાદિને માટે વ્યવસ્થા કરવી–સેવા બજાવવી એ સેવાધર્મીનું કર્તવ્ય છે. 'સર્વભૂતાનુકંપા'માં એકલાં મૂગાં પ્રાણીઓનો જ સમાવેશ થતો નથી. જૈન ધર્મના સિદ્ધાન્તોમાં પણ અનાથ મનુષ્યોની સેવા ઉપર જરાએ ઓછો ભાર મૂકવામાં આવ્યો નથી અને આજે પણ જે ધનવાન–કરૂણાળુ જૈનો છે અને જેઓ દાનધર્મમાં ધનાદિનો વ્યય કરે છે તેઓ મનુષ્યના હિતાર્થે તેનો વ્યય કરવા ઉપર જરાએ ઓછું લક્ષ આપતા નથી; પરન્તુ સામાન્ય રીતે જૈનો મૂગાં પ્રાણીઓની દયાને વિશેષ સમજનારી મનાય છે તેનું કારણ એ છે કે તેઓ પશુશાળાઓ અને પાંજરાપોળોની વ્યવસ્થા લગભગ સર્વ સ્થળે કરી રહેલા હોય છે. પૂર્વ કાળમાં હાલના સમયની પેઠે અનાથ મનુષ્યોની સંખ્યા મોટી નહોતી, અને જે કોઇ અનાથ બાળકો હોય તેમનું પોષણ તે સમયના ધર્મપરાયણ જ્ઞાતિજનો કે કુટુંબી જનો કર્યા કરતા અને તેમને ભણાવી–ગણાવી પોતાની પાંખે ઉડતા કરીને છૂટા મૂકતા. આ કારણથી અનાથાશ્રમો જેવી સંસ્થાઓની ભાગ્યે જ જરૂર પડતી. આ સંયોગોમાં સૌથી વધારે સાર્વજનિક દયાને પાત્ર માત્ર પશુ–પક્ષીઓ જ રહેતાં

અને તેથી તેમને માટે સંસ્થાઓ ઉઘાડવા તથા ચલાવવા જૈનોએ સારી પેઠે શ્રમ ઉઠાવેલો; પરન્તુ હવે સમય બદલાયો છે. લોકો ગરીબ બન્યા છે; ધનવાનો પણ સ્વજ્ઞાતિ, સ્વસમાજ કે સ્વકુટુંબ પ્રત્યેની ફરજો પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિથી વર્તવા લાગ્યા છે અને તેથી અનાથ, અશક્ત તથા રોગી જનોની સંખ્યા વધી છે. અનાથાશ્રમો, બાળગૃહો, અશક્તાશ્રમો, વનિતાવિશ્રામો, વિધવાશ્રમો ઇત્યાદિ સંસ્થાઓ આ જમાનાએ ઉત્પન્ન કરી છે. વિલાયતમાં આપણા દેશ કરતાં સ્ત્રીઓને મજુરી કે નોકરી કરવા માટે વધારે પ્રમાણમાં ઘરની બહાર જવું પડે છે. બાળકવાળી સ્ત્રીઓ કે વિધવાઓ જ્યારે નોકરી-પર જાય ત્યારે તેમનાં બાળકનું રક્ષણ કરનાર કોઇ ઘેર હોતું નથી. આ કારણથી ગરીબ સ્ત્રીઓનાં બાળકોને રોજ આઠ–દસ કલાક જાળવી રાખવા માટે ‘ નર્સરી ’ જેવી સંસ્થાઓની ત્યાં જરૂર પડે છે. ત્યાં બાળકોને રાખી, ન્હવરાવી, ખવરાવી, રમાડી જાળવવામાં આવે છે; આવી સંસ્થાઓ માફકસરને દરે અને ધર્માદા સેવા પણ બજાવે છે. નોકરી પરથી પાછી ફરતી વખતે માતા પોતાના બાળકને ઘેર લઈ જાય છે. જમાનાએંજ ઉપ-જાવી કાઢેલી શું આ એક નવી જરૂરીઆત નથી? મુંબઇ, કલકતા કે અમદાવાદ જેવાં શહેરોમાં હવે જાહેર સુવાવડખાનું પણ એક મહાન ઉપકારક અને ધર્માદા ખાતું લેખાવા લાગ્યું છે. જૂના વખતમાં એવી સંસ્થાની જરૂર પડતી નહિ. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ જેમ સમય બદલાય છે, તેમ તેમ સમાજની જરૂરીઆતો અને સમાજસેવા માટેની સંસ્થાઓની જરૂરીઆતો પણ બદલાય છે, માટે તેમાં સમાજને અનુસરતો ફેરફાર કરવામાં આવવો જોઇએ. જૂના વખતમાં પાંજરાપોળો કે ધર્મશા-ળાઓ કે મુસાફરખાનાં ઉપયોગી ગણાતાં, માટે આ વખતમાં પણ તે જ ઉપયોગી ગણાય એમ ન સમજવું. તે ઉપરાંત બીજી સમયને અનુસરતી સંસ્થાઓ પણ જરૂરની જણાય તો તે પાછળ પણ સેવાધર્મીએ ધ્યાન આપવું જોઇએ. હાલને સમયે મનુષ્યસેવાની જરૂરીઆત પશુસેવાથી કોઈ પણ રીતે ઉતરતી નથી એવું દેશની દરિદ્રતા ઉપરથી માલુમ પડવા લાગ્યું છે. દરિદ્રતાને લીધે મનુષ્યોમાં રોગો પણ વધ્યા છે અને તેથી

રૂગ્ણાલયો અને દવાખાનાંઓની જરૂરીઆત પણ વધારે જણાવા લાગી છે. માટે દયાળુ જનોએ મૂગાં પ્રાણીઓને માટે જ દયાને સંકુચિત નહિ રાખતાં મનુષ્યો માટે પણ દયા ધારણ કરવી જોઇએ. (૫૬)

[ મનુષ્યસેવાનું પ્રતિપાદન કર્યા પછી હવે ગ્રંથકાર પ્રથમ બાળકોની સેવાનું સૂચન કરે છે. ]

अनाथबालसेवा । ५७ ॥

**येषां नास्ति पिता न चापि जननी नोभौ न च भ्रातरो-**
**बालास्ते करुणालया विधिहता भ्राम्यन्त्यनाथा यतः॥**
**तेषां रक्षणहेतवे स्वविषये संस्थाप्य बालाश्रमं ।**
**साहाय्यं धनिकैर्जनैः समुचितं द्रव्येण कार्यं स्वयम् ॥**

### અનાથ બાળકોની સેવા.

**ભાવાર્થ**—જે બાળકોનાં મા બાપ ભાઇઓ વગેરે કોઇ પાળક ન હોય તેવા હતભાગ્ય કરૂણાપાત્ર બાળકોને નિરાધારપણાને લીધે જ્યાં ત્યાં ભટકવું પડે છે. તેમના રક્ષણને માટે શ્રીમંતોએ પોતપોતાના દેશમાં બાલાશ્રમ સ્થાપીને તેમાં પોતાની શક્તિ પ્રમાણે ધનની સહાયતા કરવી જોઇએ. (૫૭)

**વિવેચન**—પૂર્વ કર્મનાં પાપના કોઇ યોગે કરીને કેટલાંક બાળકો નાની વયમાં જ અનાથ બને છે. આવાં અનાથ બાળકોનું રક્ષણ કરવું એ પ્રત્યેક નગરના ‘ મહાજન ’ ની ફરજ પૂર્વે લેખાતી, પરન્તુ એવાં મહાજનો કાંઇક અંશે કર્તવ્યભ્રષ્ટ થયાં, કાંઇક અંશે મહાજનો ઉપરનાં બીજાં કર્ત્તવ્યોના બોજા વધ્યા અને કાંઇક અંશે તેઓનું યોગ્ય દિશાએ ધ્યાન દોરનારા ઉપદેશકો પ્રમાદમાં પડયા, તેથી આજે દેશમાં ભિખારીઓ વધ્યા છે અને ઉચ્ચ કુળનાં અનાથ બાળકો પણ વધ્યાં છે. આવાં બાળકોને પોતાના નગરનું ધન જાણીને તેમને મોટા કરી, ભણાવી યોગ્ય ધંધે

ચડાવી દેવાની ફરજ જ્યારે મહાજનો ભૂલ્યા, રાજાઓ પણ ભૂલ્યા અને રાજરાજેશ્વર પણ ભૂલ્યા, ત્યારે શું એવાં અનાથ બાળકોને રખડી-રઝળીને મરણ જ પામવું જોઇએ ? શું અહિંસાપ્રધાન અને દયાધર્મની ભૂમિ જેવા ભારત દેશમાં એવું બને તે તેના ધર્મોને એક કલંક નથી ? આવાં બાળકોને માટે અનાથાશ્રમો ઉઘાડી, જનસમાજે તેમને નિભાવવાં જોઇએ. બાળકો એ આશાભર્યાં કુસુમો છે. તેમનામાં અભિનવ અદૃશ્ય રંગો રહેલા છે. એ રંગોમાંનો કોઈ આખી દુનિયાને પ્રકાશથી રંગી નાંખનારો નીકળે એ પણ બનવાજોગ છે. એ અણખીલ્યાં કુસુમો કરમાયા પહેલાં પોષણ-રક્ષણની હુંફમાં રહે તેટલા માટે અનાથાશ્રમોની જાહેર સંસ્થાઓ વિના હવે દેશને ચાલે તેમ નથી. મોટી વયનાં દીન-અનાથ સ્ત્રી પુરૂષો તો કેટલીક વાર પોતાની ઇહિલોકની ભૂલો અને અપરાધોને લીધે દીનતા ભોગવતાં-દુ:ખી થતાં હોય છે. આવાં જનો દયાને પાત્ર તો છે જ, પરન્તુ બાળકોની દીનતા તો તેથી પણ વિશેષ દયાને પાત્ર છે કારણકે તેઓ દુર્ભાગી માતા-પિતાને પેટે અવતર્યાં એ સિવાય તેમનો બીજો કશો દોષ હોતો નથી. આપણા દેશનાં જ અનાથાશ્રમોનો ઇતિહાસ તપાસનારને માલૂમ પડશે કે એવી સંસ્થાએ કેટલાંએ બાળકોને પતિત થતાં, મરતાં, દુરાચારી થતાં, ભિખારી બનતાં અટકાવ્યાં છે. અનેક ઢાંકેલાં રત્નો પણ તેમાંથી નીકળી આવ્યાં છે. (૫૭)

**बालसेवाविषये साधारणजनकर्त्तव्यम् ।५८॥**

**सामान्यैरपि मानवैर्जनपदे पर्यटय पृष्ट्वा जनान् ।**
**शोध्या नाथविहीनदीनशिशवः संगृह्य तानाश्रमे ॥**
**रक्ष्या रक्षणपद्धतिश्च सुदृशा लोलुक्यतां नित्यशः ।**
**स्यात्तत्र स्खलना कथञ्चिदपि सा तन्नायकान्ज्ञाप्यताम्**

**બાલસેવા પ્રત્યે સાધારણ માણસનું કર્ત્તવ્ય.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—પૈસાથી મદદ કરવાની શક્તિ ન હોય

તેવા માણસોએ દેશના જૂદા જૂદા ભાગોમાં ફરીને, તે તે ગામના લોકોને પૂછીને, ગરીબ અને અનાથ બાળકોને શોધીને, તેમને આશ્રમમાં લઇ જઇ રક્ષણ નીચે મૂકવા, આશ્રમનો કાર્યક્રમ અને રક્ષણપદ્ધતિ હમેશ તપાસવી, તેમાં ખામી જણાય તો આશ્રમના આગેવાનોને તેની સૂચના આપવી. ધનવાનો અનાથાશ્રમોને નાણાં સંબંધી મદદ કરી શકે પરંતુ જેઓ ધનસંપત્તિથી તેવી મદદ ન કરી શકે તેઓ આવાં કાર્યો કરીને પોતાની શારીરિક સંપત્તિથી, પોતાની વિદ્યાસંપત્તિથી, પોતાની અવલોકનશક્તિથી, અને બીજી શક્તિઓથી પણ બાળસેવા કરી શકે છે. 'સોશ્યલ સર્વીસ લીગ' નામની સંસ્થાઓ દેશના જૂદા જૂદા ભાગોમાં સ્થપાઈ છે તેના સભ્યો બીજી અનેક રીતો ઉપરાંત આ રીતે બાલસેવા આજે પણ કરે છે. મુંબઇ, પૂના, કલકત્તા, વગેરે મોટાં શહેરોમાં કેટલાંક નિરાધાર અને બાળકો પ્રત્યેની પોતાની ફરજ નહિ સમજનાર પતિત માબાપો પોતાનાં બાળકોને રઝળતાં મૂકી દે છે તેમને શોધીને એવાં આશ્રમોમાં પહોંચાડી ઉપકારનું કાર્ય કરવું તે પણ ઉત્તમ પ્રકારની બાલસેવા છે. કોઇ વાર વિધવાઓ અથવા કુમારિકાઓના દુરાચારથી ઉત્પન્ન થતાં બાળકો આવી રીતે રઝળતાં મૂકી દેવાતાં હોય એવા બનાવો બને છે. દુરાચારના ફળરૂપ હોવા છતાં એવાં બાળકો ઘૃણાને પાત્ર નહિ પણ દયાને પાત્ર લેખાવાં જોઇએ. સમાજના રીવાજોના દબાણથી એવી સ્ત્રીઓ પોતાના અપરાધને અંતે બાળકોને રઝળતાં મૂકી દેવાના બીજા અપરાધો પણ કરે છે એ ખરૂં છે; પરન્તુ એવાં બાળકોને રક્ષણ આપવાથી દુરાચારને ઉત્તેજન મળે છે એવું જે કેટલાકો માને છે તેઓ ભૂલ કરે છે. દુરાચારને અટકાવવાના ઉપાયો બીજા છે, પરન્તુ નિર્દોષ બાળકોનો બચાવ નહિ કરવાની પૃથા ગ્રહણ કરવાથી કાંઇ દુરાચાર અટકતો નથી. માટે બાળકોનું રક્ષણ તો હરકોઈ અવસ્થામાં પણ કર્ત્તવ્ય જ છે. અનાથાશ્રમના દોષોથી બાળકોની સેવામાં ક્ષતિ થતી હોય તો તે દોષો વ્યવસ્થાપકોની દૃષ્ટિમાં લાવીને સુધારા કરાવવા એ પણ એક પ્રકારની અનુભવસેવા લેખાય. (૫૮)

**[ હવે જૂદી જૂદી સ્થિતિની જૂદી જૂદી વ્યકિતઓ આ વિષયમાં કેવી સેવા બજાવી શકે તેનું વિશેષતાથી ગ્રંથકાર નિરૂપણ કરે છે. ]**

भिन्नभिन्नप्रकारेण सेवार्जनम् । ५९ । ६० ॥

विद्वांश्चेत् पठनोद्यतान् सरलया रीत्या मुदा पाठय ।
शिल्पी चेदुचिताश्च शिक्षय कलानिष्कामवृत्त्याऽखिलाः॥
वक्ता चेदसि दर्शय प्रवचनैः सन्नीतिमार्गं सदा ।
वैद्यश्चेत्कुरु रोगनाशनकृते तेषां व्यवस्थां शुभाम् ॥
वैश्यश्चेद् भव कार्यवाहकतया वस्तुव्यवस्थापकः ।
श्रीमांश्चेच्छिशुयोग्यवस्त्रनिकरं देहि प्रसङ्गोत्सवे ॥
सामान्यो यदि शंसनेन जनतामध्येऽस्य सञ्चारणं ।
सेवामर्जय येन केनचिदपि त्वं स्वार्थवृत्तिं विना ॥

જૂદા જૂદા માણસોની જૂદી જૂદી સેવા.

**ભાવાર્થ**—સેવાના ઉમેદવાર ! જો તું વિદ્વાન હો તો આશ્રમના વિદ્યાર્થીઓને જેમ સરલતા થાય તેવી રીતે અભ્યાસ કરાવ. જો તું શિલ્પી-કારીગર હો તો બદલાની આશા રાખ્યા વિના કેવળ નિષ્કામવૃત્તિથી તેમને કળા શિખવ. જો તું વક્તા હો તો શાસ્ત્રીય વચનોથી તેમને સારી નીતિનો માર્ગ બતાવ. જો તું વૈદ્ય હો તો તેમનામાં રોગો ઉત્પન્ન ન થાય અથવા ઉત્પન્ન થએલ હોય તો તરત નષ્ટ થાય તેવી વ્યવસ્થા કર. જો તું વ્યાપારી હો તો આશ્રમના વહીવટ ઉપર દેખરેખ રાખીને વ્યવસ્થાપક થા. જો તું ધનવાન હો તો જ્યારે ઘેર લગ્નાદિ સરખા માંગલિક પ્રસંગ આવે ત્યારે અનાથ બાળકોને યોગ્ય વસ્ત્રાદિનું દાન આપ. જો તારી પાસે બીજું કંઇ પણ સાધન ન હોય તો છેવટે સારી ઉપકારી સંસ્થાઓના યથાર્થ ગુણોના લોકોને માહીતી આપીને જનસમાજમાં તેનો સંચાર કર. ટુંકામાં કોઇ પણ રીતે સ્વાર્થવૃત્તિ રાખ્યા વિના સેવા બજાવવાને તત્પર થા. (૫૯–૬૦)

**વિવેચન**—સેવાવૃત્તિ બહુ વ્યાપક હોય છે. પૂર્વ શ્લોકમાં દર્શાવ્યું છે કે જેઓ ધનવાન હોતા નથી તેઓ પણ પોતાની જૂદી જૂદી જાતની શક્તિઓ વડે સમાજની સેવા બજાવી શકે છે. અત્ર ગ્રંથકારે થોડી વિશિષ્ટ શક્તિવાળા મનુષ્યો કેવી રીતે સેવા બજાવી શકે તેનાં દૃષ્ટાન્તો આપ્યાં છે. વિદ્વાન્ હોય તે પોતાની વિદ્યાવડે વિદ્યાર્થીઓને ભણાવીને, કારીગર હોય તે વ્યાખ્યાનો–ભાષણો વડે બાળકોને નીતિયુક્ત બોધ આપીને, વૈદ્ય હોય તે અનાથ વિદ્યાર્થીઓને પોતાની કળાના શિક્ષણનું દાન કરીને, વક્તા હોય તે તેમની રૂગ્ણાવસ્થામાં ઔષધોપચાર કરીને, વેપારી હોય તે સંસ્થાની વ્યવસ્થા વહીવટ કરીને, ધનવાન હોય તે પ્રસંગોચિત દ્રવ્ય પ્રદાન કરીને અને વિશેષ કાંઈ નહિ તો એક રંક મનુષ્ય એવી સંસ્થા પ્રત્યે સમાજની સહાનુભૂતિ ઉત્પન્ન કરવાનો ઉદ્યમ કરીને પણ સીધી કે આડકતરી રીતે બાળકોની સેવા બજાવી શકે છે. Sisters of Mercy–દયાની બ્હેનોની એક સંસ્થા આપણા દેશમાં છે તેમાં અનેક સ્ત્રી સેવિકાઓ હોય છે. તેઓ ધન તો આપી શકતી નથી પરંતુ રોગી જનોની પરિચર્યા કરીને, તેમને ધીરજ આપીને, તેમને આશ્વાસનના બે શબ્દો કહીને પણ મહાન્ સેવા બજાવે છે. ઈ. કેર્ડ નામનો અંગ્રેજ લેખક કહે છે કે–"બીજાઓના કલ્યાણનાં ખાસ કાર્યો કરવાથી જ આપણે તેમને વધારે લાભ કરીએ છીએ એમ કાંઇ નથી; પણ આપણી હમેશની પ્રવૃત્તિઓમાં રહેલી સદ્વૃત્તિ તેના વલણથી પણ આપણે તેમને લાભ કરીએ છીએ." તાત્પર્ય એ છે કે રાયથી રંક સુધીનો દરેક માણસ જો ધારે તો જનતાની કાંઇ સેવા જરૂર બજાવી શકે છે, અને એ સેવાની પાછળ તેની સદ્વૃત્તિનું જેટલું પ્રમાણ હોય છે તેટલો આધ્યાત્મિક લાભ તેને થાય છે. સેવાનું માપ એ સદ્વૃત્તિના પ્રમાણથી જ થાય છે. એક લાખ રૂપિયા સંસ્થાને આપીને ઉપકાર કરનાર ધનવાનના હૃદયમાં જો સેવાભાવનાથી ભરેલી સદ્વૃત્તિ ન હોય અને એક કારીગર રોજના પોતાના કાર્યમાંથી એકાદ કલાક બચાવીને અનાથાશ્રમના ગરીબ છોકરાઓને નેતરની ખુરસી ભરતાં શીખવવા આવતો હોય અને તેના એ કાર્યની પાછળ તેની સેવાભાવનારૂપી સદ્વૃત્તિ હોય, તો પેલા

ધનવાન્ કરતાં એ કારીગરની સેવા ચડીયાતા પ્રકારની લેખાય છે અને તેનો આધ્યાત્મિક લાભ તે કારીગરને વિશેષ થાય છે; એટલે સૌ પોતપોતાની નાની–મોટી સંપત્તિના પ્રમાણમાં જે કાંઇ સેવા બજાવે છે તે સેવાથી ઉપાર્જન થતું પુણ્ય તો તેની ભાવનાના બળ જેટલું જ હોય છે, અને એ દરેક પ્રકારની સેવાની સમાજને જરૂર છે. (૫૯–૬૦)

## नवम परिच्छेद.

### સેવાધર્મ : વિદ્યાર્થીઓની સેવા.

**ग्राम्यशाला ।६१॥**

**यद्ग्रामे शिशुशिक्षणाय न भवेच्छालादिकं साधनं ।**
**सेवास्थानमिदं वरं सुविदुषां विद्यार्थिशिक्षात्मकम् ॥**
**श्रीमन्तोऽपि च शक्नुवन्ति धनतः संस्थाप्य शालामिह।**
**सेवापुण्यमुपार्जितुं च विततां कीर्तिं जनाशीर्वचः ॥**

**ગામાડામાં શાળા.**

**ભાવાર્થ**—જે ગામમાં બાળકોને શીખવવાને નિશાળ વગેરે કંઈ પણ સાધન ન હોય ત્યાં વિદ્વાનોએ વિદ્યાર્થીઓને પોતાની જાતે મફત શિક્ષણ આપવું અથવા શ્રીમંતોએ પૈસાની સહાય આપી શાળા સ્થાપવી અને શિક્ષણની ગોઠવણ કરવી તે પણ વિદ્વાન્ અને શ્રીમંત બંનેને માટે સેવાનું સ્થાન છે. આવી સેવાથી પુણ્ય ઉપાર્જન થાય છે, કીર્તિ વિસ્તરે છે અને ગરીબ લોકોનો આશીર્વાદ મળે છે એમ એકી સાથે ત્રણ લાભ મળે છે. (૬૧)

**વિવેચન**—કહ્યું છે કે सर्वेषु दानेषु विद्यादानं विशिष्यते-અર્થાત્ સર્વ પ્રકારનાં દાનોમાં વિદ્યાદાન એ સર્વોપરિ દાન છે, કારણકે બીજી જે કાંઇ વસ્તુઓનું દાન આપવામાં આવે છે, તે વસ્તુઓ કાળે કરીને વપરાઇ જાય છે

અને તે વપરાઈ ગયા પછી દાન ગ્રહણ કરનાર પાછો પહેલાંના જેવી જ દુઃસ્થિતિમાં આવી પડે છે; પરન્તુ વિદ્યાના સંબંધમાં તેમ બનતું નથી. તે તો **व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम्।** જેમ જેમ વિદ્યાનો વ્યય કરવામાં આવે છે, તેમ તેમ વિદ્યા વધતી જાય છે–ઓછી થતી જતી નથી, અને તેથી સર્વ પ્રકારનાં ધનમાં પણ વિદ્યાધન પ્રથમ પંકિતનું મનાય છે. એવા વિદ્યાધનનું દાન મનુષ્યના જીવનને સુધારનારૂં થાય છે, અને જે દાનથી મનુષ્ય જેવા ઉચ્ચ પ્રાણીનું જીવન સુધરે તે દાન સર્વોપરિ કેમ ન કહેવાય ? મોટાં નગરોમાં વિદ્યા ગ્રહણ કરવાનાં શાળારૂપી સાધનો હોય છે, પરન્તુ નાનાં ગામોમાં તેવાં સાધનો હોતાં નથી, લોકો વિદ્યાના પૂરા લાભો પણ સમજતા નથી અને માત્ર ઉદરભરણનો વ્યવસાય કરવો તેમાં જ જીંદગીનું સાર્થકય હોય તેમ સમજીને તેવા વ્યવસાયમાં જ જીવન પૂરૂં કરે છે. આવા પછાત અવસ્થામાં રહેલા લોકોને વિદ્યાના લાભો સમજાવીને તેમને વિદ્યાદાન આપવું કે અપાવવું એ પરમ ઉપકારનું કાર્ય છે. આપણા દેશને માટે તો વિદ્યાદાનનું કાર્ય અત્યંત આવશ્યક છે, કારણકે જ્યારે જાપાનમાં છ વર્ષની ઉમ્મર ઉપરાંતની વસતીનો સેંકડે ૯૫ ટકા ભાગ વાંચી શકે છે, ત્યારે આપણા હિંદુસ્તાનમાં સેંકડે ૯૫ ટકા ભાગ અભણ હોઇને વાંચી શકતો નથી ! જગતની પ્રજાઓમાં જાપાન પ્રથમ પંક્તિમાં આવ્યું છે તેનું કારણ તેની કેળવણી છે અને હિંદ પછાત લેખાય છે તેનું કારણ તેનું અભણપણું છે. સમસ્ત હિંદના અભણપણાનું આટલું ભયાનક પ્રમાણ હિંદનાં ગામડાંની કેવળ અભણ દશા છે અને તેથી ગ્રામ્ય પ્રજાનેજ ભણાવવાના તેને વિદ્યાદાન આપવાના યત્નો કરવામાં આવવા જોઇએ. કોઈ પોતાની મેળે મફત શિક્ષણ આપીને, કોઇ શાળાનો ખર્ચ નિભાવવામાં ધનની સહાય આપીને અને કોઇ માત્ર વિદ્યાર્થીઓને ઉત્તેજન આપીને આ સેવા ઉત્તમ પ્રકારે બજાવી શકે. (૬૧)

[ હવે શૂદ્ર–પતિત લોકોને કેળવણી આપવાની આવશ્યકતા દર્શાવવામાંઆવે છે.]

**शूद्रशिक्षणम् । ६२ ॥**

# शूद्राणामपि शिक्षणेन चरितं शुद्धं भवेन्नैतिकं ।

नश्येद्दुर्व्यसनोद्भवं च दुरितं दैन्यं च दूरीभवेत् ॥
सेवाक्षेत्रमिदं धनाढ्यविदुषोर्भव्यं विशालं तत-
स्ताभ्यां शूद्रकशिक्षणार्थमुचितः कार्यः प्रबन्धो वरः ॥

## શૂદ્ર વર્ગને શિક્ષણ.

**ભાવાર્થ**—શૂદ્રોને પણ કેળવણી આપવાથી તેમની નીતિ રીતિમાં સુધારો થાય, મદિરાપાનાદિ વ્યસનો દૂર થવાથી તેથી થતું પાપ અટકે, તેમની દીન અવસ્થા–દરિદ્રતા દૂર થાય, એટલે શૂદ્ર વર્ગને શિક્ષણ આપવું તે પણ વિદ્વાનો અને શ્રીમંતોને માટે વિશાલ અને ભવ્ય સેવાક્ષેત્ર છે; માટે વિદ્વાનો અને શ્રીમંતોએ શૂદ્રવર્ગને કેળવવા માટે ઉચિત પ્રબંધ કરવો જોઈએ. (૬૨)

**વિવેચન**—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમાંનો છેલ્લો શૂદ્ર વર્ણ પહેલા ત્રણે વર્ણોની સેવા માટે છે એવું મનુસ્મૃતિકારે જણાવ્યું છે. શૂદ્રોની આવી સેવાના બદલામાં તેમનું માત્ર ભરણપોષણ જ એ ત્રણે વર્ણોએ કરવું એટલું પૂરતું નથી. ગામનાં કૂતરાં અને પશુઓનું પણ ભરણપોષણ સમાજે કરવું જોઇએ છે અને એ જ કક્ષામાં શૂદ્રોને મૂકીને તેમનું પોષણ કરવાનો ભાર સમાજે લેવો એ મનુષ્યોને પણ પશુઓની તુલનામાં મૂકવા બરાબર છે. બ્રાહ્મણોનું પોષણ પણ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો મળીને કરે છે, તો બ્રાહ્મણે પોતાના જ્ઞાનનો વ્યય એ ત્રણે વર્ણો પ્રત્યે શું ન કરવો જોઇએ ? શૂદ્રોનું ભરણપોષણ તેમની સેવાના બદલા તરીક કરવાથી તો માત્ર ધનનો વિનિમય કર્યો ગણાય, પરન્તુ શું સંસ્કૃતિનો વિનિમય ન કરવો જોઇએ ? શું શૂદ્રો સંસ્કૃતિના અધિકારી નથી ? માત્ર પશુઓની પેઠે ભરણપોષણના જ અધિકારી છે ? ગ્રંથકાર આવા પ્રશ્નોના જવાબમાં જણાવે છે કે–શૂદ્રોને–પતિત વર્ગોને પણ શિક્ષણ આપવું જોઈએ કે જેથી તેઓની નીતિ–રીતિમાં સુધારા થાય, તેઓ દુર્વ્યસનથી મુક્ત થાય અને દીનતાને પણ હઠાવી શકે. આ ઉપરથી જણાશે કે શૂદ્રો પણ સંસ્કૃતિના અધિકારી છે અને જેવી રીતે

બ્રાહ્મણ વિદ્યાદિ ભણી શકે છે, તેવી રીતે શૂદ્રને પણ વિદ્યા ભણવાનો અધિકાર છે. બ્રાહ્મણોના ધર્મગ્રંથો આ સંબંધે બહુ સાંકડી દૃષ્ટિ દર્શાવે છે. જેઓ જન્મથી શૂદ્ર છે તેઓ મરણસુધી શૂદ્ર જ રહે છે અને તેઓને વેદમંત્રોના શ્રવણનો અધિકાર નથી ! વસ્તુતઃ जन्मना जायते शूद्रः संस्काराद्द्विज उच्यते એટલે કે જન્મથી તો દરેક મનુષ્ય શૂદ્ર જ જન્મે છે અને સંસ્કારથી દ્વિજ બને છે; પરન્તુ જન્મથી જેઓ શુદ્ર જાતિમાં જન્મ્યા છે, તેમને તો કોઇ પણ રીતે ઉંચે ચડવાનો અધિકાર જ નથી–સિવાય કે જન્માન્તરઃ એવું કથન કરીને શૂદ્રોની સંસ્કૃતિનો માર્ગ બહુ કુંઠિત કરી નાંખવામાં આવેલો જણાય છે. જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી વગેરે ધર્મોના ધર્મગ્રંથોમાં એવું સંકુચિત વિધાન નથી. એક ચાંડાલ પણ સંસ્કૃતિ પામીને બ્રહ્મને જાણવાનો અધિકાર પ્રાપ્ત કરી શકે છે એવું તેઓ કહે છે; પરન્તુ આપણા દેશમાં બ્રાહ્મણ ધર્મના સિદ્ધાન્તો વ્યવહારમાં વધારે પ્રચલિત થઇ ગયા છે, શૂદ્રોની–પતિત વર્ગોની–અંત્યજોની વધારે અવગણના એ વ્યવહારથી થતી લાગે છે અને તે જ કારણથી બીજા કોઇ વર્ણોને નહિ પણ શૂદ્રોને કેળવવાની જ ખાસ ભલામણ કરવાની ગ્રંથકારને જરૂર સમજાઇ છે. શૂદ્રોને કેળવવા માટેનું ક્ષેત્ર ધનાઢ્યો તથા વિદ્વાનોની સમીપે આવી રહેલું છે તે તરફ ગ્રંથકારે અંગુલિનિર્દેશ એટલા માટે જ કર્યો છે કે આપણા સમાજમાં શૂદ્રોનું પણ એક મહત્ત્વનું સ્થાન છે અને એ વર્ગ જો અણકેળવાએલો રહે, તથા દેશના બીજા વર્ગો કેળવાયલા બને તો દેશને પક્ષાઘાતનું–અર્ધાંગવાયુનું દર્દ લાગુ પડે, એટલે કે તેના એક અંગમાં આગળ વધવાનું ચૈતન્ય પ્રાપ્ત થાય અને બીજા અંગમાં એવું ચૈતન્ય ન હોવાથી તે પાછળ પડતું રહે; એવી દુઃખદ–વિષમ સ્થિતિમાં દેશની સર્વતોગામી પ્રગતિ કેવી રીતે થઈ શકે ? શૂદ્રોમાંએ અંત્યજો તો સર્વથી વધારે હીણાયલા રહ્યા છે, અને તેઓ અસ્પૃશ્ય હોવાથી કેવળ અભણ દશામાં છે. કેટલાક સ્વાર્થી જનો માને છે કે અત્યંજોને ભણાવવામાં આવશે તો લોકોનો કચરો વાળનાર કે એવી હલકા પ્રકારની સેવા ઉઠાવનાર કોણ રહેશે ? શિક્ષણથી–કેળવણીથી કોઈ મનુષ્યનું હિત થતું હોય છતાં તે હિત માત્ર પોતાના સ્વાર્થની ખાતર થતું અટકાવવું તે અધમાધમ સ્વાર્થલંપટતા કહેવાય. એવી

સ્વાર્થલંપટતા ગમે તેવા કર્મકાંડી બ્રાહ્મણને પણ પતિત બનાવનારી થયા વિના રહે નહિ. માત્ર પોતાના આનંદને માટે પોપટને પાંજરામાં પૂરી રાખવા જેવી ક્રૂરતા દર્શાવવી, તેવી જ આ પણ એક જાતની ક્રૂરતા છે. સમાજની દરેક વ્યક્તિને જ્ઞાન સંપાદન કરવાનો, સંસ્કારી થવાનો અને સમાજમાં તેમ જ આધ્યાત્મિક શક્તિમાં ઉંચે ચડવાનો સમાન અધિકાર છે, અને તેટલા જ માટે આ ઉપદેશ અત્ર કરવામાં આવેલો છે.

**દૃષ્ટાંત**—ઉન્નતિ કરવાનો અધિકાર સર્વ કોઇને સમાન છે તે દર્શાવનારૂં એક દૃષ્ટાંત **બૌદ્ધ** ધર્મના એક ગ્રંથમાંથી ઉપલબ્ધ થાય છે. ભગવાન્ **બુદ્ધ** **શ્રા**વસ્તીમાં **અના**થપિંડિકના આરામમાં રહેતા હતા તેવામાં એક દિવસ ભિક્ષા ગ્રહણ કરતા કરતા અગ્નિહોત્રી **ભાર**દ્વાજ બ્રાહ્મણના બારણા આગળ આવી ભિક્ષા માટે ઊભા રહ્યા. **ભાર**દ્વાજનો અગ્નિહોત્ર સળગતો હતો અને તેમાં તે આહુતિ નાંખતો હતો. **બુદ્ધ**ને જોતાં જ તે મોટેથી બૂમ પાડી બોલ્યો: “ અરે શ્રમણ ! મુંડીયા ! ચાંડાલ ! ત્યાં જ ઊભો રહે ! ” **બુ**ધ્ધે પૂછ્યું: “ હે બ્રાહ્મણ ! તું ચાંડાલ કે ચાંડાલના ધર્મો જાણે છે ખરો કે ? ” બ્રાહ્મણ બોલ્યો: “ મને એની કાંઇ જ ખબર નથી.” **બુ**ધ્ધે કહ્યું: “ મનુષ્ય જન્મથી જ ચાંડાલ કે બ્રાહ્મણ પાકતો નથી; કર્મથી જ ચાંડાલ અને કર્મથી જ બ્રાહ્મણ થાય છે. **મા**તંગ નામે પ્રસિદ્ધ ઋષિ શ્વપાક—કૂતરાંનું માંસ ખાનાર ચાંડાલનો પુત્ર હતો, પરંતુ તેની કીર્તિ એટલી પ્રસરી હતી કે મોટા મોટા બ્રાહ્મણ અને ક્ષત્રિય તેની સેવા કરતા. એમ કહેવાય છે કે દેહાવસાન પછી વિમાનમાં બેસી તે બ્રહ્મલોકમાં ગયો, પણ ત્યાં જતાં તેની જાતિ તેને આડે આવી નહિ. બીજી બાજુએ સારા કુળમાં જન્મેલા ઘણાએ બ્રાહ્મણોને આપણે નાના પ્રકારનાં પાપો કરતા જોઇએ છીએ. માટે મનુષ્ય જન્મથી ચાંડાલ થતો નથી કે જન્મથી બ્રાહ્મણ થતો નથી; કર્મથી જ ચાંડાલ કે કર્મથી જ બ્રાહ્મણ થાય છે. ” **બુદ્ધ**નો આ ઉપદેશ સાંભળી **ભાર**દ્વાજને સંતોષ થયો. તાત્પર્ય એ છે કે શૂદ્રની શૂદ્રતા કે અંત્યજની અસ્પૃશ્યતાને કારણે તેને શિક્ષણ આપતાં અટકવું એ પાપ છે અને એવા પછાત—હીણા-યલા વર્ગોને કેળવીને સંસ્કારી બનાવવા એ મહાપુણ્યનું કાર્ય છે. (૬૨)

[ વિદ્યાદાનને અર્થે વિદ્યાનાં અને બીજાં ઉપકરણોની-સાધનોની મદદ દીન જનોને કરવાનો ઉપદેશ નિમ્ન શ્લોકમાં કરવામાં આવ્યો છે. ]

**दीनानां पुस्तकादिसाहाय्यम् । ६३ ॥**

**ये दीनाः स्वसुतान्न रक्षितुमलं गेहे दरिद्रत्वतो ।**
**नैवाप्यर्पयितुं क्षमाः सुविदिते बालाश्रमे लज्जया ॥**
**तेभ्यो गुप्ततयाऽन्नपुस्तकपटान् देहि स्वयं दापया ।**
**न्येभ्यः पाठयितुं सुतान्निजगृहे यच्छक्नुयुस्ते सुखम् ॥**

**પુસ્તકાદિની સહાયતા.**

**ભાવાર્થ**—જે ગરીબ માણસો ગરીબાઇને લીધે પોતાની સંતતિનું રક્ષણ કરવાને કે તેને ભણાવવાને સમર્થ નથી, તેમજ વ્યવહારની મર્યાદા કે લાજને લીધે બાલાશ્રમ જેવી જાહેર સંસ્થામાં પણ પોતાનાં સંતાનોને અર્પણ કરવાને શક્તિમાન્ નથી, તેવા ગૃહસ્થોને કોઇ ન જાણે તેવી ગુપ્ત રીતે અન્ન વસ્ત્ર અને ભણવાનાં પુસ્તકોની મદદ પોતે કરવી અને બીજાની પાસે કરાવવી કે જેથી તેઓ પોતાનાં બાળકોને પોતાના ઘરમાં રાખીને સુખે સુખે ભણાવી શકે. (૬૩)

**વિવેચન**—વિદ્યાને प्रच्छन्नगुप्तं धनम् કહેવામાં આવ્યું છે, અને વિદ્યાથી ગમે તેવો ધનહીન મનુષ્ય પણ ધનવાન્ બને છે, અને એક જ વાર દાન કરવામાં આવેલી વિદ્યાથી મનુષ્યનું આખું જીવન સાંસારિક દૃષ્ટિએ સુખમાં પસાર થઇ શકે છે, તેથી વિદ્યાદાન મનુષ્યના જીવનપર્યંત ઉપકારક બને છે. જેઓ ગરીબોને ધન આપીને સુખી કરી શકતા નથી, તેઓ વિદ્યા-દાન કરીને તેમને સુખી કરી શકે છે એ પૂર્વે કહેવામાં આવ્યું છે, પરન્તુ જેઓ પાસે દાન કરવા જેટલી વિદ્યાનો સંચય નથી અને જેઓની પાસે એટલું વિપુલ ધન નથી કે જેથી દીન—હીન જનોને જીવનપર્યંત પાળી-પોષી શકે, તેઓ કઇ રીતે દીન જનોની સેવા કરી શકે ? આવો પ્રશ્ન કરનારને આ શ્લોકમાં ઉત્તર આપવામાં આવ્યો છે કે તેવા જનોએ દીન જનોનાં સંતાનોને

વિદ્યા ગ્રહણ કરવામાં ઉપયુક્ત થાય તેવાં ઉપકરણો—સાધનોનું દાન કરવું, એટલે કે પુસ્તકાદિ અર્પવાં. આ એક નાના પ્રકારનું વિદ્યાદાન છે અને તે સામાન્ય સ્થિતિનાં મનુષ્યો પણ કરી શકે છે. કેટલાંક દીન માબાપો પોતાની નાની વયનાં પુત્ર–પુત્રીઓને ધંધામાં જોડી, તે દ્વારા ધન કમાઇ પોતાનું પોષણ કરે છે. જે સમય વિદ્યાર્જન કરવાનો છે, તે સમય એ રીતે ધન કમાવામાં ગાળવામાં આવે છે, તેથી તે પુત્ર–પુત્રીઓ જ્યારે મોટી વયનાં થાય છે, ત્યારે માત્ર મજુરી કરીને જ પેટ ભરનારાં થાય છે અને વિદ્યાના અભાવથી અજ્ઞાન, વહેમી, કુમાર્ગગામી અને દુષ્ટાચરણ કરનારાં બને છે. આ રીતે તેમનું મનુષ્યજીવન અફળ જાય છે. આમાં કેટલીક વાર તેમનાં માબાપોનો વાંક હોય છે, અને કેટલીક વાર તેમની સ્થિતિનો પણ દોષ હોય છે. વિદ્યાનું મૂલ્ય નહિ સમજનારાં અને અજ્ઞાન માબાપો નાની વયનાં પુત્રપુત્રીઓને હરકોઇ ધંધામાં જોડીને ધન કમાવા લાગે છે, ત્યારે તેઓ સમજતાં નથી કે એ વિદ્યાવિહીનતાથી પોતાનાં સંતાનો ભવિષ્યમાં કેટલાં દુઃખી થશે અથવા તો તેમનું ભાગ્ય કેવી સાંકડી મર્યાદામાં બંધાઈ જશે. આવાં માબાપોને બોધ આપીને તેમનાં સંતાનોને ભણવા માટે મોકલવાં એ સુજ્ઞ સેવકોનું પ્રથમ કર્તવ્ય છે; પરન્તુ જેઓ એટલાં દીન હોય કે પોતાના ધંધાની થોડી આવકમાંથી પોતાના બચરવાળ કુટુંબનું પોષણ કરી શકે નહિ, તેઓ વિદ્યાના લાભો સમજતા હોય તોપણ પોતાની દીન સ્થિતિને કારણે પોતાનાં નાની વયનાં સંતાનોને ધંધામાં જોડીને તેમાંથી થતી કમાણી પોતાને મદદ રૂપ માની લે છે અને એ રીતે પોતાનો નિર્વાહ કાંઇક સુખે ચલાવવા સમર્થ થાય છે. આવા દીન જનોને કેવી રીતે સહાય કરવી? નાની વયનાં સંતાનોની કમાણી જેટલી આર્થિક સહાય તેમને કરવામાં આવે અને તે ઉપરાંત તેમનાં સંતાનોની કેળવણીના ખર્ચ જેટલી સહાય પણ કરવામાં આવે તો તેઓ પોતાનાં સંતાનોને ઘણી ખુશીથી ભણાવે છે. તેટલા માટે એવાં કુટુંબોને અન્નવસ્ત્રાદિની અને બાળકોના અભ્યાસ માટે પુસ્તકાદિની સહાય કરવી એ પણ યોગ્ય છે. નાની વયનાં સંતાનોને ધંધે નહિ વળગાડતાં કેળવણી આપવાની ફરજ માબાપોને પાડવા

માટે પાશ્ચાત્ય દેશોમાં ફરજીયાત કેળવણીના કાયદા કરવામાં આવ્યા છે અને આપણા દેશમાં જૂદે જૂદે ઠેકાણે એવા કાયદા થયા છે તથા થઇ રહ્યા છે. માબાપોના અજ્ઞાનને લીધે અભણ રહેતાં બાળકોને કેળવણી આપવા માટે એવો કાયદો ઉપયોગી છે અને એથી માબાપોને પોતાનાં બાળકોને કેળવવાની ફરજ પડે એ સારૂં છે, પરન્તુ જે માબાપો પોતાનાં બાળકોને કેળવણી આપવા આર્થિક દૃષ્ટિએ સમર્થ નથી તેમની મુશ્કેલી તેથી હઠતી નથી. ફરજીઆત કેળવણીની સાથે તે મુફત કરવાથી–કેળવણીનું લવાજમ ન લેવા જેટલી રાહત માબાપોને મળે છે, પરન્તુ વિદ્યાનાં ઉપકરણોનું ખર્ચ અને બાળકોના ધંધાની કમાણી ખોવાથી તેમને જે ગુજરાન ચલાવવાની મુશ્કેલી પડે છે, તેનો માર્ગ ફરજીઆત કેળવણીના કાયદાથી બિલકુલ થવા પામતો નથી. આ માર્ગે દીન કુટુંબોને મદદગાર થવાનું કાર્ય સેવાધર્મમાં ઉત્સુક ધનવાન અને સામાન્ય સ્થિતિનાં મનુષ્યોએ ઉપાડી લેવું જોઇએ. તે ઉપરાંત જે માબાપો સંસાર–વ્યવહારમાં આબરૂદાર લેખાતાં હોય પરન્તુ અંદરખાનેથી દીન–હીન હોય અને બાહ્યતઃ પોતાની દીન–હીનતા પ્રકટ કરતાં શરમાતાં હોય, તેમને ગુપ્ત મદદ કરવામાં આવે તો જ તેઓ પોતાનાં બાળકોને કેળવણી આપવા સમર્થ બની શકે; તેથી ગ્રંથકારે ઉપર્યુક્ત શ્લોકમાં એવાં કુટુંબોને ગુપ્ત સહાય કરવાનું પણ સમર્થન કર્યું છે. ગુપ્તદાન એવડું લાભકારક છે. તેથી દીન જનોને જોઇતી વસ્તુની સહાય મળે છે, અને વિશેષમાં પ્રકટ સહાય લેવામાં રહેલી અપકીર્તિના ભયમાંથી મુક્ત રહેવાનો સ્વાત્મસંતોષ પણ તેમને પ્રાપ્ત થાય છે. ગુપ્ત દાન કરનાર કીર્તિની વાંચ્છના વિનાનો રહીને જે નિર્લેપતા કેળવે છે તે પણ તેને કાંઇ નાનોસૂનો આધ્યાત્મિક લાભ નથી. (૬૩)

[હવે વિદ્યાર્થિગૃહની આવશ્યકતા દર્શાવવામાં આવે છે].

**विद्यार्थिगृहम् । ६४ ॥**

**वाञ्छन्त्युत्तमशिक्षणं पुरवरे ग्रामस्थविद्यार्थिनो ।**
**नो चेत्पाकनिवासमन्दिरमिह स्यात्तत्र तद्दुर्दशा ॥**

तेषां दुःखनिवारणाय धनिकैः केनापि सङ्घेन वा ।
स्थाप्यः शिक्षणधर्मसाधनयुतो विद्यार्थिनामाश्रमः ॥

विद्यार्थीगृह.

**ભાવાર્થ**—ગામડાંના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ લેવું હોય ત્યારે ગામડાંમાં તેવી શાળા ન હોવાને લીધે શહેરમાં જવું પડે છે. ત્યાં જો તેમને રહેવાને અને ખાવા-પીવાને વિદ્યાર્થીગૃહ-બોર્ડીંગ જેવા સ્થાનની સગવડ ન હોય તો વિદ્યાર્થીઓની દુર્દશા થાય છે. તેમની અગવડ દૂર કરવાને એકાદ શ્રીમંતે કે સંઘ યા સમાજે મળીને વિદ્યાર્થીઓને માટે શિક્ષણ તથા ધર્મના સાધન સહિત છાત્રાશ્રમ સ્થાપવું જોઇએ. (૬૪)

**વિવેચન**—આજકાલ ઉંચી કેળવણીની સંસ્થાઓ મોટાં નગરોમાં હોય છે. નાનાં ગામોની થોડી વસતીની વચ્ચે એવી સંસ્થાઓ વધારે ખર્ચાળ થઇ પડે તે કારણથી મોટાં નગરોમાં તે હોય એ ઠીક છે, પરન્તુ નાનાં ગામોના જે વિદ્યાર્થીઓને ઉંચી કેળવણી લેવી હોય તેઓને મોટાં નગરોમાં આવવામાં કેટલીક મુશ્કેલીઓ રહેલી હોય છે. તેઓ ગામડાંના મર્યાદિત વાતાવરણમાંથી નીકળીને નગરના વિસ્તૃત વાતાવરણમાં આવે છે, અને સારી-માઠી લાલચોની વચ્ચે મુકાય છે. રહેવા ખાવા, અભ્યાસ કરવા વગેરેની સગવડ તેમને કરી લેવી પડે છે અને એવી મુશ્કેલીઓની વચ્ચે તેઓ અભ્યાસ કરતા હોવાથી કેટલીક વાર નાસીપાસ થાય છે અથવાતો આડે માર્ગે ચડી જાય છે. તેટલા માટ વિદ્યાર્થીઓની જરૂરીઆતો પૂરી પાડવા તેમજ તેમને યોગ્ય દેખરેખ હેઠળ રાખી સદાચારી કરવા માટે વિદ્યાર્થીગૃહ જેવી સંસ્થાઓ મોટાં નગરોમાં હોવી જોઇએ કે જ્યાં વિદ્યાર્થીઓ રહી શકે, ભોજન કરી શકે અને અભ્યાસ કરી શકે. હાલમાં મોટી મોટી શાળાઓ અને કોલેજોની સાથે એવાં વિદ્યાર્થીગૃહો ઘણે ભાગે જોડવામાં આવેલાં હોય છે પરન્તુ જિજ્ઞાસુ સર્વ વિદ્યાર્થીઓને તેમાં સ્થાન મળતું નથી ત્યારે એક કરતાં વધારે વિદ્યાર્થીગૃહોની આવશ્યકતા સમજાય છે. આ શ્લોકમાં ગ્રંથકારે વિદ્યાર્થીગૃહની એક વિશેષતાની પણ જરૂરીઆત

દર્શાવી છે. धर्मसाधनयुतः એ વિશેષણ વડે કહેવામાં આવ્યું છે કે વિદ્યાર્થીગૃહમાં ધર્મનું સાધન હોવું જોઇએ કે જેથી વિદ્યાર્થીઓ સ્વધર્મશીલ રહે અને મોટાં નગરોમાં સ્વાભાવિક રીતે રહેલા માઠા વાતાવરણમાંથી મુક્ત રહેવા પામે. જે વિદ્યાર્થીગૃહમાં વિદ્યાર્થીઓને ખોટે માર્ગે દોરાઈ જતા અટકાવવાની દેખરેખ હોય છે, પરન્તુ તે સાથે તેમની ધર્મશીલતાને કેળવવાનાં સાધનો હોતાં નથી, તે વિદ્યાર્થીગૃહો એક રીતે અપૂર્ણ સગવડવાળાં જ લેખાય. રેવ. મી. ફ્લેમીંગ પોતાના **Suggestions for social usefulness** નામના પુસ્તકમાં કહે છે કે: "દરેક કૉલેજ અને વિદ્યાર્થીગૃહમાં મધુરતા અને પ્રકાશનું વાતાવરણ રહેવું જોઇએ. વસ્તુસ્થિતિ એવી ન હોય તો તેમણે પોતાના આનંદી અને સભ્ય વર્તનથી એવી સ્થિતિ આણવા કોશીશ કરવી જોઇએ...જ્યાંસુધી વિદ્યાર્થી વ્યક્તિ રૂપે ઉચ્ચ અને સર્વોત્તમ જીવન ન ગાળે ત્યાંસુધી સામાન્ય વિદ્યાર્થીસમાજની ઉત્તમ સ્થિતિ થશે નહિ." ઉચ્ચ અને સર્વોત્તમ જીવન ગાળવાની કેળવણીથી એક પણ વિદ્યાર્થી વંચિત ન રહેવો જોઇએ તે દર્શાવનારા જ એ શબ્દો છે. ધર્મ અને નીતિની કેળવણી જીવનની ઉચ્ચતા જુવાન વિદ્યાર્થીઓમાં દાખલ કરવા માટે આવશ્યક હોવાથી જ ગ્રંથકારે વિદ્યાર્થીગૃહને ધર્મસાધનયુક્ત રાખવાની વાજબી ભલામણ કરી છે. આ દષ્ટિથી જોતાં જૂદાં જૂદાં નગરોમાં જ્ઞાતિ કે કોમવાર વિદ્યાર્થીગૃહો ધાર્મિક કેળવણી તથા ધાર્મિક સંસ્કૃતિની વિશેષતા સાથે સ્થપાય છે તે ઇષ્ટ જણાયા વિના રહેતાં નથી. (૬૪)

**[એવાં છાત્રાલયોની વ્યવસ્થામાં પણ સેવાધર્મીઓ પોતાની સેવાનો લાભ આપી શકે છે તે હવે બે શ્લોકમાં દર્શાવવામાં આવે છે].**

**छात्राश्रमव्यवस्था । ६५ ॥**

**निर्नाथाश्रमवद् भवेदयमपि क्षेत्रं हि सेवार्थिनां ।**
**गन्तव्यं क्रमशो जनैस्त्रिचतुरैश्छात्राश्रमे नित्यशः ॥**
**तेषां भोजनपद्धतौ यदि भवेन्न्यौन्यं निवासालये ।**

तद्दूरे क्रियतां स्वयं हितधिया यद्वाऽधिपायोच्यताम् ॥

न्याय्यबुद्ध्या व्यवस्था । ६६ ॥

कुर्युस्ते न परस्परेण कलहं नो दुर्बलानादरं ।
वर्त्तेरन् स्वसहोदरा इव सदा योज्यं तथा नायकैः ॥
को दीनो धनिकश्च कः करुणया दृष्टया निरीक्ष्योऽत्र को।
ज्ञात्वा सर्वमपक्षपातमतिभिः कार्या व्यवस्थाऽखिला॥

### છાત્રાશ્રમની વ્યવસ્થા.

**ભાવાર્થ**—અનાથાશ્રમની પેઠે છાત્રાશ્રમ પણ સેવાના ઉમેદવારોને માટે સેવાનું ક્ષેત્ર છે. બે બે ચાર ચાર સેવાર્થિઓએ વારાફરતી હમેશ ત્યાં જવું જોઈએ. વિદ્યાર્થિઓની ભોજનાદિ વ્યવસ્થામાં કે રહેવાની વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારથી ખામી હોય તો તે હિતબુદ્ધિથી કાર્યવાહકોને કહી દૂર કરવી, અથવા તો આગેવાનોને સૂચના કરવી.(૬૫)

### ન્યાયબુદ્ધિપૂર્વક વ્યવસ્થા.

વ્યવસ્થાપકોએ વિદ્યાર્થીઓને માટે એવી વ્યવસ્થા કરવી જોઇએ કે જેથી તેઓ એક બીજાની સાથે બિલકુલ કલહ ન કરે, બળવાન્ દુર્બળને કનડગત ન કરે, તેઓ જાણે સગા ભાઈ હોય તેવી રીતે હમેશાં વર્તે. વ્યવસ્થાપકોએ વિદ્યાર્થીઓમાં ખરો ગરીબ કોણ છે, પૈસાવાળો કોણ છે, વધારે કરૂણાદષ્ટિથી કોની તરફ જોવું જોઇએ, ખરી મદદની કોને જરૂર છે, એ બધી હકીકત નિષ્પક્ષપાત બુદ્ધિથી જાણીને હરેક પ્રકારે વ્યવસ્થા કરવી જોઈએ. (૬૬)

**વિવેચન**—આ બેઉ શ્લોકોમાં વિદ્યાર્થીઓની સેવા બજાવવાનો એક વિશિષ્ટ માર્ગ તૃતીય અવસ્થામાં દાખલ થએલાં સ્ત્રી પુરૂષોને દર્શાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓનાં આશ્રમો જેવાં કે હોસ્ટેલો, બોર્ડીંગ હાઉસો, વગેરેની સુઘડ રીતે વ્યવસ્થા કરવી, વહીવટ ચલાવવો એ પણ એક પ્રકારની

સેવા છે કે જે તૃતીય અવસ્થામાં દાખલ થનારે કરવાયોગ્ય છે. હાલમાં કેટલીક જ્ઞાતિઓ તરફથી બોર્ડીંગ હાઉસો ચલાવવામાં આવે છે, તેમના સુપરિન્ટેન્ડેન્ટો જેવી વ્યવસ્થા કરે છે, તેવી વ્યવસ્થા ઉપાડી લેવી અને માત્ર વિદ્યાર્થીઓને સુચરિત રાખવાનો, સુઘડ જીવન ગાળવાનો પ્રબંધ કરવો તે કાંઇ નાની સેવા નથી. જુવાન વિદ્યાર્થીઓ એક બીજાની સાથે રહે છે તેથી ત્યાં અનેક પ્રકારના કોયડા ઉત્પન્ન થાય છે. જુવાન લોહીમાં કાંઇ કાંઇ વિકારો અને વિચક્ષણતાઓ ભર્યાં હોય છે. જૂદાં જૂદાં કુટુંબોમાં ઉછરેલા, જૂદા જૂદા સંસ્કારોવાળા અને જૂદી જૂદી નૈસર્ગિક વિશિષ્ટતાવાળા વિદ્યાર્થીઓ જ્યારે એક બીજાના સમાગમમાં રહેવા લાગે છે, ત્યારે તેઓના પ્રકૃતિવૈચિત્ર્યથી અનેક પ્રકારના વિલક્ષણ પ્રસંગો ઉપસ્થિત થાય છે. તેવા બધા વિદ્યાર્થીઓને સાથે રાખીને તેમનામાં સદ્દ્વૃત્તિના, સુચરિત્રના, મનુષ્યત્વના ધર્મોના સંસ્કારોનું બીજારોપણ કરવું એ આવશ્યક છે, અને એ કાર્ય માથે ઉપાડી લેનાર મનુષ્યત્વની સેવા કરે છે એટલું જ નહિ પરંતુ તે વિદ્યાર્થીઓના જીવનની સુધારણા કરવાનું મહત્પુણ્ય ઉપાર્જન કરે છે. આટલા માટે જ ગ્રંથકાર સેવાધર્મીઓને જૂદી જૂદી સેવાઓ બજાવવાનું સૂચન કરે છે. વિદ્યાર્થીઓની ભોજન-નિવાસ વગેરે સંબંધી અડચણો દૂર કરવી, કોઇ ગરીબ વિદ્યાર્થીને પુસ્તકાદિની વ્યવસ્થા કરી આપવી, કોઇ ઉપદ્રવકારક કુછંદી વિદ્યાર્થીને શિખામણ આપીને કે ઠપકો આપીને તેની તરફથી બીજા વિદ્યાર્થીઓને થતો ઉપદ્રવ દૂર કરવો, કોઇની વચ્ચેના કલહનું કારણ જાણીને તે શમાવવા તથા સર્વને ભાઇચારાથી વર્તાવવા યત્ન કરવો, કોઇ કરૂણાપાત્ર-રોગી-દુઃખી વિદ્યાર્થી પ્રત્યે કરૂણાપૂર્વક ધ્યાન આપવું, કોઇને જરૂર પૂરતી મદદ કરવી : ઇત્યાદિ પ્રકારે સેવાધર્મ ઉપાડી લેવો એ વિદ્યાર્થી વર્ગની મોટી સેવા છે. રેવ. મી. ફ્લેમિંગ કહે છે કે " તમારે ખાતર, વિદ્યાર્થી પ્રજાની સેવાને ખાતર, દેશને ખાતર, સ્વાશ્રય, સર્વ વાતોનો વિચાર, સમાજમાં, સમાજના દરેક વિભાગમાં પરસ્પર પ્રીતિની પ્રબળ લાગણી ઉત્પન્ન કરવા અને પોષવા, તમારાથી બનતો પ્રયાસ કરો. આમ કરવાથી મધુરતા અને આનંદ વડે સામાજિક જીવન ઘડાતું જશે." વિદ્યાર્થી વર્ગને સુચરિત

કરવો એ સામાજિક જીવનની ઉચ્ચ પ્રકારની ઘટના બરાબર છે અને સેવાધર્મી એવી ઘટના કરવા પાછળ પોતાના જીવનનો વ્યય કરે તે પણ એક પ્રકારનો જીવનનો સદુપયોગ છે.

**દૃષ્ટાંત**—આપણા દેશમાં સુરતનું વનિતાવિશ્રામ, અમદાવાદનું વનિતા-વિશ્રામ અને એવી જ બીજી સંસ્થાઓ માત્ર સેવાધર્મની ઉચ્ચ બુદ્ધિથી જ ચલાવાય છે. તેના વ્યવસ્થાપકો તે સંસ્થાઓ માટે જોઇતું નાણું માંગી–ભીખીને આણે છે, પરન્તુ પોતાની વ્યવસ્થાશક્તિથી જ તેઓ ઉત્તમ પ્રકારની સેવા બજાવે છે. દક્ષિણમાં પ્રો. કર્વેનું વિધવાશ્રમ પણ પ્રો. કર્વે માત્ર સેવાબુદ્ધિથી જ ચલાવે છે અને તે સંસ્થાને માટે જોઇતું નાણું લોકો તરફથી મળી રહે છે. હવે એ સંસ્થાની સાથે પ્રો. કર્વેએ સ્ત્રીઓનું વિદ્યા-પીઠ પણ શરૂ કર્યું છે અને તે સુંદર કામ બજાવે છે. સ્વ. ઊર્મીલા દીવેટીયા એ જ રીતે એક વાર મુંબઇના સેવાસદનની વ્યવસ્થા કરીને ઉત્તમ સેવા બજાવવા માટે જાણીતાં થયાં હતાં. તાત્પર્ય એ છે કે આવા આશ્રમો અને વિદ્યાર્થીગૃહોની વ્યવસ્થાદ્વારા બજાવાતી સેવાથી જનતા ઉપર મોટો ઉપકાર થઇ શકે છે અને જીવનની સફળતા કરવાનો ઉચ્ચ હેતુ તેમાં રહેલો છે. (૬૫-૬૬)

[આ બધી વ્યાવહારિક શિક્ષણની વાત થઈ; પરન્તુ વ્યાવહારિક શિક્ષણ એકલું આપવાથી વિદ્યાર્થીઓનું સાચું મનુષ્યત્વ વિકાસ પામતું નથી. ભર્તૃહરિ કહે છે કે सापि प्रतिदिनमधोधः प्रविशति અર્થાત્–વિદ્યા તો દિવસે દિવસે નીચે ઉત-રતી જાય છે, પતિત થતી જાય છે, એટલે એકલી વિદ્યાથી જ–વ્યાવહારિક શિક્ષણથી જ જુવાન પ્રજાનું સાચું હિત નીપજતું નથી : માટે એ વિદ્યા સાથે બીજું કાંઈક જોઇએ : શું જોઇએ ? ગ્રંથકાર કહે છે કે–વિદ્યાની સાથે ધર્મનો રંગ હોવો જોઇએ, માટે વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ પણ આપવું જોઇએ : આ આવશ્યકતાનું હવે પ્રતિપાદન કરવામાં આવે છે.]

**धार्मिकशिक्षणेनैव विद्यासाफल्यम् । ६७ ॥**

# विद्या धार्मिकशिक्षणेन रहिता नो शोभते सर्वथा ।

**वस्त्राभूषणभूषिताऽपि महिला शीलेन हीना यथा ॥**
**विद्यन्ते सकलाः कला न सफला धर्मेण युक्ता न चे-**
**द्दीनारः किमु मुद्रयैव लभते मूल्यं सुवर्णं विना ॥**

## ધાર્મિક શિક્ષણથી વિદ્યાની સફલતા.

**ભાવાર્થ**—વસ્ત્ર અને આભૂષણથી સજ્જ થએલી સ્ત્રી જેમ શીલ વિના શોભતી નથી તેમ ધાર્મિક શિક્ષણ વિનાની એકલી વ્યાવહારિક વિદ્યા બિલકુલ શોભતી નથી. ભલે બધી કળાઓ આવડતી હોય પણ એક ધર્મ-કળા ન આવડતી હોય તો તે કળાઓ નિષ્ફળ છે. ખોટી મ્હોર ઉપર એકલી છાપ હોય પણ તેમાં જો સુવર્ણ આદિ ધાતુ ન હોય તો છાપ માત્રથી કોણ તેની કિમ્મત આપશે? (૬૭)

**વિવેચન**—વ્યાવહારિક વિદ્યા યુવાનોને આપવાનો હેતુ એકલો ઉદર ભરવાનો નથી. અમુક વિદ્યા કે કળા શીખીને એક છોકરો સંસારમાં દાખલ થતાં તે સારી પેઠે કમાઇ ખાશે એવા એકલા હેતુથી છોકરાંઓને કેળવનારાં માબાપો જીવનનો સાચો અર્થ સમજતાં નથી એમ કહેવું જોઇએ. વસ્તુતઃ વિદ્યા ગ્રહણ કરીને વિદ્યાર્થી સંસારમાં સુખે નિર્વાહ કરી શકે એટલું જ નહિ પણ તેના ચારિત્ર્યનું સંગઠન થાય, તે એક આદર્શ નાગરિક બને, તે સમાજનાં સંકષ્ટોનું હરણ કરનારો થઇને પોતાનું આત્મહિત સાધે એ પણ વિદ્યા ઉપાર્જન કરવાનો હેતુ છે. જો ઉદરભરણ માટે જ વિદ્યા ગ્રહણ કરવાની હોત તો લોકો પરસેવો ઉતારીને કમાણી કરી પેટ ભરવા તરફ વળત નહિ, પરન્તુ પારકું ઘર ફાડીને—થોડી મહેનતે સુખેથી ઉદરનિર્વાહ કરવાની વિદ્યા જ પોતાનાં બાળકોને શિખવત; પરન્તુ ઉદરભરણ કરવા ઉપ-રાંત બીજા હેતુઓ પણ જીવનમાં સાધવાના છે એવું દુનિયાનો મોટો ભાગ સમજે છે અને તેથી જ વિધવિધ વિદ્યા કળાઓ ઉપરાંત નીતિ, ચારિત્ર્ય-સંગઠન ઇત્યાદિ સધાય તેવી કેળવણીથી પોતાનાં બાળકોને અલંકૃત કરવાનું

માબાપો આવશ્યક માને છે. પરન્તુ આ હેતુ સાધવાનાએ વિધવિધ માર્ગો છે. જગતના જૂદા જૂદા દેશોમાં નીતિનાં જૂદાં જૂદાં સ્વરૂપો માલૂમ પડે છે. કેટલાકો કહે છે કે અંતરાત્માનો–ચિદ્દવૃત્તિનો અવાજ એ જ નીતિનું નિર્મળ સ્વરૂપ છે, કેટલાકો કહે છે કે જે કૃત્યથી વધારે પ્રાણીઓનું–સર્વ પ્રાણીઓનું હિત થાય તે જ સાચી અને વહેવારૂ નીતિ છે, અને કેટલાકો કહે છે કે ધર્મમાં પ્રબોધી હોય તે જ નીતિ આદર્શ કહેવાય. આમાંથી કઇ નીતિ ગ્રહણ કરવી અને કયા સિદ્ધાંતને આધારે ઉછરતી પ્રજાનું ચારિત્ર્યસંગઠન કરવું એ મહત્ત્વનો પ્રશ્ન છે. પરન્તુ અંતરાત્માનો અવાજ અથવા ચિદ્દવૃત્તિ હમેશાં શુભ જ પ્રેરણા કરતી નથી. જૂના કાળમાં સ્પેનના લોકો પરધર્મીઓને જીવતા બાળી મૂકતા તેમાં તેઓ ખરેખર ચિદ્દવૃત્તિના અવાજને અનુસરીને જ વર્તતા ! તો પછી એવો ચિદ્દવૃત્તિનો અવાજ એ હમેશાં નીતિ કેમ હોઇ શકે અને તેવી જૂદે જૂદે સ્વરૂપે સ્વીકારાતી નીતિને અનુસરીને ઉછરતી પ્રજાનું ચારિત્ર્યસંગઠન કરવાનું કેમ કહી શકાય ? આ ગ્રંથકારે પણ પોતાના પ્રથમ ગ્રંથમાં ‘ ચિદ્દવૃત્તિ ’ના સબંધમાં કહ્યું છે કે–

**संस्कारैरशुभैः कुबुद्धिजनकैः कर्माणुभिः सञ्चितै–**
**राक्रान्ता यदि चेतना मलहता व्यामा च जाडयेन वा ॥**
**चिद्वृत्तिस्फुरणा भवन्त्यपि भवेत्तेषां न धागोचरो ।**
**मन्दास्तेन मदोद्धताः प्रतिदिनं कर्तुं कुकृत्यं रताः ॥**

અર્થાત્—પૂર્વનાં સંચિત કર્મના કેટલાક એવા અશુભ સંસ્કારો હોય છે કે જેથી સદ્બુદ્ધિ દબાઈ જાય અને દુર્બુદ્ધિની પ્રબળતા થઈ જાય; તેવાં અશુભ કર્મોથી જેમની ચેતના દબાઇ ગઇ હોય અને તેની ચારે પાસ દુષ્ટ ચિંતનથી મલીનતા જામી ગઈ હોય અને જેમના અંતરૂમાં ચારે તરફ જડતા પ્રસરી રહી હોય તો તેવા પુરૂષોના અંતરૂપટમાં ચિદ્દવૃત્તિની સ્ફુરણા થવા છતાં પણ તે સ્ફુરણાની કોપ અને પ્રસાદરૂપ નિશાનીઓ તેમના જાણવામાં આવતી નથી; તેથી સુકાન વગરના વહાણની પેઠે આડીઅવળી ગતિ કરતાં

* જુઓ ‘ કર્તવ્ય કૌમુદી ’–પ્રથમ ગ્રંથ, શ્લોક ૨૩.

યાતો દુષ્કૃત્ય તરફ પગલાં ભરતાં તેમને કોઇ અટકાવનાર નથી, તેથી સ્વચ્છંદ-પણે ઉદ્ધત થએલા તે મંદ પુરૂષો તેમની બાહ્ય ઇચ્છા પ્રમાણે ગમે તે દુષ્કૃત્ય કરવામાં તત્પર થાય છે. જૂદા જૂદા સંયોગોમાં, સંસ્કારોમાં, બાહ્ય વસ્તુસ્થિતિમાં મનુષ્યો ઉછરે છે અને તેને અનુરૂપ તેની ચિદ્દવૃત્તિ સ્વરૂપ પકડતી જાય છે, તેથી કોઇ પણ કાર્ય કરતાં તેની ચિદ્દવૃત્તિ જે કાંઈ અવાજ કરે છે તે અવાજ તેને ભલે શુભ દેખાતો હોય પરન્તુ જગતની સર્વમાન્ય નીતિમાં તે શુભ હોતો નથી. એક ખ્રિસ્તી ધર્મગુરૂએ એક બીજા ધર્મગુરૂને એક વાર જવાબ આપ્યો હતો કે "તું તારા અંતરાત્માના અવાજ પ્રમાણે જ ભલે વર્તતો હોય, પરન્તુ તારે એટલી સંભાળ રાખવી જોઇએ કે તારો અંતરાત્મા કદાચ એક મૂર્ખનો અંતરાત્મા ન હોય." આ કારણથી ચિદ્દવૃત્તિના અવાજ-નેજ નીતિ તરીકે માનવાનો સિદ્ધાન્ત સ્થાપવો એ યોગ્ય નથી. ત્યારે જેથી ઘણા માણસોનું હિત થાય, ભલે તેથી થોડાનું અહિત પણ થાય, તે નીતિ હોઈ શકે કે કેમ? જગતમાં ઘણા માણસો આ નીતિથી વર્તવાનું પસંદ કરે છે, પરન્તુ ઘણા માણસોનું શાશ્વત હિત થાય એવો માર્ગ જો અચળ માર્ગ ન હોય તો તે એક સિદ્ધાંત બની શકે નહિ. આજે થોડો દગો કરવાથી એક મોટું સામ્રાજ્ય આપત્તિમાં પડતું બચી જાય એવું બની શકે, પરન્તુ તેથી એ પ્રકારનો દગો કરવો એ જ સર્વમાન્ય નીતિ હોઈ શકે નહિ, કારણકે એવો દગો કરવાની નીતિ જો સર્વમાન્ય સિદ્ધાંત બને, તો એવો જ દગો આચરતાં બીજાં અનેક સામ્રાજ્યો ડૂબી પણ જાય. આજે જે પ્રકારની નીતિથી એક સામ્રાજ્ય આફતમાંથી બચે છે તે જ નીતિથી કાલે બીજાં સામ્રાજ્યો ડૂબી જાય એવો સંભવ જણાતો હોય તો એ કદાપિ નીતિનો સિદ્ધાંત બની શકે નહિ. આખા વિશ્વને એકસરખો કલ્યાણકારક જે કોઇ સિદ્ધાંત હોય તે જ નીતિનો સાચો સિદ્ધાંત હોઇ શકે અને તેથી ઉપયોગિતાવાદ અથવા **Utilitarian View**–થી અર્થાત્ મોટી સંખ્યાનાં મનુષ્યોનું ભલું કરવાની નીતિ જગતને માટે કલ્યાણકારક નથી. અંતરાત્માના અવાજનો આધાર કે ઉપયોગિતાવાદનો આધાર નીતિના સિદ્ધાંતની સ્થાપના માટે અચળ નથી, ત્યારે કયા અચળ આધાર ઉપર એ સિદ્ધાંતની સ્થાપના કરવી જોઇએ? માત્ર

ધર્મના આધાર ઉપર. ધર્મના સિદ્ધાંતો જ માત્ર શાશ્વત અને અચળ છે. જગત્ કલ્યાણકર નીતિ અને ધર્મ એ બેઉ શબ્દો પર્યાયવાચક બને છે અને જો વિદ્યાર્થીઓને નીતિમાન્ બનાવવા એ તેમના મનુષ્યત્વની, તેમની વિદ્યાની, તેમના જીવનની ખરી સફળતા છે, તો ધર્મશિક્ષણ વિનાની નીતિથી એ સફળતા સાધી શકાય તેમ નથી જ. આટલા માટે જ મીસીસ બેસંટે કહ્યું છે કે –"Those of you who would have India great, those of you who would see her mighty, remember that the condition of national greatness is the teaching of religion to the young." અર્થાત્–જેઓ હિંદુસ્તાનને મહાન્ બનેલો જોવા ઇચ્છતા હો, જેઓ તેને સામર્થ્યવાન્ થએલો જોવા માંગતા હો, તેઓ યાદ રાખજો કે રાષ્ટ્રીય મહત્તા પ્રાપ્ત કરવા માટેની મુખ્ય શરત જુવાનોને ધાર્મિક કેળવણી આપવાની જ છે." (૬૭)

[ધાર્મિક કેળવણીની આવશ્યકતા દર્શાવ્યા પછી હવે ગ્રંથકાર ધાર્મિક કેળવણી કેવી આપવી જોઇએ તે વિષે કહે છે.]

**कीदृशं धार्मिकशिक्षणम्? । ६८ ॥**

**स्याच्छिष्टाभिजनोचितं सुचरितं विद्यार्थिनां सर्वदा ।**
**शुद्धं निर्व्यसनं स्वधर्मनिरतं नीत्याश्रितं चोन्नतम् ॥**
**श्रद्धा शुद्धतरा मतिश्च विमला ज्ञानं भवेत्तात्त्विकं ।**
**देयं शिक्षणमीदृशं स्वचरितौपम्येन सच्छिक्षकैः ॥**

ધાર્મિક શિક્ષણ કેવા પ્રકારનું?

**ભાવાર્થ**—વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય હમેશાં શિષ્ટ જનોને લાયક, વ્યસન-રહિત, સ્વધર્મપરાયણતા સહિત, નીતિથી ભરપૂર અને ઉંચામાં ઉંચું બને, ધર્મશ્રદ્ધા અત્યંત શુદ્ધ રહે, બુદ્ધિ નિર્મળ થાય, તાત્ત્વિક જ્ઞાન થતું જાય તેવી રીતે શિક્ષકોએ પોતાના શુદ્ધ ચારિત્ર્યના દાખલાથી શિક્ષણ આપવું જોઇએ. (૬૮)

**વિવેચન**—પૂર્વ શ્લોકમાં જે હેતુપુરઃસર ધાર્મિક કેળવણીની હિમાયત કરવામાં આવી છે તે હેતુ આ શ્લોકમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જુવાનોને ભવિષ્યના સારા નાગરિકો કરવા એ કેળવણીનો પરમ હેતુ છે અને તેટલા માટે शिष्टाभिजनोच्चितं सुचरितं અર્થાત્–શિષ્ટ જનો–ઉત્તમ નાગરિકોને ઉચિત સચ્ચારિત્ર્યનું ગઠન થવા પામે તેટલા માટે વિદ્યાર્થીઓને કેળવણી આપવી જોઇએ. સચ્ચારિત્ર્યનો આ પરમ હેતુ દર્શાવ્યા બાદ ગ્રંથકાર એ હેતુ પાર પાડવાને કેળવણીના વિશિષ્ટ ગુણોનું સૂચન કરે છે કે–સચ્ચારિત્ર્ય ખીલે એટલે વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય શુદ્ધ, નિર્વ્યસન, સ્વધર્મમાં પ્રેમયુક્ત, નીતિથી યુક્ત, ઉન્નત બને અને બુદ્ધિ નિર્મળ થાય, શ્રદ્ધા શુદ્ધ થવા પામે, તત્ત્વજ્ઞાન મળતું જાય, એવી કેળવણી સારા શિક્ષકોદ્વારા આપવામાં આવવી જોઇએ. સચ્ચારિત્ર્યની ખીલવણીનો પરમ હેતુ સાધવાને વિદ્યાર્થીઓને અપાતી સામાન્ય કેળવણીની સાથે આવા ગુણોવાળી વિશિષ્ટ કેળવણી અર્થાત્ ધાર્મિક કેળવણી પણ આપવી જોઇએ. પૂર્વે કહ્યું છે તેમ જો સાચી નીતિનું જ્ઞાન વિદ્યાર્થીઓને થાય નહિ, તો તેઓ સુચરિત બને નહિ અને સાચી નીતિનો પાયો–આધાર કેવળ ધર્મ જ હોવાથી ધાર્મિક કેળવણીથી યુક્ત બીજી કેળવણી અપાવી જોઈએ; અને ત્યારે જ વિદ્યાર્થી શિષ્ટ જન બને–સારો નાગરિક બને–સુચરિત શહેરી બને અને ઐહિક આમુષ્મિક કલ્યાણ સાધી જનતાનાં કલ્યાણનો પણ પથદર્શક બને. આ ધાર્મિક કેળવણી એવી હોવી જોઇએ કે જેથી જુવાન વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય વિશુદ્ધ બને–નહિ કે કોઈ પણ રીતે પોતાનો જ લાભ સાધવા માટેની કુશળતાવાળું બની રહે, નિર્વ્યસન બને–નહિ કે જીવનને પતિત કરનારાં અનિષ્ટ વ્યસનોવાળું બને, સ્વધર્મપરાયણ બને–નહિ કે સ્વમતકદાગ્રહી બને, નીતિના આશ્રયવાળું અને ઉન્નત બને–નહિ કે લોકોની વહેવારૂ–ચલવિચલ નીતિનો આધાર લઇને વાસ્તવિક રીતે પતિત બને, શુદ્ધ શ્રદ્ધાવાળું બને–નહિ કે ધર્માંધ બનીને બીજાઓની પણ ઉપદેશવિશિષ્ટતાને તિરસ્કારી કાઢે, નિર્મળ બુદ્ધિવાળું બને–નહિ કે विद्या विवादाय બને છે તેમ વિદ્યાનો ઉપયોગ કુમાર્ગે કરવા જેવી દુર્મતિવાળું બને અને છેવટે ચરિત્ર તત્ત્વગ્રાહી બને–તત્ત્વને છોડીને માત્ર ઔપચારિકતા

કે બાહ્ય વિશિષ્ટતાઓને ગ્રહણ કરવા જેવું અનુદાર ન બને: અને જ્યારે એ ઇષ્ટ ગુણોથી યુક્ત ચરિત્ર બને તેવું શિક્ષણ વિદ્યાર્થીઓને મળે, ત્યારેજ એ સાચું ધાર્મિક શિક્ષણ કહેવાય. આટલા માટેજ મીસીસ બેસંટ ધાર્મિક કેળવણીના સંબંધમાં કહે છે કે–“વિદ્યાર્થીઓને ધાર્મિક બનતાં શીખવો, પરન્તુ સ્વમતના કદાગ્રહી બનાવશો નહિ. તેમને શુદ્ધ શ્રદ્ધાવાળા બનાવો, પરન્તુ ધર્માંધ બનાવશો નહિ. તેમને સ્વધર્મ નિરત બનાવજો, પરન્તુ તેમના બીજા દેશબંધુઓના ધર્મોને ઉતારી પાડતાં કે ધિક્કારી કાઢતાં શિખવશો નહિ. ધર્મને એક બીજાની વચ્ચે ઐકયસંધાન કરનારૂં બળ બનાવો, પરન્તુ તેમનામાં ભિન્નભાવ વધારવાનું સાધન ધર્મને બનાવશો નહિ. ધર્મને પ્રજામાં રાષ્ટ્રીયત્વ પેદા કરનાર બનાવો પરન્તુ પ્રજાને ભાંગી ભૂકો કરી નાંખે તેના સાધનરૂપ ધર્મને બનાવશો નહિ. ધર્મને શિષ્ટ સદ્‌ગુણોનું સ્તન્યપાન કરાવનારી માતા બતાવો, અને નીતિનું પોષણ આપનારી પરિચારિકા તથા શિક્ષણ આપનાર ગુરૂ બનાવો.” જો ધાર્મિક કેળવણીથી આ હેતુઓ સધાય તોજ તે ઇષ્ટ ફળ આપનારી લેખાય. આવું શિક્ષણ આપવા માટે ગ્રંથકારે સુચરિત્રશાલી શિક્ષકોની પણ યોગ્ય રીતે આવશ્યકતા બતાવી છે. (૬૮)

[હવે ધાર્મિક શિક્ષણને અર્થે ધાર્મિક શાળાઓની આવશ્યકતા દર્શાવવામાં આવે છે.]

### धार्मिकशालास्थापना । ६९ ॥

**तस्माद्धार्मिकशिक्षणोच्छ्रयकृते विद्यार्थिवर्गेऽमले ।**
**सेवातत्परमण्डलेन सुहृदा स्थाप्याः सुशालाः पुनः ॥**
**अत्रोदारधिया परार्थधनिभिः सेवा विधेया श्रिया ।**
**देयं शिक्षणमुत्तमं स्वयमलं सेवार्थिभिः शिक्षकैः ॥**

### ધાર્મિક શાળાઓની સ્થાપના.

**ભાવાર્થ**—તેટલા માટે સેવાના ઉમેદવાર મંડળે કે એક વ્યક્તિએ નિર્મલ વિદ્યાર્થીવર્ગમાં ધાર્મિક શિક્ષણની ઉન્નતિ થાય તેવી ધાર્મિક શાળા

સ્થાપવી, એવી શાળાઓ સ્થાપવામાં પૈસાની જરૂર પડે તો તેને પહોંચી વ-ળવાને ઉદાર અને પરોપકારી શ્રીમંતોએ લક્ષ્મીથી સેવા બજાવવી અને શિક્ષકોએ સેવાબુદ્ધિ રાખી નિષ્કામ વૃત્તિએ પોતાની જાતે સારા પ્રકારનું શિક્ષણ આપવું જોઇએ. (૬૯)

**વિવેચન**—કેટલાક પ્રકારની વ્યાવહારિક વિદ્યાઓનું શિક્ષણ મેળ-વવા માટે હાલના જમાનામાં ધન ખર્ચવું પડે છે. પૂર્વે તો દરેક પ્રકારની વિદ્યા, હુન્નર કે કળા ગુરૂ હમેશાં શિષ્યને નિષ્કામ વૃત્તિથી શીખવતો. તે એમ સમજતો કે એ રીતે જનતાની સેવા જ પોતે કરે છે અને જનતા કે રાજા એવા ગુરૂના ઉદરભરણ માટે આજીવિકા પૂરતું ધાન્યાદિ આપતો. આજકાલ એવો ગુરૂભાવ જવલ્લે જ રહેલો દૃષ્ટિગોચર થાય છે અને તેથી ધન આપીને વિદ્યા શીખવાની જરૂર પડે છે. વૈદ્ય વિદ્યા, એન્જીનીયરીંગ, વણાટકામ, રંગકામ, ઇત્યાદિ હુન્નરો શીખવા માટેની સરકારી શાળાઓમાં પણ લવાજમો રાખેલાં છે, પરન્તુ ધાર્મિક શિક્ષણને માટે તેમ થઈ શકે તેમ નથી; તેમજ એ શિક્ષણ આપવા માટે લવાજમ રાખવું એ ઉચિત પણ નથી. સામાન્ય જનતા વ્યાવહારિક કેળવણીનું જેટલું મૂલ્ય સમજે છે તેટલું મૂલ્ય તે ધાર્મિક કેળવણીનું સમજતી નથી એ આપણા દેશનું દુર્ભાગ્ય છે. આ અજ્ઞાનને કારણે જ એક પિતા પોતાના પુત્રને ઇલેકટ્રીશીયન બનાવવા માટે જર્મની મોકલીને ૧૦ હજાર રૂપિયા ખર્ચશે પરન્તુ ધાર્મિક કેળવણી મુફત મળશે તોપણ તે મેળવવા માટે એક પિતા પુત્રને તેવી શાળામાં મોકલવાની કાળજી નહિ રાખે! બીજી રીતે જોઇએ તો ધાર્મિક કેળવણી એ ચારિત્ર્યની ખીલવણી માટે છે અને ચારિત્ર્ય એ મુક્તિનું ભાથું છે, અને મુક્તિના ભાથારૂપ ધાર્મિક કેળવણીનું મૂલ્ય લઈને તેનું વેચાણ કરવું એ ઘટિત નથી. પ્રત્યેક મનુષ્ય પ્રાણીને હુન્નર, વિદ્યા કે કળા ભલે ન્યૂનાધિક પ્રમાણમાં પ્રાપ્ત થાય, પરંતુ મુક્તિનું ભાથું બાંધવાની તક તો તેમને કે રંકને એકસરખી રીતે મળવી જોઈએ અને તેટલા માટે ધાર્મિક કેળવણીનું દાન વિનામૂલ્યે જ થવું ઘટે. આટલા માટે જ ગ્રંથકાર ધાર્મિક કેળવણી માટે ધાર્મિક શાળા સ્થાપવાની હિમાયત કરે છે અને તે સાથે તેવી શાળા

સેવાતત્પર મંડળને હસ્તે સહૃદય વ્યક્તિને હાથે સ્થપાવી જોઇએ એમ પણ તે સૂચન કરે છે. ધનની આવશ્યકતા તો પ્રત્યેક કાર્યમાં રહે છે. સેવાબુદ્ધિવાળો શિક્ષક મળે, તોપણ તેની આજીવિકા પૂરતું ધન તેને જોઇએ છે. તેટલા માટે ધનની જરૂર પડે તો પરોપકારી શ્રીમંતોએ જ તે પૂરી પાડવી એ તેમની ફરજ છે. શિક્ષકો સેવાબુદ્ધિવાળા હોવા જોઇએ તે પૂર્વે પણ કહેવામાં આવ્યું છે. આવી શાળાઓની સ્થાપના વિના સર્વ કોઈ બાળક કે બાલિકા સુધી ધાર્મિક કેળવણીને પહોંચાડવાનું અશક્ય થઈ પડે છે. વ્યાવહારિક કેળવણી માટેની શાળાઓમાં નીતિની કેળવણી આપવાની બાબત ઉપર ભાર મુકાય છે, પરન્તુ ધર્મના પાયા વિનાનું નીતિનું શિક્ષણ વિદ્યાર્થીના જીવન સાથે ઓતપ્રોત થતું નહિ હોવાથી જૂદું ધર્મશિક્ષણ અપાવાની જરૂરીઆત રહે છે અને તેટલા જ માટે જૂદી ધાર્મિક શાળાઓની હિમાયત અત્ર કરવામાં આવી છે કે જ્યાં વિદ્યાર્થીઓને રોજ થોડો વખત ધર્મ તથા ધર્મ સાથે સંકળાયલી અચલ નીતિનું શિક્ષણ મળવા પામે. (૬૯)

[ હવે ધાર્મિક કેળવણી માટેની અભિરુચિ વિદ્યાર્થીઓમાં તેમ જ તેમનાં માબાપોમાં ઉત્પન્ન કરવાની આવશ્યકતા નિમ્ન શ્લોકમાં સૂચવવામાં આવે છે.]

धर्मशिक्षणाभिरुचिसम्पादनम् । ७० ॥

**तत्तद्धर्मपरायणाः सुगृहिणः सर्वेऽपि विद्याकृते ।**
**प्रेष्येयुस्तनुजान्निजान् प्रतिदिनं काले यथानिश्चिते ॥**
**न स्यात्कारणमन्तरैकदिवसः शून्यो यथा पत्रके ।**
**छात्रे तत्पितरौ तथाविधरुचिं सम्पादयेतामुभौ ॥**

**ધાર્મિક શિક્ષણની અભિરૂચિ ઉત્પન્ન કરવી.**

**ભાવાર્થ**—પોતપોતાના ધર્મમાં પરાયણ એવા સર્વ ગૃહસ્થો પોતાનાં બાળકોને દરરોજ નિયમિત વખતે શિક્ષણ લેવાને શાળામાં મોકલે તે એટલે સુધી કે હાજરીપત્રકમાં ખાસ કારણ સિવાય એક દિવસ પણ શૂન્યમાં ન પડે અર્થાત્ એક દિવસની પણ ગેરહાજરી ન ગણાય તેવા પ્રકારની રૂચિ બાળકોમાં અને તેમનાં માબાપોમાં યત્નથી ઉત્પન્ન કરવી. (૭૦)

**વિવેચન**—બાલ્ય વયથી વિદ્યાર્થીઓ ધર્મશિક્ષણમાં રસ લેવા લાગે તેમ કરવું આવશ્યક છે, કારણકે એ અવસ્થાથી જ ધર્મના સંસ્કારોનાં બીજ રોપવાં જોઈએ અને તે માટે ધાર્મિક શિક્ષણની શાળામાં વિદ્યાર્થીઓ બરાબર હાજરી આપે અને માબાપો પોતાનાં સંતાનોને ધાર્મિક કેળવણી લેવા શાળાઓમાં મોકલવાની કાળજી રાખે તે ઉપર ગ્રંથકારે સારી પેઠે ભાર મૂકયો છે. પરન્તુ ધાર્મિક શિક્ષણ બહુધા રસોત્પાદક હોતું નથી. વિનામૂલ્યે અપાતા ધાર્મિક શિક્ષણ માટેની શાળાઓ બહુ અંશે ખાલી જેવી હોય છે અને વ્યાવહારિક કેળવણી લવાજમ લઇને આપવામાં આવે છે તોપણ તે ભરાએલી રહે છે તે ઉપરથી પણ આપણે વસ્તુસ્થિતિ સમજી શકીએ છીએ. આમ બનાવાનું કારણ શું ? પૂર્વે કહ્યું છે તેમ ધાર્મિક કેળવણીની આવશ્યકતા અને તેનું મૂલ્ય થોડાં જ માબાપો સમજે છે અને તેથી તેઓ તે માટે પૂરતી કાળજી રાખતા નથી. વિદ્યાર્થીઓની અભિરૂચિ પણ આ કેળવણી પ્રત્યે ઓછી જ જોવામાં આવે છે. આ બેઉ કારણોથી વિદ્યાર્થીઓની અને તેમનાં માબાપોની ઉભયની અભિરૂચિ ધાર્મિક કેળવણી પ્રત્યે નીપજાવવાનું વાજબી સૂચન આ શ્લોકમાં ગ્રંથકાર કરે છે. આ **અભિરૂચિને** કેવા યત્નપૂર્વક કેળવવી એ મહત્ત્વનો પ્રશ્ન છે. ધાર્મિક શિક્ષણ રસભરિત હોવું જોઇએ. વિદ્યાર્થીઓની ઉછરતી મગજશક્તિ ચોમેરથી નવા પ્રકાશ તરફ આકર્ષાતી હોય છે, તે વખતે તેમને શુષ્ક લાગે તેવું ધાર્મિક શિક્ષણ આપવામાં આવે તે ઇષ્ટ નથી. આપણા દેશમાં જ્યાં જ્યાં શુષ્ક લાગે તેવું ધર્મશિક્ષણ આપવાના યત્નો થયા છે, ત્યાં ત્યાં તેને સફળતા મળી નથી. આ કારણથી ધર્મશિક્ષણને પણ રસભરિત બનાવવું જોઈએ. શુષ્ક ધર્મશિક્ષણ આપવાથી બાળકો એવું શિક્ષણ અણમાનતે મને પણ ગ્રહણ તો કરે છે પરન્તુ તેવું શિક્ષણ વાંસ-નળીમાં મારેલી ફૂંક જેમ એક બાજુએથી દાખલ થઈ બીજી બાજુએ સીધી પસાર થઈ જાય છે તેમ જરાએ અસર કર્યા વિના પસાર થઇ જાય છે અને ચારિત્ર્ય ઉપર તેની અસર નીવડતી નથી. માટે ધર્મશિક્ષણને માટે એવો યત્ન કરવો જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ હોંશે હોંશે એવું શિક્ષણ ગ્રહણ

કરવાને ધાર્મિક શિક્ષણની શાળામાં જાય અને તેમની હોંશ જોઇને આનંદિત થતાં માબાપો પણ સ્વાભાવિક રીતે તેમને તેમાં ઉત્તેજન આપવાને પ્રેરાય. વાર્તાઓ, કવિતાઓ, ચિત્રપટો ઇત્યાદિ દ્વારા ધર્મનું તથા નીતિનું શિક્ષણ આપવાના પ્રયાસો જગતમાં થઈ રહ્યા છે તે ધાર્મિક શિક્ષણને શુષ્ક ન રહેવા દેતાં રસભરિત કરવાના જ પ્રયત્નો છે. ગ્રંથકાર આવા પ્રયત્નો દરેક ધર્મ-વાળાને કરવાનું કહે છે અને પોતપોતાના ધર્મના સંસ્કારો પોતપોતાનાં સંતાનોમાં દાખલ કરવાને પ્રત્યેક માબાપને ભલામણ કરે છે. દરેક ધર્મના સિદ્ધાંતોનું તાત્ત્વિક અન્વેષણ કરનાર અમુક જ ધર્મ માટે આગ્રહ દર્શાવતો નથી, તે જ પ્રકારની ઉદારતા આ કથનમાં પ્રતીત થાય છે. રેવ. ફ્લેમિંગ પણ કહે છે કે: "તમારા પોતાના ધર્મ તરફ દૃષ્ટિ ફેરવો, તેનાથી તમારા દેશની ઉન્નતિ થાય છે કે કેમ તેની તપાસ કરો. તે કાંઈ કામ કરે છે કે નહિ તેની તજવીજ કરો. જે કાંઈ પરિણામ આવવાં જોઈએ તે તેનાથી આવે છે કે નહિ તેની તપાસ કરો." બસ, ધર્મનો–ધાર્મિક કેળવણીનો આવો જ હેતુ છે અને તે હેતુ પાર પાડવાના યત્નો આદરવાનું એક ક્ષેત્ર પણ સેવાધર્મીઓને માટે ખુલ્લું છે. (૭૦)

[ ધાર્મિક શિક્ષણની પૂરી સફળતા ક્યારે થઈ કહેવાય તે હવે ગ્રંથકાર દર્શાવે છે. ]

सुपरिणामं विना शिक्षणवैफल्यम् ॥ ७१ ॥

**किं तद्धार्मिकशिक्षणेन न यतो विद्यार्थिनां जीवनं ।**
**जातं धर्मपरायणं दृढतरश्रद्धाऽन्वितं सात्त्विकम् ॥**
**किं चिन्तामणिना यतो विनिहता नैकाऽपि चिन्ता हृदो।**
**दारिद्र्यं दलितं न येन दुरितं तत्कल्पवृक्षेण किम् ॥**

**સારૂં પરિણામ ન આવે તો શિક્ષણની નિષ્ફળતા.**

**ભાવાર્થ**—જે શિક્ષણથી વિદ્યાર્થીઓનું જીવન ધર્મપરાયણ, દૃઢ શ્રદ્ધાયુક્ત અને સાત્ત્વિક ગુણવાળું ન બને તે શિક્ષણ જ શા કામનું ?

જેનાથી મનની એક પણ ચિંતા મટી નહીં તે ચિંતામણિ શાનો ? જેનાથી દારિદ્ર્ય અને તેને લગતું પાપ નષ્ટ ન થયું તે કલ્પવૃક્ષને શું કરવું ? (૭૧)

**વિવેચન**—આ શ્લોકમાં ગ્રંથકારે ધાર્મિક કેળવણીની સફળતા તથા નિષ્ફળતાનો વિચાર કરેલો છે. આજકાલ જૂદીજૂદી કોમો અને સંપ્રદાયોમાં ધાર્મિક કેળવણી આપવાની જે રીતિ પદ્ધતિ પ્રચલિત છે તેના ગુણદોષનું નિરૂપણ કરવામાં આ શ્લોકમાંનું કથન મદદગાર થાય તેવું છે. બ્રાહ્મણો પોતાનાં બાળકોને સંધ્યા-ગાયત્રી આદિ શીખવે, જૈનો સામાયિકાદિ શીખવે, જરથોસ્તીઓ અવસ્તા મોઢે કરાવે કે ઇસલામીઓ કુરાન વાંચતા અને તેનો પાઠ કરતાં શીખવે, તેથી ધાર્મિક કેળવણીની સમાપ્તિ થતી નથી કિંવા પોપટની પેઠે એવા પાઠ કરવાથી ધાર્મિક કેળવણીનો ખરો હેતુ જે ચારિત્ર્યસુધારણા કરવાનો છે તે પાર પડતો નથી. ગ્રંથકાર કહે છે તેમ જે શિક્ષણથી વિદ્યાર્થીઓનું જીવન ધર્મપરાયણ, શ્રદ્ધાળુ તથા સાત્ત્વિક ગુણોપેત બને તે જ શિક્ષણ ઇષ્ટ પરિણામદાયક નીવડયું લેખાય. હાલની વેદ પાઠશાળાઓ, જૈન શિક્ષણશાળાઓ કે ઇસલામી મદ્રસાઓ શું ચારિત્ર્ય સુધરે એ જ દૃષ્ટિથી ધાર્મિક શિક્ષણ આપે છે ખરાં ? આ કસોટીથી દરેક ધાર્મિક શિક્ષણની સંસ્થાઓને કસી જોવી જોઈએ. જો એ કસોટીમાં તે સફળ ન થાય તો પછી તે સંસ્થા કે તેમાંનું શિક્ષણ પૂરૂં કાર્યસાધક લેખાય નહિ: માત્ર વિદ્યાર્થીઓ એટલું સમજતા થાય કે પોતાનાં માતાપિતાના ધર્મનું શિક્ષણ પોતે મેળવ્યું છે અને પોતાને જીવનપર્યંત એ જ ધર્મને વળગી રહેવાનું છે; પરન્તુ ધર્મ ધારણ કરવાનો હેતુ તે સમજે નહિ અને તે સમજણને આધારે તેનું ચારિત્ર્ય ઘડાય નહિ, તો પછી તેની એ ઉપલક સમજણ શા કામની ? જે રત્ન પાસે હોય છતાં મનની ચિંતા દૂર થાય નહિ, તે રત્ન ચિંતામણિ રત્ન છે એમ કોણ કહી શકે ? જે ધાર્મિક શિક્ષણથી ચારિત્ર્ય ઉપર ધર્મનો રંગ બેસે નહિ તે શિક્ષણ પણ શા કામનું ? રેવ. ફ્લેમિંગ પણ ધાર્મિક શિક્ષણનું મૂલ્ય આ પ્રકારની કસોટીથી જ આંકે છે. તે કહે છે કે "વૈજ્ઞાનિક દૃષ્ટિએ કોઈ પણ વિચાર માનવો કે ન માનવો એ કાંઈ પ્રશ્ન નથી. તેથી દેશનો ઉદય થઈ શકે એમ છે ? હું તે ધારણ કરૂં તો તેનું કાંઈ

ફળ છે કે કેમ? એ દષ્ટિથી પ્રત્યેક વિચારની કસોટી કરવી જોઈએ. તેટલો જ મહત્ત્વનો પ્રશ્ન મનુષ્યને એ થાય છે કે અમુક મારો ધર્મ છે તો તે ધર્મના અનુયાયીઓને જે કાંઇ કરવાનું તે મેં કેટલું કર્યું છે? કોઇ માણસનું ધાર્મિક જીવન તેનાં કાર્યોમાં સ્પષ્ટ રીતે માલૂમ પડી ન આવે તો તે જીવન ચૈતન્યમય અગર ખરૂં જીવન હોઈ શકે નહિ. માત્ર બુદ્ધિમાન લોકોની એક જાતિ ઉત્પન્ન કરવી એ જ કેળવણીનો હેતુ હોવો જોઇએ નહિ. સમાજના અંગભૂત તરીકે લોકોમાં કર્તવ્યબુદ્ધિ, જવાબદારીની લાગણી ઉત્પન્ન થાય એ પણ તેનો હેતુ છે.'' આ રીતે ધાર્મિક શિક્ષણનું તત્ત્વ સમજીને એવા શિક્ષણનો પ્રબંધ કરવામાં આવે તો જ તે ઇષ્ટિફળદાયક નીવડે.

**દૃષ્ટાંત**—એક વેદવિદ્યા પારંગત બ્રાહ્મણ હતો. તેણે બાર વર્ષ સુધી કાશીમાં રહી અભ્યાસ કર્યો હતો. વેદધર્મી પંડિતોને તે મોટી મોટી સભાઓમાં વિવાદ કરી હરાવતો. આત્મા અને શરીરની ફીલસુફી વિષે વિવાદ કરવામાં તે એક્કો લેખાતો હતો અને તેને મોટી મોટી પાઠશાળાઓ તરફથી ઉપાધિઓ પ્રાપ્ત થઈ હતી. એ બ્રાહ્મણ ચારે દિશાએ ધર્મશાસ્ત્રીઓમાં દિગ્વિજય કરીને પોતાને ગામ આવ્યો. ગામના રાજાએ જાણ્યું કે એ વિદ્વાન્ બ્રાહ્મણ વિદ્યાઓ ભણીને આવ્યો છે તો તે ધર્મ કેવો જાણે છે તેની પરીક્ષા કરવી. તેણે ગામના ચારે દરવાનને અમુક સૂચનાઓ આપી રાખી. બ્રાહ્મણ દરવાજે આવ્યો એટલે દરવાને તેને રોકયો અને પૂછ્યું કે તમે બીજા દરવાનોના પરવાનગીપત્ર બતાવશો તો જઇ શકશો. બ્રાહ્મણ પાસે પરવાનગીપત્ર નહોતું. દરવાને કહ્યું કે તો પછી અહીંનું પરવાનગીપત્ર તમોને ત્યારે જ મળશે કે જ્યારે તમે મદ્યપાન કરવાની હા કહેશો. બ્રાહ્મણે વિચાર્યું કે **जननीजन्मभूमिश्च स्वर्गादपि गरीयसी** એવું વિદ્વાનોએ કહ્યું છે આ તો જન્મભૂમિનું નગર છે એટલે સાક્ષાત્ સ્વર્ગ છે. સ્વર્ગના દરવાજામાં દાખલ થવા માટે મદ્યપાન કરવું પડે તોપણ ફીકર નથી. શાસ્ત્રમાં પણ **औषधार्थे सुरां पिबेत्** એમ તો કહ્યું છે. એમ વિચારી ત્યાં મદ્યપાન સ્વીકારી પરવાનગીપત્ર મેળવ્યું. એ જ રીતે બીજે દરવાજે માંસભક્ષણ કરવાની માગણી થઈ. **न मांसभक्षणे दोषो न मद्ये न च मैथुने** એવું શાસ્ત્રવચનનું સ્મરણ થતાં બ્રાહ્મણે માંસ

ભક્ષણ કરીને પરવાનગીપત્ર મેળવ્યું. ત્રીજે દરવાજે દ્યુત રમવાની માંગણી કરવામાં આવી, તે પણ જન્મભૂમિરૂપી સ્વર્ગમાં જવાને બ્રાહ્મણે સ્વીકારી! ચોથે દરવાજે તો એક સુંદરી તેનો સત્કાર કરવા માટે તૈયાર જ ઊભી હતી. **न चास्मिन् संसारे कुवलयदृशो रम्यमपरम्**—આ સંસારમાં કમલનયના સ્ત્રીઓથી બીજું કાંઈ વધારે સુંદર નથી અને એવી સ્ત્રીની પ્રાપ્તિ થાય તે જીવનની ધન્યતા છે એમ માની બ્રાહ્મણ મહારાજ એ વેશ્યાના સદનમાં ગયા. રાજા ત્યાં હાજર હતો અને તેણે પૂછ્યું: "હે વિપ્ર! તું કાશી જઇને જે વિદ્યા ભણી આવ્યો તે વિદ્યા છતાં તને મદ્ય, માંસ, દ્યુત અને વેશ્યાસમાગમ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઈ, તો તું શું એ જ શીખી આવ્યો? બ્રાહ્મણે કહ્યું કે મેં જે જે કર્મો કર્યાં છે તેને માટે મારી પાસે શાસ્ત્રનો આધાર છે. રાજાએ કહ્યું કે "તારા જેવાને શૂળીએ ચડાવવો એવો આધાર અમારા રાજ્યધર્મનાં શાસ્ત્રોમાં પણ છે." એમ કહીને બ્રાહ્મણને દયાથી રાજાએ શૂળીએ તો ન ચડાવ્યો પણ નગરની બહાર કાઢી મૂક્યો. તાત્પર્ય એ છે કે જે ધર્મશાસ્ત્રના શિક્ષણ છતાં ચારિત્ર્ય ઉપર સારી અસર થતી નથી તે શિક્ષણ આ બ્રાહ્મણના વિદ્યાજ્ઞાન પેઠે કેવળ નિષ્ફળ છે. (૭૧)

[નીચેના શ્લોકમાં શિક્ષણના પરીક્ષણની આવશ્યકતા દર્શાવેલી છે.]

**परीक्षोपायने । ७२ ॥**

**सप्ताहं प्रति मासमेकमथवाऽवश्यं परीक्षा सकृद् ।**
**ग्राह्या तत्र परीक्षकैर्नियमतः पृष्ट्वाऽर्थशुद्ध्यादिकम् ॥**
**बाला येऽत्र भवेयुरुन्नततयोत्तीर्णाः सदाऽऽगन्तुका-**
**स्तेषां देयमुपायनं समुचितं प्रोत्साहनार्थं पुनः ॥**

**પરીક્ષા તથા ઇનામ.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—અઠવાડીએ અઠવાડીએ કે મહીને મહીને એક વાર પરીક્ષકોએ વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા જરૂર લેવી જોઇએ તેમાં

શબ્દાર્થ ભાવાર્થ શુદ્ધ ઉચ્ચાર તાત્પર્ય વગેરેની તપાસ કરવી જોઈએ. જે વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થાય અને જેમની સરેરાશ સારી હાજરી રહેતી હોય તેમનો અને બીજાઓનો ઉત્સાહ વધે માટે તેમને ઉચિત ઇનામો આપવાં જોઇએ. શિક્ષણના પરીક્ષણ વિના તેનું સંગીનપણું સમજાતું નથી, તેટલા માટે પરીક્ષાની ક્રમિક પદ્ધતિએ કામ લેવામાં આવવું જોઈએ અને વિદ્યાર્થી ઉચ્ચ શ્રેણીનું મૂલ્ય સમજતાં શીખે તેમ જ તેનો અભ્યાસનો ઉત્સાહ વધે તેટલા માટે તેને પરિતોષિક આપવાની પ્રચલિત રૂઢિનું સમર્થન આ શ્લોકમાં કરવામાં આવેલું છે. (૭૨)

[ હવે ધાર્મિક શિક્ષણ વિદ્યાર્થિઓને આપવા માટે કેવાં પુસ્તકો જોઈએ તેનું કથન કરવામાં આવે છે. ]

**धार्मिकशिक्षणपुस्तकमाला । ७३ ॥**

**रम्या नीतिकथा महात्मचरितान्याचारगर्भाणि वा।**
**तत्त्वं यत्र सयुक्तिकं सरलया रीत्या निबद्धं भवेत् ॥**
**भाव्यं तादृशपुस्तकैरभिनवैः सद्धर्मशिक्षोचितै ।**
**र्निर्मेयानि च तानि पण्डितवरैः सेवार्थिभिः सेवकैः ॥**

## ધાર્મિક શિક્ષણ માટેનાં પુસ્તકો.

**ભાવાર્થ**—જેમાં નીતિની નાની નાની રમણીય કથાઓ હોય, આચારગર્ભિત મહાત્મા પુરૂષોનાં ચરિત્રો હોય, ધર્મના સિદ્ધાંતો અને તત્ત્વો યુક્તિપૂર્વક સરલ રીતિએ લખાયેલ હોય, તેવા પ્રકારનાં ધાર્મિક શિક્ષણનાં નવીન પુસ્તકો હોવાની પ્રથમ જરૂર છે. તેવાં પુસ્તકો તૈયાર ન હોય તો સેવાના ઉમેદવાર લેખકો અને પંડિતોએ બાળકોને રસ પડે તેવી રીતિમાં લખી તૈયાર કરવાં જોઈએ. (૭૩)

**વિવેચન**—પૂર્વે જેવા ધર્મશિક્ષણની હિમાયત કરી છે, તેવા ધર્મ-શિક્ષણ માટેનાં ઉપકરણો કેવાં હોવાં જોઇએ અને જો તે ઉપલબ્ધ ન હોય તો તે તૈયાર કરવાં જોઇએ એવું સૂચન આ શ્લોકમાં કરવામાં આવ્યું છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય ઉપર સારી અસર થાય તેવું ધાર્મિક સાહિત્ય હોવું જોઇએ અને તેટલા માટે નીતિવિષયક કથાઓ, મહાપુરૂષોનાં ચરિત્રો, ધર્મના સિદ્ધાંતો અને તત્ત્વો ઇત્યાદિનો બોધ વિદ્યાર્થી વર્ગને થાય તેવી ધાર્મિક શિક્ષણની પુસ્તકમાળા હોવી જોઇએ. જો આવાં પુસ્તકો અસ્તિત્વ ધરાવતાં ન હોય, તો તેવાં પુસ્તકો સેવાધર્મી પંડિતોએ અને લેખકોએ તૈયાર કરી ઉછરતી પ્રજા ઉપર ઉપકાર કરવો જોઇએ. વિદ્યાર્થી અવસ્થામાં જે ધર્મ અને નીતિના સિદ્ધાન્તોની છાપ પાડી શકાય છે તે મોટી ઉમરનાં મનુષ્યો ઉપર પાડી શકાતી નથી અને તેટલા માટે જ જેના વાચન વડે બાળકોને રસ સાથે બોધ મળે તેવાં ધર્મનીતિશિક્ષણનાં પુસ્તકોની સમાજને જરૂર છે. પરન્તુ એટલું ભૂલવું જોઇતું નથી કે ધર્મ અને નીતિનું શિક્ષણ બીજા વ્યાવહારિક શિક્ષણની સાથે સાથે જવું જોઇએ, અને બેઉ શિક્ષણ એકસરખાં ઉપયોગી તથા ફરજીયાત હોવાં જોઇએ. ધાર્મિક શિક્ષણને મરજીયાત રાખવામાં આવે કિંવા તેવું શિક્ષણ ઘેર આપવાની યોજના કરવામાં આવે અથવા પ્રસંગોપાત તેવું શિક્ષણ વિદ્યાર્થીઓને મળે એવી ગોઠવણ કરવામાં આવે, તેથી ધાર્મિક શિક્ષણનો હેતુ પાર પડતો નથી. વ્યાવહારિક કેળવણીના અભ્યાસક્રમની સાથે જ અને તેના જેટલો જ ફરજીઆત ધાર્મિક શિક્ષણનો અભ્યાસક્રમ રાખવામાં આવે તો જ તેથી ધારેલો હેતુ પાર પડે; નહિતો જે કાંઇ મરજીયાત કે પ્રસંગોપાત રાખવામાં આવે છે તેનો લાભ તો ભાગ્યે જ લેવાય છે; તેટલા માટ ધાર્મિક શિક્ષણની ક્રમબદ્ધ પુસ્તકમાળા રચી, તેનો નિયમિત અને ફરજીયાત અભ્યાસ કરાવવામાં આવવો જોઈએ. શ્રી કાલેલકર આ બાબતના સંબંધમાં કહે છે: “ શિક્ષણશાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રથમ વાર્તા, પછી વર્ણન, તે પછી ઇતિહાસ, તે પછી તત્ત્વજ્ઞાન, તત્ત્વજ્ઞાન પછી બીજા ધર્મો સાથે તુલના અને આખરે ધર્મસંશોધનઃ આવો ક્રમ રાખવો જોઇએ. ધાર્મિક શિક્ષણમાં ફતેહ મેળવવાની ખરી ચાવી એ છે કે વિદ્યાર્થીની અંદર પ્રેમાલતા, વિનય અને આદરભાવ જાગૃત થાયઃ ધાર્મિક

શિક્ષણ દીધું અને આદરભાવનો લોપ કર્યો, તો પછી શિક્ષણ દીધું ન દીધા બરાબર છે." (૭૩)

## दशम परिच्छेद.

### रोगीसेवा । ७४ ॥

**कश्चिन्नास्त्युपचारको निजगृहे यस्याऽर्त्ति रोगोद्भवे ।**
**स्याद्वृद्धस्तरुणोऽपि वा स वृषलो वैश्यो द्विजःक्षत्रियः॥**
**मत्वा तं निजबान्धवं सुमनसा सेवा विधेया स्वयं ।**
**पथ्यान्नौषधदानमिष्टवचनाऽभ्यर्णाऽऽसनाऽभ्यङ्गनैः ॥**

### રોગી જનની સેવા.

**ભાવાર્થ**—જેના પોતાના ઘરમાં રોગ કે દુઃખના વખતમાં કોઈ પણ સારવાર કરનાર ન હોય તે રોગી કે દુઃખી માણસ ચાહે તો વૃદ્ધ હોય કે તરૂણ હોય, બ્રાહ્મણ હોય કે શૂદ્ર હોય, ક્ષત્રિય હોય કે વૈશ્ય હોય, ગમે તે હોય તોપણ તેને પોતાનો બંધુ ગણીને ખરી લાગણીથી પોતાની જાતે પથ્ય ખોરાક અને યોગ્ય ઓસડ આપીને, રોગીને શાંતિ થાય તેવાં મીઠાં વચનો બોલીને, અમુક વખત તેની પાસે બેસીને કે તેલ વગેરેનું મર્દન કરીને રોગીની સેવા બજાવવી જોઇએ. (૭૪)

**વિવેચન**—સેવાધર્મ અંગીકાર કરનારને માટે એક વિશેષ ક્ષેત્ર રોગી જનોની સેવા કરવાનું છે. આ જગતમાં અનેક પ્રકારનાં દુઃખો તથા જરૂરીઆતોવાળાં મનુષ્યો રહેલાં છે, તેમનાં દુઃખોનો નાશ કરવો અને તેમની જરૂરીઆતો તેમને સંપડાવી તેમનું હિત કરવું તે તેમની સેવા કરવા બરાબર જ છે. આ સેવા અત્યંત મૂલ્યવતી છે. કોઇ માનસિક વ્યાધિથી પીડાય છે, કોઇ શારીરિક વ્યાધિથી પીડાય છે, કોઈ ધનની જરૂરીઆતવાળા હોય છે, કોઈ વિદ્યાની જરૂરીઆતવાળા હોય છે, એવાં મનુષ્યોના વ્યાધિનું

નિવારણ કરી તેમની જરૂરીઆતો પૂરી પાડવી એ સેવા અત્યંત મૂલ્યવતી છે. રોગી જનનો આશીર્વાદ એ અત્યંત પવિત્ર મનાય છે, કારણકે તેના રોગનિવારણમાં જે કાંઈ સહાય કરવામાં આવી હોય છે, તે સહાય તેમની જીંદગી બચાવવા માટે ઉપયોગી થઇ પડતી હોવાથી તેમને જીવિતદાન મળ્યું તે માને છે અને જીવિતદાન એ મોટામાં મોટું દાન છે. રોગી જનોની સેવાને અર્થે શ્રીમંતો રૂગ્ણાલયો—દવાખાનાં સ્થાપે છે કે જ્યાં રોગીઓની મુફત સેવા કરવામાં આવે છે. એવાં કાર્યો તો શ્રીમંતો કરી શકે, પરન્તુ રોગી જનોની સેવા કરીને સામાન્ય સ્થિતિના કે ગરીબ મનુષ્યો પણ મોટો ઉપકાર કરી શકે છે. કેટલીક વાર કોઇ એકલા—અટૂલા રોગીને કોઇ ખોરાક તૈયાર કરી આપવા, તેની બરદાસ્ત કરવા, કે તેને ઔષધાદિક લાવી આપવા માટે માણસ હોતું નથી. એવા રોગીની તેટલા પૂરતી જરૂરીઆત પૂરી પાડવાને તેને રાંધી આપવું, દવા લાવી આપવી કે તેની પથારી સુધારી—સાફ કરી આપવી એ પણ પરમ સેવાનું કાર્ય છે. મરકી જેવા મહામારીના વખતમાં વસતી ગામ છોડી જાય છે, તેવે વખતે ગરીબો પોતાનાં ઘર છોડવાની સ્થિતિ ધરાવતાં નથી અને તેથી કેટલીક વાર તેવાં માણસો દર્દનો ભોગ થઇ પડે છે. એવાં દર્દીઓની માવજત કરવાને માણસો હોતાં નથી અથવા તો જો પડોશીઓ હોય છે, તો-પણ ચેપવાળા દર્દથી ઘેરાએલા માણસની સેવા કરતાં તેઓ બીહે છે. આવા વખતમાં રોગીની સેવા કરવા માટે તત્પર થવું તેના જેવું ઉપકારનું કાર્ય ભાગ્યે જ બીજું કોઇ હશે. પરિચારક કે સેવકને અભાવે એવા વખતમાં કેટલાક દર્દીઓ ભૂખ્યા—તરસ્યા બિછાનામાં મરણ પામે છે અને તેમના મરણની ખબર પણ કોઇને હોતી નથી! આ પ્રકારના દર્દીઓની સેવા ગરીબમાં ગરીબ માણસ પણ કરી શકે છે.

કેટલીક વાર દર્દીઓને આશ્વાસનની પણ મોટી જરૂર હોય છે. કેટલાક હલકી કોમના મનુષ્યો ઉંચી કોમવાળાઓથી દબાયલા, હીણાયલા અને ભુલાયલા હોય છે અને તેઓ જ્યારે માંદા પડે છે ત્યારે વૈદ્યો, ડાકતરો કે દવાખાનાંઓ તેમની પૂરી દરકાર રાખતાં નથી; તેવાં મનુષ્યોને સેવાની પૂરી

જરૂર હોય છે અને સેવાધર્મીએ તેની જાત કે કોમનો વિચાર કર્યા વિના જ તેની સેવા કરવી યુક્ત છે.

**દૃષ્ટાન્ત**—જોસફ ડેમીયન નામનો જુવાન બેલ્જીયમની એક કૉલેજમાં અભ્યાસ કરીને ધર્મગુરૂનું પદ મેળવી ચૂકયો હતો. તેને દક્ષિણ સમુદ્રમાંના ટાપુઓમાં ધર્મપ્રચારક તરીકે જવાની આજ્ઞા થઈ. દક્ષિણ સમુદ્રમાં જંગલી ટાપુઓમાં જવાનું એટલે કાળા પાણીની સજા સમજવી. પણ તે આ કામગીરીની વાત સાંભળીને ખૂબ આનંદ પામ્યો. તે નાચતો–કૂદતો અને ખુશ થતો ટાપુઓમાં ગયો. ત્યાં તેણે ૩૩ વર્ષની ઉમર થતાં સુધી ધર્મપ્રચારનું કાર્ય બજાવ્યું. એક વાર ત્યાંના પાદરીને તેણે એમ કહેતાં સાંભળ્યો કે "અરેરે! મોલોકોઇનાં બિચારાં પતીયાં લોકો પાસે મોકલવા મારી પાસે અત્યારે કોઇ પણ માણસ નથી. એ બિચારા દુઃખી જીવો એ ભયંકર રોગમાં સપડાઈ જઇ સડે છે." આ સાંભળીને ડેમીયને માંગણી કરી કે "મને ત્યાં મોકલો." ડેમીયન ત્યાં ગયો. તે એ સડતાં અને દુઃખી લોકોને ખરા જીગરથી ચાહવા લાગ્યો અને તેણે તેમને રહેણી કરણીમાં સુધાર્યા. ૧૬ વર્ષ સુધી એણે એ પતીયાં લોકોમાં નિવાસ કર્યો. તેમને માટે તેણે ઘર બંધાવી આપ્યાં. સારૂં પાણી પૂરૂં પાડયું. તેણે તેમના ભયંકર જખમોને પાટા બાંધ્યા, તેઓના મરણપ્રસંગે આશ્વાસન આપ્યું અને મરણ થતાં તેમને માટે કબરો પણ ખોદી આપી. આખરે ડેમીયન પોતે પતના ચેપી રોગનો ભોગ થઇ પડયો. ડાકટરે તેને ચેતવણી આપી; પણ તેણે કહ્યું કે "આ ટાપુ છોડી જવાથી મારો રોગ મટી જાય, એમ કોઇ કહે તોપણ હું મારા પતીયા ભાઇઓનો ત્યાગ નહિ કરૂં." છેવટે તે મૃત્યુને બિછાને પડયો. એક પાદરીએ તેને કહ્યું: "ગુરૂ! મને આપ આપનો ઝબ્ભો આપતા જશો?" ડેમીયને કહ્યું: "ભલે લેજો, પણ એ પતના રોગથી નર્યો ભરેલો છે." પરન્તુ એ રોગી લોકોના સાચા સેવકનો પતથી ભરેલો ઝબ્ભો સ્વીકારતાં તેના શિષ્યને અપૂર્વ આનંદ થયો. (૭૪)

[વ્યક્તિગત આરોગ્યરક્ષણની સેવા બજાવવા વિષે કહીને હવે ગ્રંથકાર **સમષ્ટિના આરોગ્યરક્ષણમાં સેવાધર્મી કેવી રીતે મદદગાર બની શકે તે વિષે જણાવે છે.**]

आरोग्यरक्षा। ७५ ॥

**जायन्तेऽशुचिवस्तुवृद्धिकरणे क्षुद्रा भृशं जन्तवो ।**
**घ्नन्त्यारोग्यमिमे मनुष्यवसतौ कुर्वन्ति रोगोद्भवम् ॥**
**बोध्या अज्ञजनास्तथा हितधिया स्वारोग्यरक्षाकृते ।**
**ग्रामादौ न मलादिकच्चरभरं विस्तारयेयुर्यथा**

### આરોગ્યરક્ષણ.

**ભાવાર્થ**—ગામના લોકો જો પોતાના ઘર આગળ કે લત્તામાં ગંદી વસ્તુઓ નાંખીને ગંદકી વધારે તો તેથી ડાંસ મચ્છર વગેરે અનેક જાતના ક્ષુદ્ર જંતુઓ ઉત્પન્ન થઈને હવા બગાડે છે, એટલું જ નહિ પણ તે માણસની વસતીમાં માણસોનું આરોગ્ય બગાડી રોગોને ફેલાવે છે; માટે સેવાના ઉમેદવારોએ ગામના અજ્ઞાન લોકોને તેમના આરોગ્યનું રક્ષણ કરવા માટે હિતબુદ્ધિથી એવી રીતે સમજાવવા જોઈએ કે જેથી તેઓ ફરીવાર ગામની વચમાં વસતીવિભાગમાં મળ કચરો વગેરે નાંખી ગંદકી વધારે નહીં. (૭૫).

**વિવેચન**—આપણા દેશના લોકોમાં નાગરિક તરીકેના પોતાના ધર્મોનું જ્ઞાન બહુ ઓછું હોય છે અને તત્સંબંધી જ્ઞાન ધરાવનારાઓમાં પણ જ્ઞાન કરતાં અજ્ઞાન વિશેષ હોય છે. કેટલુંક અજ્ઞાન તો વંશપરંપરાથી ચાલ્યું આવે છે અને રૂઢીનાં બંધનોને લીધે એ અજ્ઞાન ટકાવી રાખવું પડે છે! દાખલા તરીકે જ્ઞાતિના જમણવારોની ગંદી રીત. આરોગ્યરક્ષણના નિયમો સમજનારાઓ એ રીવાજમાં સુધારો કરવાની અને અનાજનો બગાડો થતો અટકાવવાની જરૂર જુએ છે ખરા, પરન્તુ ચાલતી આવતી રૂઢીને કારણે તેમાં કશો મોટો ફેરફાર કરવાની હિંમત તેઓ ધરી શકતા નથી. તે ઉપરાંત ઘરનાં આંગણાંમાં ગંદકી કરવાની, પાણી ઢોળવાની, પ્રમાદવશતાથી ગંદકી વધાર્યે જવાની ઈત્યાદિ અનેક પ્રકારની માઠી અને કેવળ અનિષ્ટ ટેવોથી લોકો અસ્વચ્છ તથા અનારોગ્યભર્યા

વાતાવરણમાં ઉછરતા રહે છે. તેથી અનેક પ્રકારના જંતુઓ પેદા થાય છે અને રોગનો ઉપદ્રવ થાય છે. આ પ્રકારની ગંદકી કરવા માટે મોટાં શહેરોમાં લોકો મ્યુનિસિપાલીટી તરફથી કરવામાં આવતી દંડની સજા વેઠે છે ખરા, છતાં તેમની ટેવો સુધરતી નથી. આ રીતે તેવા ગંદા લોકો જેમ પોતાની જાતને હાનિકારક નીવડે છે, તેમ પોતાનાં પડોશીઓને પણ હાનિકારક નીવડે છે બલકે નાગરિક તરીકેની પોતાની ફરજો નહિ સમજનારા એવા ઘણા લોકોનો સમુદાય આખા નગરના આરોગ્યને બગાવામાં સાધનભૂત બને છે! આવા લોકોની ટેવો સુધારવાને યત્ન કરવો એ મોટી સેવા છે. રેવ. ફ્લેમિંગ આ સંબંધમાં એવું કહે છે કે: "દેશની આરોગ્યને લગતી સ્થિતિ માટે સરકાર જેટલી જવાબદાર છે, તેટલા જ લોકો પણ જવાબદાર છે. આ બાબતમાં જે કાંઇ પ્રયત્ન કરવામાં આવે, તેમાં મદદ કરવાનું સામાન્ય લોકોના દિલમાં ઠસાવી શકાય નહિ, તો સરકારની ગમે તેવી સહાયતા પણ નિષ્ફળ જાય...જ્યાંસુધી સામાન્ય લોકો આ બાબતમાં સુસ્ત રહેશે, બેદરકાર રહેશે, જ્યાંસુધી ગટર અને મોરીનો ઉપયોગ જાજરૂ તરીકે થશે, જ્યાંસુધી ઘરમાંથી કચરો કાઢી બીજા લોકોના ઘર આગળ નાંખવામાં આવશે, જ્યાંસુધી સાર્વજનિક તળાવ લોકો જ બગાડશે, ત્યાંસુધી કુટુંબનાં પ્રિયજન, કુટુંબનો નિભાવ કરનારના જીવને જોખમ રહેશે." પોતે એક વ્યક્તિ હોવા છતાં સાર્વજનિક આરોગ્યમાં કેટલો અગત્યનો હિસ્સો આપી શકે તેની સમજ લોકોમાં હોતી નથી, તેથી જ લોકો આરોગ્યરક્ષણના સંબંધમાં અનેક પ્રકારના અપરાધો કરે છે. સાર્વજનિક કામોમાં તો લોકો બેદરકાર જ રહે છે. ગામડાંમાં સાર્વજનિક કૂવાઓ અને કૂવાની આસપાસની જગ્યાઓ બહુ જ કીચડવાળી, મચ્છર અને ડાંસથી ઉભરાતી હોય છે. લોકો ગમે તેવાં વાસણ કૂવામાંથી પાણી કાઢવા માટે ઉતારે છે, કૂવાની આસપાસ બેડાં માંજે છે, ઢોરો પણ ત્યાં જ આવીને પાણી પીએ અને આસપાસ બધે કાદવ તથા ગંદકી જામે છે, અને કેટલેક ઠેકાણે પાણી પણ વાસ મારે છે. સૌ પોતપોતાનું કામ કરીને ચાલ્યાં જાય છે પણ પાછળથી પાણી બગડતાં અને રોગના જંતુ પાણીમાં દાખલ થતાં લોકોને અને ગામનાં ઢોરને કેવી આપદા વેઠવી પડે છે તેનો વિચાર

કોઈ કરતું નથી. લોકોને આવો વિચાર કરતાં શિખવવું જોઇએ છે અને સેવાધર્મીઓએ એ કામ ઉપાડી લેવું જોઈએ છે. કેટલીક વાર આવું શિક્ષણ મ્હોંથી આપવા ઉપરાંત પોતાની જાતે કાર્ય કરીને પણ આપવું જોઇએ છે, અને તેની અસર લોકો ઉપર અદ્‌ભુત થાય છે. (૭૫)

[રોગીઓને રોગમુક્ત કરવાને રોગ્યાલયની આવશ્યકતા હવે દર્શાવવામાં આવે છે.]

रोग्यालयः । ७६ ॥

**ग्रामे वा नगरे न यत्र सुलभं रोगोपचारौषधं ।**
**संस्थाप्यः करुणाधियाऽत्र वसतौ रोग्यालयः श्रीमता ॥**
**वयावृत्त्यविधानतो गदवतां तस्य व्यवस्थाऽऽदितः ।**
**सामान्यैरपि सज्जनैः सुचिरितैः सेवा विधेया शुभा ॥**

રોગી માટે આશ્રમ–ઔષધાલય.

**ભાવાર્થ—**ગામમાં કે શહેરમાં જ્યાં રોગનો ઉપચાર કરવાનાં સાધનો–વૈદ કે દવાઓ વગેરે સહેલાઈથી ન મળી શકતાં હોય ત્યાં શ્રીમંતોએ રોગીઓ ઉપર કરૂણા બુદ્ધિ લાવીને રોગીઆશ્રમ કે ઔષધાલય સ્થાપવાં જોઇએ. સારા ચારિત્ર્યવાળા સામાન્ય લોકોએ કે સજ્જનોએ પણ તેવા આશ્રમની વ્યવસ્થામાં ભાગ લઇને કે રોગીઓની સારવાર કરીને ઉત્તમ પ્રકારની સેવા બજાવવી જોઇએ. (૭૬)

**વિવેચન—**પૂર્વે રોગીસેવા બજાવવા સંબંધીને સૂચન કરવામાં આવેલું છે, તેથી જૂદા જ પ્રકારનું સૂચન આ શ્લોકમાં ગ્રંથકારે કરેલું છે. ગરીબ રોગીને જ્યારે ઔષધની, માવજતની, સાધનોની વગેરે સગવડ હોતી નથી, ત્યારે તેને હૅાસ્પીટલ અથવા રૂગ્ણાલયનો લાભ લેવાની જરૂર પડે છે. ધનવાનો તો ધન ખર્ચીને પોતાને ઘર આંગણે બધી સગવડ મેળવી શકે છે, પરન્તુ ગરીબો તેવી સગવડ મેળવી શકતા નથી. ધનવાનોને

રોગમુક્ત થવાનો આ સૃષ્ટિમાં અધિકાર છે અને શું ગરીબો રોગથી રિબાઈ રિબાઈને મરવા માટે સરજાએલા છે? નહિ જ. એવા ગરીબો માટે ધનવાનોએ રૂગ્ણાલયો સ્થાપવાં જોઇએ અને સામાન્ય સ્થિતિના સેવાધર્મીઓએ પોતાની સેવા એવા રૂગ્ણાલયનાં દર્દીઓને સમર્પવી જોઇએ. અજ્ઞાનને કારણે માવજત વિના ઘેર સબડતા ગરીબ દર્દીઓને જાહેર રૂગ્ણાલય અથવા હૉસ્પીટલમાં પહોંચાડી, અધિકારીઓને યોગ્ય ભલામણ કરી, તેમને સારવાર કે જરૂરીઆતો પૂરી પાડી તેમનો આશીર્વાદ લેવો એ મહત્પુણ્યનું કાર્ય છે. કેટલીક વાર ગરીબ માબાપો પોતાનાં રોગી બાળકોની સારવાર ઘર આંગણે ઘરગથ્થુ દવાથી કે કોઈ ઓળખીતા વૈદ્યની પાસેથી માંગી આણેલાં પડીકાંથી કરે છે, પરન્તુ બાળકોનો રોગ કપરો હોય છે અને તેને વહાડકાપની કે બીજી મોટી જરૂર હોય છે. આવી બાબતમાં સેવાધર્મીએ સલાહકારનું કામ કરીને માબાપને સંતોષ આપવા પૂરતો ખુલાસો કરી તેને જોઈતી તબીબી મદદ અપાવવી એ પરમ સેવાનું કાર્ય છે. જગતમાં દુઃખ અને દર્દો અનાદિ કાળથી ચાલ્યાં આવે છે, પરન્તુ એ દુઃખ દર્દો ઓછાં કરવામાં જે કોઈ આંગળી ચલાવવા જેટલી પણ સેવા કરે છે, તે સમસ્ત જનતાની જ સેવા કરે છે. (૭૬)

[હવે અપંગોની સેવા વિષે કહેવામાં આવે છે.]

### विकलाङ्गिसेवा । ७७ ॥

**येऽन्धाः पामरपङ्गुमूकबधिरा दुःखं परं भुञ्जते ।**
**तेषां शिल्पकलादिशिक्षणपदं विद्यालयं स्थापयेत् ॥**
**ये योग्या न च शिक्षणे हितकरे ये रक्तपित्तार्दिता-**
**स्तेषां रक्षणहेतवे सुहृदयैः स्थाप्यो निवासालयः ॥**

### અપંગોની સેવા.

**ભાવાર્થ**—જે માણસો આંધળા પાંગળા મુંગા બ્હેરા અને વિકલ પામર હોઇને દુઃખ ભોગવતા હોય તેમને શિલ્પકળા આદિનું શિક્ષણ મળે

તેવાં વિદ્યાલય સ્થાપવાં જોઇએ. જે અપંગો બુદ્ધિની મંદતાને લીધે કે બીજા કારણને લીધે હિતકર શિક્ષણ લેવાને યોગ્ય ન હોય તે અને જેઓ રક્તપિત્ત જેવા રોગથી પીડાતા હોય તેમના રક્ષણને માટે ઉદાર ગૃહસ્થોએ તેમને રહેવાયોગ્ય નિવાસાશ્રમ સ્થાપવાં જોઇએ. (૭૭)

**વિવેચન**—મનુષ્ય પાંચે ઇંદ્રિયોના સમૂહવડે પોતાના દેહનો બધો વ્યાપાર યથાસ્થિત રીતે ચલાવે છે: તેમાંની એકાદ ઇંદ્રિય પણ જો ન્યૂન હોય તો તે અપંગ અથવા વિકલાંગ લેખાય છે. એવાં અપંગ મનુષ્યોની સ્થિતિ બહુ દયાજનક હોય છે. તેઓ પોતાનો દેહવ્યાપાર બીજા મનુષ્યની તે ઇંદ્રિયની મદદ વિના ચલાવી શકતા નથી અને જો તેવી મદદ તેને મળતી નથી, તો તેઓ અત્યંત પીડાય છે. એક આંધળો માણસ બીજા દેખતાની મદદ વિના ડગલું પણ ભરવાને અસમર્થ હોય છે. બહેરો માણસ ઇશારત વડેજ સમજી શકે છે અને મૂગો માણસ ઇશારત વડે બોલી શકે છે. પાંગળાને બીજો માણસ ઉંચકીને લઈ જાય તોજ એકથી બીજે સ્થળે જઇ શકે છે. આવાં જે અપંગ મનુષ્યો છે, જેઓ રક્તપિત્ત જેવા દર્દથી પોતાના અંગોપાંગને એક પછી એક ગુમાવતા રહીને છેવટે અપંગ બની જાય છે, તેવાઓની સેવા બજાવી શકાય એ રીતે કામ લેવાની મોટી જરૂર છે. આવાં અપંગ મનુષ્યો સામાન્ય રીતે પોતાનું ગુજરાન કમાઈ શકવાને અસમર્થ હોય છે. પાંગળો માણસ કોઇની નોકરી કરવા જઇ શકતો નથી, આંધળો માણસ દેખી શકતો નથી, મૂગો માણસ સાંભળી શકતો નથી, ઠૂંઠો માણસ પોતાના હાથ ચલાવી શકતો નથી: આવાં અપંગ મનુષ્યો શું કામ કરી શકે કે તેમને કોણ નોકરીમાં રાખે? આ કારણથી તેમની બીજી ઇંદ્રિયોનો વિકાસ કરવામાં આવે અને તે ઇંદ્રિયો દ્વારા કામ કરાવવામાં આવે, તો તેઓ કાંઇક ધન પેદા કરી શકે અને એ રીતે પોતાનો નિર્વાહ ચલાવી શકે. આ કારણથી આંધળાઓ માટે અંધશાળા, બહેરા મુંગા માટે ખાસ શાળા, અપંગો માટે અશક્તાશ્રમ, રક્તપિત્તીયાં માટેનાં ખાસ ઔષધાલયો વગેરે સંસ્થાઓ આપણા દેશમાં છૂટક છૂટક સ્થપાએલી છે, પરન્તુ દેશનાં બધાં અપંગોને માટે એ આશ્રમો પૂરતાં નથી. આવાં આશ્રમોમાં અપંગોની

જે ઇંદ્રિયો સારી હોય છે તે દ્વારા કામ કરવાનું તેમને શિખવવામાં આવે છે. દાખલા તરીકે આંધળાઓ પોતાની ખાસ લિપિથી વાંચતાં લખતાં, વાદિત્ર બજાવતાં અને ગાતાં શીખે છે; બ્હેરાં મૂગાં સીવણ કામ, શિલ્પકામ, ભરવા–ગુંથવાનું કામ, ચિત્રકામ વગેરે શીખે છે; પાંગળાઓ હાથથી નાના સાંચાઓ ચલાવીને અને ઠૂંઠાઓ પગથી તેવા સાંચા ચલાવીને કામ કરે છે અને એ રીતે ગુજરાન પેદા કરે છે. આવાં અપંગોને આળસુ બેસાડી રાખીને તેમને ખાવા આપવા કરતાં તેમને કામ કરતાં શીખવીને તેમને ગુજરાન કમાતાં શીખવવું એ વધારે હિતાવહ છે, કારણકે કામ મનુષ્યને જીવનનો આનંદ આપે છે અને સુસ્તી એ મનુષ્યના જીવનને નીરસ–શુષ્ક બનાવે છે. વળી સુસ્ત મનુષ્યો દિવસે દિવસે જડ બનતા જાય છે, તેથી ઉલ્ટું કામ કરીને નિર્વાહ ચલાવતા મનુષ્યોનાં મન શરીર પ્રફુલ્લિત રહે છે. આ કારણથી ગ્રંથકારે માત્ર એકાંત દયાથી તેવાં અપંગોનું પોષણ કરવાની હિમાયત નહિ કરતાં તેમને જનસમાજને ઉપયોગી બનાવવા માટે જૂદી જૂદી વિદ્યા-કળા શિખવનારાં વિદ્યાલયો સ્થાપવાની યથોચિત હિમાયત કરી છે. અપં-ગોની સેવા ધનવાનો આશ્રમોની સ્થાપના દ્વારા કરી શકે છે, તેમજ સામાન્ય મનુષ્યો એવી સંસ્થાઓની વ્યવસ્થા વગેરે દ્વારા કરી શકે છે. હિંદમાં સ્થ-પાએલી આંધળાં, બહેરાં, મૂગાં, વગેરે માટેની કેટલીક શાળાઓ એવાં સ્ત્રી પુરૂષોને હસ્તે સ્થપાઇ છે કે જેઓ ધનવાન નહિ હોવાથી ધન આપી શકયાં નથી, પરન્તુ માત્ર જાતિસેવા જ અર્પી શકયાં છે અને તેમની જાતિસેવા આગળ હજારો રૂપિયાના ઢગલા થવાથી તે સંસ્થાઓ આજે સારી રીતે ચાલી રહેલી છે. (૭૭)

[હવે અપંગોની સેવાનું આધ્યાત્મિક ફળ દર્શાવવામાં આવે છે.]

**अपाङ्गसेवाफलम् । ७८ ॥**

**सम्पूर्णाऽवयवेन्द्रियाणि बहुला सम्पच्चिरं जीवनं ।**
**यच्चारोग्यसुखं बलं च विपुलं प्राप्तं त्वया साम्प्रतम् ॥**
**जानीहि त्वमपाङ्गिनां करुणया सेवा कृता या पुरा ।**
**तस्या एव फलानि तानि कुरु तत्तामेव पुण्यप्रदाम् ॥**

## અપંગોની સેવાનું ફળ.

**ભાવાર્થ**—હે માનવ ! આ વખતે જે શરીરનાં બધાં અવયવો સંપૂર્ણ સુઘડ અને સુંદર મળ્યાં છે, પુષ્કળ સંપત્તિ, લાંબું જીવન–આયુષ્ય, તનદુરસ્તીનું સુખ અને શરીર અને મનનું વિપુલ બળ જે પ્રાપ્ત થયું છે તે બધું આગળના જન્માન્તરમાં જે અપંગોની કરૂણાબુદ્ધિથી સેવા બજાવી છે તેનું જ ફળ છે એમ તું તારા મનમાં ખાત્રીથી માનજે. ફરી તેવાં સુખની ઇચ્છા હોય તો પુણ્યપ્રદાયિની તે જ અપંગ સેવા અહીં બજાવ. (૭૮)

**વિવેચન**—જેઓ પ્રારબ્ધ કર્મને અને પુનર્જન્મને માને છે તેઓ આ શ્લોકમાં કરવામાં આવેલા કથનનું રહસ્ય તત્કાળ સમજી શકશે. અનેક ભદ્ર કાર્યો પૂર્વ ભવમાં કરવાથી જીવ મનુષ્યદેહને પામે છે, તેટલા માટે જ જૈનશાસ્ત્રમાં **दुल्लहो माणुसो देहो** એમ કહેવામાં આવ્યું છે. મનુષ્યદેહ મળવા ઉપરાંત પાંચે પરિપૂર્ણ ઈંદ્રિયો મળે તે તો ગત ભવનાં પરમ પુણ્યકાર્યોને જ અવલંબીને હોય એ સમજી શકાય તેવું છે. જેવાં સારાં માઠાં કર્મો જીવ કરે છે તેના પ્રમાણમાં તે જીવ ઉંચો–નીચો ચડે છે–ઉતરે છે; એટલે પાંચ પરિપૂર્ણ ઇંદ્રિયો પ્રાપ્ત કરનાર મનુષ્યના જીવે પૂર્વે તદનુરૂપ સત્કર્મો કરેલાં હોય એ નિઃસંશય છે. ગ્રંથકાર કહે છે કે આગલા જન્મજન્માંતરમાં જે અપંગોની કરૂણાબુદ્ધિથી સેવા બજાવી હોય તેના જ ફળરૂપે પાંચે પરિપૂર્ણ ઇંદ્રિયોની પ્રાપ્તિ મનુષ્યને થાય છે એવું સમજીને અપંગોની સેવા બજાવવામાં મનુષ્યે ઉદ્યુક્ત થવું જોઇએ.

**દૃષ્ટાંત**—વિપાક સૂત્રમાં આપેલી એક્કાઇ રાઠોડની કથા અત્ર પ્રાસંગિક થઈ પડશે. વર્ધમાન નામના ગામનો માલીક એક્કાઇ રાઠોડ હતો. તે બહુ દુષ્ટ હતો. ખેડૂતો પાસેથી તે બહુ આકરી મહેસૂલ લેતો, લાંચ લેતો, લોકોને ડરાવતો, તેમને મારતો–કૂટતો, લોકોનાં અંગોપાંગ છેદીને તેમને ત્રાસ આપતો, રસ્તે જતા માણસોને લૂટી લેતો અને એ રીતે બહુ દુષ્ટ જીવન ગાળતો. એક વખત તેને શરીરમાં એકી સાથે ૧૬ મહારોગ ઉત્પન્ન થયા. અનેક વૈદ્યોને બોલાવીને તેણે ઔષધોપચાર કર્યો પરન્તુ રોગો મટયા નહિ. ૨૫૦ વર્ષ સુધી એ પ્રમાણે રોગનું કષ્ટ વેઠતો તે મરણ પામ્યો અને પહેલી નરકમાં

લાંબું આયુષ્ય ભોગવીને મૃગાવતી રાણીના ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો. રાણીને તે ઉત્પન્ન થતાં જ બહુ કષ્ટ થવા લાગ્યું અને બીજી બાજુએ રાજાની પ્રીતિ તેના ઉપરથી ઉતરી ગઇ પોતાના ઉદરમાંના ગર્ભને અપશુકનીયાળ માનીને તેણે એ ગર્ભનું પતન કરવાને અનેક પ્રકારનાં ઔષધો ખાધાં પરન્તુ ગર્ભ પડયો નહિ. એ ગર્ભ જન્મ્યો તે જન્માંધ, અંગોપાંગહીન, બહેરો, મૂંગો અને અનેક પ્રકારની ખામીઓવાળો જન્મ્યો. તેને ઇંદ્રિયોનાં છિદ્ર માત્ર હતાં પરન્તુ પ્રકટ ઇંદ્રિયો નહોતી. તેના શરીરમાંથી બહુ દુર્ગંધની નીકળતી હોવાથી તેને ભોંયરામાં રાખવામાં આવ્યો. તેને જે આહાર ખવરાવવામાં આવતો તે તેના ઉદરમાં જતાં જ તેનું લોહી, પરૂ વગેરે બની જતું અને તેનું તુરત વમન થઈ જતું. એ લોહી રૂધિરનો આહાર કરતો તે પુત્ર ૨૬ વર્ષ સુધી જીવ્યો! પૂર્વ જન્મમાં તેણે જે અપકૃત્યો કરેલાં તેના જ ફળ રૂપે તેનું આ અંગોપાંગહીન અને ઇંદ્રિયહીન જીવન ભોગવીને પુનઃ તે નરકમાં ગયો અને એ રીતે અનેક નરકોમાં ભ્રમ્યો. તેથી ઉલટું અંગોપાંગહીન અને ઈંદ્રિયહીન જીવોની સેવા કરનારને સર્વાંગપરિપૂર્ણતા પ્રાપ્ત થાય છે. (૭૮)

## एकादश परिच्छेद.

### સેવાધર્મ: નિરૂદ્યમી જનોની સેવા.

[ હવે સેવાધર્મની એક બીજી શાખા-નિરૂદ્યમી જનોની સેવાનું નિદર્શન કરવામાં આવે છે.]

**निरुद्यमितात्मकरोगस्य निवारणम् । ७९ ॥**

**श्रीमन्तोऽपि निरुद्यमा यदि तदा दीना भवन्ति क्रमात्।**
**सामान्यस्य तु का कथा व्यवहृतौ रोगस्ततोऽयं महान्॥**
**दारिद्र्योपहता बुभुक्षिततया कुर्वन्ति पापं न किं।**
**रोगस्याऽस्य निवारणे सुकृतिभिर्यत्नो विधेयस्ततः ॥**

## નિરૂદ્યમીપણા રૂપી રોગનું નિવારણ.

**ભાવાર્થ**—શ્રીમંતો પણ જો તદ્દન નિરૂદ્યમી બને તો ક્રમે ક્રમે દીન અવસ્થાને પામે છે તો પછી સામાન્ય માણસની તો શું વાત કરવી! ખરેખર, નિરૂદ્યમીપણું એ વ્યવહારની બાબતમાં મ્હોટો રોગ છે. માણસ જ્યારે દરિદ્ર બને છે ત્યારે ભૂખને વશ શું શું પાપ નથી કરતો ? અર્થાત્ ન કરવાનું કામ કરે છે તેથી પાપની વૃદ્ધિ થાય છે, માટે સમાજમાંથી નિરૂદ્યમીપણાના રોગનું નિવારણ કરવાને પુણ્યશાળી માણસોએ પ્રયત્ન કરવો જોઈએ. (૭૯)

**વિવેચન**—મનુષ્યના શરીરમાં જેમ અનેક પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે, તેમજ સમાજરૂપી શરીરમાં પણ રોગોનું અસ્તિત્વ હોય છે. નિરૂદ્યમીપણું એ પણ સમાજનો એક રોગ છે. સમાજનો કેટલોક ભાગ જેવી રીતે આળસુ હોય છે, ભિખારી અવસ્થા ગાળે છે, ચોરી જેવા ધંધા કરે છે, તેવી રીતે તેમાંનો કેટલોક ભાગ નિરૂદ્યમી પણ હોય છે. કેટલાકો પોતાની પ્રકૃતિને અનુસરીને આળસુ–નિરૂદ્યમી રહે છે, તો કેટલાકો વ્યવસાયને અભાવે નિરૂદ્યમી રહે છે. જેઓ ખરેખર પરિશ્રમ કરીને પેટ ભરવાની જિજ્ઞાસાવાળા હોય છે પરન્તુ જેમને કામધંધો મળી શકતો નથી તેઓને વસ્તુતઃ ઉદાર અને સેવાધર્મી મનુષ્યોની સેવાની જરૂર હોય છે. જ્યારે તેઓ લાંબો વખત કામ–ધંધો મેળવી શકતા નથી, ત્યારે તેઓ કરજદાર હાલતમાં આવી પડે છે અથવાતો નિરૂપાયે ભિખારી બનીને સમાજને બોજા રૂપ થઈ પડે છે. આવા મનુષ્યોને ભીખ આપીને તેમનું થોડા દહાડા પેટ ભરવું તે જોકે ઉપકારનું કાર્ય છે, તોપણ તે કરતાં તેમને ધંધે ચડાવવા, તેમને કામ લાવી આપવું એ પરમ ઉપકારનું કાર્ય છે અને તેથી જેઓ સુજ્ઞ દયાધર્મી મનુષ્યો છે તેઓ તો નિરૂદ્યમી મનુષ્યોને ઉદ્યમી બનાવવા દ્વારા જ પોતાની દયાનું દર્શન કરાવે છે. ભિખારીપણાને ઉત્તેજન આપવાથી તેના મનુષ્યત્વની હાનિ થાય છે. લાંબો વખત ભીખ માંગવાથી મનુષ્ય બેશરમ બને છે, આળસુ બને છે, અને શ્રમ કરીને ધન કમાવાની તેની વૃત્તિ ક્ષીણ થઇ જાય છે. તેથી ઉલટું નિરૂદ્યમીને ઉદ્યમી બનાવવાથી તેના

મનુષ્યત્વને આપણે ખીલવીએ છીએ. નિરૂદ્યમિતાથી મનુષ્ય ભિખારી બને ત્યાંસુધી તો થોડી જ હાનિ થાય છે, પરન્તુ નિરૂદ્યમી મનુષ્ય જ્યારે ભૂખે મરવા લાગે છે, ત્યારે તે અધીરો બનીને નીતિનો ત્યાગ કરવા તરફ દોરાય છે. बुभुक्षितः किं न करोति पापं क्षीणा नरा निष्करुणा भवन्ति અર્થાત્ ભૂખ્યો માણસ કયું પાપ કરતો નથી? તેવા મનુષ્યો દયાહીન બનીને પાપ કરવામાં ઉદ્યુક્ત બને છે. એક નિરૂદ્યમીપણાનો રોગ જ એવો છે કે જે સમાજમાં ચોરી, વ્યભિચાર, નિર્દયતા, કપટ, વિશ્વાસઘાત વગેરે અનેક દુર્ગુણોને ફેલાવે છે; માટે એવા દુર્ગુણોની ઉત્પત્તિ અટકાવવા માટે જે કાર્યો આવશ્યક છે તેમાંનું એક નિરૂદ્યમીપણાને દૂર કરવાનું છે. શ્રીમતો જેવી રીતે નિરૂદ્યમી મનુષ્યોને ધંધે લગાડવામાં મદદ કરી શકે તેવી જ રીતે સેવાધર્મી સામાન્ય સ્થિતિનાં મનુષ્યો પણ દીન-નિરૂદ્યમી જનોને ધંધો શોધી આપવા દ્વારા પુણ્ય ઉપાર્જન કરી શકે છે. **સ્માઇલ્સ** કહે છે કે— **The truest philanthrophists are those who endeavour to prevent misery, dependence and destitution, and especially those who diligently help the poor to help themselves.** અર્થાત્-જેઓ દુઃખ, પરવશતા અને લાચારી-ગરીબાઇ અટકાવવાને યત્ન કરે છે અને મુખ્યત્વે કરીને જેઓ ગરીબ લોકને સ્વાશ્રયી કરવામાં આગ્રહપૂર્વક સહાયતા આપે છે, તે ખરેખરા પરદુઃખભંજક છે. એ પ્રમાણે નિરૂદ્યમી જનોને ઉદ્યમી બનવામાં મદદ કરવી તે તેમને સ્વાશ્રયી બનાવવા બરાબર છે. એક ગ્રંથકારે એવો હિસાબ કાઢ્યો છે કે **અ**મેરિકામાં વેશ્યાવૃત્તિ કરનારી સ્ત્રીઓમાંથી અર્ધી કરતાં વધારે સ્ત્રીઓ કેવળ ગરીબાઈ અથવા નિરૂદ્યમીપણાને લીધે એ માર્ગે ચડેલી હોય છે. એ જ રીતે એક નિરૂદ્યમીપણાનો રોગ સમાજમાં બીજા અનેક નૈતિક રોગોને જન્મ આપતો હોવાથી તે અટકાવવા અથવા જેમ બને તેમ ઓછો કરવા યત્ન કરવો એ સેવાધર્મી મનુષ્યનાં કર્તવ્યોમાંનું એક કર્તવ્ય છે. દુકાળના વખતમાં લોકો વધારે પ્રમાણમાં નિરૂદ્યમી બની જાય છે, અને તેમાંના મોટા ભાગના મનુષ્યો ભિખારી બને છે; પરન્તુ

એવા વખતમાં સાચા દયાળુ મનુષ્યો કેવળ વૃદ્ધો તથા અપંગોને જ ભિક્ષા આપીને જેઓ શરીરે સશક્ત હોય છે તેમને કામધંધો પૂરો પાડવા પાછળ જ પોતાના ધનનો વ્યય કરવાનું વાજબી માને છે અને એ જ તેમની દયાળુતાની સાર્થકતા પણ છે. (૭૯)

[હવે પછીના શ્લોકમાં નિરુદ્યમીપણાનાં કારણોની તપાસ લઈને ગ્રંથકાર તેનું નિવારણ કરવાનો માર્ગ સૂચવે છે.]

**निरुद्यमिताकारणानां निवृत्तिः ।८०॥**

# ईहन्ते बहुलं धनं च सहसा द्यूतेन केचित्परे ।
# देवाराधनमन्त्रतन्त्रविधिना स्वर्णादिसिद्ध्याऽपरे ॥
# ते सर्वेऽप्यलसा निरुद्यमतया नश्यन्ति दारिद्र्यतो ।
# बोध्यास्ते हि भवेयुरुद्यमपरास्त्यक्त्वा निरुक्तभ्रमम् ॥

## નિરૂદ્યમીપણાનાં કારણોની નિવૃત્તિ.

**ભાવાર્થ**—કેટલાએક લોકો જુગાર કે સટ્ટામાં એકદમ લાખો રૂપીયા મેળવવા ઇચ્છે છે, કોઇ વળી દેવ–દેવીને પ્રસન્ન કરી ધન મેળવવા ચાહે છે, કોઇ મંત્ર તંત્રની સાધનાથી તો કોઈ સુવર્ણસિદ્ધિ અને જડીબુટ્ટીથી ધનવાન્ થવાનો પ્રયત્ન કરે છે : આવા ભામામાં ભરમાઈ જઈને માણસો આળસુ અને નિરૂદ્યમી બને છે તેનું પરિણામ એ આવે છે કે તેમની પાસે કંઈ હોય છે તે પણ ચાલ્યું જાય છે અને આખર દરિદ્રપણાથી નાશ પામે છે; માટે ઉપદેશકોએ એવા ભ્રમવાળાઓને સમજાવવા જોઇએ કે જેથી તેઓ ભ્રમ છોડી ઉદ્યમપરાયણ બને. (૮૦)

**વિવેચન**—ઉદ્યમ વિનાના મનુષ્યો અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે છે કારણકે દરિદ્રતાથી ઘેરાવાને લીધે તે વખતે તેમની માનસિક સ્થિતિ નિર્બળ બની ગઈ હોય છે. આ સંકલ્પ વિકલ્પ કરતાં તેઓ ધન કમાવાની ચિત્રવિચિત્ર યુક્તિઓ શોધે છે અને એ યુક્તિઓનો અમલ કરતાં તેઓ પાપ–પુણ્ય, વાજબી–ગેરવાજબી કે ન્યાય–અન્યાય એમાંનું કશું જોતા

નથી. તેઓ પોતાના ભાગ્યના ચમત્કાર ઉપર શ્રદ્ધા રાખવા જેટલા નિર્બળ મનના બને છે અને પછી ભાગ્યનો ચમત્કાર જોવાને કાંઇ કાંઈ ખેલ ખેલે છે. જુગાર, સટ્ટો, વગેરે માર્ગે જનારા મનુષ્યો પોતાના ભાગ્ય ઉપર જ આધાર રાખનારા હોય છે અને એક વાર જુગાર-સટ્ટાના દાવ ખેલતાં જો લાભ થાય છે તો તેઓ ઉદ્યમ ઉપરની શ્રદ્ધા છોડીને કેવળ ભાગ્યવાદી જ બની જાય છે! તેઓ એમ માની લે છે કે આપણા ભાગ્યમાં ઉદ્યમ નહોતો તેથી ઉદ્યમ મળ્યો નહિ, પરન્તુ ધન તો ભાગ્યમાં લખાએલું જ હતું, એટલે ઉદ્યમ કર્યા વિના માત્ર જુગાર કે સટ્ટાનો દાવ નાંખવાથી પણ ધન મળી આવ્યું! આવી માન્યતા મનુષ્યના મગજમાં એક વાર પેસી જાય છે, પછી તે જલ્દી દૂર થઈ શકતી નથી. તે એક પછી એક દાવ નાંખતો જાય છે, કાંઈક પ્રાપ્ત કરે છે, કાંઈ ગુમાવે છે અને પછી તેનું માનસિક વાતાવરણ ઉદ્યમથી વિમુખ બનીને કેવળ જુગાર ઉપર શ્રદ્ધા ધરાવનારૂં જ બની જાય છે. નિરૂદ્યમી મનુષ્યો જો ભાગ્યવાદી બનીને જુગાર-સટ્ટામાં પડતા નથી, તો તેઓ દેવ-દેવીઓની ઉપાસનાદ્વારા ધનપ્રાપ્તિ કરવાની વાંચ્છના રાખવા લાગે છે! કેટલાકો એમ સમજે છે કે જો દેવ-દેવી પ્રસન્ન થાય તો તેઓ હરકોઇ રીતે ધન લાવી આપે છે, એટલે પછી તેઓ મંત્ર-યંત્રની સાધના કરવા પાછળ, જડી બુટ્ટીથી સુવર્ણસિદ્ધિ કરવા પાછળ અને જાદુઈ રીતે ધનવાન્ બનવાના યત્નોની પાછળ પડે છે. જ્યાં લોભીયા હોય છે ત્યાં ધૂતારા ભૂખે મરતા નથી, મંત્ર-યંત્ર સાધનારા અને કીમીયા વડે સુવર્ણસિદ્ધિ કરી આપવાની વાતો કરનારા ધૂતારાઓ જગતમાં અનેક હોય છે અને તેઓ એવા નિરૂદ્યમી માણસોને લલચાવીને તેમને ખાડામાં પાડવા યત્ન કરે છે. આ રીતના ભામા પાછળ ભરમાઈ જનારાઓ આળસ અને નિરૂદ્યમમાં પોતાની પાસે રહેલુ થોડું દ્રવ્ય ગુમાવી બેસે છે અને વિશેષમાં પેલા ધૂતારાઓ તેમની પાસેનું રહ્યું-સહ્યું સર્વસ્વ ધૂતી જાય છે. આ પ્રમાણે ઉત્તરોત્તર નિરૂદ્યમિતા વધે છે તેટલા માટે જુગાર, સટ્ટો, મંત્ર-યંત્રાદિના પ્રયોગો, કીમીયો, વગેરે પાછળ પડનારાઓને તે માર્ગે જતા અટકાવીને સદુદ્યમમાં જોડાવા ઉપદેશ આપવો તે પણ જનતાની મહાન્

સેવા છે. આ પ્રકારે નિરૂદ્યમી બનીને ખરાબ થએલા જુગારીઓ, સટોરીયા અને જાદૂઈ પ્રયોગોદ્વારા ધનપ્રાપ્તિ કરવા ઇચ્છનારાની દુઃસ્થિતિનાં પુષ્કળ દૃષ્ટાંતો આ જગત્‌માંથી પ્રાપ્ત થઇ શકે તેમ છે. (૮૦)

[ નિરૂદ્યમી મનુષ્યોને માટે ઉત્તમ મદદ કઇ ? તે વિષે હવે ગ્રંથકાર કહે છે.]

**निरुद्यमानामुद्यमपदारोपणम् । ८१ ॥**

**येषां नास्ति सदुद्यमो न च धनं निर्वाहयोग्यं गृहे।**
**याचन्ते गृहिणोऽपि ते विधिहता दातुः सकाशे धनम्॥**
**नैभ्यो देहि धनं यतः पुनरपि स्यात्तादृशी तद्दशा।**
**किन्तूद्योगपरायणाँश्च कुरु तान् यन्निर्वहेयुः स्वयम् ॥**

**નિરૂદ્યમીઓને ઉદ્યમે લગાડવા.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—જેના ઘરમાં નિર્વાહ પૂરતું ધન નથી તેમ કોઈ સારો ઉદ્યમ પણ નથી, તેવા માણસો કુટુંબી હોવા છતાં દુર્દૈવને વશે કોઇ વખત દાતારની પાસે ધનની ભીખ માંગવા નીકળે છે; આવી સ્થિતિમાં દાતાર જો ધન આપે તો તેથી તેના થોડા સંકટનું નિવારણ થાય છે પણ તે લાંબા વખતનું નહીં. તે નિરૂદ્યમી માણસ મળેલ મદદ થોડા જ વખતમાં બેઠા બેઠા ખાઇ જાય છે એટલે પાછી એની એ દશા આવે છે, માટે એવા માણસોને પૈસાની મદદ આપવા કરતાં ઉદ્યમપરાયણ બનાવવા જોઇએ કે જેથી તે ઉદ્યમ કરીને પોતાની મેળે નિર્વાહ કરી લે. ધનની ભિક્ષા આપવા કરતાં કામની ભિક્ષા આપવાથી ગરીબ મનુષ્યનું કેટલું હિત થાય છે, તે પૂર્વે જણાવવામાં આવ્યું છે. અન્નદાનને એક ઉત્તમ પ્રકારનું દાન લેખવામાં આવેલું છે પરન્તુ વિવેકબુદ્ધિપૂર્વક એ દાન આપવામાં આવવું જોઇએ. જેઓ અન્નપ્રાપ્તિ માટે ધન કમાવાને અશક્ત હોય તેમને અન્નદાન આપવું એ ઠીક છે, કારણકે જો તેઓને અન્ન ન મળે તો તેઓ ભૂખે મરવાનો સંભવ છે, પરન્તુ જેઓની શરીરશક્તિ ધન કમાવા જેવી હોય છે તેમને અન્નદાન વડે પોષવા એ તો આળસ અને

દુર્ગુણોને ઉત્તેજન આપવા બરાબર છે. આપણા દેશમાં ગામ ગામ ભટકતા વૈરાગી બાવાની સંખ્યા ઘણી મોટી છે તેનું કારણ અવિચારપૂર્વક આપવામાં આવતા અન્નદાનનું છે. આ કારણથી આપણા દેશની કેટલીક ગુન્હા કરનારી જાતો બાવાઓના વેશ લઇ અન્નક્ષેત્રોમાંથી મફતનું સદાવ્રત લઇ ગામેગામ ભટકે છે અને લાગ પડયે ચોરીનો ધંધો કરે છે. યુરોપના દેશોમાં સશક્ત માણસો ભીખ માંગી શકતા નથી, પરન્તુ તેઓ કામ–ધંધાની ભીખ માંગે છે. તે દેશોમાં જો સશક્ત માણસ ભીખ માંગે તો તે ગુન્હેગાર થાય છે અને તેને જેલમાં પૂરી ત્યાં તેની પાસે કામ કરાવી ખાવાનું આપવામાં આવે છે; માટે નિરૂદ્યમી સશક્ત મનુષ્યને ધંધો આપવો પણ અન્નવસ્ત્રની ભીખ બનતાંસુધી ન આપવી, તે જ ઉભય પક્ષને–દાતાને તેમજ ગ્રહિતાને હિતકારક છે. ઉદ્યમી મનુષ્યો સમાજ પરનો બોજો ઉતારનારા છે, જ્યારે નિરૂદ્યમી અને હમેશના ભિખારીઓ સમાજપરનો બોજો વધારનારા છે.(૮૧)

[ હવે ગ્રંથકાર ખેડૂત વર્ગની સેવા તરફ સેવાધર્મીઓનું લક્ષ ખેંચે છે. ]

**कृषिकारसेवा ।८२॥**

**ये कुर्वन्ति परिश्रमेण सततं कृष्यादिकार्यं निजं ।**
**धान्यं जीवनसाधनं जनपदे संपूरयन्ति स्वयम् ॥**
**तेषामाक्रमणं भवेद्यदि नृपाद् व्यापारिवर्गात्पुना–**
**रक्ष्यास्तेऽपठितास्तदा कृषिकराःसेवार्थिभिःसज्जनः ॥**

**ખેડુતોની સેવા.**

**ભાવાર્થ**—જે ખેડુતો ટાઢમાં તડકામાં અને વરસાદમાં સખ્ત શારીરિક પરિશ્રમ લઇને ખેતીનું કામ કરે છે અને માણસના જીવનનું સાધન ધાન્ય નિપજાવીને આખા દેશને પૂરૂં પાડે છે, તે ખેડુતોના ઉપર લોભી રાજા કે વ્યાપારી વર્ગ તરફથી અયુક્ત દબાણ થાય તો સેવાભિલાષી સજ્જનોએ અભણ ખેડુતોને પડખે રહી તેમનું રક્ષણ કરવું જોઇએ. ( ૮૨ )

**વિવેચન**—હિંદુસ્તાન એ કૃષિપ્રધાન દેશ છે અને ખેતી ઉપર સીધી ને આડકતરી રીતે સંબંધ ધરાવનાર પ્રજાવર્ગ સેંકડે ૮૦ ટકા જેટલો છે. આ વર્ગનો ધંધો પરંપરાથી ખેતી કરવાનો જ હોવાથી તેઓ મોટે ભાગે અભણ હોય છે, સરળ હોય છે અને તાબેદાર વૃત્તિના હોય છે. તેમની એ સ્થિતિનો લાભ ઘણી વાર લેવામાં આવતો નજરે પડે છે. વેપારીઓ તેમને અભણ જોઈને ઠગે છે, તેમની સરળતા દ્વારા પોતાનો સ્વાર્થ સાધે છે અને રાજા તથા રાજકર્મચારીઓ તેમની તાબેદાર વૃત્તિનો લાભ લઇ તેમના ગજા કરતાં વધારે મહેસૂલ લે છે, તેમની પાસે વેઠ કરાવે છે, વગર પૈસે તેમનો માલ લઇ લે છે અને એવી અનેક રીતે આજકાલ ખેડૂતો બીજાઓને હાથે ઠગાઇ રહેલા છે. તેઓમાં જો થોડું પણ ભણતર હોય તો તેઓ વેપારીઓને હાથે હિસાબની ગણત્રી વગેરેમાં ઠગાય નહિ, તેટલા માટે ખાસ કરીને તેઓમાં વિદ્યાનો ફેલાવો થાય તેમ કરવું એ સેવાધર્મીઓની પહેલી ફરજ છે. લોભી રાજા કે રાજકર્મચારીઓ દ્વારા તેમને થતો અન્યાય દૂર કરવાને ખેડુતોને તેમના હક્કો સમજાવવા જોઈએ, રાજાની પાસેથી ન્યાય મેળવતાં તેમને શિખવવું જોઇએ, તેમની વતી રાજા અને રાજકર્મચારીઓ પાસેથી ન્યાય મેળવવા યત્ન કરવો જોઈએ : એ બધા ધર્મો સેવાધર્મીના છે. હક્કોની સમજ વિનાના, વિદ્યારૂપી પ્રકાશ આપનારી આંખ વિનાના ખેડૂતો એક રીતે જગતના વ્યવહારમાં અપંગની દશા જ ભોગવતા હોય છે. તેમને એ દશામાં મદદ કરવી એ ખેડૂતની સેવા બજાવવા બરાબર છે, એટલું જ નહિ પરન્તુ એ સમગ્ર જનતાની પણ સેવા બજાવવા બરાબર છે. ખેડૂતને 'જગતના તાત'ને નામે ઓળખાવવામાં આવે છે, કારણકે ટાઢ–તડકામાં કે વરસાદમાં ખેતરમાં કામ કરવાનો જે અસાધારણ પરિશ્રમ તે ઉઠાવે છે તેના ફળરૂપે ધાન્ય પાકે છે અને એ ધાન્યવડે જનતાનું, પશુઓનું તથા પક્ષીઓનું પોષણ થાય છે. આ માટે કોઈ પણ દેશનો ખેડૂત વર્ગ જો આબાદ હોય છે તો તે દેશ કદાપિ ગરીબ બનતો નથી, પરન્તુ જે દેશનો ખેડૂત વર્ગ વેપારીઓ અને રાજસત્તાનો ભોગ થઇ પડે છે તે દેશ ગરીબીમાં જ રહે છે. આ માટે જ ગોલ્ડસ્મીથે ખરૂં કહ્યું છેઃ—

But the bold peasantry, their country's pride,
If once destroyed, can never be supplied.

અર્થાત્—ધીરજવાળો ખેડૂત વર્ગ જે એક દેશના અભિમાનરૂપ છે, તેનો જો એકવાર નાશ થયો તો તે પુનઃ પ્રાપ્ત થઈ શકતો નથી. આ માટે જ ખેડૂત વર્ગનું યથોચિત રક્ષણ કરવું તે સેવાધર્મીઓની પવિત્ર ફરજ છે.

**દૃષ્ટાંત**—રશિયાના ઝાર છેલ્લા નિકોલાના વખતમાં મોટી રાજ્યક્રાન્તિ થઇ તેનું કારણ ખેડૂત વર્ગની રાજ્ય તરફથી કરવામાં આવેલી દુર્દશા જ છે. વર્ષોથી રશિયામાં ત્યાંનો અમીર વર્ગ અને રાજકર્મચારી વર્ગ ખેડૂત વર્ગ ઉપર જુલમ કરી રહ્યો હતો. મોટા જમીનદારો અને ઉમરાવો ખેડૂતો પાસે ફરજીયાત ખેતી કરાવતા, તેનો બદલો તેઓ પૂરો આપતા નહિ અને ખેડૂત વર્ગ હમેશાં દબાએલો, ગરીબ અને ગુલામની માફક રહેતો. જો કોઈ ખેડૂત માથું ઉંચકતો તો જમીનદાર રાજ્યમાં ફરીયાદ કરતો અને રાજ્યમાં તો અમીર, ઉમરાવો ને ધનવાનો જ ફાવતા, એટલે ખેડૂતોની વધારે દુર્દશા થતી. આવી રીતે સેંકડો વર્ષો સુધી રશિયાની ખેડૂત પ્રજા દબાએલી જ રહી. ખેડૂત વર્ગની સેવા માટે કેટલાક રશિયન સ્ત્રી પુરૂષ દેશભક્તો નીકળ્યા અને તેમણે ખેડૂતોનાં મંડળો સ્થાપી તેમના હક્કો તેમને સમજાવવા માંડયા, તો રાજ્યે તે દેશભક્તોને રાજદ્રોહી ઠરાવી સૈબીરિયાના જંગલી પ્રદેશમાં દેશપાર કર્યા અને કેટલાકને ફાંસીએ ચડાવ્યા. પરન્તુ છેવટે રશિયાની રાજસત્તાનો પાપનો ઘડો ભરાઇ ચૂકયો. યુરોપીયન વિગ્રહમાં રશિયાની હાર ઉપર હાર થવા લાગી, એટલે ખેડૂતો ઉપર વધારે ત્રાસ ગુજરવા લાગ્યો અને છેવટે ખેડૂતોએ જ બળવો ઉઠાવી, ઝારને પદભ્રષ્ટ કર્યો. ખેડૂતોના આગેવાનો મોટા દેશભક્તો બન્યા અને તેમણે રાજકૂટુંબનો ઘાત કર્યો, કેટલાક અમીર–ઉમરાવોને પણ ઠાર કર્યા અને કેટલાક નાસી છૂટ્યા. આજે રશિયામાંથી રાજસત્તા કેવળ નાબૂદ થઇ છે, પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઇ છે, ખેડૂતો ઉપરનો જુલમ દૂર થયો છે અને રશિયાના ઇતિહાસમાં કદાપિ નહિ થએલી એવી રાજ્યક્રાન્તિને પરિણામે પુનઃ રશિયા આબાદ થવા લાગ્યું છે. એ જ ખેડૂત વર્ગનો પરમ સેવક લેનીન રશિયાના રાજ્યનો પ્રમુખ થઇ મોટી

કીર્તિ સાથે મરણ પામ્યો છે. રશિયાની પ્રજા આજે લેનીનની કબરને અત્યંત માનની દષ્ટિથી જૂએ છે. (૮૨)

[ હવે મજૂર વર્ગની સેવાનું સેવાધર્મીઓને સૂચન કરવામાં આવે છે. ]

**कर्मकरसेवा । ८३ ॥**

**येऽनादृत्य शरीरसंस्कृतिविधिं यन्त्रालयादिस्थले ।**
**कार्यं कर्मकराः श्रमेण महता कुर्वन्ति रात्रिन्दिवम् ।**
**तेषां स्यात् स्वकुटुम्बपोषणमलं तावद्भृतिं दापय-**
**न्नात्यन्ताक्रमणं श्रमाधिकतया रक्ष्यास्तथा तेऽखिलाः ॥**

**મજૂરોની સેવા.**

**ભાવાર્થ**—જે મજૂરો મીલ-જીન જેવા કારખાનાંમાં શરીરની પણ દરકાર ન કરતાં રાત દિવસ જીવને જોખમે પણ ઘણો પરિશ્રમ લઈ કામ બજાવે છે, તેમના પોતાના કુટુંબનું બરાબર પોષણ થાય તેટલી રોજી ન મળતી હોય તો તેમને અપાવવી જોઇએ અને હદ ઉપરાંત શરીરને ધક્કો લાગે તેટલો શ્રમ કરવો પડતો હોય તો તેનાથી પણ તેમનું રક્ષણ કરવું જોઇએ. (૮૩)

**વિવેચન**—હિંદુસ્તાનમાં યંત્રકળાનો વિશેષ પ્રચાર થતાં મજૂરોનો પ્રવાહ ગામડાંઓમાંથી નીકળીને શહેરોનાં કારખાનાં તરફ આકર્ષાવા લાગ્યો છે. આજના મજૂરો પહેલાં ગામડાંના ખેડૂતો અને ખેતરમાં કામ કરનારા મજૂરો હતા, અને ત્યાં તેઓ સખ્ત મજૂરી કરતા, પરન્તુ તે મજૂરી ઐચ્છિક હતી અને ખુલ્લી હવા તથા અજવાળામાં તેમને કામ કરવાનું હતું. એથી તેમનાં શરીર અને મન તંદુરસ્ત રહેતાં. આજે કારખાનાંઓમાં કામ કરનારા મજૂરોનાં જીવન પરવશ તથા યંત્રવત્ બની જવા પામ્યાં છે. તેઓને રોજ દસ–બાર કલાક કારખાનાંમાં ગોંધાઈ રહેવું પડે છે. કારખાનાંઓમાં મોટે ભાગે છૂટથી હરવા–ફરવાની સંકડાશ હોય છે અને

ખેતરોનાં હવા–અજવાળાના પ્રમાણમાં ત્યાંનાં હવા અજવાળાં ઓછાં તથા ગંદાં હોય છે. તેઓને સ્વેચ્છા પ્રમાણે નહિ પરન્તુ નિયમો પ્રમાણે કામ કરવું પડે છે અને જો નિયમમાં રહેવામાં ન આવે તો તેઓના વેતનમાં ઘટાડો થતો હોવાથી, કેટલીક વાર મન તથા શરીરની ઉપરવટ થઈને તેમને કારખાનાંમાં ગોંધાઈ રહેવું પડે છે. આવા સંયોગોમાં કામ કરનારાઓને શારીરિક હાનિ બહુ ઓછી થાય તેટલા માટે સરકારે કાયદા વડે કેટલાક નિયમો કર્યા છે, જેવા કે અમુક કલાકથી વધારે વખત મજૂરો પાસેથી કામ લેવું નહિ, અમુક વયથી નાની વયના છોકરાઓને કારખાનામાં રાખવા નહિ, અમુક વખતને અંતરે તેમને આરામ આપવો, અમુક દિવસોને અંતરે તેમને રજા આપવી, હવા–અજવાળાને માટે કારખાનામાં અમુક પ્રકારની ગોઠવણો રાખવી વગેરે. પરન્તુ જ્યારે જીવનમાં સ્વાભાવિકતા મટીને કૃત્રિમતા દાખલ થાય છે, જ્યારે સ્વૈચ્છિક મજૂરીને સ્થાને યંત્રવત્ નિયમિત મજૂરી કરવી પડે છે, જ્યારે સંકડાશમાં શરીરને પૂરૂં હરવાફરવાનું સ્થાન મળતું નથી, જ્યારે ધૂમાડાથી અને યંત્રોના ઘસારાથી દૂષિત થતી હવામાં લાંબા વખત સુધી રહેવાનું પ્રાપ્ત થાય છે, ત્યારે અનેક શારીરિક અને માનસિક સંકટોમાં મનુષ્ય આવી પડે છે. આજકાલ ગામડાંનાં ખેતરોમાં કામ કરનાર ખેડૂતો અને તેમના મજૂરો કરતાં કારખાનાંઓના મજૂરો શારીરિક સંપત્તિમાં નબળા જોવામાં આવે છે, તેમનાં બાળકો ફિક્કાં અને કુટુંબ નિસ્તેજ જણાય છે, કૌટુંબિક જીવન અશાન્ત જોવામાં આવે છે, તે બધું દુર્ભાગ્ય કારખાનાંઓની યંત્રવત્ જિંદગીમાંથી જ મજૂરોની સામે આવીને ઊભું રહે છે. જમાનો યંત્રોનો ચાલે છે, તેથી યંત્રોનાં કારખાનાં વિના મનુષ્યોને ચાલે તેમ જણાતું નથી એટલે કારખાનાં તો રાખવાં જ પડશે પરન્તુ કારખાનાંઓમાં કામ કરતા મજૂરોનાં જીવન સારાં રહે તે માટે યત્ન કરવો, તેમને પૂરેપૂરી રોજી મળે તેમ કરવું, તેમનાં શરીરને ઘસારો ઓછો પડે તેવી વ્યવસ્થા કરવી, તેમને તેમના હક્કો કારખાનાંઓના માલીકો પાસેથી મળે તે માટે લડત કરવી એ બધાં સેવાધર્મીઓનાં કર્તવ્યો થઈ પડચાં છે. ઇંગ્લાંડ અને અમેરિકા જેવા દેશો કે જ્યાં સંખ્યાબંધ કારખાનાંઓ આવેલાં

છે, ત્યાં તો કેવળ મજૂરોની જ સેવા માટે મોટાં મંડળો સ્થપાયાં છે, મજૂર વર્ગના પ્રતિનિધિઓને રાજકાર્યમાં મોટો હિસ્સો મળે છે અને એવાં મંડળો દ્વારા મજૂરો પોતાની ફરિયાદો દૂર કરી પોતાના હક્કો તથા ન્યાય મેળવી શકે છે. હિંદુસ્તાનમાં પણ સંખ્યાબંધ કારખાનાં સ્થપાયાં હોવાથી અને મજૂરો પરદેશોના મજૂરો કરતાં પ્રમાણમાં ઓછાં કેળવાયલા હોવાથી મજૂરોની સેવાં કરનારા મંડળોની મોટા પ્રમાણમાં જરૂર છે. (૮૩)

[પૂર્વે કહેવામાં આવ્યું છે કે મજૂરોનાં જીવન સ્વાભાવિક મટીને કૃત્રિમ બન્યાં છે અને એ કૃત્રિમતાને લીધે તેમનામાં અનેક દોષોએ પણ પ્રવેશ કર્યો છે. આવા દોષોના નિવારણ અર્થે મજૂરોને સદ્વર્તનનું શિક્ષણ આપવાની હવે આવશ્યકતા દર્શાવવામાં આવે છે.]

**कर्मकरसद्वर्तनशिक्षणम् । ८४ ॥**

**एते कर्मकरा निवृत्तिसमये सप्ताहसप्ताहके ।**
**व्याख्यानेन च शिक्षया बुधवरैर्बोध्यास्तथा बोधकैः॥**
**कुर्युर्नैव परस्परेण कलहं नैवापि सार्द्धं पर-**
**द्यूतादिव्यसनं व्ययं च विफलं पानं सुरायास्तथा ॥**

**મજૂરોને સદ્વર્તનનું શિક્ષણ.**

**ભાવાર્થ**—આ મજૂરોને અઠવાડિયે અઠવાડિયે જ્યારે નિવૃત્તિનો સમય મળે ત્યારે વિદ્વાન ઉપદેશકોએ વ્યાખ્યાનો આપીને કે શિક્ષણ આપીને એવી રીતે તેમને કેળવવા જોઇએ કે તેઓ પરસ્પર કે બીજા કોઇની સાથે કલહ–તોફાન ન કરે, જુગાર આદિ વ્યસન ન સેવે અને મદિરાપાન કરી નિષ્ફળ ખર્ચથી ઉડાઉ ન બને. (૮૪)

**વિવેચન**—મનુષ્યના જીવનની કૃત્રિમતાની સાથે તેનામાં અનેક દોષો પણ આવે છે. મજૂરોના સંબંધમાં કૃત્રિમતાની એટલી વિશેષતા હોય છે કે તેઓમાં ભણતર ઓછું હોય છે, જ્ઞાન ઓછું હોય છે, સત્સંગનો પ્રભાવ તેમના પર ઓછો પડ્યો હોય છે, સ્વાર્થી ધર્મગુરૂઓ અને વ્યસનીઓના

સમાગમમાં તેઓ વિશેષ આવે છે અને તેને પરિણામે તેમના જીવનમાં અનેક દોષો દાખલ થાય છે. કારખાનાની સખત મજૂરી, કૌટુમ્બિક જીવનનો અસંતોષ, હલકા સંસ્કાર વગેરે કારણોથી મદ્યપાનાદિ વડે કૃત્રિમ આનંદ લેવાની ટેવ તેમનામાં દાખલ થતાં વાર લાગતી નથી. એક ગામડાનો ખેડૂત કે જે શહેરમાં આવીને મીલ, જીન કે કારખાનાનો મજૂર બન્યો હોય છે, તે થોડા વખતમાં જ વ્યસની તથા દુરાચારી બને છે. આવા અજ્ઞાન, અભણ અને સરળ સ્વભાવના મનુષ્યોને કૃત્રિમ જીવનના દોષોમાં ફસાતા બચાવવા માટે તેમને ઉપદેશ કે શિક્ષણ આપીને સંસ્કારી બનાવવાની જરૂર છે. મજૂરોને સામાન્ય શિક્ષણ આપવા માટે કેટલેક સ્થળે એવા સમાજો રાત્રિશાળાઓ કાઢે છે, કેટલેક સ્થળે ભણેલા મજૂરોને માટે લાયબ્રેરીઓ સ્થાપવામાં આવી હોય છે કે જેથી રજાના કે નિવૃત્તિના દિવસો મજૂરો જુગાર રમવામાં કે દારૂ પીને ધીંગામસ્તીમાં ન ગાળતાં સારાં પુસ્તકો કિંવા વર્તમાનપત્રો વાંચવામાં પસાર કરે. આવા યત્નોથી કેટલાક મજૂરોનાં જીવન સુધરી ગયાનાં દૃષ્ટાંતો પણ મળી શકે છે, માટે મજૂરોમાં સંસ્કારી જીવન ગાળવાની ઇચ્છા ઉત્પન્ન કરવી એ સેવાધર્મીઓની ફરજ છે અને તે કાર્ય શિક્ષણ તથા ઉપદેશ વડે જ પાર પડી શકે છે. શ્રી. કાલેલકર સત્ય જ કહે છે કે: "મજૂર વર્ગમાં સંસ્કારી જીવન ગાળવાની મહત્ત્વાકાંક્ષા જે દિવસે પેદા થશે, તે જ દિવસે તેઓ બધી જાતની કેળવણી હસ્તગત કરી શકશે, એટલું જ નહિ પણ એક જ જમાનાની અંદર પોતાનો સવાલ પોતાના જ હાથમાં લેવા જેટલી હોશિયારી એમનામાં આવી જશે." પરન્તુ મજૂરોને સંસ્કારી બનાવવાનો પ્રશ્ન પૂરતા જોરથી ઉપાડી લેવામાં આવ્યો નથી. સેવાધર્મીઓની એ ન્યૂનતા છે, તેને જ પરિણામે આજે સમાજનો એ વિભાગ પતિત થતો જતો અનુભવાય છે. (૮૪)

# द्वादश परिच्छेद.

## સેવાધર્મ : વિધવાઓની સેવા.

[ આર્ય સંસારની વિધવા એ પણ જગત્‌માં એક દુઃખી મનુષ્યપ્રાણી લેખાય છે અને તેથી તેની સેવા બજાવવાનું કથન આ પરિચ્છેદમાં ગ્રંથકાર કરે છે. ]

**विधवासेवा । ८५ ॥**

**यासां कोऽपि न विद्यते निजकुले पोष्योऽथवा पोषक-**
**स्तादृश्यो विधवाश्रमे हि विधवा अर्हन्ति संरक्षणम् ॥**
**कर्त्तव्यं विधवोचितं च सरलां निर्वाहयोग्यां कलां ।**
**सेवां धार्मिकतत्त्वबोधसहितां तत्राऽर्थतः* शिक्षयेत् ॥**

### વિધવાઓની સેવા.

**ભાવાર્થ**—જે વિધવાઓના પોતાના કુટુંબમાં કોઇ પોષણ કરવા યોગ્ય નથી તેમ કોઇ પોષક પણ નથી અર્થાત્ જેને સંતતિ નથી તેમ વડીલ પણ નથી, તેવી વિધવાઓ વિધવાશ્રમમાં સુરક્ષિત થવી જોઇએ. આ આશ્રમમાં વિધવાઓનું ઉચિત કર્તવ્ય, ઘર બેઠાં તેમનો નિર્વાહ થાય તેવી સરળ કળા, ધાર્મિક તત્ત્વજ્ઞાનના શિક્ષણની સાથે સેવાધર્મ પણ તેમને શિખવવો જોઈએ. (૮૫)

**વિવેચન**—આર્ય સંસારમાં વૈધવ્ય એ એક મોટી આપત્તિરૂપ લેખાય છે, અને ખાસ કરીને જ્યારે એક સ્ત્રી ઉપર વૈધવ્ય તેની યુવાવસ્થામાં હલ્લો કરે છે, ત્યારે તો તેની આપત્તિનો પાર જ રહેતો નથી. એ જ વૈધવ્યને કારણે ઘણી સ્ત્રીઓ પોતાના સ્ત્રીત્વથી કંટાળે છે બલકે સ્ત્રીત્વની નિંદા કરે છે. વસ્તુતઃ સંસારમાં જેટલી મહત્તા પુરૂષની છે તેટલી જ મહત્તા

* अर्थतः=अर्थबोधो यथा स्यात्तथा।

સ્ત્રીની છે. પુરૂષનું વૈધુર્ય પુરૂષને હમેશાં કષ્ટદાતા થતું નથી. પુરૂષ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે, પરન્તુ ઉચ્ચ વર્ણોની વિધવાઓ બીજો પતિ કરી શકતી નથી એટલે તેને મરણસુધી વૈધવ્ય પાળવું પડે છે. ઉપલક દૃષ્ટિથી જોતાં પુરૂષના વૈધુર્ય તથા સ્ત્રીના વૈધવ્યના આવા નિયમોમાં સમાજનો પક્ષપાત થએલો દેખાય છે, પરન્તુ સ્ત્રી સંતતિના બળ-વીર્ય-ગુણાદિને ગર્ભમાં પોષનારૂં ભાજન છે અને એ ભાજનની પવિત્રતા ઉપર સંતતિના ઉચ્ચ ગુણાદિનો મોટો આધાર રહેલો છે, એટલે સ્ત્રીને પવિત્ર સંયમી અને પતિવ્રતા રહેવાનું સૂચન પૂર્વાચાર્યોએ કરેલું છે. અલબત્ત, સમાજ બહુરૂપી રાક્ષસ જેવો હોય છે, એટલે સ્ત્રીના સ્ત્રીત્વની ઉચ્ચતા ટકાવવાને જે સંયમાદિના નિયમો કરાએલા છે તે નિયમોનું સ્ત્રીઓ પાસે પાલન કરાવવામાં જુલ્મ પણ ચલાવવામાં આવેલો છે અને કેટલાક તો જુલ્મી નિયમો જ વિધવાઓ માટ ઘડાઇ ગયા છે, એટલે એ ફરજીયાત નિયમોથી સ્ત્રીઓ ઘણી વાર ત્રાસી જઇને અનેક પ્રકારના અનર્થો કરી **स्त्रीबुद्धिः प्रलयावहा** એ ઉક્તિનું ભાન કરાવી રહી છે; પરન્તુ મરણસુધી વૈધવ્ય પાળવાનો નિયમ રચવામાં પૂર્વાચાર્યોએ ભાવી ભરતસંતાનોના ઉચ્ચ ગુણાદર્શનો જ એક હેતુ ધરાવ્યો હતો એ વિષે શંકા નથી. તે સાથે એટલું પણ કહેવું જોઇએ કે પૂર્વાચાર્યોએ જેવા નિયમો સ્ત્રીઓ માટે કરેલા છે તેવા જ નિયમો પુરૂષો માટે પણ કર્યા છે; પરન્તુ પુરૂષ એ સમાજનો ચક્રવર્તી છે અને સામાજિક નિયમોનું પાલન કરવાનો અધિકાર તેણે વિશેષ હાથ કર્યો છે, એટલે પોતાના વર્ગના પતન પ્રત્યે તેણે આંખમીચામણાં કરીને સ્ત્રીવર્ગ પાસે તેને માટેના સામાજિક નિયમો પળાવવામાં સખ્તાઇથી કામ લીધું છે. આ જ કારણે કેટલેક સ્થળે વિધવાઓ ઉપર જુલ્મ ગુજરતો જોવામાં આવે છે અને ગ્રંથકારને વિધવાઓની સેવા બજાવવાના સંબંધમાં ખાસ પ્રકરણ લખવું પડ્યું છે તેનું કારણ પણ સમાજમાં વિધવાઓની થઇ પડેલી દીન—હીન અવસ્થા છે. સ્ત્રીજાતિ પ્રત્યે આદરબુદ્ધિ રાખવાનાં જે કથનો શાસ્ત્રીય ગ્રંથોમાં કરવામાં આવેલાં છે તે કથનોને આજે કોઈ ગણકારતું નથી! આ કારણે સંતતિહીન વિધવાઓની દશા સમાજમાં અત્યંત દુઃખપૂર્ણ છે, અને બાળ-

સંતતિવાળી વિધવાઓ પણ સમાજમાં સામાન્ય રીતે દુઃખ ભોગવતી હોય છે. વિધવાઓ પ્રત્યેના પોતાના ધર્મોનું જ્ઞાન સમાજમાં થોડા જ ધર્મ-ભીરૂઓને હોય છે તેથી મોટા ભાગની વિધવાઓ અસંતુષ્ટ અવસ્થામાં જ પોતાના આયુષ્યનો કાળ ગાળે છે. પરન્તુ જે વિધવાઓ સંતતિરહિત હોય છે અને જેનું પોષણ કરનાર પણ કોઇ હોતું નથી તેનું શું ? તેવી સ્ત્રી પિતૃગૃહે રહીને કાળ નિર્ગમન કરે અને તેનો પિતા તેનો પોષક બને, પરન્તુ એવી જોગવાઈ પણ ન હોય તેવી અનેક વિધવાઓ સમાજમાં હોય છે. આવી સ્ત્રીઓને માટે ગ્રંથકાર વિધવાશ્રમની સંસ્થાની આવશ્યકતા બતાવે છે. વિધવાશ્રમમાં વિધવાઓને તેમનાં કર્તવ્યકર્મોનું શિક્ષણ આપવું જોઈએ. ભરત, ગુંથણ, સીવણ, આલેખન જેવી સરળ કળાઓનું શિક્ષણ પણ જો તેમને ત્યાં આપવામાં આવે તો તે તેમને માટે ઉપકારક થઈ પડે, કારણકે એ કળાઓનો આશ્રય લઈને તેઓ પોતાનો નિર્વાહ ચલાવી શકે. કેટલીક વાર આવી અનાશ્રિત સ્ત્રીઓ ઉદરનિમિત્તે અનેક પ્રકારનાં દુષ્ટ કર્મો કરવા તરફ પ્રેરાય છે અથવાતો તેના વિધવાધર્મને ન છાજે તેવી નોકરી—ચાકરી કરવાની તેને ફરજ પડે છે. જો ઉપર જણાવ્યું તેવાં વિધવાશ્રમો કાઢવામાં આવે, ત્યાં ઉપર જણાવ્યું તેવી કળાઓનું શિક્ષણ, તે ઉપરાંત ધાર્મિક શિક્ષણ, સેવાધર્મનું શિક્ષણ ઇત્યાદિ વિધવાઓને આપવાનો પ્રબંધ કરવામાં આવે તો વિધવાઓની એ એક ઉચ્ચ પ્રકારની સેવા છે. આપણા દેશમાં કેવળ વિધવાશ્રમોની સંખ્યા નાની છે, પરન્તુ વનિતાવિશ્રામ, સેવાસદન, અનાથાશ્રમ, અશકતાશ્રમ ઈત્યાદિ સંસ્થાઓ છે અને તેમાં મોટે ભાગે વિધવાઓ જ આશ્રય લઈ રહી હોય છે. હજી વિધવા-શ્રમોની મોટી સંખ્યાની દેશને જરૂર છે. (૮૫)

[ જે વિધવાઓ સંતતિવાળી અને નિરાધાર હોય છે, તેમને પ્રત્યેનો સમાજ-નો ધર્મ કેવો છે? ગ્રંથકાર નિચેના શ્લોકમાં તે દર્શાવી આપે છે. ]

**विधवाऽऽजोविकाप्रबन्धः । ८६ ॥**

**पुत्रादिप्रतिबन्धतो निजगृहं त्यक्तुं न सन्ति क्षमा–**
**या दैन्यान्निजसन्ततेरपि गृहे कर्तुं न रक्षामलम् ॥**

# तासां कोऽपि कुले भवेद्यदि धनी तेन व्यवस्थाप्यतां। नोचेन्मण्डलसज्जनैः समुचितः कार्यः प्रबन्धः स्वयम् ॥

## વિધવાઓની આજીવિકાનો પ્રબંધ.

**ભાવાર્થ**—જે વિધવાઓને પોતાની સંતતિનો પ્રતિબંધ હોય તે ઘર છોડી આશ્રમમાં જઇ શકે નહિ અને ઘરમાં પણ ગરીબાઈને લીધે પોતાની સંતતિનું બરાબર પોષણ કરી શકે નહિ, તેવી વિધવાઓના કુટુંબીઓમાં જો કોઈ ધનવાન્ હોય તો તેણે પોતાના કુલની વિધવાઓના રક્ષણ માટે વ્યવસ્થા કરવી જોઈએ. તેવો કોઈ ન હોય તો સમાજ કે મંડળના સભ્યોએ તેમને માટે ઉચિત પ્રબંધ કરવો જોઈએ. ( ૮૬ )

**વિવેચન**—આજકાલ તો સંતતિ વિનાની વિધવાઓને ઉદરપોષણને અર્થે ઘરની બહાર મજૂરી કરવા જવું પડે છે અને તેમના જીવનનો ઉચ્ચ આદર્શ નાશ પામે છે; પરન્તુ સ્ત્રીજાતિને ઘરઆંગણે જ ઉદરનિર્વાહનું સાધન શોધવું એ જ તેની સ્થિતિને માટે હિતકારક છે. પતિવ્રત ધર્મ સંબંધી આવી ઉચ્ચ ભાવના પાશ્ચાત્ય દેશોની સ્ત્રીઓમાં નહિ હોવાથી એ દેશોની સ્ત્રીઓ તો બાળકોને લઇને અથવા તો બાળકોને 'નર્સરી' માં મૂકીને મીલો કે કારખાનાંઓમાં મજૂરી કરવામાં સંકોચતી નથી, પરન્તુ એવું જીવન આર્ય સ્ત્રીઓ ઇષ્ટ લેખતી નથી તેમ જ વિદ્વાનો એવા જીવનની ભલામણ કરતા નથી. પરદેશોમાં અને હિંદુસ્તાનમાં પણ જે સ્ત્રીઓ મીલો કે કારખાનાંઓમાં ઉદરનિર્વાહાર્થે મજૂરી કરવા જાય છે, તે સ્ત્રીઓની નીતિનું તથા તેમના ધર્મનું પાલન થતું નથી અથવા તો તેમનાં નીતિ-ધર્મ ભયમાં આવી પડ્યા વિના રહેતા નથી. આ કારણથી જ મહાત્મા ગાંધીજી સ્ત્રીવર્ગને માટે તો ખાસ કરીને સૂતર કાંતવા જેવા ગૃહ-ઉદ્યોગની ભલામણ કરે છે અને સ્ત્રીઓને કારખાનાંઓમાં મોકલવી કે જવા દેવી તેને સમાજનું મોટું પાપ લેખે છે. સંતતિને કારણે વિધવાઓ કારખાનાંઓમાં મજૂરી કરવા ન જ જાય, એટલું જ નહિ પરન્તુ તેઓ વિધવાશ્રમોમાં પણ ન જઈ શકે એ પણ બનવાજોગ છે. આવી સ્ત્રીઓને ગૃહોદ્યોગ ન આવડે કિંવા ગૃહોદ્યોગ

કરવાનો સમય ન મેળવી શકે, તો તેવી સ્ત્રીઓને માટે નિર્વાહની વ્યવસ્થા તેના પતિના કુટુંબીઓએ—પિતરાઇઓએ કરવી જોઈએ અને એવી જોગવાઇ પણ ન હોય તો એવી વિધવાઓનો નિર્વાહભાર સમાજે ઉપાડી લેવો જોઈએ; પરન્તુ વિધવાઓને નિરાશ્રિત રહેવા દેવી ન જોઇએ. આ તો કેવળ સ્વાભાવિક નિયમ છે, છતાં ગ્રંથકારને તે માટે ખાસ સૂચન શામાટે કરવું પડયું ? તે સૂચનનું કારણ એ છે કે સમાજ આજે વિધવાઓ પ્રત્યેનો સાચો ધર્મ ભૂલતો જાય છે. પિતરાઈઓ અને કુટુંબીઓનો વિશાળ સમુદાય ધરાવનારી વિધવાઓ પણ પોષકને અભાવે કારખાનાંઓમાં મજૂરી કરવા જાય છે, કિંવા પોષણને અર્થે હલકાં કાર્યો કરે છે, તેનું કારણ વિધવાઓનાં વડીલો કહેવાતાં કુટુંબીઓની વિધવાઓ પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ જ છે.

**દૃષ્ટાંત**—એક બ્રાહ્મણપુત્રી ૧૮ વર્ષની વયે વિધવા થઈ, તે સમયે તેને માત્ર બે વર્ષની વયની એક બાળકી હતી. તેને સાસુ—સસરો કે બીજું કોઇ હતું નહિ એટલે તેનો ભાર, તેના પતિના કાકા ઉપર પડ્યો. થોડા દિવસ તો તેણે કાકાજીને ઘેર કાઢ્યા. વૈધવ્ય ધર્મના પાલનની ક્રિયા જેવી કે કેશવપન, નીરસ આહાર, ભૂમિશય્યાદિ તે યથાર્થ કરતી હતી. છતાં ધીમે ધીમે તે કાકાજીના ઘરમાં અળખામણી થવા લાગી. પછી તે પિતૃગૃહે ગઈ, ભાઈ અને ભોજાઈએ તેને બે વર્ષ પોતાને ત્યાં રાખી, પરન્તુ પછી તેને જણાયું કે પોતે ભાઈ—ભોજાઇને બોજારૂપ થતી હતી. તે પોતાના કાકાજીને ઘેર પાછી ફરી. ગ્રામ્ય સંસ્કારોમાં ઉછરેલી હોઈને તે રાંધવું—દળવું—ખાંડવું ને મજુરી કરવી એ સિવાય બીજો કશો ગૃહોદ્યોગ જાણતી ન હતી. તે એવું કામ કરીને કાકાજીને ત્યાં રહેવા લાગી પરન્તુ ઘરનાં માણસોની ઇતરાજીથી તે ત્યાં ટકી શકી નહિ. પોતાને ઘેર તે જૂદી રહી અને જે કાંઇ થોડું—ઘણું ઘરેણું હતું તે વેચીને તેમાંથી પોતાનો નિર્વાહ કરવા લાગી. એવામાં તેને એક વણીક કુટુંબમાં રાંધવાની નોકરી મળી, અને નોકરીથી તે સુખી થઈ. ખાવા પીવા અને વસ્ત્રો માટેની તેની ચિંતા ટળી ગઈ અને વર્ષે દહાડે પચાસેક રૂપિયા તે બચાવવા લાગી. પરન્તુ ત્યાં તેને શિરે બીજો ભય આવી પડ્યો. એક રાત્રે એ વણિકના યુવાન પુત્રે તે બાળા ઉપર

બળાત્કાર ગુજાર્યો અને બીજે જ દિવસે તે ત્યાંની નોકરી છોડીને પોતાને ઘેર આવી. પોતા ઉપર ગુજરેલી આફત કોઇને કહીને નકામી ફજેતી કરવામાં તેણે કાંઈ સાર જોયો નહિ, પરન્તુ એ આફતનું ફળ નજીક દેખાવા લાગ્યું. તે ગર્ભવતી થઈ અને મુંઝાવા લાગી. ગર્ભપાત કરવાનો વિચાર તેને સૂઝ્યો પરન્તુ એ પાપ કેવી રીતે થાય તે તે જાણતી નહિ હોવાથી પાપ કરતાં બચી. તે એક રાત્રે ગુપ્ત રીતે નીકળીને અમદાવાદના અનાથાશ્રમમાં પહોંચી અને ત્યાં રહી તેણે એક પુત્રીને જન્મ આપ્યો. ત્યાંથી નીકળીને હવે ક્યાં જવું તેનો તેને વિચાર થયો. સસરાના ગામમાં જઇને તે મ્હોં બતાવી શકે તેમ નહોતું એટલે પોતાના ભાઇ પાસે ગઈ; પરન્તુ અપકીર્તિના ભયથી ભાઇએ તુરત તેને કાઢી મેલી અને તેને પચીસ રૂપિયા ખાનગી રીતે આપીને કહ્યું કે તું બીજે ગમે ત્યાં જા પણ મારે ઘેર હું નહિ રાખું! તે પાછી અમદાવાદમાં આવીને રહી, તેનો ભાઈ તેને મહિને પાંચ રૂપિયા મોકલતો, પરંતુ એકાદ વર્ષ પછી તેની આર્થિક સ્થિતિ બગડતાં તેણે તે મોકલવાનું બંધ કર્યું. ત્યારપછી તેણે રસોઈની નોકરીઓ બહુ સ્થળે કરી, પરન્તુ બધે સ્થળે તેની પવિત્રતા ઉપર જ હલ્લો થતો રહ્યો, એટલે પછી એ જીવનથી કંટાળીને તે એક જુવાનના ઉપવસ્ત્ર—ઉપપત્ની તરીકે રહી પેટ ભરવા લાગી! સમાજ! આ પાપી જીવનને માટે શું તું જવાબદાર નથી? (૮૬)

[ વિધવાઓ માટેના નિયમો તથા મર્યાદા કેવાં અને કેટલા પ્રમાણમાં રહેવાં જોઇએ તે હવે દર્શાવવામાં આવે છે. ]

**विधवानां नियमनमर्यादा ।८७॥**

**स्वातन्त्र्यान्न भवेयुरुद्धततरा नाचारहीना यथा ।**
**तावन्नेतृजनैश्च तन्नियमनं कार्यं यदावश्यकम् ।**
**याः सत्यो विधवाः स्वभावसरलाः स्वीयैर्जनैर्निर्दयैः**
**पोड्यन्ते किल पीडनात्सपदि ता मोच्याः स्वयंसेवकैः ॥**

## વિધવાઓ પરના અંકુશની મર્યાદા.

**ભાવાર્થ**—વિધવાઓ એકદમ સ્વતંત્ર બની ઉદ્ધત–સ્વચ્છંદી ન થાય તેમજ આચારહીન ન બની જાય તેટલા માટે તે તે કુટુંબના નાયકોએ કે સમાજના નાયકોએ જરૂર જેટલું દબાણ તેના ઉપર રાખવું જોઇએ, ને વિધવાઓ સ્વભાવે સરલ અને પવિત્ર હોય કે જેથી પોતાની મેળે સદાચાર-પરાયણ રહી શકે તેને કેટલાએક નિર્દય કુટુંબી જનો રક્ષણના બ્હાના હેઠળ અયોગ્ય દબાણ કરી પીડા ઉપજાવે, તો સેવાના ઉમેદવારોએ તેવી પવિત્ર વિધવાઓને અયોગ્ય દબાણના જુલમમાંથી છોડાવવી જોઇએ. (૮૭)

**વિવેચન**—માનવ ધર્મશાસ્ત્રમાં સ્ત્રીને સ્વાતંત્ર્ય ન આપવા વિષે એમ કહેવામાં આવ્યું છે કે—

**बाल्ये पितुर्वशे तिष्ठेत्पाणिग्राहस्य यौवने ।**
**पुत्राणां भर्तरि प्रेते न भजेत्स्त्री स्वतंत्रताम् ॥**

અર્થાત્–સ્ત્રીએ બાળપણમાં માતાપિતાને, યુવાવસ્થામાં પતિને અને પતિ મરણ પામે તો પુત્રોને વશ રહેવું, પણ ક્યારેય સ્વતંત્રપણે રહેવું નહિ.

પરન્તુ આવાં કથનોનો પુરૂષ સમાજે બહુ ગેરલાભ લીધો હોય એવું આજકાલ સમાજમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ જોતાં માલુમ પડે છે. સ્વભાવથી સ્ત્રીજાતિ પુરૂષજાતિ કરતાં તનબળમાં તથા મનબળમાં ઉતરતી હોય છે, તેથી તેઓ સ્વતંત્રપણે રહે તો કપટી જનોથી ભોળવાઇને ભ્રષ્ટ થાય એવો ભય રહે છે, તે કારણે સ્ત્રીઓને કોઈ પણ અવસ્થામાં સ્વતંત્ર ન રહેવા દેવાનું કથન કરવામાં આવ્યું હોય એ સમજી શકાય તેવું છે; પરન્તુ આ કથનની ઓથે રહીને સ્ત્રીઓને અત્યંત દાબમાં રાખી તેમને પશુવત્ જીવન ગાળનારી બનાવી મૂકવી તે કોઈ રીતે ઈષ્ટ નથી. આ કારણથી ગ્રંથકાર વિધવાઓના સ્વાતંત્ર્ય વિષયમાંએ નિયમન–મર્યાદા સૂચવે છે કે–વિધવાઓ ઉદ્ધત ન બને એટલો દાબ તેમની ઉપર કુટુંબનાયકોએ રાખવો, પરંતુ પવિત્ર અને સદાચારી વિધવાઓને ગેરવાજબી રીતે કુટુંબી જનો પીડે છે તે તો કેવળ અનુચિત છે બલકે તે એક પ્રકારનું હિંસક કાર્ય છે. આવી અત્યંત પીડા અને અત્યાચારને વશ થએલી વિધવાઓ, નાસી ગયાના તથા તેઓએ આત્મઘાત કરવાના દાખલા પણ સમાજમાં બન્યા કરે છે. રક્ષણના બ્હાના હેઠળ પશુની પેઠે સાંકળે બાંધવા જેટલી સખ્તાઇ કેટલીક વિધવાઓ

પ્રત્યે ગુજરતી જોઇને જ આ કથન કરવામાં આવ્યું જણાય છે. જે વખતે **મનુએ** ' મનુસ્મૃતિ ' માં સમાજના નિયમો લખ્યા ત્યારે સમાજનો પુરૂષ વર્ગ સ્વધર્મને સારી પેઠે સમજનારો હશે એટલે તેણે આ નિયમન–મર્યાદા આપી જણાઇ નથી, પરન્તુ તેની જરૂર જણાતાં તે મર્યાદા અત્ર દર્શાવવામાં આવી છે અને આધુનિક સમયની તે આવશ્યકતા છે. આવી વિધવાઓને તેવાં કુટુંબોમાંથી છોડાવીને સુરક્ષિત સ્થાને રાખવી તે કસાઇવાડેથી ગાય છોડાવવા બરાબર છે એવું કહેવાય છે અને એ ધર્મ સેવાધર્મી સ્વયંસેવકોને બજાવવા ગ્રંથકાર સૂચન કરે છે. (૮૭)

[છેવટે ગ્રંથકાર વિધવાશ્રમ સ્થાપવાના ધર્મ પ્રત્યે ધનવાનોનું ધ્યાન દોરે છે].

**विधवाऽऽश्रमस्थापना । ८८ ॥**

**नार्यो यत्र च शिक्षिकाः सुपठिताः सन्ति व्यवस्थापिका-**
**स्ता एव प्रविशन्ति नैव पुरुषा एकाकिनो यत्र वा ॥**
**तादृक्षो विधवाश्रमो धनिवरैः सेवाप्रकृष्टाशयै-**
**रेकैकः प्रतिपत्तने समुचिते वा स्थापनीयः स्थले ॥**

**વિધવાશ્રમની સ્થાપના.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—સેવાના ઉત્કૃષ્ટ આશયવાળા શ્રીમંતોએ દરેક શહેરમાં કે બીજે ઉચિત સ્થળે એકેક એવો વિધવાશ્રમ સ્થાપવો જોઇએ કે જેની અંદર ભણેલી સ્ત્રીઓ શિક્ષક તરીકે કામ કરતી હોય અને વ્યવસ્થા કરનાર પણ મુખ્યત્વે સ્ત્રીઓ જ હોય. એકલા પુરૂષોનો તો તેમાં પ્રવેશ પણ ન હોય. વિધવાશ્રમોની વિપુલતા નહિ હોવાને કારણે જેટલી વિધવાઓને આશ્રમોમાં સ્થાન મળવું જોઇએ તે મળી શકતું નથી. આ કારણથી વિધવા-શ્રમોની સ્થાપના ધનિક પુરૂષોએ કરવી આવશ્યક છે. આવાં આશ્રમોની વ્યવસ્થા બહુધા સેવાધર્મિણી સ્ત્રીઓને હસ્તક મૂકવામાં આવવી જોઇએ અને જો એવી સ્ત્રીઓ શિક્ષકના, વ્યવસ્થાના, ગૃહોદ્યોગની કેળવણી માટેના કાર્ય માટે ન મળે તો પુરૂષોની સેવાનો લાભ લેવામાં ભલે આવે, પરન્તુ **पुरुषा एकाकिनः** અર્થાત્—એવા કાર્યમાં એકલા પુરૂષોને તો યોજવામાં ન જ

આવવા જોઇએ, કારણકે તેથી કોઇ વાર અનિષ્ટ પ્રસંગો ઉપસ્થિત થવાનો ભય રહે છે. (૮૮)

## त्रयोदश परिच्छेद.

### સેવાધર્મ : વૃદ્ધ જનોની સેવા.

[હવે વૃદ્ધ સ્ત્રી પુરૂષોની સેવાનું પ્રકરણ પ્રારંભાય છે.]

वृद्धसेवा । ८९ । ९० ॥

**येषामस्ति गृहे न कोऽपि तरुणः पुत्रप्रपौत्रादिको ।**
**न स्यात् पुत्रवधूर्न चापि दुहिता नैवापि कौटुम्बिकः ॥**
**ते वृद्धाः पुरुषाः स्त्रियश्च करुणादृष्टया विलोक्या यत-**
**स्तेषां चित्तमनाश्रितं त्वहरहो दुःखेन दग्धं भवेत् ॥**
**केचिद्यष्टिवशाः सुदृष्टिविकलाः केचिच्च खट्वावशाः ।**
**केचिज्जर्जरिता जराप्रहरणै रोगाऽरिणा मर्दिताः ॥**
**सर्वे ते सुखकामिनः सुकृतिनां साहाय्यमिच्छन्ति वै ।**
**देयं तज्जरतां दयार्द्रहृदयैः सेवार्थिभिः सज्जनैः ॥**

વૃદ્ધોની સેવા.

**ભાવાર્થ**—જે વૃદ્ધોના ઘરમાં કોઇ પણ તરૂણ પુત્ર કે પ્રપૌત્ર ન હોય તેમજ દીકરાની વહુ કે પોતાની દીકરી પણ ન હોય, કુટુંબમાં પણ કોઈ સેવા કરનાર ન હોય, તેવા વૃદ્ધ પુરૂષો કે સ્ત્રીઓ કરૂણાદષ્ટિએ જોવાયોગ્ય

છે કેમકે તે બાપડા નિરાધાર હોવાથી તેમનું ચિત્ત રાત દિવસ દુઃખથી બળતું હોય છે તેથી તેમને આશ્વાસનની અને સહાયની પુરતી જરૂર છે. કેટલાએક વૃદ્ધ જનો બિચારા લાકડીના ટેકા વિના જરા પણ ચાલી શકતા નથી, કેટલાએક આંખે અખમ બની ગયા હોય છે તો કેટલાએક વળી ખાટલાને જ વશ થઈ ગયેલા દેખાય છે. કેટલાએક જરાના પ્રહારથી જર્જરિત થયેલા જણાય છે તો કેટલાએક વળી રોગ રૂપ શત્રુથી પીડાતા જોવામાં આવે છે. આ બધાને ઇચ્છા સુખની હોય છે તેથી આવી દુર્દશામાં તેઓ પુણ્યશાળી જીવોની સહાય વાંછે છે; માટે દયાળુ સેવાના ઉમેદવાર સજ્જનોએ વૃદ્ધ સ્ત્રી પુરૂષોને તન મનથી જોઈતી સહાય આપવી. (૮૯–૯૦)

**વિવેચન**—સુભાષિતકારે વૃદ્ધાવસ્થાને બાલ્યાવસ્થા રૂપે વર્ણવતાં કહ્યું છે કે—

**वदनं दशनविहीनं वाचो न परिस्फुटा गता शक्तिः ।**
**अव्यक्तेन्द्रियशक्तिः पुनरपि बाल्यं कृतं जरया ॥**

અર્થાત્—મ્હોં દાંત વિનાનું બને છે, વાચા સ્ફુટ થતી નથી, શક્તિ જતી રહે છે, ઇંદ્રિયની શક્તિ ક્ષીણ બને છે; એ રીતે વૃદ્ધાવસ્થાથી બીજું બાળપણ આવે છે. આ પ્રમાણે વૃદ્ધાવસ્થામાં મનુષ્યની બધી શક્તિઓ બાલ્યતાને પામે છે ખરી, પરંતુ જ્યારે બાળક ઉપર કુટુંબી જનોની દયા—માયા હોય છે, ત્યારે વૃદ્ધ બાળક ઉપર કુટુંબી જનો કંટાળો તથા તિરસ્કારની દૃષ્ટિથી જોતા થાય છે! આમ બનવાનું કારણ શું? બાળક ઉપર માતા–પિતા આશાની દૃષ્ટિથી જોતાં હોવાથી તેની પ્રત્યે તેમનું મમત્વ સ્ફુરે છે અને વૃદ્ધ વડીલ ઉપર જુવાન પુત્રો કે પુત્રવધૂઓ આશાતુરતા રાખી શકતાં નથી, એટલે પછી તેના ત્વરિત મૃત્યુની રાહ જોઇને બોજાથી મુક્ત થવાની જ તેઓ રાહ જોઇ રહ્યાં હોય છે! આ જ કારણથી કહ્યું છે કે—

**वाक्यं नाद्रियते च बान्धवजनैर्भार्या न शुश्रूषते ।**
**हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥**

અર્થાત્—વૃદ્ધ પુરૂષનાં વાકયોને તેના બાંધવો સાંભળતા નથી, સ્ત્રી તેની સેવા કરતી નથી અને પુત્ર પણ અમિત્ર–શત્રુ રૂપ બની જાય છે. વૃદ્ધ પુરૂષનું એ કાંઈ નાનું સૂનું કષ્ટ છે? જ્યારે કુટુંબીજનોથી ભરપૂર ગૃહોમાં પણ વૃદ્ધોની આવી દશા થાય છે, ત્યારે જે વૃદ્ધો સ્ત્રી, પુત્ર, પૌત્રાદિથી હીન હોય કિંવા જેના ગૃહમાં સેવા ચાકરી કરવા માટે કોઈ પણ મનુષ્ય ન હોય તેવા વૃદ્ધોની દુર્દશાનો પાર જ શો રહે? વૃદ્ધાવસ્થા એ એક દેહનો રોગ છે. દુર્બળ જીવનશક્તિ ઉપર જરા વહેલો હલ્લો કરે છે અને સબળ જીવન-શક્તિ ઉપર મોડો હલ્લો કરે છે. આ જ કારણથી કેટલાક ૫૦–૬૦ વર્ષની વયે સશક્ત અને કેટલાક કેવળ અશક્ત હોય છે. કોઇ ચાલી શકતા નથી, કોઇ સાંભળી શકતા નથી, કોઈ દેખી શકતા નથી તો કોઈ ખાટલાવશ રહે છે. તેમાં વળી જો કોઇ તીવ્ર દર્દ ઉભરાય, તો તેઓની સ્થિતિ બહુ દયા-જનક થઇ પડે છે. આ કારણથી જેવી સેવા દુ:ખી–દર્દીઓની કે અંગોપાંગ-હીન અનાથ–અશક્તોની બજાવવા માટે યોજના કરવામાં આવે તેવી જ સેવા વૃદ્ધોની પણ બજાવવાની યોજના કરવામાં આવવી જોઇએ. ઘણા દુર્ભાગી વૃદ્ધો આપ્તજનહીન હોઇને દુ:ખમાં સેવા–શુશ્રૂષા વિના બિછાનામાં મરણશરણ થએલા માલમ પડે છે. આ સ્થિતિ અત્યંત દયાજનક છે. માંદાં અને ખોડાં ઢોર માટે પશુશાળાઓ કે પાંજરાપોળ નિભાવનારા દયાળુ જનોએ આવાં ખોડાં મનુષ્યોની સૌથી પહેલાં ખબર લેવી એ જ ઘટારત છે. (૮૯–૯૦)

[ નીચેના બે શ્લોકોમાં વૃદ્ધોના તનમનની સેવા કરવાના પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. ]

**वृद्धसेवाप्रकारः । ९१ ॥**

**स्थातव्यं सुभगैर्निवृत्तिसमये तेषां समीपे सदा ।**
**प्रष्टव्यं कुशलादिकं सुवचनैर्दातव्यमाश्वासनम् ॥**
**शय्यादेश्च निरीक्षणं नियमतो वस्त्रव्यवस्थापनं ।**

वाच्यं धार्मिकपुस्तकं रसयुतं शान्त्यर्थमेषां पुरः ॥

वृद्धानामानुकूल्यसम्पादनम् । ९२ ॥

चिन्तैषां यदि भाति काऽपि हृदये युक्त्या द्रुतं तां हरे-
द्रोगः कोऽपि भवेत्तदा तु भिषजां योग्यौषधं योजयेत्॥
वैषम्यं प्रकृतौ भवेद् यदि तदा सद्बोधविज्ञापनैः ।
क्रोधद्वेषविषादलोभहरणात् साम्यं च सम्पादयेत् ॥

## કેવી રીતે વૃદ્ધસેવા કરવી ?

**ભાવાર્થ**—નિરાધાર અને પીડિત વૃદ્ધોની પાસે ભાગ્યશાળી સજ્જનોએ નિવૃત્તિને વખતે બેસવું જોઇએ, તેમને મીઠાં વચનોથી ખેમકુશળના સમાચાર પૂછવા, દુઃખમાં દિલાસો આપવો, તેમના ખાટલા પથારી વગેરેનું નિરીક્ષણ કરવું, વસ્ત્રો આઘાંપાછાં થઈ ગયાં હોય તો બરાબર નિયમસર રાખવાં, તેમને સમજાય અને રસ પડે તેવાં ધર્મનાં પુસ્તકો ઐહિક અને પારલૌકિક શાન્તિને માટે તેમની આગળ વાંચવાં. (૯૧)

## વૃદ્ધોની અનુકૂળતા સાચવવી.

વૃદ્ધોના મનમાં કોઈ પણ જાતની ચિંતા રહેતી હોય તો તે જાણી લઈ કોઈ પણ યુક્તિથી જલ્દી દૂર કરવી, જો તેમના શરીરમાં કોઇ ને કોઈ રોગ રહ્યા કરતો હોય તો સારા વૈદ્યની માર્ફત યોગ્ય દવાનો બંદોબસ્ત કરવો, જો પ્રકૃતિમાં કાંઈ પણ વિષમતા ઉપજી હોય તો સદ્-બોધ અને સમજાવટથી તેમને સમજાવી કરી ક્રોધ દ્વેષ ખેદ લોભ વગેરે દોષોને હરાવી પ્રકૃતિનું સામ્ય–સમતોલપણું સ્થાપવું જોઇએ. (૯૨)

**વિવેચન**—દેહ અને મનના દુઃખથી આવૃત્ત થએલા નિરાધાર વૃદ્ધોની સેવાનો હેતુ તેમને સમતાપૂર્વક મરવા દેવાનો છે અર્થાત્ તેમનું સમાધિમરણ થાય એટલો જ છે. આ હેતુ સિદ્ધ કરવાને જે પ્રકારની ન્યૂનતાથી વૃદ્ધો કષ્ટ ભોગવતા હોય તે પ્રકારની તેમની ન્યૂનતા દૂર કરવાની

આવશ્યકતા રહે છે. આવે વખતે તેમને આશ્વાસનની પૂરી જરૂર હોય છે. પોતાની સેવાચાકરી માટે કોઇ આપ્ત જનોની ઉપસ્થિતિ નહિ હોવાથી તેમના તન કરતાં વધારે કષ્ટ તો તેમના મનને ભોગવવું પડે છે, તેથી તેમને આપ્તજનોની ખામી વૃદ્ધાવસ્થામાં ન જણાય તેમ કરવું આવશ્યક છે. પ્રસંગોપાત તેમની પાસે જઇ તેમના કુશળવર્તમાન પૂછવા, તેમને મૃદુતા-પૂર્વક આશ્વાસન આપવું, તેમને દવા–ખોરાક–શય્યા વગેરેની ન્યૂનતા હોય કે અવ્યવસ્થા હોય તો તે દૂર કરવી, વસ્ત્રો મેલાં હોય કે ન હોય તો તે ધોઈ–સુધારી લાવી આપવાં, તેમની કાંઈ માનસિક ચિંતા હોય તો તે યુક્તિપૂર્વક દૂર કરવી, દર્દની પીડા હોય તો ઔષધોપચારની વ્યવસ્થા કરવી, અવસ્થા તથા દર્દને કારણે સ્વભાવમાં કાંઈ વિકૃતિ ઉત્પન્ન થઈ હોય તો ઉપદેશ વડે પુનઃ સમતા આણવા યત્ન કરવો, વગેરે કામો દ્વારા અશક્ત અને રોગી વૃદ્ધોની સેવા ઉત્તમ પ્રકારે બજાવી શકાય છે. કેટલીક વાર કોઇ વૃદ્ધો કોઈ પ્રબળ સાંસારિક વાસનાઓથી બંધાઇ રહે છે અને અત્યંત મનઃકષ્ટમાં કાળ વહન કરે છે. આવા માનસિક ઉપદ્રવને કારણે તેનું સમાધિમરણ થતું નથી પરન્તુ આર્ત–રૌદ્ર ધ્યાનમાં તેના જીવનના દિવસો લંબાય છે અને તે અત્યંત કષ્ટ વેઠ્યા કરે છે. એ વખતે જો તેની વાસના જાણી લઇને તેને સાચો સંતોષ ઉપજાવવામાં આવે તો તે શાન્ત ચિત્તે મરણ પામે છે, પરન્તુ તેમ ન બનવા પામ્યું હોય તો તે અશાન્તિમાં જ મરણ પામે છે અને દુર્ગતિને ઉપાર્જી અધિક ભવભ્રમણ કરે છે. મનુષ્યનું મૃત્યુ સુધારવું તેના જેવી અન્ય કોઈ કલ્યાણકારી સેવા નથી, અને મૃત્યુ સુધારવા માટે વૃદ્ધોને—દર્દીઓને આશ્વાસન આપવું કિંવા તેમની ચિંતાઓનાં કારણોને નાબૂદ કરવાં એ પરમ પુણ્યનું કાર્ય છે. જેઓ શાંત ચિત્તે, સંતોષપૂર્વક, વાસનારહિતપણે મરણ પામે છે તેમને મરણ દુઃખરૂપ લાગતું નથી, પરન્તુ મરણસમયે હર્ષની ઊર્મિ આવે છે. શ્રી. રત્નકરંડ શ્રાવકાચાર ગ્રંથમાં કહ્યું છે કે—

**जीर्णं देहादिकं सर्वं नूतनं जायते यतः ।**
**स मृत्युः किं न मोदाय सतां सातोत्थितिर्यथा ॥**

અર્થાત્-મૃત્યુના પ્રતાપથી જીર્ણ થઈ ગયેલ દેહાદિક સર્વ છૂટી જઇ નવીન દેહાદિક પ્રાપ્ત થવાથી સત્પુરુષ મૃત્યુને એક પ્રકારની સાતાનો ઉદય માને છે અને તેથી જ્ઞાની પુરુષને મૃત્યુ એ એક હર્ષને અર્થે જ છે. પરન્તુ મૃત્યુ-સમયે આવો હર્ષ નિરાધાર ગરીબ વૃદ્ધોને પ્રાપ્ત થાય તેટલા માટે તેમની ન્યૂનતાઓ તથા વિષમતાઓનો અંત આણવા સેવાધર્મીઓએ ઉદ્યુક્ત થવું જોઇએ.

**દૃષ્ટાંત—સો**મશર્મા નામના એક વૃદ્ધ વિપ્રને પોતાની ઉત્તરાવસ્થામાં બે બાળકો થયાં. એક પુત્ર તથા એક પુત્રી. પુત્રીના જન્મ પછી તત્કાળ તેની માતાનું મૃત્યુ થયું, એટલે **સો**મશર્મા પોતાનાં બાળકોનું મહાકષ્ટથી પાલનપોષણ કરવા લાગ્યો. પુત્ર પાંચ વર્ષની વયનો અને પુત્રી ત્રણ વર્ષની વયની થઇ, એટલામાં વૃદ્ધાવસ્થાને કારણે **સો**મશર્મા માંદો થયો અને પથારીવશ રહેવા લાગ્યો. વૃદ્ધ બ્રાહ્મણ અને નાનાં બાળકો ઉપરની દયાથી પ્રેરાઇને તેનાં પડોશી તેની સેવા-શુશ્રૂષા કરવા લાગ્યાં. બ્રાહ્મણનો મંદવાડ બહુ લંબાયો, ખોરાક બંધ થવા લાગ્યો, તથાપિ તે વ્યાકુળતાપૂર્વક દર્દ ભોગવતો જ રહ્યો. તેના બે મિત્રો એક **ધ**નદત્ત નામે વણિક હતો અને એક **શૂ**રસિંહ નામે રાજપૂત હતો; તે પણ રોજ તેની ખબર કાઢવા આવતા. બેઉ જણાં તેને પોતાની શકિત પ્રમાણે મદદ કરતા અને તેને આશ્વાસન આપતા, પરન્તુ વિપ્રની વ્યાકુળતા શમતી જણાતી નહિ. એકદા બેઉ મિત્રોએ **સો**મશર્માને એકાન્તમાં પૂછ્યું: "મિત્ર! તને કાંઈ માનસિક ચિંતા છે?" **સો**મશર્માએ આંખમાં આંસુ સાથે કહ્યું: "મિત્રો! હું એક દરિદ્ર બ્રાહ્મણ છું. આ બેઉ બાળકો નાનાં છે. મને એ ચિંતા થાય છે કે આ પુત્રની ખબર રાખી તેને ભણાવશે તથા સારે માર્ગે ચડાવશે કોણ અને આ પુત્રી-ને મોટી કરી તેનું કન્યાદાન આપશે કોણ? મારી આ ચિંતાને કારણે હું વ્યાકુળ રહું છું. તમે મારા મિત્ર છો, પરન્તુ તમે એવા ધનવાન્ નથી કે હું આ બાબત તમારી પાસે યાચના કરૂં." મિત્રની આ ચિંતાઓ જાણીને **ધ**નદત્ત બોલ્યો: "મિત્ર! તું ચિંતા કરીશ નહિ. હું ધનવાન નથી, પરન્તુ હું જે વેપાર કરૂં છું તેમાંથી ચોથો ભાગ હું તારી પુત્રીનો લેખીને હવેથી

વેપાર કરીશ અને તેના તે ભાગમાંથી તેનું પોષણ કરીશ તથા કન્યાદાન દઇશ. કદાચિત્ વેપારમાંથી કન્યાદાન માટે જોઇતું દ્રવ્ય ઉપલબ્ધ નહિ થાય તો મારી પુત્રીના કન્યાદાન માટે જે દ્રવ્ય હું ખર્ચી શકીશ, તેમાંનું અર્ધું તારી પુત્રી માટે અને અર્ધું મારી પુત્રી માટે ખર્ચીને ચલાવીશ." શૂરસિંહ ઘણો જ ગરીબ રજપૂત હતો, છતાં થોડી વાર વિચાર કરીને તે બોલ્યો: "મિત્ર ! હું ગરીબ તો છું, પરન્તુ એક પ્રસંગે મેં રાજાજીની અનન્ય સેવા કરેલી તે બદલ રાજાજી મને ઇનામ આપવાના છે; એ ઇનામમાં હું રાજાજી પાસેથી તારા પુત્રના ભણતર તથા નિર્વાહની વ્યવસ્થા જ માંગી લઇશ, માટે તું નિશ્ચંત થા." આવું આશ્વાસન મળતાં સોમશર્મા શાન્તિથી મરણ પામ્યો અને મિત્રોએ એ રીતે એ વૃદ્ધ વિપ્રની સાચી સેવા બજાવી. (૯૨)

[હવે સમાધિમરણની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે.]

**वृद्धानां समाधिमरणसम्पादनम् । ९३ ॥**

**यद्येषां मरणं विभाति निकटे दुःसाध्यरोगोद्भवा-**
**त्प्रत्याख्यानसमाधिभावजननैराराधनां कारयेत् ॥**
**चित्तं शान्तिपरायणं भगवतो ध्याने निमग्नं भवे-**
**त्स्यादेषां हि यथा समाधिमरणं यत्नं विदध्यात्तथा ॥**

**છેલ્લી અવસ્થામાં સમાધિ રહે તેમ કરવું.**

**ભાવાર્થ**—જો અસાધ્ય રોગ ઉત્પન્ન થવાથી વૃદ્ધોની આખર અવસ્થા નજીક આવેલી જણાતી હોય, તો તેમને પાપનાં તમામ કાર્યોનાં પચ્ચખાણ કરાવવાં, બરાબર સમાધિભાવ રહે તેવી રીતે ધર્મની આરાધના કરાવવી, તેમનું ચિત્ત મંદવાડમાં પણ શાંત રહી ભગવાનનું ધ્યાન કરવામાં એકરસ થઇ જાય અને મૃત્યુ આવે તોપણ હાય વોય ન કરતાં તે સમાધિમરણે મરે તેવો પ્રયત્ન કરવો. (૯૩)

**વિવેચન**—સમાધિ એટલે શું ? ચિત્તવૃત્તિની વિષમતાનો ત્યાગ અને સમતાની સ્થાપના એટલે સમાધિ. આ સમાધિને સિદ્ધ કરવા માટે

કેટલાક યોગી જનો બાહ્યોપચાર આદરે છે અને અનેક પ્રક્રિયાઓ વડે મનોવૃત્તિ ઉપર કાબૂ મેળવે છે એટલે તેમને સમાધિનો લાભ થાય છે. સાચા જ્ઞાની જનોને મનોવૃત્તિ ઉપર કાબૂ મેળવવાનું સુલભ હોય છે અને તેઓ સહજ સમાધિને પ્રાપ્ત કરી શકે છે. જ્ઞાન અને અભ્યાસ વડે સમાધિયુક્ત મન બની શકે છે. પરન્તુ એ તો યોગનો એક વિષય છે. જેઓ આખું જીવન સંસારમાં રહીને ગાળે છે, જેણે કામ ક્રોધ–લોભાદિના અનેક પ્રસંગો અનુભવ્યા હોય છે, જેણે અનેક પાપો પણ આદર્યાં હોય છે, એ મનુષ્ય મરણસમયે સમાધિ–ચિત્તવૃત્તિની સમતા આપોઆપ કેમ સાધી શકે ? આ કાર્ય દુઃશકય છે, પરન્તુ અશકય નથી. જેણે જ્ઞાન તથા યોગાભ્યાસ વડે સહજ સમાધિ પ્રાપ્ત કરી છે, ચિત્તની સમતાને સ્થાપિત કરી છે, તેને તો મૃત્યુસમયની સમાધિ પણ સુલભ છે, પરન્તુ બહુધા જનતાને એવી સમાધિનો અભ્યાસ હોતો નથી અને જેવું જીવન ગાળ્યું હોય છે, તેવું જ મરણ તેઓનું થાય છે. આવા મનુષ્યોનું મરણ સુધારવું, એ પણ એક મહત્ત્વની સેવા છે–તેના આત્માનું કલ્યાણ કરનારી સેવા છે. સંસારના વિધવિધ પ્રપંચમય પ્રસંગોમાંથી પસાર થનાર મનુષ્ય જ્યારે મરણકાંઠે આવી પહોંચે છે, ત્યારે તે ભયભીત–આકુળ વ્યાકુળ બની જાય છે અને એવી વિષમ ભાવનામાં થએલું તેનું મરણ તેના અન્ય ભવને પણ બગાડવાના નિમિત્તરૂપ બને છે. તે હલકી કોટિના દેવની સ્થિતિમાં જન્મે છે અને ત્યાં પણ અપવિત્ર વાસનાઓથી ઘેરાઈ રહીને પોતાના આત્માનું અકલ્યાણ સાધે છે. કહ્યું છેકે – **संसारासक्तचित्तानां मृत्युर्भीतिर्भवेन्नृणाम्**–અર્થાત્–જે જીવોનું ચિત્ત સંસારના પદાર્થોમાં આસક્ત છે તેને મૃત્યુનું પ્રાપ્ત થવું એ ભીતિ ઉત્પન્ન કરનારૂં છે. આ ભીતિથી જ મૃત્યુસમયે ઘણાં મનુષ્યો વ્યાકુળ બની ગએલા જોવામાં આવે છે. જેઓ ન્યૂનાધિક અંશે જ્ઞાન–વૈરાગ્યથી વિભૂષિત હોય છે, તેઓ જ એ સમયે મૃત્યુથી દૈહિક પીડા ભોગવવાને સમયે પોતાના મનની સમતા જાળવી શકે છે અને મૃત્યુથી ભય પામવાને બદલે, નવો દેહ ધારણ કરી કર્મોની નિર્જરા કરવાનો પ્રસંગ નજીક આવતો જાણીને, આનંદ પામે છે. **मोदायते पुनः सोऽपि ज्ञानवैराग्यवासिनाम्**–અર્થાત્–જ્ઞાન અને વૈરાગ્યથી જે વાસિત છે તેને

મૃત્યુની પ્રાપ્તિ એક હર્ષનું નિમિત્ત છે. આ ઉપરથી સમજી શકાશે કે ઉત્તમ મૃત્યુ તો એ જ છે કે જે પોતાની મેળે જ પ્રાપ્ત કરેલી સમાધિપૂર્વક મરણ પામે અને એવું સમાધિમરણ જ્ઞાન, તપ, સદાચાર, વ્રતપાલનાદિ વડે ઉત્તમ ચારિત્ર્ય સંસારમાં પાળનારને જ પ્રાપ્ત થાય છે. પરન્તુ જેઓ એટલા શક્તિમાન નથી અને મૃત્યુસમયે ભીતિ, વ્યાકુળતા, ચિંતા, ઈત્યાદિનો ભોગ થઈ પડે છે તેમને માટે શું કરવું ? ગ્રંથકાર કહે છે કે–તેવા મનુષ્યોનું ચિત્ત શાન્ત રહી, ભગવાનનું ધ્યાન કરવામાં લીન બની જાય અને મૃત્યુ આવે તોપણ ભીતિ વ્યાકુળતા પ્રાપ્ત ન થાય, ટૂંકામાં તેનું સમાધિમરણ થાય એવો પ્રયત્ન સેવાધર્મીઓએ કરવો જોઈએ. દર્દીની ચિંતાને નિવૃત્ત કરવાનો યત્ન કરવો, તેના અજ્ઞાનને હઠાવી તેને તત્કાળ અને તેટલા પ્રમાણમાં જ્ઞાન–વૈરાગ્યવાસિત કરવો, તેને આશ્વાસન આપવું, તેની ભીતિને નાબૂદ કરી મૃત્યુમાં પણ હર્ષ પામવા જેવી સમજણ આપવી, ઈત્યાદિ યત્નો કરવાથી કેટલાક સુસંસ્કારી દર્દીઓનો મરણનો કાળ સુધરી જાય છે અને મૃત્યુસમયની ભાવના ઉંચી રહેવાથી તેમનો પુનર્જન્મ અધમ કોટિમાં થતો અટકે છે. જૈન ધર્મમાં આવા મરણને સમાધિમરણ, પંડિત મરણ અથવા સકામ મરણ કહે છે. ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે–**न संत संति मरणंते सीलवंता बहुस्सुया**–અર્થાત્–બહુશ્રુત અને શીલવંત પુરૂષો મરણ કાળે ભય પામતા નથી એટલે કે તેઓનું સમાધિમરણ–સકામ મરણ થાય છે. સ્કંધક નામના એક જૈન મુનિ તપ અને સંયમ વડે અત્યંત દૈહિક પીડા વેઠતા હતા, છતાં બહુશ્રુત હતા. સંયમ અને વૈરાગ્યથી વાસિત હતા, તેથી તેમની પીડાની અસર તેમના મનપર થતી નહિ અને મૃત્યુકાળે કેવળ હાડકાં અને ચામડીથી વેષ્ટિત દેહ રહ્યો હેવા છતાં તે હર્ષપૂર્વક સમાધિમરણને પામ્યા હતા. સમાધિમરણનું આવું મહત્ત્વ સમજીને સંસારાતપ્ત જનોને મૃત્યુસમયે સમતા–સમાધિનો બની શકે એટલો લાભ આપવા યત્નો કરવા અને તેમનું મરણ સુધારવું એ પરમ સેવાનું કાર્ય છે. (૯૩)

# चतुर्दश परिच्छेद.

## સેવાધર્મ : પશુસેવા

[ હવે સેવાધર્મીઓને પશુસેવા તરફ દોરતાં ગ્રંથકાર **પ્રથમ** પશુઓના રક્ષણની આવશ્યકતા દર્શાવે છે. ]

**पशुरक्षणम् । ९४ ॥**

**यस्या दुग्धघृतादिना नरतनुः पोपुष्यते सर्वथा ।**
**वाणिज्यं कृषिकर्मभारवहनं यज्जातिमालम्बते ॥**
**सा रक्ष्या पशुजातिरुत्तमजनैः कर्त्तव्यसेवाधिया ।**
**हिंसातो बलितोऽतिभारभरणात्क्रौर्याद् भृशं ताडनात् ॥**

**પશુઓનું રક્ષણ.**

**ભાવાર્થ**—જેનાં દૂધ અને ઘીથી સર્વ પ્રકારે માણુસ જાતનું શરીર પોષાય છે, જે જાતિને ગાડી ગાડામાં જોડી વ્યાપારનું કામકાજ કરવામાં આવે છે, જેની ગરદન ઉપર ધૂસરૂં નાંખી ખેતીનું તમામ કામ કરાય છે, જેની પીઠ ઉપર ભાર વહેવામાં આવે છે, તે પશુજાતિનું ઉત્તમ પુરૂષોએ કર્તવ્ય અને સેવાબુદ્ધિવડે હિંસામાંથી, બલિદાનમાંથી, અતિભાર ભરવામાંથી અને ક્રૂર માણસો નિર્દયપણે માર મારે તેનાથી રક્ષણ કરવું જોઇએ. (૯૪)

**વિવેચન**—આ સંસારમાં કીડીથી કુંજર સુધીનો પ્રત્યેક જીવ ઉપયોગી તો છે જ, પરન્તુ જેઓ ઉપયોગિતાની સ્થૂળ દૃષ્ટિથી જોનારા છે, તેઓ કેટલાક ક્ષુલ્લક જીવોને નિરૂપયોગી માને છે; છતાં પશુઓને તો તેઓ અત્યંત ઉપયોગી માન્યા વિના રહેતા નથી. લગભગ સર્વ પ્રકારનાં જીવતાં પશુઓને મનુષ્યોએ એક યા બીજા પ્રકારે પોતાના ઉપયોગમાં લીધાં છે, અને તેઓની સેવા–ઉપયોગ વડે મનુષ્યો પોતાનું સાંસારિક–આર્થિક હિત સાધે છે. ગાયો અને ભેંસો જેવાં પશુઓના દૂધને ઉપયોગમાં લઈ મનુષ્યો પોતાના દેહનું ઉત્તમ પ્રકારે પોષણ કરે છે. વળી બળદ અને પાડા જેવાં પશુઓને ગાડી–ગાડામાં જોડી, ખેતી કરવાના કામમાં લઇ અને અન્ય પ્રકારે તેમનો

ઉપયોગ કરી મનુષ્યો તેમની સેવાનો લાભ લે છે, ગાય–ભેંસ અને બળદ–પાડા ઉપરાંત બીજાં અનેક જાનવરો મનુષ્યોની સેવા બજાવવામાં કામ આવે છે. ઘેટાં, બકરાં, ઘોડાં, ગધેડાં, ખચ્ચર, કૂતરા, ઈત્યાદિ અનેક પશુઓ એક યા બીજી રીતે જગત્‌માં ઉપયોગી થઈ પડ્યાં છે. આ મૂગાં પ્રાણીઓ આટલાં ઉપયોગી હોવા છતાં મનુષ્યો તેમની ઉપેક્ષા કરે, હિંસા કરે, તેમના ગજા ઉપરાંત તેમની પાસે મજૂરી કરાવે, કિંવા તેમને નિર્દય-પણે મારે તે મનુષ્યોની કૃતઘ્નતા જ કહેવાય. માંસાહારીઓ આવાં પશુઓનો માંસ માટે ઘાત કરે છે, યજ્ઞ–યાગાદિ કરનાર કે મલીન દેવોની માનતા રાખનાર તેમનો બલિદાન નિમિત્તે ઘાત કરે છે, તેમની શક્તિ કરતાં વધારે કામ કરાવનાર તેમને ગાડામાં જોડી પ્રમાણ કરતાં વધારે ભાર ભરે છે અને તે ઉપર લોખંડની આરવાળી લાકડી તેમના શરીરમાં ઘોંચી તેમને ત્રાસ ઉપજાવી ઉતાવળે કામ કરાવે છે: આ બધી નિર્દયતાને પરિણામે આજે આપણા દેશનાં પશુઓની સંખ્યા ઘટી છે અને મનુષ્યનું જીવન મોંઘું તથા મુશ્કેલીભર્યું થઈ પડ્યું છે.

મુંબઈ ઈલાકામાં એટલું દૂધ રોજ ઉત્પન્ન થાય છે કે તેથી દરેક મનુષ્યને સરાસરી ૦ાા દૂધ પણ મળે નહિ. છતાં રોજ ૨–૪ કે ૬ શેર દૂધ ખાનારા હોય છે, એટલે એ વધારે દૂધ ખાનારાઓ અનેક ગરીબોના ભાગનું અર્ધો–અર્ધો શેર દૂધ ઝુંટવી લઇને પોતે ખાઈ જાય છે એમ સમ-જવું ! હિંદુઓ પરંપરાથી ગૌદાનનું માહાત્મ્ય સમજતા રહ્યા છે, પરન્તુ એ ગૌદાન હવે માત્ર નામનું જ રહ્યું છે અને મોટાં શહેરોમાં તો કૂતરાં તથા ઘોડા રાખનાર હિંદુઓ પોતાને ઘેર ગાય રાખવાની ફરજ વિચારતા નથી! પશુઓ જેવી રીતે મનુષ્યોની સેવા બજાવે છે તેવી રીતે મનુષ્યોએ પણ પશુઓની સેવા બજાવવી જોઇએ, પરસ્પર ઉપયોગી થઇ કૃતજ્ઞતા દર્શાવવી જોઇએ; પરન્તુ એ પશુસેવા આજે ઘણે દરજ્જે ભુલાઈ છે. આજે તો પશુઓને અભયદાન દેવામાં જ ખરી પશુસેવા સમાઈ રહેલી છે. તેમની ધર્મ કે અન્ય નિમિત્તે થતી હિંસા બંધ કરીને તથા તેમના ગજા જેટલી સેવા જ તેમની પાસેથી લેઇને તેમને અભયદાન આપવું જોઇએ. ‘ પંચતંત્ર ’માં કહ્યું છે કેઃ—

**न गोप्रदानं न महीप्रदानं नान्नप्रदानं हि तथा प्रधानम् ।**
**यथा वदन्तीह बुधाः प्रधानं सर्वप्रदानेष्वभयप्रदानम् ॥**

અર્થાત્—વિદ્વાનો સંપૂર્ણ દાનોમાં જેવું અભયદાનને ઉત્તમ માને છે, તેવું ગૌદાન, પૃથ્વીદાન અને અન્નદાનને-કોઇને પણ પ્રધાન માનતા નથી. પશુઓને-મૂગાં પ્રાણીઓને અભયદાન ત્યારે જ મળે કે જ્યારે ઉપર જણાવ્યું છે તે રીતે તેમના ઉપર અત્યાચાર થતો અટકે અને મનુષ્યો સમજે કે પોતાની સેવા બજાવનાર પશુઓ પ્રત્યે તેમણે કૃતઘ્ન નહિ પણ કૃતજ્ઞ થવું જોઇએ. (૯૪)

[ પશુરક્ષણ સંબંધે સામાન્ય કથન કરીને હવે ગ્રંથકાર વિસ્તારે કરીને પશુઓના રક્ષણ માટેના માર્ગો દર્શાવે છે. તેમાં સૌથી પહેલાં પશુહિંસાનો પ્રતિબંધ કરવા માટે કયે માર્ગે કામ લેવું તે સૂચવવામાં આવે છે.]

**पशुपक्षिवधप्रतिबन्धः । ९५ ॥**

**हन्यन्ते पशुपक्षिणश्च बहुशो मांसास्थिमेदाऽजिने ।**
**तस्य स्यादुपयोजनं प्रतिदिनं न्यूनं तथा बोधयेत् ॥**
**देवा नो पशुमांसभक्षणपरा इत्येवमावेद्य तान् ।**
**भ्रान्तान् युक्तिपुरस्सरं बलिविधेः कार्यो निरोधो द्रुतम्॥**

**પશુપક્ષીની હિંસાનો પ્રતિબંધ.**

**ભાવાર્થ**—ઘણે ભાગે માંસ, હાડકાં, ચરબી અને ચામડાંને માટે પશુ અને પક્ષીઓનો ઘાત કરવામાં આવે છે, તેથી ઉપરની વસ્તુઓનો વપરાશ દરરોજ ઘટવા માંડે તેવો ઉપદેશ લોકોને કરવો જોઇએ; કેટલાએક બલિ માટે પશુઓનો ઘાત કરે છે, તેવા ભ્રાંત મનુષ્યોને "દેવતા આપણા કરતાં ઉંચા છે, તે કદી પણ પશુના માંસનું ભક્ષણ ન કરે" ઇત્યાદિ યુક્તિપૂર્વક સમજાવીને બલિદાનવિધિની જલ્દીથી અટકાયત કરાવવી જોઇએ. (૯૫)

**વિવેચન**—પશુઓની હિંસાના જે માર્ગો તથા કારણો છે, તેનો જો અવરોધ કરવામાં આવે તો પશુઓનું રક્ષણ થાય; ત્યારે એ હિંસાના

માર્ગો તથા કારણો કયાં છે? પશુઓના સ્થૂળ શરીરનો પ્રત્યેક ભાગ મનુષ્યના ઉપયોગમાં આવે છે, એટલે કે તેનું માંસ, ચામડાં, હાડકાં, રૂધિર, ચરબી એ બધા પદાર્થોનો મનુષ્યો ઉપયોગ કરે છે, તેથી એ નિમિત્તે પશુઓની હિંસા થાય છે. માંસાહારીઓ પશુઓના માંસનું ભક્ષણ કરે છે, તેમનાં ચામડાં જોડા, કોસ, પટા, ચોપડાનાં પૂઠાં, પાકીટ, થેલા, વગેરે પ્રકારની વસ્તુઓ બનાવવાના ઉપયોગમાં આવે છે, રૂધિરને સૂકવી તેના ગઠ્ઠા બનાવવામાં આવે છે અને તે ગઠ્ઠા ચાહનાં ખેતરોમાં ખાતર તરીકે વપરાય છે, હાડકાંની કેટલીક વસ્તુઓ બને છે જેવી કે ચપ્પાના હાથા, રમકડાં વગેરે અને તે ઉપરાંત ખાતરમાં પણ તેનો ઉપયોગ થાય છે, ચરબી સાંચાઓમાં તેલને બદલે અને સાંચાના કાપડને ખેળ ચડાવવાના ઉપયોગમાં આવે છે: આવી રીતે પ્રત્યેક વસ્તુ ઉપયોગમાં આવતી હોવાથી પશુઓનો ઘાત થવા પામે છે. જો મરેલાં પશુઓની આ વસ્તુઓ ઉપયોગમાં લેવાતી હોય તો એક માત્ર અપવિત્રતા સિવાય બીજી કશી હાનિ થતી નથી, પરન્તુ માંસ અને રૂધિર માટે તો જીવતાં પશુઓનો જ ઘાત કરવામાં આવે છે. કુદરતી મોતે મરતાં પશુઓની સંખ્યાથી ચામડાં, હાડકાંના વેપારીઓની ભૂખ ભાગતી નહિ હોવાથી આ હિંસામાં તેઓ પણ હિત ધરાવે છે: આ કારણથી જીવતાં પશુઓનો ઘાત ઓછો થવાનો યત્ન કરવો તે પશુરક્ષણનું પવિત્ર કાર્ય બજાવવા બરાબર છે. માંસાહાર એ જીવતા પશુના ઘાતનું મુખ્ય કારણ છે અને તે અટકાવવા માટે પણ ખરેખરો યત્ન કરવામાં આવવો જોઇએ. જોકે માંસાહાર કોઈ પણ દેશમાં તદ્દન બંધ થાય તે શકય નથી, તોપણ તેનું પ્રમાણ ઓછું થાય, જનતાને ઉપયોગી જાનવરો ઓછાં કપાય કે ન કપાય, લોકોને ઘી, દૂધ માત્ર નામનાં જ મળે છે, તેથી તેમની માનસિક શારીરિક શક્તિમાં ન્યૂનતા આવતી જાય છે એ અડચણ દૂર થાય, ખેતી જેવા ઉદ્યોગો સુધરે અને પરિણામે આજે દેશના મોટા ભાગનાં મનુષ્યોને નિયમિત રીતે રોજ બે ટંક ખાવાનું મળતું નથી એ દુર્દશા દૂર થવા પામે, તેટલા માટે તો લોકોને માંસાહાર છોડાવવા માટે યત્ન કરવો એ દેશના કલ્યાણનો જ માર્ગ છે. યજ્ઞોમાં પશુઓનો ભોગ પ્રાચીન કાળમાં

જેટલો અપાતો તેટલો હવે અપાતો નથી, પરન્તુ દેવ-દેવીઓના ભોગ નિમિત્તે પશુઓને મારીને તેમના માંસનું ભક્ષણ કરવાનો અને એ રીતે માંસાહારની બુભૂક્ષાને તૃપ્ત કરવાનો માર્ગ અજ્ઞાન લોકો મોટા પ્રમાણમાં પકડી બેઠા છે, તે બધાને ધર્મનિમિત્તે પશુવધ કરતાં યુક્તિપૂર્વક અટકાવવા જોઈએ. કેટલાકો એમ સમજે છે કે આવી હિંસા કરનારાઓને શામ-દામ-દંડ-ભેદાદિ હરકોઇ યુક્તિથી તેમ કરતાં અટકાવવા એ ઠીક છે, પરન્તુ ' શામ ' સિવાયની બીજી યુક્તિઓ ચિરકાળનું પરિણામ લાવી આપતી નથી, તેટલા માટે હિંસકોને સમજૂતી જ આપવી જોઈએ કે દેવો પશુઓનું બલિદાન માંગે તેવા દુષ્ટ અને હિંસક હોતા નથી; તેઓ મનુષ્યથી ઘણી ઉંચી કોટિએ વિરાજતા જીવો છે, માટે તેમને નિમિત્તે હિંસા કરવી એ કેવળ નિરર્થક છે તેમજ અનર્થકારક છે. ( ૯૫ )

[ પશુઓના રક્ષણને અર્થે કેવા નિયમો રાજ્યમાં ઘડવામાં આવવા જોઈએ તે વિષે હવે સૂચન કરવામાં આવે છે. ]

**पशुरक्षकशासनानि । ९६ । ९७ ॥**

**भारं नाधिकमंशतोऽपि बिभृयाल्लोभेन गन्त्र्यादिके ।**
**वृद्धं वा वृषभादिकं हतबलं कश्चिन्न संवाहयेत् ॥**
**दौर्बल्ये गदसंभवे पशुपती रक्षेत् पशुं यत्नतो-**
**भाव्यं तादृशशासनैर्नरपते राज्ये हितार्थं पशोः ॥**
**न स्युस्तादृशशासनानि विषये यस्मिन् दयाऽभावत-**
**स्तत्रोत्पाद्य दयाबलं दृढतरं नव्यानि निर्मापयेत् ॥**
**पाल्यन्ते न च तानि सन्त्यपि जनै राज्याऽव्यवस्थादित-**
**स्तेषामादरपूर्वपालनविधौ कुर्यात् प्रयत्नं शुभम् ॥**

## પશુરક્ષાના કાયદા.

**ભાવાર્થ**—સારા રાજાના રાજ્યમાં પશુના રક્ષણ માટે એવા પ્રકારના કાયદા હોવા જ જોઇએ કે કોઇ પણ ગાડીવાળો ભાડાના લોભે એક અંશ માત્ર પણ મર્યાદાથી વધારે ભાર ભરે નહિ, વૃદ્ધ અથવા દુર્બળ બળદ આદિ કોઇ પણ પશુને ગાડીમાં જોડે નહિ, પશુ જ્યારે દુર્બળ થઇ જાય કે રોગી બની જાય ત્યારે તેનો માલિક રખડતાં ન મૂકે પરન્તુ પોતાને ઘેર રાખીને યોગ્ય સારવાર કરે. જે દેશમાં તેવી દયાને અભાવે કદાચ ઉપર જણાવેલા પશુરક્ષણના કાયદા બંધાયા ન હોય, તો તે દેશમાં મજબૂત રીતે દયાનું બળ ઉત્પન્ન કરીને રાજ્ય તરફથી નવા કાયદા બંધાવવા જોઈએ. કદાચ કાયદા બંધાએલા હોય, પણ રાજ્યની દેખરેખને અભાવે તે કાયદાઓ લોકો તરફથી પાળવામાં આવતા ન હોય તો રાજાને કે પ્રજાને જાગૃત કરી આદરપૂર્વક તે કાયદાનું પાલન થાય તેવો શુભ પ્રયત્ન કરવો જોઇએ. (૯૬–૯૭)

**વિવેચન**—એક બાજુએ જોકે કેટલાક લોકો પોતાનાં પશુઓની હિંસા ખોરાક માટે કે વેપારની બીજી જણસો માટે કરે છે, તોપણ બીજી બાજુએ પશુઓની રક્ષા કરવાની અને તેઓ ઉપર દયાળુતા દર્શાવવાની આવશ્યકતા પણ બતાવે છે. દયા મનુષ્યના હૃદયનો જ પરમ ગુણ છે, જગતના બીજા કોઈ પ્રાણીમાં તે નથી. જો મનુષ્યમાં એ એક જ ગુણ ન હોય તો જંગલી પશુ અને મનુષ્યમાં કાંઇ જ તફાવત લેખાય નહિ. અંગ્રેજ કોમ માંસાહારી છે, છતાં તે જીવતાં પશુઓ ઉપર દયા રાખવાના સિદ્ધાંતને સ્વીકારે છે. ઈંગ્લાંડમાં અને દુનિયાના બીજા દેશોમાં પણ પશુરક્ષણને લગતા કાયદા છે અને પશુઓ ઉપર ઘાતકીપણું ન ગુજરે તે માટે સંભાળ લેવામાં આવે છે. મહારાણી વિકટોરિયાએ કહ્યું છે કે–" સખાવતમાં અને દયાના પ્રદેશમાં પ્રભુનાં મૂગાં અને અશરણ પ્રાણીઓનો સમાવેશ જે સુધારામાં નથી તે સુધારો પૂરો નથી." એક અંગ્રેજ લેખક કહે છે : "માણસમાં છોકરૂં અને તેથી ઉતરતા જગત્માં જાનવર દયાને પાત્ર છે. જેઓ તેમના હક્કની અવગણના કરે છે, તેમને

પોતાના સંબંધમાં ન્યાય અગર દયાની આશા રાખવાનો હક્ક નથી." આ પ્રમાણે જાનવરો ઉપર દયાભાવથી વર્તવાનું તો માંસાહારીઓ તેમજ માંસ-ભક્ષણ નહિ કરનારાઓ પણ સ્વીકારે છે. જાનવરોને ધંધા નિમિત્તે અનેક પ્રકારનો ત્રાસ લોકો તરફથી ગુજારવામાં આવે છે. ભાડાનાં ગાડાંમાં હદ ઉપરાંત ભાર ભરવાથી ઘોડા કે બળદને તે ખેંચતાં અતિશ્રમ વેઠવો પડે છે, તેમને ઉતાવળે ચલાવવા માટે સાદી કે આરવાળી લાકડી, ચાબુકના ફટકા મારવામાં આવે છે, તેમને ભૂખ્યાં, તરસ્યાં રાખી જરા પણ આરામ વિના તેમની પાસેથી કામ લેવામાં આવે છે, કલકત્તામાં કેટલાક દુષ્ટો ગાયોના ગુહ્યાંગમાં ધાતુની નળી દાખલ કરી ફુંક મારે છે, એટલે ગાય પોતાનું દૂધ ચોરી નહિ લેતાં છોડી દે છે અને એ પ્રમાણે દૂધ માટે ત્રાસ ગુજારે છે. કેટલાક પાઠાં પડેલા બળદ, ઘોડા કે ગધેડાં ઉપર ભાર ભરવામાં આવે છે અને તેથી એ પશુઓને બહુ ત્રાસ વેઠવો પડે છે અને જ્યારે એ પાઠાં લોહીયાળ અને ઉઘાડાં હોય છે ત્યારે તે ઉપર માખીઓ અને બીજાં જીવડાં બણબણાટ કરી મૂકી તેને ચટકા ભરી પીડે છે. કેટલાક દુષ્ટ લોકો ઘરડાં કે મરણકાંઠે આવેલાં પશુઓને ખવરાવવું ન પડે એવા સ્વાર્થથી રસ્તામાં રઝળતાં મૂકી દે છે. આવો જ ત્રાસ ઘણી વાર પક્ષીઓ ઉપર પણ ગુજરતો દેખાય છે. આ બધો ત્રાસ પશુ–પંખી પર ન ગુજરે તે માટે સુધરેલા દેશોમાં કાયદા કરવામાં આવ્યા છે અને આપણા દેશમાં પણ તે માટેનો કાયદો છે, પરન્તુ એ કાયદાનો અમલ લોકો કરતા નથી અને તેનો અમલ કરાવવા સરકારે જે કાળજી રાખવી જોઇએ તે તે રાખતી નથી. આથી જ્યારે કોઇ પશુરક્ષક મંડળ કે કોઇ જીવદયા મંડળ કિંવા કોઈ પરગજુ સંસ્થા એ કાયદાનો ભંગ કરનારને ન્યાયની કચેરીમાં દોરે છે અને તેણે કરેલો ગુન્હો સાક્ષીઓ દ્વારા સાબીત કરી તેમને શિક્ષા કરાવે છે, ત્યારે જ કાંઇક થાય અસર છે: પરન્તુ આ રીતે ન્યાય મેળવવાનું કામ ઘણું કંટાળાભરેલું હોવાથી સમાજસેવકો પણ એ દિશાએ બહુ ધ્યાન આપી શકતા નથી. પરિણામે પશુઓ ઉપર ગુજરતું ઘાતકીપણું ચાલુ જ રહ્યા કરે છે. હિંદમાં તો અતિપ્રાચીન કાળમાં પણ પશુરક્ષાના સુંદર કાયદાઓ

હતા. રાજા **અશોકે** જે શિલાલેખોમાં પોતાની આજ્ઞાઓ કોતરાવી હતી તેમાંની એક આજ્ઞા એવી હતી કે—" દેવપ્રિય **પ્રિયદર્શી** રાજાના સઘળા મુલકોમાં તથા પાસેના દેશમાં જેવા કે **ચોળ, પાંડ્ય**દેશ, **સત્ય**પુત્ર, કેરલપુત્ર, **તામ્ર**પર્ણી ( લંકા ) માં તથા ગ્રીક રાજા **એન્ટીઓકસ** તથા તેના સામંત રાજાઓના મુલકમાં—દરેક સ્થળે મનુષ્યના સુખના તેમજ પ્રાણીઓના સુખના ઉપાયો દેવપ્રિય **પ્રિયદર્શી** મહારાજા તરફથી યોજવામાં આવ્યા છે. મનુષ્યો તથા પશુઓને ઉપયોગી જે જે ઔષધિઓ જે જે સ્થાને નથી. તે તે ઔષધિઓ મંગાવીને તે તે સ્થાને રોપાવી છે. તેમજ ફળ મૂળ જે સ્થળે નથી તે સ્થળે મંગાવીને રોપેલાં છે. મનુષ્યો તથા પશુઓના ઉપયોગ સારૂ માર્ગમાં વૃક્ષો વવરાવ્યાં છે અને કુવા ખોદાવરાવ્યા છે. " સમયને અનુકૂળ થાય તેવો કાયદો આપણા દેશમાં હોવા છતાં પશુઓ ઉપર ઘાતકીપણું તો ગુજરે છે જ. એક રીપોર્ટ ઉપરથી જણાય છે કે મુંબઇમાં ઘુંટણ ભાગેલો, લંગડો, નબળો પડી ગએલો, ડામેલો, છોલાયલી છાતીનો, છોલાયલા પગનો, છોલાયલા શરીરનો, પાકું પડેલો, વગેરે પ્રકારે ત્રાસ ભોગવતા ઘોડાઓ ઉપરની નિર્દયતા માટે ૭૪૭ માણસો ઉપર એક વર્ષમાં કામ ચલાવવામાં આવ્યું હતું. બળદો ઉપરની નિર્દયતા માટે ૯૬૩૫ માણસો ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું. બે વર્ષમાં ૧૦૪૬૨ કેસોમાં સજા થઈ હતી. છતાં આજે એવું જ ઘાતકીપણું ચાલુ છે. આ કારણથી પશુરક્ષણને માટે ગ્રંથકાર ઉપરના બે શ્લોકમાં મુખ્યત્વે કરીને બે સૂચના કરે છે. એક સૂચના એ છે કે જે જે સ્થળે પશુરક્ષણને લગતા ઉપર જણાવ્યું તેવા કાયદા કે નિયમનો ન હોય તે તે સ્થળે તેવા કાયદા પશુરક્ષાપરાયણ સેવકે કરાવવા જોઈએ અને બીજી સૂચના એ છે કે જ્યાં કાયદા હોય પણ તેનો અમલ રાજ્ય તરફથી બરાબર ન થતો હોય ત્યાં પ્રજાને જાગૃત કરીને એવા કાયદાનું પાલન કરાવવું જોઇએ. અનુભવ ઉપરથી માલૂમ પડે છે કે જ્યાંસુધી પશુઓના નિર્દય માલેકો પાસે સતત રીતે પશુરક્ષાના કાયદાઓનું પાલન કરાવવામાં ન આવે અને તે માટે પૂરી જાગૃતિ બતાવવામાં ન આવે ત્યાંસુધી મનુષ્યની સ્વાર્થપરાયણતા દુષ્ટ ને દુષ્ટ જ રહે છે; માટે તેવા માણસોને સતત યત્ન વડે સુધારવાની ફરજ પાડવામાં આવવી જોઇએ. (૯૬–૯૭)

[ હવે બાલ અને વૃદ્ધ પશુના સંબંધમાં ગ્રંથકાર વિશિષ્ટ સૂચના કરે છે. ]

पशुपोतवद्धपशुरक्षणम् । ९८ ॥

**नो यावत्तृणभक्षकाः क्षितितले पोताः पशूनां स्वयं ।**
**तावत्ते निजमातुरेव पयसा पोष्याः पशुस्वामिभिः ॥**
**विक्रय्यो न विघातकाय विगते स्वार्थेऽपि देयं तृण-**
**मित्थं शासनपद्धतिं नृपगुरुद्वारा च निर्मापयेत् ॥**

### લવારડાં અને વૃદ્ધ પશુઓનું રક્ષણ.

**ભાવાર્થ**—વાછરડા પાડા લવારડાં વગેરે પશુઓનાં બચ્ચાં જ્યાંસુધી જમીન ઉપર પોતાની મેળે ઘાસ ખાતાં ન થાય, ત્યાંસુધી તે બચ્ચાંને પશુઓના માલેકોએ તે બચ્ચાંઓની માનું દૂધ છૂટથી પીવા દઇને પોષવાં જોઇએ—અર્થાત્ તેમને તેમની માથી છૂટાં ન કરવાં જોઇએ. જ્યારે કામ કરીને પશુઓ વૃદ્ધ થાય એટલે નકામાં થાય ત્યારે તેના માલેકો તેમને ચારોપાણી ન આપતાં રખડતાં ન મૂકે અને કસાઈ વગેરેને ત્યાં મારવા માટે વેચી ન નાંખે તેવો બંદોબસ્ત રાજ્યની મારફત કે તેમના ગુરૂની મારફત કાયદાઓ ઘડાવી કરાવવો જોઇએ. (૯૮)

**વિવેચન**—અત્યારસુધી લોકોપયોગી જાનવરોના રક્ષણની વાત થઇ; પરન્તુ જે જાનવરો તત્કાળ ઉપયોગી ન લાગતાં હોય, અથવા જે કેવળ નિરૂપયોગી થઇ ગયાં હોય, તેઓનું શું ? સ્વાર્થાંધ માલેકો આવાં નિરૂપયોગી જાનવરોનું પોષણ કરવા ઇચ્છતા નથી, કારણકે તેઓના પોષણ પાછળ કરવામાં આવતું ખર્ચ તેમને વ્યર્થ દેખાય છે—અનુત્પાદક દેખાય છે. એક જડ સંચો કે જે સારી રીતે ચાલીને કામ આપે છે, તેને માટે તો દરેક મનુષ્ય ખર્ચ કરે છે, તેમાં તેલ પૂરે છે, તેને સાફ રાખે છે, તેને માટે બળતણ બાળી તેમાં શક્તિ ભરે છે, પરન્તુ જે સાંચો કામ આપવાની શક્તિથી હીન થઈ ગયો હોય છે, જે ઘસાઈ પીસાઇને નકામો થઇ ગયો હોય છે, તેની પાછળ કોણ ખર્ચ કરે ? આવીજ દષ્ટિના માલેકો

પોતાનાં જાનવરોને પણ પૈસા પેદા કરવા માટેનો એક જડ સંચો માને છે અને જ્યાંસુધી તે સંચો કામ આપે છે, ત્યાંસુધી તેને ખવરાવવામાં કે તેનું રક્ષણ કરવામાં સાર્થકતા સમજે છે! આવી સ્થૂળ દૃષ્ટિનો પ્રાણી 'મનુષ્ય' કહેવાવાને લાયક નથી. જે મનુષ્ય લોખંડ કે લાકડાના જડ સંચાની તુલનામાં જ જીવંત પ્રાણીને મૂકે છે અને એઉની સરખામણી કરે છે તે મનુષ્યને પણ જડ જ કહેવો જોઇએ. આવી દૃષ્ટિના માલેકો કેવાં આચરણો કરે છે? તેઓ બાળ પશુઓને રખડતાં મૂકી દે છે અને વૃદ્ધ પશુઓને પોતાને ઘેરથી બહાર હાંકી કાઢે છે! બકરાં રાખનારા રબારીઓ બકરી દૂધ દેતી હોવાથી તેનું મૂલ્ય નર બકરાઓ કરતાં વધારે સમજે છે, તેથી વગડામાં વીઆયલી બકરીઓનાં નર બાળકોને તેઓ જંગલમાં જ્યાં ત્યાં મૂકી દઇને ચાલ્યા જાય છે! આ બકરાંઓ માત્ર દૂધ પીનેજ જીવી શકે તેવાં હોય છે એટલે તેઓ વગડામાં ભૂખે મરી જાય છે અથવાતો કોઈ વગડાઉ પ્રાણીનો ભક્ષ બને છે. તેવીજ રીતે વૃદ્ધ બળદ, ગાય કે ભેંસ કે જે કશા કામનાં રહ્યાં હોતાં નથી તેમને પણ નિર્દય માલેકો કાં તો ઘેરથી હાંકી મેલે છે અથવાતો કસાઇઓને વેચાતાં આપે છે. આવા સ્વાર્થાંધ મનુષ્યો પશુઓના પાલક થવાને લાયક જ હોતા નથી, અને તેથી તેમને ભાનમાં લાવવા યત્ન કરવો જોઇએ. આ યત્ન કેવી રીતે કરવો? પહેલો યત્ન મનુષ્ય તરીકેની તેમની માયા—દયા ઉશ્કેરીને તેમને સાચા ભાનમાં આણવાનો છે અને એ યત્ન જો નિષ્ફળ નીવડે છે તો જે ધર્મગુરૂઓનો તેમના ઉપર કાબૂ હોય તે ધર્મગુરૂઓ પાસે રાવ લઈ જઇને તેમની દ્વારા તેમને તેમની ફરજો સમજાવવી જોઇએ. જ્યાંસુધી પશુઓનાં બચ્ચાં પોતાની મેળે હરીફરીને ઘાસ વગેરે પદાર્થોનું ભક્ષણ કરતાં ન થાય, ત્યાંસુધી તેમને તેમની માતાના દૂધનું પોષણ મળવું જોઇએ અને નિરૂપયોગી થએલાં વૃદ્ધ પશુઓને તેમના કુદરતી મરણસમયસુધી યોગ્ય રક્ષણ તથા પોષણ માલેક તરફથી મળવું જોઇએ, તેઓને રખડતાં મૂકવામાં કે કસાઇઓને વેચાતાં આપી દેવામાં આવવાં ન જોઇએ, એ હેતુપૂર્વક આ બધા યત્નો કરવામાં આવવા જોઇએ. આવા યત્નો પણ પૂરા સફળ નીવડતા નથી અને તેથી દયાળુ જનો પાંજરા-

પોળો બાંધી અશક્ત તથા બાળપશુ ઓને ત્યાં લાવી તેમનું પોષણ કરે છે. આ યોજના અનુકંપાની દૃષ્ટિએ સારી છે, પરન્તુ લુચ્ચા માલેકોને તેથી તેમની સ્વાર્થદૃષ્ટિમાં ઉત્તેજન પણ મળે છે. પશુ વૃદ્ધ થતાં તેને પાંજરા-પોળમાં મૂકવાથી પોતાની ફરજમાંથી મુક્તિ મળે છે એવું સમજનારા અર્ધ-દયાળુ માલેકો તેમને કસાઇને વેચવાનું પાપ તો કરતા નથી, પણ પશુના જીવનપર્યંત તેનું રક્ષણ કરવાની પોતાની ફરજ પૂરી બજાવતા નથી અને એ રીતે દોષભાગી તો અવશ્ય બને છે. એ જ રીતે લવારાં કે પશુઓનાં બચ્ચાંને વગડામાં રખડતાં મૂકી દેનારા રબારીઓ સમજે છે કે પાંજરાપોળના કે મહાજનના માણસો તેવાં બચ્ચાંને સંભાળીને લઈ જશે એટલે તેઓ પોતાની ફરજ બજાવવામાં શિથિલ બને છે. આ કારણથી પાંજરાપોળની યોજનાની સાથે ધર્મમંડળ કે રાજ્ય તરફનો એવો કાયદો હોવાની જરૂર છે કે જેથી પશુઓ પ્રત્યેની પોતાની ફરજ નહિ બજાવનારા નિર્દય માલેકો શિક્ષાને પાત્ર બને અને તેઓ સાન–ભાનમાં આવે. આટલા માટે જ ગ્રંથકાર **इत्थं शासनपद्धतिं नृपगुरुद्वारा च निर्मापयेत्** એ શબ્દોમાં કહે છે કે રાજા કે ધર્મગુરુદ્વારા કોઈ કાયદાની યોજના પણ કરવામાં આવવી જોઇએ. પિતા વૃદ્ધ થતાં અને કમાણી કરવાને નાલાયક થતાં જુવાન પુત્ર તેનો ઘાત કરી નાંખે કિંવા ઘર બહાર હાંકી કાઢે તે જેટલું અન્યાયયુક્ત છે તેટલું જ અન્યાયયુક્ત પશુ વૃદ્ધ થતાં તેને હાંકી કાઢવાનું કે કસાઇને આપી દેવાનું છે. વૃદ્ધ માતાપિતા પુત્ર પાસેથી પોષણ રક્ષણ માંગી શકે છે, પરન્તુ વૃદ્ધ પશુઓ તો માંગી શકતાં નથી કારણકે તેમને મનુષ્ય જેવી વાણી હોતી નથી. પુત્ર ન ગાંઠે તો વૃદ્ધ માતાપિતા રાજા પાસે જઇ કે ન્યાયની કચેરીમાં જઇ ફરીયાદ કરે છે અને કાયદેસર રીતે પોષણ મેળવી શકે છે. આજે પશુઓ તરફથી ફરીયાદ કરનાર કોણ છે? માત્ર પશુસેવાનો ધર્મ જેમણે અંગીકાર કર્યો છે તેવા મનુષ્યો જ આજે એવા પશુઓના વકીલો છે. આ સ્થૂળ દૃષ્ટિની દુનીયામાં બાળ તથા વૃદ્ધ પશુઓ માટેના રાજ્ય તથા ધર્મ તરફના કાયદા કોઇ જ સ્થળે હોય છે; બહુધા એવા પશુઓને અન્યાય જ મળે છે. મુંબઈ જેવા શહેરમાં આવાં નિરૂપયોગી લેખાતાં પશુઓનો મોટા

પ્રમાણમાં ઘાત થાય છે. કોઈ કોઈ સ્થળે વાછરડાં અને નાની વયની ગા-યોને કસાઇખાને જતી અટકાવવાના કાયદા છે. એવાં પશુઓ વધારે ઉપયોગી થઇ પડે તેવાં હોય છે, એટલે સ્વાર્થદૃષ્ટિવાળું જગત્ એવા કાયદા કરે, પરન્તુ વૃદ્ધ પશુઓના બેલી તો દયાળુ જનોજ છે. મૂગાં પ્રાણીઓની આ સેવાં બજાવનારાઓની મોટી સંખ્યાની **આર્યાવર્ત**ને જરૂર છે. (૯૮)

[વૃદ્ધ કે બાળ પશુઓ કાયદેસર રીતે પોતાના માલેક પાસેથી પોષણ મેળવી ન શકે અને કેવળ તેમની દયાવૃત્તિ ઉપર જ પશુઓના જીવનનો આધાર રહે, ત્યાંસુધી બાળ, અશક્ત, અપંગ અને વૃદ્ધ નિરાધાર નધણીયાતાં પશુઓને માટે પાંજરાપોળ જેવી સંસ્થાની આવશ્યકતા રહેશે અને રહે છે; પશુસેવા પ્રકરણના અંતમાં હવે ગ્રંથકાર તે વિષે વિવેચન કરે છે.]

**पश्वालयव्यवस्था ।९९॥**

**वृद्धा दुर्बलरोगिणः क्षतहता निर्नाथका व्यङ्गका ।**
**निःशक्ताः पशवो बुभुक्षिततरा नेयाः सुपश्वालये ॥**
**भैषज्येन च रोगिणां क्षतवतां कुर्यात् स्वयं सेवन-**
**मन्येषामपि रक्षणाय तनुयात्तत्र व्यवस्थां वराम् ॥**

**પાંજરાપોળની વ્યવસ્થા.**

**ભાવાર્થ**—જે પશુઓ વૃદ્ધ, દુર્બળ, રોગી કે જખમી થઈ ગયાં હોય, ધણી વગરનાં રખડતાં હોય, કોઇ અંગ ઉપાંગ છેદાઈ ગયાં હોય, અશક્ત બની ગયાં હોય, ભૂખે મરતાં હોય, તો તેવાં પશુઓને દયાળુ માણસોએ પાંજરાપોળ જેવી સંસ્થામાં પહોંચાડવાં જોઇએ. ત્યાં જે પશુઓ રોગી કે જખમી હોય તેની દવા અને સારવાર કરવી જોઇએ, બીજાં પશુઓનું પણ બરાબર રીતે ત્યાં રક્ષણ થાય તેવી ઉત્તમ વ્યવથા કરાવવી જોઇએ. (૯૯)

**વિવેચન**—જે ગરીબ ધંધાદારીઓ અને તેમનાં કુટુંબોના જીવનનો આધાર પોતાનાં પશુઓ દ્વારા થતી કમાણી ઉપર રહેલો હોય છે, જેઓ પશુઓ પ્રત્યેની ફરજ સમજવા છતાં પૂરી અનુકંપાવાળા હોતા નથી, કિંવા જેઓ

કેવળ દયાહીન હોઇને નિરૂપયોગી પશુઓને કસાઇઓને ત્યાં મોકલી દેવા અચકાય તેવા હોતા નથી, તેઓનાં વૃદ્ધ, દુર્બળ કે રોગી પશુઓને આશ્રય આપી તેમનું પોષણ કરવા માટ પાંજરાપોળ જેવી ધર્માદા સંસ્થાની આવશ્યકતા રહે છે. જો આવી સંસ્થા નથી હોતી તો ઉપર જણાવ્યું તેવા લોકો પોતાનાં પશુઓને વધારે પીડા ઉપજાવનારા બને છે અને બિચારાં મૂગાં પ્રાણીઓ વધારે હેરાન થાય છે. એવી વ્યવસ્થાને અભાવે લોકો પોતાનાં ઢોરને કસાઈવાડે જવા દે છે અથવા તેમને રખડતાં મૂકી દે છે. આ કારણથી પશુસેવાનો ધર્મ સમજનારાઓ પાંજરાપોળને એક આવશ્યક સંસ્થા માને છે. આપણા દેશની પાંજરાપોળની યોજનાને પાશ્ચાત્ય દેશો ઉપયોગી માનતા નથી, પરન્તુ તેઓની અને આપણા દેશની દષ્ટિમાં વિશાળ તફાવત રહેલો છે. તેઓ જાનવરોને સ્થૂળ ઉપયોગિતાની દષ્ટિથી જોનારા છે અને આપણો દેશ ઉપયોગિતાને ગૌણ માની आत्मवत्सर्वभूतेषु ના સિદ્ધાન્તને દષ્ટિ સમીપે રાખી વર્તનારો છે. આમ હોવા છતાં પાંજરાપોળોની વ્યવસ્થામાં રહેલા દોષો સુધારવાની જરૂર છે એટલું તો સ્વીકારવું જોઇએ. પાંજરાપોળોમાં મોટે ભાગે રોગી, જખમી, અશક્ત અને દુર્બળ પશુઓ હોય છે અને જ્યાં તેવી સંખ્યા મોટી હોય છે, ત્યાં તેમની યોગ્ય સેવા થતી નથી. કેટલીક વાર એવાં પશુઓને નીરવામાં આવતો ચારો સશકત પશુઓ ખાઈ જાય છે અને દુર્બળ પશુઓ ભૂખે મરે છે. આવે સ્થળે ગંદકી પણ વિશેષ હોય છે. તેથી ઉલટું જો પાશ્ચાત્ય દેશોની પશુઓની ઇસ્પીતાળો આપણે જોઇએ તો આપણી પાંજરાપોળો કેવી હોવી જોઇએ તેનું આપણને પૂરૂં ભાન થાય. એવી ઇસ્પીતાળોમાં માત્ર સ્વાર્થદષ્ટિ કે ઉપયોગિતાવાદનું પ્રાધાન્ય હોય છે, પરન્તુ આપણા દેશની અનુકંપાદષ્ટિથી તો આપણે તેમના કરતાં વધારે મોટી, સુઘડ અને વ્યવસ્થાવાળી પાંજરાપોળો ઊભી કરી શકીએ. ગ્રંથકાર પણ **व्यवस्थां वराम्** એ બે શબ્દો વડે પાંજરાપોળોની ઉપયોગિતા વધારવા પ્રત્યે જ પશુસેવાધર્મીઓનું લક્ષ દોરે છે. આપણી પાંજરાપોળોનો સામાન્ય વ્યવસ્થાદોષ જાણીતો હોવાથી જ આ પ્રાસંગિક સૂચન કરવામાં આવેલું છે. જે અનુકંપાશીલ સજ્જનો પાંજરાપોળની વ્ય-

સ્થા કરવામાં જોડાએલા છે તેઓ મૂગાં પશુઓનો આશીર્વાદ ગ્રહણ કરે તેવી રીતે સ્વધર્મ બજાવે, તો તેઓ આપણી પાંજરાપોળોને પાશ્ચાત્ય દેશોને માટે પણ આદર્શ રૂપ બનાવી દે. (૯૯)

# पंचदश परिच्छेद.

## સેવાધર્મ : જ્ઞાતિની સેવા.

[ જ્ઞાતિ એ એક સામાજિક સંસ્થા છે, એટલે જ્ઞાતિસેવા એ એક સમાજ-સેવાનો જ પ્રકાર છે, પરન્તુ સમાજમાં જ્ઞાતિની સંસ્થાનું અસ્તિત્વ કેવળ જૂદી કક્ષાનું હોવાથી જ અત્ર તેવી સંસ્થાનું પૃથક્ નિરૂપણ કરવામાં આવેલું છે. સૌથી પહેલાં જ્ઞાતિસેવાનું સામાન્ય નિરૂપણ કરતાં જ્ઞાતિની ઉપયોગિતા-તેના સબળતા-રૂપી ગુણ અને નિર્બળતારૂપી અવગુણનું કથન ગ્રંથકાર કરે છે અને એ રીતે જ્ઞાતિરૂપ સંસ્થાનું ઉપકારકપણું કેવી રીતનું છે તે દર્શાવે છે. ]

ज्ञातिसत्काऽऽन्तरभेदपरिहारः । १००॥

**तुल्याचारकुटुम्बसंहतितया ज्ञातिः समारभ्यते ।**
**विस्तीर्णा हि यथा यथा भवति सा तस्या बलं स्यात्तथा॥**
**सा भेदैर्यदि खण्डिता बहुविधैः क्लेशावहा स्यात्तदा ।**
**तस्मादान्तरभेदखेदहरणे यत्नो विधेयः परः ॥**

### જ્ઞાતિની સેવા.

**ભાવાર્થ**—સરખા આચારવાળા અને સરખા રીતરિવાજવાળા કુટુંબોના જોડાણથી જ્ઞાતિની રચના થાય છે. તે કુટુંબોનો સમૂહ જેટલો મોટો હોય અર્થાત્ જ્ઞાતિ જેટલી વિશાળ હોય તેટલે અંશે તે જ્ઞાતિનું બળ વધારે ગણાય. બળવાન જ્ઞાતિ પોતાનું અને પરનું રક્ષણ કરી શકે છે પણ જ્યારે એક વિશાળ જ્ઞાતિમાં નાના નાના વિભાગ પડવા માંડે છે એટલે જ્ઞાતિ ખંડિત થાય છે, ત્યારે તેનું બળ તૂટવાથી તેને અનેક પ્રકારના કલેશમાં

ઉતરવું પડે છે, માટે સજ્જનોએ જ્ઞાતિના આંતરભેદ–પેટાવિભાગને દૂર કરવાનો ઉત્કૃષ્ટ પ્રયત્ન કરવો જોઈએ. (૧૦૦)

**વિવેચન**—જ્ઞાતિ એટલે શું? સામાન્ય રીતે જ્ઞાતિ એ એક એવો સમુદાય છે કે જેણે પોતાની સંસ્કૃતિનો અમુક આદર્શ સ્વીકાર્યો હોય છે અને એ આદર્શને લક્ષ્યબિંદુ માનીને તેના સંરક્ષણ માટે અમુક પ્રકારના સામાજિક આચારોની મર્યાદા બાંધી હોય છે. બાહ્યતઃ આપણને એવું જ સમજાય છે કે જે કુટુંબોએ સમાન આચારોને અને રીતરિવાજોને સ્વીકાર્યા હોય છે, તે એક જ્ઞાતિ છે. પૂર્વે આ જ્ઞાતિબંધારણ વર્ણાશ્રમ ધર્મને અનુસરીને થએલું હતું. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણો હતા અને ચારે પોતાના વર્ણાશ્રમના ધર્મો બજાવતા સંસારમાં વિચરતા; પરન્તુ એક જ વર્ણનાં જૂદાં જૂદાં ટોળાં બંધાવા લાગ્યાં, જૂદે જૂદે સ્થળે રહેવા લાગ્યાં, જૂદી જૂદી સ્થળ–કાળાદિની અસરો તેમના ઉપર થવા લાગી, તેમ તેમ જૂદા જૂદા સમુદાયો તરીકે તેઓ ઓળખાવા લાગ્યાં. વર્ણાશ્રમધર્મની મૂળ સંસ્કૃતિ જાળવવાની સાથે પોતાના ટોળા કે સમુદાયની વિશિષ્ટ સંસ્કૃતિ જાળવવાનો મોહ અને અભિમાન જેમ જેમ આવતું ગયું, તેમ તેમ તે સમુદાયો જ્ઞાતિરૂપ બની ગયા અને તેનાં જેમ જેમ નાનાં ટોળાં તથા તડ પડતાં ગયાં તેમ તેમ પેટાજ્ઞાતિઓ તથા તેમનાં બંધારણ ઠરાવા લાગ્યાં. પોતાની આદર્શભૂત પ્રાચીન સંસ્કૃતિ જાળવી રાખવાના જ પ્રયત્નમાં આ પ્રમાણે જ્ઞાતિઓ બંધાઈ અને તેઓ પોતાની વિશિષ્ટતા જાળવવા લાગી. આ જ્ઞાતિના આચારાદિના નિયમો જ્ઞાતિજનોને અનેક રીતે ઉપકારક થઈ પડ્યા. સંસ્કૃતિનો ધ્વંસ કરે તેવું કોઇનું પણ પતિત આચરણ દોષને પાત્ર લેખાવાથી તેવા પતિત આચરણમાં પડતા અનેક લોકો અટકતા, સંસ્કૃતિની આસપાસ એકત્ર મળનારી અનેક વ્યક્તિઓની પોતાની વિશિષ્ટતા જાળવવાને પરાયા હુમલામાંથી પોતાના સમુદાયનું રક્ષણ કરતા, સમુદાયની અંદરના તોફાનીઓ કે બંડખોરોને સમુદાયમાંથી બહિષ્કૃત કરીને પણ પોતાની સંસ્કૃતિની શુદ્ધતા જાળવવા મથતા અને સમુદાયનું બળ તેઓને એ મથનમાં ઉપયુક્ત થઇ પડતું. આ પ્રમાણે જ્ઞાતિરૂપી સંસ્થા વ્યક્તિઓના ચારિત્ર્યને

પતિત થતું અટકાવવામાં સાધનભૂત બનતી અને એજ તેનો ઉપકારક અંશ છે. આ ઉપકારકતા જો જ્ઞાતિમાં ટકાવી રાખવામાં આવે તો તે સંસ્થા સમાજનું નમૂનેદાર હિત કરે એવી તેનામાં શક્તિ રહેલી છે. પાશ્ચાત્ય દેશોમાં જોકે જ્ઞાતિ નામની કોઈ સંસ્થા નથી, પરન્તુ સમાજનાં જૂદાં જૂદાં ટોળાં પોતાની પ્રાચીન અને આદર્શભૂત સંસ્કૃતિ જાળવી રાખવાને હમેશાં મથન કરતાં જ હોય છે અને તે ટોળાં એ જ્ઞાતિઓનાં જૂદાં સ્વરૂપો જ છે. આ પ્રમાણે જ્ઞાતિનાં બંધનો ઉપકારક છે, છતાં કેટલાકો તેને છિન્નભિન્ન કરી નાંખવાની હિમાયત કરે છે તેનું કારણ શું? કારણ એ છે કે આજે એ જ્ઞાતિની સંસ્થાનું સ્વરૂપ બગડી ગયું છે અને તેને ફરીથી સુધારી નહિ શકાય એવું જે અધીરા જનો માની રહ્યા છે તેઓ તેનો વિધ્વંસ કરવાની હિમાયત કરે છે. આ જ્ઞાતિ સંસ્થામાં અનેક પ્રકારના બગાડા પેઠા છે. પહેલો બગાડો તો એ જ છે કે મૂળ ચાર વર્ણોના અનેક પેટા પડી ગયા છે, અનેક જ્ઞાતિઓ બની ગઈ છે અને અનેક તડાં પડી ગયાં છે. જ્ઞાતિનું જે બળ પૂર્વે હતું તે આજે રહ્યું નથી કારણકે સમુદાયો નાના હોવાથી કોઈ ચોક્કસ સમુદાયની અંદર રહેવાની ગરજ જ કેટલાકને હોતી નથી! એક વિશાળ જ્ઞાતિમાં સ્વસંરક્ષણ કરવાની જે શક્તિ રહેલી હોય છે તે શક્તિ એક નાના તડમાં હોતી નથી. જે પોતાના સમુદાયનું રક્ષણ કરી શકે નહિ, તે સમુદાયની વ્યક્તિઓ સ્વચ્છંદી, ચારિત્ર્યહીન અને દુષ્ટ બને, પરિણામે તેની પ્રાચીન સંસ્કૃતિ, તેની વિશિષ્ટતાઓ, તેની ઉંચી ખાસીયતો વગેરે નાશ પામે તેમાં શી નવાઇ? એક મદ્રાસ ઈલાકામાં ૫૮૪ ન્યાતો બ્રાહ્મણોની છે અને ૨૩૦૦ ઉપરાંત ન્યાતો બ્રાહ્મણેતરોની છે. એવીજ હિંદના દરેક પ્રાંતમાં હજારો ન્યાતો છે અને એક ન્યાતની સેંકડો પેટાન્યાતો છે. વળી એક પ્રાંતની એક ન્યાતના વણીકો કે બ્રાહ્મણો બીજા પ્રાંતની તે જ ન્યાતના વણીકો કે બ્રાહ્મણો સાથે રોટી-બેટી વહેવાર રાખતા નથી. એટલે પછી હિંદમાં નાની નાની હજારો ન્યાતોમાં તેનું બળ વહેંચાઈ જાય તેમાં નવાઇ નથી. આવી રીતે બહુ નાનાં તડ કે ગોળને પરિણામે કેટલીક ન્યાતો તો સદંતર નાબૂદ થઇ જવાનો સંભવ છે. આવા બહુ નાના વિભાગો પડી જવાને પરિણામે

જ જ્ઞાતિરૂપ સંસ્થા કેટલાકોને અળખામણી થઈ પડી છે. જનતાના સારા ચારિત્ર્ય, આચાર અને ઉચ્ચ સંસ્કૃતિના ટકાવ માટે આ પેટાભેદો દૂર થવાની જરૂર છે અને તેટલા માટે જ્ઞાતિની પહેલી સેવા તો એ જ છે કે યોગ્ય યત્નોથી એ પેટાભેદો વચ્ચેનું અંતર દૂર કરવું અને નાના નાના સમુદાયનું સંગઠન કરવું. જે સંસારસુધારકો જ્ઞાતિનો વિધ્વંસ કરવાની હિમાયત કરે છે તેઓના કરતાં જેઓ જ્ઞાતિના વિભાગોને એકત્ર કરી તેમનું બળ વધારવાને કે નિયમોને સુધારવાને મથન કરે છે તેઓ વધારે સારા સંસારસુધારકો બને છે. મહાત્મા ગાંધીજી પણ કહે છે કે "સારામાં સારો ઉપાય તો એ જ છે કે નાની નાની જ્ઞાતિઓનાં મહાજન એકઠાં મળી એક જ્ઞાતિ બની જાય અને આ મોટો સંઘ બીજા સંઘોની સાથે મળી છેવટે ચાર વર્ણમાંના એકમાં સ્થાન લે." (૧૦૦)

[ હવે જ્ઞાતિને સુવ્યવસ્થિત રીતે ચલાવવાને કેવા જનોને નાયકપદ-પટેલ પદવી અપાવવી જોઈએ તે વિષે ગ્રંથકાર કહે છે. ]

### ज्ञातिनायकव्यवस्था । १०१ ॥

**नेतृत्वं न कुलक्रमागतमलं किन्तूत्तमैः सद्गुणै-**
**रन्यायं यदि तन्वतेऽल्पमपि ये किं तैः फलं नायकैः ॥**
**स्वार्थं साधयितुं मनागपि परानिष्टं वितन्वन्ति ये ।**
**तन्नेतृत्वविवर्त्तनेन जनतासेवा समापद्यते ॥**

### જ્ઞાતિના નેતાઓની વ્યવસ્થા.

**ભાવાર્થ**—કોઇ પણ પ્રકારનું નાયકપણું કુલપરંપરાથી વારસા તરીકે મળતું ન હોવું જોઇએ, કિન્તુ ઉત્તમ સદ્‌ગુણોને અનુસાર લાયકી મુજબ મળવું જોઈએ, અર્થાત્ નાયકને છાજે તેવા ગુણો હોય તો જ તે નાયક. જે નાયક થઇને જરા પણ પક્ષપાત કરે કે કોઇને અન્યાય આપે તેને નાયક બનાવવાનું શું પ્રયોજન? જે નાયકો પોતાનો સ્વાર્થ સાધ-

વાને થોડું પણ બીજાનું અનિષ્ટ કરે તેવા નાયકોના પાસેથી નાયકપણું છિનવી લઈ બીજા લાયક માણસને નાયક બનાવવાથી પણ એક પ્રકારે સમાજની સેવા બજાવાય છે. (૧૦૧)

**વિવેચન**—જેવી રીતે એક લશ્કરને સેનાપતિની, ટોળાને નાયકની, રાજ્યને રાજાની અને સ્ટીમરને કેપ્ટનની જરૂર હોય છે, તેવી રીતે જ્ઞાતિને એક નાયકની જરૂર હોય છે. આ નાયકને જ્ઞાતિનો પટેલ કે શેઠ કહેવામાં આવે છે. પૂર્વે કોઈ પણ દેશમાં રાજા એક આવશ્યક વ્યક્તિ જ લેખાતી અને રાજા વિના કોઇ પણ દેશનું રાજ્ય ચાલી શકે નહિ એમ મનાતું, પરન્તુ આજે રાજા વિના અનેક દેશોનાં રાજ્યો સુવ્યવસ્થિત રીતે ચાલે છે. છેલ્લી યુરોપીય લડાઈમાં જ કેટલાક દેશોના રાજાઓ પદભ્રષ્ટ થઈ ગયા છે અને ત્યાં પ્રજાસત્તાક રાજ્યો સ્થપાયાં છે. પ્રજાએ ચુંટેલા પ્રતિનિધિઓની સંસ્થા કે જેને સામાન્ય રીતે 'પાર્લામેન્ટ'ને નામે ઓળખવામાં આવે છે એ સંસ્થા દેશનો વહીવટ ચલાવે છે અને એ સંસ્થાના સભ્યોએ જ એક સર્વોપરિ પ્રમુખ ચુંટયો હોય છે જે આખા દેશનો વડો લેખાય છે. આ પ્રમાણે કુલ-ક્રમાગત રાજપદવી દૂર થઈને ચુંટણીને ધોરણે દેશના સર્વોપરિ પ્રમુખો ચુંટાવાનો ક્રમ ચાલુ થયો છે અને આ ક્રમ એક વ્યક્તિનિયંત્રિત રાજ્ય કરતાં વધારે સારો લેખાયો છે: આ પ્રમાણે સર્વોપરિ રાજા ગયો અને અનેક વ્યક્તિઓની સર્વોપરિ રાજસભા બની. એ જ રીતે જ્ઞાતિમાં એક સર્વોપરિ પટેલની પદવી હવે લોકપ્રિય રહી નથી. જે કારણથી રાજાનું રાજત્વ અપ્રિય બન્યું છે, એ જ કારણથી જ્ઞાતિના પટેલની પટેલાઈ પણ અળખામણી બની છે. રાજા પોતાની ફરજો ચૂકવા લાગ્યો અને જુલ્મી થયો એટલે તેને પ્રજાએ દૂર ફેંકી દીધો, એ જ રીતે અન્યાયી અને જુલ્મી પટેલોની સત્તા પણ હવે જ્ઞાતિમાંથી ઓછી થઈ ગઈ છે. વંશપરંપરાથી રાજાનો પુત્ર રાજા જ બને અને પટેલનો પુત્ર પટેલ બને એ રીવાજના આ ગેરલાભો છે. આ કારણથી જેવી રીતે પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ પ્રજામતથી યોગ્યતાનુસારે ચુંટાય છે, તેવી રીતે જ્ઞાતિનો પટેલ વંશપરંપરાથી નહિ પણ યોગ્યતાને અનુસરીને ચુંટાવો જોઇએ. પ્રજાને પુત્રવત્ પાળનારા રાજા-

ઓના વખતમાં આવા નિયમની જરૂર નહોતી કારણકે તે વખતે જ્ઞાતિના પટેલો પણ સમજતા કે પોતે જેવો જ્ઞાતિનો ઉપરી છે, તેવો જ જ્ઞાતિનો સેવક છે અને પોતે આત્મભોગ આપીને જ્ઞાતિનું કલ્યાણ થાય તેવી રીતે જ્ઞાતિરૂપી નાવને ચલાવવાનું છે, જ્ઞાતિજનોને યોગ્ય મર્યાદામાં રાખી તેની ઉચ્ચ સંસ્કૃતિ જાળવી રાખવાની છે અને જ્ઞાતિહિતાર્થે અનેક યોજનાઓ તન–મન–ધનથી કરવાની છે. પરન્તુ આજે જ્ઞાતિના પટેલોની તેવી ભાવનાઓ મોટે ભાગે નષ્ટ થઇ છે. તે એમ જ સમજે છે કે જેમ પ્રજા ઉપર રાજ્ય ચલાવવા માટે રાજા છે, તેવી રીતે જ્ઞાતિજનોને પોતાના મનસ્વી હુકમોથી રંજાડવા કે દબાવવા કે પોતાના ખાનગી સ્વાર્થો સાધવા માટે પોતાની પટેલાઈ અથવા શેઠાઈ છે! 'શેઠ' એ શબ્દ 'શ્રેષ્ઠ'માંથી બનેલો છે. માણસ પોતાના ગુણોવડે જ શ્રેષ્ઠ લેખાય છે અને ગુણ ગ્રહણ કરનાર માણસ શ્રેષ્ઠ બની શકે છે. શ્રેષ્ઠતા વંશપરંપરા ઉતરે છે એવો કાંઇ નિયમ નથી, એટલે શેઠાઇ વંશપરંપરાની હોય એ એક જ્ઞાતિનો સડો છે. શ્રેષ્ઠતા ગુણાનુસારિણી હોવી જોઈએ અને તેથી જ્ઞાતિજનોના મતને અનુસરીને શ્રેષ્ઠ કોણ છે તેનો નિર્ણય કરી શેઠાઈ તેને સોંપવી જોઈએ. પાશ્ચાત્ય દેશોના રાજત્વમાં જેમ બહુમતવાદનું ધોરણ ચાલે છે, તેમ જ્ઞાતિઓમાં પણ બહુમતવાદ–Democracy હોવાની જરૂર છે. આ પ્રમાણે આ શ્લોકમાં ગ્રંથકારે જ્ઞાતિના બંધારણમાં બહુમતવાદની આવશ્યકતાનું સૂચન કરેલું છે. પટેલોના અન્યાયો દૂર કરવાનું સાધન જ અત્યારે એ છે. કોઇ પણ જ્ઞાતિમાં એક શ્રેષ્ઠ ગુણોવાળા માણસને નાયક કે પ્રમુખપદ આપવું, અપાવવું કિંવા તેને લગતી કોઇ યોજના કરવી તે પણ જ્ઞાતિની મોટી સેવા બજાવવા બરાબર છે. જે જ્ઞાતિનો નાયક થઇને જ્ઞાતિનું હિત આચરે છે તે તો સાચો સેવાધર્મી છે જ, પરન્તુ જે યોગ્ય માણસને નાયક બનાવે છે તેની સેવા પણ ઓછી ગણનાને પાત્ર નથી. મતદારોની યોગ્યતા નક્કી કરી, મંડળો સ્થાપી કે એવી લાંબી રીતે પટેલ કે શેઠ ચુંટવાની પદ્ધતિ જ્ઞાતિઓમાં ચાલુ થતાં હજી વાર થશે, પરન્તુ તે પહેલાં બનતાંસુધી સર્વાનુમતે યોગ્યતાનુસારે પટેલો કે નાયકોને પસંદ કરી તેમને નાયકપદે સ્થાપવાની,

વંશપરંપરાનું ધોરણ રદ કરી ગુણાનુસારી પટેલનું ધોરણ ચાલુ કરવાની તો તાત્કાલિક જરૂર છે. (૧૦૧)

[હવે જ્ઞાતિમાં ચાલતી દુષ્ટ પ્રથાઓ પ્રત્યે ગ્રંથકાર નાયકરૂપ જ્ઞાતિસેવકોનું લક્ષ દોરે છે.]

ज्ञातिकलङ्कपरिहारः ।१०२॥

**कन्याविक्रयपुत्रविक्रययुगं ज्ञातिं कलङ्कायते ।**
**दुष्टा बालविवाहपद्धतिरपि ज्ञातेर्महद्दूषणम् ॥**
**एतद्दूषणवर्जनाय यदि ते निद्रापरा नायका-**
**स्तन्निद्राहरणेन सज्जनवरैः सेवा विधेया नृणाम्॥**

### જ્ઞાતિના કલંકનો પરિહાર.

**ભાવાર્થ**—જે જ્ઞાતિમાં કન્યાનો બાપ કન્યાને પૈસા વતી વેચતો હોય કે વરનો બાપ પૈસા લઈને પોતાના પુત્રને પરણાવતો હોય, અર્થાત્-કન્યાવિક્રય કે વરવિક્રય થતો હોય તો તે બંને રીવાજો તે જ્ઞાતિને કલંકિત બનાવે છે. જે જ્ઞાતિમાં બાલવિવાહની પદ્ધતિ ચાલે છે એટલે નાની ઉમરમાંજ દીકરા દીકરીને પરણાવી દે છે તે પદ્ધતિ પણ જ્ઞાતિનું એક દૂષણ છે. ઉપર જણાવેલાં ત્રણ દૂષણો દૂર કરવાને જ્ઞાતિના નાયકોએ જાગૃત થઈ કટિબદ્ધ થવું જોઈએ. કદાચ નાયકો ઉંઘમાં પડ્યા હોય તો સેવાના ઉમેદવારોએ તે નાયકોની ઉંઘ ઉડાડી, તેમને જાગૃત કરી, જ્ઞાતિના મનુષ્યોની સેવા બજાવવી જોઇએ. (૧૦૨)

**વિવેચન**—પૂર્વે જણાવવામાં આવ્યું છે કે જ્ઞાતિરૂપી સંસ્થાનું ઘડતર તો શુભ હેતુથી પ્રાચીન કાળમાંથી થયું હતું પરન્તુ તેમાં કાળક્રમે કરીને અનેક પ્રકારના દોષો આવી વસવા લાગ્યા. આ દોષો જ્યારે વ્યક્તિગત હોય છે, ત્યારે તેને દૂર કરવાનો યત્ન જ્ઞાતિના અગ્રેસરોએ કરવો જોઇએ. જ્ઞાતિની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની રહે તે માટે જ જ્ઞાતિનું બંધન છે અને જ્ઞાતિના નિયમો છે. વ્યક્તિગત દોષો માલૂમ પડતાં અને તેનો જ્ઞાતિમાં

પ્રચાર થતો જણાતાં જ તેને દૂર કરવાને અગ્રેસરોએ એકદમ કાયદો ઘડી, તેનો ભંગ કરનારનો વાજબી દંડ ઠરાવી તે દોષ ઉપર અટકાવ મૂકવો જોઇએ. પરન્તુ આવી ફરજ બજાવવામાં અગ્રેસરો શિથિલ બનવાને પરિણામે આજકાલ જૂદી જૂદી જ્ઞાતિઓમાં અનેક પ્રકારના દોષો ઘર કરી રહ્યા છે અને એ દોષો કાળક્રમે કુરૂઢીનું રૂપ ધારણ કરે છે. આવી અનેક કુરૂઢીઓ સમાજમાં પેસી ગએલી જોવામાં આવે છે અને એ કુરૂઢીઓની માઠી અસરો જ્ઞાતિઓ ઉપર થવા પામી છે. અનુદાર મન અને દુષ્ટ બુદ્ધિ, નબળાં બાળકો અને ગરીબાઈ, ઇત્યાદિ કેટલીક વસ્તુસ્થિતિ તો ન્યાતની કુરૂઢીઓને જ આભારી હોય છે. પુત્રીને પૈસા લઇને પરણાવનાર–વેચનાર કન્યાવિક્રયકાર હમેશાં અનુદાર–સાંકડા વિચારનો અને દુષ્ટ હોય છે. પોતાના પુત્રને પરણાવીને સામા પૈસા માંગતા હોય તેઓ જ્ઞાતિમાં પુત્રીનાં માતા–પિતા ઉપર ગરીબાઇનું સંકટ મેલનારા થઈ પડે એ ખુલ્લું છે. જેઓ પોતાનાં પુત્રપુત્રીઓને નાની વયમાં પરણાવતા હોય તેઓ પોતાનાં પુત્ર–પુત્રીઓનાં શરીરના બાંધા નબળા પાડનારા, તેમને રોગી–નિર્બળ સંતતિના માબાપ બનાવનારા અને અલ્પાયુષી બનાવનારા થઈ પડે અને એ રીતે પોતાને હાથે જ પોતાની સંતતિનું નખ્ખોદ વાળે તેમાં શું આશ્ચર્ય છે? બાળલગ્નો જે જ્ઞાતિમાં બહુ થતાં હોય છે, ત્યાં ટુંકાં આયુષ્ય, અલ્પાયુષી સંતતિ, ઓછી કેળવણી, રોગિષ્ઠતા, વૈધવ્ય, વંધ્યત્વ ઇત્યાદિ દોષો ઉભરાઇ નીકળેલા માલૂમ પડે તે પણ ખુલ્લું છે. ટૂંકામાં આ દોષો જ્ઞાતિનું અકલ્યાણ કરનારા છે અને તે દૂર થાય તો જ્ઞાતિનું હિત સાધવાનો માર્ગ ખુલ્લો થાય છે. કન્યાવિક્રય અને વરવિક્રય દ્વારા મેળવેલું ધન દુષ્ટતાથી ભરેલું છે, તે કારણથી એ ધન જેની પાસે હોય છે તે બહુધા નિરૂદ્યમી જ હોય છે. કન્યાવિક્રયથી વૃદ્ધલગ્ન તથા કજોડાના બનાવો પણ બનવા પામે છે. પારસી કોમમાં વરવિક્રય પુષ્કળ હોવાથી મોટી વયની પુષ્કળ કુમારિકાઓ પરણી શકતી નથી અને કેટલીકને તો ગરીબાઇને કારણે જ જીવનપર્યંત કુંવારી સ્થિતિમાં રહેવું પડે છે. આ પ્રમાણે વરવિક્રય અને કન્યાવિક્રય એ બે કુરૂઢીઓ જ એવી છે કે જે જ્ઞાતિમાં બીજા પણ અનેક પ્રકારના દોષોને દાખલ કરે છે. બાળલગ્નનાં માઠાં ફળો તો આજે

અનેક જ્ઞાતિઓ ભોગવતી નજરે પડે છે. ક્ષય જેવા મોટા રોગો જુવાન છોકરાઓ અને છોકરીઓમાં પ્રસરે છે, દુર્બળ અને રોગિષ્ઠ સંતાનો ઉત્પન્ન થાય છે, વેંતીયા જેવાં શરીરનાં યુવાનો અને યુવતીઓ જ્યાં ત્યાં નજરે પડે છે, અકાળે મૃત્યુ, વૃદ્ધાવસ્થા, રોગિષ્ઠતા વગેરે પ્રાપ્ત થાય છે. જે કોમ સ્ત્રીઓનાં પુનર્લગ્નો કરતી નથી અને બાળલગ્નો ઉપર અટકાવ મૂકતી નથી, તે કોમમાં વિધવાઓ અને વિધુરોની સંખ્યા વધતી જ જાય છે અને ધીમે ધીમે ન્યાત ઘસાતી જાય છે. આ બધાં માઠાં પરિણામો જે જ્ઞાતિ ભોગવતી હોય, તે જ્ઞાતિમાં કુરૂઢીઓ દૂર કરવા માટે મથન કરનાર સેવાધર્મી જનોની મોટી અગત્ય હોય છે. એ રૂઢીઓ દૂર કરવાનું કામ એ જ્ઞાતિને સંજીવની ઔષધિ ખવરાવ્યા બરાબર છે. જે જ્ઞાતિના મનુષ્યો કે અગ્રેસરો ઉંઘમાં પડ્યા હોય છે કિંવા જેઓ અજ્ઞાનવશતઃ સારૂં શું કે ખરાબ શું તે સમજતા નથી તે જ્ઞાતિમાંજ મોટે ભાગે કુરૂઢીઓ ફેલાએલી હોય છે, એટલે જ્ઞાતિ-સેવકનું કાર્ય જરા અટપટું છે. તેની પહેલી ફરજ આગેવાનો અને જ્ઞાતિ-જનોને જાગૃત કરવાની છે. કુરૂઢીઓના લાંબા વખતના સહવાસથી કેટલીક વાર જ્ઞાતિજનોની ગુલામી મનોદશા બની ગઈ હોય છે એટલે તેઓ સુધારાઓની સામે પણ થાય છે, તોપણ જ્ઞાતિહિતચિંતકે ધીરજથી કુરૂઢીઓને દૂર કરવા યત્ન સેવવો આવશ્યક છે. (૧૦૨)

[ જ્ઞાતિના કલંકરૂપ કુરૂઢીઓનો પરિહાર કરવાનું સૂચવ્યા બાદ ગ્રંથકાર બીજા કેટલાક કુરીવાજો–કુરૂઢીઓનો જ્ઞાતિમાંથી બહિષ્કાર કરવાનું જ્ઞાતિસેવકોને સૂચવે છે. ]

कुरूढिपरिहरणम् । १०३ ॥

**विक्रीयापि सुतां गृहं बहुधनैः कार्यो हि लग्नोत्सवो।**
**देयं ज्ञातिजनाय मिष्टमशनं मृत्युप्रसङ्गे ध्रुवम् ॥**
**ईदृग्रूढिबलं करोति जनताह्रासं धनादिक्षते-**
**स्तद्दूरीकरणे जनैः सुकृतिभिः कार्यः प्रयत्नो वरः ॥**

## કુરૂઢીઓ દૂર કરવી.

**ભાવાર્થ**—કેટલીક જ્ઞાતિઓમાં લગ્નપ્રસંગે તો કેટલી જ્ઞાતિઓમાં મૃત્યુપ્રસંગે પોતાની પાસે પૈસા ન હોય તો દીકરીને વેચી કે ઘરબાર વેચીને પણ મોટા વરા કરવા, જ્ઞાતિને મિષ્ટ ભોજન દેવું, મોટી જાનો જોડાવવી અને એ રીતે હજારો કે લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવે છે. આવા પ્રકારની કુરૂઢીઓ એકંદર રીતે ધનનો નાશ કરી સમાજને ગરીબ બનાવે છે અને સામાન્ય માણસોને કરજના દબાણથી પાયમાલ કરી નાંખે છે, તેથી તેવી કુરૂઢીઓના મૂળને ઉખેડવા માટે સેવાના ઉમેદવાર સજ્જનોએ ઉત્તમ પ્રકારનો પ્રયત્ન કરવો જોઇએ. (૧૦૩)

**વિવેચન**—આ શ્લોકમાં ગ્રંથકાર જ્ઞાતિના કલંકરૂપ બીજી કેટલીક કુરૂઢીઓનો ઉલ્લેખ કરે છે, જેવી કે લગ્ન–પ્રસંગે કિંવા મૃત્યુ–પ્રસંગે મોટા જમણવારો કરવા, મોટી જાનો જોડવી, ખર્ચાળ વરઘોડા ચડાવવા ઈત્યાદિ. એક સાધનસંપન્ન વ્યક્તિ પોતાને ઘેર આવેલા કોઈ વિશિષ્ટ પ્રસંગે પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરે તે કાંઈ અનર્થકારક નથી, પરન્તુ દેખાદેખીથી કિંવા અન્ય કોઈ રીતે એવાં ખર્ચો કરવાની રૂઢી જ પ્રચલિત થઇ જાય છે, ત્યારે તેમાંથી અનેક અનર્થો જન્મ પામે છે. પ્રત્યેક વ્યકિતમાં મહત્ત્વાકાંક્ષા તો ન્યૂનાધિક અંશે હોય છેજ, અને જ્યારે એ આકાંક્ષા બહુ તીવ્ર બની જાય છે પરંતુ મહત્તા પ્રાપ્ત કરવાનાં પૂરતાં સાધનો હોતાં નથી, ત્યારે સ્વભાવની નિર્બળતાથી કેટલાક મનુષ્યો દંભ કરવા લાગે છે, એટલે કે તમાચો મારીને મ્હોં લાલ રાખવાનો યત્ન કરે છે! પોતાની ખાનદાની, પોતાની સાધનસંપન્નતા કિંવા પોતાનું કુળવાનપણું બતાવવાને સાધનસંપન્ન વ્યકિતઓનાં જેવાં બાહ્યાચરણ તે કરે છે અને એ રીતે ન્યાતોમાં દેખાદેખીનાં ખર્ચો પ્રચલિત થતાં કુરૂઢી પડી જાય છે. અમુક શ્રીમંત મનુષ્યે લગ્નપ્રસંગે મોટો જમણવાર કર્યો કે ભભકાદાર વરઘોડો ચડાવ્યો તો પોતે પણ કરજ કરીને તેમ કરી ખાનદાનમાં ખપવું એવું મિથ્યાભિમાન જ્યારે સાધનહીન મનુષ્યોમાં પણ દાખલ થાય છે, ત્યારે અનર્થની પરંપરા ચાલુ થાય છે. તે

કરજ કરે છે, ઘરબાર વેચે છે, કન્યાવિક્રય પણ કરે છે અને તેવાં જ બીજાં પાપ આચરી શ્રીમંતની હરીફાઈ કરવા મથે છે અને એક ન્યાતમાં જ્યારે સંખ્યાબંધ અવિચારી વ્યક્તિઓ આવી મૂર્ખાઈ કરે છે ત્યારે પછી એ કુરૂઢી જ્ઞાતિનું પારાવાર અહિત કરનારી થઇ પડે છે. આ કારણથી ન્યાતના વિચારશીલ અગ્રેસરો હવે એવા નિયમો કરવા લાગ્યા છે કે જેથી ગરીબો અને તવંગરો લગ્નાદિ પ્રસંગે મર્યાદિત જ ખર્ચ કરી શકે અને કોઇ સાધનહીન મનુષ્યને મિથ્યાભિમાનમાં ખેંચાઇ ગજા ઉપરાંત ખર્ચ કરવાની લાલચ થવા પામે નહિ. આવા નિયમોમાં એવી મર્યાદા બાંધવામાં આવી હોય છે કે જેથી સામાન્ય અને ગરીબ સ્થિતિના માણસો પણ નિયમ પ્રમાણેનું ખર્ચ કરી શકે. જે ન્યાતોમાં ખર્ચાળ કુરૂઢીઓ ચાલતી હોય છે તે ન્યાતોમાં ધીમે ધીમે ધનનો નાશ થતો જાય છે અને ગરીબાઇ પ્રસરતી જાય છે. એવી જ્ઞાતિના માણસો વધારે કરજદાર બનતા જાય છે અને પરિણામે ધ્વંસ પામતા જાય છે. આ કારણથી એવા ખોટા રીવાજો કે જે જ્ઞાતિએ સ્વીકારેલા ન હોય પણ દેખાદેખીથી ચાલતા હોય તેને દૂર કરવા જ્ઞાતિસેવકે સાચી દિશામાં યત્ન કરવો જોઈએ.

**દૃષ્ટાન્ત**—એક નગરની બ્રાહ્મણ જ્ઞાતિ વર્ષમાં ૬ મહિના લાડુ જમતી! એટલે કે જ્ઞાતિ વિશાળ હોવાથી કોઇ ને કોઇ પોતાને ત્યાં લગ્ન કે મરણ-પ્રસંગે આખી ન્યાતને લાડુ જમાડતો. આથી એ ન્યાતના માણસો દર વર્ષે પોતાને ૬ માસ ઘેર જમવું પડશે અને ૬ માસ પારકે ઘેર ખાવાનું મળશે એવી જ માન્યતાવાળા બની ગયા હતા! ન્યાતના સામાન્ય મનુષ્યોની કમાણી હમેશાં સામાન્ય ખોરાક ખાવા પૂરતી જ હોય છે—ન્યાતની દરેક વ્યક્તિ વર્ષમાં છ માસ લાડુ જમે એટલી કમાણી કરી શકતી નથી. જમાડનાર એક વ્યક્તિ ખર્ચ કરે છે અને બીજા બધા મુફત જમે છે એવી સાંકડી દૃષ્ટિવાળાઓને એ લાડુ મુફતના જણાય છે પરન્તુ દરેક વ્યક્તિને ત્યાં એવા એવા પ્રસંગો આવે છેજ અને તે વખતે પોતે જમેલા બધા લાડુ ઓકી નાંખવા પડે છે—મોટું ખર્ચ કરીને બધા જ્ઞાતિજનોને લાડુ જમાડવા પડે છે! આ રીતે વિચારતાં સમજી શકાશે કે દરેક માણસ પોતાના

ઘરને ખર્ચેજ લાડુ જમે છે અને રોજના સામાન્ય ખોરાકને બદલે ત્રીજે દિવસે મિષ્ટાન્ન જમનાર જ્ઞાતિજન પરિણામે ગરીબ અને કરજદાર બને તેમાં નવાઈ નથી. આજે એ નગરની બ્રાહ્મણજ્ઞાતિ પહેલાં કરતાં બહુ ગરીબ બની ગઈ છે, અનેક શ્રીમંત ઘરોની રયાસત પણ નાશ પામી ગઈ છે અને પરિણામે લાડુ જમવા–જમાડવાનું ઓછું કરી નાંખવું પડ્યું છે. પહેલાં ઓછા જમણવાર કરનાર ન્યાતનો કરજદાર મનાતો, પણ આજે એવી કરજદારીને કોઈ ગણકારતું નથી! પરન્તુ જમણવારની મર્યાદા બાંધવાનું કે ઐચ્છિક ઠરાવવાનું એ જ્ઞાતિને હજી સૂઝ્યું નથી! આવી જ્ઞાતિઓમાં ઇષ્ટ સુધારા કરાવવા તે જ્ઞાતિનો પુનરુદ્ધાર કરવા બરાબર છે. (૧૦૩)

[હવે વૃદ્ધલગ્નનો પરિહાર કરવા તરફ જ્ઞાતિસેવકનું લક્ષ દોરવામાં આવે છે.]

वृद्धलग्नादिपद्धतिविवर्जनम् ।१०४॥

**अन्याय्यं हि यथा स्त्रियाः पतियुगं पुंसस्तथा स्त्रीयुगं।**
**तादृक्कारणमन्तरा परिणयो वृद्धस्य पुंसस्तथा ॥**
**एवं सत्यपि वृद्धलग्नतरुणीयुग्मादिलग्नप्रथा ।**
**यत्रैतद्विनिवर्त्तनेन विबुधैः सेवा विधेया तयोः॥**

**વૃદ્ધલગ્નાદિ પદ્ધતિનો પરિહાર.**

**ભાવાર્થ**—જેમ એક સ્ત્રીને બે પતિ કરવા તે અન્યાય્ય છે, તેમ મોટા કારણ વિના એક પતિએ બે સ્ત્રી પરણવી તે પણ તુલનાદૃષ્ટિએ અન્યાય્ય છે, તેમ જ વૃદ્ધ અવસ્થામાં–એટલે આધેડ ઉમરે પુરૂષે લગ્ન કરવાં તે પણ અનુચિત છે; તેમ છતાં કોઈ જ્ઞાતિમાં એકથી વધારે સ્ત્રી પરણવાનો અને વૃદ્ધલગ્નનો રીવાજ હોય તો તે રીવાજ નાબુદ કરીને સુજ્ઞ જનોએ તેમની સેવા બજાવવી. (૧૦૪)

**વિવેચન**—વૃદ્ધલગ્નનો રીવાજ, એક ઉપરાંત બીજી સ્ત્રી પરણવી, એ બધી પણ કુરૂઢીઓ જ છે. એક સ્ત્રી એક ઉપરાંત બીજો પતિ કરી શકતી નથી એ ન્યાયે તો એક પુરૂષ એક સ્ત્રી જીવતી છતાં બીજી સ્ત્રી

પરણે એ ખુલ્લો અન્યાય છે, પરન્તુ તે વિના પણ બીજા અનેક પ્રકારે એ રીવાજમાં દોષ રહેલો છે. બે સ્ત્રીઓના પતિના ગૃહમાં હમેશાં કલહ–કંકાસ ચાલ્યા જ કરે છે, કારણકે સપત્નીભાવ–શોક્યપણું સ્ત્રીઓની સ્વાભાવિક અસૂયાવૃત્તિને ઉશ્કેરે છે અને સુલેહ શાંતિ એવા કુટુંબનો ત્યાગ કરે છે. સંસારમાં અનેક સ્થળે જોવામાં આવે છે કે જ્યાં શોક્યોનો ખાર રાત દહાડો ઉછળતો જ રહે છે, ત્યાં પતિને ધંધો કરવામાં કે ધર્મ ધ્યાન કરવામાં અનેક પ્રકારના અંતરાયો ઉપસ્થિત થયા વિના રહેતા જ નથી. પરિણામે એવા કુટુંબમાંથી લક્ષ્મીનો નાશ થાય છે અને કલહ–કંકાસવાળા ઘરમાંથી લક્ષ્મી પગ કરીને ચાલી જાય છે એવી લોકકથની સાચી પડે છે. શોક્યના ખારનાં માઠાં ફળ પતિને વિશેષ પ્રમાણમાં વેઠવાં પડે છે. કોઇ વાર એવા બનાવોના કેસો કોર્ટે ચડે છે. કોઇ વાર અસૂયા-વૃત્તિ વિષપ્રયોગ દ્વારા એકાદ વ્યક્તિનું કાટલું કાઢી નાંખવા ઉશ્કેરાય છે અને એવા અનેક અનર્થો થાય છે. વૃદ્ધલગ્નથી જે કજોડાં થાય છે તેથી પણ અનેક પ્રકારના અનર્થો નીપજે છે. કોઇ પણ સ્ત્રી વૃદ્ધ પતિને પસંદ કરતી નથી, છતાં પતિને પ્રભુએ આપેલા દેવરૂપે સમજીને કેટલીક સ્ત્રીઓ પોતાનું મન મનાવે છે, છતાં પોતાને અકાળે વૈધવ્ય પ્રાપ્ત થશે એ ભય તો તેના ચિત્તમાંથી દૂર થતો જ નથી. આવી સ્ત્રીઓને પોતાનું જીવન કંટાળારૂપ લાગે છે અને કેટલીક મૂર્ખ સ્ત્રીઓ આડે માર્ગે દોરાવા લલચાઇ જાય છે. કેટલીક વાર વૃદ્ધ પુરૂષો પોતાના કુળાભિમાનમાં દોરાઇને લગ્ન કરવા તૈયાર થાય છે, પરન્તુ એક નવયુવાન બાલિકાનો ભવ બગાડવામાં પોતે કેટલો મોટો દોષ કરી રહ્યો છે તેનું જો તેને ભાન થાય તો તેનું કુલાભિમાન વિરમી ગયા વિના રહે નહિ. આવો દીર્ઘ વિચાર કરનારા થોડા જ હોય છે અને તેથી વૃદ્ધલગ્નો થયા જ કરે છે. વૃદ્ધ પુરૂષને પોતાની પુત્રી લગ્નમાં આપનાર પિતા પુત્રીના સાચા સુખને જોવાને બદલે ધન તરફ વિશેષ દૃષ્ટિ રાખે છે. વૃદ્ધને કન્યા આપવા બદલ પોતાને ધન મળશે કિંવા પોતાની પુત્રી વૈભવમાં આળોટીને સુખ પ્રાપ્ત કરશે એવી કલ્પના-વાળાં માબાપો કન્યાવિક્રયનું પાપ કરનારા બને છે અને ક્ષુલ્લક વૈભવની

આતર પુત્રીના જીવનને એળે ગુમાવનારાં બને છે. આવાં પ્રકટ પાપો કરવાના નિમિત્તરૂપ વૃદ્ધલગ્નોનો અટકાવ કરવાનું જ્ઞાતિસેવકોએ મન ઉપર લેવું જોઇએ. પરન્તુ ગ્રંથકાર એક રીતે આવા દોષોને માટે પરવાનગી આપી જરા ઢીલી દોરી મૂકે છે. તે કહે છે કે કાંઇ મહત્ત્વનું કારણ હોય હોય તો એ દોષ પણ ચલાવી લેવો પડે છે. આવાં મહત્ત્વનાં કારણો કયાં હોઇ શકે ? સ્ત્રી કોઇ મહત્ત્વની ખોડવાળી હોય, કોઇ ચેપી રોગથી દૂષિત હોય, કાકવંધ્યા હોય, ઇત્યાદિ કારણો હોય તો એક પુરૂષ બીજી સ્ત્રી પરણે એ ચલાવી લેવા જેવું છે—જોકે જ્યાંસુધી એવા દોષોવાળા પતિની સ્ત્રીને બીજો પતિ કરવાની પરવાનગી સમાજ આપે નહિ, ત્યાંસુધી તેમાંએ એક પ્રકારનો અન્યાય તો રહેલો જ છે, અને બીજી સ્ત્રી કરનાર પુરૂષ માત્ર પોતાનાં સુખસગવડની દૃષ્ટિએ સ્વાર્થબુધ્ધિથી પ્રેરાએલો જ લેખાય છે. પરન્તુ વૃદ્ધલગ્નને માટે કશાં મહત્ત્વનાં કારણો શોધી શકાય તેમ નથી. પુત્ર નહિ હોવાને કારણે કેવળ પુત્રની ઇચ્છા એ એક મહત્ત્વનું કારણ વૃધ્ધો જણાવે છે, પરન્તુ નવા લગ્નથી પણ પુત્રપ્રાપ્તિની ખાત્રી મળી શકતી નથી. ઘડપણમાં કોણ રાંધી ખવડાવે ? નાનાં બાળબચ્ચાંને કોણ સાચવે ? વિષયવૃત્તિ પરસ્ત્રીગામી થવાને ઉશ્કેરે તે કરતાં વૃધ્ધ વયે પણ લગ્ન કરવું શું ખોટું છે ? આવી દલીલો વૃધ્ધ વયે વરઘોડે ચડનારા અનેક પુરૂષો કરે છે; પરન્તુ એ દલીલો દલીલો તરીકે જ ઠીક છે. એક પલ્લામાં તેમની દલીલો મૂકીને બીજા પલ્લામાં જો એક કુમારિકાનો ભવ બાળવાનો અનર્થ મૂકવામાં આવે, તો એ અનર્થનું પલ્લું નીચું નમ્યા વિના ન જ રહે. વૃધ્ધલગ્નોને માટે તો કોઈ પણ કારણોને મહત્ત્વનાં માનવાની જરૂર રહેતી નથી. છતાં સમાજ એક બાજુએ દયાળુ છે અને બીજી બાજુએ નિર્દય છે, એટલે તે પુરૂષોને અનેક પ્રકારની છૂટો આપવાની સાથે સ્ત્રીઓના હક્કો લુંટી લઇ તેમને અન્યાય આપે છે; પરિણામે બેઉ બાબતોના સંબંધમાં પુરૂષોએ નજીવાં કારણોને મહત્ત્વનાં માની લઇને અનેક પ્રકારના અસદ્વ્યવહાર આદર્યા છે. આ કુરૂઢીઓને દૂર કરવામાં આવવી જોઇએ છે અને તે સિવાય ન્યાત કે સમાજની ઉન્નતિ અશક્ય છે. જ્ઞાતિસેવાના

અભિલાષીએ પુરૂષોને આ બાબતમાં સુધારવા જોઇએ અથવા તો ધીમે ધીમે બંધન બાંધીને પુરૂષોને સુધરવાની ફરજ પાડી તેમને લગાડવામાં આવતાં ' અન્યાયી ' અને ' નિર્દય ' નાં વિશેષણો દૂર થાય તેવી લાયકાતવાળા બનાવવા જોઇએ. (૧૦૪)

---

## षोडश परिच्छेद.

---

### સેવાધર્મ : સ્વદેશસેવા.

[ સેવાધર્મને ગ્રહણ કરનારનું સેવાવર્તુળ હવે વિશાળ બનતું જાય છે. સેવાવૃત્તિ અને સેવા બજાવવાની શક્તિ વિકાસ પામતાં તેને હવે સમગ્ર દેશની સેવાવડે જનતાનું વિશિષ્ટ હિત કરવાની પ્રેરણા થાય છે. સેવાધર્મી સ્વદેશસેવા કેવી રીતે બજાવે તેનું હવે ગ્રંથકાર સૂચન કરે છે, તેમાંએ પ્રથમ જન્મભૂમિ પ્રત્યે મનુષ્યનું ઋણ કેવું છે તે દર્શાવે છે. ]

जन्मभूमिः । १०५ ॥

**यद्देशाऽन्नजलाऽनिलैः शुभतरैः पुष्टिंगता ते तनु-**
**स्तद्देशोन्नतयेऽस्तु ते धनमनस्तन्वर्पणं सर्वथा ॥**
**या भूमिर्जननीव पालनपरा स्वर्गादपि श्रेयसी ।**
**तस्याः स्वल्पमनिष्टचिन्तनमहो तज्जस्य पापावहम् ॥**

**સ્વદેશસેવા–જન્મભૂમિ.**

**ભાવાર્થ**—જે દેશનાં સારાં હવાપાણી અને અનાજથી તારૂં શરીર પુષ્ટ બન્યું છે, તે દેશની ઉન્નતિને માટે તારાં તન–મન અને ધનનો સર્વથા ભોગ આપવો પડે તો તે વધારે નથી. જે ભૂમિ માતાની પેઠે શરીરનું પાલન કરનારી છે અને જેને સ્વર્ગ કરતાં પણ શ્રેયસ્કર માનવામાં આવે છે, તે ભૂમિરૂપ માતાનું જરા પણ અનિષ્ટ ચિંતવવું તે તેની સંતતિને પાપજનક છે. (૧૦૫)

**વિવેચન**—મનુષ્યને જન્મ આપનાર માતાનું જેટલું ઉચ્ચ પદ છે તેટલું ઉચ્ચ પદ જન્મભૂમિનું–જે ભૂમિમાં મનુષ્યનો જન્મ થયો હોય છે તેનું પણ છે. જનની જન્મ આપે છે અને જન્મભૂમિ મનુષ્યનું પોષણ કરે છે–તેનાં અન્ન–જળ મનુષ્યને પોષે છે. આ કારણથી **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**–એવું કહીને વિદ્વાનોએ જન્મભૂમિને સ્વર્ગ કરતાં પણ ઉચ્ચ પદ આપ્યું છે. પ્રથમ દૃષ્ટિએ આ કથનમાં અતિશયોક્તિ માલૂમ પડે છે ખરી, પરન્તુ વાસ્તવિક દૃષ્ટ્યા વિચાર કરતાં એ ઉક્તિ યથાર્થ જણાયા વિના રહેતી નથી. સ્વર્ગપ્રાપ્તિ એ એક દુર્લભ સ્થિતિ છે એ ખરૂં છે, પરંતુ એ દુર્લભ સ્થિતિનું સાધન તો મનુષ્યત્વ જ છે. મનુષ્યત્વ એ સ્વર્ગપ્રાપ્તિનો દરવાજો છે પરન્તુ જનની અને જન્મભૂમિના યોગ વિના એ દરવાજો પ્રાપ્ત નહિ થતો હોવાથી સ્વર્ગ કરતાં પણ ઉંચી પદવી જનની તથા જન્મભૂમિને આપવામાં વિદ્વાનોએ યથાઘટિત ઉક્તિ કરી છે. સ્વર્ગપ્રાપ્તિના સાધનરૂપ જનની અને જન્મભૂમિ પતિત દશામાં રહે તો મનુષ્યત્વ પણ પતિત જ રહે તેમાં આશ્ચર્ય નથી, તેટલા જ માટે વિદ્વાનોએ કહ્યું છે કે—**तयोरुद्धरणार्थाय सद्यः प्राणान् परित्यजेत्**–તેમનો પતિત દશામાંથી ઉદ્ધાર કરવાને પ્રાણ ત્યજવા પડે તોપણ તે બહેતર છે. જનની અને જન્મભૂમિની સેવાનો ઉત્તમ સિધ્ધાંત એ શ્લોકમાં ઘટાવવામાં આવ્યો છે, પરન્તુ આ ગ્રંથમાં અત્ર માત્ર જન્મભૂમિનો વિષય ઉપસ્થિત હોવાથી ગ્રંથકારે જન્મભૂમિને જનની–માતાની તુલનામાં મૂકી બતાવીને તેની પાલનપરતા બતાવી છે, અને એવી જન્મભૂમિની ઉન્નતિમાં જ પોતાના સર્વસ્વનું–તન–મન–ધનનું અર્પણ કરવાનો બોધ કર્યો છે. ગ્રંથકાર કહે છે કે જન્મભૂમિનું અનિષ્ટ ચિંતવનાર તેનો પુત્ર પાપી બને છે અને એ સત્ય છે. એક વ્યક્તિનું અનિષ્ટ ચિંતવનાર તો એક વ્યક્તિનો જ અપરાધ કરે છે, પરન્તુ સ્વદેશનું –જન્મભૂમિનું અનિષ્ટ ચિંતવનાર સ્વદેશની સમસ્ત જનતાનું અનિષ્ટ કરનાર હોઈ મહાપાતકી છે.

**દૃષ્ટાન્ત**—ગુજરાતના રાજા કરણ વાઘેલાએ તેના પ્રધાન માધવના કુટુંબ ઉપર અવિચારીપણે જે હલ્લો કર્યો હતો, તેથી ક્રોધાંધ બનેલા

**માધવે** દિલ્હીના બાદશાહ **અલાઉદ્દીનને** ગુજરાતમાં તેડી લાવી **ગુજરાત** ઉપર હલ્લો કરાવ્યો હતો અને ત્યારથી **ગુજરાત** પરાધીનતાની બેડીમાં બંધાયું એ ઇતિહાસ સૌ કોઇ જાણે છે. **કરણે માધવની** સ્ત્રીને બળાત્કારે પકડીને પોતાના મહેલમાં ગોંધી હતી, **માધવના** ભાઈ કેશવને તેણે મારી નાંખ્યો હતો, કેશવની સ્ત્રી સતી થઇ બળી મૂઈ હતી, **માધવની** સ્ત્રી ઉપરની કુદષ્ટિને કારણે જ **કરણ માધવને પાટણ**માંથી દૂર કાઢીને દગો રમ્યો હતો: આ બધું જોતાં ખરો અપરાધી **કરણ** જ હતો; છતાં ઇતિહાસકાર **કરણ** કરતાં **માધવને** વધારે પાપી લેખી તેને દોષ દે છે, તેનું કારણ એ જ છે કે ક્રોધાંધતાથી પ્રેરાએલા **માધવે કરણ** ઉપરનું વૈર વાળવાને પોતાની જન્મભૂમિનું–ગુજરાતની બધી જનતાનું અનિષ્ટ કર્યું હતું. તેને મુસલમાનોના પગ હેઠળ છુંદાવી પરાધીનતાની બેડીમાં બંધાવી હતી. તે વખતે **ગુજરાત** પરાધીન થયું તે આજસુધી પરાધાન જ રહ્યું છે. ઇતિહાસ **માધવના** તે અપકૃત્યનો સાક્ષી છે. આ પાપ થઇ ગયા પછી **માધવ** પોતે પણ પસ્તાવાની આગથી બળી રહ્યો હતો, પરન્તુ સમય વીતી ગયા પછીનો પસ્તાવો નકામો હતો. તેના નામ ઉપર કાયમનું કલંક ચોંટી ચૂક્યું હતું તે અન્યથા થઈ શકે તેમ નહોતું. આજે **માધવના** અપકૃત્ય માટે ગુજરાતની જનતા તેને શાપ દે તે સ્વાભાવિક છે. માતૃભૂમિની અનિષ્ટ ચિંતવના કેટલી ભયંકર છે, કેટલી પાપજનક છે, તે દર્શાવવા માટેનું જ આ દષ્ટાંત છે. તેથી ઉલટું તેનું હિત કરનાર માતૃભૂમિની સમગ્ર જનતાનું હિત કરનાર બને છે અને જનતાના આશીર્વાદ મેળવી નામ અમર કરે છે. માટે જન્મભૂમિ પ્રત્યેનું ઋણ યથાશક્તિ અદા કરવાને સૌ કોઇએ યત્નવાન્ થવું જોઈએ. (૧૦૫)

[હવે જૂદી જૂદી જરૂરીઆતોને અનુસરીને દેશસેવાના જૂદા જૂદા પ્રકાર ગ્રંથકાર દર્શાવે છે, તેમાં પ્રથમ જનતાનાં સુખ દુઃખનું ચિંતન કરવાની આવશ્યકતા બતાવે છે.]

## जनपदजागरिका । १०६ ॥

**को दुःखी सुखिनश्च के जनपदे चिन्त्यं तदेतत्सदा।**

**स्याद्दुःखं यदि कस्यचित् किमपि तद्धन्यान्निजैःसाधनैः॥**
**द्यूतादिव्यसनेषु कोऽपि पतितश्चेत्सत्पथे तं नयेद् ।**
**बीजं स्यात्कलहस्य चेज्झटिति तद्युक्त्या दहेत्सर्वथा ॥**

## દેશના હિતનું ચિંતન.

**ભાવાર્થ**—પોતાના દેશમાં કોણ સુખી છે અને કોણ દુઃખી છે; સેવા બજાવનારે તેનો હમેશ ખ્યાલ રાખવો. સુખી હોય તે તો ઠીક પણ કદાચ કોઇને કંઇ પણ દુઃખ આવી પડેલું હોય અને પોતાની પાસે તે દુઃખને હણવાનાં સાધનો હોય તો તે સાધનો વડે તેના દુઃખનો નાશ કરવો. કદાચ કોઈ જુગાર મદિરા આદિ વ્યસનોમાં પડી ગયો હોય તો તેને સમજાવીને સન્માર્ગે લઇ જવો. કોઇ ઠેકાણે વળી કલેશ ઉત્પન્ન થતો જણાતો હોય તો તરત જ તે કલેશનું બીજ શોધી કાઢી તે બીજને કોઈ પણ યુક્તિથી બાળીને ભસ્મ કરી નાંખવું જોઈએ. (૧૦૬)

**વિવેચન**—જાગરિકા એટલે જાગરણ અને જનપદ માટે જાગરિકા એટલે જનતાના હિત માટેનું ચિંતન. 'જાગરિકા' શબ્દ બેઉ અર્થમાં વપરાય છે. પૂર્વે રાજા **ભોજ** અને રાજા **વિક્રમ** જેવા આદર્શ રાજાઓ જનપદ જાગરિકા કરતા એટલે જાગરણ કરીને રાત્રિને સમયે નગરમાં ફરતા તથા નગરચર્યા સાંભળતા. તે ઉપરથી પ્રજાનાં સુખ–દુઃખ તથા તેનાં કારણો જાણીને કાંઈ દુઃખનાં કારણો માલૂમ પડે તો તેનું નિવારણ કરતા. આ દૈહિક જાગરણ થયું, પરન્તુ માનસિક જાગરણ વિના દૈહિક જાગરણ સંભવતું નથી. મન જો જાગૃત થાય, મનમાં ચિંતન થાય, તો જ દૈહિક જાગરણ થાય અને ઉદ્યમ આરંભાય. આજે **ભોજ** અને **વિક્રમ**નો જમાનો નથી. તેવા રાજાઓ કે અધિકારીઓ પણ જવલ્લે જ કોઈ હશે. કોઇ રાજ્યાધિકારહીન પરંતુ સ્વદેશવત્સલ મનુષ્ય દૈહિક જાગરણ કરે, તોપણ રાત્રિએ નગરચર્યા સાંભળવા નીકળવાથી જ તે સુખદુઃખનાં કારણો જાણી શકે એવું કાંઈ રહ્યું નથી. આજે તો દુઃખો અને તેનાં કારણો પ્રકટ રીતે દેખાય છે. માત્ર

દુઃખોનું નિવારણ કરનારા સ્વદેશવત્સલ, અનુકંપાશીલ અને આત્મભોગ આપવા તત્પર થાય તેવા સેવકોની જ ખામી છે; એટલે હાલને માટે 'જાગરિકા' નો અર્થ 'માનસિક જાગરણ' અથવા 'ચિંતન' એવો જે કરવામાં આવ્યો છે તે જ સુઘટિત છે. આવા ચિંતનથી જ જનતાની સેવા કરવાની વૃત્તિ પેદા થાય છે. જનતાની જરૂરીઆત હોય તે દિશાએ ચિત્તને દોડાવીને પોતે તેને કેવી રીતે ઉપયોગી થઇ શકે તેનો વિચાર કરી તે રીતે સેવામાં ઉદ્યત થવું જોઇએ. આ શ્લોકમાં ગ્રંથકારે જનતાની સેવાની કેટલીક દિશાઓ ઉદાહરણ તરીકે સૂચવી છે, જેવી કે જુગાર, મદિરાપાન ઇત્યાદિ. એ પ્રકારની દેશની જરૂરીઆતો અનેક હોય છે. એમાંની કોઇ એક જરૂરીઆત કે જે પોતાનાં સાધન કે શક્તિથી પૂરી પાડી શકાય કિંવા પૂરી પાડવાના નિમિત્તરૂપ પણ બની શકાય તે જરૂરીઆત તરફ ચિત્ત દોડાવીને યથાશક્તિ સેવા બજાવવી એ સ્વદેશસેવકનો ધર્મ છે. એ જ રીતે દેશની અંદરના મોટા કલહ-કંકાસો કે જેથી દેશ અવનતિ તરફ ઘસડાતો જતો હોય તેનાં કારણો જાણી તે કારણો નાબૂદ કરવા પોતાથી બનતું કરવું જોઈએ. જ્યારે આ પ્રકારની સેવા એક સેવક અમુક એકાદ-બે વ્યક્તિની બજાવે છે ત્યારે તે સમાજસેવક મનાય છે અને જ્યારે તે સમગ્ર દેશની દૃષ્ટિએ મોટા વિસ્તારમાં પ્રસરેલા દુઃખ, વ્યસન, કલહ ઇત્યાદિ શમાવવા યત્ન કરે છે ત્યારે તેની સેવા 'દેશસેવા' ની કક્ષામાં આવે છે. સમાજસેવક કાલક્રમે ઉંચો ચઢીને સારો દેશસેવક બને છે અથવા જેની દૃષ્ટિ વિશાળ તથા શક્તિ વિશેષ હોય છે તે પણ દેશસેવક બને છે. એ જ રીતે જનતા બીજાં પણ અનેક પ્રકારનાં દુઃખો ભોગવતી હોય છે અને તે બધી દિશામાં દેશસેવક પોતાની શક્તિ અનુસાર સેવા બજાવી શકે છે, પરન્તુ ગ્રંથકાર સૂચવે છે તે પ્રમાણે को दुःखी सुखिनश्च के जनपदे એવી સતત જાગરિકા દેશસેવકમાં હોવી જોઇએ. (૧૦૬)

**[ સ્વદેશના આચારના પાલનમાં પણ સ્વદેશાભિમાન અને સ્વદેશભક્તિ રહેલાં છે, તે હવે ગ્રંથકાર બતાવે છે. ]**

स्वदेश्याचारपालनम् । १०७ ॥

**देशं स्वं न कदाऽपि विस्मरति यो गत्वाऽपि देशान्तरं ।**
**जह्यान्नो निजदेशवेषरचनां देशाभिमानी जनः ॥**
**स्वाचारं विजहाति चञ्चलमनाः प्राच्याऽऽर्यजात्यर्चितं ।**
**देशद्रोहकरोऽधमः स पुरुषो दर्माधिकाराच्च्युतः ॥**

## દેશાચારનું પાલન.

**ભાવાર્થ**—જે માણસ ગમે ત્યાં દેશ પરદેશ જાય તોપણ પોતાની જન્મભૂમિને કદી પણ ભૂલી જાય નહિ, તેમજ વિદેશમાં રહીને પણ પોતાના દેશનો વેષ આચાર બિલકુલ છોડે નહિ તે માણસને દેશાભિમાની કહી શકાય. જે માણસ ચંચલ મનવાળો રહીને વિદેશ જતાં પ્રાચીન આર્ય જાતિએ આચરેલ પોતાના દેશાચારને છોડી દે છે તે માણસ દેશનો દ્રોહ કરનાર અધમ ગણાય અને તે ધર્મના અધિકારથી પણ પતિત થાય, માટે ઉચિત દેશાચાર કદી છોડવો નહિ. (૧૦૭)

**વિવેચન**—વિચારની તુલનામાં મૂકતાં આચાર એ બહુ મહત્ત્વની વસ્તુ નથી પરન્તુ આચારપાલનને ધર્મપાલનની એક મહત્ત્વની શાખા કહી તેનું કારણ શું ? આચાર એ વિચારનું દર્શન કરાવનાર છે અર્થાત્ વિચારના અસ્તિત્વ વિના આચાર નિષ્પન્ન થતો નથી; પંડિતોએ તેટલા માટે જ आचारः प्रथमो धर्मः કહ્યું છે. આ પ્રમાણે આચાર અને વિચારનું યુગ્મ સંસ્કૃતિને નિભાવી રાખવાના સાધનરૂપ બને છે. એક જનમંડળે જે પોતાની પ્રાચીન સંસ્કૃતિને ઉચ્ચ માની હોય છે તે સંસ્કૃતિને નિભાવી રાખવાનાં સાધનોને તે સ્વધર્મ માને છે અને એ સ્વધર્મ તે જ આચાર વિચાર છે. સ્વધર્મનો ત્યાગ કરવો તેને મહાપાપ માનવામાં આવે છે કારણકે સ્વધર્મનો ત્યાગ કરવાથી પોતાની ઉચ્ચ સંસ્કૃતિને નિભાવી શકાતી નથી, તેમાં સંકરતા દાખલ થાય છે અને એ રીતે મનુષ્ય પતિત થાય છે. આ કારણથી વિચારની સાથે આચારમાં પણ સ્વદેશીયતા જાળવવી એક દેશાભિમાની નરનું

પરમ લક્ષણ છે. "જેવો દેશ તેવો વેશ" એવું કહેવત તો કોઇ સ્વાર્થ-સાધુઓએ પાડયું છે કે જેઓ येन केन प्रकारेण પરદેશમાં પોતાનો સ્વાર્થ સાધી લેવાની ઇચ્છાથી વિચરતા હોય છે. જેના દિલમાં પોતાની જન્મભૂમિ માટેનું પ્રશસ્ત અભિમાન રહેલું હોય છે તે પોતાના દેશના આચારો કે પોતાની સંસ્કૃતિના પોષક વિચારોનો કદાપિ ત્યાગ કરતો નથી. જે પર-દેશમાં જઈને કિંવા સ્વદેશમાં જ રહીને સ્વદેશીયતાને દેશવટો આપે છે તેને ગ્રંથકાર देशद्रोहकरोऽधमः स पुरुषो धर्माऽधिकाराच्च्युतः એટલે દેશદ્રોહી, અધમ અને ધર્માધિકારથી ભ્રષ્ટ માને છે તે યથાર્થ જ છે. શ્રીયુત કાલેલ-કર કહે છે તેમ "સ્વદેશી ધર્મ એ પતિવ્રતાધર્મ જેવો છે. પતિવ્રતા સ્ત્રી જેમ ગમે તે સ્થિતિ વચ્ચે પણ પતિની જ સેવા કરશે અને પતિ તર-ફથી જ સુખ મેળવવાની અપેક્ષા રાખશે; તેવી જ રીતે સ્વદેશીનો ઉપાસક પણ ગમે તેવી પરિસ્થિતિ વચ્ચે સુદ્ધાં સ્વધર્મને જ વળગી રહેશે; સ્વભાષાની જ મારફત પોતે કેળવણી લેશે અને પોતાની આસપાસનાંઓને આપશે; સ્વજનના ઉત્કર્ષમાં જ પોતાનો ઉત્કર્ષ માનશે; પોતાના રાષ્ટ્રની સંસ્કૃતિ-માંથી જ પોતાનો મોક્ષમાર્ગ શોધી કાઢશે; પોતાના જ સમાજને વળગેલા દોષ ધોવા અહોરાત્ર મથશે; અને એવી "સ્વકર્મરૂપી અભ્યર્ચના" દ્વારા જ તે વિશ્વની અને વિશ્વંભરની ભક્તિ કરશે." જેમ પતિવ્રતાધર્મને નહિ પાળ-નારી સ્ત્રી પતિત કે કુલટા લેખાય છે તેમ સ્વદેશીયતાનો ધર્માચાર નહિ પાળનાર કિંવા તદનુરૂપ વિચારોને નહિ ધારણ કરનાર દેશદ્રોહી, અધમ અને ધર્માધિકારભ્રષ્ટ મનાય એ સ્વભાવિક જ છે.

**શંકા**—કેટલીક વાર કોઈ ધંધા કે કાર્ય નિમિત્તે મનુષ્ય એવા પ્રદેશમાં જઈ ચડે છે કે જ્યાં તેને પોતાના દેશનો વેશ, અન્યાચારો, ખાન-પાના-દિમાં ફેરફાર સ્વીકારવો પડે છે તે શું અનિષ્ટ છે?

**સમાધાન**—ઇંગ્લાંડ જેવા ઠંડા પ્રદેશમાં જવાથી ગરમ કપડાં પહે-રવાં પડે કિંવા કાશ્મીર જેવા દેશમાં શિયાળામાં જવાથી ચામડાનાં કપડાં પહેરવાં પડે એ આપદ્ધર્મ છે અને અનિવાર્ય છે, પરન્તુ સાચા દેશાભિમાની પુરૂષો એવો વેશ પોતાની જાતીયતાને છુપાવવાને પહેરતા નથી. ઇંગ્લાંડમાં

જઇને કોટ-પાટલુન-ટોપી પહેરીને અંગ્રેજ ગણાઈ જવાની કે કાશ્મીરમાં ચામડાંનાં કપડાં પહેરીને કાશ્મીરીમાં ખપવાની ઈચ્છાથી જો વેશબદલો કરવામાં આવે તો તે દંભ કિંવા અધર્મ છે. દેશાભિમાની નરો એવા આપદ્ધર્મમાં પણ પોતાની જાતીયતાના વિશિષ્ટ લક્ષણ રૂપ પોતાના દેશની જ પાઘડી કે ટોપી પહેરવાનું ચૂકતા નથી. ઠંડા પ્રદેશમાં જનારને શરીરમાં ગરમી રાખવા માટે દારૂ પીવો પડે છે એ એક અસત્ય બીના પુરવાર થઇ છે, કારણકે ઠંડા મુલકોમાં હમેશાં રહેનાર જનોમાંના કેટલાક આજન્મ મદ્યપાન નહિ કરતાં તંદુરસ્ત રહી શકે છે અને શરીરમાં ગરમી રાખવા માટે અન્ય પવિત્ર વસ્તુઓના સેવનથી ચલાવી શકે છે. એટલે નાની બાબતોમાં વિદેશીયતા સ્વીકારવી પડે તોપણ ખાનપાનાદિમાં એવી વિદેશીયતા સ્વીકારવી એ અધર્મ છે. કદાચિત્ ધર્મથી ભ્રષ્ટ થવાય એવા પદાર્થોનું સેવન કરવું પડે, તો એવા દેશમાં જવું નહિ એ ઇષ્ટ છે, પરન્તુ પતિત થઇને અનિષ્ટ પ્રદેશમાં જઈ વસવું એ ઇષ્ટ નથી. **श्रेयान् स्वधर्मो विगुणः** નો અર્થ એ જ છે કે કોઈ અપેક્ષાએ સ્વધર્મ-સ્વદેશીય સંસ્કૃતિ 'વિગુણ' અર્થાત્ ગુણરહિત જણાય, તોપણ તે શ્રેયસ્કર છે, પરધર્મ-પરદેશીયાતનું ગ્રહણ એ ભયાવહ છે. જેઓ સ્વદેશાચારનું પાલન કરવામાં હમેશાં તત્પર રહે છે તે જ સાચો સ્વદેશાભિમાની નર છે. (૧૦૭)

[સ્વદેશી આચારપાલન વિષે કહીને હવે સ્વદેશી વસ્તુઓનો જ ઉપભોગ કરવાનો ધર્મ ગ્રંથકાર સમજાવે છે.]

**स्वदेश्यवतूपभोगः । १०८ ॥**

# देशोद्योगविवर्द्धनाय वपुषश्चारोग्यरक्षाकृते।
# दीनानां निजदेशिनां करुणया दारिद्र्यविच्छित्तये ॥
# युज्यन्ते वसनानि भोज्यमखिलं भोग्यानि वस्तून्यपि।
# देश्यान्येव विभूषणान्यमलयोः स्त्रीपुंसयोः सर्वथा ॥

**સ્વદેશી વસ્તુઓની વપરાશ.**

**ભાવાર્થ**—દેશના ઉદ્યોગને ઉત્તેજન આપવાને, શરીરનું આરોગ્ય

સાચવવાને, પોતાના દેશના ગરીબ માણસો ઉપર કરૂણાનજર રાખી તેમના દારિદ્રયનો નાશ કરવાને દરેક માણસે પહેરવાનાં વસ્ત્રો, ખાવાના પદાર્થો, સારા સ્ત્રીપુરૂષને છાજે તેવાં ઘરેણાં અને કોઈ પણ ભોગ્ય વસ્તુ સર્વ પ્રકારે પોતાના દેશમાં ઉત્પન્ન થયેલ હોય તેજ વાપરવી જોઇએ. (૧૦૮)

**વિવેચન**—જે કાળમાં આપણે જન્મ લીધો તે જમાનાનીજ સેવા કરવી એ જેમ આપણે માટે અપરિહાર્ય છે, તેજ પ્રમાણે જે દેશમાં આપણો જન્મ થયો તે દેશની જ આપણે સેવા કરવી અને તે દેશની જ સેવા આપણે લેવી એવો સ્વદેશીનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત વિસરી જનારાઓ સ્વદેશીયતાની દષ્ટિનો ત્યાગ કરીને પરદેશી વસ્તુઓનો ઉપભોગ કરતાં અચકાતા નથી પરન્તુ એ સિદ્ધાંત વિસરી જવાને લીધે જ આજે હિંદુસ્તાનની આર્થિક અવદશા થએલી જોવામાં આવે છે. દેશના ઉદ્યોગને ઉત્તેજન આપવાને સ્વદેશી વસ્તુઓ વાપરવી, શરીરનું આરોગ્ય જાળવવાને આપણા દેશનાં હવા-પાણીમાં ઉત્પન્ન થએલા પદાર્થોનો જ ઉપભોગ કરવો, ગરીબો ઉપર કરૂણાદષ્ટિ રાખીને તેમના દારિદ્રયનો નાશ કરવા વસ્ત્રો, ભોજનના પદાર્થો, અલંકારો ઈત્યાદિ સર્વ વસ્તુઓ સ્વદેશી જ વાપરવી એ દષ્ટિ તો આધુનિક છે કારણકે સ્વદેશીયતાનો સિદ્ધાંત વિસરાઇ જવાથી દેશની જે દુર્દશા થઈ છે તે દુર્દશા-માંથી તેનો ઉદ્ધાર કરવાની દષ્ટિ હાલમાં દેશસેવકોમાં અને દેશહિતવિચારકોમાં ઉત્પન્ન થઇ છે; એટલેકે સ્વદેશીયતાને આજકાલ એક યુગધર્મ કે સમય-ધર્મની દષ્ટિથી પ્રજા સમક્ષ રજુ કરવામાં આવે છે. આ કારણથી ગ્રંથકારે પણ હાલની જનતા સમક્ષ સ્વદેશી વસ્તુઓના ઉપભોગની વાર્તાને સમય-ધર્મને ઘટતી દલીલો સાથે રજુ કરી છે. પરન્તુ આર્યાવર્તનો સનાતન સિદ્ધાંત તો એ છે કે "આપણું આપણા માટે અને પરાયું પરાયા માટે." **श्रेयान् स्वधर्मो विगुणः** એવું જે પૂર્વે કહેવામાં આવ્યું છે તેનો મથિતાર્થ પણ એ જ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેવો સ્વદેશીયતાનો ધર્મ આપણે પાળીએ તેવો જ સ્વદેશીયાતાનો ધર્મ બીજા દેશો પણ પાળે એવો સિદ્ધાંત આર્યાવર્તે સ્વીકાર્યો હતો. આજે આપણે એવું ઇચ્છીએ છીએ કે હિંદુસ્તાનમાં બનેલો માલ હિંદુસ્તાનના લોકો વાપરે એટલું જ નહિ પણ આપણી બનાવટનો માલ

બીજા દેશો પણ વાપરે અને આપણે તેમાંથી નાણાં મેળવી ધનવાન થઇએ, પરન્તુ પ્રાચીન આર્યોનો સિદ્ધાંત તેવો નહોતો. તેઓ ઇચ્છતા કે સ્વધર્મનો ત્યાગ કરવો એ જેટલું નિંદનીય છે, તેટલું જ નિંદનીય બીજાને તેના ધર્મથી ચળાવવો એ છે. આ જ કારણથી ઉદાત્ત હિંદુ ધર્મે વિધર્મીઓને પોતાની પાંખમાં પકડવાનો કોઇ કાળે પ્રયત્ન કર્યો નથી. જે લોકો હિંદુ સંસ્કૃતિમાં સ્વભાવે કરીને મળી ગયા અને હિંદુ ધર્મમાં આવવા તૈયાર થયા તેમનો હિંદુ ધર્મે ત્યાગ કર્યો નથી, પરન્તુ તેમની જૂદી જાત બનાવી લઇને તેમનો સ્વીકાર કર્યો છે. સ્વદેશી વસ્તુઓનો જ ઉપભોગ કરવો એ સંસ્કાર જ્યાંસુધી આર્યોની સંસ્કૃતિમાં વજ્રલેપ રહ્યો હતો, ત્યાંસુધી સ્વદેશીય અને પરદેશીય વસ્તુઓ વચ્ચેનો તફાવત જ સમજાવવાની પ્રાચીન પુરૂષોને જરૂર જણાઇ નહોતી; પરન્તુ હવે સમય બદલાયો છે. પરદેશો પોતાના લાભ માટે પોતાની વસ્તુઓની જમાવટ હિંદમાં કરી રહ્યા છે અને હિંદી બનાવટો પાછી હઠવા લાગી છે, તેથી હિંદનું ધન પરદેશ ઘસડાઇ જવા લાગ્યું છે, એટલું જ નહિ પણ તેના સ્વદેશી આચારપાલનમાં પણ વિક્ષેપ પડવા લાગ્યો છે. આજે હિંદુસ્તાનનું સ્વદેશી વ્રત જેમ એકે એક હિંદી સ્ત્રી, પુરૂષ અને બાળકે હિંદુ-સ્તાનમાં તૈયાર થયેલી જ વસ્તુ વાપરીને જીવન નિભાવવામાં રહેલું છે, તેમ પરદેશોને પણ એવું જ સ્વદેશી વ્રત પાળવું હોય તો તેઓએ પોતાના દેશ-માં તૈયાર થતો માલ નફાની ખાતર બીજા કોઇ પણ દેશમાં લઇ જઇને ખડકવાનું છોડી દેવું જોઇએ. જો દરેક દેશ ઉપર જણાવ્યા મુજબનું સંપૂર્ણ સ્વદેશી વ્રત પાળીને રહે તો તે કદાપિ નિર્ધન બને નહિ અને આર્થિક કારણોને લીધે વિગ્રહમાં ઉતરી રક્તપાત કરવાની તેમને જરૂર રહે નહિ. પરંતુ ક્યાં છે તે સ્વદેશીયતા ? પ્રાચીન કાળમાં તો પ્રત્યેક આર્ય જન વિના-વ્રત ધારણ કર્યે પણ સ્વદેશી વસ્તુઓનો જ ઉપભોગ કરતો. જ્યાંસુધી તેવી સ્થિતિ હતી, ત્યાંસુધી સ્વદેશીયતામાં આર્થિક પ્રશ્નનો ઉદ્ભવ જનતામાં થયો નહોતો; આજે હવે એ આર્થિક પ્રશ્ન ઉપસ્થિત થયો છે, તો આર્થિક દૃષ્ટિએ સ્વદેશીય વસ્તૂપભોગ વ્રત ગ્રહણ કરવું એ પણ હિતકારક છે. (૧૦૮)

[નિમ્ન બે શ્લોકોમાં ગ્રંથકાર ઉપદ્રવને કાળે દેશની સેવા બજાવવાનો દેશ-સેવકોનો ધર્મ સમજાવે છે.]

देशोपद्रवनाशनम् । १०९ ॥

**देशः स्यान्निरुपद्रवो नृपतिना श्रेष्ठेन संरक्षित-**
**स्तद्धर्मसमाजरक्षणमथो विज्ञानवृद्धिस्तदा ॥**
**देशे कोऽपि समुद्भवेदभिभवो बाह्योऽथवाऽभ्यन्तर-**
**स्तन्नाशे यतितव्यमुत्तमजनैर्धर्मादिरक्षाकृते ॥**

स्वचक्रपरचक्रतो देशरक्षणम् । ११० ॥

**देशस्याऽऽक्रमणं यदा स्वपरयोश्चक्रेण सम्पद्यते ।**
**स्वास्थ्यं नश्यति जायते क्षतिततिर्द्रव्यादिहान्या भृशम् ॥**
**साहाय्यं करणीयमत्र समये तद्देशवास्तव्यकैः ।**
**सर्वैरेव जनैर्धनेन वपुषा बुद्ध्या तथा सेवया ॥**

### દેશ ઉપર આવતા ઉપદ્રવનો નાશ કરવો

**ભાવાર્થ**—જો સારા રાજાથી દેશ સુરક્ષિત હોય અને દેશ ઉપર કોઈ જાતની આફત ન હોય તો ધર્મ અને સમાજનું સારી રીતે રક્ષણ થાય છે એટલુંજ નહિ પણ સાહિત્ય અને વિજ્ઞાનની વૃદ્ધિ પણ ત્યારે જ થાય છે; માટે ઉત્તમ સેવકોએ દેશ ઉપર કોઇ પણ જાતનો બહારથી કે અંદરથી ઉપદ્રવ આવી પડે ત્યારે તેનો નાશ કરવાને પોતાથી બનતો દરેક પ્રયત્ન કરવો જોઇએ. (૧૦૯)

### સ્વચક્ર અને પરચક્રથી દેશનું રક્ષણ.

**ભાવાર્થ**—જ્યારે સ્વચક્ર-દેશી લશ્કર કે પરચક્ર-વિદેશી લશ્કર તરફથી દેશ ઉપર હલ્લો કરવામાં આવે ત્યારે પ્રજાના સ્વાસ્થ્યનો નાશ થાય છે, સુખ અને સંપત્તિની અત્યંત હાનિ થવાની સાથે નુકસાનીની પરંપરા ચાલે છે. આવા આપત્તિના સમયમાં તે દેશના વસનાર દરેક માણસે પૈસાથી, શરીરથી, બુદ્ધિથી અને સેવા બજાવીને રક્ષક મંડળને સહાય કરવી જોઇએ. (૧૧૦)

**વિવેચન**—કોઈ પણ દેશની ઉન્નતિ શાન્તિના કાળમાં અને અવનતિ અશાન્તિના કાળમાં થાય છે. શાન્તિના કાળમાં દેશ સુરક્ષિત રહે છે, સમાજનું તથા ધર્મનું રક્ષણ થાય છે, વિજ્ઞાન, કળા, સાહિત્ય, ધન–ધાન્ય, ઇત્યાદિ સંપત્તિની વૃદ્ધિ થાય છે, પરન્તુ અશાન્તિના કાળમાં તેથી ઉલટું જ બને છે. અશાન્તિમાં જનતા હમેશાં ઉદ્વિગ્ન રહે છે, ધંધો રોજગાર કરતાં લોકો ભયગ્રસ્ત રહ્યા કરે છે, જીવનનિર્વાહ અને સમૃદ્ધિના રક્ષણ માટે લોકો દોડાદોડી કરી મેલે છે અને બીજી બાબતો ઉપરથી લોકોનાં મન ઊઠી જાય છે. કોઇ યુરોપીયન લેખકે ખરૂં કહ્યું છે કે યુદ્ધ એટલે સર્વ પ્રકારના કાયદાનો ભંગ. યુદ્ધના કાળમાં નીતિના કે રાજ્યના સર્વ પ્રકારના કાયદાઓનો ભંગ જ થાય છે એટલે દેશની અને સમાજની સર્વ પ્રકારની સુવ્યવસ્થા નિયમભંગને કારણે નાશ પામે છે. આ કારણથી દરેક સેવાધર્મીની ફરજ છે કે જનતાનું અકલ્યાણ કરનારી યુદ્ધાદિની અશાન્તિને દેશથી દૂર જ રાખવી. આ પ્રકારની અશાન્તિ અથવા ઉપદ્રવો ગ્રંથકાર કહે છે તેમ બે પ્રકારે ઉત્પન્ન થાય છે. એક પ્રકાર 'સ્વચક્ર'ના ઉપદ્રવનો છે અને બીજો પ્રકાર 'પરચક્ર'ના ઉપદ્રવનો છે. દેશમાં ધાડપાડુ, લૂટારા, ચોર કિંવા બંડખોરો બળવાન થઈને જનતાના ધન, ધર્મ, જાન–માલ ઇત્યાદિનો નાશ કરવામાં ઉદ્યત થાય તે સ્વચક્રનો ઉપદ્રવ લેખાય છે અને દેશ ઉપર પરદેશીઓ ચ્હડાઈ કરી તેના ધન–ધર્મ, જાન, માલનો નાશ કરવા યત્ન કરે તે 'પરચક્ર' નો ઉપદ્રવ છે. એ બેઉ પ્રકારના ઉપદ્રવથી દેશની શાન્તિનો નાશ થતો હોવાથી તેમાંથી દેશનું રક્ષણ કરવું આવશ્યક છે. પ્રજાનું રક્ષણ કરવાનો ધર્મ રાજ્યરૂપી સંસ્થાનો છે, પરન્તુ રાજ્યરૂપી સંસ્થાનું બળ તથા અસ્તિત્વ જનતાના સહકાર ઉપર અવલંબી રહેલું હોવાથી અશાન્તિના કાળમાં દેશનું રક્ષણ કરવાનો ધર્મ પણ રાજ્યદ્વારા જનતાનો જ છે; તેથી બુદ્ધિ, ધન, બળ, ઈત્યાદિ શક્તિવાળા જનોએ દેશ ઉપરની આપત્તિના કાળમાં પોતાની શક્તિનો ભોગ આપીને જનતાની સેવા કરવી આવશ્યક છે. જે દેશની જનતા કિંવા જે દેશના શક્તિસંપન્ન પુરૂષો આવા સ્વધર્મને સમજતા નથી તે દેશના સર્વસ્વનો નાશ થાય છે, એટલે કે જન-

તાનો, તેમાંના શક્તિસંપન્ન પુરૂષોનો, તેમની સમૃદ્ધિનો, તેમના ધર્મનો, સાહિત્યનો, વિજ્ઞાન કળાનો, ખેતીનો, ઇત્યાદિનો નાશ થાય છે, धर्मो रक्षति रक्षितः એવું જે કહ્યું છે તેનો અર્થ એ જ છે કે જે સ્વધર્મનું રક્ષણ કરે છે તેનું રક્ષણ ધર્મ કરે છે, એટલેકે પોતાની ફરજ બજાવવા વડે કરીને લોકો પોતાનું જ રક્ષણ કરી શકે છે, તેટલા માટે જ स्वदेशसेवैव महाव्रतं स्यात् —સ્વદેશસેવાને એક મહાવ્રત કહ્યું છે, અને તે મહાવ્રત પાળીને ઉપદ્રવને વખતે જનતાનું હિત આચરવું જોઈએ. સ્વચક્ર કરતાં હમેશાં પરચક્ર એ દેશ ઉપરની એક મોટી આપત્તિરૂપ છે. પરદેશી સૈન્ય બીજાને હાનિ કરીને પોતાનો સ્વર્થ સાધી લેવાને અનેક પ્રકારના ઉપદ્રવો કરે છે અને તેવે કાળે જો જનતા દેશનું રક્ષણ કરવામાં શિથિલતા દર્શાવે છે તો તેને અત્યંત હાનિ થાય છે. હિંદુસ્તાનમાં એક વખત સર્વત્ર આર્ય ધર્મની જ જૂદી જૂદી શાખાઓ વિસ્તરેલી હતી, પરન્તુ મુસલમાનોએ હિંદુસ્તાન ઉપર હલ્લા કરવા માંડ્યા અને તેમાં હિંદુઓ હારતા ગયા, તેમ તેમ હિંદમાં મુસલમાનો પણ પેઠા, હિંદને દ્રવ્યનું, ધર્મનું, વિદ્યાકળાનું, સાહિત્યનું અનેક પ્રકારનું નુકસાન તેથી જ થયું તેનો ઇતિહાસ સાક્ષી છે. તેટલા માટે દેશને માટે પ્રાણાર્પણ કરવો પડે તોપણ પાછા ન હઠવું તે દરેક દેશી જનનો ધર્મ છે. (૧૧૦)

[ પરન્તુ દેશની પ્રજા ઉપર એક અન્ય પ્રકારનું પણ સ્વચક્ર કેટલીક વાર આવી પડે છે. આ સ્વચક્ર તે રાજ્યના અધિકારીઓ તરફથી કરવામાં આવતું પ્રજાપીડન છે. આવો પ્રસંગ ઉપસ્થિત થતાં શું કરવું તે વિષે ગ્રંથકાર સૂચન કરે છે. ]

**अधिकारिणामुपद्रवनिवर्त्तनम् । १११ ॥**

**ये राज्ञा निजदेशरक्षकतया योग्ये पदे स्थापिताः ।**
**स्युस्ते पामरभक्षका यदि नृपाऽमात्यादयोऽन्यायिनः ॥**
**संसाध्यैक्यबलं तदाऽखिलजनैस्तद्देशवास्तव्यकैः ।**
**कार्यं तत्परिवर्त्तनं विनयतो राज्ञे निवेद्योत्तमैः ॥**

**અધિકારીઓ તરફથી થતા ઉપદ્રવનું નિવર્તન.**

**ભાવાર્થ**—રાજાએ જેમને પોતાના દેશને આબાદ બનાવવાને પ્રજાના

રક્ષક તરીકે યોગ્ય અધિકાર ઉપર નીમ્યા છે તે અમાત્ય આદિ રાજાના અમલદારો પ્રજાનું રક્ષણ કરવાને બદલે પામર જનોનું ભક્ષણ કરવા લાગે અને અન્યાયી જુલ્મ ગુજારનાર નીવડે તો તે દેશમાં વસનાર બધા અગ્રણી માણસોએ એક સંપ કરી રાજાને નમ્ર વિજ્ઞપ્તિપૂર્વક તેની સ્થિતિની માહિતી આપી યોગ્ય ફેરફાર કરાવવો જોઇએ. (૧૧૧)

**વિવેચન**—રાજા બહુધા પ્રજાવત્સલ હોય છે, પરન્તુ કેટલીક વાર તેના સ્વભાવની ક્ષુલ્લકતાથી કિંવા બદસલાહથી તે પ્રજાપીડક બને છે. જે રાજા દેખરેખ રાખવામાં અકુશળ હોય છે તેના રાજ્યાધિકારીઓ તો અવશ્ય મનસ્વી હોય છે અને પ્રજાપીડક બને છે. પ્રજા ઉપરનું આ એક એવું સ્વચક્ર છે કે જેનું નિવારણ કરવાના માર્ગો શોધવાને દુનિયાનાં ઉંચામાં ઉંચાં મગજો કામ કરી રહ્યાં છે. કેટલાક દેશોમાં અધિકારીઓના જુલ્મને કારણે જ રાજ્યક્રાન્તિઓ થઈ છે અને પ્રજાને હાથે અધિકારીઓના અને રાજાઓના ઘાત થયા છે. રશિયાના ઝારનો ઈતિહાસ તેના ઉદાહરણરૂપ છે. ઝારે અનેક દુષ્કૃત્યો કર્યાં હતાં, પરન્તુ તેણે જેવાં દુષ્કૃત્યો કર્યાં હતાં તેવો તે સ્વભાવનો દુષ્ટ નહોતો. તેની પૂર્વેના ઝારોના વખતમાં પણ પ્રજાપીડન કાંઈ ઉતરતા પ્રકારનું નહોતું. રશિયામાં લાંબા વખતથી પ્રજાપીડન ચાલ્યું આવતું જ હતું અને તેનો નિમિત્ત ઝાર લેખાતો, પરન્તુ ખરી રીતે તે દુષ્ટ અધિકારીઓ તરફનું જ એ પીડન હતું, જેઓ પોતાના સ્વાર્થ અને સત્તા માટે રાજકર્તાને ભોળવીને પ્રજાને પીડતા. ઝારને એવા અધિકારીઓની સામે અનેક પ્રકારની અરજો કરવામાં આવેલી, અનેક મંડળો અધિકારીઓના જુલ્મને ઉઘાડો પાડી તેની સામે થવા માટે રચાએલાં, પરન્તુ અધિકારીઓ ઝારને ઉંધું સમજાવતા, તેઓ એવી લડત કે અરજીઓ કરનારાઓને બળવાખોર લેખતા અને તેમને મારી નાંખવામાં આવતા કે દેશપાર કરવામાં આવતા. જો રાજા મૂર્ખ કે અવિચારી હોય છે તો રાજ્યના અધિકારીઓ આ રીતે પ્રજાપીડક બને છે. રાજા પ્રજાનો પિતા છે અને તેના અધિકારીઓ પિતાના હાથપગરૂપ પાલન કરવાનાં સાધનો છે. જે અધિકારીઓ પોતાની આવી ફરજ સમજે છે તેઓ પ્રજાને ન્યાય આપી

તેમને સુખી કરે છે અને રાજાને 'સુરાજ્ય' ચલાવનાર તરીકેની કીર્તિ અપાવે છે; પરન્તુ જ્યાં એવા પાપભીરૂ અધિકારીઓ હોતા નથી ત્યાં પ્રજાને અન્યાય મળે છે, તેના ઉપર અત્યાર ગુજરે છે અને તેઓની સામે ફરિયાદ ઉઠાવવાનું પ્રજાને કારણ મળે છે. આવા પ્રસંગમાં દેશસેવક જનોનો પ્રથમ ધર્મ કેવો છે તે ગ્રંથકારે દર્શાવ્યું છે. ગ્રંથકાર કહે છે કે એ પ્રજાપીડનની કથની પ્રજાજનોએ એકત્ર મળીને રાજાને કાને નાંખીને વસ્તુસ્થિતિમાં સુધારો કરાવવા યત્ન કરવો જોઇએ. આપણા દેશનાં કેટલાંક પ્રજામંડળો હાલમાં આ રીતે જ કામ કરે છે. પ્રજાજનો એક પરિષદ્ ભરે છે, તેમાં અમુક પ્રકારના જુલ્મો, અન્યાયો કે અત્યાચારો વિષે વિવાદ ચાલે છે, તેના નિવારણના માર્ગો શોધાય છે, અન્યાય કે અત્યાચાર કરનાર અમલદારોના ઉપરીઓ પાસે પહેલાં ફરિયાદ પહોંચાડાય છે, તેથી જો દુઃખનું નિવારણ થતું નથી તો પ્રજા તેથી ઉંચી વ્યક્તિ પાસે દાદ માંગવા જાય છ; અને છેલ્લે સર્વોપરિ વ્યક્તિ–રાજા પાસેથી ન્યાય મેળવવાનો યત્ન કરવામાં આવે છે. જો સર્વોપરિ વ્યક્તિની બુદ્ધિમાં વૈષમ્ય ઉત્પન્ન થયું હોતું નથી, તો આટલા ઉપચારમાં ફરિયાદનું કારણ દૂર થઈ જાય છે.

ઉપર જણાવ્યું છે તેમ રશિયાનો રાજવંશ આજે પૃથ્વી ઉપરથી ઉખડી ગયો છે તેનું કારણ અધિકારીઓના જુલ્મોને દૂર કરવાની રાજાની અશક્તિનું જ છે. ચીનનો રાજવંશ પણ પ્રજા ઉપરના અધિકારીઓના અત્યાચારના કારણે ઉપસ્થિત થએલાં બંડોને લીધે જ આજે રાજસત્તા ખોઈ બેઠેલો છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે—

**वेनो विनष्टोऽविनयान्नहुषश्चैव पार्थिवः ।**
**सुदासो यावनिश्चैव सुमुखो निमिरेव च ॥**

અર્થાત્—વેન, નહુષ, સુદાસ, સુમુખ અને નિમિ અવિનયી હોવાથી જ નાશ પામ્યા હતા. જ્યાં રાજતંત્ર સડેલું હોય છે અને યંત્રના ખીલા કટાઈ ગયા હોય છે, ત્યાં રાજા કે પ્રધાનને કાને અત્યાચાર કે જુલ્મની વાત નાંખી પરિવર્તન કરવાનો યત્ન ભાગ્યે જ સફળ નીવડે છે અને તેટલા માટે વધારે સંગીન ઉપાયોની જરૂર છે. જૂદી જૂદી પરિસ્થિતિમાં જૂદા જૂદા

ઉપાયો દ્વારા જ પ્રજાહિત સાધી શકાતું હોવાથી દેશસેવા બજાવનારાઓને એક જ પદ્ધતિનું દર્શન કરાવવું એ પૂરતું નથી. પ્રજાએ એકસંપીથી विनयतः પરિવર્તન કરાવવું એ અધિકારીઓના અત્યાચારની સામેનો પ્રાથમિક ઉપાય છે અને તેનું અવલંબન કર્યા પૂર્વે આગળ વધવું એ નિરર્થક છે; પરન્તુ 'અવિનય' વડે નષ્ટ પામેલા વેન જેવા રાજાઓ હોય ત્યાં 'વિનય'નો ઉપયોગ શો ? તે વખતે તો દેશભક્તોને શિરે 'પરિવર્તન' ને સ્થાને 'રાજ્ય-ક્રાંતિ' નીપજાવવાની જ જવાબદારી આવી પડે છે. એવી રાજ્યક્રાંતિઓના અનેક માર્ગો દુનિયાની જૂદી જૂદી પ્રજાઓએ અજમાવ્યા છે, તેમાંના કેટલાક નિષ્ફળ ગયા છે અને કેટલાક સફળ પણ થયા છે; પરન્તુ આ સ્થાને તે અપ્રસ્તુત હોવાથી વિશેષ વિવેચનની જરૂર રહેતી નથી. (૧૧૧)

[ પ્રજા ઉપર અનેક પ્રકારની આફતો આવે છે. 'આસમાની-સુલતાની' તરીકે ઓળખાતી આફતોમાં 'સુલતાની' આફતોની વાત થઇ ગઇ; હવે 'આસમાની' આફતોની વાત એક શ્લોકમાં કરીને તેવા પ્રસંગનું સેવાધર્મીનું કર્તવ્ય કર્મ દર્શાવી ગ્રંથકાર આ તૃતીય અવસ્થાનાં કર્તવ્ય કર્મોનો બોધ કરનાર પ્રથમ ખંડની પૂર્ણાહુતિ કરે છે. ]

आपत्कालीनसेवा । ११२ ॥

**भूकम्पादिकदैवकोपजनितापत्तिः कदाचिन्निजे ।**
**देशे क्वाऽपि समागता यदि महाऽऽनर्थक्यसम्पादिनी ॥**
**गत्वा तत्र सहैव साधनभरैरापद्गतानां नृणां ।**
**साहाय्यं समयोचितं सुखकरं कर्त्तव्यमर्थादिभिः ॥**

આફતને વખતે સેવા.

**ભાવાર્થ**—જ્યારે જ્યારે દેશના કોઇ પણ ભાગમાં ધરતીકંપ, આગ, પાણીની રેલ આદિ દૈવકોપને લીધે જાનમાલની પાયમાલી કરનારી મોટી આફત આવી પડે, ત્યારે ત્યારે સેવાના ઉમેદવારોએ સાધનોનો સંગ્રહ કરીને, તે ભાગમાં જઇને, આફતમાં આવી પડેલ માણસોને અન્ન, વસ્ત્ર આદિથી સુખ થાય તેવી રીતે સમયને ઉચિત સહાય કરવી જોઈએ. (૧૧૨)

**વિવેચન**—દેશ ઉપર કુદરતી આફત આવી પડે ત્યારે જનતાને મોટા પ્રમાણમાં સેવાની જરૂર પડે છે. આગ, ધરતીકંપ, જ્વાળામુખીનું ફાટવું, રેલ એ બધી આફતો કારમી આવી પડે છે. દુષ્કાળની આફત એ કારમી લેખાતી નથી પરન્તુ તેનું સંકટ મોટા વિસ્તારમાં ફેલાવા પામે છે. આવી આફતોને કાળે લાચાર થઇ પડેલાં મનુષ્યોને મદદ કરવી એ એક દેશસેવાનો જ પ્રકાર છે. જ્યારે ધરતીકંપની આફત દેશ ઉપર આવે છે ત્યારે સંખ્યાબંધ માણસોનાં ઘરબાર પડી જાય છે, અનેક માણસોનાં મરણ થાય છે, આગ લાગે છે, તથા ધનમાલનો નાશ થાય છે. આવે વખતે પ્રજા એકાએક લાચાર અવસ્થામાં આવી પડે છે. તેમને નિવાસસ્થાનની, અન્નની, વસ્ત્રની અને બીજી અનેક પ્રકારની મદદની જરૂર પડે છે, તો તેવે વખતે ધનવાનોએ, બુદ્ધિમાનોએ, સેવાતત્પર જનોએ પોતાથી બની શકે તે રીતે મદદ કરવાને બહાર પડવું જોઇએ. કારમું સંકટ ફેલાવાને લીધે અને એક પ્રદેશમાંના સર્વ કોઇ સંકટમાં આવી પડવાને લીધે સેવાની ઉતાવળે અને મોટા પ્રમાણમાં જરૂર પડે છે. રેલ અને આગની આફતથી પણ નાના-મોટા વિસ્તારમાં સંકટ ફેલાય છે અને તે વખતે પણ સેવકોની અને સેવાનાં સાધનોની મોટા પ્રમાણમાં જરૂર પડે છે. ઘરબાર ગુમાવી બેઠેલાંઓને માટે તત્કાળિક તંબૂ કે ઝુંપડાં ઊભાં કરી આપવાં અને તેઓને તેમાં આશ્રય આપવો, અંગ ઢાંકવા માટે વસ્ત્રો પૂરાં પાડવાં, ખોરાકી લાવી આપવી અને ધંધાનાં સાધનો ગુમાવી બેઠેલાંઓને તેવાં સાધનો પૂરાં પાડી પાછાં ધંધે વળગાડવાં, એવા પ્રકારે કુદરતી આફતથી પિડાએલાં મનુષ્યોને મદદ કરવા દ્વારા દેશસેવા બજાવવાને અને અનુકંપાવૃત્તિ દર્શાવવાને લોકોએ બહાર પડવું જોઇએ.

**દૃષ્ટાંત**—દેશ ઉપરની આપત્તિના કાળમાં પોતાના ધનનો સદ્‌વ્યય કરીને હડાળાના એક વણિકે અમર નામ કર્યું છે જેની કિંવદન્તી ગુજરાતમાં પ્રચલિત છે. એ વણિકનું નામ ખેમો દેદરાણી હતું. તે બહુ સાદાઇથી રહેતો અને નીતિ તથા પ્રમાણિકતાથી વેપાર કરીને તેણે પુષ્કળ ધન એકઠું કર્યું હતું. પાટણમાં તે વખતે મુસલમાની રાજ્ય હતું. એક વખત ગુજરાતમાં દુકાળ પડયો અને લોકો અન્ન તથા ઢોરો ઘાસ વિના ટળવળવા લાગ્યાં.

**બાદશાહે** આ વાત જાણી એટલે તેણે **પાટણ**ના મહાજન મંડળને બોલાવીને કહ્યું કે—આ વખતે રાજ્યના ખજાનામાં પૂરતું ધન નથી એટલે રાજ્ય તરફથી દુકાળમાં ગરીબોનું પોષણ કરી શકાય તેમ નથી; તો તમે વાણીયા 'શાહ' કહેવાઓ છો તો આ વખતે ગુજરાતનાં ગરીબોનું રક્ષણ કરો. વાણીયાઓને બાદશાહની આજ્ઞા ઉઠાવી લેવી પડી. એક વરસના ૩૬૦ દિવસ થાય. એક દિવસે ગરીબોનું પોષણ કરવા માટે લાખો રૂપિયા જોઈતા હતા. નગરના શેઠીયાઓમાંના કોઇએ પોતાની શક્તિ પ્રમાણે એક દિવસ, તો કોઇએ બે દિવસનું ખર્ચ આપવાનો ખરડો કર્યો અને એ રીતે ચાર માસ **પાટણ**માં જ નોંધાઇ ચૂક્યા. પછી **પાટણ**ના નગરશેઠ ખરડો કરવાને ગુજરાતનાં નાનાં ગામોમાં ફરવા નીકળ્યા. તેઓ ફરતા ફરતા **હડાળે** આવ્યા. **હડાળામાં ખેમો** દેદરાણી કરીને વણીક હતો તે આગેવાન હતો તેને ત્યાં નગરશેઠ ઉતર્યા. **ખેમા**ના ઘરની સાધારણ અવસ્થા જોઇને શેઠને જણાયું કે ગામમાં આ આગેવાન શેઠ છે તેનું ઘર જ આવું મુફલીસ છે, તો બીજા કોણ ખરડામાં પૂરો એક દિવસ પણ ભરાવી શકશે? પરન્તુ શેઠને જમાડીને જ્યારે **ખેમા** દેદરાણીએ ખરડામાં પૂરા ૩૬૦ દિવસ ભરી આપ્યા ત્યારે શેઠ ચમકી ગયા! **ખેમા**એ કહ્યું: "શેઠજી! તમે તો **પાટણ**ના શેઠ છો, તો તમોને ધનનો સદ્‌વ્યય કરવાના અનેક પ્રસંગે મળશે, પરન્તુ મારા જેવાને એવો અવસર ક્યારે મળશે? માટે પહેલાં મારા ખર્ચથી આખું વર્ષ ગરીબોનું પોષણ કરો અને પછી જરૂર પડે તો આપના ખરડાનો ઉપયોગ કરજો." શેઠે **ખેમા**ને ધન્યવાદ આપ્યો અને **ખેમા**એ પોતાનો બધો ભંડાર શેઠને સોંપી દીધો. આ વાત જ્યારે બાદશાહે જાણી ત્યારે તેણે કહ્યું: "બાદશાહ કરતાં શાહ ચડે એ વાત સાચી છે." **ખેમા** દેદરાણીની ઉદારતા અને આફતને કાળે તેણે બજાવેલી દેશસેવા આજે જૈન સૃષ્ટિમાં જાણીતી છે. (૧૧૨)

**इति प्रथम खण्ड समाप्त ॥**

# द्वितीय खण्डः

મનુષ્યના જીવનની ચોથી અવસ્થાનાં કર્તવ્ય કર્મનો બોધ આ ખંડમાં ગ્રંથકાર કરે છે. વેદશાસ્ત્રાનુસાર એ ચોથો આશ્રમ છે—સંન્યસ્ત દશા છે, જેમાં ઐહિક વાસનાનો કેવળ ત્યાગ કરીને ત્યાગમાર્ગે વિચરવાના કર્તવ્યનો બોધ કરવામાં આવ્યો છે. એ એકાન્ત નિવૃત્તિમાર્ગનો બોધ છે. તૃતીય આશ્રમમાં વાનપ્રસ્થ અવસ્થા ગાળતાં સુધી કર્મ કરવાનું વિધાન છે અને ચતુર્થ અવસ્થામાં કેવળ નિવૃત્ત દશાનું વિધાન છે, પરન્તુ એ એકાન્ત માર્ગનું પ્રતિપાદન આ ગ્રંથકાર કરતા નથી. કેવળ નિર્વિકલ્પ દશા અથવા પરમ નિવૃત્તિની ઉચ્ચતા સ્વીકાર્યા છતાં સમગ્ર મનુષ્યજાતિને માટે એ માર્ગ અલભ્ય નહિ તો દુર્લભ્ય તો છે જ. ગ્રંથકાર આ કારણથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ બેઉ માર્ગનો બોધ આ આશ્રમને માટે અમુક મર્યાદાઓ સાથે કરીને જનતાને ઉચ્ચ દશા પામવાનો વહેવારૂ માર્ગ દર્શાવવા યત્ન કરે છે. આ બેઉ માર્ગે કેવી રીતે પ્રારંભ કરવો, કેવી રીતે આગળ વધવું, જગત્કલ્યાણ તેમ જ આત્મકલ્યાણ કેવી રીતે સાધવું અને કેવી રીતે ઉત્તરોત્તર ઉત્તમ દશાને પાત્ર થતા જવું તેનો બોધ આ ખંડમાં કરવામાં આવ્યો છે. તત્ત્વજ્ઞાનની બે જૂદી જૂદી શાખાઓનો બોધ જગત્‌ના લગભગ સઘળા ધર્મોમાં કરવામાં આવેલો છે. એક માર્ગ નિવૃત્તિનો છે અને બીજો માર્ગ પ્રવૃત્તિનો છે. નિવૃત્તિના મીમાંસકો પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિને ઉચ્ચ દશાએ મૂકે છે; પ્રવૃત્તિના મીમાંસકો નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિને ઉચ્ચ દશાએ મૂકે છે. એક પક્ષ કર્મયોગને ઉચ્ચ પંક્તિ આપે છે, બીજો પક્ષ કર્મસંન્યાસને ઉચ્ચ પંક્તિ આપે છે. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં પણ એ રીતે બેઉ પક્ષના વિચારકો સાંપડે છે. શોપનહેઅર, હાર્ટમન એ નિવૃત્તિમાર્ગના પ્રતિપાદકો છે, અને કેંટ, સ્પેન્સર, નિત્શે ઇત્યાદિ પ્રવૃત્તિમાર્ગના પ્રતિપાદકો છે. આ ગ્રંથકાર બેઉ પક્ષોને સમાન તુલામાં મૂકી, યોગ્ય મર્યાદાનો અને યોગ્ય વિધાનનો બોધ કરે છે. જગતમાં બહુવિધ મનુષ્યપ્રકૃતિ રહેલી છે અને સર્વ પ્રકૃતિનાં મનુષ્યોને એક જ માર્ગનું અવલંબન ઇષ્ટ હોય તોપણ લભ્ય થતું નથી,

એ જ કારણથી પ્રકૃતિને અનુકૂળ રીતે યોગ્ય સંયમ દ્વારા નિષ્કામ કર્મયોગ કે કર્મત્યાગને આચરી શકાય તે હેતુને ગ્રંથકારે ધ્યાનમાં રાખ્યો છે. (૧૧૨)

# प्रथम परिच्छेद.

## આત્મદષ્ટિ.

[ નિષ્કામ કર્મ કરવાની પાત્રતા કયારે આવે ? જ્યારે મનુષ્ય સમગ્ર વિશ્વને પોતાના બંધુ તુલ્ય માને ત્યારે. ગ્રંથકાર પ્રથમ એ વિષયનું પ્રતિપાદન કરે છે. ]

**जगत्सेवाऽऽत्मसेवा च । ११३ ॥**

**एषोऽयं समयो मनुष्यजनुषो लब्धुं प्रकृष्टं फलं।**
**तत्सेवैव निजात्मनश्च जगतो निष्कामबुद्ध्या परा ॥**
**पौर्वापर्यविधानमत्र नियतं कर्त्तुं न शक्यं परैः ।**
**स्वेच्छैवास्तु नियामिका मतिमतां संस्कारसामर्थ्यजा ॥**

**જગત્સેવા અને આત્મસેવા.**

**ભાવાર્થ**—દેશસેવા બજાવ્યા પછી મનુષ્યના જીવનનું ઉંચામાં ઉંચું ફળ મેળવવાનો સમય ઉપસ્થિત થાય છે. આ ફળ તે પોતાના આત્માની સેવા બજાવવી અથવાતો નિષ્કામ વૃત્તિથી જગતની સેવા બજાવવી તે છે. જગત્સેવા પહેલાં કરવી કે આત્મસેવા પહેલાં કરવી એ ક્રમનું વિધાન નિયમ રૂપે બીજાઓ ન કરી શકે એમાં તો બુદ્ધિમાન્ પુરૂષોની સંસ્કારના સામર્થ્યથી ઉત્પન્ન થતી પોતાની ઇચ્છા જ નિયામક હો. અર્થાત્—પૂર્વના સંસ્કારબળથી જેવી તેમની ઇચ્છા થાય તેવું કર્ત્તવ્ય બજાવે. (૧૧૩)

**વિવેચન**—ક્રમે ક્રમે કરીને દેશ સમગ્રમાં બંધુભાવ ધારણ કરનારો મનુષ્ય જ્યારે તેથી ઉચ્ચ પગથીયે ચડવા ઇચ્છે, ત્યારે તેણે વિશ્વ સમગ્રમાં

બંધુભાવ ધારણ કરવો ઘટે; અર્થાત્ વિશ્વના પ્રત્યેક પ્રાણીના કલ્યાણની વાંચ્છના કરવી ઘટે. સ્વાત્મા અને પરાત્મા વચ્ચે જ્યાંસુધી તે વિષમ ભાવને માને, ત્યાંસુધી તે એ દશાને પ્રાપ્ત કરી શકતો નથી, તેટલા માટે એ વિષમ ભાવને ત્યજીને તેણે જગતના પ્રાણી માત્ર આત્મ સમાન છે એવી ઉચ્ચ ભાવનાને અંતર્માં ધારણ કરવી જોઇએ. સ્વાત્મા અને પરાત્મા એ એક જ નથી: બેઉ વચ્ચે વિષમ ભાવ તો રહેલો જ છે, પરન્તુ સેવા-કાર્યમાં એ વિષમ ભાવને ગૌણ કરવામાં આવે તો જ आत्मवत् सर्वभूतेषु સમજવાનું અને જગત્સેવા બજાવવાનું કાર્ય મનુષ્ય સહેલાઇથી કરી શકે. આત્મસેવા અને જગત્સેવા વચ્ચે કાર્યકારણ ભાવ રહેલો છે, એટલે કે જો મનુષ્ય આત્મસેવા કરવા લાગે તો તેમાંથી તે જગત્સેવા કરવા પ્રેરાય છે, અને જો તે જગત્સેવા કરવા લાગે તો આત્મસેવા બજાવવા પ્રેરાય છે. દરેક મનુષ્ય જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેથી પોતાનું તેમજ જગત્નું કાંઈ પણ કાર્ય તો થાય છેજ, તો શું તે જગત્ની સેવા થઈ ગઇ? આ પ્રશ્નનો જવાબ નકારમાં આપવા માટે એક મહત્ત્વની મર્યાદા સૂચવવામાં આવી છે કે–निष्कामबुद्धया અર્થાત્ કામનારહિત બુદ્ધિથી જગત્ની સેવા બજાવવી જોઇએ. મનુષ્યની હરકોઇ પ્રવૃત્તિથી જગત્ની સેવા થતી હોય પરન્તુ તેની પાછળ જો એ કાર્યકર્તૃક મનુષ્યની કાંઈ કામના હોય, તો તેથી તે જગત્સેવાની તુલનામાં આવી શકેજ નહિ. આવી મર્યાદા સાથેની જગત્સેવા એ આત્મસેવા છે અને આત્મસેવા એ જગત્સેવા છે. (૧૧૩)

[ તત્ત્વવેત્તાઓ અને તત્ત્વવિચારકોએ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉપરની મીમાંસાના મહાન ગ્રંથો લખ્યા છે. એક શાખા પ્રવૃત્તિનું સ્થાપન નિવૃત્તિની ઉપર કરે છે અને બીજી શાખા નિવૃત્તિને પ્રવૃત્તિ ઉપર મૂકે છે. કેટલાક મીમાંસકો ગીતા કે ઉપનિષદ્ના એક જ ગ્રંથમાંથી પ્રવૃત્તિ કે નિવૃત્તિની વિશેષતા ઘટાવે છે. ગ્રંથકાર એ બેઉ માર્ગનું તત્ત્વ વિચારીને શું કહે છે? ]

**जगत्सेवा । ११४ ॥**

# कृत्वा सेवनमात्मनः कुरु जगत्सेवां समुद्धारिणीं ।
# यद्वा त्वं जगतो विधाय परितः सेवां विधेह्यात्मनः ॥

सेवोद्धारमयी मताऽत्र जगतः सा चेत्प्रवृत्त्यात्मिका।
नैष्काम्यान्न च गाढबन्धजनिका न्यूना निवृत्त्या न सा॥

## જગત્સેવા.

**ભાવાર્થ**—ગમે તો આત્માની સેવા કરીને સર્વનો ઉદ્ધાર કરનારી જગત્સેવા બજાવ અને ગમે તો જગતની સેવા બજાવીને આત્મસેવા બજાવ: ઉભયનું પર્યવસાન એક જ છે. અત્ર 'સેવા' શબ્દનો અર્થ જગતને માયિક કે પ્રાપંચિક સુખમાં આગળ વધવાને સહાય કરવી એવો થતો નથી કિન્તુ જગતને આત્માભિમુખ બનાવી દુ:ખમાંથી સર્વથા જગતનો ઉદ્ધાર કરવો એ સેવા શબ્દનો અર્થ છે. તેવી સેવા કદાચિત્ પ્રવૃત્તિ રૂપ હોય તો ભલે રહી: તે પ્રવૃત્તિ પ્રવર્તકની નિષ્કામ વૃત્તિ હોવાથી ગાઢ કર્મબંધજનક થતી નથી; તે પ્રવૃત્તિ નિવૃત્તિથી જરા પણ ન્યૂન નથી, અર્થાત્ નિવૃત્તિ સમાન જ છે. (૧૧)

**વિવેચન**—આર્ય તત્ત્વવિચારકો અને પાશ્ચાત્ય તત્ત્વવિચારકો ઉભયમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિના પ્રતિપાદકો રહેલા છે, એ પૂર્વે કહેવામાં આવ્યું છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહ્યું છે કે—ब्रह्मविदाप्नोति परम्—અર્થાત્—બ્રહ્મજ્ઞાનથી મનુષ્ય મોક્ષને પામે છે. શ્વેતાશ્વેતરોપનિષદ્‌માં કહ્યું છે કે—नान्यः पंथा विद्यतेऽयनाय—અર્થાત્—(જ્ઞાનપ્રાપ્તિ સિવાયનો) બીજો માર્ગ મોક્ષપ્રાપ્તિ માટે નથી. અન્ય એક ઉપનિષદ્‌માં કહ્યું છે: "પૂર્વના જ્ઞાની પુરૂષોને પુત્રાદિકની કામના ન હતી, સર્વ લોક જ જ્યારે મારે આત્મા થયો છે, ત્યારે મારે બીજી પ્રજા શા માટે જોઇએ ? એવું કહીને સંતતિ, સંપત્તિ અને સ્વર્ગાદિ લોક એમાંના કશાની જ એષણા કહેતાં ઇચ્છા ન ધરતાં તેથી નિવૃત્ત થઇને એ જ્ઞાની પુરૂષો સ્વેચ્છ ભિક્ષાચર્યા કરતા ફરતા હતા." જર્મન ફીલસુફ **શોપનહેઅર** પણ એજ રીતે એકાન્ત નિવૃત્તિમાર્ગનો બોધ કરતાં કહે છે કે—જગત્‌માંનો સર્વ વ્યવહાર કિંબહુના જીવંત રહેવું એ પણ દુ:ખમય હોવાથી તત્ત્વજ્ઞાન સંપાદન કરીને સર્વ કર્મોનો જેટલી બને તેટલી ત્વરાથી નાશ કરવો એજ આ જગતનાં મનુષ્યોનું ખરૂં કર્ત્તવ્ય છે. એજ મુજબ

જૈન ધર્મના સૂત્રગ્રંથોમાં પણ નિવૃત્તિમાર્ગનો યથોચિત મહિમા ગાવામાં આવેલો છે. એથી ઉલટી રીતે કેટલાક આર્ય ગ્રંથોમાં પ્રવૃત્તિને પણ નિવૃત્તિની ઉપર પદ આપેલું છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાના પાંચમા અધ્યાયમાં કહેલું છે કે—

**संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ।**
**तयोस्तु कर्मसंन्यासात् कर्मयोगो विशिष्यते ॥**

**અર્થાત્**—સંન્યાસ અને કર્મયોગ એ બેઉ નિઃશ્રેયસ્કર અર્થાત્ મોક્ષપ્રદ છે, પરંતુ ઉભયમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગની વિશિષ્ટતા અધિક છે. એ જ રીતે 'ગણેશગીતા'ના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે—

**क्रियायोगो वियोगश्चाप्युभौ मोक्षस्य साधने।**
**तयोर्मध्ये क्रियायोगस्त्यागात्तस्य विशिष्यते ॥**

**અર્થાત્**—કર્મયોગ અને કર્મવિયોગ—કર્મસંન્યાસ એ બેઉ મોક્ષનાં સાધનો છે, અને તે બેઉમાં કર્મયોગ એ કર્મત્યાગ કરતાં વિશેષતાવાળો છે. આ અને તેવા જ બીજા આર્ય ગ્રંથોમાં કર્મયોગ અને કર્મત્યાગ બેઉને મોક્ષસાધન તો માનેલાં છે, પરન્તુ તેમાં કર્મયોગને ઉચ્ચ પદવી આપેલી છે. પાશ્ચાત્ય ફીલસુફોની બીજી શાખા તો કર્મત્યાગને તુચ્છકારી કાઢે છે. ફ્રેંચ તત્ત્વવેત્તા **ઓગસ્ટસ કૉંટ** કહે છે કે—તત્ત્વવિચારમાં જ ડૂબી જઇને આયુષ્ય ગાળવું શ્રેયસ્કર છે એમ કહેવું એ ભ્રાન્તિમૂલક છે, અને જે કોઇ તત્ત્વજ્ઞ પુરૂષ એવી રીતે આયુષ્યક્રમ સ્વીકારીને પોતાને હાથે થઇ શકે તેટલું લોકોનું કલ્યાણ કરવાનું ત્યજી દે છે તે પોતાને પ્રાપ્ત થએલાં સાધનોનો દુરૂપયોગ કરે છે એમ કહેવું જોઇએ.

આ શ્લોકમાં કર્મયોગ અને કર્મત્યાગ બેઉમાં કોઇને ચડતી ઉતરતી પંક્તિમાં ન મૂકતાં ગ્રંથકાર સમાન પંક્તિએ મૂકે છે અને કહે છે કે—ચાહે તો આત્મસેવા કરીને સર્વનો ઉદ્ધાર કરનારી જગત્સેવા બજાવ અને ચાહે તો જગત્સેવા બજાવીને આત્મસેવા બજાવ; ઉભય તુલ્યબળ—સમાન બળવાળી છે અને ઉભય આત્મકલ્યાણકારિણી છે. પૂર્વ શ્લોકમાં કર્મયોગનું પ્રતિપાદન કરતાં જેવી રીતે નિષ્કામ વૃત્તિ વડે તેની મર્યાદા બાંધવામાં આવી છે, તેવી

રીતે અત્ર નિષ્કામ વૃત્તિ ઉપરાંત 'સેવા'નો પ્રકાર દર્શાવીને બીજી પણ મર્યાદા બાંધવામાં આવી છે. તૃતીય અવસ્થા કે જેમાં પણ 'સેવા'નું વિધાન કરેલું છે તે અને આ આશ્રમમાંની સેવા વચ્ચે એક રેષા દોરવામાં આવી છે. દેશનું ઐહિક કલ્યાણ કરનારી સેવાથી આગળ વધીને આ આશ્રમમાં મનુષ્યે સમગ્ર જગત્નું આમુષ્મિક કલ્યાણ થાય એ પ્રકારની સેવા કરવી યુક્ત છે અને તેટલા માટે सेवोद्धारमयी मताऽत्र–જગત્નો ઉદ્ધાર કરનારી સેવા અત્ર સમજવી–માયિક કે પ્રાપંચિક સુખને ઉત્પન્ન કરનારી સેવા નહિ. આ સેવા પ્રવૃત્તિરૂપી હોવા છતાં તે અનિષ્ટકર નથી, પરન્તુ તે ક્યારે ? જો તે નિષ્કામ બુદ્ધિથી કરવામાં આવે તો. ગીતામાં પણ નિષ્કામ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયને સમાન બળવાળી કહેલી છે. અધ્યાય ૫ મામાં કહેલું છે કે–यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते અર્થાત્–જે મોક્ષસ્થાને સાંખ્ય માર્ગવાળાઓ પહોંચે છે–નિવૃત્તિમાર્ગવાળાઓ પહોંચે છે, તે જ સ્થાને કર્મયોગીઓ પણ પહોંચે છે; અને તેમાં કર્મયોગીને માટે એવી મર્યાદા છે કે–कुर्याद्विद्वांस्तथाऽसक्तश्चिकीर्षुर्लोकसंग्रहम्–અર્થાત્–વિદ્વાનોએ–જ્ઞાનીઓએ આસક્તિ રહિતપણે અર્થાત્ નિષ્કામ બુદ્ધિથી લોકસંગ્રહ કરવો એટલે લોકોને જ્ઞાની કરવા. આ લોકસંગ્રહ પણ ઉદ્ધારમયી સેવાનું વિધાન જે ઉપર કરવામાં આવેલું છે તેનો જ પ્રકાર છે. દરેક પ્રવૃત્તિ એ બંધજનક અર્થાત્ કર્મનો બંધ પાડનારી છે, પરન્તુ એ પ્રવૃત્તિ જ્યારે લોકોની ઉદ્ધારમયી સેવાની અને નિષ્કામ બુદ્ધિથી યોજાયલી હોય છે, ત્યારે તે गाढ બંધજનક થતી નથી. ઇષ્ટ કે અનિષ્ટ, સારા કે માઠા કોઇ પણ કર્મનું બંધન તો આત્માને પડે છે; કર્મબંધન શુભ અને અશુભ એવું બે મુખ્ય પ્રકારનું છે, તેમાં સત્કર્મથી પણ કર્મબંધન પ્રાપ્ત થાય છે એવું કર્મવાદી તત્ત્વવિચારકોનું કથન છે, એટલે અત્ર गाढ કર્મબંધન થતું નથી એવું કહીને એવી ઉચિત પ્રવૃત્તિને નિવૃત્તિની સમાન કક્ષાએ મૂકતાં ગ્રંથકારે न्यूना निवृत्त्या न सा એવું વિધાન કરેલું છે. (૧૧૪)

**[ સમગ્ર જગત્ની આવી ઉત્તમ પ્રકારની સેવા નિષ્કામબુદ્ધિથી કરવામાં મનુષ્યની પ્રવૃત્તિ થાય, તેટલા માટે તેણે પોતાના મનસ્ની કેવી ઉચ્ચ સ્થિતિ રાખવી આવશ્યક છે, તે દર્શાવવા પ્રથમ ગ્રંથકાર 'વિશ્વપ્રેમ'નું મહત્વ દર્શાવે છે. ]**

विश्वप्रेम । ११५ ॥

**विश्वप्रेमनिबन्धनाय करुणाधर्मस्य रक्षाकृते।**
**रागद्वेषनिवारणाय समताभावाधिरोहाय च ॥**
**मन्यस्वात्मसमानमेतदखिलं दुःखे सुखे वा जग-**
**त्सर्वप्राणिगणं कुटुम्बसमकं निक्तंदिवं भावय ॥**

## વિશ્વપ્રેમ.

**ભાવાર્થ**—વિશ્વ અર્થાત્ સમગ્ર જગતની સાથે પ્રેમ બાંધવાને, કરૂણા-અહિંસા ધર્મનું પાલન કરવાને, રાગદ્વેષની વૃત્તિનું નિવારણ કરવાને અને સમભાવની શ્રેણી ઉપર ચઢવાને સુખ તથા દુઃખના સંબંધમાં આ આખા જગતને તું પોતાની સમાન માન, અર્થાત્ તને જેમ સુખ ઇષ્ટ અને દુઃખ અનિષ્ટ છે, તેમ આખા જગતને પણ તેવી રીતે છે એમ તારા મનમાં નિશ્ચય કર, અને રાત દિવસ પ્રાણીમાત્રને પોતાનાં કુટુંબી તરીકે ગણવાની ભાવના ભાવ. (૧૧૫)

**વિવેચન**—સમસ્ત વિશ્વના જીવો પ્રત્યે પ્રેમભાવ પ્રકટાવવાને કઈ શ્રેણીએ મનુષ્યે ચડવું જોઈએ ? જૂદા જૂદા ધર્મપંથના પ્રચારકોએ વિશ્વ-પ્રેમ કિંવા વિશ્વબંધુત્વ પ્રકટાવવાને જે શ્રેણી દર્શાવી છે તે કયી છે ? ભગવદ્‌ગીતામાં કહ્યું છે—

**आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।**
**सुखं वा यदि वा दुखं स योगी परमो मतः ॥**

અર્થાત્—હે **અર્જુન** ! સુખ હો વા દુઃખ હો, પરન્તુ પોતા પ્રમાણે ઈતરને એવી આત્મૌપમ્યદૃષ્ટિથી જે સર્વત્ર સમાન જુએ છે તે યોગી ઉત્કૃષ્ટ મનાય છે. એ જ મુજબ આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે કે—आयओ बहिया पास तम्हा ण हंता ण विघायए ॥ અર્થાત્—પોતામાં સુખ અને દુઃખ પરત્વે જેવી ભાવના હોય તેવી જ ભાવનાથી બીજાનાં સુખદુઃખ તરફ જોવું જોઈએ; અર્થાત્—આત્મા સર્વના સરખા હોવાથી પોતાને જેમ સુખ ઇષ્ટ

છે અને દુઃખ અનિષ્ટ છે, તેમ બીજાઓને સુખ ઇષ્ટ અને દુઃખ અનિષ્ટ છે એવું સમજીને સમગ્ર વસુધા પ્રત્યે પ્રેમભાવ ધરવો—વિશ્વબંધુત્વ પ્રકટાવવું તે વિશ્વપ્રેમ છે. ગીતા તેવા પુરૂષને પરમ યોગી કહે છે. પરન્તુ આ 'પ્રેમ' શબ્દથી ગભરાઇ જવાનું નથી. આ પ્રેમ—વિશ્વપ્રેમ એ સ્થૂલ વસ્તુજન્ય પ્રેમ નથી, તે સ્વાર્થદષ્ટિનો પ્રેમ નથી, પરંતુ सव्वेसिं जीवियं पियं—સર્વને જીવવું વ્હાલું છે એવા જ્ઞાનપૂર્વક આત્મૌપમ્ય દૃષ્ટિ અથવા સમતાભાવ છે અને તેથી **विश्वप्रेमनिबन्धनाय** એ પ્રયોગની સાથે **रागद्वेषनिवारणाय** અને **समताभावाधिरोहाय** એ પ્રયોગો પણ ગ્રંથકારે કરીને 'પ્રેમ' શબ્દમાં અંતર્ગત મનાયલા 'રાગ' નો ભ્રમ ભાગી નાંખ્યો છે. મીસીસ એસંટ આ જ વિશ્વ-પ્રેમની ભાવનાને મનુષ્યમાં જાગૃત કરતાં કહે છેઃ "આપણે નિઃસ્વાર્થ વૃત્તિ, સ્વાત્મભોગ અને આત્મસંયમ કરવાં શીખવું જોઇએ, પરન્તુ જ્યાંસુધી આપણે એમ કહેતા થઈએ નહિ કે "વિશ્વમાં ઇતર કોઇ છે જ નહિ, હું જ સર્વમાં રહેલો છું" ત્યાંસુધી આપણે એક બ્રહ્મમાં રહેલા હોતા નથી. જ્યારે સર્વ મનુષ્યો એમ કહેતા થશે (અર્થાત્—સ્વાત્મદષ્ટિથી જોતા થશે) ત્યારે જગત્‌માં સુવર્ણયુગ પ્રવર્તેલો લેખાશે. જ્યારે કોઇ એક માણસ પોતાના જીવનમાં એવું કહેતો થશે, ત્યારે તે જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં આશીર્વાદરૂપ થઈ પડશે." તાત્પર્ય એ છે કે વિશ્વપ્રેમ ધારણ કરવાના જિજ્ઞાસુ મનુષ્યે આત્મૌપમ્ય દૃષ્ટિથી સર્વત્ર જોવું, સર્વ જીવો—મનુષ્યોથી માંડીને એક સૂક્ષ્મ જંતુ સુધીનાં સર્વ પ્રાણીઓ પ્રત્યે તેમનાં સુખમાં કે દુઃખમાં જાણે કે તેઓ પોતાનાં જ કુટુમ્બવત્ હોય એવો ભાવ ધારણ કરવો. આવી દૃષ્ટિથી જોનારનાં રાગદ્વેષના સ્વલ્પ બંધો પણ આપોઆપ તૂટી જાય તેમાં શી નવાઈ છે? (૧૧૫)

[મનુષ્યમાં મમત્વને પ્રકટાવનારો પ્રેમ તો થોડે કે ઘણે અંશે હોય છે જ; કોઈની પ્રેમની વસ્તુ કાંઈ હોય છે અને કોઇની કાંઇ છે. જેમ જેમ પ્રેમનું વર્તુળ વિશાળ હોય તેમ તેમ તેની પંક્તિ ચડિયાતી થતી જાય છે. ગ્રંથકાર પ્રેમની કોટિના પ્રમાણમાં મનુષ્યની ઉત્તમતા—અધમતાનો વિચાર નીચેના શ્લોકમાં કરે છે.]

**विश्वप्रेमिणः सर्वोत्तमत्वम् । ११६ ॥**

# आत्मीयं जडदेहमेव मनुते सर्वाधमो मानवः ।

पुत्राद्यं मनुजोऽधमो निजकुलं ग्रामं पुनर्मध्यमः ॥
सोऽयं मानव उत्तमो जनपदं नैजात्मवन् मन्यते ।
यो विश्वं निखिलं विशालहृदयः सर्वोत्तमोऽसौ नरः॥

## સર્વોત્તમ વિશ્વપ્રેમી.

**ભાવાર્થ**—આ જડ દેહને–સ્થૂળ શરીરને જ પોતાનું કરી માને તે આ જગતમાં અધમાધમ મનુષ્ય ગણાય; જે પુત્ર–પુત્રી આદિ પોતાના કુટુંબને જ પોતાનાં કરી માને તે અધમ મનુષ્ય કહેવાય; જે પોતાના ગામનાં મનુષ્યોને પોતાનાં કરી માને અને તેનાં સુખદુઃખમાં ભાગ લે તે ઉત્તમ મનુષ્ય અંકાય; અને જે આખા જગત્‌નાં પ્રાણીઓને પોતાના સમાન ગણે તે વિશાળ હૃદયનો મનુષ્ય આ જગતમાં સર્વોત્તમ–ઉત્તમોત્તમ ગણાય છે. ( ૧૧૬ )

**વિવેચન**—જેવી રીતે ભર્તૃહરિએ एके सत्पुरुषाः परार्थघटका स्वार्थान्परित्यज्य ये એ શ્લોકમાં સ્વાર્થ–પરાર્થની દૃષ્ટિથી મનુષ્યના ચાર પ્રકાર પાડી બતાવ્યા છે, તેવી રીતે આ શ્લોકમાં ગ્રંથકારે પ્રેમના વર્તુળની વિશાળતાની કલ્પના કરીને ઉત્તરોત્તર પાંચ પ્રકારો યોજ્યા છે. આધિભૌતિક સુખવાદ અને આધ્યાત્મિક સુખવાદની જૂદી જૂદી શાખાઓનું સંમેલન કરવાથી પણ આપણને આ પ્રકારે પાંચ પ્રકારના મનુષ્યો આ જગત્‌માં સાંપડશે : ઉત્તમોત્તમ, ઉત્તમ, મધ્યમ, અધમ અને અધમાધમ. કહેવાની જરૂર છે કે જેવી રીતે કોઈ માણસ પોતાના દેહપૂરતા સ્વાર્થમાં જ સર્વ વસ્તુની સમાપ્તિ માને છે, કોઇ પોતાના અને પોતાના કુટુંબના સ્વાર્થમાં જ આખા જગતનું કલ્યાણ પૂરૂં થએલું સમજે છે, કોઇ પોતાનાં ન્યાત, સમાજ કે ગામના હિતસુધી દૃષ્ટિ લંબાવીને જ બેસી રહે છે, આગળ કશું વિચારવાનું નથી એવું માને છે, કોઇ એ દૃષ્ટિને પોતાના દેશ સુધી દોડાવે છે અને કોઇ સમગ્ર વિશ્વસુધી દોડાવે છેઃ તેવી રીતે પ્રતિપાદન કરનારા કેટલાક પ્રાચીન વિદ્વાનો પણ હતા અને તેઓ પોતાના જૂદા મત અને પંથ સુદ્ધાં ચલાવી

ગએલા છે. તેઓનાં મત અને પંથ ઉપર આજે દેશી અને પરદેશી વિદ્વાનો ચર્ચા ચલાવી રહેલા છે. જડ દેહ પૂરતો સ્વાર્થવાદ પ્રાચીન કાળમાં **ચાર્વાકે** પ્રતિપાદન કરેલો છે. આ પ્રકારનાં મનુષ્યોમાંના કેટલાક જ્યારે વિચાર કરે છે કે એકલો સ્વાર્થ સાધવાથી પોતાને સુખ પ્રાપ્ત થવાનો સંભવ નથી, કારણકે સુખ જેવું પોતાને પ્રિય છે તેવું પોતાનાં કુટુંબીઓ કે આપ્ત જનોને પણ પ્રિય હોય છે, અને તેઓ પણ જ્યારે સ્વાર્થદૃષ્ટિથી પોતાના જ સુખ તરફ જુએ ત્યારે પોતાના સુખનો પણ તેમાં કેટલેક અંશે ભોગ અપાય એ સંભવિત છે: માટે હું જો તેમને સુખ આપું તો તેઓ મને સુખ આપે : આવી દૃષ્ટિથી વિચાર કરનારા આધિભૌતિક સુખવાદીઓનો બીજો વર્ગ છે. એવા લોકોમાં પણ જેઓ કાંઇક દીર્ઘ દૃષ્ટિવાળા હોય છે, તેઓ વિચારે છે કે જેવું મારૂં કુટુંબ સુખ ઇચ્છે છે તેવું સુખ બીજાં કુટુંબો પણ ઇચ્છે, માટે પોતે સુખ મેળવવું અને બીજાઓને પણ સુખ મેળવવા દેવું કિંવા સુખ આપવું એ જરૂરનું છે, નહિતો પોતાને સુખ ભોગવવા દેવામાં બીજાઓ અંતરાયભૂત થશે. જો હું લોકોને મારીશ તો તેઓ મને મારશે અને જો હું તમને સુખ આપીશ તો તેઓ મને સુખ આપશેઃ આ વિનિમયના સાદા સિદ્ધાંતને અનુસરનારા લોકોની દૃષ્ટિ પોતાના સમાજ કે ગામના સુખસુધી પહોંચે છે. વસ્તુતઃ નીતિના સિદ્ધાંતની શરૂઆત આવા લોકોથી થાય છે. આવા લોકો અહિંસા, અસ્તેય આદિ સિદ્ધાન્તોને માને છે, પણ તે માત્ર એટલા જ કારણથી કે તેઓ હિંસામાં સ્વાર્થમૂલક ભીતિ માની રહેલા હોય છે. પરન્તુ તેથી વિશેષ દીર્ઘ દૃષ્ટિવાળા મનુષ્યો જુએ છે કે પોતાના નગરને પણ બીજાં નગરોની ભીતિ હોય છે. એક નગરમાં ધનધાન્યની વિપુલતા હોય અને બીજા નગરમાં દુષ્કાળ ચાલતો હોય તો એ બીજું નગર ધનધાન્યનો ઉપભોગ પોતાના નગરને કરવા દે નહિ; માટે **स्वदेशसंरक्षणमेव नित्यम्** એ સિદ્ધાન્તને પકડી બેસીને તેઓ પોતાના દેશનું વિધવિધ પ્રકારનું હિત સાધવામાં **ઉદ્યુક્ત** થાય છે. આથી પણ વિશાળ દૃષ્ટિનાં મનુષ્યો શું વિચારે છે? **आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति**–આત્મપ્રીત્યર્થે સર્વ વસ્તુઓ આપણને પ્રિય લાગે છેઃ અને સર્વ

પ્રેમ જ્યારે આત્મમૂલક છે, ત્યારે આત્મા એ કોણ તેની ઓળખ આપણે સૌથી પહેલાં કરી લેવી જોઇએ. તેટલા માટે જ મુનિ યાજ્ઞવલ્ક્યનો ઉપનિષદ્‌માંનો ઉપદેશ એવો છે કે—आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः અર્થાત્—આત્મા કોણ એ પહેલાં જો, સાંભળ, અને તેનું મનન તથા ધ્યાન કર. આ ઉપદેશ પ્રમાણે આત્માના ખરા સ્વરૂપની એક વાર ઓળખ પડી એટલે પછી સર્વ જગત્ આત્મમય જ લાગે છે, સ્વાર્થ અને પરાર્થ એવો ભેદ જ મનમાંથી દૂર થાય છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યા મુજબ सव्वे जीवावि इच्छंति जिविउं न मरिज्जिउं એ શબ્દોનો તત્ત્વાર્થ સમજાય છે અને સાચો વિશ્વપ્રેમ પ્રકટે છે. આ ઉત્તમ કોટિનો મનુષ્ય છે. આ વિચારશ્રેણીને અનુસરીને ગ્રંથકારે આ શ્લોકમાં ઉત્તરોત્તર પાંચ પ્રકારનાં મનુષ્યોની ગણના કરાવી છે.

**દૃષ્ટાંત**—એક નગરને પાધર આવેલી પાંથશાળામાં એક વણિક કુટુંબ આવીને ઉતર્યું. કુટુંબમાં એક વૃદ્ધ, તેનો પુત્ર, પુત્રની સ્ત્રી અને એક બાળક એટલાં જણ હતાં. માર્ગમાં તેમને તેમના ઓળખીતા એક બ્રાહ્મણનો સંગાથ થએલો તે પણ સાથે હતો. પાંથશાળાના ઓરડામાં જુવાન વણિક, તેની સ્ત્રી અને બાળક રાત્રે સૂતાં અને બહારની પરશાળમાં વૃદ્ધ વણિક અને પેલો બ્રાહ્મણ સૂતા. દૈવયોગે મધરાતે પાંથશાળાને આગ લાગી અને જે ભાગમાં તેઓ બધાં સૂતાં હતાં તે ભાગનું છાપરૂં ભડભડ બળવા લાગ્યું. આગના તાપથી અકળાએલો વૃદ્ધ જાગ્યો અને તેણે જોયું કે છાપરૂં બળે છે એટલે "ઓ બાપરે, આગ લાગી !" એમ ભયથી બોલતો જ તે દોડતો પાંથશાળાની બહાર નીકળી ગયો. વૃદ્ધની બૂમ સાંભળવાથી ઓરડામાં સૂતેલો જુવાન વણિક પણ જાગ્યો, તો તેણે ઓરડામાં ધુમાડો ભરાઇ રહેલો જોઇને એકદમ પોતાની સ્ત્રીને જગાડી અને ઝટપટ બહાર નીકળી જવાની સૂચના કરી. સ્ત્રી ઉંઘતા બાળકને પોતાની ગોદમાં લેતી જ બહાર દોડી અને પતિ પાછળ દોડ્યો, પણ પરશાળમાં તેણે પેલા બ્રાહ્મણને હજી ઉંઘતો જોયો. તેને લાગ્યું કે એ બ્રાહ્મણ પોતાનો ઓળખીતો છે અને વળી મુસાફરીમાં તેનો સાથ થયો છે તો તેને જગાડું તો ઠીક, તેથી તેણે તેને ઢંઢોળીને

જગાડયો. આ વખતે છાપરામાંથી ઉડતા તણખાથી એ જુવાન તો આગ જોતાં જ ગભરાયો અને આખી પાંથશાળામાં આમથી તેમ દોડતો બૂમ મારવા લાગ્યો: "ભાઈઓ! પાંથશાળામાં આગ લાગી છે માટે ઉઠો અને નાસો." આથી પાંથશાળામાંના પ્રવાસીઓ ઉઠી ઉઠીને નાસવા લાગ્યા. પાંથશાળામાં એક બાવો હતો તેણે બ્રાહ્મણને કહ્યું કે "ભાઈ! બધા ઓરડામાં તપાસ કર; કોઇ રહી ગયું નથી? નહિતો બિચારૂં કોઇ આફતમાં આવી પડશે." બ્રાહ્મણે બધે ફરીને તપાસ કરી અને પછી બાવા પાસે આવીને તે બોલ્યો: "હવે પાંથશાળામાં કોઈ લાગતું નથી; માત્ર એક ઓરડામાં કોઇ પઠાણ સૂતો છે, પણ તેનાં બારણાં સળગે છે એટલે અંદર જઇને તેને જગાડાય તેવું નથી." બાવાએ કહ્યું: "પણ બહારથી બૂમ મારીને પણ તેને જગાડયો હોત તો?" બ્રાહ્મણે કહ્યું: "આટલી બધી મેં બૂમો મારી અને બીજા બધાં જાગ્યાં પણ એ તો ઘોરતો જ રહ્યો, તો નસીબ તેના! એવા સાલા મ્લેચ્છ દેશમાં નહિ રહે તો શું દેશનું સત્યાનાશ જવાનું હતું?" આમ કહેતો એ બ્રાહ્મણ પાંથશાળામાંથી ચાલ્યો ગયો. બાવો આ સાંભળીને દોડયો અને જે ઓરડામાં પઠાણ સૂતો હતો તે ઓરડાના બળતા બારણાને પોતાના ચીપીયાથી તેણે તોડી પાડયું. અંદર જઇને જોયું તો બાવાને જણાયું કે તે જ ક્ષણે પઠાણ જાગ્યો છે, અને જેવું બારણું તૂટયું કે તે જીવ લઇને બહાર નાઠો. પણ ઓરડામાં બાવાએ શું જોયું? એ પઠાણ એક મદારી હતો. તેની સાથે એક વાંદરૂં, એક બકરો અને એક પોપટનું પાંજરૂં હતું. ત્રણે પ્રાણીઓ ચીસો નાંખી રહ્યાં હતાં. છાપરૂં અને બારી બારણાં બળી રહ્યાં હતાં. ઓરડામાં વધારે વખત રહેવું એ બાવાને માટે જોખમભરેલું હતું, છતાં તેણે વાંદરાને અને બકરાને છૂટા કર્યા; પહેલાં તે વાંદરાને બાથમાં લઇને બળતા બારણાની બહાર દોડયો અને તેને મૂકી આવ્યો. પછી તેણે બકરાને પણ તેવી જ રીતે ઉંચકીને બહાર આણ્યો અને છેલ્લે પોપટનું પાંજરૂં તેણે બહાર આણ્યું, પણ તે વખતે તે એટલો દાઝી ગયો હતો કે બહાર આવતાં જ તે પાંથશાળાના ચોકમાં ઢગલો થઇને પડયો. પ્રવાસીઓ પાંથશાળાની બહાર નાસી છૂટયાં હતાં એટલે તેની ખબર લેનાર પણ

ત્યાં કોઇ નહોતું. પાંથશાળા બળી ગઈ અને પ્રભાત થયું. પ્રભાતમાં લોકો આવ્યા અને બાવાને દુર્દશામાં જોતાં તેની શુશ્રૂષા કરવા લાગ્યા, તે વખતે બાવાએ કહ્યું: "ભાઈઓ! મને જરા પણ દર્દ થતું નથી, માટે મારી સેવા કરવાની જરૂર નથી, પરન્તુ જેઓ પોતાની આસપાસના જગતને દેખી શકતા ન હોય તેમની દૃષ્ટિની સેવા કરો." એટલું કહેતાં જ તેણે પ્રાણ છોડયા! આ બનાવમાં સર્વ પ્રકારનાં મનુષ્યો મળી આવે છે. પોતાના જ દેહથી વધારે દૂર દૃષ્ટિ નહિ કરનાર વૃદ્ધ વણિક, પોતાના કુટુંબને જ પોતાનું માનનાર જુવાન વણિકવધૂ, પોતાના કુટુંબ ઉપરાંત પોતાના ગામના કે ઓળખાણવાળા ઉપર મમત્વ રાખનાર જુવાન વણિક, પોતાના દેશબંધુઓની જ સેવા કરવાની જિજ્ઞાસાવાળો બ્રાહ્મણ અને છેલ્લે પરદેશી પઠાણ જ નહિ પણ વાંદરો, બકરો અને પોપટના જાન બચાવવા માટે પોતાનો પ્રાણ કાઢી આપનાર બાવો, એ બધાંમાં અધમાધમથી માંડીને સર્વોત્તમ સુધીના પાંચે શ્રેણીઓનાં મનુષ્યોની દૃષ્ટિનો આપણને અનુભવ થાય છે. (૧૧૬)

[પૂર્વે જણાવવામાં આવ્યું કે आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति એ દૃષ્ટિને ગ્રંથકાર નિમ્ન શ્લોકમાં વિસ્તારથી સમજાવે છે.]

**चैतन्यदृष्ट्या जगन्निरीक्षणम् । ११७ ॥**

**हत्वा मोहबलं विहाय ममतामात्म्ये निबद्धां कुले ।**
**पश्य त्वं निखिलं जगद्धिततया चैतन्यदृष्ट्या सदा ॥**
**सादृश्यादखिलात्मनां विषमतालेशो न भासेत ते ।**
**रागद्वेषनिशातनं सहजतो रीत्याऽनया सम्भवेत् ॥**

**આત્મદૃષ્ટિએ જગતનું નિરીક્ષણ.**

**ભાવાર્થ**—હે મુમુક્ષો! મોહનીય કર્મના બળને પરાસ્ત કરી, પોતાના જ કુટુંબમાં બાંધેલી મમતાનો ઉચ્છેદ કરીને આ આખા જગતને વિશાળ ચૈતન્યદૃષ્ટિથી તું હમેશાં જોયા કર. ચૈતન્યદૃષ્ટિથી જોતાં જગતના અખિલ આત્માઓનું ચૈતન્ય એકસરખું હોવાને લીધે આ ઉચ્ચ અને આ નીચ

એવી વિષમતાનું લેશ માત્ર પણ ભાન નહિ થાય અને આ રીતે સહેલાઇથી રાગદ્વેષનું ઉચ્છેદન થવા સંભવ છે. (૧૧૭)

**વિવેચન**—આત્મસેવા એ જગત્સેવા છે અને જગત્સેવા એ આત્મ-સેવા છે, એવું જે પૂર્વે કહેવામાં આવ્યું તેની પૂર્તિ રૂપે આ શ્લોક છે. આવું ભાન મનુષ્યને ક્યારે થાય ? જ્યારે વૃત્તિમાંથી રાગદ્વેષનો નાશ થાય, આ મારૂં કુટુંબ અને આ પારકો માણસ કિંવા આ મનુષ્ય અને આ તો કેવળ જંતુ, એવી ભાવનાનો કેવળ નાશ થાય, અને ચૈતન્યદૃષ્ટિથી આખું જગત્ આત્મતુલ્ય લાગે ત્યારે મનોવૃત્તિની વિષમતાનો નાશ થાય, રાગ-દ્વેષનું ઉચ્છેદન થાય અને વિશ્વપ્રેમનો વિકાસ થાય. વિશ્વપ્રેમ પણ બે પ્રકારનો છે: એક નિષેધમુખ અને બીજો વિધિમુખ. આ જગતમાં કોઇ મારૂં નથી એવી સમજણપૂર્વક જ્યારે જીવો ઉપરનો રાગદ્વેષ નાશ પામે ત્યારે જે વિશ્વપ્રેમ પ્રકટે છે તે નિષેધમુખ છે અને આખું જગત્ મારૂં છે એવી સમજણપૂર્વક જ્યારે એક ઉપરનો રાગ અને બીજા ઉપરનો દ્વેષ કિંવા પોતાનાં ઉપરનો રાગ અને પરાયાં ઉપરનો અણરાગ કિંવા દ્વેષ નાશ પામે, અને सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि અર્થાત્—સર્વ ભૂતોમાં સ્વાત્માને અને સ્વાત્મામાં સર્વ ભૂતોને જૂએ ત્યારે જે વિશ્વપ્રેમ પ્રકટે છે તે વિધિમુખ છે. આ બેઉ પ્રકારનો વિશ્વપ્રેમ ત્યારેજ પ્રકટે કે જ્યારે મનુષ્યને આત્મસ્વરૂપ સમજાય, તે માટે મનુષ્ય આત્મચિંતન કરે અને આત્મસ્વરૂપ સમજાયા પછી કાંતો નિષેધમુખ વિશ્વપ્રેમ વડે નિવૃત્તિની ઉપાસના કરે અને કાંતો વિધિમુખ વિશ્વપ્રેમ વડે નિષ્કામ પ્રવૃત્તિની ઉપાસના કરે. કેવળ કર્મયોગના હિમાયતીઓ તે નિષ્કામ હોવાની આવશ્યકતા સ્વી-કારે છે, પરન્તુ કર્મ નિષ્કામ હોવા છતાં તે વિશુદ્ધ જ હોવાની પ્રતીતિ વિનાનું કર્મ નિરર્થક છે. વિશુદ્ધ નિષ્કામ કર્મ તો તે જ મનુષ્ય કરી શકે કે જે આત્મચિંતન વડે આત્મસ્વરૂપ સમજે, ધ્યાન વડે સર્વ જીવોના હિતાહિતને યથાર્થ સમજે અને પછી નિષ્કામ પ્રવૃત્તિમાં પડે. આટલા માટેજ ગ્રંથકાર पश्य त्वं निखिलं जगद्वितततया चैतन्यदृष्टया सदा એમ કહી ચૈતન્યદૃષ્ટિ ઉપર—આત્મદર્શન કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકે છે. (૧૧૭)

# દ્વિતીય પરિચ્છેદ.

## વૈરાગ્ય પ્રકરણ.

[ વિશ્વપ્રેમ અને આત્મભાવનાનું મૂળ વૈરાગ્યમાં રહેલું છે: જે વૈરાગ્ય અનેક કારણોમાંથી જન્મ પામે છે. આત્મદૃષ્ટિના સંપૂર્ણ ભાનપૂર્વક જે વૈરાગ્ય જન્મ પામે અને રાગદ્વેષ છૂટે એ વૈરાગ્ય સર્વોત્તમ છે, પરન્તુ તે સિવાય પણ બીજા કારણોથી વૈરાગ્ય જન્મે છે. નિમ્ન શ્લોકમાં ગ્રંથકાર ત્રણ પ્રકારના વૈરાગ્ય વિષે વિવેચન કરે છે].

त्रिविधवैराग्यम् । ११८ ॥

**यद्दुःखेन गृहं जहाति विरतस्तद्दुःखगर्भं मतं ।**
**मोहादिष्टजने मृते मुनिरभूत् तन्मोहगर्भं खलु ॥**
**ज्ञात्वाऽऽत्मानमलं मलादुपरतस्तज्ज्ञानगर्भं परं ।**
**सच्छास्त्रेऽधममध्यमोत्तमतया वैराग्यमाहुस्त्रिधा ॥**

### ત્રણ પ્રકારનું વૈરાગ્ય.

**ભાવાર્થ**—કોઈ માણસ ઉપર દુઃખ કે આફત આવી પડતાં વિરક્ત બની તે ઘરબાર ત્યજે છે તેનું વૈરાગ્ય દુઃખગર્ભિત હોઈ અધમ પ્રકારનું છે. કોઇને કોઈ સ્વજન ઉપર અત્યંત મોહ હોય અને તેનું મરણ થતાં વિરક્ત થઈ તે માણસ મુનિ બને એ મધ્યમ પ્રકારનું—મોહગર્ભિત વૈરાગ્ય કહેવાય. જે મનુષ્યને પૂર્વ સંસ્કારથી કે ગુરૂના ઉપદેશથી આત્મભાન થતાં જગતની માયાની તુચ્છતા સમજવાથી તે જગતને ત્યજે અને પાપથી નિવૃત્ત થાય તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્તમ પ્રકારનું મનાય છે. (૧૧૮)

**વિવેચન**—મનુષ્યને અનેક પ્રસંગવિશેષોમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને એ પ્રસંગવિશેષોને અનુરૂપ વૈરાગ્યના જૂદા જૂદા પ્રકારોનું અત્ર દર્શન કરાવવામાં આવ્યું છે. કેટલાક મનુષ્યો ઉપર કાંઇ અસહ્ય દુઃખ આવી પડે છે ત્યારે તેઓને સંસારની કટુતાનો અનુભવ થાય છે અને એ

કટુતાને લીધે સંસારથી કંટાળીને તેને સંસાર છોડી દેવાનું જ રૂચે છે. જ્યાંસુધી સંસારમાં મધુરતા અનુભવાતી હતી ત્યાંસુધી સંસારમાં આસક્તિ રહી અને તેમાં કટુતાનો અનુભવ થતાં જ તત્પ્રત્યે કંટાળો આવ્યો તે જોકે એક પ્રકારનું વૈરાગ્ય છે પરન્તુ તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે, એક પ્રકારની સંસારભીરૂતા છે, અને એવી ભીરૂતાથી કરેલો સંસારનો કેવળ ત્યાગ આત્મોપકારક થતો નથી, સિવાય કે એ ત્યાગ ભવિષ્યની આત્મનિર્મળતા કિંવા રાગદ્વેષત્યાગના કારણરૂપ બને. આવા કંટાળાથી એક વાર સંસાર છોડી દીધા પછી જે અવકાશ મળે છે તે દર્મિયાન જો સદ્‌ગુરૂની પ્રાપ્તિ થાય છે તો ભવસાગરને તરી જવામાં કારણરૂપ બનનાર સાચું વૈરાગ્ય પ્રાપ્ત થવાના દાખલા મળી શકે છે અને તે વખતે એ દુઃખગર્ભિત વૈરાગ્ય સાચા વૈરાગ્યનું નિમિત્તભૂત બન્યું હોવાથી ઉપકારક બને છે, પરન્તુ એ સાચા વૈરાગ્ય વિનાનું દુઃખગર્ભિત વૈરાગ્ય નિષ્ફળ છે અને તેથી જ ગ્રંથકારે તેને યોગ્ય રીતે અધમ પ્રકારનું લેખ્યું છે. બીજા પ્રકારનું વૈરાગ્ય મોહ-ગર્ભિત હોય છે, એટલે કે કોઈ વ્યક્તિ કે વસ્તુ ઉપર મનુષ્યનો અત્યંત મોહ અથવા આસક્તિ હોય અને એ મોહની વસ્તુનો નાશ કે વિયોગ થતાં જે માનસિક દુઃખાનુભવ થાય તે અનુભવના ઉભરાથી વૈરાગ્ય ઉપજે તે મોહગર્ભિત છે. મોહગર્ભિત વૈરાગ્ય પણ શાશ્વત હોતું નથી એટલે તે ઉચ્ચ કોટિમાં આવી શકતું નથી. પરન્તુ જેટલું મોહગર્ભિત વૈરાગ્ય શાશ્વત વૈરાગ્યની નિક-ટમાં છે, તેટલું દુઃખગર્ભિત વૈરાગ્ય નથા, એટલે દુઃખગર્ભિત વૈરાગ્ય કરતાં મોહગર્ભિત વૈરાગ્ય સ્વલ્પ ઉચ્ચ કોટિએ આવે છે. મનુષ્યને જ્યારે મોહ-ગર્ભિત વૈરાગ્ય ઉપજે છે ત્યારે તેને સંસારસંબંધની અને સ્થૂલ વસ્તુ-વિશેષની અનિત્યતાની સહજ ઝાંખી થાય છે અને તે જ કારણથી દુઃખગર્ભિત વૈરાગ્ય કરતાં તેની સહજ ઉચ્ચ કોટિ લેખી છે. મોહ એ જેટલો મનનો પ્રબળ વિષય છે તેટલો પ્રબળ વિષય સુખદુઃખની માન્યતા નથી, એટલે એક વાર મોહ ઉપર આઘાત થતાં જે વૈરાગ્ય ઉપજે છે તે સુખદુઃખની માન્યતા પરના આઘાત કરતાં કિંચિત બળવાન હોય છે. કોઇ પણ વિષયમાં જેટલી આસક્તિની પ્રબળતા હોય તેટલી જ, એક વાર આસક્તિ ઉપર આઘાત

થતાં ઉપજેલા વૈરાગ્યની પ્રબળતા સંભવે. આ કારણથી મોહગર્ભિત વૈરાગ્યની મધ્યમ કોટિ ગ્રંથકારે લેખી છે. પરન્તુ જો મોહગર્ભિત વૈરાગ્યમાંથી શાશ્વત વૈરાગ્ય ન જન્મે અને કાળક્રમે શાશ્વત વૈરાગ્ય દઢીભૂત ન થાય, તો પછી મોહગર્ભિત વૈરાગ્ય પણ આત્મભાન થવા માટ કે વિશ્વપ્રેમની ઉત્પત્તિ માટે નિરૂપયોગી છે. ઉચ્ચ કોટિનું વૈરાગ્ય તો તે જ છે કે જે સદસદ્વિવેક વડે કિંવા આત્મભાન વડે ઉત્પન્ન થઇને માયાની તુચ્છતાનો સાક્ષાત્કાર કરાવે. એક વાર એ સાક્ષાત્કાર થયો એટલે તે મનુષ્યને જગત ન ત્યજે છતાં તે જગતને ત્યજી જાય છે અને પાપ તેનાથી છૂટું પડીને દૂર નાસી જાય છે. આ ઉત્તમ પ્રકારનું વૈરાગ્ય જ્ઞાનગર્ભિત છે, અને એ જ વિશ્વપ્રેમનું મૂળ છે. એક ગ્રંથકાર સત્ય કહે છે કે: "વિવેકના શસ્ત્રથી રાગના બંધનનું બળ તોડી નાંખવું તે પ્રવૃત્તિવિશેષનું નામ 'વૈરાગ્ય' છે અને તે મોક્ષપદનું પ્રથમ સોપાન છે."

**દૃષ્ટાંત**—એક સંત નગરથી દૂર નદીકિનારે પર્ણકુટી બનાવીને રહ્યા હતા. એક શાહુકારનો પુત્ર અનેક પ્રકારના પદાર્થોથી એ સંતની સેવા કરવા લાગ્યો. સંત તેને એવા પદાર્થોથી સેવા કરવાની ના કહેતા, તોપણ તે માનતો નહિ અને કહ્યા કરતો કે "મહારાજ ! સારૂં સારૂં ખાવા–પીવા તથા ઓઢવા પહેરવામાં શો દોષ છે કે આપને તે ગમતા નથી ? આનો જવાબ સંત આપતા નહિ. આ શાહપુત્ર એક ધનાઢ્યની રૂપાળી પુત્રી ઉપર મોહિત થયો હતો અને તેને મેળવવાને આ સંત કાંઇ ચમત્કારિક ઉપાય બતાવે એવા હેતુથી તેમની સેવા કરતો હતો. એક વાર તેણે સંતને પોતાની મનઃકામના જણાવી. સંતે કહ્યું: "કાંઈ ફીકર નહિ, હું હમણાં એ છોકરીને બોલાવી મંગાવું છું." એ ધનાઢ્ય સંતનો ભક્ત હતો. સંતે કહાવી મોકલ્યું કે તુરત તેણે પોતાની પુત્રીને સંત પાસે મોકલી આપી. પુત્રી જુવાન અને સ્વરૂપવતી હતી. છોકરી પર્ણકુટીમાં આવી ગયા બાદ સાયંકાળ થતાંજ શાહપુત્ર આવ્યો. છોકરીને તેને સ્વાધીન કરતાં સંતે કહ્યું: "એને તારી ખુશીમાં આવે ત્યાં લઈ જા, પણ તે સાથે તને એક વાત કહી દઉં છું કે તેનો સ્પર્શ તું કરીશ ત્યારપછી પાંચ પ્રહરમાં તારૂં

મૃત્યુ થશે." શાહપુત્રે તેને પહેલાં તો મોહવશતાથી સાથે લીધી, પણ માર્ગે જતાં મૃત્યુનો ભય તેની છાતી ઉપર ચઢી બેઠો અને આખી રાત તેણે એ બાળા સાથે ગાળી, પણ તેને તે સ્પર્શ સુદ્ધાં કરી શક્યો નહિ. સ્હવારસુધી તેણે મૃત્યુ સાથે લડાઈ કરી પણ જીતાયું નહિ અને મરવું કબુલ થયું નહિ, તેથી બાળાનો સ્પર્શ થઇ શક્યો નહિ. સ્હવાર થતાં તેણે બાળાને તેને ઘેર પાછી મોકલી દીધી અને તે સંત પાસે આવ્યો. સંતે તેને પૂછ્યું: "કહો ભાઈ! રાત કેવા આનંદમાં ગુજરી?" શાહપુત્રે ખરી વાત કહી દીધી. સંતે કહ્યું: "ભાઈ! પાંચ પ્રહર પછી મૃત્યુ થવાનો જેને ભય છે તે સુખ ભોગવી શકતો નથી, તો જે પોતાના માથા પર દરેક ક્ષણે મૃત્યુનો ભય જૂએ છે તે સ્વલ્પ પણ અશાશ્વત સુખ શી રીતે ભોગવી શકે?" આ સાંભળતાંજ શાહપુત્રને સાચું ભાન આવ્યું, જગતના સ્થૂળ ભોગોની નશ્વરતા તેને સમજાઇ અને તે એ સંત મહાત્માના જ સેવા કરી વિરાગી થયો. તેને સદસદ્‌વિવેક વડે માયાની તુચ્છતા સમજાઇ અને તેણે વૈરાગ્ય ધારણ કર્યું તેથી તે ઉત્તમ કોટિનું વૈરાગ્ય લેખાય. (૧૧૮)

[ નિમ્ન શ્લોકમાં ઉચ્ચ પ્રકારના વૈરાગ્યના પણ પુનઃ બે ભેદ સમજાવવામાં આવ્યા છે. ]

**तृतीयवैराग्यमपि द्विमुखम् ।११९॥**

**ग्राह्यं तत्र तृतीयमेव विशदं निःश्रेयसार्थं जनै-**
**स्तद्‌द्वेधाऽस्ति समानभावजनितं यद्वैक्यभावोद्भवम्॥**
**सर्वे मत्सदृशा धियेति ममतात्यागः कुटुम्बेऽग्रिम-**
**मेकोऽहं मम कोऽपि नेति जनिता निर्मोहता तत्परम्॥**

**ત્રીજા પ્રકારનું વૈરાગ્ય પણ બે મુખવાળું છે.**

**ભાવાર્થ**—ત્રણ પ્રકારનાં વૈરાગ્યમાં ત્રીજા પ્રકારનું વૈરાગ્ય નિર્મળ હોઇને મોક્ષપ્રાપ્તિ માટે આદરણીય લેખાય છે. તે વૈરાગ્યના બે પ્રકાર છે: એક તો સમાનભાવ સંકલિત અને બીજું ઐક્યભાવ સંકલિત. આ જગતનાં તમામ પ્રાણીઓ મારા જેવાં છે, એવી બુદ્ધિથી જગતની સાથે આત્મ-

ભાવનું અનુસંધાન થતાં કુટુંબ ઉપરની મમતા છૂટી થાય તે પ્રથમ સમાન-ભાવ–સંકલિત વૈરાગ્ય કહેવાય અને હું એકલો છું, મારૂં કોઈપણ નથી, એવી બુદ્ધિથી જે નિર્મોહ અવસ્થા પ્રાપ્ત થાય તે બીજું ઐક્યભાવ–સંકલિત વૈરાગ્ય કહેવાય. (૧૧૯)

**વિવેચન**—પૂર્વે જે વિશ્વપ્રેમના બે પ્રકારો સમજાવવામાં આવ્યા છે, તેવા જ બે પ્રકાર આ શાશ્વત વૈરાગ્યના છેઃ એક પ્રકાર સમાનભાવ સંકલિત અને બીજો પ્રકાર ઐક્યભાવ સંકલિત વૈરાગ્યનો છે : અથવા તો એક પ્રકાર વિધિમુખ અને બીજો પ્રકાર નિષેધમુખ વૈરાગ્યનો છે. જેવી રીતે જગતનાં સર્વ પ્રાણીઓને સ્વસમાન દેખવાથી વિશ્વપ્રેમ કે વૈરાગ્ય પ્રકટે છે, તેવી જ રીતે સર્વ પ્રાણીઓને 'તે મારાં નથી' એવી નિર્મોહ-બુદ્ધિથી દેખવાથી પણ વિશ્વપ્રેમ કે વૈરાગ્ય પ્રકટે છે. ઉભય પ્રકારનું વૈરાગ્ય ખરૂં સ્વાત્મભાન થયા વિના પ્રકટ થતું નથી. વૃત્તિની બહિર્મુખતા ટળીને જ્યારે મનની સર્વ વૃત્તિઓ અંતર્મુખ થાય છે, ત્યારે જ આ બેઉ પ્રકારમાંથી હરકોઈ એક પ્રકારનું વૈરાગ્ય ઉપજે છે. આ ઉપરથી પ્રશ્ન થશે કે જ્યારે વિશ્વપ્રેમ અને શાશ્વત વૈરાગ્ય બેઉ સમાન કોટિનાં છે અને બેઉના સમાન પ્રકારો છે ત્યારે તેને જૂદાં પાડવાનું કારણ શું ? કારણ એ જ છે કે વૈરાગ્ય એ નિવૃત્તિનો માર્ગ પસંદ કરનારાઓને અર્થે છે અને વિશ્વપ્રેમ એ નિષ્કામ પ્રવૃત્તિનો માર્ગ પસંદ કરનારાઓને માટે છે. પૂર્વે ઉભયનું સમાન ફળ કહેવામાં આવ્યું છે, એટલે અત્ર ઉભય માર્ગોની પસંદગી કરનારાઓના સર્વોત્કૃષ્ટ ગુણોનું દર્શન કરાવવામાં આવ્યું છે. (૧૧૯)

[ વૈરાગ્ય એ સહજ–સુલભ નથી. સંસારથી કેવળ ઉદાસીનતા પ્રાપ્ત થાય પરન્તુ જો તે અજ્ઞાનપૂર્વક પ્રાપ્ત થાય તો તે સાચું વૈરાગ્ય નથી. માટે સાચું વૈરાગ્ય પ્રાપ્ત કરવાને યોગ્ય ગુરૂનો સમાગમ કરવો આવશ્યક છે. એ જ રીતે મુનિ-ધર્મને યોગ્ય આચાર વિચારમાં પ્રવૃત્તિ કરવી આવશ્યક છે. નિમ્ન શ્લોકમાં વૈરાગ્યના અભ્યાસ માટે આવશ્યક વસ્તુઓનો બોધ કરવામાં આવેલો છે. ]

## वैराग्याभ्यासः ।१२०॥

**भूशय्यारसहीनभोजनरमासंसर्गहानादिभिः ।**

**साध्वाचारविचारपालनमयाऽभ्यासो विधेयश्चिरम् ॥
एवं चेन्द्रियनिग्रहेण मनसो दान्त्यात्मशान्त्या परं ।
वैराग्यं परिशीलनीयमुचितं वर्षं द्विवर्षावधिम् ॥**

### વૈરાગ્યનો અભ્યાસ.

**ભાવાર્થ**—વૈરાગ્યને પરિપક્વ બનાવવા માટે મુમુક્ષુ જનોએ વર્ષ કે બે વર્ષ સુધી વૈરાગ્યનો અભ્યાસ કરવો જોઇએ, એટલે કે ભૂમિશય્યા—જમીન ઉપર એકાદ વસ્ત્ર બિછાવી સૂવું, સારાં પકવાન્નોનો ત્યાગ કરી રસહીન ભોજન કરવું, સ્ત્રીનો સંસર્ગ છોડી દેવોઃ ટૂંકામાં સાધુઓ જેવો આચાર પાળે છે તેવા આચાર વિચારનું પાલન કરવાનો લાંબો અભ્યાસ કરવો, તેમ જ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, મનનું દમન કરવું અને આત્માને અતુલ શાન્તિમાં રાખવો. (૧૨૦)

**વિવેચન**—ઈંદ્રિયોનો નિગ્રહ કર્યા વિના વૈરાગ્ય પ્રકટતું નથી અને તપશ્ચર્યાની પ્રવૃત્તિ કર્યા વિના એ નિગ્રહ સધાતો નથી. શમ-દમ-યમ-નિયમાદિનું વિધાન યોગી જનોનાં કર્તવ્ય કર્મોમાં કરવામાં આવેલું છે, પરન્તુ એ સાધનો સહજ રીત્યા પ્રાપ્ત થતાં નથી. આ માટે ઇંદ્રિયોનું દમન કરવામાં આવવું જોઇએ. ઇંદ્રિયો ઉપર કારમો બળાત્કાર કરવાથી આત્મા ગ્લાનિ પામે છે તેટલા માટે ધીરે ધીરે એ અભ્યાસમાં આગળ વધવું જોઇએ. ભૂશય્યાદિ વડે સ્પર્શેન્દ્રિયનો, રસહીન ભોજન વડે જિહ્વેંદ્રિયનો, સ્ત્રીસંસર્ગ છોડીને વિષય વૃત્તિનો, અને મુનિજનોના અન્યાચારો જેવા કે મૌન, ગીતવાદ્યનો ત્યાગ, સુગંધનો ત્યાગ ઇત્યાદિ વડે વાણી, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય વગેરેનો સંયમ કરતા રહેવાથી અને એવો અભ્યાસ એક વર્ષ, બે વર્ષ કે ચિરકાળ સુધી કરીને તે સાધ્ય કર્યા પછી આગળ વધી શકાય છે. ઇંદ્રિયનિગ્રહનો અભ્યાસ કે જે વૈરાગ્યનું પ્રથમ સોપાન છે તે આ શ્લોકમાં એક-બે વર્ષ માટે જ કરવાનું કહીને 'ઇતિ' કરવામાં આવ્યું નથી, કારણકે સર્વને એટલા જ કાળમાં એ સિદ્ધ થાય તેમ હોતું

નથી; આ કારણથી वर्षं द्विवर्षावधिम् એ પ્રયોગની સાથે चिरम् શબ્દનો પ્રયોગ પણ કરેલો છે; અર્થાત્ કોઈ ઓછા અધિકારવાળાને એ અભ્યાસ પાછળ વધારે વખત જોઇએ તો તે પણ તેણે ગાળવો જોઇએ અને વૈરાગ્યનો અભ્યાસ પરિપક્વ કરવો જોઇએ. સાધુ જનોના આચારો જૈનોના આચારાંગ સૂત્રમાં, ગીતામાં, ઉપનિષદોમાં વિસ્તારથી કહેલા છે અને એ સર્વનો નિષ્કર્ષ જો કાઢવામાં આવે તો એ જ જણાય છે કે–જ્ઞાનપૂર્વક વૈરાગ્યનો અભ્યાસ કરવા માટે ઇંદ્રિયનિગ્રહ કરવો એ આવશ્યક છે. **આચારાંગ** સૂત્રમાં કહ્યું છે કે–"જ્યાંસુધી કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શેન્દ્રિયની વિજ્ઞાનશક્તિ મંદ પડી નથી ત્યાંસુધીમાં તું તારૂં આત્માર્થ સિદ્ધ કરી લે." તાત્પર્ય એ છે કે ઇંદ્રિયોની શક્તિ શૂન્ય થયા પૂર્વે જ તેનો નિગ્રહ કરીને આત્માર્થ સાધવો જોઇએ. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે— **एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः।** અર્થાત્–યોગી એકાન્તમાં રહીને, ચિત્ત તથા આત્માને નિયત કરીને, કામ્ય વાસનાઓ તથા પરિગ્રહોને ત્યજીને, યોગાભ્યાસ કરે. પૂર્વે જે એ પ્રકારનું ઉચ્ચ વૈરાગ્ય કહેલું છે તે વૈરાગ્ય આ પ્રકારના અભ્યાસ દ્વારા સિદ્ધ થાય છે. (૧૨૦)

[ જ્ઞાન વિનાનું વૈરાગ્ય એ તેલ વિનાના દીપક જેવું છે: એટલે ગ્રંથકાર હવે મુમુક્ષુને જ્ઞાનપ્રાપ્તિ માટે શાસ્ત્રાધ્યયન કરવાનું સૂચન કરે છે. ]

**शास्त्राध्ययनम् । १२१ ॥**

# साध्वाचारविचारबोधजनकं शास्त्रं यथानुक्रमं ।
# ज्ञानार्थं पठितव्यमादरधिया स्थित्वा समीपे गुरोः ॥
# तत्त्वज्ञानविशिष्टशास्त्रनिवहाऽभ्यासोऽपि कार्यो मुदा।
# सन्मार्गादिविनिश्चयाय सुधिया जिज्ञासुना श्रेयसे ॥

**શાસ્ત્રનું અધ્યયન કરવું.**

**ભાવાર્થ**—મુમુક્ષુએ વૈરાગ્યનો અભ્યાસ કરતાં નિવૃત્તિને વખતે જે શાસ્ત્રમાં સાધુઓના આચાર વિચારનો ઉપદેશ કરેલ હોય તે શાસ્ત્રનું

ક્રમપૂર્વક ગુરૂની પાસે રહીને આદરબુદ્ધિથી ખાસ જ્ઞાન મેળવવાને અધ્યયન કરવું. તેની સાથે સાથે સન્માર્ગનો વધારે નિશ્ચય કરવો અને શ્રદ્ધાને શુદ્ધ બનાવવા શ્રેયને માટે તત્ત્વજ્ઞાનનાં જૂદાં જૂદાં શાસ્ત્રોનો પણ બુદ્ધિમાન જિજ્ઞાસુએ અભ્યાસ કરવો જોઈએ. (૧૨૧)

**વિવેચન**—જગતમાં કેટલાક મનુષ્યો શ્રેયનું સંશોધન કરે છે અને કેટલાકો પ્રેયનું સંશોધન કરે છે. કઠોપનિષદ્‌માં કહ્યું છે કે **श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ सम्परीत्य विविनक्ति धीरः। श्रेयोहि धीरोऽभिप्रेयसो वृणीते प्रेयो मन्दो योगक्षेमाद्वृणीते॥** અર્થાત્–શ્રેય અને પ્રેય એ મનુષ્યને પ્રાપ્ત થાય છે: તે બેઉને સમ્યક્ પ્રકારે જોઇને તેને ભિન્ન કરી ધીર જન પ્રેયને છોડી શ્રેયને ગ્રહણ કરે છે અને મન્દ બુદ્ધિવાળો જન યોગક્ષેમ રૂપી શ્રેયને ત્યજીને પ્રેયને ગ્રહણ કરે છે. અત્ર ગ્રંથકારે શ્રેયાર્થી મુમુક્ષુને કહ્યું છે કે–વૈરાગ્યનો અભ્યાસ ઇંદ્રિયદમનાદિથી કરવો પરન્તુ પશુવત્ ઇંદ્રિયદમન ન કરતાં જ્ઞાનપૂર્વક ઇંદ્રિયદમન કરવું અને તેટલા માટે એવાં શાસ્ત્રોનું અધ્યયન કરવું કે જે શાસ્ત્રોમાં વૈરાગ્યના અભ્યાસનું ક્રમપૂર્વક વિધાન કરવામાં આવેલું હોય અર્થાત્ સાધુ જનોના આચારવિચારનું કથન કરવામાં આવેલું હોય. આ અધ્યયન પણ કેવી રીતે કરવું? आदरधिया स्थित्वा समीपे गुरोः અર્થાત્–આદરપૂર્વક ગુરૂની સમીપે ઊભા રહીને શાસ્ત્રનું અધ્યયન કરવું. શાસ્ત્રાધ્યયનમાં શાસ્ત્રનું રહસ્ય સમ્યક્ પ્રકારે સમજવાની જરૂર હોય છે, અને તેટલા માટે પરાપૂર્વથી ગુરૂની આવશ્યકતા માનવામાં આવે છે. (૧૨૧)

[ નિમ્ન શ્લોકમાં કૃપાવંત ગુરૂની આવશ્યકતા બતાવી છે. ]

**गुरुकृपा । १२२ ॥**

**विद्या सिद्ध्यति सद्‌गुरोः सुकृपया पीयूषमय्या द्रुतं ।**
**गुर्वाज्ञावशवर्त्तितादिसुगुणैः सम्पाद्यते सा कृपा ॥**
**भक्त्या स्वार्पणरूपया त्वहरहः कृत्वा च सेवां गुरोः ।**
**सम्पाद्या विनयेन सद्‌गुरुकृपा जिज्ञासुना श्रेयसे ॥**

## ગુરૂકૃપા.

**ભાવાર્થ**—અભ્યાસી ગમે તેટલો અભ્યાસ કરે પણ સદ્ગુરૂની કૃપા વિના વિદ્યાની સિદ્ધિ થતી નથી; કિન્તુ અમૃત સમાન સદ્ગુરૂની કૃપાથી તુરત વિદ્યાની સિદ્ધિ થાય છે. ગુરૂની આજ્ઞાને વશ રહી વર્તવાથી અને વિનયાદિ સદ્ગુણોથી ગુરૂની કૃપા મેળવી શકાય છે, માટે જિજ્ઞાસુએ શ્રેયને માટે સર્વસ્વ અર્પણ કરવા રૂપ પરમ ભક્તિથી હમેશાં સદ્ગુરૂની વિનયપૂર્વક સેવા કરીને તેમની કૃપા મેળવવી જોઇએ. (૧૨૨)

**વિવેચન**—આ શ્લોકમાં ગુરૂની કૃપાનો મહિમા ગાવામાં આવ્યો છે. વિદ્યાની સિદ્ધિ ગ્રંથો વાંચવાથી કે નેત્રો વડે જગતનું નિરીક્ષણ કરતા ફરવાથી થતી નથી; પરન્તુ વાચન, મનન, નિરીક્ષણ આદિ વડે જે સ્વાનુભવ-સિદ્ધ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેમાં ગુરૂનું વિશિષ્ટાનુભૂત જ્ઞાન ભળે ત્યારે જ પ્રગતિ ત્વરાથી થવા લાગે છે. આ કારણથી મુમુક્ષુને માટે ગુરૂની આવશ્યકતા રહેલી છે. મી. ઇ. ટી. સ્ટર્ડી 'ગુરૂ અને ચેલા' સંબંધે લખે છે કે—"ગુરૂ પોતાના જ્ઞાન તથા અનુભવને આધારે વર્તે છે અને ચેલો પોતાના જ્ઞાન તથા અનુભવને આધારે વર્તે છે. એમ વખત જાય છે અને જેમ જેમ ચેલો ગુરૂના ગુણો તથા સદ્વર્તનમાં ઉંડો ઉતરતો જાય છે તેમ તેમ ગુરૂ પ્રત્યેનો તેનો પ્રેમ તથા માન વધતાં જાય છે. ચેલાને જે કાંઈ મુશ્કેલીઓ માલૂમ પડે તેનું વિદારણ ગુરૂ યોગ્ય સૂચનાઓ વડે કરે છે." આ રીતે ગુરૂમાં પ્રેમભક્તિ જાગૃત થતાં ગુરૂની કૃપા આપોઆપ પ્રકટ થાય છે, અને જો ગુરૂકૃપા પ્રાપ્ત કરવી હોય તો ચેલાએ ગુરૂ પ્રત્યે પ્રેમભક્તિ ધરાવવાં જોઈએ, બલકે સંપૂર્ણ સ્વાર્પણ કરી દેવું જોઇએ: એમ કર્યા વિના વિદ્યાની સિદ્ધિ થતી નથી. અત્ર કોઇ શંકા કરે કે—ગુરૂકૃપા પ્રાપ્ત કરવી એ સારી વાત છે, પરન્તુ જગતમાં બધાએ ગુરૂ કાંઈ શિષ્યનું કલ્યાણ કરી નાંખે તેવા હોતા નથી. અખો કહે છે તેમ—"ધન હરે ધોખો ના હરે, એ ગુરૂ શું કલ્યાણ જ કરે ?" એવા ગુરૂઓ પણ હોય છે, તેમની પ્રત્યે ભક્તિ, સ્વાર્પણ, સેવા, વિનય એ શા કામનાં? આ શંકાના સમાધાન માટે ગ્રંથકારે 'કહેવાતા' ગુરૂનો સ્વીકાર ન કરતાં **सद्गुरु** શબ્દનો પ્રયોગ કરેલો છે. જે 'સદ્ગુરૂ'

નથી તે વિદ્યાવાન હોવા છતાં પણ 'ગુરૂ' થવાને પાત્ર નથી અને તેવાની પાસેથી ગમે તેવી વિદ્યા મળે તોપણ તે ગ્રહણ કરવી યુક્ત નથી. જે સદ્‌ગુરૂ હોય છે તે શિષ્યની પાત્રતા જરૂર જુએ છે, તેની કસોટી કરે છે, અને શિષ્ય સુપાત્ર જણાય તો તેની પાસે કશી ગુરૂકુંચી ન રાખતાં તેનું કલ્યાણ જરૂર કરે છે. આ કારણથી શિષ્ય તરીકેની સુપાત્રતાના ગુણોનું કથન પણ ગુરૂકૃપાના મહિમાની સાથે અત્ર કરવામાં આવેલું છે.

**દષ્ટાંત**—અત્ર એક અદ્‌ભુત પ્રકારની ગુરૂકૃપાનું દષ્ટાંત ઉચિત થઈ પડશે. એક શાહુકારનો પુત્ર એક મહાત્માની સેવામાં રાતદિવસ રહેવા લાગ્યો. તેના પિતાએ તેને બહુ સમજાવ્યો, મહાત્માએ પણ તેને ઘેર જવાની રજા આપી છતાં તે ગયો નહિ. તેનો ભક્તિભાવ જોઇને મહાત્માને નવાઈ લાગી પણ તે સાથે તેની કસોટી કરવાની જરૂર તેમને જણાઇ. આ હેતુથી મહાત્માએ યોગબળથી કાયા પલટવા માંડી, એટલે કે શરીરને રોગગ્રસ્ત બનાવી દીધું અને એવી અવસ્થામાં શિષ્ય કેવી સેવા કરે છે તેનો અનુભવ લેવા માંડયો. કફ અને ખાંસીના જોરથી મહાત્માએ જ્યાં ત્યાં થૂંકવા માંડયું, વસ્ત્રો બગાડવા માંડયાં અને જમીન ગંદી કરવા માંડી. શિષ્ય એ બધું સાફ-સુફ કરવામાં મચી રહ્યો અને સેવા કરવા લાગ્યો. ચીડિયો સ્વભાવ થઈ જવાથી રાતદિવસ સેવા કરવા છતાં ગુરૂજી ગમે તેમ બોલતા અને કઠણ કામ કરવાનું કહેતાં અચકાતા નહિ. 'અહીં બેસાડ, અહીંથી ઉઠાડી ત્યાં સુવાડ' ઇત્યાદિ ત્રાસ આપવા લાગ્યા. જોઇતી ચીજ જલ્દી ન લાવવાથી ગુસ્સો કરે અને ચીજ પણ ભીખ માંગીને લાવવાની તથા ગુરૂની તબીયત જાળવવાની. ખાવાનું પણ વિધવિધ જાતનું માંગવા લાગ્યા. શિષ્ય ભીખ માંગીને તે લાવતો છતાં જોઈતી ચીજ મળતી નહિ એટલે મહાત્માનો કોપ થતો! આમ હોવા છતાં શિષ્ય અભિમાન છોડી, મનઃસંયમ કરીને ગુરૂની સેવામાં તત્પર રહ્યો. એ રીતે લાંબો વખત પસાર થયો એટલે શિષ્યને ગુરૂ ઉપર કંટાળો આવવા લાગ્યો; પરન્તુ ગુરૂ તો તેના ઉપર આવી સેવાભક્તિથી પ્રસન્ન થઈ ચૂક્યા હતા અને પોતાની બધી વિદ્યા તેને આપવા તત્પર હતા. છેલ્લી કસોટી કરવાના હેતુથી ગુરૂએ પોતાની પથારી પાસે પાણીનો

ઘડો પડ્યો હતો તેને લાત મારીને ફોડી નાંખ્યો અને શિષ્યને કહ્યું કે-જા, નવો ઘડો પાણી ભરીને લઇ આવ. શિષ્ય ગામમાં જઇ બે પૈસા ભીખમાં લઈ આવી નવો ઘડો ખરીદી આવ્યો અને નદીતટે પાણી ભરવા ગયો. પાણી ભર્યું અને ઘડો ઉંચકવા જાય છે, ત્યાં મનમાં વાયુનો વંટોળ આવ્યો: 'હું શાહુકારનો પુત્ર, ભીખ માંગીને ઘડો લઇ પાણી ભરી જઉં છું, ત્રણ ત્રણ વરસથી ગુરૂની સેવા કરૂં છું, છતાં ગુરૂને તેનો કશો ગુણ નથી! આ કરતાં તો સંસારમાં રહી પ્રભુભક્તિ કરી હોત તો શું ખોટું હતું? ગુરૂજીનું થવું હશે તેમ થશે, પણ હું તો અહીંથી સીધો ઘેર જ ચાલ્યો જઉં.' આમ વિચારી તે ઘડો નદીઘાટ ઉપર મૂકી પાછો ફરે છે, એટલામાં તેને ઘડા ઉપરના દૃષ્ટિપાતથી એમ લાગવા માંડ્યું કે એ ઘડો કાંઈ વાચા કરે છે:

**कोदारेण विदारिता वसुमतिः पश्चात् खरारोहणं।**
**तत्पापिष्ठकुलालपादहननं दंडेन चक्रभ्रमम्॥**
**रज्वा छेदनताडनं च दहनं सर्वं विसोढं मया।**
**ग्राम्यस्त्रीकरटंकणं बहुकृतं तन्नोपिदुःखं महत्॥**

અર્થાત્—(ઘડો કહે છે) પહેલાં તો કોદાળીના ઘાથી ભોંય ખોદીને માટી ખાણમાંથી કાઢવામાં આવી, પછી એ માટીને ગધેડે ચડાવીને લઈ જવામાં આવી, પછી દુષ્ટ કુંભારે તેને પોતાના પગ વડે ખુંદી, પછી ચાક ઉપર ચડાવીને લાકડાના દાંડાથી ભ્રમણ કરાવ્યું, પછી દોરીથી ચાક ઉપરથી કાચા ઘડાને ગળેથી છેદવામાં આવ્યો, પછી તેને ટપલાં મારીને ટીપ્યો, પછી તેને નીંભાડામાં નાંખીને બાળ્યો, ત્યારે ઘડો થયો, પરન્તુ એટલેથી પત્યું નહિ. ઘડો ખરીદનારી ગામડીયણ બાઇએ તેને બહુ બહુ ટકોરા મારીને ખાત્રી કરી જોઈ કે તે કાણો કે ફૂટેલો નથીને! ત્યારે જ તે 'પાત્ર' થયું કહેવાયું! ભાઇ આ ઘડા રૂપી પાત્રના દુઃખ પાસે તારૂં દુઃખ શા હિસાબમાં છે? તારે પણ જો 'પાત્ર' (વિદ્યા ગ્રહણ કરવાને લાયક) થવું હોય તો દુઃખ સહન કરવું જ પડે! ઘડાના આ બોધથી શિષ્યનો ગુરૂ પ્રત્યેનો ભાવ જાગૃત થયો અને પાણી ભરીને ગુરૂ પાસે ઘડો લઈ ગયો. તે આશ્ચર્ય પામ્યો કે ગુરૂનો વ્યાધિ નાશ પામી ગયો હતો! એ રીતે ગુરૂએ તેની સેવાની કસોટી

કરીને તેની સુપાત્રતા જોઈ તેને અપૂર્વ વિદ્યાનું દાન કર્યું. તાત્પર્ય એ છે કે સદ્‌ગુરૂની કૃપાનું ફળ અદ્‌ભુત છે અને સુપાત્ર શિષ્યને યોગ્ય ગુણો એ કૃપા પ્રાપ્ત કરી શકે છે. (૧૨૨)

[ પરિપક્વ વૈરાગ્ય વિના કશો અર્થ સધાતો નથી, તેટલા માટે ગ્રંથકાર નિમ્ન શ્લોકમ વૈરાગ્યના પરિપાક માટેના કેટલાક માર્ગોનું નિદર્શન કરે છે.]

**वैराग्यपरिपाकः । १२३ ॥**

**वैराग्यं क्षणिकं तु निष्फलमहो ! नो योगनिर्वाहकं ।**
**भाव्यं तेन सुनिष्ठितेन नियतं प्राप्तेन पक्वां दशाम्॥**
**सत्सङ्गेन विरागधर्मकथया चैकान्तवासेन वा ।**
**स्वाध्यायेन सुचिन्तनेन तपसा कुर्याच्च तन्निष्ठितम् ॥**

**વૈરાગ્યનો પરિપાક.**

**ભાવાર્થ**—વૈરાગ્ય જો ક્ષણિક હોય તો તે નિષ્ફળ નીવડે છે, તેનાથી સંયમનો નિર્વાહ થઈ શકતો નથી, માટે વૈરાગ્ય સારી રીતે નિષ્ઠા પામેલું-પરિપક્વ દશાને પહોંચેલું અને નિયત થએલું હોવું જોઇએ. મુમુક્ષુએ સત્સંગમાં રહીને, વૈરાગ્યની ધર્મકથા સાંભળીને, એકાન્તવાસમાં સ્થિતિ કરીને, સ્વાધ્યાય, ચિંતન, મનન તથા યથાશક્તિ તપોનુષ્ઠાન કરી વૈરાગ્યને પરિપક્વ બનાવવું જોઇએ. (૧૨૩)

**વિવેચન**—પૂર્વે દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત એવા વૈરાગ્યના ત્રણ પ્રકાર કહેવામાં આવ્યા છે, તેમાં જ્ઞાનગર્ભિતને ઉત્તમ કોટિનું લેખવામાં આવ્યું છે. આ ત્રણે પ્રકારનું વૈરાગ્ય જે ઉત્તમ મધ્યમ કે કનિષ્ટ હોવા છતાં પરિણામદાયી તો ત્યારેજ થાય કે જ્યારે એ વૈરાગ્ય પરિપક્વ થાય. ઘણાં મનુષ્યોને શ્મશાનભૂમિમાં સ્વાભાવિક રીતે જ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જે સ્થળે હજારો મહાન અને લઘુ પુરૂષોનાં મૃત દેહો ભસ્મીભૂત થઇ ગયા તે સ્થળે એક વાર પોતાને પણ ભસ્મીભૂત થવાનું છે એ કલ્પના જ સંસારની અને આ સ્થૂળ જગત્‌ની અનિત્યતા મગજમાં સ્ફુરાવે છે અને

વૈરાગ્ય પ્રકટે છે. એ ખરેખર જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે, છતાં તે 'શ્મશાન-વૈરાગ્ય' છે—ક્ષણિક છે અને મનઃપ્રદેશ ઉપર તેની અસર માત્ર ક્ષણજીવી રહે છે. શ્મશાનની બહાર નીકળ્યા, ઘેર ગયા, અને પુનઃ ધંધા—વ્યાપારને સ્થાને જઇ પહોંચ્યા કે તુરત શ્મશાનનું વૈરાગ્ય સેંકડો ગાઉ દૂર નાસી ગએલું લાગે છે! આ ક્ષણિક વૈરાગ્યથી યોગ કહેતાં સંયમનો નિર્વાહ થતો નથી. આટલા માટે વૈરાગ્ય પરિપકવ દશામાં આવવું જોઇએ અને વૈરાગ્યના પરિપાક માટે મુમુક્ષુએ કેટલોક ઉદ્યમ કરવો જોઇએ. ઉદ્યમ શો કરવો ? ગ્રંથકાર કહે છે કે—સત્સંગમાં રહેવું, વૈરાગ્યની ધર્મકથા સાંભળવી, એકાન્તમાં સ્થિતિ કરવી, સ્વાધ્યાય, ચિંતન—મનન કરવું, અને યથાયોગ્ય તપ વડે કરીને વૈરાગ્યને પરિપકવ બનાવવું. (૧૨૩)

[ આવા ઉદ્યમ વડે વૈરાગ્યનું સેવન જેણે કર્યું હોય એવા મુમુક્ષુનું વૈરાગ્ય પરિપકવ કયારે થયું કહેવાય ? આ પરિપકવતાનું માપ ગ્રંથકાર નીચેના શ્લોકમાં દર્શાવે છે. ]

### वैराग्यपरीक्षा । १२४ ॥

**चित्तं यस्य न चञ्चलं विकृतिमद् दृष्ट्वाऽपि देवाङ्गनां।**
**श्रुत्वा कण्टकतुल्यशत्रुवचनं क्षुभ्येन्न यन्मानसम् ॥**
**धैर्यं मुञ्चति नो मनाग् बहुजनैर्यष्ट्या च यस्ताडितो-**
**ज्ञेया तत्परिपक्वता सहृदयैरेतः शुभैर्लक्षणैः ॥**

### વૈરાગ્યની પરીક્ષા.

**ભાવાર્થ**—દેવાંગના અથવા તેના જેવી સ્વરૂપવતી તરૂણીને જોઇને પણ જેની ચિત્તવૃત્તિ વિકૃત થઈ ચંચળ ન થાય, શત્રુનાં કંટક જેવાં કર્કશ વચનો સાંભળીને પણ જેનું મન જરાએ ક્ષોભ ન પામે, ઘણા માણસો લાકડીઓ લઇ માર મારે તોપણ જે ધીરજને ન છોડે, તેનું વૈરાગ્ય પરિપકવ થયું છે એમ સમજવું અને એવાં શુભ લક્ષણોવાળો મનુષ્ય સાચો મુમુક્ષુ છે એવું સહૃદય જનોએ સમજી લેવું. (૧૨૪)

**વિવેચન**—સાચા વૈરાગ્યને ઓળખી, તેનું પરિશીલન કરવા માટે યોગ્ય ઉદ્યમ કરી, સદ્ગુરૂની સહાય તથા કૃપા પ્રાપ્ત કરીને જ્યારે એક મુમુક્ષુનું વૈરાગ્ય પરિપક્વ દશાને પામે છે ત્યારે તે 'સાધુ' નામને પાત્ર થાય છે કિંવા સાધુત્વ ગ્રહણ કરવાનો અધિકારી બને છે. વૈરાગ્યની એ ઉચ્ચ દશાનું ફળ શું? જ્યારે ચિત્તવૃત્તિ એ દશાને પામે છે ત્યારે મન તથા ઇંદ્રિયોનો અપૂર્વ સંયમ તેને ઉપલબ્ધ થાય છે. એ સંયમે કરીને તેની ક્ષુદ્ર સ્થૂળ વૃત્તિઓ નાશ પામે છે, તેથી તેની વિષયાસક્તિ રહેતી નથી, વાણી કે દેહનો ઉપસર્ગ તે સુખે સહન કરી શકે છે અને બીજા અનેક અપ્રિય બાહ્ય પ્રસંગોથી પણ તેનાં મન કે વૃત્તિઓ ક્ષુબ્ધ થતાં નથી. ઇંદ્રિય-નિગ્રહ કિંવા યોગથી જેણે મન અને વૃત્તિઓ ઉપર આત્માનો અંકુશ સ્થાપિત કર્યો હોય છે, તેને માટે ભર્તૃહરિ પણ કહે છે કે—

**सदा योगाभ्यासव्यसनवशयोरात्ममनसो-**
**रविच्छिन्ना मैत्री स्फुरति कृतिनस्तस्य किमु तैः ॥**
**प्रियाणामालापैरधरमधुभिर्वक्त्रकमलैः ।**
**स निःश्वासामोदैः सकुचकलशश्लेषसुरतैः ॥**

અર્થાત્—યોગાભ્યાસના વ્યસનથી જેનાં આત્મા અને મન વશ થએલાં છે અને જે પુણ્યશાળી પુરૂષના આત્માને મનની અવિચ્છિન્ન મૈત્રી સ્ફુરી રહેલી છે તે પુરૂષને, સ્ત્રીઓના ભાષણોનું, અધરોષ્ઠના મધનું, સુગંધી નિઃશ્વાસવાળાં મુખકમળોનું અને સ્ત્રીસમાગમનું શું પ્રયોજન છે? તાત્પર્ય કે આવા પ્રસંગોથી પણ તેવા મુમુક્ષુનું ચિત્ત ચલાયમાન થતું નથી. વૈરાગ્યની પરિપક્વ દશાવાળા સાધુ જનને માટે સ્વામી બ્રહ્માનંદ કહે છે કે:—

હોત ન વિષયાસક્ત, રહત અનુરક્ત ભજનમેં,
દુર્મતિ દુબધા દૂર, શૂર સુખ સાજત જનમેં;
જીતન ઇંદ્રિય જતન, રહત તત્પર દિન રાતી,
કામ ક્રોધ મદ લોભ, આત નહિ નિકટ અરાતી;
વૈરાગ્ય ધર્મ ભકિત વિમલ, ગુન બીન સમજત ગ્યાનકું,
નિત બ્રહ્મ મુનિ નિશદિન નમત, એસે સંત સુજાનકું.

ગ્રંથકારે આ શ્લોકમાં વૈરાગ્યની કસોટી સૂચવવા માટે મન તથા ઇંદ્રિયોના સ્થૂળ દાખલા આપ્યા છે : જેવા કે, દેવાંગનાને જોયા છતાં ચિત્તની ચંચલતા ન થવી, અનેક મનુષ્યો લાકડીઓથી માર મારે છતાં મન ક્ષુબ્ધ ન થવું ઇત્યાદિ. એ જ રીતે મન અને ઇંદ્રિયો ઉપર બીજા પ્રકારના આઘાતો થવાના પ્રસંગો આવે તોપણ જેને હર્ષ કે શોક થતાં નથી, વૃત્તિઓ કંપાયમાન થતી નથી પરન્તુ અડગ રહે છે તેનું વૈરાગ્ય પરિપક્વ થએલું લેખાય, એવું કહેવાનો આશય છે.

**દૃષ્ટાન્ત**—તીવ્ર વૈરાગ્ય વડે જેણે મન અને ઇંદ્રિયોનો અપૂર્વ સંયમ કરવામાં સફળતા મેળવી છે એવા **ગજસુકુમારનું** ચરિત્ર જૈન શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. **ગજસુકુમારને સો**મિલ નામના બ્રાહ્મણે પોતાની પુત્રી વાગ્દાનથી આપી. ત્યારપછી વૈરાગ્યને પામેલા **ગજસુકુમારે ને**મનાથ સ્વામી પાસે દીક્ષા લઇ સાધુત્વ ગ્રહણ કર્યું. દીક્ષા લઇને તરત જ ગુરૂ પાસે માંગણી કરી કે તરત મોક્ષ મળે તેવો માર્ગ બતાવો. પ્રભુએ કહ્યું બારમી ભિક્ષુની પડિમા અંગીકાર કરી બરાબર રીતે પાલન કરે તો જલદી મોક્ષ મળે છે. **ગજસુકુમાર** મુનિ ભિક્ષુ પડિમા આદરીને શ્મશાનભૂમિમાં કાયોત્સર્ગ (કાઉસગ્ગ) કરીને રહ્યો. **સો**મિલે તેને દીઠો અને ક્રોધમાં આવી જઈ તેને ઘણી ગાળો દઇને કહ્યું : "ઓ નિર્માલ્ય પુરૂષ ! જ્યારે તારામાં કમાઈ ખાવાની કે સ્ત્રીનું રક્ષણ કરવાની શક્તિ નહોતી અને છેવટે સાધુ થઈને ભીખ જ માંગી ખાવી હતી, ત્યારે તેં મારી પુત્રીને અંગીકાર કરી તેને કુંવારા રાણીવાસમાં મોકલી તેનો ભવ કેમ બાળ્યો ?" કાઉસગ્ગમાં હોવાથી **ગજસુકુમારે** કશો જવાબ ન આપ્યો, પરન્તુ **સો**મિલના કણ્ટક તુલ્ય વચનોથી તેની ચિત્તવૃત્તિમાં કશો ક્ષોભ ઉત્પન્ન ન થયો અને તેની સમતા નાશ ન પામી. તેને નહિ બોલતો જોઇને વધારે ક્રોધને વશ થએલા **સો**મિલે **ગજસુકુમારના** માથા ઉપર માટીની પાળ બાંધી અને પાસેની ચિતામાંથી અંગારા લઇ તેના માથામાં ભર્યા ! આ રીતે મસ્તક દગ્ધ થઈ જવા છતાં **ગજસુકુમારની** વૃત્તિઓ ચંચળ ન થઇ, એ સાધુએ કશો શબ્દોચ્ચાર પણ કર્યો નહિ અને સમાધિભાવે મરણને

સત્કાર્યું ! આ રીતે ગજસુકુમારના વૈરાગ્યની અને સાધુત્વની પરમ કસોટી થઈ. આવો નિગ્રહી સાધુ મોક્ષપદને પામે તેમાં શું આશ્ચર્ય ? (૧૨૪)

[ નિમ્ન શ્લોકમાં એક ઉત્તમ શિષ્યના અન્ય ગુણોનું કથન કરવામાં આવ્યું છે.]

**शिष्यलक्षणम् । १२५ ॥**

**नम्रः कोमलमानसोऽतिसरलो लज्जाविवेकान्वितो-**
**निर्दम्भो निरहङ्कृतिर्निरलसः सौम्यः शशीव स्वयम् ॥**
**प्रज्ञावान् मितभाषकः सुचरितः श्रद्धायुतो यो भवे-**
**दौदासीन्यमुमुक्षुलक्षणपटुः शिष्यः स एवोत्तमः ॥**

## શિષ્ય કેવો હોય ?

**ભાવાર્થ** તથા **વિવેચન**—એક સત્શિષ્યમાં બીજા પણ કેટલાક ગુણો હોવાની જરૂર છે. એક ત્યાગી સદ્‌ગુરૂનું શિષ્યત્વ ગ્રહણ કરનાર મુમુક્ષુ હોવો જોઇએ અને મુમુક્ષુના જે ગુણો હોય તે એક સત્શિષ્યના પણ હોવા જોઇએ. પૂર્વે કહ્યું તેવા પરિપક્વ વૈરાગ્ય ઉપરાંત જેનામાં નમ્રતા અથવા વિનય હોય, જેનું મન સુકોમળ હોય તથા અતિ સરળ હોય, જેનામાં લજ્જા તથા વિવેકના સદ્‌ગુણો પણ હોય, જે નિર્દમ્ભ એટલે દમ્ભવૃત્તિ વિનાનો અને નિરહંકારી એટલે અહંકાર વિનાનો હોય, જે આળસુ અથવા પ્રમાદી ન હોય, જે ચંદ્ર જેવી સૌમ્ય આકૃતિવાળો હોય, પ્રજ્ઞા અર્થાત્ બુદ્ધિવાળો હોય, મિતભાષી હોય, જેનું ચરિત્ર—વર્તન ઉચ્ચ પ્રકારનું હોય, જે શ્રદ્ધામાં અચળ હોય તથા ઔદાસીન્ય વૃત્તિવાળો હોય, તેવો—મુમુક્ષુતાનાં સર્વ લક્ષણોમાં નિપુણ એ જ ઉત્તમ શિષ્ય લેખાય. જગતમાં મુમુક્ષુ બનવાની ઈચ્છા તો ઘણાએ ધરાવે છે, અને જોગી, જતિ કે સાધુઓની સેવા કરે છે, પરન્તુ તેમાં સાચા મુમુક્ષુઓ કે જે સદ્‌ગુરૂ પાસેથી જ્ઞાનની ચાવી મેળવીને આત્માનું કલ્યાણ કરવાની ઈચ્છાવાળા હોય છે તેવા તો થોડા જ હોય છે. સાચા મુમુક્ષુઓની ઓળખ માટે આ બાહ્યાંતર્ ગુણોનું કથન કરવામાં આવ્યું છે.

**દૃષ્ટાંત**—એક જુવાન એક સાધુ જન પાસે આવી તેની સેવા કરી તેનો શિષ્ય થવાની ઇચ્છાથી તેની પાસે રહેવા લાગ્યો. તે ગુરૂની સેવાભક્તિ વિનયપૂર્વક કરતો અને પોતાનું સર્વસ્વ ગુરૂને સમર્પણ કરેલું સમજીને રહેવા લાગ્યો. એકદા જ્યારે તે ગુરૂની સેવા કરી સૂઇ રહ્યો હતો, ત્યારે એક સર્પ શિષ્યને કરડવા માટે તેની સામે દોડતો આવ્યો. ગુરૂ બેઠા હતા. સર્પને જોઈ તેની પાસે આવી ગુરૂએ એક લીંટી દોરી સર્પને અટકાવ્યો. ગુરૂએ બહુ સમજાવ્યો ત્યારે તેણે પોતાનો ઇરાદો શિષ્યના લોહીથી તૃપ્ત થવાનો જણાવ્યો. પછી ગુરૂએ તુરત જ એક છરીથી શિષ્યના ગળાની એક નસ કાપી અને તે નસમાંથી અંજલિ ભરીને લોહી કાઢયું, તથા સર્પ નજીક આવતાં જ તેના મુખ ઉપર તે છાંટયું. એ શિષ્યની સાથે સર્પનું કોઇ પૂર્વ ભવનું વૈર હતું એટલે તેના રૂધિરથી સર્પની વાસના તૃપ્ત થઇ ગઇ અને તે ચાલ્યો ગયો. શિષ્ય જાગૃત થયો છતાં આંખો બંધ કરી સ્થિર થઈ સૂઇ રહ્યો. પોતાની નસ કપાઈ, રૂધિર નીકળ્યું, સર્પ નિકટ આવ્યો, તે કશાથી શિષ્યને ભય થયો નહિ. ગુરૂએ તેને પૂછયું: "તને બ્હીક લાગી નહિ?" શિષ્યે જવાબ આપ્યો: "પ્રથમ તો ભય લાગ્યો, પણ મેં જોયું કે ગુરૂ મહારાજ મારી પાસે બેઠા છે એટલે હું નિર્ભય રહ્યો." ગુરૂ પ્રત્યે શિષ્યની અનન્ય શ્રદ્ધાભક્તિ હતી, ગુરૂ પોતાનું અહિત નહિ કરે એવી તેની ખાત્રી હતી, તેથી તેણે જરા પણ સંકોચ દર્શાવ્યો નહિ. તેના આવા સ્વાર્પણથી પ્રસન્ન થએલા ગુરૂએ પણ પોતાનું સર્વ જ્ઞાન શિષ્યને શીખવ્યું અને શિષ્યનો ઉદ્ધાર કર્યો. (૧૨૫)

[હવે ગ્રંથકાર એક ગુરૂનાં લક્ષણોનું કથન કરે છે.]

**गुरुलक्षणम् । १२६ ॥**

**योगीन्द्रः श्रुतपारगः समरसाम्भोधौ निमग्नः सदा।**
**शान्तिक्षान्तिनितान्तदान्तिनिपुणो धर्मैकनिष्ठारतः॥**
**शिष्याणां शुभचित्तशुद्धिजनकः संसर्गमात्रेण यः।**

# सोऽन्यांस्तारयति स्वयं च तरति स्वार्थं विना सद्गुरुः॥

## ગુરૂ કેવા હોય ?

**ભાવાર્થ**—શિષ્યમાં જેમ યોગ્યતા જોઇએ તેમ ગુરૂમાં પણ યોગ્યતા જોઈએ. જે મોટા યોગીન્દ્ર હોય, શાસ્ત્રના પારગામી, સમતારસના સરોવરમાં હમેશાં નિમગ્ન, શાન્તિ અને ક્ષમાના ગુણોથી સુશોભિત, ઇંદ્રિયોનું દમન કરનાર, ધર્મની એક નિષ્ઠામાં તત્પર અને શિષ્યોની મલિન વૃત્તિને સંસર્ગમાત્રથી શુદ્ધ કરનાર હોય તે જ સદ્ગુરૂ પોતે તરે અને સ્વાર્થ વિના બીજા અનેક જીવોને સંસારસમુદ્રમાંથી તારી પાર ઉતારે. ( ૧૨૬ )

**વિવેચન**—પૂર્વે જ્યાં જ્યાં ગુરૂનું કથન કરવામાં આવ્યું છે ત્યાં ત્યાં ગુરૂનો અર્થ સદ્ગુરૂ સમજવાનો છે અને અત્ર સદ્ગુરૂનાં લક્ષણોનું કથન કરવામાં આવ્યું છે. જેવી રીતે સત્શિષ્ય જગતમાં દુર્લભ છે તેવી રીતે સદ્ગુરૂ પણ દુર્લભ છે. જગતમાં કહેવાતા ગુરૂઓનો તોટો નથી. કહ્યું છે કે—

**बहवो गुरवो लोके शिष्यवित्तापहारकाः।**
**दुर्लभस्तु गुरुर्लोके शिष्यचित्तापहारकः॥**

અર્થાત્—જગતમાં શિષ્યનું વિત્ત કહેતાં ધન હરી લેનારા ગુરૂઓ તો ઘણા છે, પરન્તુ શિષ્યનું 'ચિત્ત' હરે એવા ગુરૂ દુર્લભ હોય છે. વૈરાગ્યના પરિપાક માટે અને આત્માના કલ્યાણ માટે નામધારી ગુરૂઓ નકામા છે પણ સદ્ગુરૂનો જ માત્ર ઉપયોગ છે. **અ**ખો ખરૂં જ કહે છે કે—'ધન હરે, ધોખો ના હરે, તે ગુરૂ શું કલ્યાણ જ કરે ?'

**गुरुस्तु को यश्च हितोपदेष्टा।**
**शिष्यस्तु को यो गुरुभक्त एव॥**

અર્થાત્—સાચો ગુરૂ તો એ જ કે જે શિષ્યના હિતનો ઉપદેશ આપનાર હોય, અને સાચો શિષ્ય પણ એજ કે જે ગુરૂભક્ત હોય.

આપણા **ભા**રતવર્ષમાં જેવી રીતે સદ્ગુરૂઓએ શિષ્યોનું કલ્યાણ કર્યું હોવાના દષ્ટાંતો મળે છે, તેવી રીતે કહેવાતા ગુરૂઓએ શિષ્યોને અનેક પ્રકારની હાનિ નીપજાવી હોય એવા દષ્ટાંતો પણ મળે છે. આ કારણથી જેવી રીતે ગુરૂને માટે શિષ્યની કસોટી આવશ્યક છે તેવી રીતે જિજ્ઞાસુ શિષ્યે ગુરૂના ગુણો

ઉપરથી તેની સદ્ગુરૂતા તપાસવાની પણ આવશ્યકતા છે. મી. ઈ.ટી.સ્ટર્ડી કહે છેઃ **In a country like India, where a large number of people are more or less intently bent upon the search for Gurus, the cases of deception are constant and numerous, and cases frequently occur where the rascal masquerading as a Yogi manages to obtain very considerable sums of money from people whose credulity or whose greed for acquiring knowledge outweighs their discrimination.** અર્થાત્–હિંદ જેવા દેશમાં સંખ્યાબંધ મનુષ્યો ગુરૂની શોધમાં ફરતા હોય છે, એટલે ત્યાં ઠગાઇના દાખલા હમેશાં સંખ્યાબંધ બનતા હોય છે. ઘણી વાર એવા દાખલા બને છે કે લુચ્ચા ઢોંગી કહેવાતા યોગીઓ ભોળા અને જ્ઞાનપિપાસુ લોકો પાસેથી નાણાંની મોટી રકમો કઢાવીને ધૂતી જાય છે. આવા वित्तहारक ગુરૂઓની જાળમાં ન ફસાઇ જવાની સાવચેતી પણ જિજ્ઞાસુઓને રાખવી પડે છે. આટલા જ માટે જેને ગુરૂ તરીકે સ્વીકારવામાં આવે, તે યોગીન્દ્ર હોય, સર્વશાસ્ત્રપારંગત હોય, શાન્તિ, ક્ષમા, ધર્મનિષ્ઠતા, ઇંદ્રિયદમન ઈત્યાદિ ગુણોથી યુકત હોય અને જેનું તેજોબળ એવું હોય કે ગુરૂનો સંસર્ગ થતાં જ તેમના તેજોબળ (aura) થી શિષ્યના ચિત્તની શુદ્ધિ થાય, તે જ સદ્ગુરૂ થવાને પાત્ર હોય છે અને તે જ પોતે સંસારસમુદ્રમાંથી તરી શકે છે અને બીજાઓને તારી શકે છે. તેથી જો ઉલટી સ્થિતિ હોય છે તો "દોનોં બૂડે બાપડે, બૈઠ પત્થરકી નાવ" એવી ગુરૂ અને શિષ્ય બેઉની સ્થિતિ થાય છે. (૧૨૬)

**[ વૈરાગ્યવાસિત મુમુક્ષુને સદ્ગુરૂની પ્રાપ્તિ થાય, એટલે તેનું કર્તવ્ય ગુરૂને આત્મસમર્પણ કરવું, અર્થાત્ સંસારનો ત્યાગ કરીને–દીક્ષા લઈને ગુરૂનું શિષ્યપદ સ્વીકારવું એ છે; પરન્તુ સંસારનો ત્યાગ કરતાં પૂર્વે એક વધુ વાતની વિચારણા કરવી જોઇએ, અને તે સંસારનાં સંબંધીઓની ઈચ્છા–અનિચ્છા. નીચેના બે શ્લોકમાં ગ્રંથકાર તેનું સૂચન કરે છે. ]**

सम्बन्धिनामाज्ञा । १२७ ॥

पुत्रादिस्वजनाः कथञ्चिदपि ते स्वार्थेन मोहेन वा ।
कुर्वन्ति प्रतिबन्धनं यदि यमे तन्न्यक्क्रिया नोचिता॥
तान् विज्ञाप्य मृदूपदेशवचनैः सन्तोष्य तन्मानस-
माशीर्वादपुरःसरा नियमतो ग्राह्या तदाज्ञा त्वया ॥

आज्ञाया अभावे भावसंयमः । १२८ ॥

नो शक्तो यदि गाढबन्धनवशो वेषं परावर्त्तितुं ।
स्थित्वाऽसौ निलयेऽपि पापविरतो वैराग्ययुक्तस्तदा ॥
स्वाध्यायादिपरायणः कमलवन्निर्लिप्तचित्तः सदा ।
संसेवेत हि भावसंयममलं मुक्त्वा ममत्वं हृदः ॥

**સંબંધીઓની રજા.**

**ભાવાર્થ**—શિષ્યને ગુરૂનો યોગ મળે એટલે દીક્ષાનો અધિકાર પ્રાપ્ત થાય, છતાં દીક્ષા લીધા પહેલાં ઉમેદવારનાં સંસારનાં સંબંધી જનોની રજા મેળવવી જોઇએ. કદાચ સ્ત્રી, પુત્ર, માબાપ વગેરે સંબંધી જનો સ્વાર્થ-વશતાથી કે મોહને લીધે કોઈ પણ રીતે અટકાયત કરતા હોય, તો તે સંબંધીઓનો ઉમેદવારે તિરસ્કાર કરવો ઉચિત નથી, કિંતુ કોમળ ઉપદેશ-વચનોથી તેમને સમજાવી, તેમના મનને સંતોષ ઉપજાવી, તેમના આશી-ર્વાદની સાથે દીક્ષાની મંજુરી તેમની પાસેથી મેળવવી જોઇએ. (૧૨૭)

**આજ્ઞાને અભાવે ભાવસંયમ.**

વૈરાગ્ય હોય છતાં સંબંધીઓના ગાઢ બંધનને વશે કદાચ આજ્ઞા ન મળવાથી વેષ બદલાવીને દ્રવ્યદીક્ષા ન ગ્રહણ કરી શકાય, તોપણ ઉમેદ-વારે નાસીપાસ ન થતાં ઘરમાં પણ વૈરાગ્યયુક્ત રહીને, પાપથી નિવૃત્ત થઇને, હમેશાં કમળની પેઠે ચિત્તને નિર્લેપ રાખીને સ્વાધ્યાય આદિ ધર્મ-

કાર્યમાં મશગુલ બનીને અને હૃદયની મમતાને છોડીને ભાવસંયમનું સંપૂર્ણ રીતે સેવન કરવું. (૧૨૮)

**વિવેચન**—સંસારનો ત્યાગ કરીને મુનિવેષ પહેરવા અગાઉ સંસારનાં આપ્તજનોની પરવાનગી મેળવવી જોઇએ અને એવી પરવાનગી જો કારણવશાત્ ન મળે તો ગૃહમાં જ રહીને ભાવસંયમ આદરવો પરન્તુ આપ્તજનોની અવગણના કરીને તેમને દુભવવાં નહિ એટલો આ બે શ્લોકોનો મથિતાર્થ છે; પરન્તુ આ મથિતાર્થમાં બે ગહન પ્રશ્નો સમાએલા છે. પ્રથમ પ્રશ્ન એ છે કે જેનું ચિત્ત વૈરાગ્યવાસિત થયું છે તેણે પોતાનાં મોહવશ આપ્તજનોની રજા લેવાની શી જરૂર છે ? આધુનિક સમયમાં તો આ પ્રશ્ન અત્યંત મહત્ત્વનો બની ગયો છે અને ખૂબ જ ચર્ચાયો છે. મોહદશા છે, એ અજ્ઞાન દશા છે, અને અજ્ઞાની કે સ્વાર્થી સગાં કોઇને દીક્ષા ગ્રહણ કરવા રજા ન આપે, તો શું આત્મકલ્યાણ કરતાં અટકી જવું ? બીજો પ્રશ્ન એ છે કે સમકિતી જને શું મોહવશ અને સ્વાર્થપરાયણ સગાંઓની ઇચ્છાને કારણે સંસારના કીચડમાં રગદોળાયા કરવું ? ગ્રંથકાર સ્પષ્ટ કહે છે કે સગાંઓના પ્રતિબંધન છતાં દીક્ષા લેવી તે ઉચિત નથી, પરન્તુ તેમની મોહદશા કે અજ્ઞાન દશાને ઉપદેશવડે નિવારીને–તેમને સંતોષીને તેમની પરવાનગી બાદ દીક્ષા લેવી તે ઉચિત છે. નાની વયના ચેલાને માબાપ કે સગાંઓની પરવાનગી વિના મુંડનારા, કિંવા નાનાં છોકરાંઓનું હરણ કરીને પોતાની જમાતમાં ભેળવી દેનારા સાધુ બાવાઓને આવી વાત ન ગમે તે સ્વાભાવિક છે, પરન્તુ દીક્ષાના ઉમેદવારનાં આપ્તજનોની અવગણના કરીને દીક્ષા લેવી કે આપવી તે વસ્તુતઃ એક પ્રકારની હિંસા છે અને હિંસાને પાપ માનનારા સાધુજનો તેવું હિંસક આચરણ આદરે તે તો ધર્મધ્વંસ જ લેખાય. આ જ કારણથી મહાવીર સ્વામીએ પણ પોતાનું ચિત્ત વૈરાગ્યવાસિત થયું હોવા છતાં મોટા ભાઇની અનિચ્છાથી એક વર્ષ વધુ સંસારમાં રહીને પછી દીક્ષા લીધી હતી. સ્વાર્થદશા કે મોહદશા તેની ઉપર પ્રહાર કરવાથી નાશ પામતી નથી. માત્ર ઉપદેશથી કિંવા સ્વાર્થનું ઉપાદાન કારણ દૂર થવાથી તેનું નિવારણ

થાય છે. જ્યારે સગાંઓ જૂએ છે કે દીક્ષાના ઉમેદવારનું વૈરાગ્ય સાચું છે, તેને સંસારમાં રોકી રાખવો એ આપણને બોજારૂપ છે અને સંસાર એને પોતાને બોજારૂપ છે, ત્યારે તેઓને પોતાનો સ્વાર્થ સરતો જણાતો નથી અને તેમનો મોહ પણ વિરામ પામી જાય છે, કિંવા એ વૈરાગ્યવાસિત આત્માને સંસારમાં ગોંધી રાખવાથી તેને કષ્ટ થાય છે એવું જોઇને તેમને તેની દયા આવે છે અને તેઓ તેને આનંદ તથા સંતોષથી સંસાર ત્યજવાની રજા આપે છે. સ્વાર્થદશા અને મોહદશાના નિવારણનો આ ક્રમ જેટલો સુલભ અને ઉચિત છે તેટલો ઉચિત તેમની અવગણના કરીને ચેલાને મુંડી નાંખવાનો માર્ગ નથી. આવી રીતે દીક્ષિત થએલાઓએ વસ્તુતઃ અનેક જીવોને કલેશ ઉપજાવ્યો હોવાના દાખલા બન્યા છે અને તેથી દીક્ષાનું પ્રકરણ જનતામાં કંટાળાભરેલું લેખાવા લાગ્યું છે. જૈન શાસ્ત્રમાં દીક્ષા લેવાનાં અનેક કારણો આલેખાએલાં છે, જોકે તે બધાં કારણો વિશુધ્ધ નથી. લજ્જાને લીધે, ઉપહાસને લીધે, દેવતાના ભયથી, દ્વેષથી, સ્નેહથી, લોભથી, હઠથી, અભિમાનથી, વિનયથી, શૃંગારથી, કીર્તિ અર્થે, પરાભવ થવાથી, કૌતુકને લીધે, વિસ્મયથી, વ્યવસાયથી, ભાવથી, કુલાચારને લીધે અને વૈરાગ્યને લીધે, એવાં અઢાર કારણોથી દીક્ષા લેવાયલી હોવાનાં દષ્ટાંતો છે, પરન્તુ સગાંઓની ઇચ્છાની અવગણના કરીને ચેલો મુંડવાનું અને તેને જ્યાં ત્યાં સંતાડતા ફરવાનું દષ્ટાન્ત ક્યાંયથી મળતું નથી. વસ્તુતઃ એવી દીક્ષા ધર્મની કે સાધુસંસ્થાની કુસેવા છે, અને તેટલા માટે તેવી દીક્ષાને ગ્રંથકારે વર્જ્ય ગણી છે. તો પછી વૈરાગ્યવાસિત મુમુક્ષુએ શું કરવું ? ગ્રંથકાર કહે છે કે સાધુવેશ પહેરી ન શકાય, તો તેથી મુમુક્ષુએ આત્મકલ્યાણની સાધના અટકાવવાની કશી જરૂર નથી. કહ્યું છે કે—

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां ।
गृहेऽपि पंचेन्द्रियनिग्रहस्तपः ॥
अकुत्सिते कर्मणि यः प्रवर्तते ।
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥

અર્થાત્—ભલે વનમાં વાસ કર્યો હોય પણ જેમનું ચિત્ત રાગી હશે તેઓમાં દોષ ઉત્પન્ન થયા વિના રહેતા નથી; અને ભલે ઘરમાં વસી રહ્યા હોઇએ, પણ ત્યાંએ ઇંદ્રિયનિગ્રહ અને તપ કરી શકાય છે; જે રાગથી નિવૃત્ત થઇને શુદ્ધ કર્મમાં પ્રવર્તે છે તેને ગૃહ પણ તપોવન જ છે.

આટલા માટે ગ્રંથકાર કહે છે કે ઘરમાં રહીને પણ વૈરાગ્યયુક્ત રહી શકાય છે, પાપથી નિવૃત્ત થઇ શકાય છે, અર્થાત્ ભાવસંયમની આરાધના કરી શકાય છે. વેશનું અમુક અંશે મહત્ત્વ છે, ગૃહત્યાગનું પણ મહત્ત્વ છે, પરન્તુ જો જળ-કમળવત્ નિર્લેપદશાથી ગૃહમાં રહીને સ્વાધ્યાયાદિ કરવામાં આવે, સંસારી કપડાં પહેરવામાં આવે, અને ચિત્તવૃત્તિને વૈરાગ્યથી પોષી વાસનાઓ ઉપર વિજય મેળવવામાં આવે તો તેથી આત્મકલ્યાણની સાધના અટકતી નથી.

**દૃષ્ટાન્ત**—ઇષુકાર નામે નગરીમાં ઇષુકાર નામે રાજા અને કમળાવતી નામે રાણી હતી. રાજાનો એક ભૃગુ નામે બ્રાહ્મણ પુરોહિત હતો તેને જસા નામે પત્ની હતી. આ રાજા-રાણી અને ભૃગુ તથા તેની પત્ની એ ચારે જીવો પૂર્વ ભવનાં સંબંધી હતાં. ભૃગુ પુરોહિતને કશું સંતાન નહોતું તેથી પતિ-પત્ની બહુ શોકાતુર રહેતાં. હવે સ્વર્ગસુખ ભોગવતા બે દેવોને મનુષ્યલોકમાં અવતાર મળવાનો સમય થયો અને તે તેમણે જાણ્યું એટલે તેઓ ઇષુકાર નગરમાં જોષીનું રૂપ લેઇને આવ્યા અને જેના તેના જોષ જોવા લાગ્યા. ભૃગુ પુરોહિત પણ તેમની પાસે ગયો અને કહેવા લાગ્યો કે મારે પુત્ર નથી અને જો મને પુત્ર થાય તો તમે કહો તે અનુષ્ઠાન કરૂં. જોષીઓએ કહ્યું કે તમારે બે પુત્ર થશે પણ તે સંજમ લેશે અને તમારે તેમને સંજમ લેતાં રોકવા નહિ. ભૃગુએ તે વખતે તો એ વાત કબૂલ કરી. એ જ બે દેવો કાળક્રમે જસાને ઉદરે પુત્રરૂપે ઉત્પન્ન થયા અને તેમનાં નામ દેવભદ્ર તથા જશોભદ્ર રાખ્યાં. છોકરાઓ સમજુ થતાં દીક્ષા ન લે તે માટે ભૃગુએ નગરથી બહાર એક બ્રહ્મપુરી વસાવી તેમાં વાસ કર્યો હતો. વળી બેઉ પુત્રોને સમજાવ્યું કે જૈનોના સાધુ કે જે હાથમાં ઝોળી ને ઉઘાડે માથે ફરે છે તેમની પાસે તમારે ઢૂકવું નહિ,

કારણકે તેઓ તો બહારના સાધુ હોય છે અને મીઠું મીઠું બોલે છે, પરન્તુ અંતરના મેલા હોય છે તથા ઝોળીમાં શસ્ત્ર રાખે છે અને તે વડે તે લોકોને મારી નાંખે છે. આવી સમજથી છોકરાઓને ભરમાવ્યા હતા. વળી તેમને બ્રહ્મપુરીમાં જ ગોંધી રાખવાથી જૈન સાધુઓ તેમના જોવામાં જ આવતા નહિ. એક વાર બેઉ છોકરા રમતા રમતા બહાર નીકળી ગયા એટલામાં બે સાધુઓને તેમણે જોયા એટલે બ્હી જઇને તેઓ ઝાડ ઉપર ચડી ગયા. સાધુઓ આરામ લેવા એ જ ઝાડ હેઠળ આવીને થોભ્યા અને ભોંયે બરાબર નીરખી ઝીણાં જંતુઓને રજોહરણથી બાજુએ કરી ત્યાં પોતાનું આસન પાથરીને બેઠા. ઝાડ ઉપર ચડેલા છોકરાઓએ જોયું કે આમ ઝીણાં જંતુઓની દયા કરનારા સાધુઓ મનુષ્યનો ઘાત કરે જ નહિ, માટે આપણા બાપે આપણને ખોટું સમજાવ્યું છે. એટલામાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતે કેવો કરાર કરીને આ ખોળીયામાં અવતાર ધારણ કર્યો છે તે સાંભર્યું. નીચે ઉતરી સાધુને પગે લાગ્યા અને સંયમ લેવાનો અભિલાષ જાહેર કર્યો. બેઉ પુત્રો માતાપિતા પાસે આવ્યા. પુત્રોએ પોતાની દીક્ષા લેવાની ઇચ્છા પ્રકટ કરી એટલે ભૃગુ પુરોહિત સમજી ગયો કે પુત્રોને કોઇ સાધુનો ભેટો થયો હોવો જોઇએ. ભૃગુએ પુત્રોને બહુએ સમજાવ્યું. મોટા થઇ, વેદ ભણી, ગૃહસ્થાશ્રમ માંડવાનો અને નવલાં સુખ ભોગવવાનો ઉપદેશ કર્યો પણ પુત્રોનું મન પલળ્યું નહિ અને નિશ્ચય ડગ્યો નહિ. પૂર્વ ભવને યોગે તેમને સાચો વૈરાગ્ય ઉપજ્યો હતો એટલે તેમણે સામી પિતાને સંસારની અસારતાનો બોધ આપ્યો. ભૃગુએ કહ્યું કે હે પુત્રો ! તમારી વાત સાચી છે, પણ આપણે હમણાં થોડો સમય સંસારમાં રહીએ અને પછી તમે અને હું પણ સંજમ લઈશું, માટે ત્યાંસુધી તમે સંસારમાં રહો. પુત્રો કહે કે અમે કાંઈ અમરપટો લખાવી લાવ્યા નથી અને સાચો ધર્મ પામ્યા પછી સંસારમાં શા માટે રહીએ ? આ સાંભળી ભૃગુ પુરોહિતને પણ વૈરાગ્ય ઉપજ્યો અને તેણે દીક્ષા લેવાનો નિર્ધાર કરી પત્નીને એ વાત કહી. પુત્ર દીક્ષા લે તો પછી પુત્ર વિના સંસારમાં રહી શું કરવું? પત્નીને આ વાત પહેલાં તો રૂચી નહિ, પરંતુ ભૃગુએ તેને વધુ ને વધુ ઉપ-

દેશ આપ્યો ત્યારે તેણે પતિને દીક્ષા લેવાની પરવાનગી આપતાંની સાથે પોતે પણ દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો. ભૃગુનું આખું કુટુંબ સંજમ લે છે એવું જાણીને ઇષુકાર રાજા અને કમળાવતીને પણ સંજમનો ભાવ જાગ્યો અને તેમણે દીક્ષા લીધી. આ દૃષ્ટાન્તનું તાત્પર્ય એ છે કે સંબંધી જનોની પરવાનગી વિના દીક્ષા લેવી એ ઉચિત નથી, એટલું જ નહિ પણ સાચા વૈરાગ્ય સમીપે સંબંધીઓ દીક્ષાની પરવાનગી આપવામાં વાંધો લેતાં પણ નથી, બલ્કે કોઇ બનાવોમાં પોતે પણ વૈરાગ્ય પામીને સંજમ ધારણ કરવાને ઉત્સુક બને છે. (૧૨૭–૧૨૮)

---

## तृतीय परिच्छेद.

### સંસારત્યાગ.

**वैराग्यनिश्चयपूर्विका दीक्षा । १२९ ॥**

**यावज्जीवमनुत्तमेन मनसा वैराग्यभावं दृढं ।**
**निर्वक्ष्यामि पराक्रमेण सततं कस्मिन् प्रसङ्गेऽप्यहम् ॥**
**इत्येवं सति निश्चये दृढतरे त्यक्त्वा कुटुम्बं गृहं ।**
**गन्तव्यं गुरुसन्निधौ मतिमता दीक्षां गृहीतुं पराम् ॥**

**વૈરાગ્યના નિશ્ચયપૂર્વક દીક્ષા.**

**ભાવાર્થ**—જ્યારે ઉમેદવારનો એવો નિશ્ચય થાય કે “ ગમે તેવો વિકટ પ્રસંગ આવશે તોપણ જીંદગીપર્યંત ચડતે ભાવે આત્મવીર્યથી વૈરાગ્યભાવનો બરાબર રીતે હું નિર્વાહ કરી શકીશ, ” ત્યારે દીક્ષાના બુદ્ધિમાન જિજ્ઞાસુએ ગૃહ અને કુટુંબનો ત્યાગ કરી પરમ દીક્ષા લેવાને ગુરૂની પાસે જવું. (૧૨૯)

**વિવેચન**—પૂર્વે વૈરાગ્યનું મહત્ત્વ ઉલ્લેખવામાં આવ્યું છે અને વૈરાગ્ય કેળવવા માટે માર્ગદર્શન કરાવવામાં આવ્યું છે. વૈરાગ્યપૂર્વકની

જ દીક્ષા એ ઉત્તમોત્તમ છે અને તે રીતે કરેલો સંસારત્યાગ જ સુષ્ઠુ રીતે નિર્વહે છે. એ પણ કહેવામાં આવ્યું છે કે દીક્ષાનું કારણ હમેશાં વૈરાગ્ય ન હોય તોપણ દીક્ષા કે સંસારનો ત્યાગ એ મુમુક્ષુને માટે આત્મહિતકર તો ત્યારેજ થાય કે જ્યારે તેમાં વૈરાગ્ય રૂપી અમીરસ વ્યાપી રહેલો હોય. વૈરાગ્ય વિના ઈતર કારણોથી કદાચ ત્યાગને અંગીકાર કરવામાં આવે, તોપણ તેવો ત્યાગ હમેશાં નભતો નથી. નિષ્કુળાનંદે એક પદમાં યથોચિત કહ્યું છે કે—

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાય જી,
અંતર ઉંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાય જી.
પળમાં જોગી ને ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગી જી,
નિષ્કુળાનંદ એ નરનો, વણસમજ્યો વૈરાગજી.

આ કારણથી વૈરાગ્યના નિશ્ચયપૂર્વક જ દીક્ષા લેવાનો બુદ્ધિમાનનો ધર્મ અહીં બતાવવામાં આવ્યો છે. આમ હોવા છતાં હેમચંદ્રાચાર્ય જેવાના કોઇ એવા દાખલાઓ મળી આવશે કે જેમાં વૈરાગ્યબુદ્ધિથી દીક્ષા લેવાઈ ન હોય, પરન્તુ પાછળથી વૈરાગ્ય પ્રાપ્ત થયું હોય અને તેથી દીક્ષાનો નિર્વાહ સુંદર રીતે થયો હોય. આવા બીજા પણ અપવાદો મળી આવશે, પરન્તુ તેમાંથી તારતમ્ય તો એ જ નીકળે છે કે દીક્ષાનો નિર્વાહ તો માત્ર વૈરાગ્ય-વાસિત ચિત્ત જ કરી શકે છે અને તેથી પ્રથમ વૈરાગ્યવાસિત થઇને દીક્ષા લેવી–સંસારત્યાગ કરવો એ જેટલું આત્મહિતકર છે, તેટલું આત્મહિતકર અજ્ઞાન દશામાં દીક્ષા લેવી અને પછીથી વૈરાગ્ય કેળવવા મથવું એ નથી. પાછળથી વૈરાગ્ય કેળવવાના મથનમાં સર્વથા સિદ્ધિ મળતી નથી ત્યારે ત્યાગ લાજે છે, દીક્ષા કલંકિત થાય છે, અને

જે વૈરાગ દેખાડે કરી, એ તો મન કેરી મશ્કરી,
પલકે પલકે પલટે ઢંગ, એ તો અખા માયાના રંગઃ

એવી મનુષ્યની પતિત દશા થાય છે. આટલા જ માટે જીવનપર્યંત દીક્ષાના નિર્વાહના દૃઢ નિશ્ચયપૂર્વક સંસારનો અને ગૃહનો ત્યાગ કરવા ઉપર ગ્રંથકારે અત્યંત ભાર મૂકવાની આવશ્યકતા માની છે.

**દૃષ્ટાંત**—કુંડરગિણી નગરીના રાજાને કુંડરીક અને પુંડરીક નામના બે કુંવર હતા. એક વાર ધર્મઘોષ નામના મુનિનો ઉપદેશ સાંભળીને કુંડરીક

દીક્ષા લીધી અને રાજ્યસુખ ત્યજીને તે ગુરૂની સાથે ચાલી નીકળ્યો. ગામે ગામ અને દેશે દેશ ફરતા કુંડરીક મુનિને શરીરમાં દાધજ્વર રોગ થયો. તે ગુરૂની સાથે પોતાને નગર આવ્યા, તે વખતે પુંડરીક રાજ્ય કરતો હતો. પોતાના ભાઇના આગમનના સમાચાર જાણીને પુંડરીક મુનિને વાંદવા ગયો અને નમન કરતો બોલ્યોઃ "હે ભાઈ! તું પૂરો ભાગ્યશાળી કે તેં સંજમ સાધ્યો અને હું આ કાદવમાં ખૂંચેલો જ રહ્યો." અનેક લોકો પણ કુંડરીકને વાંદી ગયા. ભાઈની ઋદ્ધિ દેખીને કુંડરીકનું મન ભોગ ભોગવવા તલસ્યું અને સંસાર પ્રત્યે મોહ ઉત્પન્ન થયો. પુંડરીકે જાણ્યું કે ભાઈનું મન ડગે છે, એટલે તેણે તુરત જ તેને બીજે ગામ વિહાર કરાવ્યો, પણ વૈરાગ્ય વિના ત્યાગ ટકે ખરો ? બીજે દિવસે તે પાછો કુંડરગિણી નગરીમાં આવ્યો. પુંડરીકે તેને બહુએ સમજાવ્યું કે તું સંજમનો નિર્વાહ કર અને આદરી બાજી હારી જા મા, પણ તેથી કુંડરીકમાં વૈરાગ્ય પ્રકટ્યો જ નહિ. છેવટે પુંડરીકે વૈરાગ્યપૂર્વક દીક્ષા લીધી અને કુંડરીકે સંજમ છોડી રાજ્ય કરવા માંડયું ! તે અનેક પ્રકારના ભોગવિલાસ ભોગવવા લાગ્યો અને ભોગતૃષ્ણા પૂરી કરવા લાગ્યો; પરન્તુ ભોગ ત્યાં રોગ ! તેને શરીરે મહારોગ થયો, અને તે જ રોગની પીડામાં મરીને તે સાતમી નરકે ઉત્પન્ન થયો. ( ૧૨૯ )

[ 'ગૃહી ' મટીને 'ત્યાગી ' થતાં વેશનું પરિવર્તન કરવું પડે છે. ગૃહનો ત્યાગ કરવાથી જ ત્યાગી થઇ શકાતું નથી, પરન્તુ ગૃહસ્થ જીવન, એ જીવનમાં ઉપકરણો, ઈત્યાદિનો પણ ત્યાગ કરવો પડે છે. તેનું નિદર્શન નીચે બે શ્લોકમાં કરવામાં આવ્યું છે.]

शृङ्गारत्यागः । १३० । १३१ ॥

**तुच्छा सद्गुरुपादपङ्कजरजोऽग्रे रत्नमाला तथा।**
**वस्त्राभूषणमौलिमाल्यरचना तुच्छं निधानादिकम् ॥**
**नत्वाऽतो गुरुपादयोः स्वशिरसाऽऽदायांघ्रिपुष्पाद्रजः।**
**शृङ्गारात्मकवस्त्रभूषणभरस्त्याज्यः शरीरात् स्वयम् ॥**

**नोपानन्न च पादुका न मुकुटं छत्रं न नो चामरं ।**
**ताम्बूलं न न मुद्रिका न कुसुमं नो केशबन्धाञ्जनम् ॥**
**न स्नानं न विलेपनं न तिलको नाभ्यङ्गनोद्वर्त्तने ।**
**सन्त्येतानि विभूषणानि गृहिणां नार्हाणि संन्यासिनाम्**

**ગૃહસ્થના વેશ અને શૃંગારનો ત્યાગ.**

**ભાવાર્થ**—સદ્‌ગુરૂના ચરણકમળની રજ પાસે રત્નોની માળા તુચ્છ છે, તેમ જ વસ્ત્ર, આભૂષણ, મુકુટ, માળા, દ્રવ્યનો ખજાનો વગેરે સર્વ પરિગ્રહ તુચ્છ–નિઃસાર છે, માટે ઉમેદવારે ગુરૂના ચરણમાં મસ્તક નમાવી, ચરણકમળની રજ મસ્તકે સ્પર્શીને વસ્ત્રાભૂષણાદિ સર્વ શૃંગાર શરીર ઉપરથી પોતાની મેળે ઉતારી ત્યજવો જોઇએ ( ૧૩૦ ). સંન્યાસી–સાધુઓને પગમાં પગરખાં કે પાવડી ન જોઇએ, તેમ જ મુકુટ નહિ, છત્ર નહિ, ચામર નહિ, તાંબૂલ નહિ, આંગળીઓમાં પહેરવાની મુદ્રિકા નહિ, ફૂલ–ગજરા નહિ, કેશપાશ નહિ, આંખે અંજન નહિ, સ્નાન નહિ, વિલેપન નહિ, કપાળે તિલક નહિ, અભ્યંગન કે ઉદ્વર્તન નહિ; એ બધાં વિભૂષણો ગૃહસ્થને છાજે–ત્યાગીને નહિ: માટે મુમુક્ષુ દીક્ષા લે ત્યારથી જીવનપર્યંત આવા શૃંગારનો યતિએ ત્યાગ કરવો જોઇએ. (૧૩૧)

**વિવેચન**—વૈરાગ્ય એ માનસિક ત્યાગ છે અને દીક્ષા એ માનસિક ઉપરાંત શારીરિક ત્યાગ છે; એટલે ગૃહી મટીને ત્યાગી થતાં ગૃહસ્થનાં સુખ તથા શૃંગારનાં ઉપકરણોનો ત્યાગ કરવો જોઇએ. ભાવસંયમ કિંવા માનસિક વૈરાગ્યની સાચી કસોટી અહીં થાય છે. પૂર્વે કહેવામાં આવ્યું છે કે ગૃહમાં પણ જળકમળવત્ રહી જો ભાવસંયમ આદરવામાં આવે તો તે કલ્યાણ-કારક થઈ શકે છે; પરન્તુ એ જળકમળવતપણાની કસોટી દીક્ષિતા-વસ્થામાં થાય છે. કેટલાક કહે છે કિંવા માને છે કે અમે સંસારમાં રહી વ્યવહાર ચલાવીએ છીએ, પરન્તુ મનથી અમે નિર્લેપ છીએ, સંસારના સુખ ભોગવીએ છીએ પણ એ સુખનો વિયોગ થતાં અમને કશું દુઃખ

થવાનું નથી કારણકે અમારૂં મન તેથી અલિપ્ત છેઃ આ માન્યતા અને કથનની કસોટી ત્યારે થાય છે કે જ્યારે સાધુ કે સંન્યાસીની દીક્ષા લઈને ગૃહનો તથા ગૃહીનાં ઉપકરણો તથા સુખવિલાસોનો ત્યાગ કરવો પડે છે. જો ભાવસંયમ કિંવા જળકમળવત્ નિર્લેપ દશા સિદ્ધ થઈ હોતી નથી, તો દીક્ષિતાવસ્થામાં એક પણ સાધનની ઉણપ કિંવા એકાદ વસ્તુની ત્રુટી તેનાથી વેઠી શકાતી નથી. આ કારણથી દીક્ષિતાવસ્થામાં જે સુખસાધનોનો અને આભૂષણાદિનો ત્યાગ કરવાનું વિધાન જૈન તેમ જ જૈનેતર ધર્મોમાં પ્રતિપાદન કરેલું છે તે માનસિક સંયમની પુષ્ટિને અર્થે છે. એટલું ખરૂં છે કે માનસિક સંયમ કિંવા વૈરાગ્ય વિનાનો ત્યાગ કિંવા દીક્ષા અર્થ-રહિત છે. એ માત્ર બાહ્ય ત્યાગ લેખાય છે અને માનસિક ત્યાગ સિવાયનો બાહ્ય ત્યાગ એક પ્રકારનો દંભ છે. પરંતુ બાહ્ય ત્યાગની ઉપયોગિતા માનસિક ત્યાગની પુષ્ટિ અર્થે હોઈ જે સંસારનો ત્યાગ વૈરાગ્યપૂર્વક કરે તેણે સંસારનાં ઉપકરણો છોડીને ત્યાગનાં જ ઉપકરણો ધારણ કરવાં જોઇએ એવું કહેવાનો ગ્રંથકારનો આશય છે. રત્નો, આભૂષણો, અલંકારો, છત્ર-ચામરાદિ રાજવિભૂષણો, અંજન-મંજનાદિ શરીરસુખનાં સાધનો ઇત્યાદિ સર્વનો ત્યાગ કરીને સદ્‌ગુરૂના ચરણકમળની રજ માત્ર વિનયપૂર્વક મસ્તકે ચડાવવી તેને જ ત્યાગનું વિભૂષણ માની લેવું એ ત્યાગીનો પરમ ધર્મ છે. જૈન ધર્મમાં ત્યાગી-મુનિના જેવા ધર્મો કહ્યા છે, તેને અનુસરતા જ ધર્મો અને આચરણો વેદ ધર્મના શાસ્ત્રગ્રંથોમાં પણ કહેલા છે.

आगारादभिनिष्क्रान्तः पाविञ्योपचितो मुनिः ।
समुपोढेषु कामेषु निरपेक्षः परिव्रजेत् ॥
कपालं वृक्षमूलानि कुचेलमसहायता ।
समता चैव सर्वस्मिन्नेतन्मुक्तस्य लक्षणम् ॥

અર્થાત્-ગૃહમાંથી બહાર નીકળીને, દંડ-કમંડલાદિ પવિત્ર વસ્તુઓ સાથે રાખીને, મૌન ધારણ કરીને, વિષયવાસનાનો ત્યાગ કરી, નિરપેક્ષ સંન્યાસ ધારણ કરવો. માટીનું પાત્ર, વૃક્ષનાં મૂળ નિકટ નિવાસ, જૂના વસ્ત્રની લંગોટી વગેરે ધારણ કરવું અને કોઇની સહાય વિના રહેવું, તથા સર્વ પ્રાણીઓને સમાન દૃષ્ટિથી જોવાં એ બધાં સંન્યાસીનાં લક્ષણ છે.

ઈતર ધર્મના ત્યાગીઓનાં શાસ્ત્રકથિત આચરણોની સમાલોચના કરીશું તોપણ આપણને એ જ જણાઈ આવશે કે ગ્રંથકાર કહે છે તે પ્રમાણે માનસિક ત્યાગની પુષ્ટિ રૂપ બાહ્ય ત્યાગની એક સંસારત્યાગી, દીક્ષિત, સંન્યાસી, કિંવા ફકીરને માટે અનિવાર્ય આવશ્યકતા છે.

**દૃષ્ટાંત**—રાજગૃહીના રાજા શ્રેણીક અને રાણી ધારિણીના પુત્ર મેઘકુમારને જ્યારે મહાવીર સ્વામી પ્રાસેથી ઉપદેશ સાંભળીને ધર્મરૂચિ ઉત્પન્ન થઇ, ત્યારે તેણે દીક્ષા અંગીકાર કરવાનો વિચાર કર્યો, પરંતુ મોહવશ માતાને પુત્રનો એ વિચાર જાણીને અત્યંત ગ્લાનિ થઈ. તેણે મેઘકુમારને બહુ બહુ સમજાવ્યો અને સંસારનાં વિધવિધ સુખો ભોગવ્યા પછી સાધુ-ધર્મ અંગીકાર કરવા કહ્યું, પરન્તુ તેણે એ બધાં સુખોની તુચ્છતા માતાને સમજાવીને છેવટે તેની આજ્ઞા મેળવી. જ્ઞાતા સૂત્રમાં આ રાજકુમારનાં સુખો-પભોગની જે સામગ્રી વર્ણવી છે તે એટલી અતુલ છે કે એ બધી સામગ્રીનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરનારના વૈરાગ્યની માત્રા કેટલી ઉંચી હશે તેનો ખ્યાલ આવે છે. બે લાખ સુવર્ણમુદ્રાઓ ખર્ચીને રાજા શ્રેણીકે પુત્રને માટે રજોહરણ તથા પાત્રો મંગાવ્યાં. એક લાખ સુવર્ણમુદ્રાઓ આપીને વાળંદ પાસે મુંડન કરાવ્યું. એક હજાર માણસો ઉપાડે તેવી ગંજા-વર પાલખીમાં તેને બેસાડવામાં આવ્યો. મણિ—મુક્તાના બનેલા અલંકારોથી શણગારીને મેઘકુમારને મહાવીર ભગવાન સમક્ષ દીક્ષા અંગીકાર કરવા માટે લઈ જવામાં આવ્યો. મહાવીર સ્વામીની બેઠકને ઈશાન કોણે જઇ મેઘકુમારે સ્વયમેવ બધાં આભૂષણો ઉતારી મુનિવેશ પ્રહેરી પંચમુષ્ઠિ લોચ કર્યો અને દીક્ષા અંગીકાર કરી. પ્રથમ રાત્રિએ જમીન પર બધા મુનિઓ સૂતા. દીક્ષીતાવસ્થાના ક્રમવાર ભૂશય્યાઓ કરવામાં આવી હતી અને મેઘકુમાર છેલ્લો દીક્ષિત હતો, એટલે તેની પથારી છેલ્લી—ઠેઠ બારણા પાસે કરવામાં આવી. રાત્રિને સમયે મુનિઓને એ જ બારણે થઇને દેહને કારણે બહાર આવજા કરવી પડતી હતી એટલે કોઇ વાર મેઘકુમારનો હાથ કચરાતો કોઈ વાર પગ કચરાતો તો કોઈ વાર દેહ કચરાતો. આવજા કરતા મુનિઓના પગની રજથી તેનું શરીર ભરાઈ ગયું. આ કારણે તેને આખી રાત ઉંઘ

આવી નહિ. એ વખતે રાજકુમાર તરીકેની અવસ્થામાં ભોગવેલાં સુખો અને તેને મળતાં માનપાન સાંભરી આવ્યાં અને દીક્ષા ત્યજી દેવાનો તેણે વિચાર કર્યો. એ વિચાર પ્રભુએ જાણી લીધો અને પૂર્વભવોમાં મેઘકુમારે કેવાં દેહદુઃખો વેઠયાં હતાં તેની વાર્તા કહીને આ પરિષહ કેટલો નિર્જીવ છે તે સમજાવ્યું એટલે તે દીક્ષામાં દૃઢ થયો, અને તેણે ઉત્તમ રીતે ચારિત્ર્ય પાળ્યું. બાહ્ય ત્યાગની કસોટીમાંથી પાર ઉતર્યા વિનાનો આંતરત્યાગ અપૂર્ણ તથા અપરિપક્વ છે તે દર્શાવનારૂં આ શાસ્ત્રકથિત દૃષ્ટાંત છે. (૧૩૦-૧૩૧)

[ સંસારી વેશનો ત્યાગ કર્યા પછી દીક્ષિતે કેવો વેશ ધારણ કરવો યુક્ત છે તે નિમ્ન શ્લોકમાં કહેવામાં આવ્યું છે. ]

साधुवेषः । १३२ ॥

**देहाच्छादनमात्रवस्त्रयुगलं सौत्रं मुमुक्षूचितं ।**
**शय्यार्थं किल कम्बलं परिमितं काष्ठादिपात्रत्रयम् ॥**
**शास्त्रोक्तं यमसाधनोपकरणं धर्मध्वजाद्यं तथा ।**
**धृत्वा साधुजनार्हवेषममलं स्थेयं गुरोरन्तिके ॥**

**સાધુનો વેશ.**

**ભાવાર્થ**—દીક્ષાના જિજ્ઞાસુએ દેહને ઢાંકવા પૂરતાં મુમુક્ષુને ઉચિત સૂતરાઉ બે વસ્ત્રો એક પહેરવાનું અને એક ઓઢવાનું, શય્યાને માટે ઊનની પરિમીત કામળી, આહારાદિને માટે લાકડાનાં કે તુંબડાનાં ત્રણ પાત્ર, ધર્મ-ધ્વજ–રજોહરણ આદિ શાસ્ત્રમાં કહેલાં સંયમનાં સાધનોરૂપ ઉપકરણો લઇને સાધુને છાજતો નિર્મળ વેશ પહેરીને ગુરૂની આગળ હાજર થવું. (૧૩૨)

**વિવેચન**—ત્યાગદીક્ષા લેતાં દીક્ષિતે કેવો વેશ ધારણ કરવો કિંવા દીક્ષિતાવસ્થામાં દેહના નિભાવ માટે જ કેટલાં વસ્ત્રો ધારણ કરવાં અને કેટલાં ઓછાં ઉપકરણોથી નિભાવી લેવું તેનું સૂચન અત્ર કરવામાં આવ્યું છે. ત્રણ વસ્ત્ર, ત્રણ પાત્ર, અને ધર્મધ્વજાદિ સંયમનાં ઉપકરણો એટલાં વાનાં અત્રે કહે-

વામાં આવ્યાં છે. જીવન અને સંયમ માટેનાં તે ઓછામાં ઓછાં સાધનો છે. સાધુ, મુનિ કે સંન્યાસી પાસે વસ્ત્રો–ઉપકરણોની એવી વિપુલતા ન હોવી જોઇએ કે જેથી તેમને દેહસુખની લાલસા ઉત્પન્ન થાય; માત્ર દેહને નિભાવવા અને સંયમને સાધવા માટે જોઇતાં જ ઓછાંમાં ઓછાં સાધનો હોવાં જોઇએ; અને એવાં સાધનો સાથે જ દીક્ષાના જિજ્ઞાસુએ ગુરૂ પાસે ઉપસ્થિત થઇ દીક્ષા ગ્રહણ કરવી જોઇએ. પુનઃ પાત્રો પણ એવાં જોઇએ કે જે મૂલ્યવાન ન હોય. ધાતુનાં પાત્રો મૂલ્યવાન હોય છે એટલે જૈન તેમ જ જૈનતર ધર્મોમાં ત્યાગી–સંન્યાસીને માટે ધાતુપાત્ર ગ્રહણ કરવાની મનાઈ કરવામાં આવી છે, અને તે ઉચિત જ છે. જ્યાં જ્યાં ધાતુપાત્રની મનાઈ નથી કરવામાં આવી, ત્યાં ત્યાં સોના–રૂપાનાં પાત્રો અને સાધનો આજે પેસી ગએલાં જોવામાં આવે છે, તે જોતાં કાષ્ટનાં કે તુંબડાનાં પાત્રોનું ફરમાન શાસ્ત્રકારોએ યથોચિત જ કરેલું છે એમ કહેવું પડે છે. વેદાનુયાયી ધર્મગ્રંથોમાં સંન્યાસીઓને માટે કહેલું છે કે—

**अतैजसानि पात्राणि तस्य स्युर्निर्व्रणानि च ॥**

* * * *

**अलाबुं दारुपात्रं च मृन्मयं वैदलं तथा ।**
**एतानि यतिपात्राणि मनुः स्वायम्भुवोऽब्रवीत् ॥**

અર્થાત્—સંન્યાસીનું ભિક્ષાપાત્ર કોઇ ધાતુનું કે છિદ્રયુક્ત નહિ હોવું જોઇએ. સ્વાયંભૂ મનુએ કહ્યું છે કે સંન્યાસીને તુંબડું, કાષ્ટ, માટી કે વાંસનું પાત્ર જ રાખવાયોગ્ય છે.

ઉપરના શ્લોકમાં મુનિએ ધારણ કરવા ઘટતાં વસ્ત્રોમાં સૂત્ર અને ઊનનાં વસ્ત્રોનું જ વિધાન કરેલું છે. દેશાદિભેદ તથા ઋતુભેદને કારણે સૂત્રને બદલે ઊનનાં વસ્ત્રો ધારણ કરવાં પડે તે સમજી શકાય તેવું છે, પરંતુ રેશમ જેવી અપવિત્ર વસ્તુનાં બનેલાં વસ્ત્રો એક મુનિ કે સંન્યાસી ધારણ ન કરે, તેટલા માટે **सौत्रम्** શબ્દનો અને **वेषम् अमलम्** એ શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આચારાંગ સૂત્રમાં **भंगियं** શબ્દ વડે લાળથી ઉત્પન્ન થએલાં વસ્ત્રો–રેશમી વસ્ત્રોને ગ્રહણીય કહ્યાં છે, પરન્તુ **ચીન** દેશનાં મૂલ્યવાન અને

સુંવાળાં વસ્ત્રોને અનેષણીય કહ્યાં છેઃ એટલે કીડા મારીને ઉપજાવેલું રેશમ અનેષણીય લેખવું એ જ ઉચિત છે. (૧૩૨)

[ વસ્ત્રો અને ઉપકરણોની સંખ્યા પરિમીત કર્યા પછી મુનિનો બાહ્ય વેશ અન્ય મનુષ્યથી પૃથક્ પ્રકારનો શામાટે હોવો જોઈએ તેનું ગ્રંથકાર કથન કરે છે.]

**कथं वेषपरिवर्तनम् । १३३ ॥**

**सम्बन्धस्त्रुटितोऽधुना ममतया ज्ञात्या कुटुम्बेन वा ।**
**देशेनापि मितेन वा परिजनैः सम्बन्धिभिः सर्वथा ॥**
**देशोऽस्यास्त्यखिलं जगत्तनुभृतः सर्वेऽपि कौटुम्बिका ।**
**इत्येवं परिदर्शनाय जगतो वेषः परावृत्यते ॥**

**વેશ શામાટે બદલાવવો ?**

**ભાવાર્થ** તથા **વિવેચન**—વૈરાગ્યભાવથી દીક્ષા ગ્રહણ કરી એટલે જ્ઞાતિ, કુટુંબ, પરિમિત દેશ, નોકર-ચાકર અને સંબંધીઓની સાથેનો મમતારૂપે સંબંધ સર્વથા તોડી નાંખ્યો; હવે સમસ્ત જગત્ એ મુમુક્ષુનો દેશ અને સર્વ પ્રાણીઓ એ મુમુક્ષુનાં કુટુંબી જનો, એ ભાવ જણાવવાને માટે જ્ઞાતિ કે દેશનો વેષ છોડી, સમસ્ત જગતની સાથે સંબંધ દર્શાવનારો સાધુનો વેશ ધારણ કરવો જોઇએ. તત્ત્વદૃષ્ટિએ વૈરાગ્ય અને વેશનો સંબંધ રહેલો જ છે. ભ્રમરના ધ્યાનમાં સદા જાગૃત રહેનારી ચેળ ભ્રમર બને છે, તેમ સાધુના વેશથી વીંટળાએલો ત્યાગી પોતાના વેશની તરફ સદા જાગૃત રહે અને પ્રમાદ ન કરે, પરિણામે સંપૂર્ણ સાધુ બને, એટલા હેતુપૂરતો વૈરાગ્ય અને વેષનો સંબંધ છે. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ જોઇએ તો 'હું ત્યાગી છું, હું સાધુવેશધારી મનુષ્ય છું' એટલું જે ભાન એ સાધુવેશ આઠે પહોર અને આઠે ઘડી કરાવ્યા કરે છે તે એ સાધુના મન-પર થતું એક પ્રકારનું સ્વયંસૂચન auto-suggestion છે. ચારિત્ર્ય-પાલનમાં એ સ્વયંસૂચન મદદગાર બને છે ખરું, પરન્તુ વિશેષ ઉપકારક તો તે ભદ્રિક પરિણામી અને સરલ મનના મનુષ્યોને જ નીવડે છે; એવા

ચિત્તનાં જે ત્યાગીઓ ન હોય તેઓનાં મન ઉપર વેશની કશી અસર થતી નથી. કુટુંબ, જ્ઞાતિ, દેશ, ઈત્યાદિ સાથેનો સંબંધ છોડયો અને આખા જગત્ સાથે સંબંધ જોડયો તથા વસુધાના સર્વ જીવોને કુટુંબરૂપે માન્યા તેના પરિદર્શન માટે ( परिदर्शनाय ) એ જ્ઞાતિવિશિષ્ટ કે દેશવિશિષ્ટ વેશ ત્યજ્યો અને નિરાળો વેશ પહેર્યો, તેવી છાપ જે જે દીક્ષિતોનાં મન પર પૂર્ણતયા છપાય તે તે દીક્ષિતોને માટે એ વેશ તત્ત્વતઃ ઉપકારક થયો લેખાય; નહિતો परिदर्शनाय ને બદલે प्रदर्शनाय–બીજાઓને દેખાડવા પૂરતી જ એ વેશની ઉપયોગિતા રહી ગણાય. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કેઃ चीराजिणं न गिणिणं जडी संघाडी मुंडिणं । एयाणि वि न तायंति दुस्सीलं परियागयं ॥ पिंडोलएव दुस्सीले नरगाओ न मुच्चइ । भिक्खाएवा गिहत्थे वा सुव्वए कमई दिवं ॥ અ० ૫-૨૧-૨૨ ॥ અર્થાત્–ચીર, વલ્કલ, અજાચર્મ ધારણ કરવાથી યાતો નગ્ન રહેવાથી, જટા રાખવાથી, કંથા ધારણ કરવાથી, માથું મુંડાવવાથી અને એવા એવા બાહ્યાચાર ધારણ કરવાથી કાંઈ દુરાચારી–કુમાર્ગી સાધુ પોતાને દુર્ગતિથી બચાવી શકતો નથી. દુઃશીલ ભીક્ષા માંગીને આજીવિકા કરે, પણ અનાચાર સેવે અને પાપકર્મ વર્જે નહિ તો તે નરકથી છૂટે નહિ; પણ પવિત્ર વર્તન રાખનાર સાધુ હોય કે સંસારી હોય તોપણ સ્વર્ગે જાય છે. ( ૧૩૩ )

---

# चतुर्थ परिच्छेद.

## મહાવ્રતો અને પાપસ્થાનનો પરિહાર.

### अहिंसासत्यप्रतिज्ञा । १३४ ॥

**जातेऽपि क्षुधया तृषा परिभवे कुर्यां न हिंसां मनाक्।**
**षट्कायाऽङ्गिषु कस्यचित्तनुभृतः सङ्कल्पमात्रादपि ॥**

**कस्मिंश्चित् समयेऽपि दारुणतरे क्रोधेन लोभेन वा।**
**हास्येनापि भयने वाऽनृतवचो ब्रूयां न किञ्चित्स्वयम्॥**

## અહિંસા અને સત્યની પ્રતિજ્ઞા.

**ભાવાર્થ**—દીક્ષા લેતી વખતે દીક્ષિતે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરવાની છે. પ્રથમ અહિંસા પ્રતિજ્ઞાઃ–ભૂખ, તરસ, રોગ કે મૃત્યુનો ગમે તેવો પરાભવ થશે તોપણ છકાયમાંના કોઈ પણ પ્રાણીની વચન કાયા તો શું પણ સંકલ્પ માત્રથી પણ હિંસા નહિ કરૂં, નહિ કરાવું, નહિ કરતાને અનુમોદું. બીજી સત્યપ્રતિજ્ઞાઃ–ગમે તેવો દારૂણમાં દારૂણ સમય આવે તોપણ ક્રોધથી, લોભથી, ભયથી, કે હાસ્યથી લેશ માત્ર પણ અસત્ય વચન નહિ બોલું, નહિ બોલાવું, નહિ બોલતાને અનુમોદું. (૧૩૪)

**વિવેચન**—ત્યાગી અને શ્રાવકને જૈન ધર્મમાં સર્વવિરતિ અને દેશવિરતિ કહે છે. જે સંસારમાંથી સર્વથા વિરત થએલો છે તે સર્વવિરતિ અથવા સાધુ છે અને જે અંશતઃ–દેશતઃ વિરત થએલો છે તે દેશવિરતિ અથવા શ્રાવક કહેવાય છે. સાધુ અને શ્રાવકના ધર્મનો પાયો એક જ તત્ત્વ ઉપર રચાયો છે કે જેવી રીતે સંન્યાસી અને સંસારીના ધર્મનું તત્ત્વ પણ સમાન છે; માત્ર એ ધર્મપાલનની માત્રા ન્યૂનાધિક હોય છે. સાધુ કે સંન્યાસી ધર્મનાં તત્ત્વોનું પાલન જેટલી ઉગ્રતાથી કરી શકે તેટલી ઉગ્રતાથી શ્રાવક કે સંસારી પોતાના સાંસારિક જીવન તથા વ્યવસાયોને લીધે કરી ન શકે, તેથી શાસ્ત્રકારોએ શ્રાવક કે સંસારીના ધર્મપાલનની મર્યાદા બાંધી છે, જ્યારે સાધુ કે સંન્યાસીના ધર્મપાલનની મર્યાદા ન બાંધતાં તેને સર્વથા ત્યાગી બનવાને સૂચવ્યું છે. આ કારણથી જૈન ધર્મમાં જે વ્રતો શ્રાવકનાં છે તે જ વ્રતો સાધુનાં છે, પરંતુ શ્રાવકોનાં વ્રતો મર્યાદિત હોઇને અણુવ્રતો છે, જ્યારે સાધુઓનાં વ્રતો મહાવ્રતો છે. ચતુર્થ આશ્રમનાં કર્તવ્યોનો બોધ અત્ર કરવામાં આવતો હોઇ એ મહાવ્રતોની જ વિવેચના આ શ્લોકથી પ્રારંભાય છે. શ્રાવકોનાં આ જ અણુવ્રતો વિષે પૂર્વ શ્લોકોમાં ઉલ્લેખ થઈ ચૂકયો છે.

જે વચન પાપભરેલું, સદોષ, દુષ્ટ ક્રિયાવાળું, ભૂતોપઘાતક હોય, તેવું વચન મુનિએ ન ઉચ્ચારવું પણ પાપરહિત વચન ઉચ્ચારવું. ( ૪ ) મુનિએ ભંડોપકરણ લેતાં-રાખતાં સમિતિસહિત વર્તવું પણ રહિત ન વર્તવું, કારણકે રહિતપણે પ્રાણાદિકનો ઘાત થાય છે. (૫) મુનિએ આહાર-પાણી જોઇને વાપરવાં, કારણકે વગરજોયે વાપરવાથી પ્રાણાદિકનો ઘાત થાય છે. ”

આ રીતે અહિંસા એ એકલું સ્થૂળ જીવોના પ્રાણાતિપાતથી વિરમણ નથી પણ મન વચન કાયાએ કરીને તેમનો અદ્રોહ છે, અને તેટલા જ માટે અહિંસા એ પરમ ધર્મ છે-એકલી અઘાતકતા નથી. મહાત્મા ગાંધીજી કહે છે કે—“ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઇએ છીએ તે જ નથી. કોઇને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે, ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે, દ્વેષ હિંસા છે, કોઇનું ભૂરૂં ઇચ્છવું હિંસા છે. ” શ્રી મહાવીર ભગવાને પ્રથમ મહાવ્રતની ભાવનાઓ સાથે આપેલી સમજૂતી અને મહાત્મા ગાંધીજીનાં ઉપરનાં વચનોમાંનું રહસ્ય કેટલું સમાન છે તે કહી બતાવવાની કશી જરૂર નથી. ગ્રંથકારે માત્ર થોડા સૂત્રરૂપ શબ્દોમાં આ અહિંસાની વ્યાખ્યા કરી બતાવી છે, પરંતુ ઉપર જણાવેલું બધું રહસ્ય તેમાં સમાવિષ્ટ થાય છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસ કાય એ છએ કાયાના જીવોની વચન અને કાયા ઉપરાંત મનના સંકલ્પવડે પણ હિંસા ન કરવી, એને સંક્ષેપમાં પ્રથમ પ્રતિજ્ઞા કહેલી છે. મુનિએ બીજી બધી વાસનાઓનો ત્યાગ કરેલો જ હોય છે, માત્ર દેહ હોવાથી ક્ષુધા અને તૃષાના નિવારણ અર્થે આહાર-પાણી જોઇએ છે, એટલે તદર્થે પણ તે કોઈ પ્રકારે હિંસા ન કરે એવું તત્ત્વ તે પ્રતિજ્ઞામાં સમાવેલું છે. આટલી રહસ્યમય પ્રતિજ્ઞાને માટે મહાભારતના અનુશાસન પર્વમાં જે પ્રશસ્તિવાક્યો ઉચ્ચારેલાં છે તે સુયોગ્ય લાગે છેઃ

**अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परो दमः ।**
**अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥**

જે વચન પાપભરેલું, સદોષ, દુષ્ટ ક્રિયાવાળું, ભૂતોપઘાતક હોય, તેવું વચન મુનિએ ન ઉચ્ચારવું પણ પાપરહિત વચન ઉચ્ચારવું. ( ૪ ) મુનિએ ભંડોપકરણ લેતાં-રાખતાં સમિતિસહિત વર્તવું પણ રહિત ન વર્તવું, કારણકે રહિતપણે પ્રાણાદિકનો ઘાત થાય છે. (૫) મુનિએ આહાર-પાણી જોઇને વાપરવાં, કારણકે વગરજોયે વાપરવાથી પ્રાણાદિકનો ઘાત થાય છે. ”

આ રીતે અહિંસા એ એકલું સ્થૂળ જીવોના પ્રાણાતિપાતથી વિરમણ નથી પણ મન વચન કાયાએ કરીને તેમનો અદ્રોહ છે, અને તેટલા જ માટે અહિંસા એ પરમ ધર્મ છે-એકલી અઘાતકતા નથી. મહાત્મા ગાંધીજી કહે છે કે—“ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઇએ છીએ તે જ નથી. કોઇને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે, ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે, દ્વેષ હિંસા છે, કોઇનું ભૂરૂં ઇચ્છવું હિંસા છે. ” શ્રી મહાવીર ભગવાને પ્રથમ મહાવ્રતની ભાવનાઓ સાથે આપેલી સમજૂતી અને મહાત્મા ગાંધીજીનાં ઉપરનાં વચનોમાંનું રહસ્ય કેટલું સમાન છે તે કહી બતાવવાની કશી જરૂર નથી. ગ્રંથકારે માત્ર થોડા સૂત્રરૂપ શબ્દોમાં આ અહિંસાની વ્યાખ્યા કરી બતાવી છે, પરંતુ ઉપર જણાવેલું બધું રહસ્ય તેમાં સમાવિષ્ટ થાય છે. પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને ત્રસ કાય એ છએ કાયાના જીવોની વચન અને કાયા ઉપરાંત મનના સંકલ્પવડે પણ હિંસા ન કરવી, એને સંક્ષેપમાં પ્રથમ પ્રતિજ્ઞા કહેલી છે. મુનિએ બીજી બધી વાસનાઓનો ત્યાગ કરેલો જ હોય છે, માત્ર દેહ હોવાથી ક્ષુધા અને તૃષાના નિવારણ અર્થે આહાર-પાણી જોઇએ છે, એટલે તદર્થે પણ તે કોઈ પ્રકારે હિંસા ન કરે એવું તત્ત્વ તે પ્રતિજ્ઞામાં સમાવેલું છે. આટલી રહસ્યમય પ્રતિજ્ઞાને માટે મહાભારતના અનુશાસન પર્વમાં જે પ્રશસ્તિવાક્યો ઉચ્ચારેલાં છે તે સુયોગ્ય લાગે છે:

**अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परो दमः ।**
**अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥**

અર્થાત્—અહિંસા ઉત્તમ ધર્મ, ઉત્તમ દમ, ઉત્તમ દાન અને ઉત્તમ તપ છે. મુનિની સત્યવિષયક પ્રતિજ્ઞા પણ વ્યાપક જ હોય. મનુએ सत्यपूतां वचेद्वाचं અને क्रुद्धन्तं न प्रतिक्रुद्धेत् ઇત્યાદિ વચનો દ્વારા વાણીનો સંયમ સૂચવેલો છે. અત્ર ગ્રંથકાર જૈન શાસ્ત્રાનુસાર તેથી વધારે વ્યાપક સંયમ સંક્ષેપમાં સૂચવે છે. ગમે તેવો દુર્દમ્ય કાળ ઉપસ્થિત થાય, છતાં મુનિ ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી જરા પણ અસત્યની છાયાવાળું વચન ન ઉચ્ચારે, એટલું જ નહિ પણ તેવું વચન અન્યની પાસે ન ઉચ્ચરાવે અને ઉચ્ચારનારને ન અનુમોદે: અર્થાત્ મુનિ જે કાંઈ બોલે તે સત્ય જ બોલે અને ક્રોધાદિ દુર્વૃત્તિના ઉભરામાં નહિ પણ શાંતિથી તથા વિચારપૂર્વક બોલે. શ્રી મહાવીરે બીજા મૃષાવાદરૂપ વચનદોષના ત્યાગની પાંચ ભાવનાઓ એવી દર્શાવી છે કે (૧) મુનિએ વિચારીને બોલવું, (૨) ક્રોધપૂર્વક બોલવું નહિ, (૩) લોભપૂર્વક બોલવું નહિ, (૪) ભયપૂર્વક બોલવું નહિ અને (૫) હાસ્ય કરતાં બોલવું નહિ. આ પાંચે ભાવનાઓરૂપી ગળણામાં ગળાઇને ઉચ્ચરાએલું વાક્ય નિતર્યું સત્ય જ હોય અને તેથી એવું સત્ય જ ઉચ્ચરવાની પ્રતિજ્ઞા, એ કોઈ પણ ત્યાગી, સાધુ, કે સંન્યાસીએ ગ્રહણ કરવાલાયક હોય એ નિઃસંશય છે. છતાં સત્ય વાણીને માટે પણ કેટલાંક નિયમનોની આવશ્યકતા રહે છે અને તે વિષે આગળ ઉપર કહેવામાં આવશે. (૧૩૪)

[ હવે ગ્રંથકાર ત્રીજી અને ચોથી પ્રતિજ્ઞાનો નિર્દેશ સંક્ષેપે કરીને એક શ્લોકમાં કરે છે. ]

अस्तेयब्रह्मचर्यप्रतिज्ञा । १३५ ॥

**तुच्छं वस्तु तृणादिकं वरतरं वस्त्रादिकं मूल्यवद् ।**
**गृह्णीयां न विनाऽऽज्ञया क्वचिदहो तन्नायकस्य स्फुटम्॥**
**सेवेयापि न मैथुनं त्रिकरणैर्दिव्यं च मानुष्यकं ।**
**सन्नद्धो नवभिश्च गुप्तिभिरहं देहावसानावधिम्॥**

## અસ્તેય અને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા.

**ભાવાર્થ**—ત્રીજી અસ્તેય પ્રતિજ્ઞા તૃણ આદિ તુચ્છ વસ્તુ હોય કે વસ્ત્ર આદિ મૂલ્યવાળી વસ્તુ હોય, પણ તેના માલેકની ચોખ્ખી રજા લીધા વિના ક્યાંય પણ કાંઈ વસ્તુ ગ્રહણ નહિ કરૂં, નહિ કરાવું, કરતાને નહિ અનુમોદું. ચોથી બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા દેવ સંબંધી, કે મનુષ્ય–તીર્યંચ સંબંધી મૈથુન–અબ્રહ્મચર્ય, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ–નવ વાડથી ગુપ્ત રહીને નહિ સેવું, નહિ સેવરાવું, સેવતાને નહિ અનુમોદું–જીવનપર્યંત. (૧૩૫)

**વિવેચન**—અદત્ત–નહિ દેવાયલી વસ્તુ લેવી તે સ્તેય અથવા ચોરી કહેવાય છે; અદત્ત વસ્તુ ન લેવી તે અસ્તેય અથવા અચૌર્ય કહેવાય છે. શું સંસારીએ કે શું ત્યાગીએ કોઇની વસ્તુ તેના માલેકની પરવાનગી વિના ન જ લેવી જોઇએ, તે તો નીતિનો એક સ્વાભાવિક નિયમ જ છે, છતાં સંસારીને જે કેટલીક સ્વાભાવિક છૂટ નીતિશાસ્ત્રકાર આપે છે, તે છૂટ ત્યાગીને મળી શકે નહિ. કોઇ નજીવી વસ્તુ હોય અને તે તેના માલીકની પરવાનગી નહિ હોવા છતાં લેવી–એવી માન્યતાથી કે તેવી પરવાનગી તેનો માલીક હાજર હોય તો જરૂર આપે, પરન્તુ તેની ગેરહાજરીને કારણે તેવી પરવાનગી લેવાનું ન બની શકે, તથાપિ તેવી વસ્તુ તેની ગેરહાજરીમાં તેની પરવાનગી વિના લેવી એ ચોરી નથી–ચોરબુદ્ધિથી તે લીધી ન હોય તો તે સ્તેય નથી, તેવો નિયમ સંસારીઓને માટે જગતમાં પળાતો આવ્યો છે. આવી છૂટો સંસારીઓના અસ્તેયના અણુવ્રતમાં શાસ્ત્રકારે પણ ઉલ્લેખી છે: પરન્તુ ત્યાગી માટેનું અસ્તેય વ્રત તો તેથી ખૂબ આગળ વધેલું હોય છે. આ માટે ગ્રંથકાર **तुच्छं वस्तु तृणादिकम्** થી માંડીને મૂલ્યવાન્ **वस्त्रादिकं** સુધીની કોઈ પણ વસ્તુ તેના માલેકની પરવાનગી વિના ન લેવી તેને જ મુનિનું અસ્તેય મહાવ્રત કહે છે અને તે યથાર્થ છે. **क्वचिद्** શબ્દવડે ગ્રંથકાર કોઇ પણ સ્થાન કે સંજોગનું સૂચન કરે છે, અર્થાત્ ગમે તવા મુશ્કેલીભર્યા પ્રસંગે પણ એવી સ્થૂળ કે સૂક્ષ્મ ચોરી કરવાની ના કહી મુનિએ પોતાનું વ્રત ખાંડાને ધારે પાળવાનું છે તેનું સૂચન કરે છે. વીર ભગવાને આ વ્રતને સહજ વિસ્તા-

રીને કહ્યું છેઃ " ગામ, નગર કે અરણ્યમાં રહેલું, થોડું કે ઝાઝું, નાનું કે મોટું, સચિત્ત કે અચિત્ત, આણદીધેલું હું જીવનપર્યંત, મન વચન કે કાયાએ કરી લઉં નહિ, લેવરાવું નહિ, લેનારને અનુમત કરું નહિ, તથા અદત્તાદાનથી નિવર્તું છું યાવત્ તેવા સ્વભાવને વોસરાવું છું. " આ વ્રતના પાલન અર્થેની પાંચ ભાવનાઓ 'આચારાંગ' સૂત્રમાં નીચે મુજબ કહી છે. (૧) કોઇ પણ વસ્તુ, સાધન કે સગવડ અપરિમિત નહિ પણ પરિમિત–મર્યાદા બાંધેલી માંગવી. (૨) આહાર પાણી ગુરૂની પરવાનગી લઇને વાપરવાં. (૩) કાળ–ક્ષેત્રની પણ મર્યાદા બાંધીને વસ્તુ લેવી. (૪) ફરી–ફરીને તેની હદ બાંધવામાં સાવધ રહેવું કારણકે એવી હદ નહિ બાંધવાથી અદત્તનું દાન લેવાઈ જાય છે. (૫) સાધર્મિક પાસેથી પણ પરિમિત વસ્તુ–સાધન લેવાં. મહાત્મા ગાંધીજી પણ હદ બાંધ્યા વિનાના પરિગ્રહને કે અસંયમપૂર્વક વાપરેલી વસ્તુને 'સ્તેય' –ચોરી લેખે છે. તે કહે છેઃ "ચોરી નહિ કરવાનો સિદ્ધાન્ત ઘણો ઉંડો છે. પોતાને જે ચીજની જરૂર ન હોય તેવી ચીજ તેના માલેકની લેવી તે પણ ચોરી જ છે. દાખલા તરીકે મને જરૂર હોય તેના કરતાં જો હું વધારે ફળ ખાઉં તો તે ચોરી ગણાય. અર્થ વગરની જરૂરીઆતો વધારીને આપણે અજાણપણે ચોર બનીએ છીએ." મહાભારતના અનુશાસન પર્વમાં પણ અસ્તેયની પુષ્ટિ નીચેના શ્લોક વડે કરવામાં આવી છેઃ

**अरण्ये विजने न्यस्तं परस्वं दृश्यते यदा।**
**मनसाऽपि न इच्छंति ते नराः स्वर्गगामिनः ॥**

અર્થાત્—અરણ્યમાં કે નિર્જન સ્થાનમાં પરાયું દ્રવ્ય પડેલું જોવામાં આવે તે મન વડે પણ લેવાની ઇચ્છા જેઓ ન કરે તેઓ જ સ્વર્ગના અધિકારી છે.

શ્લોકના ઉત્તરાર્ધમાં સંક્ષેપે કરીને ચતુર્થ–બ્રહ્મચર્ય મહાવ્રતની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. સંસારત્યાગી કે સંન્યાસીએ સ્વસ્ત્રી કે પરસ્ત્રી સાથેના મૈથુનનો તો ત્યાગ જ કરેલો હોય છે, પરંતુ તે પોતાના મન વડે અબ્રહ્મચર્ય ન સેવે, કિંવા તેના મનમાં વિષયવિકારની જાગૃતિ ન થાય તે માટની મુખ્યત્વે કરીને આ પ્રતિજ્ઞા છે. દેવ, મનુષ્ય કે તિર્યંચ

સંબંધી અબ્રહ્મચર્ય મન-વચન અને કાયાએ કરીને ન સેવવું, ન સેવરાવવું કે ન સેવતાને અનુમોદવું તે ત્રિકરણે અને ત્રિયોગે બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા છે. આ પ્રતિજ્ઞાના નિર્વાહ માટે ગ્રંથકાર નવ ગુપ્તિ અથવા બ્રહ્મચર્યપાલનની નવ વાડોનો ઉલ્લેખ કરે છે. તે વાડો પૂર્વે શ્લોક ૧૭-૧૮ના વિવેચનમાં આપવામાં આવી છે. મહાવીર સ્વામી આ નવ વાડોનો સમાવેશ થાય તેવી પાંચ ભાવનાઓ કહે છે: (૧) મુનિએ વારંવાર સ્ત્રીની કથા કરવી નહિ કારણકે તેથી શાંતિનો ભંગ થાય છે. (૨) મુનિએ સ્ત્રીની મનોહર ઇંદ્રિયો વારંવાર જોવી-ચિંતવવી નહિ. (૩) મુનિએ પૂર્વે સ્ત્રી સાથે રમેલી વિષયક્રીડાઓ સંભારવી નહિ. (૪) મુનિએ રસભરેલું અને અધિક ખાનપાન કરવું નહિ. (૫) મુનિએ સ્ત્રી, પશુ તથા નપુંસકથી ઘેરાયેલાં શય્યા તથા આસન સેવવાં નહિ. નવ વાડો કે આ પાંચ ભાવનાઓમાં જો એક ત્યાગી કે સંન્યાસીનું ચિત્ત સ્થિર ન થયું હોય તો તે ભલે દેહ વડે બ્રહ્મચર્ય સેવતો હોય, અને કદાચ વાણીવડે પણ અબ્રહ્મચર્ય ન સેવતો હોય, છતાં મન વડે તો અબ્રહ્મચર્ય સેવવાના બહુએ પ્રસંગોમાંથી તેને પસાર થવું પડે છે અને તે સમયે તેનું નિર્બળ મન વિષયસેવનમાં મત્ત થયા વિના રહેતું નથી. કથા-વ્યાખ્યાનમાં દેવો, ઈંદ્રો અને અપ્સરાઓના પ્રસંગો આવે છે, સભા કે પ્રષદામાં વસ્ત્રાભરણથી સજ્જ થએલી મનોહર સ્ત્રીઓની ઉપસ્થિતિ હોય છે, અતિથિસત્કારનો ધર્મ સમજેલાં આપણાં આર્ય સ્ત્રીપુરૂષો ત્યાગી અને સંન્યાસીને ભાવપૂર્વક નોતરી વિવિધ રસયુક્ત ભોજન વહોરાવે છે, એવા એવા પ્રસંગોમાં જો એક ત્યાગી સાવધાન ન રહે, તો તેનું મન વિષયરસથી પરિપ્લાવિત થાય, તેને દેવોની, ગાંધર્વોની અને સ્ત્રીપુરૂષોની જ નહિ પણ પૂર્વાશ્રમમાં પોતે સેવેલી વિષયક્રીડાઓનું સંસ્મરણ થાય, અને મન જ વાણી તથા કાયાને કર્મોમાં પ્રેરનાર હોવાથી એવા મનવાળા ત્યાગીનું પતન થતાં વાર લાગતી નથી. વેદાનુયાયી ધર્મોના ગ્રંથોમાં પણ ત્યાગીના બ્રહ્મચર્યપાલનને માટે તેમ જ નૈષ્ઠિક બ્રહ્મચારીને માટે એવું સૂચન કરેલું છે કે, તેમણે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો, તેમની સાથે બોલવું નહિ, તેઓ વિષેની કથા કરવી નહિ તથા સાંભળવી નહિ, સ્ત્રીઓના સ્થાનમાં

જવું નહિ, સ્ત્રીઓએ સ્પર્શેલું વસ્ત્ર ધારણ કરવું નહિ કે મૈથુનાસકત પશુ-પક્ષીઓને જોવાં પણ નહિ. ભોજન પણ વિષયાસક્તિનું કારણીભૂત થાય છે, તેથી તેના નિવારણ માટે એવું કહ્યું છે કે—

**एककालं चरेद्भैक्षं न प्रसज्जेत विस्तरे ।**
**भैक्षे प्रसक्तो हि यतिर्विषयेष्वपि सज्जति ॥**

અર્થાત્—સંન્યાસીએ કેવળ એક સમય ભિક્ષા માંગીને ભોજન કરવું, થોડું ખાવું, વધારે ભોજન કરવાથી તેને સ્ત્રી આદિ વિષયોની ઇચ્છા ઉત્પન્ન થશે. (૧૩૫)

**દૃષ્ટાંત—લક્ષ્મણા** નામની એક રાજકન્યા પૂર્વોપાર્જિત કર્મે કરીને ચોરીમાં જ રંડાપો પામી. કાળક્રમે તેણે દીક્ષા અંગીકાર કરી અને વિવિધ મહાવ્રતો આદિની પ્રતિજ્ઞાઓ લીધી. એક સમયે તેણે કામક્રીડા કરતા ચકલાના યુગલને જોયું અને તેણે વિચાર્યું કે "શ્રી અરિહંત દેવે આ ક્રીડાની આજ્ઞા કેમ નહિ આપી હોય ? શ્રી અરિહંત દેવ વેદના ઉદયવાળાના દુઃખને નથી જાણતા." પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એવા ત્રણ વેદ છે અને એ ત્રણે વેદમાં ઉત્તરોત્તર વધુ ને વધુ કામવાસના હોય છે. સાધ્વી **લક્ષ્મણાને** આ પક્ષીયુગલને જોઇને આવો વિચાર તો થયો ખરો, પરંતુ તુરત જ તેને પોતાની પ્રતિજ્ઞા સાંભરી અને આવા મનોગત વિચારને માટે પસ્તાવો થયો; પરન્તુ લજ્જાને લીધે તેણે આ દુર્વિચાર માટે ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત ન લીધું, અને પોતાની મેળે જ તેના નિવારણ માટે પચાસ વર્ષ સુધી પુષ્કળ તપશ્ચર્યા કરી; છતાં મનમાં શલ્ય રાખીને કરેલી તપશ્ચર્યાનું ફળ તેને માનસિક અબ્રહ્મચર્યના દોષમાંથી મુક્ત કરી શકયું નહિ. (૧૩૫)

[ મુનિએ કરવાની પાંચમી અપરિગ્રહ પ્રતિજ્ઞા નીચેના શ્લોકમાં કહી છે. ]

**निष्परिग्रहप्रतिज्ञा । १३६ ॥**

**त्यक्तं क्षेत्रगृहं च रूप्यकनकं धान्यं कुटुम्बं धनं ।**
**हस्त्यश्वादिपरिग्रहश्च निखिलो नेच्छेयमेनं पुनः ॥**

**यद्यद्धर्मसहायकोपकरणं गात्रं च पात्रादिकं ।**
**लेशेनापि न तत्र लोभममतां कुर्यां समैः कोटिभिः ॥**

**પરિગ્રહત્યાગની પ્રતિજ્ઞા.**

**ભાવાર્થ**—ક્ષેત્ર, ઘર, સોનું, રૂપું, ધન, ધાન્ય, કુટુંબપરિવાર, હાથી, ઘોડા આદિ સઘળા પરિગ્રહનો મેં ત્યાગ કર્યો છે, તે પરિગ્રહની હવે કદી પણ ઇચ્છા નહિ કરૂં, નહિ કરાવું, કરતાને નહિ અનુમોદું. વળી જે જે ધર્મમાં સહાય કરનાર વસ્ત્ર પાત્ર શરીર વગેરે ઉપકરણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે રાખવાની જરૂર પડે તે રાખીશ, પણ તેમાંએ લેશ માત્ર લોભ કે મમતા–મૂર્છા નવ કોટિએ કરી નહિ રાખું. (૧૩૬)

**વિવેચન**—સંસારનાં સુખોપભોગ તથા તેનાં સાધનો ત્યજીને–તે ઉપરનો મોહ તથા મમતા છોડીને સાધુ–મુનિ થવા છતાં એ દશામાંએ પૂર્વની ઋદ્ધિ સમૃદ્ધિમાં મમત્વ ઉત્પન્ન થાય, તેટલા માટે અને સાધુદશામાં જે દેહનિર્વાહ તથા સંયમનિર્વાહ માટેનાં સાધનો હોય તેમાં લોભબુદ્ધિ કે મમતા ન જાગે, તે માટેની આ નિષ્પરિગ્રહ પ્રતિજ્ઞા છે. આચારાંગ સૂત્રમાં આ પ્રતિજ્ઞાના નિર્વાહ માટે નાક, કાન, આંખ, જિહ્વા અને ત્વચા એ પાંચ ઇંદ્રિયોના વિષયનો સંયમ કરવાની સૂચના કરેલી છે અને તે યથાર્થ છે, કારણકે ઇંદ્રિયોદ્વારા જ ચિત્ત આસક્ત થાય છે અને આસક્તિને લીધે પરિગ્રહની ઇચ્છા ઉદ્‌ભવે છે. કહ્યું છે કે—

**दधति तावदमी विषयाः सुखं ।**
**स्फुरति यावदियं हृदि मूढता ॥**
**मनसि तत्त्वविदां तु विवेचके ।**
**क्व विषयाः क्व सुखं क्व परिग्रहाः ॥**

અર્થાત્—જ્યાંસુધી હૃદયમાં મૂઢતા સ્ફુરે છે, ત્યાંસુધી ઇંદ્રિયોના વિષયો મનુષ્યોને સુખ આપે છે, પરન્તુ તત્ત્વવેત્તાઓ અને સારાસારના વિવેચકોને મન તો એ ઇંદ્રિયોના વિષયો તે વિષયસુખો કે પરિગ્રહો બધુંએ કશા લેખામાં નથી. તાત્પર્ય એ છે કે નિષ્પરિગ્રહી થવાને માટે

ઇંદ્રિયોદ્વારા થતું વિષયોનું આગમન રોકવું જોઈએ અને એ રીતે એક મુનિ પોતાની એ જટિલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરી શકે છે.

**દૃષ્ટાંત**—એક નિર્જીવ વસ્તુમાં પણ પરિગ્રહબુદ્ધિ રાખવાથી પરિગ્રહ અને મમત્વનો પરિવાર કેટલો બધો વધે છે તેનું એક દૃષ્ટાંત છે. એક સાધુ વનમાં પર્ણકુટિ બાંધીને રહેતો હતો, અને એકાદ–બે લંગોટીનાં વસ્ત્રો, એકાદ બે તુંબડાં કે એકાદ દર્ભશય્યા વિના બીજો કશો તેને પરિગ્રહ હતો નહિ. એકદા તેણે જોયું કે જંગલમાંથી પર્ણકુટિમાં આવેલા કોઈ ઉંદરે પોતાનું લંગોટીનું વસ્ત્ર કે જે ધોઇને સૂકવ્યું હતું તે કાતરી નાંખીને નિરૂપયોગી બનાવી મૂક્યું છે, એટલે તેને પોતાનાં વસ્ત્ર–પાત્ર આદિના રક્ષણની ચિંતા થઈ. ઉંદરના ભયથી રહિત થવા માટે તેણે એક બિલાડી પાળી, એટલે ઉંદરડા કુટિમાં આવતા બંધ થયા અને વસ્ત્ર–પાત્ર સુરક્ષિત રહ્યાં, પરન્તુ હવે બિલાડીના પોષણ માટે દૂધ જોઇએ તે લાવવાની સાધુને ચિંતા થઈ. વનમાં તો ફળ કે કંદ મળે–દૂધ મળે નહિ, એટલે સાધુએ નગરમાં જઇને એક દૂઝણી ગાય આણી કુટિના આંગણામાં બાંધી. એ ગાયના દૂધથી બિલાડીનું પોષણ થવા લાગ્યું, પરન્તુ ગાયના પોષણની નવી ચિંતા સાધુને ઉદ્‌ભવી. ગાયને માટે ઘાસ જોઇએ, તે સારૂ પોતાના સ્થાનની આસપાસની જમીન ખેડીને સાધુએ ત્યાં જુવાર વાવી. જુવારની કડબથી ગાયનું પોષણ કરવાની સાધુની ધારણા હતી; પરન્તુ એ ખેતર ખેડાયલું જોઇને રાજાના સેવકો જમીનનો કર લેવા આવ્યા! સાધુ પાસે ધન હતું નહિ એટલે સેવકો તેને કેદ કરીને રાજા પાસે લઈ ગયા. આ અકિંચન સાધુને કેદી તરીકે જોઇને રાજાને આશ્ચર્ય થયું અને પૂછ્યું કે "હે સાધુવર્ય! તમારી આ દશા શાથી થઈ?" સાધુએ જવાબ દીધો કે "હે રાજન્! મારી આ દશા કરાવનાર માત્ર એક લંગોટી પ્રત્યેની મારી મમત્વબુદ્ધિ છે." એમ કહીને પોતે ઉત્તરોત્તર કેવી રીતે પરિગ્રહબુદ્ધિમાં સપડાતો ગયો તેની કથા સાધુએ કહી સંભળાવી. રાજાને સાધુપર દયા આવી અને તેને મુક્ત કર્યો, પરન્તુ સાધુએ તત્ક્ષણ જોઈ લીધું કે સંસારમાં મોટી વસ્તુઓ પ્રત્યેનું મમત્વ અને ત્યાગી દશામાં ક્ષુદ્ર વસ્તુઓ પ્રત્યેનું

મમત્વ, બેઉ આત્માને બંધનકારક તો છે જ. જ્યાંસુધી પ્રત્યેક વસ્તુમાં નિર્મમત્વ બુદ્ધિ થતી નથી, ત્યાંસુધી વાસના છૂટવા પામતી નથી. આવી સમજણ ઉત્પન્ન થતાં જ તેણે સત્વર બધા પરિગ્રહનો ત્યાગ કરીને આત્મશાન્તિ પ્રાપ્ત કરી. (૧૩૬)

[ મહાવ્રતો પૂરાં થતાં હવે અન્ય પાપસ્થાનકોના ત્યાગ વિષેની મુનિની પ્રતિજ્ઞા વિષે ગ્રંથકાર કથન કરે છે. ]

क्रोधमानपरिहारप्रतिज्ञा । १३७ ॥

**कुर्यां नो मनसाऽपि कोपमरिषु प्राणापहारिष्वपि।**
**सूरिस्कन्धकशिष्यवत् समतया क्षान्तिं विदध्यां पराम्।**
**देवेन्द्रेण च चक्रिणाऽपि बहुशस्तोष्टूय्यमानोऽप्यहं ।**
**गर्वं नैव वहेयमल्पमपि मद्देहावसानावधिम् ॥**

## ક્રોધ–માન–ત્યાગની પ્રતિજ્ઞા.

**ભાવાર્થ**—ગમે તેવો શત્રુ માર માર કરતો પ્રાણ લેવા આવશે તોપણ તેના પ્રત્યે મનથી પણ ક્રોધ નહિ કરૂં, કિન્તુ સ્કંધક સૂરિના પાંચસો શિષ્યોએ જેવી ક્ષમા રાખી તેવી રીતે સમભાવ રાખીને હું પણ પરમ ક્ષમા રાખીશ. દેવેંદ્ર કે ચક્રવર્તી જેવા આવીને અનેક પ્રકારે સ્તુતિ કરે તોપણ લેશ માત્ર ગર્વ–અભિમાન નહિ કરૂં. જ્યાંસુધી આ દેહ રહેશે, ત્યાંસુધી એ પ્રતિજ્ઞા પાળીશ. (૧૩૭)

**વિવેચન**—ક્રોધરૂપી ચાંડાલનો ત્યાગ કરવો અને ક્ષમારૂપી ખડ્ગને ધારણ કરવું, એટલું જ નહિ પણ પ્રાણ જવાનો પ્રસંગ આવે તોપણ મુનિએ શત્રુ ઉપર ક્રોધ ન કરવો એવી પ્રતિજ્ઞા આ શ્લોકના પૂર્વાર્ધમાં રહેલી છે, અને તેને માટે સ્કંધક મુનિના શિષ્યોનો અક્રોધ કિંવા ક્ષમાને આદર્શરૂપે મૂકી છે. ક્રોધી મનુષ્યના ક્રોધને સામા ક્રોધવડે જીતી શકાતો નથી પરન્તુ ક્ષમારૂપી ખડ્ગ વડે જીતી શકાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ મુનિએ ક્રોધની સામે ક્રોધ ન કરવાનું કહ્યું છે:—

**अक्कोसिज्ज परो भिक्खुं न तेसिं पडिसंजले।**
**सरिसो होई बालाणं तम्हा भिक्खू न संजले ॥**

અર્થાત્—કોઈ આપણો તિરસ્કાર કરે તો તેની ઉપર સામો ક્રોધ કરવો નહિ, કારણકે તે તો બાલીશતા છે, માટે મુનિએ ક્રોધ ન કરવો.

**સ્કંધક** મુનિના શિષ્યોની ક્ષમાવૃત્તિ અદ્ભુત અને અપૂર્વ છે. **શ્રાવસ્તી** નગરીમાં **જિતશત્રુ** રાજાનો પુત્ર **સ્કન્ધક** નામે હતો, તે રાજાને પુરંદરયશા નામની એક કન્યા હતી. તેને રાજાએ **કુંભકાર** નગરના રાજા **દંડકને** પરણાવી હતી. તે દંડક રાજાને **પાલક** નામનો દુષ્ટ પુરોહિત હતો. કાલક્રમે **સ્કન્ધકે** શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. એકદા **પાલક** પુરોહિત કાંઈ રાજકાર્ય માટે **શ્રાવસ્તી** નગરીએ આવ્યો. તેણે રાજસભામાં મુનિઓની નિંદા કરી. તે સાંભળી **સ્કન્ધકે** તેનો પરાજય કરી નિરૂત્તર કર્યો, તેથી **પાલક સ્કન્ધકની** ઉપર દ્વેષ ધારણ કરતો સ્વસ્થાને ગયો. કાળક્રમે **સ્કન્ધકે** પાંચસો માણસોની સાથે દીક્ષા લીધી. એક વાર **સ્કન્ધક** આચાર્યે ૫૦૦ સાધુઓ સાથે **કુંભકાર** નગરના ઉપવનમાં આવ્યા. તેમના આવવાના ખબર સાંભળી પાલકે **સ્કન્ધક** ઉપરનું પ્રથમનું વેર વાળવા ઉપવનમાં પ્રથમથી ગુપ્ત રીતે વિવિધ પ્રકારનાં શસ્ત્રો દાટી રાખ્યાં. પછી તેણે રાજાને કહ્યું કે “ હે સ્વામી ! આપણા ગામના ઉપવનમાં પેલો **સ્કન્ધક** સાધુવેશે આવ્યો છે અને સાથે ૫૦૦ યોદ્ધાઓને પણ સાધુવેશે લાવ્યો છે. તેણે પોતાનાં શસ્ત્રાસ્ત્રો ઉપવનમાં દાટયાં છે. જ્યારે તમે તેને વંદન કરવા જશો, ત્યારે તે તમને મારીને તમારૂં રાજ્ય લઈ લેવાનો છે. આપને મારાં વચન પર વિશ્વાસ ન આવતો હોય તો આપ જાતે જઇને ઉદ્યાનમાં સંતાડેલાં શસ્ત્રો જોઇ ખાત્રી કરો. ” તે સાંભળી રાજા **પાલકની** સાથે ઉદ્યાનમાં ગયો અને **પાલકે** તેને સંતાડેલાં શસ્ત્રો કાઢી બતાવ્યાં. તે જોઇને રાજાએ ક્રોધથી સર્વ સાધુઓને બંધાવીને તે **પાલકને** જ સોંપ્યા, અને તેને કહ્યું કે “ તારી મરજીમાં આવે તે શિક્ષા આ સર્વને કર. ” **પાલકે** તે બધાને ઘાણીમાં ઘાલીને પીલી નાંખવાની સજા કરી. જીવવાની તથા મરવાની ઇચ્છાથી રહિત સર્વ સાધુઓએ અંતિમ આરાધના કરી. **પાલકે સ્કન્ધકને**

ઘાણી પાસે બાંધી રાખી એક પછી એક સાધુને ઘાણીમાં નાંખી પીલવા માંડયા. સ્કન્ધકે કિંચિત્ પણ ખેદ કર્યા વિના વિચાર્યું:

**भिन्नः शरीरतो जीवो जीवाद्भिन्नश्च विग्रहः ॥**

**विदन्निति वपुर्नाशेऽप्यन्तः खिद्येत कः कृती ॥**

અર્થાત્—જીવ શરીરથી ભિન્ન છે અને શરીર જીવથી ભિન્ન છેઃ એ પ્રમાણે જાણનાર કયો પંડિત પુરૂષ શરીરનો નાશ થાય તોપણ અંતઃકરણમાં ખેદ ધારણ કરે? મુનિઓ પણ શત્રુ તથા મિત્રને સમાન દૃષ્ટિથી જોનારા અને ક્ષમારૂપી ધનવાળા હતા, તેઓ **પાલક** ઉપર જરા પણ ક્રોધ ન કરતાં મૃત્યુ પામી મોક્ષે ગયા. એ પ્રમાણે ૪૯૮ સાધુઓનો નાશ થયો. છેવટે એક કિશોર વયના સાધુને પીલવા તૈયાર થએલા **પાલકને સ્કન્ધકે** કહ્યું: "હે **પાલક**! આ દયા કરવાયોગ્ય બાળકને પીલાતો જોવા હું શક્તિમાન નથી, માટે તેની પહેલાં મને **પીલ**, અને પછી તેને પીલજે." આ સાંભળીને **સ્કન્ધકને** વધારે દુઃખી કરવાની ઇચ્છાથી **પાલકે સ્કન્ધકના** દેખતાં જ તે સાધુને પીલવા માંડ્યો. સાધુ તો ધૈર્યવાન હોઇ શાન્ત ભાવે મરણ પામ્યો, પરન્તુ **પાલકના** નિર્ઘૃણ કૃત્યથી **સ્કન્ધકને** બહુ ક્રોધ ચડ્યો, અને તેમણે ઇચ્છયું કે હવે આવતે ભવે હું આ દુષ્ટ **પાલકને** તથા તેના રાજાને અને નગરને બાળી નાંખું. ત્યાં પીલાઇને મૃત્યુ પામી તે વહ્નિકુમારમાં દેવ થયા અને અતિ ક્રોધપૂર્વક તેમણે કુંભકાર નગરને તથા આખા દેશને બાળી નાંખ્યાં. ત્યાં થએલું અરણ્ય દંડક રાજાના નામ ઉપરથી દંડકારણ્યને નામે ઓળખાયું. આમાં શાન્ત ભાવે મૃત્યુનો સત્કાર કરનાર પાંચસો સાધુઓનો અક્રોધ કિંવા ક્ષમાજ બોધ લેવાયોગ્ય છે અને મુનિએ તે દાખલાના જેવી જ ક્ષમાવૃત્તિ રાખવાની પ્રતિજ્ઞા લેવાની છે. પ્રાણાપહરણનો પ્રસંગ આવે તોપણ ક્રોધ ઉપર વિજય મેળવનાર મુનિ એવું જ ચિંતન કરે કે,

**धीरेण हि मरिअव्वं काउरिसेण हि अवस्स मरिअव्वं ।**

**तम्हा अवस्समरणे वरं खु धीरत्तणे मरणं ॥**

અર્થાત્—ધીરને મરવું છે, કાયરને પણ અવશ્ય મરવું છે; મરવું અવશ્ય છે તો ધીરપણે મરવું જ સારૂં છે.

માન અથવા ગર્વનાં અનેક કારણો હોય છે, પરન્તુ સંસારી અને ત્યાગીઓનાં તે કારણો જૂદાં હોય છે. સંસારીને પોતાની ઋદ્ધિનું માન–અભિમાન ઉત્પન્ન થાય છે, તો ત્યાગીને કોઈ વાર પોતાની સિદ્ધિનું અભિમાન આવવાનો સંભવ છે; સંસારીને પોતાની ઉચ્ચ પદવી કે અધિકારથી માનબુદ્ધિ ઉત્પન્ન થાય છે, તો ત્યાગીને પોતાનું જ્ઞાન કદાચ માન ઉત્પન્ન કરનારૂં થઇ પડે: માનનો જે સંભવ સંસારીઓને માટે હોય છે, તે સંભવ ત્યાગીઓને માટે પણ હોય છે, અને જ્યાં માનબુદ્ધિ ઉત્પન્ન થઇ, ત્યાં ત્યાગીના જ્ઞાન, સંયમ અને સિદ્ધિમાં વિકાર ઉત્પન્ન થયા વિના રહેતો નથી. આ કારણથી માનપરિહારની પ્રતિજ્ઞાનો પરિહાર સૂચવતાં ગ્રંથકાર કહે છે કે–દેવેંદ્રો અને ચક્રવર્તીઓ પણ કદાચ મુનિની સ્તુતિ કરે કિંવા તેના જ્ઞાન, તપ, આચારાદિની પ્રશંસા કરે, તથાપિ મુનિ પોતાના મનમાં જીવનપર્યંત માન–ગર્વ ધારણ કરે નહિ. માનબુદ્ધિ એક ત્યાગીમાં ઉત્પન્ન થાય તે જ્ઞાનનું જ અધૂરાપણું છે, પછી ભલે શાસ્ત્રોનાં શાસ્ત્રો ઉથલાવી નાંખીને પાંડિત્ય પ્રાપ્ત કરવામાં આવ્યું હોય. પાંડિત્ય એ કાંઇ જ્ઞાન નથી. જેનો જ્ઞાન રૂપી ઘટ ભરેલો હોય છે તેમાં માન રૂપી તેલનું બિંદુ પણ રહી શકતું નથી પણ પાણીની સપાટી ઉપરથી જ સરી જાય છે.

**શંકા**—માનબુદ્ધિ ત્યાગીને ત્યાજ્ય હોય તો તે 'સ્વમાન' ધરાવી શકે કે નહિ ?

**સમાધાન**—'સ્વમાન' એ વસ્તુત: 'સ્વત્વના ભાન' બરાબર છે. "હું મનુષ્ય છું અને કોઇ મને પશુને ઘટે તેવું કાર્ય કરવાનું કહે તો હું ન કરૂં" અથવા "હું સાધુ છું અને ગમે તેવા વિષમ સંજોગોમાં પણ સંસારનું કાર્ય ન કરૂં" એ પ્રકારે મનુષ્યત્વ કે સાધુત્વના પ્રકટીકરણનું ભાન તે સ્વમાન લેખાતું હોવા છતાં સ્વત્વનું ભાન હોઇ, માન રૂપી કષાય નથી. માન, અભિમાન, મિથ્યાભિમાન, સ્વમાન, આદિ શબ્દોના અર્થો, તથા વ્યાખ્યાઓની ભ્રમણામાં નહિ પડવા દેવા માટે ગ્રંથકારે આ પ્રતિજ્ઞામાં વિશેષ સ્ફુટ અર્થ દર્શાવનારો **गर्वम्** શબ્દ યોજ્યો છે. તાત્પર્ય એ છે કે ઉપર જણાવ્યું છે તેવા શુભ અધ્યવસાયમાં સ્વમાન મુનિને માટે કષાય રૂપ ન લેખાય.

**દૃષ્ટાન્ત**—ભરત અને બાહુબળ બે ભાઇ થતા હતા. ભરત ચક્રવર્તી થયો પણ બાહુબળે તેને શીષ નમાવ્યું નહોતું. છેવટે ભરતે તેને કાંતો નમવા અને કાંતો યુદ્ધ કરવા આમંત્રણ કર્યું. બાહુબળ લડવા તૈયાર થયો. બેઉનાં સૈન્ય ખૂબ ઘવાયાં અને કપાયાં. છેવટે માણસોના જીવ બચાવવા બેઉ ભાઇ લડ્યા અને એવું ઠરાવ્યું કે નેત્ર, વાચા, મુષ્ઠિ, બાહુ અને દંડ એ પાંચ વાનાં જ યુદ્ધમાં વાપરવાં, પરન્તુ એ યુદ્ધ લડતાં ભરતને ખૂબ વાગ્યું એટલે ક્રોધ કરીને તેણે ચક્ર ચલાવ્યું! ભરતને શિરે કલંક ચડયું, કારણકે ચક્રથી લડવાનો ઠરાવ નહોતો. ચક્ર કોઇ દિવસ સગોત્રીનો ઘાત કરતું નહિ એટલે બાહુબળને નહિ મારતાં તે પાછું ફર્યું, તે ક્ષણે બાહુબલને ક્રોધ ચડ્યો. ભરતને મારવા મુઠી ઉપાડી. ત્યાં ભાન આવ્યું કે રાજ્યલોભને ધિક્કાર છે, મારે આ રાજ્ય ન જોઇએ; પણ ભરતની સામે પોતાની મુઠી ઉગામી હતી તેનું શું? એ મુઠીથી તેણે ભરતને નહિ મારતાં પોતાના શિરપરના કેશનો લોચ કર્યો અને તેણે દીક્ષા લીધી. દીક્ષા લેવાથી ભરતને નમવાની તેને જરૂર રહી નહિ, પરન્તુ તેને સાંભર્યું કે પોતાનાં અઠ્ઠાણુ ભાઇઓ દીક્ષા લઈ ચૂકેલા છે અને તે દીક્ષાએ મારાથી મોટા છે તેમને તો મારે માથું નમાવવું પડશે! આથી તેણે વિચાર કર્યો કે જો હું કેવળ જ્ઞાન પામું તો મારે કોઇને નમવું પડે નહિ. આમ વિચારી બાહુબળ મુનિએ અખંડ કાઉસગ્ગ ધર્યો. એક વર્ષ વહી ગયું. અનેક જંતુઓ અને પંખીઓ પીડા ઉપજાવવા લાગ્યા પણ ચળ્યા નહિ. પરન્તુ મનમાં તો એમ જ હતું કે હું કેવળ જ્ઞાન પામીને પછી બીજા સાધુઓને મળું કે જેથી મારે કોઇને નમવું પડે નહિ. છેવટે તેની બ્હેન બ્રાહ્મીસુંદરીએ આવીને કહ્યું કે—"વીરા મારા! ગજથકી ઉતરો! ગજ ચઢયે કેવળ ન હોયરે!" અર્થાત્—હે ભાઈ! અભિમાન રૂપી હાથી ઉપર તમે ચડ્યા છો તે હેઠા ઉતરો; હાથી ઉપર ચઢવાથી કેવળ જ્ઞાન ન થાય. તુરત જ બાહુબળ મુનિને ભાન થયું કે હું કેવળ જ્ઞાનને ઝંખું છું, પણ મારામાંથી અભિમાન તો નાશ પામ્યું નહિ; હું જઇને મારા ભાઈઓને વાંદું. એમ કહી બાહુબળે ભાઇઓને વાંદવા જવા માટે ડગલું ભર્યું, તે જ ક્ષણે તેને કેવળ જ્ઞાન ઉપજ્યું. (૧૩૭)

[ એ પ્રમાણે સાત પાપસ્થાનકો વિષેની પ્રતિજ્ઞાને ઉલ્લેખ્યા પછી ગ્રંથકાર નીચેના બે શ્લોકોમાં બીજાં અગીઆર પાપસ્થાનોના ત્યાગની પ્રતિજ્ઞાનો ઉલ્લેખ કરે છે.]

मायालोभरागद्वेषकलहाऽभ्याख्यानपरिहारप्रतिज्ञा । १३८ ॥

कौटिल्येन कदाऽपि नैव निकृतिं किञ्चिद् विदध्यामहं।
लेशेनापि नरेन्द्रदिव्यविभवे लोभं न कुर्यां तथा ॥
पुत्रादिस्वजने न रागमथ च द्वेषं न शत्रावपि ।
कुर्यां नो कलहं कदाऽपि कुपितो दोषस्य वाऽऽरोपणम्॥

पैशुन्यनिन्दारत्यरतिमायामृषामिथ्यात्वपरिहारप्रतिज्ञा । १३९ ॥

पैशुन्यं परिवर्जयेयमनिशं स्वाध्यायधर्मे रतो-
निन्दां नैव परस्य कस्यचिदपि स्वप्नेऽपि कुर्यामहम् ॥
नैवं पापरतिं कदाऽपि तनुयां धर्मेऽरतिं चाशुभा-
मुच्छिन्द्यां सह माययाऽनृतमथो मिथ्यात्वशल्यं महत्॥

**માયા આદિ છ પાપસ્થાનોના ત્યાગની પ્રતિજ્ઞા.**

**ભાવાર્થ**—(૧) કુટિલ ભાવથી કોઈ પણ વખતે કંઇ પણ માયા નહિ કરૂં. (૨) નરેંદ્ર કે દેવેન્દ્રનો વૈભવ જોઇને પણ તેનો કિંચિન્માત્ર લોભ નહિ કરૂં. (૩) પુત્રાદિ કુટુંબી જન ઉપર રાગ નહિ કરૂં. (૪) અને પૂર્વના દુશ્મન ઉપર પણ દ્વેષ નહિ ધરૂં. (૫) કોઈ પણ સમયે કોઇની સાથે ક્રોધાયમાન થઇને કલહ—કજીયો નહિ કરૂં. (૬) કોઈની ઉપર અભ્યાખ્યાન—દોષારોપણ નહિ કરૂં. (૧૩૮)

**પૈશુન્ય આદિ પાંચ પાપસ્થાનના પરિહારની પ્રતિજ્ઞા.**

(૧) નિરંતર સ્વાધ્યાય આદિ આત્મિક કાર્યમાં તત્પર રહીને કોઇનું પૈશુન્ય—ચાડી ચુગલી નહિ ખાઉં. (૨) કોઇ પણ પરાયા માણસની નિન્દા—કુથલી સ્વપ્ને પણ નહિ કરૂં. (૩) પાપના કાર્યમાં રતિ

અને ધર્મના કાર્યમાં અરતિ નહિ વેદું. (૪) માયા સહિત મૃષાવાદ અને (૫) મિથ્યાત્વ રૂપ મહાશલ્યનું સર્વથા ઉચ્છેદન કરીશ. (૧૩૯)

**વિવેચન**—માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન; ચાડી-ચુગલી, નિંદા, રતિ-અરતિ, માયા મૃષાવાદ અને મિથ્યાત્વ: એ સર્વ પાપસ્થાનોના પરિહારની પ્રતિજ્ઞા આ બે શ્લોકો સૂચવે છે. જૈન દષ્ટિએ એ પાપસ્થાનકો છે અને સંસારીઓને પણ એ ત્યાજ્ય છે, તો ત્યાગીને તો તે સર્વથા મન-વચન અને કાયાએ કરી ત્યાજ્ય હોય તેમાં કશું આશ્ચર્ય નથી. આવા દોષોનો ત્યાગ તો જૈનેતર સંતોને માટે પણ શાસ્ત્રકારોએ અને સાધુજનોએ સૂચવેલો જ છે. મહાભારતમાં કહ્યું છે:

**मृषावादं परिहरेत् कुर्यात् प्रियमयाचितः ।**
**न च कामान्न संरंभान्न द्वेषाद्धर्ममुत्सृजेत् ॥**

અર્થાત્—મૃષાવાદનો ત્યાગ કરવો, વિનામાંગ્યે જ બીજાનું ભલું કરવું, અને કામ, ક્રોધ તથા દ્વેષને અધીન થઇ ધર્મનો ત્યાગ કરવો નહિ.

**न चक्षुषा न मनसा न वाचा दूषयेदपि ।**
**न प्रत्यक्षं परोक्षं वा दूषणं व्याहरेत्क्वचित् ॥**

અર્થાત્-વાક્ય, મન અને નેત્રની ચેષ્ટાદ્વારા પણ રૂબરૂમાં અથવા પાછળથી કોઈ મનુષ્યની નિંદા કરવી નહિ.

**शत्रुं मित्रं च ये नित्यं तुल्येन मनसा नराः ।**
**भजन्ति मैत्राः संगम्ये ते नराः स्वर्गगामिनः ॥**

અર્થાત્—જેઓ શત્રુ તથા મિત્રને મન વડે હમેશાં (દ્વેષ કે રાગ ન રાખતાં) સમભાવથી જુએ છે અને એમના મેળાપ વખતે મિત્રભાવથી વર્તે છે, તે પુરૂષો સ્વર્ગને પામનારા છે.

આવી જ રીતે ઉપર જણાવેલા સર્વ દોષોના પરિહાર માટેનાં કથનો ઉપલબ્ધ થાય છે. સંસારી કરતાં ત્યાગીઓએ એ પરિહાર વિશેષ સાવધ રહીને કરવો જોઇએ એટલું જ માત્ર વક્તવ્ય છે. (૧૩૮-૧૩૯)

**अष्टादशपापपरिहारप्रतिज्ञा ।१४०॥**

## इत्यष्टादशसङ्ख्यकानि कलुषस्थानान्यहं सर्वथा ।

सेवेयापि न सेवयेय मनसा वाचा तथा कर्मणा ॥
जानीयां न वरं निरीक्ष्य नितरां संसेवमानं परं ।
त्वत्साक्ष्येण गुरो कृपाऽमृतनिधे कुर्वे प्रतिज्ञामिमाम् ॥

**અઢાર પાપ-પરિહારની પ્રતિજ્ઞા.**

**ભાવાર્થ**—ઉપર જણાવેલ હિંસાથી માંડી મિથ્યાત્વ પર્યંતનાં અઢાર પાપસ્થાનકો સર્વ પ્રકારે મન, વચન અને કાયાએ કરી હું મારી જાતે નહિ સેવું, બીજાની પાસે નહિ સેવરાવું અને કોઇ સેવતો હોય તેને ભલું નહિ જાણું. હે કૃપામૃતનિધિ ગુરૂમહારાજ! આપની સાક્ષીએ આ પ્રતિજ્ઞાઓ કરૂં છું, તે જીંદગીપર્યંત પાળીશ. (૧૪૦)

**વિવેચન**—આ શ્લોક આ પરિચ્છેદના ઉપસંહાર રૂપે છે. દીક્ષિત થનાર જિજ્ઞાસુએ આ પ્રતિજ્ઞાઓ પોતાના ગુરૂની સાક્ષીએ કરવી જોઇએ અને ત્રિકરણ તથા ત્રિયોગે તે પ્રતિજ્ઞાઓનો જીવનપર્યંત નિર્વાહ કરવો જોઇએ. દીક્ષાના સંકલ્પ સાથે ચારિત્ર્યનો સંકલ્પ પણ કરવો જોઇએ. સંકલ્પ વિનાનું વર્તન અમર્યાદ હોઈ ઇષ્ટ ફળદાયક થતું નથી, અને તેથી આ પ્રતિજ્ઞાઓ સાધુધર્મના અંગીકારને અંગે કર્તવ્ય કહી છે. (૧૪૦)

## पञ्चम परिच्छेद.

### સમિતિ પ્રકરણ.

**संयमबीजोद्गमः । १४१ ॥**

उप्तं हृद्भुवि संयमस्य विमलं बीजं प्रतिज्ञामयं ।
न स्याच्चेज्जलसेचनं सुसमये तस्योद्गमो नो भवेत् ॥
तत्सिक्त्वा गुरुदत्तशिक्षणजलैरभ्यासकेदारकैः ।
संरक्ष्यं सततं यथा शिवफलं दद्यादयं पादपः ॥

## સંયમરૂપ બીજની ઉત્પત્તિ.

**ભાવાર્થ તથા વિવેચન**—પૂર્વ પ્રકરણમાં જે પ્રતિજ્ઞાઓનો ઉલ્લેખ કરવા આવ્યો છે તે પ્રતિજ્ઞાઓના પાલન-પોષણ માટે એક ત્યાગીએ જે આચારાદિ આચરવાં જોઈએ તેનું કથન ગ્રંથકાર આ પ્રકરણમાં આવશ્યક લેખે છે. પ્રતિજ્ઞા એ તો માત્ર સંયમનું પવિત્ર બીજ છે; હૃદયભૂમિમાં વાવેલા એ બીજનું વૃક્ષ અને ફળ તો ત્યારે જ થાય કે જ્યારે તેની ઉપર આચાર વિચાર રૂપી જળનું સિંચન કરવામાં આવે; જો તેમ કરવામાં ન આવે તો યોગ્ય સમયે એ બીજ જમીનમાંથી અંકુર રૂપે ફૂટી ન નીકળતાં કેવળ સડી જાય છે. આ સિંચન કરવાનું જળ પણ પવિત્ર હોવું જોઈએ—ક્ષારાદિથી મિશ્રિત થએલું નહિ; તેમ એ પ્રતિજ્ઞાના નિર્વાહ માટે ગુરૂએ આપેલા શિક્ષણરૂપી જળનું તેની ઉપર સિંચન કરવું જોઈએ. કુશિષ્યનું એક એવું લક્ષણ છે કે ગુરૂએ આપેલું શિક્ષણ અને ઉપદેશ એક કાને સાંભળીને બીજે કાને કાઢી નાંખે છે; આટલા માટે ગ્રંથકાર કહે છે તેમ અભ્યાસરૂપી ક્યારા વડે એ ગુરૂદત્ત શિક્ષણજળને જાળવી રાખવું જોઇએ કે જેથી એ જળ બીજમાં ઉતરીને બીજને અંકુરિત તથા પલ્લવિત કરે. તે પલ્લવિત થયા પછી પણ તેનું સતત રક્ષણ કરવું જોઇએ કારણકે તે અંકુર મજબૂત મૂળ નાંખે, તેનું થડ જામે, શાખાઓ ફુટે અને તે રીતે વૃક્ષ થયા પછી તેને અભીષ્ટ મોક્ષ રૂપ ફળ આવે. તે ફળને અર્થે જ સંયમબીજ વાવવામાં આવેલું હોય છે. જૈન ધર્મશાસ્ત્ર કહે છે કે—

**पणिहाण जोगजुत्तो पंचहिं समिईहिं तिहिं गुत्तिहिं ।**
**एस चरित्तायारो अट्ठविहो होइ नायव्वो ॥**

અર્થાત્—પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, એ પ્રમાણે પ્રણિધાનયોગથી યુક્ત એવો ચારિત્રાચાર આઠ પ્રકારનો છે. આ જ આચારધર્મ આ પ્રકરણમાં વિસ્તારપૂર્વક વર્ણવવાનો ગ્રંથકારનો સંકલ્પ છે. ( ૧૪૧ )

[ **પાંચ સમિતિમાં પહેલી ઈર્યાસમિતિ અથવા ગમનવિધિ વિષે ગ્રંથકાર નીચે બે શ્લોકમાં નિવેદન કરે છે.** ]

गमनविधिः ।१४२॥

गन्तव्यं न विना प्रयोजनमथो चारित्रिणा यत्क्वचित् ।
स्वस्थाने निजयोगसाधनविधौ स्थेयं त्रिधा गुप्तिभिः॥
आहारादिनिमित्तके तु गमने प्राप्ते समित्याऽनया ।
गच्छेन्निम्नदृशा धरां युगमितां सम्यग् निरीक्ष्याऽग्रतः॥

अविधिगमनदोषाः ।१४३॥

मार्गे दृष्टिमितस्ततो भ्रमयतो दोषा इमेऽनेकशः ।
षट्कायाङ्गिविराधना पथि ततः सञ्जायतेऽसंयमः ॥
लेपः स्याच्छकृदादिकस्य चरणे सर्पादिदंशोऽथवा ।
सम्मर्देऽभिमुखागतस्य पतनं स्यान्मस्तकस्फोटनम् ॥

### ઇર્યા સમિતિ—ગમનવિધિ.

**ભાવાર્થ**—દીક્ષિત–ચારિત્રવાન મુનિએ પ્રયોજન વિના ક્યાંય પણ જવું નહિ. માત્ર પોતાનું સ્થાન હોય ત્યાં જ યોગસાધનના વિધિમાં મન વચન અને કાયાને પાપથી ગોપવી ત્રણ ગુપ્તિએ કરી સ્થિર રહેવું જોઇએ. જ્યારે આહારાદિ લેવાને માટે ગામમાં જવાની જરૂર પડે, ત્યારે ઇર્યાસમિતિ સાધતાં, દષ્ટિ નીચી રાખીને ધોંસરા પ્રમાણે આગલી જમીનનું સારી રીતે નિરીક્ષણ કરતાં રસ્તામાં ચાલવું. (૧૪૨)

### અવિધિએ ગમન કરવાથી થતા દોષો.

રસ્તે ચાલતાં ઇર્યાસમિતિ શોધ્યા વિના ચારે કોરે દષ્ટિ ફેરવતાં ચાલવાથી અનેક પ્રકારના દોષોને અવકાશ મળે છે: પ્રથમ તો માર્ગમાં છ કાયમાંનો કોઇ પણ કાયનો જીવ હોય તેની ઉપર પગ આવવાથી તેની વિરાધના થાય અને તેમ થવાથી સંયમ ઉડી જતાં અસંયમનો ઉદ્દ્ભવ થાય છે. છાણ કે વિષ્ટા ઉપર પગ આવતાં પગ ખરડાય છે. સર્પ કે વીંછી જેવા ઝેરી

જીવો ઉપર પગ આવતાં તે ઝેરી જીવો કરડે છે તો તેથી મૃત્યુ નીપજે છે. સામે આવતા માણસની સાથે અથડામણ થતાં પડી જવાય છે, અથવા તો એમાંથી એકનું માથું ફૂટે છે. આવા અનેક દોષોનો સંભવ છે. (૧૪૩)

**વિવેચન**—ઇર્યા એટલે ગતિ અને સમિતિ એટલે સંયમ-નિયમ વડે યુક્ત કરવાની ક્રિયા. ગમનને સંયત કરવું એ ઇર્યા સમિતિ અથવા ગમન-વિધિ. આંખો મીંચીને ચાલવું નહિ પણ જોઈ વિચારીને માર્ગમાં ડગલાં ભરવાં, તે તો દરેક દષ્ટિવાળા પ્રાણીનો સામાન્ય ધર્મ છે. એ સામાન્ય ધર્મ નહિ બજાવનારને પોતાને જ અનેક વિઘ્નો અને હરકતો વેઠવી પડે છે, એટલે દષ્ટિવાળું પ્રાણી માર્ગ જોઇને તો ચાલે છે જ. પરન્તુ એક સાધુ-મુનિને માટે જે ગમન-વિધિ અથવા ઇર્યા સમિતિ આવશ્યક છે તે માર્ગ જોઇને ચાલવાના સામાન્ય ધર્મ કરતાં વિશિષ્ટ પ્રકારની છે. અવિધિએ ચાલવાથી થતા દોષો વિષે અહીં કહેવામાં આવ્યું છે કે બરાબર ધ્યાન રાખીને ન ચાલીએ તો પગ છાણ-વિષ્ટાદિથી ખરડાય, સાપ-વીંછુ જેવાં જંતુઓ ડંખે, અથવા તો કોઈની સાથે અથડાઇએ તો આપણું કે સામાનું માથું ફોડીએઃ આ તો ચાલનારને પોતાને દેહથી થતા ગેરલાભોની સામાન્ય વાત થઈ. પરન્તુ અવિચારે કે અયતનાપૂર્વક ચાલવાથી માર્ગમાંના છકાયના જીવો કચડાય અને સંયમીને અસંયમનો દોષ લાગે, કારણકે જે હિંસાનું નિવારણ કરી શકાય તેમ હોય છે તે હિંસા ચાલવાના સ્વલ્પ પ્રમાદથી થાય છે અને દોષ લાગે છે. તેટલા માટે આમ-તેમ જોતાં ચાલવું જોઇએ નહિ, પરન્તુ યતનાપૂર્વક ચાલવું જોઇએ. માર્ગે ચાલવાની યતના કેવી હોવી જોઇએ ?

**युगमात्रावलोकिन्या दृष्टया सूर्यांशुभासिते ।**
**पथि यत्नेन गंतव्यमितीर्यासमितिर्भवेत् ॥**

અર્થાત્—ગાડાની ધૂસરી પ્રમાણ આગળના ભાગમાં જોનારી દષ્ટિથી સૂર્યનાં કિરણોથી પ્રકાશમાન માર્ગ ઉપર યત્નપૂર્વક ચાલવું તે ઇર્યા સમિતિ કહેવાય.

धरां युगमितां सम्यग् निरीक्ष्याग्रतः એ શબ્દો વડે ગ્રંથકાર એ જ યતનાનું સમર્થન કરે છે. દિવસે જ ગમન કરવું-રાત્રિએ ન કરવું એ કાળવિચારણા

પણ તેમાં સમાઈ જાય છે, પરન્તુ તેથી વિશેષ સંયમીનો ધર્મ તે પ્રથમની ત્રણ પંક્તિઓમાં દર્શાવે છે. ગમનને સંયત અને નિયમિત કરવું તેનો પરમ હેતુ તો જેમ બને તેમ ગમનકાર્યને જ નિયમિત–મર્યાદિત કરવાનો છે, અને ન છૂટકે ગમન કરવું પડે તો જ યતનાપૂર્વક ગાડાની ધૂંસરી જેટલી (આશરે ચાર હાથ) ભૂમિ પર આગળ દૃષ્ટિ કરતાં ચાલવું એમ કહેવાનો આશય છે. આહાર, ઉપદેશદાન, એક ગામથી બીજે ગામ વિહાર ઇત્યાદિ કારણે જ ગમન કરવું, અર્થાત્ આલંબનપૂર્વક ગમન કરવું અન્યથા સ્વસ્થાનમાં જ પોતાના યોગસાધનમાં જ મન–વચન અને કાયાના પાપમાંથી ગુપ્તિ કરીને વસવું એ જ ઈર્યા સમિતિની યથાર્થ પરિપાલના કરવા બરાબર છે. ગુપ્તિપૂર્વક સમિતિનું પાલન જો કરવામાં આવે તો જ સમિતિના પાલનનો હેતુ સિદ્ધ થાય છે અને જે અવિધિગમનના દોષો કહેવામાં આવ્યા છે તે થતા અટકે છે. મનમાં જો પાપને ગોપવવાની વૃત્તિ રમમાણ થઈ રહી હોય તો પગે ચાલતાં કોઈ પણ જીવ કચડાઈ જવાની અથવા તો પોતાનું કે પરાયું માથું ફોડવાની ચિંતા રહે છે અને તેથી સ્વાભાવિક રીતે યતનાપૂર્વક–ઉપયોગપૂર્વક ગમન થાય છે. વેદ ધર્માનુયાયી સંન્યાસીઓને તેમના ધર્મનું ભાન કરાવતાં મનુ જે કહે છે કે **दृष्टिपूतं न्यसेत्पादम्**–અર્થાત્–દૃષ્ટિથી પવિત્ર થએલું અર્થાત્ આંખે જોઇને નિર્દોષ માલૂમ પડે તેવું જ પગલું જમીન ઉપર ભરવું, તે પણ ત્યાગી–મુનિને ઉચિત આવી ઈર્યા સમિતિની સાધનાના જ હેતુપુરઃસર. આ હેતુપૂર્વક જ તે આગળ જતાં કહે છે કે–**संरक्षणार्थं जन्तूनां रात्रावहनि वा सदा। शरीरस्यात्यये चैव समीक्ष्य वसुधां चरेत् ॥** અર્થાત્–શરીરને પીડા થતી હોય તોપણ જન્તુઓના રક્ષણ માટે રાત્રે તથા દિવસે સારી રીતે જોઇને પૃથ્વી ઉપર ચાલવું.

**દૃષ્ટાન્ત—વરદત્ત** નામના એક સાધુ હતા. એક વાર તે નગરની બહાર કાંઈ કાર્ય માટે જતા હતા, એટલામાં તેમણે જોયું કે પોતાની સામેનો માર્ગ માખી જેટલી લાખો દેડકીઓથી ભરાઈ ગએલો છે અને એક ડગલું પણ ભરવાની જગ્યા નથી. સાધુ ઊભા રહીને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. એવામાં પાછળથી રાજાનો મદોન્મત્ત હાથી

આવ્યો એટલે પાછા ફરવાનું પણ અશક્ય થઈ પડયું! મુનિ સ્તબ્ધ થઈને ઊભા રહ્યા. જોત–જોતાંમાં હાથીએ આવી મુનિને કમરમાંથી પકડીને ઉંચે ઉછાળ્યા! આ રીતે ઉંચકાઇને ભૂમિ પર પછડાવાથી પોતાના પ્રાણ જતા રહેશે એવું તેમના ધ્યાનમાં હતું પરન્તુ તેની તેમને ચિંતા ન થઈ. તેમની ચિંતાનો વિષય તો એ હતો કે હું ભૂમિ પર પછડાઇશ અને પેલી બિચારી સુકોમળ દેડકીઓ મોટી સંખ્યામાં કચડાઈ જશે અને મરણ પામશે. મનો-ગુપ્તિપૂર્વકની વરદત્ત મુનિની ઈર્યા સમિતિ જોઇને દેવતાઓ તુષ્ટ થઇને તેમને ખમાવતાં નમી પડયા. તેઓએ મુનિની પરીક્ષા કરવાને જ દેડકીઓની અને હાથીની માયા ઉપજાવી હતી, પરન્તુ તે માયાથી મુનિ જરાએ ચળ્યા નહિ. ( ૧૪૨–૧૪૩ )

[ હવે બીજી ભાષાસમિતિ વિષે કહેતાં ગ્રંથકાર ભાષાના-વાણીના મુનિએ ત્યાજ્ય અને ગ્રાહ્ય પ્રકારો સમજાવે છે. ]

**भाषासमितिः । १४४ ॥**

**भाषास्वत्र चतुर्विधासु यमिनां भाषाद्वयं युज्यते।**
**सत्या गीर्व्यवहारगीश्च न पुनर्मिश्रा च मिथ्योचिता॥**
**स्यादावश्यकता यदा मुनिवरैर्भाष्यं समित्या तदा।**
**नो चेन्मौनसमाश्रयेण मुनिता संशोभते सर्वथा ॥**

### ભાષાસમિતિ–બોલવામાં યતના.

**ભાવાર્થ**—શાસ્ત્રમાં એકંદરે ભાષાના ચાર પ્રકાર કહ્યા છે: સત્ય ભાષા, અસત્ય ભાષા, મિશ્ર ભાષા અને વ્યવહાર ભાષા; તેમાંની માત્ર બે ભાષા સંયમધારીએ બોલવી ઉચિત છે: એક સત્ય ભાષા અને બીજી વ્યવહાર ભાષા. અસત્ય ભાષા અને મિશ્ર ભાષા બોલાવી બિલકુલ ઉચિત નથી. સત્ય ભાષા અને વ્યવહારભાષા પણ ખાસ જરૂરીઆત હોય ત્યારે જ બોલવી, અને તે પણ સમિતિ વિના બોલવી નહિ. જો બોલવાની આવશ્યકતા ન હોય તો મૌન ધારણ કરવાથી જ મુનિપણું સર્વથા ઝળકે છે. (૧૪૪)

**વિવેચન**—સત્ય બોલવું અને સમિતિપૂર્વક બોલવું એ બેઉ પૃથક્ પૃથક્ છે. સત્ય બોલેલું વચન સમિતિયુક્ત હોય પણ ખરૂં અને ન પણ હોય. જો સત્ય એ હિતવચન અને મિતવચન ન હોય તો તે સમિતિયુક્ત વચન ન લેખાય. આ કારણથી આ શ્લોકમાં ગ્રંથકારે ભાષાના–વાણીના પ્રકારો સમજાવ્યા છે. યથાતથ અને સત્ય વચન તે સત્ય ભાષા, સત્યથી વિપરીત તે અસત્ય ભાષા, સત્ય અને અસત્યથી મિશ્રિત કિંવા સત્યાભાસી અસત્ય ભાષા તે મિશ્ર ભાષા અને સત્યને વ્યાવહારિકતાનું આવરણ ચડાવીને પણ કોઇનું અકલ્યાણ નહિ કરવાના કે સ્વાર્થ નહિ સાધવાના હેતુથી બોલેલી ભાષા તે વ્યવહાર ભાષા. આમાંની અસત્ય ભાષા અને મિશ્ર ભાષા તો મુનિ બોલી શકતો જ નથી, કારણકે પૂર્વે જણાવેલું છે તેમ એવી ભાષા બોલવાથી તે પોતાના બીજા મહાવ્રતનો અથવા સત્ય પ્રતિજ્ઞાનો ભંગ કરે છે. ભાષા-સમિતિનો હેતુ હરકોઈ સત્ય વચનને પણ અમુક નિયમનો અને મર્યાદાઓથી યુક્ત રીતિથી બોલવાનો છે. આ કારણથી ‘ મિથ્યા ’ અને ‘ મિશ્રા ’ અર્થાત્ અસત્ય અને સત્યાભાસી અસત્ય ભાષા ત્યજીને સત્ય અને વ્યવહાર ભાષા બોલવી એ જ ત્યાગી–સંન્યાસીનો ધર્મ ગ્રંથકાર દર્શાવે છે. આ સત્ય ભાષા અને વ્યવહાર ભાષા પણ આવશ્યકતા હોય તો જ બોલવી જોઈએ અને સમિ-તિથી યુક્ત બોલવી જોઇએ; પરન્તુ જો આવશ્યકતા ન હોય તો સત્ય પણ ન બોલતાં મૌન જાળવવું જોઇએ, કારણકે ‘ મૌન ’ અથવા ‘ મુનિત્વ ’ એ તો એક મુનિનો પરમ અલંકાર છે અને તેથી તેનો ત્યાગ, દીક્ષા, સંન્યસ્ત કે ફકીરી શોભે છે. અલ્પભાષીપણું કિંવા મૌન એ મનુષ્યની તેજો-વૃદ્ધિ કરે છે, તેથી ઉલટું વાચાળતા તેના તેજનું હરણ કરે છે, આ કાર-ણથી જ યોગસિદ્ધિના સાધકો વર્ષો સુધી મૌન સેવે છે અને તેમનું મૌન યોગસિદ્ધિનું તેમજ દીર્ઘાયુષ્યનું કારણ બને છે. પ્રસંગવશાત્ મૌન જાળવ-વાથી કષ્ટ વેઠવાનો પણ પ્રસંગ આવે છે, પરન્તુ ત્યાગી એ કષ્ટ વેઠી લેવાને તત્પર બને છે છતાં સમિતિહીન શબ્દોચ્ચાર કરતો નથી.

**દૃષ્ટાન્ત**—એક સંન્યાસી એક સુતારને ત્યાં પોતાના પાત્રને કાણું

પડ્યું હતું તેને થીગડી દેવરાવવા માટે ગયો. સુતારને ત્યાં એક પઠાણ પણ આવીને બેઠો હતો. તેની પાસે પક્ષીઓનું એક પાંજરૂં હતું અને પાંજરામાં ત્રણ કબૂતર હતાં. એ પાંજરાનું બારણું તૂટી ગયું હતું એટલે તે સમું કરાવવા માટે પઠાણ આવ્યો હતો. સુતારે સંન્યાસીને એક આસન ઉપર બેસવાનું કહી પઠાણનું પાંજરૂં સમું કરવા માંડયું. બારણુ સુધારીને તેને નકૂચો જડવાનો હતો, એટલે સુતારે પઠાણને કહ્યું: "પઠાણ સાહેબ! અંદર આવો; પેલા ઓરડામાં જૂદી જૂદી જાતના અને ઘાટના નકૂચાઓ છે તેમાંથી તમે પસંદ કરો તે નકૂચો જડી આપું." પઠાણ સુતારની સાથે અંદરના ઓરડામાં નકૂચો પસંદ કરવા ગયો. પાછળ પાંજરાના ઉઘાડા રહેલા બારણામાંથી એક કબૂતર નાસીને સુતારની કોડના એક ખૂણામાં લાકડાનો ઢગલો પડયો હતો તેની પાછળ ભરાઈ ગયું. એટલામાં સુતાર અને પઠાણ પાછા આવ્યા. પાંજરૂં જોતાં જ પઠાણ બોલી ઉઠયો: "મારૂં ત્રીજું કબૂતર કયાં?" પાછળ સંન્યાસી એકલો જ ત્યાં બેસી રહ્યો હતો એટલે તેણે સંન્યાસીને એ પ્રશ્ન પૂછયો, પણ સંન્યાસીને જવાબ આપવામાં ભારી ધર્મસંકટ લાગ્યું. તેણે પોતાના મનમાં વિચાર્યું કે "જો હું સત્ય બોલું અને કહું કે કબૂતર લાકડા પાછળ ભરાઇ ગયું છે, તો પઠાણ તેને પકડે અને આજ-કાલ તે તેની જરૂર હિંસા કરે; એ પક્ષીની હિંસા થવામાં કારણીભૂત એવું વચન હું શામાટે બોલું? મને ખબર નથી, એવું અસત્ય વચન પણ હું કેમ બોલું? મારી આંખોએ કબૂતરને છટકતાં જોયું છે, પણ આંખો બોલી શકતી નથી, તે કારણે હું એમ કહું કે 'જેણે જોયું હોય તે બોલે,' તો મારૂં એ વચન પણ સત્યાભ્યાસી અસત્ય છે, તે મારાથી કેમ બોલાય?" આવો વિચાર કરતાં તેને લાગ્યું કે હું જે કાંઇ બોલું તે એક યા બીજી રીતે હિંસક અથવા સમિતિહીન વાણી બને છે, એટલે મારાથી કશું બોલાય જ નહિ. આ કારણથી સંન્યાસીએ કેવળ મૌન સેવ્યું. પઠાણ આથી વધારે ગુસ્સે થયો અને "તું જ મારૂં કબૂતર ચોરી ગયો" એમ કહી પઠાણ તેને મારવા લાગ્યો. સુતાર ઘણોએ વચ્ચે પડયો, પણ પઠાણે તો સંન્યાસીને ત્યારે જ છોડયો કે જ્યારે તે ખૂબ માર ખાઇને બેભાન

થયો. આ પ્રમાણે સમિતિનું પરિપાલન કરવા જતાં ત્યાગીને અનેક ઉપસર્ગો, ઉપદ્રવો અને કષ્ટો પણ સહન કરવાં પડે છે. (૧૪૪)

[ સત્ય અને વ્યવહારભાષા પણ કેવા દોષવાળી હોય તો તે સમિતિ વિનાની લેખાય અને ન બોલાય, તથા કેવી ભાષા સમિતિયુક્ત લેખાય તે વિષે નીચેના બે શ્લોકમાં ગ્રંથકાર વિવેચન કરે છે. ]

कीदृशी भाषा वक्तव्या । १४५ ॥

नो निन्दावचनं न लाघवकरं भाष्यं परस्यात्मनो।
नैवं हास्यवचो न साहसवचोऽभ्याख्यानवाक्यं न वा॥
काले चैव हितं मितं प्रियतरं सत्यं शुभं मञ्जुलं।
सर्वस्यापि सुखावहं सुयमिना वाच्यं वचः कोमलम् ॥

अयोग्य भाषापरिहारः । १४६ ॥

वक्तव्यं पथि गच्छता किमपि नो मार्गे हि मौनं वरं।
सावद्यं तु न भाषणीयमपि चेत्सत्यं प्रसङ्गोचितम्॥
नोच्चार्यं परमर्मभेदिवचनं नो कर्कशं निष्ठुरं ।
किञ्चिन्निश्चयरूपकं न न परव्यङ्गादिसंस्मारकम् ॥

### કેવી ભાષા બોલવી?

**ભાવાર્થ**—કોઈની નિન્દાનો એક શબ્દ પણ ન ઉચ્ચારવો, પોતાની કે પરની હલકાઇ થાય તેવું વચન પણ ન બોલવું, કોઇની મશ્કરી ન કરવી, વિચાર્યા વિના એકદમ સાહસિક વચન ન બોલવું, કોઇની ઉપર આળ ચડાવનારૂં વાક્ય ન ઉચ્ચારવું, અવસર વિના ન બોલવું, અવસરે પણ હિતકારી, પરિમિત, અત્યંત પ્રિય, મધુર, શુભ, સર્વને સુખકારી, કોમળ અને સત્ય વચન સંયમીએ બોલવું: એથી વિપરીત ન બોલવું. (૧૪૫)

## અયોગ્ય ભાષાનો ત્યાગ.

માર્ગે ચાલતાં કાંઇ પણ બોલવું નહિ, માર્ગમાં મૌન જ શ્રેયસ્કર છે. ઠેકાણેસર પણ સાવદ્ય વચન, કદાચ સત્ય હોય અને પ્રસંગોચિત હોય તોપણ ન બોલવું; કોઈના મર્મની વાત ન કરવી; કર્કશ અને નિષ્ઠુર વચન પણ ન ઉચ્ચારવાં; સંપૂર્ણ જાણ્યા વિના નિશ્ચય રૂપે ન બોલવું અને કોઈના અંગમાં કાંઈ ખોડ હોય તો તે ખોડવાળા વિશેષણથી કોઇને ન બોલાવવું. (૧૪૬)

**વિવેચન**—सत्यं ब्रूयात्प्रियं ब्रूयात् न ब्रूयात्सत्यमप्रियम्—અર્થાત્—સત્ય બોલવું, પ્રિય બોલવું, પણ સત્ય હોય છતાં અપ્રિય હોય તો તે ન બોલવું એવો એક સામાન્ય નિયમ પૂર્વે દૃષ્ટાન્ત સાથે સમજાવવામાં આવ્યો છે. સત્ય અપ્રિય હોય તો તેથી તે બોલનારને કેટલી હાનિ થાય છે તે પણ કહેલું છે. અત્ર ભાષાસમિતિને અર્થે એક ત્યાગીએ કેવી ભાષા વર્જવી અને કેવી ભાષા બોલવી તે સમજાવવામાં આવ્યું છે. નિંદાવ્યંજક શબ્દ, બીજાને હલકા પાડનારી વાણી, હાંસી કે અવિચારયુક્ત વચન, પારકા ઉપર આળ ચડાવનારૂં વાક્ય, મર્મભેદક શબ્દો, સત્ય છતાં સાવદ્ય વચન, કર્કશ અને નિષ્ઠુરતાથી ભરેલાં વાક્યો, ઈત્યાદિનો ત્યાગ કરીને સત્ય પણ હિત, મિત, પ્રિય, મધુર અને કોમળ વાણીમાં એક ત્યાગીએ બોલવું જોઇએ તે દર્શાવવામાં આવેલું છે. ભાષાસમિતિની સામાન્ય વ્યાખ્યા એવી છે કે—

**हितं यत्सर्वजीवानां त्यक्तदोषं मितं वचः ।**
**तद्धर्महेतोर्वक्तव्यं भाषासमितिरित्यसौ ॥**

અર્થાત્—સર્વ જીવોને હિતકારી અને દોષરહિત તેમજ મિત વચન હોય તે ધર્મને અર્થે જ બોલવું તે ભાષા સમિતિ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એમ કહ્યું છે કે—

**कोहे माणेय मायाय लोभेय उवउत्तया ।**
**हासे भय मोहरिए विगहासु तहेवय ॥**
**एयाइं अठ्ठ ठाणाइं परिवज्जित्तु संजए ।**

**असावज्जं मियं काले भासं भासेज्ज पन्नव ॥**
**अ० २४ ॥ ९ । १० ॥**

અર્થાત્—ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા–વાચાળ-પણું અને વિકથા (નિંદા–બડાઇ) એ આઠ પાપો પ્રજ્ઞાવંત સાધુએ ત્યજવાં જોઇએ અને જરૂરને પ્રસંગે જ નિર્દોષ સંક્ષિપ્ત ભાષા બોલવી જોઇએ.

હિતવચન પણ આટલા માપપૂર્વક જ બોલવાનો આકરો ધર્મ એક ત્યાગી કે મુનિજનને માટે શામાટે હોવો જોઇએ? કારણ એ જ છે કે પૂર્વે જે ત્રિયોગ અને ત્રિકરણે કરીને થતી હિંસાના પ્રકારો સમજાવવામાં આવ્યા છે, તેમાં હિતવચન એ અમિત હોય તો વાચિક હિંસાની ગણનામાં જ આવે છે અને તેવું વચન બોલનાર મુનિ પોતાની અહિંસાની પ્રતિજ્ઞાનો ભંગ કરનાર તથા પરને દુઃખ કરનાર બને છે. આવો વાચાદોષ કરનાર **अहिंसा परमो धर्मः** નું પાલન કરનાર લેખાય જ નહિ. આ કારણથી શ્રી મહાવીર સૂત્રરૂપે જે આઠ કારણોમાંથી જન્મેલી વાણી નહિ બોલવાનું કહે છે, તે વાણી સ્થૂળ રીતે કેવા દોષોથી ભરેલી હોય અને તે ન બોલાય તે ગ્રંથકાર આ એ શ્લોકમાં સમજાવે છે. વિશેષમાં તે એક મુનિને માર્ગે ચાલતાં નહિ બોલવાનું સૂચવે છે, તેનું કારણ એ છે કે માર્ગે જતાં બોલનાર કે વાતચીત કરનાર પોતાના ગમનદોષને પૂર્ણતયા ત્યજી શકતો નથી. બોલવામાં ધ્યાન રાખનાર પોતાના પગની ગતિમાં અને માર્ગમાં કેવી રીતે ધ્યાન રાખી શકે અને યતનાપૂર્વક–ઉપયોગપૂર્વક ચાલી શકે? વળી નિશ્ચયરૂપ વાણી પણ એક ત્યાગીએ ન બોલવી જોઇએ કારણકે મર્યાદિત–પરિમિત જ્ઞાનવાળા મનુષ્યનું સત્યદર્શન હમેશાં સત્ય જ નીવડતું નથી; પોતાની દૃષ્ટિએ દેખાતું સત્ય કદાચ અસત્ય પણ હોય, અથવાતો કાળનાં આવરણો દૂર થતાં અત્યારનું સત્ય બે ક્ષણ પછી અસત્ય પણ બની જાય છે; તેવે સમયે જો એક ત્યાગી નિશ્ચયરૂપ વાણી બોલ્યો હોય તો તે અન્યની દૃષ્ટિમાં અસત્યવાદી લાગે; માટે પરિમિત જ્ઞાનવાળા મુનિએ ભાષાસમિતિના પાલનને અર્થે નિશ્ચયરૂપ વાણી પણ ન વદવી ઘટે.

**દૃષ્ટાન્ત**—અત્ર આપણે સમિતિહીન સત્ય વાણીનું દૃષ્ટાંત લઇએ તો તે ઉપયોગી થશે. એક જૈન મુનિ એકદા એક નગરમાં આવ્યા. તે અનેક શાસ્ત્રો તથા વિદ્યાઓ ભણી ચૂકયા હતા, પરન્તુ વેદ ધર્મના સિદ્ધાંતોનો પરિચય કરવાની તેમને જિજ્ઞાસા થઈ એટલે તેમણે કોઇ વિદ્વાન બ્રાહ્મણને રોજ પ્રભાતમાં થોડો વખત પોતાની પાસે મોકલવાની વ્યવસ્થા કરવાનું સંઘપતિને સૂચવ્યું. સંઘપતિએ **ચક્રદત્ત** નામના વિદ્વાન બ્રાહ્મણને રોજ પ્રભાતમાં મુનિ પાસે જઈને તેમની જિજ્ઞાસા પૂરી કરવા વિનતિ કરી અને બ્રાહ્મણે તે વિનતિ સ્વીકારી. બ્રાહ્મણ સૂર્યોદય પૂર્વે વહેલો મુનિની સમીપે હાજર થયો, પણ મુનિ તેનું મુખ જોતાં જ મનમાં ગુંચવાયા. મુનિ સામુદ્રિક વિદ્યાના જાણકાર હતા અને બ્રાહ્મણના વદન પરની રેષાઓ ઉપ-રથી તેમણે એવી ગણત્રી કરી કે આ બ્રાહ્મણનું મુખ ઉઠતાં વાંત જોઇએ તો આખો દિવસ ભોજન વિનાનો જ જાય. તે વખતે તો મુનિએ બ્રાહ્મણને એમ કહીને પાછો વાળ્યો કે " મારી ઈચ્છા થશે ત્યારે હું તમને કહાવીશ, અત્યારે તો તમે જાઓ અને તમને તસ્દી પડી માટે ક્ષમા કરજો. " આ વ્યવહાર ભાષાથી બ્રાહ્મણને કાંઈ દુઃખ થયું નહિ અને તે ઘેર પાછો ગયો. તે દિવસે બન્યું પણ એમ કે શિષ્યો નગરમાં આહાર વહોરવા માટે જવા તૈયાર થયા એવામાં વૃષ્ટિ થવા લાગી અને આખો દિવસ વૃષ્ટિ ચાલુ રહે-વાથી આહાર વહોરી લાવી શકાયો નહિ અને ગુરૂ તથા ચેલા બધાને ઉપવાસ પડયો ! મુનિએ સંઘપતિને કહી દીધું કે " આ બ્રાહ્મણની મુખરેષાઓ એવી છે કે જે કોઈ પ્રભાતમાં તેનું મુખ જુએ તેને આખો દિવસ ભોજન મળે નહિ, માટે હું તે બ્રાહ્મણની પાસેથી વેદજ્ઞાન મેળવવાનો નથી. બીજા કોઈ બ્રાહ્મણની તપાસ કરજો. " થોડા દિવસમાં તો આ વાત સંઘપતિને મુખેથી ફરતી ફરતી રાજાની પાસે પહોંચી અને રાજાએ એ બ્રાહ્મણના મુખદર્શનનો પ્રભાવ જોવા તેને કહાવ્યું કે "તારે રાજાના શય્યાગૃહના દ્વારની બહાર આખી રાત સૂઇ રહેવું. " રાજાની આજ્ઞા મુજબ **ચક્રદત્ત** બ્રાહ્મણ એક ગોદડી ઓઢીને ટાઢે ઠુંઠવાતો શય્યાગૃહના દ્વાર પાસે સૂઇ રહ્યો. સ્હવારમાં ઉઠતાં જ શય્યાગૃહની બહાર નીકળીને રાજાએ **ચક્રદત્ત**ને ઉઠાડયો

અને તેનું મ્હોં જોયું અને કહ્યું કે "આવતી કાલે હું તને બોલાવું ત્યારે ફરીથી આવજે." બ્રાહ્મણ ચાલ્યો ગયો પણ રાજાએ પોતાને કેમ સુવાડ્યો અને ફરીથી આવતી કાલે આવવાનું કેમ કહ્યું તે કશું તે જાણતો નહોતો. થોડી વાર થઈ એટલામાં રાજાના વનરક્ષકો દોડતા આવ્યા અને કહ્યું કે "મહારાજ! વનમાં એક સિંહ આવ્યો છે અને તે વનમાં ચરતી ગાયોને મારી નાંખે છે. બે ગાયોનો તો સિંહે પ્રાણ લઈ લીધો છે." આ સાંભળતાં જ રાજા તુરત જ શિકારીઓને સાથે લઇને સિંહનો શિકાર કરવાને ઉપડ્યો. સિંહને શોધીને તેને મારતાં તે દિવસનો ત્રીજો પ્રહર વીતી ગયો અને રાજા ભૂખ્યો થયો. નગરમાં આવતાં જ રાજાને ખબર પડી કે રાજમાતા બહુ માંદાં થઇ થઇ ગયાં છે અને તેમને ભોંય લીધાં છે; પરન્તુ હજી જીવ છે અને રાજાને ક્ષણે ક્ષણે યાદ કરે છે. આ સાંભળી રાજા ભૂખ્યો-તરસ્યો માતાની સેવામાં હાજર થયો. રાજમાતાએ મરતાં મરતાં પુત્રનું મુખ જોઇને આશીર્વાદ આપ્યો કે તુરત તેનું મરણ થયું. હવે રાજમાતાના મુડદાનો અગ્નિદાહ કરવાનો હતો એટલે રાજાને માતાના મુડદાની સાથે ભૂખ્યા-તરસ્યા શ્મશાન-યાત્રા કરવી પડી અને એક પહોર રાત વીતી ગઇ ત્યારે તે પાછો મહેલમાં આવ્યો, પછી તેને ભોજન મળ્યું. ચક્રાત્ત બ્રાહ્મણનું મુખ જોવાથી જ પોતા જેવા રાજાને પણ આખો દિવસ ભોજન મળ્યું નહિ એવું માનીને રાજાએ તુરત આજ્ઞા કરી કે "સ્હવારમાં જ એ ચાંડાલ જેવા બ્રાહ્મણને ફાંસી દઇ દો." સ્હવારમાં ચાંડાલો બ્રાહ્મણને પકડીને વધભૂમિમાં લઈ ગયા. બ્રાહ્મણ તો આવી કારમી આજ્ઞાથી ભયભીત થઇ ગયો કારણકે પોતે રાજાનો શો અપરાધ કર્યો છે તે તે જાણતો નહોતો. મરતી વખતે તેણે રાજાને એક વાર મળવાની ઇચ્છા દર્શાવી એટલે રાજા વધભૂમિ ઉપર આવ્યો અને તેણે કહ્યું: "હે ચક્રદત્ત! કાલે સ્હવારમાં મેં તારૂં મુખ જોયું તેથી મને આખો દિવસ ભોજન મળ્યું નહિ, માટે તારા જેવા બ્રાહ્મણને જીવતો રહેવા દેવો એ આપત્તિ સમાન છે." ચક્રદત્ત બોલ્યો કે: "હે મહારાજ! કાલે સ્હવારે આપે મારૂં મુખ જોયું તેથી આપને આખો દિવસ ભોજન મળ્યું નહિ પરન્તુ મેં પ્રભાતમાં ઉઠીને આપનું મુખ જોયું હતું તેના પ્રભાવથી આજે મને

ફાંસી મળે છે, તો વધારે ભયંકર મુખદર્શન આપનું કે મારૂં તે હવે આપ જ કહો." આ સાંભળીને રાજા વિચારમાં પડી ગયો અને તેણે **ચક્રદત્તને** કહ્યું કે: "તારૂં મુખ જોવાથી આખો દિવસ ભોજન મળે નહિ એવું સામુદ્રિક વિદ્યાને આધારે જૈન મુનિ પણ કહે છે." હાજરજવાબી બ્રાહ્મણ બોલ્યો: "એ જ મુનિ પોતાની વિદ્યાને આધારે કહે છે કે આપનું મુખ પ્રભાતે જોનારનો અકાળે ઘાત થાય છે, અને એ રીતે આપને પરમ ચાંડાલ ઠરાવવાને જ એ મુનિએ એમ કહ્યું હોવું જોઇએ." આ સાંભળીને રાજા વિફર્યો અને તેણે **ચક્રદત્તને** ક્ષમા આપી, પણ મુનિને એકદમ નગરમાંથી ચાલ્યા જવાનું ફરમાવ્યું.

આ દૃષ્ટાંતમાં મુનિના ભાષાદોષનો કિંવા સમિતિહીન વાણીનો વિચાર કરીએ. બ્રાહ્મણની મુખરેખાઓ ઉપરથી તેના ફળ વિષેનું નિશ્ચયયુક્ત વચન ઉચ્ચારવામાં જ મુનિએ અસમિતિનો દોષ કર્યો હતો. પોતાના સામુદ્રિક વિદ્યાના જ્ઞાનને આધારે અને પોતાને તે દિવસે ભોજન મળ્યું નહિ એવા અનુભવે કરીને મુનિને પોતાનો અભિપ્રાય સત્યયુક્ત લાગ્યો હતો, છતાં ભવિષ્યકાળનો અગમ્ય ભેદ પારખવાને અને બ્રાહ્મણના તથા તેનું મુખ જોનારના કર્મબંધને જાણવાને મુનિ અશક્ત હતા કારણકે તે કેવળજ્ઞાની નહોતા, એટલે એ પ્રકારનું નિશ્ચયયુક્ત વચન ઉચ્ચારવાનો તેમને અધિકાર નહોતો. સંઘપતિ સાથે એ જ બ્રાહ્મણ સંબંધે વાતચીતનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો, એટલે તેમની વાણી અવસર વિનાની નહોતી, છતાં અવસરે પણ કોઇની મર્મચ્છેદક કે કોઈનું અહિત થાય તેવી કિંવા કોઈના રહસ્યને ખુલ્લું કરનારી વાણી તેમણે કહેવી જોઇતી નહોતી અને તે તેમણે કહી તેથી બ્રાહ્મણને અપાર કષ્ટ પડયું, તેનું જીવન જવાનો પ્રસંગ આવી પહોંચ્યો, અને જો તેણે યુક્તિપુરઃસર પોતાનો બચાવ ન કર્યો હોત તો કદાચ તેનો ઘાત પણ થઇ ગયો હોત. બાકી કર્કશ વચનનો પ્રત્યાઘાત તો તેથીએ વધુ કર્કશ વાણીમાં પડે છે, એટલે બ્રાહ્મણે વાણીદ્વારા કરેલા પ્રત્યાઘાતથી મુનિ રાજાના રોષનો ભોગ થઇ પડયા અને તેમને નગર છોડવું પડયું તે

તો તેમની સમિતિહીન ભાષાના પ્રમાણમાં તેમને ઘણી ઓછી સ્થૂળ સજા થઇ લેખાય.' (૧૪૫-૧૪૬)

[ હવે ત્યાગી-મુનિની ત્રીજી એષણા સમિતિ વિષે ગ્રંથકાર કહે છે. ]

**भिक्षाजीविका । १४७ ॥**

**देहः संयमसाधनाय यमिना संरक्षणीयः स्वयं।**
**तद्रक्षाऽशनमन्तरा भवति नो प्राप्यं कथं तद्भवेत् ॥**
**आरम्भेण परिग्रहेण पचनं योग्यं न वा पाचनं।**
**भिक्षैवोत्तमजीविकाऽस्ति यमिनांशुद्धासमित्याश्रिता॥**

**એષણા સમિતિ-ભિક્ષા.**

**ભાવાર્થ**—સંયમીને સંયમસાધના માટે દેહનું રક્ષણ કરવું પડે છે. દેહનું રક્ષણ ખોરાક વિના થઈ શકતું નથી, તો તેણે ખોરાક કેવી રીતે મેળવવો ? તેઓ રસોઇ તો કરી-કરાવી શકે નહિ કારણકે તેથી છકાયના જીવોનો આરંભ થાય છે અને પરિગ્રહ વિના ચાલી શકતું નથી. આ બન્ને દોષોનો સંભવ હોવાથી તેઓને માટે પચન કે પાચન યોગ્ય નથી, કિન્તુ-સંયમીને માટે શુદ્ધ ભિક્ષા જ ઉત્તમ જીવિકા છે; અને ભિક્ષા પણ સમિતિ-આશ્રિત હોય તો જ શુદ્ધ લેખાય. (૧૪૭)

**વિવેચન**—ત્યાગી-સંન્યાસીને માટે સ્વદેહ કેવળ ધર્માર્થે જ સંરક્ષણીય છે અને તેનો ધર્મ સંયમસાધના સિવાય બીજો કશો નથી, એટલે સંયમાર્થે દેહનું રક્ષણ તેણે કરવું જોઇએ. દેહના રક્ષણ માટે ખોરાક, ઢાંકણ માટે વસ્ત્ર અને નિવાસ માટે સ્થાન એટલાં વાનાં જોઇએ અને તે કેવી રીતે પ્રાપ્ત કરવાં તે તેને માટે એક મહત્ત્વનો પ્રશ્ન છે. અહીં માત્ર ખોરાકની વાત કહેવામાં આવે છે. તેણે ખોરાક કેવી રીતે મેળવવો ? જો તે રસોઈ કરે કે કરાવે તો તેની પાસે પૈસા જોઇએ, પૈસા માટે તેણે ઉદ્યમ કરવો જોઈએ અને પરિગ્રહયુક્ત દશામાં મુકાવું જોઇએ. અકિંચન દશાના નિર્વાહ માટે ધનપ્રાપ્તિ અને ધનપ્રાપ્તિ વડે અન્નપ્રાપ્તિ અયોગ્ય છે. એ પ્રકારનો

પરિગ્રહ જો તે ઉત્તરોત્તર વધારવા લાગે તો તેને સંયમને છેલ્લી સલામ જ કરવી પડે! વળી જ્યારે તે ખોરાકની વસ્તુઓ ખરીદીને ખોરાક તૈયાર કરવા–કરાવવા લાગે છે, ત્યારે તેને અનેક પ્રકારના આરંભો કરવા પડે છે અને તે મહાવ્રતની દૃષ્ટિપૂર્વક અહિંસાનું પાલન કરી શકતો નથી. આ બે મોટા દોષો ઉત્પન્ન થવા ન દેતાં દેહને ખોરાક આપવાનું માત્ર એક જ સાધન भिक्षैवोत्तमजीविका છે. મનુ પણ સંન્યાસીઓને એવી જ આજ્ઞા કરે છે કે—

**अनग्निरनिकेतः स्याद् ग्राममन्नार्थमाश्रयेत् ।**

અર્થાત્—સંન્યાસીએ અગ્નિરહિત રહેવું અર્થાત્ રાંધવું–રંધાવવું નહિ, ગૃહરહિત રહેવું અને માત્ર અન્ન માટે જ વસતિનો આશ્રય લેવો; અને માત્ર एककालं चरेद्भैक्षं–એક સમય ભિક્ષા માંગીને ભોજન કરવું. પરન્તુ સંયમીની 'ભિક્ષા' એ સામાન્ય 'ભીખ' નથી. તે ભિક્ષા શુદ્ધ હોવી જોઇએ- દોષથી રહિત હોવી જોઇએ અને તે જ 'એષણા સમિતિ'–વિશુદ્ધતાની તપાસ માટેના નિયમનો છે. આ નિયમનો જૈન દૃષ્ટિએ શાસ્ત્રકારે કેવા ફરમાવ્યા છે તે આગળ ઉપર કહેવામાં આવશે. (૧૪૭)

[ ભિક્ષા દ્વારા દેહનિર્વાહ કરવાની આવશ્યકતાનું પ્રતિપાદન કર્યા પછી ગ્રંથકાર ભિક્ષાવિધિનું કથન કરે છે અને તે દ્વારા સમિતિના નિયમનોનું સંક્ષેપે સૂચન કરે છે.]

**भिक्षाविधिः । १४८ ॥**

**भिक्षार्थं गृहिणां गृहे सुविधिना द्वाभ्यां मुनिभ्यां सदा।**
**गन्तव्यं गुरुसम्मतौ दिनकरे सत्येव योग्येक्षणे ॥**
**ग्राह्यं प्रासुकमेषणीयमशनं पानीयमेतद्विधं ।**
**साध्वर्थं विहितं न तद्यदि भवेन्नाप्यन्यदोषाश्रितम् ॥**

### ભિક્ષા લેવાનો વિધિ.

**ભાવાર્થ**—સૂર્યોદય પછી દિવસના ભાગમાં, યોગ્ય સમયે, ગુરૂ આદિ હોય તો તેમની સંમતિ લઇને બે ભિક્ષુઓએ સાથે મળી વિધિપૂર્વક

ગૃહસ્થને ઘેર ભિક્ષા લેવા માટે જવું; ત્યાં જો પ્રાશુક–અચિત્ત અને એષણીય –નિર્દોષ આહાર–પાણી હોય તો તે લેવું. જો તે ખાસ ભિક્ષુને માટે બનાવેલ ન હોય અને અન્ય દોષોથી યુક્ત ન હોય તો જ તે આહાર–પાણી ગ્રહણ કરવાં. (૧૪૮)

**વિવેચન**—ભિક્ષા પણ વિધિપૂર્વક લેવી જોઇએ–અવિધિપૂર્વક નહિ. આજે આપણા દેશમાં ભિક્ષાને નામે અનેક સ્થળે ભિખારીવેડા ચાલી રહેલા છે અને ભિક્ષા નિમિત્તે કર, લાગા અને બળાત્કાર પણ ચાલી રહેલા છે! આ કાંઇ ભિક્ષા નથી, અને એવી ભિક્ષા લેનાર ભિક્ષુકુ–ભિક્ખુ નથી પણ ભિખારી છે. સાચો સાધુ, મુનિ કે ત્યાગી ભિક્ષાને માટે તમારા ખોટા ગુણાનુવાદ ન કરે કે તમને સતાવે નહિ; ભિક્ષાને માટે ઘેર અડંગો લગાવીને બેસે કિંવા ભિક્ષા દેવાની ગૃહસ્થને ફરજ પાડે તે સાચો સાધુ, બાવો કે ફકીર નથી; સાધુ તો વિધિપૂર્વક જ ભિક્ષા લે અને અવિધિપૂર્વક અપાતી ભિક્ષાને તો આગ્રહ છતાં ગ્રહણ કરે નહિ. આ કારણથી ગ્રંથકાર સુવિધિના અર્થાત્ સુવિધિપૂર્વક ભિક્ષા લેવાનું મુનિજનોને સૂચન કરે છે. આ સુવિધિ કયો? જૈન શાસ્ત્રોમાં ભિક્ષાનો સુવિધિ અતિ વિસ્તૃત છે અને એ બધો વિધિ પાળનાર દેહનું પોષણ કરવાના વિષયમાં સાચો સંયમી જ બને એમ પ્રથમ દૃષ્ટિએ જ માલમ પડયા વિના રહેતું નથી. આ સુવિધિ આ શ્લોકમાં સંક્ષેપે કરીને દર્શાવેલો છે. પહેલું તો એ કે સૂર્યોદય પછી જ ભિક્ષા માટે જઇ શકાય, રાત્રિને સમયે નહિ અને એ યથાર્થ છે. રાત્રિએ ઈર્યાસમિતિ યતનાપૂર્વક પાળી શકાતી નથી. દિવસે ગુરૂની સંમતિ લઇને બે મુનિઓએ સાથે ગૃહસ્થને ઘેર ભિક્ષાર્થે જવું યોગ્ય છે. ગૃહસ્થને ઘેર અસંયમનાં અનેક કારણો હોય છે તે અસંયમ ભૂલથી કે દૃષ્ટિદોષથી મુનિથી સેવાઈ જાય નહિ, તેટલા માટે એક મુનિની સાથે બીજા મુનિની હાજરી ઉપયોગી થઈ પડે છે. સૂર્યોદય પછી ભિક્ષા લઇ શકાય પરન્તુ ગૃહસ્થોની ભોજનવેળા વીત્યાપૂર્વે ભિક્ષા લઇ શકાય નહિ. તે પૂર્વે ભિક્ષાર્થે જવાથી જે ભિક્ષા મળે તે ગૃહસ્થોએ પોતાને માટે પૂરતો ખોરાક રાખ્યા વિના પણ વહોરાવેલી હોય એટલે એ ભિક્ષા

અયોગ્ય સમયે ગ્રહણ કરેલી લેખાય. આ જ કારણથી **મનુ** સંન્યાસીઓને એવું ફરમાવે છે કે—

**विधूमे सन्नमुसले व्यङ्गारे भुक्तवज्जने ।**
**वृत्ते शरावसंपाते भिक्षां नित्यं यतिश्चरेत् ॥**

અર્થાત્—રસોઇનો ધુમાડો નીકળતો બંધ થયો હોય, ખાંડવાનું વગેરે બંધ થયું હોય, સર્વ ભોજન કરી રહ્યા હોય, રસોઈનાં વાસણ માંજી ઠેકાણે પાડયાં હોય ત્યારે યતિએ ભિક્ષાર્થે જવું.

આ વિધિનું સૂચન એટલા માટે છે કે ત્યાગીને ભિક્ષા નિર્દોષ મળે. ગૃહસ્થોએ ખાતાં જે રસોઈ વધી હોય તેમાંથી જ ભિક્ષા મળે અને ગૃહસ્થોને ભૂખ્યા રહેવું ન પડે કિંવા રસોઇનો સમારંભ ફરીથી આદરવો ન પડે. **योग्ये क्षणे** એવો શબ્દપ્રયોગ ગ્રંથકારે કર્યો છે તેનો હેતુ એ જ છે કે ભિક્ષા આપનારને સંકોચ ઉત્પન્ન ન થાય અને ભિક્ષુકની ભિક્ષા ગૃહસ્થને ભાર રૂપ ન લાગે. વળી સાધુએ ખોરાક અને પાણી પ્રાશુક એટલે અચિત્ત તથા એષણીય એટલે નિર્દોષ લેવાં જોઇએ. દોષિત ભોજન કયું ? ગ્રંથકારે સંક્ષેપાર્થે એ બધા દોષોનું વિવેચન કર્યું નથી. સાધુને અર્થે તૈયાર કરવામાં આવેલો ખોરાક એ અપ્રાશુક અને દોષિત છે, એટલે ગૃહસ્થોએ પોતાને માટે જે ખોરાક તૈયાર કર્યો હોય તેમાંથી અને તેમને સંકોચ ન પડે તેટલો ખોરાક ગ્રહણ કરવો તે જ પ્રાશુક તથા નિર્દોષ છે. પરન્તુ આ તો માત્ર પહેલા જ દોષની વાત થઇ. **अन्यदोषाश्रितम्** ભોજન પણ સાધુ ન લે.

**सप्तचत्वारिंशता यद्दोषैरशनमुज्झितम् ॥**
**भोक्तव्यं धर्मयात्रायै सैषणासमितिर्भवेत् ॥**

અર્થાત—૪૭ દોષરહિત આહાર ધર્મયાત્રાને માટે વાપરવો તે એષણા સમિતિ કહેવાય છે. આ ૪૭ દોષમાંના ૧૬ દોષ આહાર આપનારથી ઉત્પન્ન થાય છે, ૧૬ દોષ આહાર ગ્રહણ કરનાર મુનિ આશ્રિત છે, ૧૦ દોષ આહાર ગ્રહણ કરવાના કાર્યમાં અને ૫ દોષ મળેલી વસ્તુઓનો ઉપભોગ કરવામાં રહેલા છે. (૧) સાધુ માટે તૈયાર કરેલો આહાર આપે તે આધાકર્મી દોષ,

(૨) સાધુને ઉદ્દેશી થોડો વધારે તૈયાર કરેલો આહાર આપે તે ઉદ્દેશિક દોષ, (૩) આધાકર્મી આહારના અંશવાળો આહાર આપે તે પૂતિક દોષ, (૪) અર્ધ શુદ્ધ અને અર્ધઅશુદ્ધ ભળી ગએલો આહાર આપે તે મિશ્રદોષ, (૫) સાધુ માટે રાખી મૂકેલો આહાર આપે તે સ્થાપના દોષ, (૬) ગામમાં સાધુની હાજરી રહે એટલા માટે જલ્દી વિવાહાદિક ઉત્સવ આરંભે અને તે આહારાદિ લે તે પ્રાભૃતિકા દોષ, (૭) ઘરમાં સાધુને આવવાની સગવડ ખાતર કે અજવાળા ખાતર છ કાયની હિંસા કરે તે પ્રાદુઃકરણ દોષ, (૮) સાધુને માટે જ પૈસા ખર્ચીને લીધેલી ચીજ વહોરાવવી તે ક્રીત દોષ, (૯) સાધુને માટે જ ઉધાર–ઉછીની લીધેલી ચીજ આપવી તે પ્રામિત્યદોષ, (૧૦) સાધુને માટે જ અદલ–બદલ કરેલી ચીજ આપવી તે પરાવૃત્ત દોષ, (૧૧) સાધુને માટે જ સામા લાવી આપે તે અભ્યાહૃત દોષ, (૧૨) સાધુને માટે જ તાળાં દાટા ઉઘાડી ચીજ આપે તે અભિન્ન દોષ, (૧૩) સાધુને માટ જ મેડી કે ભોંયરામાંથી લાવી આપે તો માલાહૃત દોષ, (૧૪) સાધુને માટે જ કોઇના હાથમાંથી ઝુંટવેલો આહાર આપે તે આછીદ્ય દોષ, (૧૫) સાધુને માટે જ સહીયારી–મઝીઆરી વસ્તુમાંથી ભાગીદારની રજા વિના ચીજ વહોરાવે તે અણિસિઠ દોષ, (૧૬) સાધુને માટે જ આંધણ વગેરે ઉમેરેલ હોય તો તે અધ્યવપુર દોષ. એ ૧૬ દોષ આહાર આપનારના ગણાવ્યા. બીજા ૧૬ દોષ આહાર લેનારના નીચે મુજબ છે: (૧) ગૃહસ્થનાં બાળકો રમાડીને આહાર લે તે ધાત્રીકર્મ દોષ. (૨) ગૃહસ્થના સંદેશા કહીને આહારાદિ લે તે દૂતિકર્મ દોષ. (૩) નિમિત્ત પ્રકાશી આહારાદિ લે તે નિમિત્ત દોષ. (૪) જાતિ–કુળનાં વખાણ કરી આહારાદિક લે તે આજીવિકા દોષ. (૫) રાંકની પેઠે કરગરી આહારાદિક લે તે વયનીક દોષ. (૬) વૈદું કરી આહારાદિક લે તે ચિકિત્સા દોષ. (૭) ક્રોધ કરી કાંઇ લે તે ક્રોધપિંડ. (૮) માન કરી કાંઈ લે તે માન-પિંડ. (૯) માયા કરી કાંઇ લે તે માયાપિંડ. (૧૦) લોભ કરી કાંઈ લે તે લોભપિંડ. (૧૧) આગલા પાછલા પરિચયની પિછાન કાઢી ખુશામત કરી કાંઈ લે તો પૂર્વપશ્ચાત્ સંસ્તવ દોષ. (૧૨) વિદ્યાનો ડોળ કરી આહારાદિક લે તે વિદ્યાપિંડ. (૧૩) મંત્રનો ડોળ કરી આહારાદિક લે તો મંત્રદોષ.

(૧૪) ચૂર્ણ–ઔષધિ વગેરે આપીને આહારાદિક લે તો ચૂર્ણ યોગ. (૧૫) વશીકરણ કરી આહારાદિક લે તો યોગપિંડ દોષ. (૧૬) ગર્ભ માટે ઔષધ આપી આહારાદિ લે તો મૂળકર્મ દોષ. આહારગ્રહણ વિધિના ૧૦ દોષ: (૧) દાતા વહોવરાવે તે લેતાં સાધુને ઉદ્‌ગમાદિક દોષની શંકા ઉપજે છતાં આહાર લે તે શંકિત દોષ. (૨) સચિત્ત પદાર્થથી હાથ ખરડાયા હોય તે હાથે આહાર લે તો પ્રક્ષિપ્ત દોષ. (૩) નીચે સચિત્ત અને ઉપર અચિત્ત હોય તેવો આહાર લે તો નિક્ષિપ્ત દોષ. (૪) નીચે અચિત્ત ઉપર સચિત્ત હોય તેવો આહાર લે તો પિહિત દોષ. (૫) વાસણમાં સચિત્ત હોય તે ઠલવી તેમાં આહાર નાંખી આપે તો તે સંહત દોષ. (૬) અંધ ગર્ભિણી વગેરે આહાર વહોરાવે તે લેવો તે દાયક દોષ. (૭) સચિત્ત અચિત્ત ભેગાં હોય તેવો આહારાદિક લે તે મિશ્રદોષ. (૮) પૂરેપૂરૂં અચિત્ત ન થયું હોય તેવું લે તે અપરિણત દોષ. (૯) હાથ ધોઇને આપે અથવા આપ્યા પછી હાથ ધોવા પડે તે લેવું તે લિપ્ત દોષ. (૧૦) વેરાતું વેરાતું લાવી આપે તે લે તો છંડુક દોષ. પાંચ દોષ વસ્તુનો ઉપભોગ કરવા વિષેના: (૧) સ્વાદ ખાતર બે ચાર વસ્તુઓ મેળવી આહાર કરે તો તે સયોજના દોષ. (૨) ઠાંસી ઠાંસીને આહાર કરે તે પ્રમાણાતિક્રમ દોષ. (૩) આહાર આપે તેનાં વખાણ કરે તે ઇંગાલ કર્મ દોષ. (૪) અનિષ્ટ આહાર ઉપર દ્વેષ કરે તે ધુમ્ર દોષ. (૫) છ કારણ વિના આહાર કરે તો કારણ દોષ. એ રીતે એકંદરે ૪૭ દોષ થયા.

આ પ્રમાણે મુનિએ સુવિધિપૂર્વક અને યોગ્ય સમયે નિર્દોષ આહાર-પાણી ગ્રહણ કરવાં તે જ સાચી ભિક્ષા છે. (૧૪૮)

[ નિર્દોષ ભિક્ષા જ ગ્રહણ કરવા જેવો સંયમ ક્યારે સધાય ? જ્યારે મુનિની રસાસક્તિ છૂટે ત્યારે. તે વિષે હવે ગ્રંથકાર ઉપદેશે છે. ]

**रसानासक्तिः ।१४९॥**

**साम्येनोत्तममध्यमाधमगृहे भिक्षार्थमीयान्मुनि-**
**र्लब्धं तुच्छमतुच्छमन्नमनघं मान्यं न यद्दूषितम् ।**

मिष्टान्ने हि न मोदते न च मनाक् तुच्छाशने खिद्यते।
लब्धालब्धसमानभावनिपुणः साधुः स एवोत्तमः ॥

### રસાસક્તિ ન રાખવી.

**ભાવાર્થ**—શ્રીમંતનું ઘર હોય, સામાન્ય ઘર હોય કે ગરીબનું ઘર હોય, તેમાં એક સરખા ભાવથી ભિક્ષુએ ભિક્ષા લેવા જવું; સારૂં ખાવાનું મળે ત્યાં જવું અને બીજે ન જવું એવો ભેદ ન રાખવો; ભિક્ષાભોજન તુચ્છ હોય કે અતુચ્છ હોય, સરસ હોય કે નીરસ હોય, પણ જો તે દોષ-રહિત હોય તો ભિક્ષુએ તેને ઉત્તમ ભોજન માનવું. ભિક્ષામાં મિષ્ટાન્ન મળે તો ખુશી ન થાય અને તુચ્છ—નીરસ આહાર મળે તો જરા પણ ખેદ ન પામે, કોઈ વખતે થોડું મળે અને કોઈ વખતે મુદ્દલ ન મળે, તોપણ સમાન ભાવથી વર્તે તે જ ઉત્તમ સાધુ ગણાય. (૧૪૯)

**વિવેચન**—જેની દૃષ્ટિ સંયમસાધના તરફ છે, તે સંયમસાધના માટે દેહને ટકાવવા માટે જ તેને ખોરાક આપે છે અને ખોરાકને માટે ભિક્ષાચર્યા કરે છે, તેવો સાધુ જો સરસ આહારમાં રૂચિ અને નીરસ આહારમાં અરૂચિથી ભિક્ષા ગ્રહણ કરે, તો તે નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરી શકે નહિ, પરન્તુ તેને સારૂં સારૂં ખાવાની રૂચિ જ થાય, તે ધનવાનોને ઘેર જ ભિક્ષા લેવા માટે ખાસ જાય, ત્યાંથી સદોષ–નિર્દોષનો વિચાર કર્યા વિના ભિક્ષા ગ્રહણ કરે અને પરિણામે પોતાના સંયમને તથા સાધુત્વને ગુમાવે. આ કારણથી ગ્રંથકાર સાધુને કહે છે કે તારે ઉત્તમ, મધ્યમ કે અધમ ગૃહસ્થને ત્યાં જઇને નિર્દોષ આહાર લેવો અને રસાસક્તિ છોડીને તુચ્છ કે અતુચ્છ, સરસ કે નીરસ, જેવો આહાર મળે તેવો લેવામાં હર્ષ–શોક ધારણ કરવાં નહિ. એવું પણ બનવાનો સંભવ છે કે કેટલીક વાર ગૃહસ્થો મુનિને ભાવપૂર્વક નોતરીને, આગ્રહ કરીને, સારો–સારો આહાર વહોરાવે, અન્ય સ્થળે એવા આગ્રહપૂર્વક નિમંત્રણ વડે ઉત્તમ પ્રકારનો આહાર મળવાનો સંભવ ન હોય, છતાં મુનિએ તો નિમંત્રણ કે સારા

આહાર તરફ આકર્ષાઈ જવું નહિ અને બીજાઓ તરફ અવગણના રાખવી નહિ. મનુ કહે છે કે अभिपूजितलाभैश्च यतिर्मुक्तोऽपि बध्यते ॥ એટલે કે પૂજાપૂર્વક ભિક્ષાલાભ લેવાથી યતિ મુક્ત હોય તોપણ બંધનમાં પડે છે; તેવી રીતે ધનવાનોને ઘેર મીઠા મીઠા ભોજન–પદાર્થો વહોરવાની ઇચ્છાથી જનારો મુનિ સંયમના પથ પર ચડતો હોવા છતાં રસાસક્તિને લીધે એ પથથી ભ્રષ્ટ થતો જાય છે. ભિક્ષાચર્યાને જૈન ધર્મમાં 'ગોચરી' કહી છે અને વેદ ધર્મનાં શાસ્ત્રોમાં 'મધુકરી' કહી છે. જેવી રીતે ગાય ઉગેલા ઘાસ ઉપર ફરતાં ફરતાં બે તરણાં અહીંથી ચરે છે અને બે તરણાં તહીંથી ચરે છે તેમ જૂદે જૂદે સ્થળેથી થોડો થોડો આહાર ગ્રહણ કરીને પોતાને જોઇતો આહાર મેળવી લેવો તે મુનિની 'ગોચરી' કહેવાય છે. મધુકર ફૂલે–ફૂલે ભ્રમણ કરીને દરેકમાંથી થોડું થોડું મધ ચૂસે છે તેમ જૂદે જૂદે ગૃહેથી આહારના પદાર્થો એકત્ર કરી લેવા તે સંન્યાસીની 'મધુકરી' કહેવાય છે. છતાં મધુકર તો મધ મળે તે ફૂલોમાં જ ભટકે છે–ચંપા જેવા ફૂલને અડકતો પણ નથી, જ્યારે ગાય તો સૂકાં તરણાંમાં પણ મુખ નાંખીને એ તરણાં જરૂર પડ્યે ખાઈ લે છેઃ તાત્પર્ય એ છે કે 'મધુકરી' શબ્દ કરતાં 'ગૌચરી' શબ્દ ત્યાગીની ભિક્ષાચર્યાને માટે વિશેષ બંધ બેસતો તથા વિશિષ્ટ અર્થવાહક લાગે છે. આવી ગૌચરી કરતાં મુનિને કોઈ વાર ઈષ્ટ વસ્તુ મળે, કોઈ વાર થોડું મળે, કોઇ વાર મુદ્દલ ન મળે, તોપણ તેણે તેથી હર્ષ–શોક ધારણ કરવાં નહિ, રૂચિ–અરૂચિના ખ્યાલો કરી જિહ્વાલૌલ્ય અને માનસિક રસગૃદ્ધિને પોષવાં નહિ અને તે જ સાચું સાધુત્વ છે. भारस्स जत्ता मुणि भुंजएज्जा–સંયમભારની જાત્રા માટે એટલે કે માત્ર દેહના નિર્વાહ માટે જ સાધુએ આહાર લેવાનો છે, ત્યાં રસો વિષેની આસક્તિનો તો ત્યાગ જ હોય.

**દૃષ્ટાન્ત**—એક ધર્મશાળામાં એક સંન્યાસી ઉતર્યો હતો, તે રોજ એક વાર નગરમાંથી મધુકરી લાવીને ભોજન કરતો હતો. ધર્મશાળાનો રખેવાળ રોજ જોતો કે સંન્યાસી રોજ નવી નવી જાતનું સ્વાદિષ્ઠ ભોજન કરે છે. કોઇ વાર તેના પાત્રમાં લાડુ હોય છે, કોઇ વાર દૂધપાક હોય છે,

કોઈ વાર ફરસાણ અને મ્હોંમાં પાણી લાવે તેવા બીજા પદાર્થો હોય છે, અને એવું એવું ભોજન રોજ લાવીને સંન્યાસી જમે છે. સ્હવારે જમતાં જો કાંઇ વધે તો તે સાંજ માટે રાખી મૂકે છે, અને સાંજે પુનઃ ભોજન કરી પેટ ઉપર હાથ ફેરવીને આરામ કરે છે. એક વાર સંન્યાસી એટલું બધું ભોજન મધુકરીમાં લાવ્યો કે સાંજે પણ જમતાં કેટલાક મિષ્ટ પદાર્થો વધી પડયા, તેથી તેણે રખેવાળનું એક ઊંટ જેને ધર્મશાળાના આંગણામાં જ બાંધવામાં આવતું તેને બાકી વધેલું ભોજન ખવડાવી દીધું. આ જોઇને ધર્મશાળાનો રખેવાળ દોડતો આવીને સંન્યાસીને સંબોધી કહેવા લાગ્યોઃ "ઓ સંન્યાસી બાવા! તમે તો મારૂં નખ્ખોદ કાઢયું." સંન્યાસી બોલ્યોઃ "કેમ ભાઇ? મેં તને શું નુકસાન કર્યું છે?" રખેવાળ બોલ્યોઃ "તમે મારા ઊંટને મધુકરી ખવરાવી એટલે હવે તેની જીભને હરામ ચસકો લાગ્યા વિના રહેવાનો નહિ. આપ તો સંન્યાસી છો એટલે આપને તો રોજ રોજ મિષ્ટાન્ન મળે, પણ લીંબડાનાં પાંદ ખાનાર મારા ઊંટને હું હવે ક્યાંથી મધુકરી લાવીને ખવડાવીશ?"

આ સાંભળીને સંન્યાસી બાવાને ભાન થયું કે પોતે રસાસક્તિથી યોગભ્રષ્ટ થતો જાય છે તે માટેની ચાનકના જ શબ્દો આ રખેવાળ કહી રહ્યો છે, અને જેમ જેમ વધુ મિષ્ટ પદાર્થોનું ભોજન કરવામાં આવે છે તેમ તેમ રસાસકિત વધતી જવાથી હરામ ચસકો લાગી જાય છે. સંન્યાસી સુજ્ઞ હતો એટલે રખેવાળના શબ્દોથી તેને પોતાની ભૂલ સુધારવાની તક મળી માની તેણે તેનો આભાર માન્યો. (૧૪૯)

[પૂર્વે જે ભિક્ષાના ૪૭ દોષ ટાળીને ભિક્ષા ગ્રહણ કરવાનો વિધિ કહ્યો છે તેમાંનો ૪૭મો "છ કારણ વિના આહાર કરે તે કારણ દોષ" કહ્યો છે. કયાં છ કારણોને લીધે મુનિએ આહાર કરવો ઘટે તે વિષે હવે ગ્રંથકાર કહે છે.]

### आहारकारणषट्कम्। १५०॥

**न स्यात् क्षुत्सहनं सतां सुयमिनां सेवादिकार्यं भवे-**
**च्छक्त्या संयमपालनं निजतनुप्राणादिनिर्वाहणम्॥**

**दृष्ट्या मार्गनिरीक्षणं हि गमने धर्मस्य वाऽऽराधन-**
**मेतैः षड्विधकारणैर्यमभृतां भिक्षोचिता नान्यथा ॥**

## આહારનાં છ કારણો.

**ભાવાર્થ**—વધારે વખત ભૂખ સહન થઇ ન શકે તેથી ક્ષુધા શાન્ત કરવા માટે, વૃદ્ધ, ગ્લાન, રોગી, નવદીક્ષિત કે ગુર્વાદિકની સેવા કરવા માટે, સંયમ પાળવાને શક્તિ સંપાદન કરવા માટે, પોતાના શરીર અને પ્રાણનો નિર્વાહ કરવા માટે, રસ્તામાં ચાલતાં ઈર્યા સમિતિ શોધવાને આંખનું તેજ રાખવા માટે અને સુખે સમાધે ધર્મનું આરાધન કરવા માટે : એ છ કારણે ભિક્ષુકોએ ભિક્ષા લેવી કે આહાર કરવો ઉચિત છે, અન્યથા નહિ. (૧૫૦)

**વિવેચન**—પૂર્વે કહ્યું છે કે **देहः संयमसाधनाय यमिना संरक्षणीयः** અર્થાત્–સંયમીએ સંયમ સાધનાને અર્થે જ દેહનું રક્ષણ કરવાનું છે–કેવળ જીજીવિષાથી–જીવવાની લોલુપતાથી નહિ; એટલે ધર્મારાધનની સાથે જ સંબંધ ધરાવનારાં જૂદાં જૂદાં છ કારણોની દૃષ્ટિએ સંયમીએ આહાર ગ્રહણ કરવો તથા આરોગવો ઘટે. ભૂખ લાગે છતાં જો આહાર કરવામાં ન આવે તો ગ્લાનિ ઉત્પન્ન થાય અને તેથી ધર્મારાધનમાં વિક્ષેપ પડે તથા વૃત્તિઓ ભ્રમણ કરવા લાગે, તેટલા માટે ભૂખને સંતોષવા પૂરતો આહાર કરવો જોઇએ. સહચારી વૃદ્ધ, રોગી, નવદીક્ષિત કે ગુરૂ આદિની સેવા માટે દેહમાં પૂરતું બળ જોઇએ અને આહાર વિના એ બળ ટકી રહે નહિ, તેટલા માટે પણ જરૂર પૂરતો આહાર કરવો પડે. સંયમનું પાલન કરવામાં પણ શારીરિક શક્તિ આવશ્યક હોય છે અને એ શક્તિ આહાર વિના પ્રાપ્ત થતી નથી માટે પણ અન્નોદક લેવાં જોઇએ. શરીર અને પ્રાણનો નિર્વાહ કરવા માટે આહાર વિના ચાલી શકતું નથી અને વ્રત કે તપાદિના હેતુ વિના શરીરને ખોરાક આપવાનું બંધ કરીએ તો શરીર અને પ્રાણનો ટકાવ થાય નહિ પરન્તુ મરણ થાય અને ધર્માચરણ અટકી પડે, તેટલા માટે આહાર કરવો જોઇએ. ઈર્યા સમિતિને અર્થે દૃષ્ટિનું તેજ ટકાવવું પડે

તદર્થે પણ ખોરાક લેવો પડે; અને છેલ્લે ધર્મનું આરાધન સુખપૂર્વક કરવા માટે તેને સ્વસ્થ રાખવા આહાર લેવો પડે. આ છ કારણે સંયમીને આહાર લેવો પડે, પણ તેમાં તેની દૃષ્ટિ તો ધર્મપ્રધાન જ હોય–બીજી કશી ન હોય. ધર્મથી ભિન્ન એવા કોઈ કારણે ત્યાગી–મુનિ नाभिनन्देत मरणं नाभिनन्देत जीवितम्–મરણમાં પણ સુખ ન માને અને જીવનમાં પણ સુખ ન માને; એટલે પછી આહારપ્રાપ્તિ કિંવા ભિક્ષાના વિષયમાં તેનો ધર્મ એવો જ સ્ફુટ થાય છે કે:

**अलाभे न विषादी स्याल्लाभे चैव न हर्षयेत् ।**
**प्राणयात्रिकमात्रः स्यात् मात्रासङ्गाद्विनिर्गतः ॥**

અર્થાત્—ત્યાગી જન ભિક્ષા ન મળવાથી દુઃખી અને ભિક્ષા મળવાથી સુખી કિંવા હર્ષિત થાય નહિ. કેવળ પ્રાણની રક્ષા માટે જ તે ભોજન કરે અને અન્ય પદાર્થોમાં તે આસક્ત ન રહે.

આ રીતે ભિક્ષા માટેનાં છ કારણો સંયમીને માટે ઉચિત છે અને તે સિવાયની બીજી દૃષ્ટિથી કરવામાં આવતી ભિક્ષા અનુચિત કિંવા સંયમીને સંયમમાર્ગથી ભ્રષ્ટ કરનારી છે. (૧૫૦)

[ હવે સહવાસી મુનિઓ પ્રત્યેનો એક મુનિનો આહારવિષયક વિનય ગ્રંથકાર કહે છે. ]

### आहारादिसमविभागः । १५१ ॥

**आनीतं वरभिक्षयाऽशनजलं तद्दर्शयित्वा गुरुं ।**
**भोक्तव्यं सहचारिभिश्च सकलैस्तुल्यांशतः साधुभिः॥**
**लब्धांशेन निजेन सादरधिया साधून्निमन्त्र्याऽपरान् ।**
**भोक्तव्यं समभावतो रसमयं स्याद्वाऽशनं नीरसम् ॥**

### સહચારીઓ સાથે આહારાદિનો સમવિભાગ.

**ભાવાર્થ**—શુદ્ધ ભિક્ષાવૃત્તિથી જે અન્નપાણી લાવવામાં આવ્યાં હોય તે ગુરુ આદિને દર્શાવી, સહચારી બીજા સાધુઓની સાથે સરખો વિભાગ કરી

સૌને સરખી રીતે વહેંચી આપી આહારાદિ કરવાં. એકેક ભિક્ષુને જે ભાગ મળ્યો હોય તેનું બીજાને આદરપૂર્વક આમંત્રણ કરવું. જો કોઇ લે તો પોતાના ભાગમાંથી તેને આપવું, નહિતો પોતે સરસ હોય કે નીરસ હોય છતાં સમભાવ રાખીને આહાર કરવો. (૧૫૧)

**વિવેચન**—જ્યાં ગૌચરી કે મધુકરીથી ભોજનના પદાર્થો પ્રાપ્ત કરવાના છે, જ્યાં સરસ કે નીરસ આહાર પ્રત્યે સમભાવથી જોવાનું છે, જ્યાં આહારાદિનો હેતુ જીવન ટકાવવા સિવાય બીજો કશો નથી, ત્યાં પેટપૂરતા ભોજનની કે જિહ્વાને આહ્લાદ આપે તેવા પદાર્થોની આશા ફોકટ જ હોય; ગમતો કે અણગમતો ન્યૂન કે અધિક જેટલો આહાર પ્રાપ્ત થયો હોય તેટલો આહાર ભિક્ષુઓની વચ્ચે સમભાગે વહેંચીને સંતુષ્ટ રહેવું એ જ ત્યાં કર્તવ્ય છે; પરંતુ આ કર્તવ્ય બજાવવામાં પણ ઉચિત વિનયનું સ્થાન છે. ગુરૂને ભોજનના પદાર્થો બતાવવા, પછી તેના ભાગ પાડવા અને એ ભાગમાંથી પણ બીજા સહચારી ભિક્ષુઓને ભાગ લેવા નિમંત્રણ કરવું, અને જો તેમને તેમાંથી ભાગ લેવા ઇચ્છા ન હોય તો પોતાને મળેલો ભાગ પોતે સમભાવ દૃષ્ટિથી આરોગવો, એટલે વિનય અહીં કર્તવ્ય સૂચવેલો છે. આ વિનયનો હેતુ કેવળ શુષ્ક વિધિપૂરતો નથી. કેટલીક વાર કોઈ મુનિ માંદો હોય છે અને તેને ચોક્કસ પ્રકારનો આહાર વધુ જોઇતો હોય છે. એવે પ્રસંગે ગુરૂ તે મુનિને માટે અમુક આહાર રાખીને બીજા બધા પદાર્થોનો સમભાગ કરવાનું સૂચન કરી શકે છે; એટલે આ વિનય શુભ હેતુ માટે હોય છે.

**દૃષ્ટાંત**—આ વિનયનો હેતુ નહિ સમજેલા પરન્તુ ભદ્રિક સ્વભાવના એક મુનિનું દૃષ્ટાંત અત્ર બંધ બેસતું થશે. એક વાર એક મુનિને એક ગૃહસ્થને ઘેરથી ગોચરીમાં ગરમાગરમ વડાં પ્રાપ્ત થયાં. મુનિએ વિચાર કર્યો કે ઉપાશ્રયે પહોંચતાં આ વડાં ઠરી જશે અને અત્યારે તે ગરમાગરમ છે, તો હું તેમાંનો મારો અર્ધો ભાગ ખાઇ લઉં તો શું ખોટું છે ? વડાંની સંખ્યા ૧૬ હતી, એટલે મુનિએ માર્ગમાં જ તેમાંનાં અર્ધાં વડાં ખાઈ લીધાં અને બાકીનાં ૮ રહેવા દીધાં. માર્ગમાં આગળ વધતાં વળી તેને વિચાર થયો કે

આ વડાંમાંથી ગુરૂ મને અર્ધો ભાગ આપ્યા વિના રહેવાના નથી, એટલે મારા ભાગમાં ૪ વડાં આવશે, તે હું અત્યારે જ ખાઇ લઉં તો શું ખોટું? એમ વિચારી તેણે તેમાંનાં ૪ વડાં માર્ગમાં જ ખાઇ લીધાં અને બાકીનાં ચાર રહેવા દીધાં. વળી આગળ વધતાં પુનઃ તેને એવો જ વિચાર થયો કે ૪ માંનાં ૨ પોતાને ગુરૂ જરૂર આપશે, એમ વિચારી તેણે તેમાંનાં ૨ વડાં ખાધાં, પુનઃ એવો જ વિચાર આવતાં તેમાંનું ૧ ખાધું, અને ઉપાશ્રયે પહોંચતાં બાકી એક વડું રહ્યું. ગુરૂએ આહારની સામગ્રી જોતાં જ મુનિને પૂછ્યું: "હે મુનિ! તમને આ એક જ વડું કયા શ્રાવકે વહોરાવ્યું?" મુનિ ભદ્રિક સ્વભાવના હતા, એટલે તેમણે ૧૬ વડાંની અને પોતે કરેલી ગણત્રી તથા મનથી પાડેલા સમવિભાગની વાત ગુરૂને કહી. ગુરૂએ તેને આહારના સમવિભાગ પાડવાનો અને ગુરૂને આહારની બધી સામગ્રી બતાવવાનો હેતુ સમજાવ્યો, ત્યારે એ સરલ સ્વભાવના મુનિને પોતાનો દોષ સમજાયો અને તેણે પ્રાયશ્ચિત્ત લઇ અવિનય માટે ગુરૂની ક્ષમા યાચી. (૧૫૧)

[ પૂર્વે અપરિગ્રહની પ્રતિજ્ઞા વિષે કહેવામાં આવ્યું છે કે મુનિએ સંગ્રાહક વૃત્તિ પણ છોડવી જોઇએ; હવે અહીં આહારાદિના સંગ્રહદ્વારા પરિગ્રહ ન સેવાય તેટલા માટે ગ્રંથકાર કથે છે. ]

आहाराद्यसङ्ग्रहः । १५२ ॥

**यावन्मात्रमपेक्षते मधुकरीवृत्त्या हि तावन्मितं ।**
**ग्राह्यं नैकगृहाऽटनेन गृहिणां न स्याद्यथा न्यूनता ॥**
**रात्रौ नाशनसङ्ग्रहः समुचितः क्रोशद्वयाद्वाऽपर-**
**मानीतं न च युज्यते सुयमिनां यामत्रयाऽतीतकम् ॥**

### આહારાદિનો સંગ્રહ ન કરવો.

**ભાવાર્થ**—ભિક્ષુઓને એક વખત માટે આહારાદિ જોઇતાં હોય તેટલાં અનેક ઘરે ફરીને મધુકરી વૃત્તિથી થોડાં થોડાં લેવાં, કે જેથી ગૃહસ્થોને સંકોચ ભોગવવો પડે નહિ કે ફરીથી રાંધવું પડે નહિ. દિવસે લાવેલી

ભિક્ષા દિવસે ને દિવસે વાપરી લેવી. રાતે વાસી ન રાખવી. બે ગાઉ ઉપરાંતથી લાવેલી અને ત્રણ પહોર પહેલાંની ભિક્ષા સંયમીએ ન ભોગવવી. (૧૫૨)

**વિવેચન**—મહાત્મા **ગાંધીજી** કહે છે કે "અહિંસક પરિગ્રહ ન કરી શકે. પરમાત્મા પરિગ્રહ કરતો નથી. તેને જોઈતી વસ્તુ તે રોજની રોજ પેદા કરે છે, એટલે જો આપણે તેની ઉપર વિશ્વાસ રાખીએ તો સમજીએ કે આપણને જોઇતી વસ્તુ તે રોજની રોજ આપે છે." સ્વલ્પ પણ તૃષ્ણાનું પોષણ કરે તેનું નામ પરિગ્રહ, અને જો ત્યાગી–સંન્યાસીએ સંપૂર્ણ રીતે અપરિગ્રહી થવું હોય તો તેણે આહારના પદાર્થોનો પણ સંગ્રહ ન કરવો ઘટે. તે તો તેણે રોજ પ્રાપ્ત કરીને રોજ વાપરી નાંખવા જોઇએ. આહારાદિમાં પણ પરિગ્રહબુદ્ધિ ન બંધાઈ જાય, તેટલા માટે આ શ્લોકમાં કહ્યું છે કે એક ટંક કે એક દિવસને માટે જેટલો જોઈએ તેટલો જ વિશુદ્ધ આહાર મુનિએ અનેક ગૃહોમાંથી એકત્ર કરવો જોઈએ, તે ને તે જ દિવસે તેનો ઉપયોગ કરી નાંખવો જોઇએ, અને રાત્રે વાસી પણ ન રાખવો જોઇએ કે જેથી રાત્રિપૂરતો પણ આહારનો સંગ્રહ થવા પામે નહિ. રાંધેલો ખોરાક અમુક સમય પછી બગડી જાય અને તેમાં વિકાર કે જંતુ ઉત્પન્ન થાય, તેટલા માટે બે ગાઉથી વધારે અંતર પરથી લાવેલો કે ત્રણ પહોર પહેલાં વહોરેલો આહાર આરોગવો નહિ એવું સૂચન પણ તેમાં સમાવેલું છે. આ અસંગ્રાહક વૃત્તિ કિંવા નિષ્પરિગ્રહી દશા કેટલી ઉચ્ચ પ્રકારની છે, તે મહાત્મા **ગાંધીજીના** વધુ શબ્દોથી સમજાય તેમ છે. તે કહે છે કે "આદર્શ—આત્યંતિક અપરિગ્રહ તો મનથી અને કર્મથી જે દિગંબર છે તેનો જ હોય; એટલે કે તે પક્ષીની જેમ ઘર વિનાનો, વસ્ત્ર વિનાનો અને અન્ન વિનાનો વિચરશે; અન્ન તો તેને રોજ જોઇશે તે ભગવાન આપી રહેશે." ક્યાં આવી આદર્શ અસંગ્રાહકતા અને ક્યાં ભગવાનને ભોગ ધરાવવાના નિમિત્તથી સંગ્રહ કરી બેઠેલા મઠાધિપતિઓ અને કહેવાતા સંતો ?! (૧૫૨)

**[ નીચેના શ્લોકમાં વસ્ત્ર અને સ્થાનગ્રહણનો વિધિ સંક્ષેપમાં સમજાવ્યો છે. ]**

वस्त्रादिग्रहणविधिः । १५३ ॥

**वस्त्रादिग्रहणैषणाऽपि बहुशो रीत्याऽनया शोभना ।**
**नैतेषामपि सञ्चयः समुचितः कालादिमानाधिकः ॥**
**स्त्रीपुंसादिनिवाससङ्गरहितं स्थानं मुनीनां वरं ।**
**ग्रामे वा विपिने सुखासनकृते शोध्यं समित्या सता ॥**

### વસ્ત્રાદિક લેવાનો વિધિ.

**ભાવાર્થ**—ભિક્ષુને વસ્ત્રાદિની જરૂર પડે ત્યારે પણ ઘણે ભાગે ઉપર બતાવેલ રીત પ્રમાણે જ ગૃહસ્થો પાસેથી અનેષણીય દોષથી રહિત એષણા સમિતિપૂર્વક જરૂર પૂરતાં જ વસ્ત્રો લેવાં; મર્યાદાથી અધિક વસ્ત્રો લઈ તેનો સંચય ન કરવો. ભિક્ષુને રહેવાનું સ્થાન ગૃહસ્થોના નિવાસ અને સંગથી રહિત હોય તે સારૂં; તેવું સ્થાન ગામમાં કે વનમાં સુખે સ્વાધ્યાય ધ્યાનાદિ થઈ શકે તેટલા માટે એષણા સમિતિની દૃષ્ટિથી મુનિએ શોધી લેવું. (૧૫૩)

**વિવેચન**—જેવી રીતે મુનિએ આહાર એષણીય-વિશુદ્ધ લેવો ઘટે, તથા તેનો સંગ્રહ ન કરવો ઘટે, તેવી જ રીતે તેણે વસ્ત્રો પણ વિશુદ્ધ લેવાં જોઇએ અને તેનો સંગ્રહ ન કરવો જોઇએ, એ કથન આ શ્લોકના પૂર્વાર્ધમાં કરેલું છે. પૂર્વે મુનિને માત્ર ત્રણ વસ્ત્રો જ લેવાનું-રાખવાનું સૂચન આવી ગયું છે; આ વસ્ત્રો પણ એષણીય હોવાં જોઇએ અને એષણીયતાનું સૂચન આચારાંગ સૂત્રમાંથી પ્રાપ્ત થાય છે. તેમાં કહ્યું છે કે સાધુ અથવા સાધ્વીએ જે કપડાં ગૃહસ્થે સાધુને માટે ખરીદી લાવેલાં, યા ધોઈ રાખેલાં, યા રંગી તૈયાર કરેલાં, યા સાફ કરેલાં, યા સુધારેલાં, યા સુગંધિત કરેલાં હોય તે વસ્ત્ર તે જ માણસ પાસેથી લેવાં નહિ; આ ઉપરાંત સુંવાળાં, મૂલ્યવાન, ચામડાનાં, જરી-કસબનાં, અને એવાં એવાં કપડાંને અનેષણીય કહ્યાં છે. જોઇએ તે કરતાં વધુ વસ્ત્રો લેવાં કિંવા અનેષણીય અને મૂલ્યવાન વસ્ત્રો લેવાં તે પરિગ્રહના દ્વારની સાંકળ ઉઘાડવા

બરાબર હોઈ તેનો ત્યાગ કરવાનું કથન મુનિધર્મને બંધ બેસતું જ છે. શ્લોકના ઉત્તરાર્ધમાં મુનિને માટે એષણીય સ્થાનનું સંક્ષિપ્ત સૂચન છે, કે જ્યાં સ્ત્રી–પુરૂષોનો નિવાસ ન હોય, તેમના સંગથી રહિત સ્થાન હોય, ત્યાં જ મુનિએ સ્વાધ્યાયાદિની સાધના માટે નિવાસ કરવો. એવું સ્થાન ગામમાં હોય કે વનમાં હોય, તેની ચિંતા કર્યા વિના કેવળ વિશુદ્ધતાની દૃષ્ટિએ જ તેની પસંદગી કરવી.

**દૃષ્ટાંત**—આ પ્રસંગે હેમચંદ્રાચાર્યે વહોરેલા એક વસ્ત્રનું ઉદાહરણ યોગ્ય થઈ પડશે. એ આચાર્ય એક વાર સાંભર ગામમાં પધાર્યા હતા. ત્યાં ધનજી નામના એક નિર્ધન શ્રાવકે પોતાને સારૂ પોતાની સ્ત્રીએ કાંતેલા જાડા સૂતરમાંથી વણાવેલું પાણકોરૂં તેમને વહોરાવ્યું. આચાર્ય પાટણમાં આવ્યા ત્યારે રાજા કુમારપાળ વગેરે ૭૨ રાજાઓ તેમના સત્કારાર્થે સામા આવ્યા, તેમણે જોયું કે આચાર્યે જાડી ખાદી ધારણ કરી છે. કુમારપાળે કહ્યું: "આપ મારા ગુરૂ છો. આપ આવું કપડું ઓઢો એ તો મારે લાજી મરવા જેવું થાય." આચાર્યે જવાબ આપતાં કહ્યું: "તારા રાજ્યમાં તારા સ્વધર્મીઓ કંગાલ દશામાં માંડ માંડ પેટનું પૂરૂં કરે છે, તેમાં તું નથી લાજતો ? અમારે સાધુને શું ? અમારે તો આવાં લુગડાંએ ક્યાંથી હોય ? અમે તો જૂનાં ને ફાટ્યાં–તૂટ્યાં વસ્ત્રોએ પહેરીએ. અમારા શરીરની અમને ચિંતા નથી." એ ઉપદેશથી કુમારપાળે ગરીબ વસતીનું સંકટ નિવારવા દર વર્ષે એક કરોડ સોનૈયા વાપરવાનું ઠરાવ્યું. (૧૫૩)

[સ્થાનૈષણાના સંક્ષિપ્ત સૂચનને હવે પછીના ત્રણ શ્લોકમાં ગ્રંથકાર વિસ્તારથી સમજાવે છે.]

**स्थानैषणाविधिः ।१५४॥**

**स्थानस्याऽधिपतेर्जनस्य नितरामाज्ञां विनैकक्षणं ।**
**स्थातुं नोचितमात्मनिष्ठितवतां स्थेयं नियोगे ततः ॥**

यस्याज्ञानिलयस्य तस्य किमपि ग्राह्यं न भोज्यादिकं।
स्थित्वा तत्र यथोचितं न ममता स्वल्पाऽपि कार्या सता॥

कीदृशं निवासस्थानम्? ।१५५॥

धर्मार्थं गृहिणा कृतं बहुजनैः सम्भूय संघेन वा।
स्थानं नानुचितं सतां निवसितुं निर्मोहभावेन तत्॥
दोषस्याऽत्र च सम्भवो यदि तदा स्थेयं गुहायां वने।
ग्रामे तादृशमेषणीयनिलयं स्याद्दुर्लभं प्रायशः॥

साधूपाश्रये स्त्रीसाध्वीगमनागमनपरिहारः।१५६॥

स्थाने यत्र वसन्ति सन्मुनिवरा व्याख्यानकालं विना।
साध्वीनां तरुणीजनस्य बहुशो गत्यागती नोचिते॥
साध्व्यो यत्र वसन्ति तत्र न नरैर्गम्यं विना पर्षदं।
सद्भिर्नैव कदाचनापि तरुणैर्गाढं विना कारणम्॥

## સ્થાનની એષણાનો વિધિ.

**ભાવાર્થ**—જે મકાનમાં ભિક્ષુને ઉતરવાનું છે તે મકાનના માલેકની રજા વિના એ ક્ષણ તેમાં રહેવું આત્મનિષ્ઠાવાળા મુમુક્ષુને ઉચિત નથી; માટે પૂરતી રીતે તેની રજા લઈને જ ઉતરવું. જેની રજા લઈને મકાનમાં નિવાસ કર્યો હોય તેના ઘરનો આહાર કે પાણી કશું ભિક્ષુથી લેવાય નહિ. જેટલો વખત ત્યાં રહેવું હોય, તેટલો વખત રહીને પણ તે સ્થાનની મનમાં જરા પણ મમતા બાંધવી નહિ. (૧૫૪)

## કેવા પ્રકારનું નિવાસસ્થાન?

જે સ્થાનક ગૃહસ્થોને માટે ધર્મધ્યાન કરવાના હેતુથી એક ગૃહસ્થે બંધાવ્યું હોય કે સંઘે મળીને બંધાવેલું હોય, પણ તે સ્થાનકમાં ભિક્ષુઓ નિર્મોહભાવે ઉતરે અને રહે તેમાં કાંઈ અનુચિતપણું નથી; તેવા સ્થાનકમાં વસતાં પણ જેને દોષનો સંભવ જણાતો હોય અને તદ્દન નિર્દોષ રહેવું હોય, તેમણે જંગલમાં કે ગુફા આદિ સ્થાનમાં જ રહેવું જોઇએ. ગામમાં તેવું સ્થાન મળવું પ્રાયે દુર્લભ છે. (૧૫૫)

## સાધુઓ ઉતરે ત્યાં સ્ત્રી આદિનું ગમનાગમન ન જોઇએ.

જે સ્થાનમાં ત્યાગીઓ–ભિક્ષુઓ ઉતર્યા હોય, તે સ્થાનમાં વ્યાખ્યાનના સમય વિના તરૂણીઓ અને સાધ્વીઓનું વધારે ગમનાગમન થાય તે ઉચિત નથી; તેમજ જ્યાં સાધ્વીઓનો નિવાસ હોય ત્યાં સભાસમય વિના પુરૂષોએ અને તરૂણ ભિક્ષુઓએ ખાસ કારણ વિના જવું નહિ. (૧૫૬)

**વિવેચન**—નિવાસસ્થાનક એ એક ત્યાગીને માટ સંયમનિર્વાહનું ઉપકરણ માત્ર છે, એટલે એ સ્થાનક એવું હોવું જોઇએ કે જે તેને **સંયમ-સાધનાને** માટે પૂરતું અનુકૂળ અથવા વિશુદ્ધ હોય. આટલા માટે સ્થાનના સંબંધમાં એષણીયતાનાં લક્ષણો બોધતાં આચારાંગ સૂત્રમાં **णो पण्णस्स णिक्खमणपवेस–जाव–धम्मा–णुजोगचिंताए** એ મુજબ કહ્યું છે. એટલે કે જે પ્રાજ્ઞ પુરૂષોને નીકળવા–પ્રવેશવામાં કે ધર્મવિચારણા કરવામાં અગવડભરેલું સ્થાન હોય તે ગ્રહણ કરવું નહિ. આ દૃષ્ટિપૂર્વક મુનિને માટે વિશુદ્ધ સ્થાન કયું? એવું સ્થાન મુનિએ કેવી રીતે લેવું? તેવા સ્થાનમાં વસીને તેને એષણીય જ રાખવા માટે કેમ વર્તવું? અને તેવું સ્થાન જો ન જ પ્રાપ્ત થાય તો શું કરવું? આ બધા પ્રશ્નોની વિચારણા આ શ્લોકોમાં કરવામાં આવી છે. પ્રથમ તો જે સ્થાન પોતાની સંયમસાધના માટે બાધક ન લાગે તેવું સ્થાન પસંદ કરવું અને તે સ્થાનના માલેકની તેમાં ઉતરવા માટે પરવાનગી લેવી. ભલેને, મુસાફરખાનાનો જ કોઈ ખંડ હોય, પરન્તુ તેના માલેક કે રખેવાળની પરવાનગી લેવી જ જોઇએ. આવા સ્થાનમાં જતાં આવતાં હિંસા કરવી પડતી ન હોય, કોઇને તકલીફ પડતી ન હોય, હિંસક

કે મોટા શબ્દો કાને પડતા ન હોય, ચિત્તવૃત્તિ ચંચળ બને તેવાં દૃશ્યો નજરે આવતાં ન હોય, એવી બધી બાબતોનો વિચાર કરીને મુનિએ જોવું કે આ સ્થાનમાં સંયમની સાધના સુષ્ઠુ પ્રકારે થઇ શકશે, તો જ તેમાં વસવા માટે માલેકની પરવાનાગી લેવી ઈષ્ટ છે. આવી રીતે જે માલેક કે રખેવાળની પરવાનગી લેવામાં આવી હોય તેના ઘેરથી ભોજ્યાદિક પદાર્થો ન લેવા જોઇએ, તેનું કારણ સ્પષ્ટ છે. જે ગૃહસ્થ સ્થાન આપે તે ગૃહસ્થ જો ભોજનના પદાર્થો પણ આપે, તો તેથી મુનિ એક જ ઘરના મ્હેમાન બની જાય અને પરિણામે તેમાંથી રાગ કે મમતા ઉત્પન્ન થવાનો સંભવ રહે; કદાચિત એ સ્થાનનો માલિક મુનિની જરૂરીઆતોનો અગાઉથી ખ્યાલ કરીને મુનિને માટે જ કાંઇ વસ્તુઓ તૈયાર કરવાને અને તે મુનિને અર્પણ કરવાને લલચાય, પરન્તુ તેથી મુનિ દોષભાગી થાય: વળી સ્થાન આપનારને સ્થાનની સાથે ભોજનના પદાર્થો આપતાં મનથી પણ સંકોચ થાય અને બહારથી તેવો સંકોચ તે ન દર્શાવી શકવાથી તેનું મન દુભાય; આવાં અનેક કારણોથી મકાનના માલીકના ગૃહેથી ભોજનના પદાર્થો ન ગ્રહણ કરવાની આજ્ઞા ઉચિત છે. તેમાં વિનય ધર્મ અને ગોચરીની અહિંસા રહેલાં છે. આવું નિર્દોષ સ્થાન વસતીમાં મળવું ઘણીવાર મુશ્કેલ થઈ પડે છે. જે ઘરમાં ગૃહસ્થો રહેતા હોય તે ઘરમાં સ્ત્રીઓ, ચાકરો, પશુઓ વગેરે હોય, અને તેવા સ્થાનમાં સંયમનો નિર્વાહ મુશ્કેલ થઈ પડે. આચારાગ સૂત્રમાં કહ્યું છે કે "જે મકાનમાં ગૃહસ્થોના સમુદાયની વચ્ચે થઇને દાખલ થઇ શકાતું હોય અને તેથી જવા–આવવામાં અગવડભરેલું હોય તેવું મકાન સાધુ કે સાધ્વીએ લેવું નહિ; જે મકાનમાં ઘરધણી કે ચાકરડીઓ પરસ્પર લડતાં હોય, તથા તૈલાદિથી અભ્યંગ કરતાં હોય, નહાતાં હોય અથવા નગ્ન થઈ રહેતાં હોય, તેવા મકાનમાં રહેવું નહિ: જે સ્થાન ચિત્રામણથી ભરપૂર હોય અને તેથી ધર્મધ્યાનને અનુકૂળ ન હોય તેવા સ્થાનમાં રહેવું નહિ." આવાં દૂષણોથી રહિત વસતીની વચ્ચેનું સ્થાન કોઈ ગૃહસ્થનું મળવું મુશ્કેલ છે, એટલે કોઈ ગૃહસ્થે કિંવા ગૃહસ્થોના સમુદાયે ધર્મક્રિયાને અર્થે કોઇ સ્થાન બનાવ્યું હોય, તે સ્થાન ત્યાગી–મુનિના નિવાસ માટે નિર્દોષ હોવાનો વધુ સંભવ છે. વસ્તુતઃ આવું સ્થાન કે જે ઉપાશ્રય કહેવાય છે તે ગૃહસ્થોની ધર્મ-

કરણીને અર્થે બંધાવવામાં આવેલું હોય છે, મુનિઓને માટે જ બંધાવેલું હોતું નથી, એટલે મુનિઓને માટે એવું સ્થાન એષણીય જ લેખાય, છતાં કેટલાકો તેવા સ્થાનમાં દોષ જુએ છે, અને તેથી ઉપાશ્રયમાં નિવાસ કરવાનું ઉચિત સમજતા નથી. ઉપાશ્રયમાંનો નિવાસ નિર્મોહભાવે કે મમત્વરહિત કરવામાં આવતાં સંયમસાધનાને માટે અનુકૂળ નીવડે છે. છતાં આવા ઉપાશ્રયોમાં વસતાં પણ જેઓ દોષ માનતા હોય તેઓને માટે નિર્દોષ સ્થાન કુદરતી રીતે બનેલી ગુફાઓ કે વન–ઉપવન જ માત્ર છે, કારણકે મનુષ્યોના કશા આરંભ સમારંભ વિના એવાં સ્થાનો બનેલાં હોય છે, જ્યારે નગર કે ગામમાંનાં મકાનોમાં આરંભ–સમારંભ થએલો હોય છે, એટલે નગરમાં સમારંભ વિના બનેલું કુદરતી સ્થાન પ્રાયઃ દુર્લભ હોય છે. વિશુદ્ધ સ્થાન શોધ્યું હોય, મેળવ્યું હોય, તથાપિ તે પુનઃ અશુદ્ધ બની જાય છે, તેટલા માટે તેને વિશુદ્ધ રાખવા પણ યત્નવંત રહેવું જોઇએ. સંયમને બાધાકારક પ્રસંગો ન ઉપસ્થિત થાય, કિંવા મમત્વ, મોહ કે રાગનું ઉદ્દીપન ન થાય, તેટલા માટે ગ્રંથકારે એક જ મુખ્ય ચેતવણી વર્તમાન સમયના વાતાવરણનો વિચાર કરીને આપી છે, અને તે ચેતવણીને શાસ્ત્રકારોનો ટેકો પણ છે. તે ચેતવણી એ છે કે વ્યાખ્યાન કે કથાના પ્રસંગ સિવાય સાધુઓના નિવાસસ્થાનમાં તરૂણી સ્ત્રીઓએ કે સાધ્વીઓએ બહુ આવજા કરવી નહિ અને સાધ્વીઓના નિવાસસ્થાનમાં તેવા સમય સિવાય તરૂણ પુરૂષોએ કે ભિક્ષુઓએ ઉચિત કારણ વિના બહુ આવજા કરવી નહિ.

**દૃષ્ટાન્ત**—એકદા એક વૃદ્ધ સંન્યાસી પોતાના એક જુવાન સંન્યાસી શિષ્ય સમેત એક ધર્મશાળામાં આવી પહોંચ્યા. ધર્મશાળાના રક્ષકે એઉને પોતાના નિવાસના ખંડની બાજુએ જ આવેલા એક સ્વચ્છ અને સુંદર ખંડમાં ઉતરવાની રજા આપી એટલે બેઉએ ત્યાં મુકામ કર્યો. શિષ્ય યોગની શ્રેણી ઉપર સારી પેઠે ચડતો હતો, નિત્ય પ્રાણાયામાદિમાં સારી પેઠે સમય ગાળતો હતો અને વિદ્યાભ્યાસમાં પણ ઠીક આગળ વધેલો હતો. શિષ્ય સત્કર્મશીલ હોઇને ગુરૂનો તેની પ્રત્યે સંતોષ અને વત્સલ ભાવ હતો.

શિષ્ય રોજ નગરમાંથી માધુકરી લાવતો અને ગુરૂ શિષ્ય એક વાર ભોજન કરી નિત્યકર્મ, અધ્યયન, ધ્યાનાદિમાં સમય ગાળતા. કાન એ એક એવી ઈંદ્રિય છે કે તે અનિચ્છાએ પણ વિષયને ગ્રહણ કરે છે. ધર્મશાળાના રક્ષકની નવી સ્ત્રી અને તેની એક જુવાન પુત્રી રોજ ઘરમાં બેઠાં બેઠાં અવનવાં ગીત ગાતી, તે શિષ્યના કાનમાં આપોઆપ પ્રવેશવા લાગ્યાં, કારણકે બેઉ ખંડની વચ્ચે માત્ર એક દિવાલ જ આડી હતી. શિષ્ય પ્રાણાયામ કે ધ્યાન કરવા બેસે, ત્યારે પણ તેનું ચિત્ત એ મધુર કંઠનાં ગીતો તરફ વળવા લાગ્યું અને થોડા દિવસમાં તો તે ગીતોની માધુરી તેને એટલી આકર્ષક થઇ પડી કે એ ગીત ગાનારી સ્ત્રીઓનાં મુખનું દર્શન કરવાની ઇચ્છા તેને થવા લાગી. આ ઇચ્છાને તૃપ્ત કરવા એક વાર શિષ્ય એ રક્ષકને ઘેર જ માધુકરી માટે ગયો. રક્ષકની પુત્રીએ ભાવપૂર્વક તેને માધુકરી આપી, તે સમયે તેની અને શિષ્યની આંખો મળી. એ જ ક્ષણે શિષ્યને નેત્રવિકારે મ્હાત કર્યો. પછી તે રોજ રોજ રક્ષકને ઘેર માધુકરી માટે જવા લાગ્યો અને એ જુવાન બાળાનું દર્શન કરી આનંદ પામવા લાગ્યો. શિષ્યના ચિત્તની ચલિતાવસ્થા કેટલેક સમયે ગુરૂના જાણવામાં આવી, એટલે તેમણે એ સ્થાનનો ત્યાગ કરવાની તૈયારી કરી, પરન્તુ શિષ્યને તો એ સ્થાનનું મમત્વ ઉત્પન્ન થઈ ચૂક્યું હતું એટલે તેણે એ જ સ્થાને રહેવાનો આગ્રહ પકડી રાખ્યો. ગુરૂએ શિષ્યને પોતાનો સંન્યાસીધર્મ સમજાવ્યો પણ શિષ્યે માન્યું નહિ, એટલે ગુરૂ ચાલ્યા ગયા અને શિષ્ય એ સ્થાનમાં એકલો રહેવા લાગ્યો. દિવસ પછી દિવસ જવા લાગ્યા. એક વાર કોઇ કારણ પ્રસંગે રક્ષકની નવી સ્ત્રી અને તેની પુત્રી લડી પડયાં અને એક બીજાને ગાળો દેવા લાગ્યાં. રક્ષક આવ્યો, તેને તેની સ્ત્રીએ ઉંધું ઉંધું સમજાવ્યું એટલે તેણે પુત્રીને શિક્ષા કરી. મમત્વથી પક્ષપાતવાળા થએલા શિષ્યને એ બાળાની દયા આવી અને એક એકાંત પ્રસંગે તેણે એ બાળાને કહ્યું કે: "હે સુંદરી! પિતાના ઘરમાં આવો કલેશ વેઠવા કરતાં તું મારી સાથે આવે, તો હું તારો નિર્વાહ કરીશ અને મારી પાસે કશું દુઃખ તને પડશે નહિ." સરળ સ્વભાવની એ બાળા પોતાની નવી માતાથી અને ક્રૂર પિતાથી કંટાળી હતી, તેને શિષ્યનાં આવાં

વચનોથી આશ્વાસન મળ્યું અને તેને પણ તે જુવાન સંન્યાસી પ્રત્યે રાગ ઉત્પન્ન થયો. એકદા રાત્રિને સમયે તે બાળા શિષ્ય પાસે આવી અને શિષ્ય તેની સાથે ત્યાંથી ચાલી નીકળ્યો. રક્ષકે રાજદરબારમાં ફરીયાદ કરી અને કોટવાળે જુવાન સંન્યાસી તથા રક્ષકની પુત્રીને નાસી જતાં પકડી રાજાની પાસે હાજર કર્યા. ગુરૂને આ વાતની ખબર પડી એટલે તે પણ રાજા પાસે આવ્યા. આપત્તિમાં આવી પડેલો શિષ્ય ગુરૂને વળગી પડચો અને બોલ્યો: "ઓ ગુરૂદેવ! હું પતિતને તમે બચાવો." ગુરૂએ રાજાને કહીને શિષ્યને છોડાવ્યો અને તેને તેના દોષનું પ્રાયશ્ચિત્ત આપ્યું; પરન્તુ હવે શિષ્યને યોગમાર્ગમાં એકડે એકથી ઘુંટવાની શરૂઆત કરવી પડી! એષણારહિત–અશુદ્ધ સ્થાન સંયમમાર્ગે ચડતા ત્યાગીને કેવી રીતે નીચે પાડવાના નિમિત્તરૂપ બને છે, અને ક્રમે ક્રમે વધુ ને વધુ અસંયમ ચિત્તમાં પ્રવેશ કરતો જાય છે, તે દર્શાવનારૂં આ દૃષ્ટાન્ત છે. (૧૫૪–૧૫૫–૧૫૬)

[ કોઇ વાર લાંબા સમય સુધી એકનું એક સ્થાન સેવવાથી પણ રાગ કે મમત્વનું કારણ બની જાય છે અને સંયમની સાધનામાં બાધક થાય છે, તેટલા માટે સંયમીને માટે એક જ સ્થાનમાંના નિવાસની કાળમર્યાદા નિમ્ન શ્લોકમાં દર્શાવી છે. ]

**निवासमर्यादा । १५७ ॥**

**ग्रीष्मे वा शिशिरे सतां निवसनं मासात्परं नोचितं।**
**वर्षे मासचतुष्टयात्परतरं स्थातुं न युक्तं मुनेः ॥**
**एकत्राऽधिकवासतो यमभृतां शैथिल्यसङ्गादयो–**
**नातः कारणमन्तरेण मुनिभिः स्थेयं हि मानात्परम् ॥**

### નિવાસની મર્યાદા.

**ભાવાર્થ**—શિયાળામાં અને ઉનાળામાં ત્યાગીઓએ ખાસ કારણ વિના એક મહીનાથી વધારે એક સ્થાને ન રહેવું; ચોમાસામાં ચાર મહીનાથી વધારે ન રહેવું. કારણ વિના એક ઠેકાણે વધારે રહેવાથી ગૃહસ્થોની સાથે

દૃષ્ટિરાગ–મોહ બંધાય છે, અને તેથી ચારિત્ર્યમાં શિથિલતા આદિ દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે; માટે વિનાકારણે મુનિઓએ એક સ્થાને મર્યાદાથી અધિક નિવાસ ન કરવો. (૧૫૭)

**વિવેચન**—થોડા સમયનો એક સ્થાનનો નિવાસ પણ ત્યાગીઓને પ્રસંગવશાત્ મમત્વોપાદક થઇ પડે છે અને તેમના સંયમમાં બાધા નીપજાવે છે, તો પછી ચિર સમયનો નિવાસ તેમને પતિત કરે તેમાં શું આશ્ચર્ય છે? જૂદે જૂદે સ્થળે ત્યાગી મહંતો મંદિરોમાં પોતાનો અડ્ડો જમાવી બેઠા છે અને અનેક પ્રકારના લોભ, લાલચ તથા વિકારમાં ભરાઈ પડયા છે, સંન્યાસીઓ પણ મઠાધિપતિઓ થઇને બેઠા છે અને યતિઓ ઉપાશ્રયોના માલિક થઇ બેઠા છે, તેનું ખરૂં કારણ જો જોઇએ તો તેમને એક સ્થાનનો બંધાઈ ગએલો મોહ માત્ર છે, અને પછી એ મોહની આસપાસ પોતે જ રચેલા જાળામાં પોતે ફસાઇ પડયા હોય છે. મધ્ય કાળમાં ઉત્પન્ન થએલો ચૈત્યવાસી સાધુઓનો વર્ગ અને હાલનો જતિવર્ગ મૂળે સંયમી જૈન સાધુવર્ગ હોવા છતાં આજે તે સંયમથી કેટલો દૂર જઇ બેઠો છે? આવી રાગની જાળમાં એક સંયમી સાધુ કે સંન્યાસી ન ફસાય તેટલા માટે એક જ સ્થાનમાં નિવાસ કરવા માટેની કાળમર્યાદા બાંધવી આવશ્યક છે અને તે આ શ્લોકમાં બાંધી છે. ચાતુર્માસના ચાર મહિના એક સ્થાને રહેવું અને ગ્રીષ્મ તથા શિશિરમાં સ્થળે સ્થળે ફર્યા કરવું, પણ કોઈ સ્થાને એક માસ કરતાં વધુ સમય ન રહેવું એવું સૂચન અત્ર કરેલું છે, કારણકે એથી વધુ સમય એક સ્થળમાં રહેતાં લોકો સાથે દૃષ્ટિરાગ બંધાય છે અને ચારિત્ર્ય શિથિલ બનતું જાય છે. સંન્યાસીઓને અને જૈન મુનિઓને પણ તેમનાં પૃથક્ પૃથક્ શાસ્ત્રો ચાતુર્માસમાં એક જ સ્થાને રહેવાની આજ્ઞા કરે છે, કારણકે ચાતુર્માસ એ અનેક જીવ–જંતુઓની ઉત્પત્તિનો સમય હોવાથી તે ઋતુમાં કરવામાં આવતો પ્રવાસ હિંસાનું કારણ થઇ પડે છે. અત્ર कारणमन्तरेण–અર્થાત્–'વિનાકારણે' એવો શબ્દપ્રયોગ કરેલો છે, તેનો હેતુ એવો છે કે આ કાળમર્યાદાનો ભંગ કાંઇ ઉચિત કે મહત્ત્વના કારણે થઇ શકે છે. બીમારીનું, બિમાર મુનિની સેવાનું, વૃદ્ધાવસ્થાનું, મહામારીનું, વિગ્રહનું કે એવું કાંઇ કારણ હોય, તો

આ માસકલ્પ અને ચાતુર્માસ કલ્પનો ભંગ અનિવાર્ય હોઇ, તેથી વધુ સમય એક સ્થાને રહી શકાય, પરન્તુ એ કારણ દૂર થતાંની સાથે જ મુનિએ પુનઃ પોતાની આચારમર્યાદાનું પાલન કરતા થઇ જવું જોઇએ. (૧૫૭)

[ મુનિએ સ્થળે સ્થળે શામાટે અને કેવી રીતે વિહાર કરવો તે નીચેના બે શ્લોકમાં દર્શાવવામાં આવ્યું છે. ]

अप्रतिबद्धविहारः । १५८ ॥

**रुद्धं शैवलिनीजलं मलयुतं स्रोतो गतं निर्मलं ।**
**तद्वत्साधुजना विशुद्धचरिताः स्युश्चेद्विहारोद्यताः ॥**
**द्रव्यादिप्रतिबन्धतोऽप्रतिहतैर्यावच्च जङ्घाबलं ।**
**गन्तव्यं क्षितिमण्डले मुनिवरैर्देशानुदेशं क्रमात् ॥**

साधूनां पादविहारः । १५९ ॥

**नाऽश्वोष्ट्राद्यधिरोहणं न च कदा गन्त्र्यादियानासनं ।**
**नो नौकाशिबिकादिरोहणमथो निष्कारणं युज्यते ॥**
**वस्त्राद्यं निखिलं निजोपकरणं स्कन्धादिनोढ्वा स्वयं ।**
**पादेनैव वरं विहारकरणं संन्यासिनां श्रेयसे ॥**

## અપ્રતિબંધ વિહાર.

**ભાવાર્થ**—નદીનું પાણી એક ઠેકાણે રૂંધાઈ રહે છે તો તે મેલ કે શેવાળથી ગંદું થાય છે, પણ પ્રવાહમાં ચાલતું હોય તો તે નિર્મળ રહે છે; તેવી રીતે સાધુ જનો એક ઠેકાણે રોકાઇ ન રહેતાં વિહારમાં ઉદ્યત રહે છે તો તેમનું ચારિત્ર્ય નિર્મળ રહે છે. માટે જ્યાંસુધી રોગ કે જરા અવસ્થાથી જંઘાબળ ક્ષીણ ન થયું હોય ત્યાંસુધી કોઇ પણ દ્રવ્યાદિ પ્રતિબંધથી ન બંધાતાં મુનિઓએ એક દેશમાંથી બીજા દેશમાં ક્રમસર પૃથ્વીની પીઠ ઉપર યોગ્ય સ્થળે વિચરવું જોઇએ. (૧૫૮)

## ૩૫૯

# સાધુઓની પગની મુસાફરી.

સાધુ જનોએ—સંન્યાસીઓએ ઘોડા ઊંટ આદિ વાહન ઉપર ન બેસવું, ગાડી—ગાડા કે રથમાં પણ ન બેસવું, વિનાકારણે નાવ, વહાણ કે પાલખીમાં ન બેસવું, વસ્ત્રપાત્રાદિ પોતાનાં બધાં ઉપકરણ મજૂર પાસે ન ઉપડાવવાં, પણ પોતાના ખભા ઉપર ઉપાડીને પગપાળા મુસાફરી કરવી, તે જ ત્યાગીઓને માટે શ્રેયસ્કર છે. (૧૫૯)

**વિવેચન—**પૂર્વે એક સ્થાને ચિરસમય નિવાસ કરવાનાં જે દૂષણો બતાવ્યાં છે, તેથી ઉલટી રીતે અહીં અપ્રતિબદ્ધ રીતે વિહાર કરવાના લાભો બતાવ્યા છે. સરિતામાં વહી જતા જળની નિર્મળતાના જેવું એક ત્યાગીનું જીવન નિર્મળ ત્યારે જ રહે કે જ્યારે તે મોહ કે મમત્વનાં સાધનોથી દૂર રહે અને કોઈ એક સ્થળે દૃષ્ટિરાગ બંધાયા પૂર્વે જ ત્યાંથી વિહાર કરીને અન્ય સ્થળે જઈ વસે, અર્થાત્ જળની પેઠે તે પણ હમેશાં વહેતો જ રહે. તેનો આ વિહાર કે વહન પણ જંઘામાં બળ હોય ત્યાંસુધી અપ્રતિહત રીતે ચાલુ રહેવું જોઇએ, તેનો હેતુ બીજા શ્લોકમાં સ્ફુટ કરેલો છે. જંઘાબળની અપેક્ષા એટલા માટે છે કે સાધુથી વાહનમાં બેસીને કે ઊંટ—ઘોડાપર ચડીને પ્રવાસ કરવો ઉચિત નથી, તેમ જ પોતાનાં ઉપકરણોનો બોજો પણ પોતે જ ઉપાડવાનો છે. "વહેતા જળમાં હોયે ન મળ" એવું કહેવત છે, અને એ જ કહેવતને ગ્રંથકારે ગ્રહણ કર્યું છે, છતાં એ વહન નદીમાંનું હોવું જોઇએ, નહિ કે લોખંડના પાઈપની અંદર બંધાઇને વહી જતા જળનું. જેવી રીતે પાઈપમાં—નળમાં વહી જતું જળ બંધાઇને વહેતું હોવાથી નળની અંદર શેવાળ કે કાટ બાઝે છે અને પાણી મલિન થવાનો સંભવ રહે છે, તેવી રીતે અશ્વ, ઊંટ, પાલખી, વહાણ ઈત્યાદિ વાહન ઉપર બેસીને વિહાર કરતા મુનિની મનોવૃત્તિને પણ કાટ ચડવાનો ભય રહે છે. ગમનાગમનનો જે સંયમ જંઘાબળથી વિહાર કરતો મુનિ કે ત્યાગી જાળવી શકે છે તે સંયમ પારકે પગે પ્રવાસ કરનાર ત્યાગી જાળવી શકતો નથી અને એ રીતે ગમના-

ગમનનો પરિગ્રહ વધે છે. આટલા માટે વાહનનો ત્યાગ કરવાનું અને પોતાના પગમાં બળ હોય ત્યાંસુધી એક પછી એક દેશમાં ફરતા ફરવાનું–ઉડતા નિર્દોષ પંખીના જેવું જીવન ગાળવાનું ત્યાગી–મુનિને માટે ફરમાવવામાં આવેલું છે. પોતાનાં ઉપકરણોનો બોજો પણ પોતે ઉપાડવાનું મુનિને માટે ઇષ્ટ છે. તેથી જ્ઞાનાદિનાં કે દેહનિર્વાહનાં ઉપકરણોનો પરિગ્રહ પણ ઓછો થાય છે અને સંયમ વધે છે. તેથી ઉલટું જે મહંતો અને સંન્યાસીઓ રેલ્વેમાં વિહાર કરતા ફરે છે તેમનાં ઉપકરણો તો રેલ્વેના ડબ્બે–ડબ્બા ભરાય તેટલાં હોય છે તે તેમની સવારીઓનાં દશ્યો જોનારાઓને જાણીતું છે! ત્યાગ એ જ જેનો ધર્મ છે અને સંયમ એ જ જેની સાધ્ય વસ્તુ છે, તેણે પોતાનાં ઉપકરણોનો ભાર ઉંચકવા માટે પરાશ્રયી થવું પડે તે શું પામરતા નથી? છતાં વૃદ્ધાવસ્થાને કારણે જ્યારે પગે વિહાર થઈ ન શકતો હોય, કિંવા પોતાનાં વસ્ત્ર–પાત્રાદિ ઉપાડી ન શકાતાં હોય, ત્યારે પાલખી જેવા સાધનનો ઉપયોગ કરવાની મુનિને જરૂર પડે છે અને જ્યારે પૂલ વિનાની જળભરિત નદી જેવું સ્થાન ઓળંગવાનું હોય છે, ત્યારે વહાણમાં બેસવાની પણ મુનિને જરૂર પડે છે: આવી અનિવાર્યતાને કારણે निष्कारण શબ્દ યોજીને ગ્રંથકારે અપવાદયુક્ત સ્થિતિનું યોગ્ય રક્ષણ કર્યું છે. આ રેલ્વેના અને હવાઇ વિમાનોના યુગમાં કદાચ એવું લાગે કે પગપાળી મુસાફરી કેટલી થઇ શકે? દૂર દૂરના દેશમાં જઇને મુનિ ઉપદેશદાન શી રીતે કરી શકે? પરન્તુ ભૂલવું ન જોઇએ કે પૂર્વે જૈન મુનિઓએ ભારતની ચારે દિશામાં પગપાળા ફરી વળીને જ ઉપદેશપ્રચાર કર્યો હતો અને બૌદ્ધ સાધુઓએ પણ પગપાળા ફરીને બ્રહ્મદેશ, ચીન અને જાપાન સુધી બૌદ્ધ ધર્મનો ફેલાવો કર્યો હતો. તે વખતે આગગાડી, સ્ટીમર કે હવાઇ વિમાનો નહોતાં. વસ્તુતઃ ઉપદેશપ્રચારનો આધાર ગમનાગમનની સગવડ ઉપર રહેલો નથી, પરન્તુ ઉપદેશકના સંયમ અને તપ ઉપર રહેલો છે. (૧૫૮–૧૫૯)

**[ક્રમે કરીને હવે આદાનભંડનિક્ષેપ અર્થાત્ વસ્ત્ર–પાત્રાદિ લેવા–મૂકવાની સમિતિનો વિષય આવે છે.]**

वस्त्राद्यादाननिक्षेपविधिः । १६० ॥

**वस्त्रादेर्न च यत्र तत्र धरणं किन्तु व्यवस्थापुरो ।**
**न्यासो योग्यपदे सदा यतनयाऽऽदानं पुनः कारणे ॥**
**तत्सर्वं घटते विना न यमिनां सम्मार्जनं वीक्षणं ।**
**तद्ग्राह्यं न्यसनीयमत्र सकलं सम्मार्ज्य दृष्ट्वा तथा ॥**

### વસ્ત્ર-પાત્રાદિ લેવા-મૂકવાનો વિધિ.

**ભાવાર્થ**—મુનિઓએ પોતાનાં વસ્ત્રાદિ ઉપકરણ જ્યાં ત્યાં રખડતાં ન મૂકવાં, કિન્તુ વ્યવસ્થાપૂર્વક વીંટી બાંધીને યોગ્ય સ્થાને યતનાપૂર્વક મૂકવાં; વળી તેનું કામ પડે ત્યારે યતનાથી લેવાં, પણ તે નજરે જોયા વિના કે પૂંજણીથી પૂંજ્યા વિના લેવાં--મૂકવાં ન ઘટે; માટે જે કંઈ લેવું--મૂકવું પડે તે જોઈ પૂંજીને લેવું કે મૂકવું. (૧૬૦)

**વિવેચન**—'આદાનનિક્ષેપ' એ પાંચમાંની ચોથી સમિતિ છે. જાણ્યે કે અજાણ્યે સૂક્ષ્મ જંતુઓની હિંસા ન થાય તેટલા માટે એક મુનિએ પોતાનાં ઉપકરણો સાથે કેવી રીતે વર્તવું તેનું આ શ્લોકમાં સૂચન છે. આદાનનિક્ષેપ સમિતિની વ્યાખ્યા એવી છે કે—

**ग्राह्यं मोच्यं च धर्मोपकरणं प्रत्युपेक्ष्य यत् ।**
**प्रमार्ज्य चेयमादाननिक्षेपसमितिः स्मृता ॥**

અર્થાત્—ધર્મોપકરણોને જોઈને તથા પ્રમાર્જીને લેવાં મૂકવાં, તે આદાનનિક્ષેપ નામની સમિતિ છે. કોઈ પણ વસ્તુને જોઈને-સંમાર્જીને લેવી તથા મૂકવી તેના બે લાભો મુખ્ય છે. એક લાભ એ છે કે વસ્ત્ર કે પાત્રાદિને જો કોઈ ઝેરી જંતુ વળગ્યું હોય તો તેને જોઈને-સંમાર્જીને લેવા મૂકવાથી તે જંતુના દંશમાંથી બચી શકાય: આ લાભ પોતાના હિતનો છે; પણ આ સમિતિનો હેતુ તો હરકોઈ જંતુની અકારણ હિંસા થતી અટકાવવાનો છે, અને તે જ પરમ આધ્યાત્મિક લાભ છે. આ લાભને માટે—સમિતિના પાલનને અર્થે મુનિને અત્ર કહેવામાં આવ્યું છે કે—તેણે પોતાનાં ઉપકરણો જોઈને—

પૂંજણીથી સંમાર્જીને ધીરેથી યતનાપૂર્વક મૂકવાં લેવાં તથા સુવ્યવસ્થિત રાખવાં, પણ બેદરકારીથી જેમ–તેમ ફેંકવાં, ઉડાડવાં કે હડસેલવાં નહિ. યતનાસહિત અને યતનારહિત પોતાની વસ્તુઓ લેવા–મૂકવાની ટેવવાળાં મનુષ્યોનાં કાર્યોનું તુલનાપૂર્વક નિરીક્ષણ કરનારાઓથી જ એ સમજી શકાશે કે આ બાહ્યતઃ નજીવી દેખાતી યતના મનુષ્યને કેટલી અકારણ હિંસામાંથી બચાવી લે છે. (૧૬૦)

[હવે આ સમિતિના એક અંગરૂપ પ્રતિલેખન-પડિલેહણની ક્રિયાની આવશ્યકતા ગ્રંથકાર દર્શાવે છે.]

**वस्त्रादिप्रतिलेखनक्रिया ।१६१ ॥**

**उद्युक्तो दिवसे सदा नियमतः प्रातश्च सायं यमी ।**
**वस्त्रादेः प्रतिलेखनं विधियुतं कुर्याच्च सूक्ष्मेक्षया ॥**
**स्यादेवं यमरक्षणं न च भवेत् सूक्ष्माङ्गिनां हिंसनं ।**
**नाप्यालस्यनिषेवणं निजतनो रक्षाऽलिसर्पादितः ॥**

**વસ્ત્રાદિના પ્રતિલેખનની ક્રિયા.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—જેવી રીતે વસ્તુને લેવા મૂકવામાં એક મુનિએ યતનાપૂર્વક વર્તવું જોઇએ, તેવી રીતે પોતાની નિત્યના ઉપયોગની વસ્તુનું પ્રતિલેખન પણ કરતા રહેવું જોઇએ. કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જેને બહુ લેવી–મૂકવી ન પડે, પરન્તુ આખો દિવસ પોતાના અંગ પર કિંવા સાથે જ રહે અને તેમાં પણ સૂક્ષ્મ જંતુઓ પેસી કે ચઢી ન જાય, તેટલા માટે આ પ્રતિલેખન ક્રિયા આવશ્યક છે. આવી વસ્તુઓને રોજ સ્હવારે અને સાંજે બારીક નજરે વિધિસહિત જોવી અને સંમાર્જીને શુદ્ધ કરી રાખવી કિંવા ધારણ કરવી, કે જેથી સૂક્ષ્મ જંતુઓનું સંરક્ષણ થાય અને સંયમની પુષ્ટિ થાય. આ આધ્યાત્મિક લાભ ઉપરાંત બીજો લાભ તેથી એ પણ થાય કે તેથી પ્રમાદ કે આપસ દૂર

થાય અને જો કદિ સર્પ-વીંછી જેવાં ઝેરી જંતુઓ વસ્ત્ર-પાત્રાદિ ઉપર ચડયાં હોય તો તેનાથી પોતાનું રક્ષણ થાય. (૧૬૧)

[ મુનિને શયન પણ પ્રમાદજનક ન નીવડે, તેટલા માટે ગ્રંથકાર નીચેના શ્લોકમાં તે વિષે સૂચન કરે છે. ]

**पट्टादौ शयनासनम् । १६२ ॥**

**पल्यङ्के शयनासनादि यमिनां नैव क्वचिद् युज्यते ।**
**नो वेत्रासनमञ्चिकादिषु पुनर्नैवापि खट्वादिके ॥**
**पट्टे काष्ठमयेऽथवा क्षितितले दर्भादिसंस्तारके ।**
**साधूनां शयनासनं समुचितं हन्तुं प्रमादादिकम् ॥**

**ભૂમિ કે પાટ ઉપર શયન.**

**ભાવાર્થ**—સંયમધારી મુનિએ કદાપિ પલંગ ઉપર સૂવું કે બેસવું ન ઘટે, તેમજ આરામખુરશી, માંચી કે ખાટલા ઉપર પણ સૂવું-બેસવું ઉચિત નથી, કિન્તુ લાકડાની પાટ, ભૂમિતળ કે દર્ભાદિની પથારી ઉપર સાધુ જનોએ સૂવું-બેસવું ઘટે, કેમકે તેથી પ્રમાદ, નિદ્રા, તંદ્રા આદિ પણ દૂર થાય. (૧૬૨)

**વિવેચન**—પલંગ, આરામખુરશી, ઢોલીયો, હીંચકો, ઇત્યાદિ બધાં સુખાસનો છે, અર્થાત્ દેહને સુખ આપવા માટેનાં સાધનો છે; પરન્તુ એ સુખાસનો છે માટે જ પ્રમાદસાધનો પણ છે. તે બધાં પ્રમાદનાં જનક છે. નિદ્રા સ્વાભાવિક છે, નિદ્રા વિના દેહનું પોષણ અને રક્ષણ થતું નથી; પરન્તુ સાચી નિદ્રા માટે સુખાસનની જરૂર નથી. જે મજૂરો દિવસે ખૂબ પરિશ્રમ કરે છે તેમ જ જે માનસિક શ્રમ કરનારા વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ વગેરે આખો દિવસ પોતાના કાર્યમાં મગ્ન રહ્યા કરે છે તેમને ભોંયે પણ ગાઢ નિદ્રા આવી જતાં વાર લાગતી નથી; તેથી ઉલટું સુખ-વસ્તુ પુરૂષોને, રાજાઓને કે ધનાઢયોને ઉંઘને લલચાવવા માટે છત્ર પલંગ, ઢોલીયા કે હીંડોળા ખાટની જરૂર પડે છે ! આ રીતે શય્યા માટેનાં

આ સુખસાધનો વસ્તુતઃ પ્રમાદને પોષનારાં જ સાધનો બને છે. ‘ ઉંઘ ન જૂએ તૂટી ખાટ ’ એવું એક કહેવત છે, તે સ્વાભાવિક રીતે ઉભરાતી નિદ્રા માટે છે, જ્યારે જેઓ આખો દિવસ પ્રમાદ કે સુસ્તીમાં ગાળે છે તેમને સવામણ રૂની તળાઇમાં આળોટી આળોટીને મહાપરિશ્રમે ઉંઘ લાવવી પડે છે. સંયમીને ઉંઘ માટે સુખસાધન ન હોવું જોઇએ એટલે કે તેમને પલંગ, ઢોલીયો, ખાટ, આરામખુરશી ઇત્યાદિ ન હોવાં જોઇએ, કિન્તુ કાષ્ઠની કઠોર પાટ કે ભૂમિ કે દર્ભની પથારી હોવી જોઇએ, અને તેની ઉપર તેમને પૂરી નિદ્રા મળવી જોઇએ; અર્થાત્ તેવી શય્યામાં નિદ્રા મળે તે માટે તેમણે સ્વલ્પ પણ શારીરિક–માનસિક પ્રમાદ ન સેવવો જોઇએ. शय्याभूमितलं એ જ યોગીને માટે નિદ્રાનું સાધન હોય. એથી પ્રમાદ આવતો નથી અને દિવસે પ્રમાદ સેવવાની ઇચ્છાનું પણ નિવારણ થાય છે. વળી નરમ ગદ્દેલા કે નેતરમાં ભરેલાં આરામાસનો વગેરેમાં જંતુઓ ભરાઇ રહે છે અથવા ઉત્પન્ન પણ થાય છે. એવાં આસનોમાં સૂવું બેસવું સંયમીને માટે નિષિદ્ધ હોય એ સ્વાભાવિક છે.

**દૃષ્ટાંત**—મેવાડના શિશોદિયા રાણા પ્રતાપને મોગલોનું આક્રમણ થતાં થોડા સૈનિકો સાથે વનમાં નિવાસ કરવો પડ્યો, ત્યારે મોગલો પાસેથી પોતાની માતૃભૂમિ પાછી જીતી લેવાનું સતત ચિંતન તેના અંતઃકરણમાં રહ્યા કરતું હતું. દંતકથા એવી છે કે આ કર્તવ્યનિષ્ઠા તેને મન સર્વોપરિ હતી એટલે તેણે સર્વ શારીરિક સુખોનો ત્યાગ કર્યો હતો, કારણકે જો તે શારીરિક સુખોમાં મગ્ન બની જાય તો તે પ્રમાદવશતઃ પોતાના કર્તવ્યને વિસરી જાય એવું તે સમજતો હતો. સુખશય્યા પણ પ્રમાદની જનેતા હોવાથી તે વનનિવાસમાં ભોંયે દર્ભ પાથરીને નિદ્રા લેતો. જો વનમાં તેણે સુંવાળા નરમ ગદ્દેલા ઉપર નિદ્રા લેવાની ઇચ્છા કરી હોત, તો તેની પ્રાપ્તિ તેને માટે અશક્ય નહોતી. તે વનમાં અનેક સૈનિકો, અનુચરો અને સ્વામિનિષ્ઠ સેવકોની સાથે રહેતો હતો એટલે તેઓની દ્વારા તેને સુખસાધનો પણ મળી શકે તેમ હતું, પરન્તુ કર્તવ્યનિષ્ઠામાં જરા પણ પ્રમાદ ન પેસી જાય અને મેવાડની સ્વતંત્રતાનું જ સતત ચિંતન

રહ્યા કરે તેટલા માટે તેણે દર્ભની પથારી ઉપરનું શયન પસંદ કર્યું હતું. પ્રતાપ યોગી કે ત્યાગી નહોતો છતાં કર્ત્તવ્યનિષ્ઠા માટેનું તેનું આચરણ તો એક સંયમીને શોભે તેવું હતું. પરન્તુ તેની પછી થએલા અને મેવાડની સ્વતંત્રતા ગુમાવી બેઠેલા શિશોદિયા રાજાઓ દર્ભની પથારી ઉપર સૂવાની બાબતને એક શુષ્ક ક્રિયા જ સમજવા લાગ્યા, અને પરિણામ એ આવ્યું કે તેઓના વંશજો છત્ર પલંગ ઉપર મખમલના બિછાનામાં સૂતા, પરન્તુ બે–ચાર મણ રૂની તળાઈમાં માત્ર દર્ભનું એક તરણું નાંખીને કહેતા કે 'અમે પ્રતાપની પેઠે દર્ભ ઉપર સૂઇએ છીએ, અને મેવાડની સ્વતંત્રતા માટેની ટેકનું પાલન કરીએ છીએ!' 'સાપ ગયા અને લીસોટા રહ્યા' તે એનું નામ! ક્યાં પ્રમાદનિવારક દર્ભશય્યા અને ક્યાં પ્રમાદપોષક રૂનો ગદ્દેલો કે જેની અંદર સોગંદ ખાવાને માટે દર્ભનું એકાદ તરણું નાંખવામાં આવેલું હોય! એવા પ્રમાદી શિશોદિયાઓને હાથે મેવાડની સ્વતંત્રતાનું રક્ષણ ન થઈ શક્યું હોય તેમાં કાંઇ જ નવાઇ નથી. (૧૬૨)

[ છેલ્લે પાંચમી પરિષ્ઠાપના–પારિઠાવણીયા સમિતિ વિષે કહી ગ્રંથકાર સમિતિ પ્રકરણની સમાપ્તિ કરે છે. ]

**परिष्ठापनाविधिः ।१६२॥**

**त्याज्यं यत्र मलादिकं तदपि वा स्थानं निरीक्ष्यं पुरा ।**
**सच्छिद्रं न जनाकुलं न यदि तन्निम्नं न वा नोन्नतम् ॥**
**नो मार्गो न च देवताधिवसनं नो सूक्ष्मजन्त्वाचितं ।**
**कार्यस्तत्र मलादिकस्य मुनिना त्यागः समित्या सदा ॥**

**પરઠવવાનો વિધિ.**

**ભાવાર્થ** તથા **વિવેચન**—ભિક્ષુઓએ જ્યાં મળ–મૂત્રાદિ પરઠવવાનાં હોય તે સ્થાન વિશુદ્ધ હોવું જોઇએ, અને તેટલા માટે તે સ્થાન પ્રથમ તપાસવું જોઇએ. તે સ્થાન છિદ્રવાળું એટલે કે કીડી, ઉંદર, વગેરે

જીવજંતુઓનાં દર વિનાનું હોવું જોઇએ, તેમ જ ત્યાં લોકોની બહુ આવજા ન હોવી જોઇએ, તે સ્થાન નિચાણવાળું કે ઉંચાણવાળું ન હોવું જોઇએ પણ એક સરખું હોવું જોઇએ; વળી તે લોકોની આવજા માટેનો માર્ગ ન હોવો જોઇએ કિંવા ત્યાં કોઇ દેવ-દેવતાનો વાસ મનાતો ન હોવો જોઇએ, અને તે સ્થાન સૂક્ષ્મ જીવજંતુઓથી વ્યાપ્ત ન હોવું જોઇએ. આમ બધી રીતે જે સ્થાન વિશુદ્ધ હોય તે જ સ્થાને મુનિઓએ મળ-મૂત્રાદિનો ત્યાગ પરિષ્ઠાપના સમિતિને જાળવી યતના-પૂર્વક કરવો ઘટે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુઓ, મનુષ્યો અને દેવોને સુદ્ધાં પોતાના પરઠવવાના પદાર્થોથી જરા પણ ઇજા ન થાય, તેમ જ સંયમીને ઘટતી મર્યાદાનું પાલન થાય તેટલા માટે આ વિધિનું કથન કરવામાં આવેલું છે. જ્યાં ત્યાં ગંદકી કરીને પડોસીની કે માર્ગે જતા મનુષ્યોની અડચણનો વિચાર નહિ કરનારાઓને આ સમિતિનો મર્મ બોધક થઇ પડવો જોઇએ છે. અંગીરસ, પારાશર, યાજ્ઞવલ્કય, મનુ ઇત્યાદિ સ્મૃતિકારો પણ મૂત્ર પુરિષાદિના સંબંધમાં જૂદા જૂદા પ્રકારના વિવેકનું સૂચન કરે છે. આ સમિતિના મર્મને સમજનાર અને અહિંસાના સાચા ઉપાસક ધર્મરૂચિ નામના મુનિનું દૃષ્ટાંત બંધ બેસતું થઇ પડશે.

**દૃષ્ટાંત**—ધર્મરૂચિ નામના એક મુનિ એકદા ગોચરી કરવા નીકળ્યા અને એક ઘરમાં જઇ ચડ્યા. તે ઘરની ગૃહિણીએ તુંબડીનું શાક કર્યું હતું, પરન્તુ તુંબડી કડવી હોવાને લીધે કોઇથી ખાઇ શકાય તેમ ન હતું એટલે તે શાક તેને ઉકરડે નાંખવાનું જ હતું; પરન્તુ આ મુનિને આવેલા જોઇને તેણે વિચાર્યું કે એ શાક હું આ મુનિને જ આપી દઉં કે જેથી મારે ઉકરડે નાંખવા જવાની તકલીફ લેવી ન પડે! આથી ગૃહિણીએ કડાઇમાંનું બધું શાક મુનિના પાત્રમાં ઠાલવી દીધું. ઉપાશ્રયે આવતાં ગુરૂએ જોયું કે મુનિએ શાક વહોરવામાં ભૂલ કરી છે કારણકે તે કડવી તુંબડીનું શાક છે એટલે કે તે ઝેરી વસ્તુ છે અને ખાવાથી પ્રાણની હાનિ થશે. ગુરૂએ ધર્મરૂચિ મુનિને કહ્યું કે આ શાક આપણે આરોગવાલાયક નથી કારણકે તે ઝેરી છે, માટે કોઈ વિશુદ્ધ સ્થાને એ શાકને વિધિપૂર્વક પરઠવી આવો. મુનિ

શાક પરઠવવા નગર બહાર ચાલ્યા અને એક વિશુદ્ધ સ્થાન શોધી કાઢ્યું. મુનિએ પહેલાં શાકનો એક ફોડવો જમીન પર મૂક્યો કે તુરત તેની વાસથી આકર્ષાએલાં સંખ્યાબંધ જંતુઓ ત્યાં ધાઈ આવ્યાં! મુનિએ તુરત ફોડવો પાછો ઉપાડી લીધો અને બીજું વિશુદ્ધ સ્થાન શોધ્યું. ત્યાં પણ ફોડવો ભોંયે મૂકતાં જ જંતુઓ ઉભરાયાં. ફરી વળી ત્રીજું સ્થાન શોધ્યું અને ત્યાં પણ તેમ જ થયું. આ જોઇને મુનિએ વિચાર કર્યો કે આ ઝેરી શાક પરઠવવા માટે કોઈ વિશુદ્ધ સ્થાન દેખાતું નથી. તેને આરોગીને સંખ્યાબંધ જીવજંતુઓ મરણ પામશે, માટે તે બધાને બદલે આ શરીર જ એકલું મરણ પામે તે શું ખોટું છે? આવો વિચાર કરીને ધર્મરૂચિ મુનિ પોતેજ અન્ય જીવોની હિંસાના દોષથી બચવાને બધું શાક આરોગી ગયા અને ત્યાં ને ત્યાં જ મૃત્યુવશ થઇ સદ્દગતિને પામ્યા. (૧૬૩)

# षष्ठ परिच्छेद.

## પરિષહ–વિજય.

[ **સંયમની સાધનાને અર્થે સંસારનો ત્યાગ કર્યો, એ ત્યાગસૂચક વેશ ધારણ કર્યો, મહાવ્રતો અંગીકાર કર્યાં, પાપસ્થાનોના પરિહારની ગુરૂ સમીપે પ્રતિજ્ઞાઓ લીધી, પછી સમિતિ અને ત્રિકરણ–ગુપ્તિને જાણી આચરવા માંડી, છતાં એ બધાને બાધારહિત રીતે નિર્વહવાનું કાર્ય સુતર નથી: એ બધું આચરતાં અનેક બાધાઓ નડે છે, વિઘ્નો ઉપસ્થિત થાય છે, કષ્ટો પડે છે, સંયોગો સામે થાય છે, એ બધાને વેઠી લઈને સંયમને નિર્વહવો તેનું નામ 'પરિષહ.' આવા આવા પરિષહોને વેઠવા છતાં ચિત્તની સ્થિતિને વિષમ થવા દેવી નહિ તેનું નામ 'પરિષહ–વિજય.' પ્રસ્તુત પરિચ્છેદમાં મુનિએ વેઠવાયોગ્ય વિધવિધ પરિષહોનું કથન કરવામાં આવેલું છે. बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेईया ॥ કાશ્યપ ગોત્રમાં ઉત્પન્ન થએલા શ્રમણ ભગવંત શ્રી મહાવીરે આવા બાવીસ પરિષહ કહેલા છે. નીચેના ચાર શ્લોકમાં એ બાવીસે પરિષદ સંક્ષેપે કરીને સમાવેલા છે.** ]

क्षुधादिपरिषहः । १६४ ॥

भिक्षायां न च लभ्यतेऽशनजलं शुद्धं कदाचित् क्वचिद्।
दैन्यं नात्र तृषः क्षुधः परिषहो जेयस्तपोभावतः ॥
ग्रीष्मे वा शिशिरे भवेत्परिषहस्तापस्य शीतस्य वा ।
शौर्येणैव पराजयः किल तयोः कार्यो बलादात्मनः॥

मशकादिपरिषहः । १६५ ॥

क्वापि स्युर्मशकादयस्तदपि नो ग्लानिः सतां शोभते ।
नो दैन्यं वसनाद्यलम्भजनितं कष्टेऽपि नैवारतिः ॥
नो स्त्रीभिश्चलनं श्रमेण पथि नो खिद्येत चित्ते कदा ।
स्थित्यैकाऽऽसनतश्चिरेण मनसो धैर्यं न मुञ्चेन्मनाक्॥

शय्यादिपरिषहः । १६६ ॥

नो प्राप्ता वसतिः शुभा तदपि नो चित्ते विषादोदयः।
श्रुत्वाऽऽक्रोशवचोऽपि नैव सहसा शान्तो मुनिः कुप्यति
नो क्लिष्टे वधबन्धनेऽपि न तथा भिक्षाटने लज्जते ।
नाऽलाभे न गदोदये निजतनोश्चिन्तां विधत्ते पुनः॥

तृणस्पर्शादि परिषहः । १६७ ॥

दर्भादौ शयनेऽपि संयमिमुनिः कुर्यान्न खेदं मनाङ्-
नो ग्लानिं मलिनाम्बरादिभिरथो गर्वं न सत्कारतः॥
औत्कट्येऽपि मतेर्न माद्यति तथा मान्द्येऽपि नो खिद्यति।
मिथ्याऽऽडम्बरतो न मुह्यति पुनर्जित्वा रिपून्नान्तरान्॥

## ક્ષુધા આદિ પરિષહો.

**ભાવાર્થ** અને **વિવેચન**—પરિષહ એ તપનો જ વિભાગ છે. માનસિક અભિગ્રહપૂર્વક કોઈ પ્રકારનું દેહદમન વેઠવું તે તપ છે અને એવા અભિગ્રહ વિના સંયોગવશાત્ દમન વેઠવું પડે અને તે વેઠી લેવું તે પરિષહ છે. પરંતુ પરિષહની એક વિશેષતા ભૂલવા જેવી નથી. એક કેદીને જેલમાંનો જુવારનો રોટલો નહિ ભાવવાથી ક્ષુધા વેઠવી પડે છે અને એક મુનિને વિશુદ્ધ આહાર નહિ પ્રાપ્ત થવાથી પણ ક્ષુધા વેઠવી પડે છે. ક્ષુધા એ બાવીસ પરિષહોમાંનો પ્રથમ પરિષહ છે. કેદી અને મુનિ એ બેઉને ક્ષુધાદિદ્વારા દેહદમન તો એકસરખું જ કરવું પડે છે, છતાં કેદીનો પરિષહ નથી અને મુનિનો પરિષહ છે, કારણકે કેદી વિષાદ કે ગ્લાનિપૂર્વક ભૂખ વેઠે છે અને મુનિ સમતાભાવે ક્ષુધાને સહન કરી લે છે. કેદીને મન જે વેઠ છે તે મુનિને મન પરિષહ છે અને બેઉ વચ્ચેનો એ ભેદ બેઉની ચિત્તસ્થિતિને અવલંબીને જ રહેલો છે. આ રીતે સર્વ પ્રકારના પરિષહોના સંબંધમાં સમજી લેવું, કારણકે પરિષહની બાબતમાં દેહને તથા મનને વિધવિધ પ્રકારનાં કષ્ટો વેઠવા સિવાય બીજી વાત આવતી નથી. હવે આપણે અનુક્રમે વિધવિધ પ્રકારના પરિષહોનું વિવરણ કરીશું.

(૧) ક્ષુધા—એષણા સમિતિનું પાલન કરીને આહાર પ્રાપ્ત કરવાનું સર્વદા સુલભ હોતું નથી અને તેથી કોઇ વાર અધૂરો આહાર મળે છે અને કોઇ વાર વિશુદ્ધ આહાર બીલકુલ પ્રાપ્ત થતો નથી: એવે સમયે સંયમી મુનિ દીન કે ગ્લાન થઇ ન જાય, પરન્તુ સમતાપૂર્વક એમ સમજી લે કે આજે સહેજે તપ નીપજ્યું, અને એ રીતે ક્ષુધાનો પરિષહ સહન કરી લે. આવે વખતે જો મુનિ મનથી ઇચ્છે કે પોતે અમુક માણસને કહીને આહાર તૈયાર કરાવે, કિંવા અન્યથા ઉદરભરણ માટેની વ્યવસ્થા કરે, તો એ પરિષહ વેઠી લેવા છતાં તેના આધ્યાત્મિક લાભને તે ગુમાવે છે. માવતઃ અર્થાત્ મનના પૂર્ણ ભાવપૂર્વક જ પરિષહને વેઠવાથી તે તપ રૂપે લાભદાયી બને છે—અન્યથા નહિ.

(૨) તૃષા—ક્ષુધાની પેઠે તૃષાનો–તરસનો પરિષહ પણ વેઠવાનો એક મુનિને માટે સમય આવે છે. જેમ વિશુદ્ધ આહારના પદાર્થો મળવામાં મુશ્કેલી પડે છે, તેમ અચિત્ત–વિશુદ્ધ પાણી પણ કોઈ વાર કોઈ સ્થળે પ્રાપ્ત થતું નથી, તે સમયે સમતાપૂર્વક મુનિએ તૃષાનો પરિષહ સહન કરવો, પરન્તુ મનથી વ્યાકુળ થવું નહિ કે નદી–કૂવામાંથી સચિત્ત જળ પીવાનો સંકલ્પ સરખોએ કરવો નહિ.

(૩–૪) ટાઢ–તાપ—શિયાળામાં સખ્ત ટાઢ પડે અને ઉનાળામાં સખ્ત તાપ પડે, છતાં એ ટાઢ અને તાપનો મુનિ પરાજય કરે. આ પરાજય **शौर्येण** અને **आत्मनः बलाद्** કરવો જોઇએ, નહિ કે શીત કાળમાં મુનિ અગ્નિથી શરીરને તપાવવાનો અને ઉષ્ણ કાળમાં પંખાથી વાયુ નાંખીને કે પાણીથી સ્નાન કરીને શરીરને સુખ ઉપજાવવાનો સંકલ્પ પણ તે કરે. ટાઢ અને તાપનો ઉપસર્ગ સમતાભાવથી વેઠી લેવો એ જ તેમનો પરાજય છે અર્થાત્ મુનિનો પરિષહ છે.

## મચ્છર આદિના પરિષહો.

(૫) દંશ—કોઈ સ્થળે ડાંસ, મચ્છર આદિનો ઉપદ્રવ હોય અને એવા જંતુઓ ઉડતાં ઉડતાં મુનિના શરીર ઉપર આવીને બેસે તથા દંશ દે, તોપણ તેથી મુનિ ગ્લાનિ કરે નહિ કિંવા એ ક્ષુદ્ર જંતુઓ ઉપર ક્રોધ કરે નહિ કે તેમને હણવાનો વિચાર સરખોએ કરે નહિ. એ પરિષહ ત્યારે જ સિદ્ધ થયો લેખાય કે જ્યારે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે તે મુજબ **उवेह न हणे पाणे भुंजते मंससोणियं**–પોતાનું માંસ અને લોહી જંતુઓ ખાઇ જાય છતાં તે સર્વ સહન કરવું પરન્તુ તેમને હણવા નહિ.

(૬) વસ્ત્રાલાભ–-વસ્ત્રોની તાણ પડે અને નવાં વસ્ત્રો કોઈ વહોરાવે નહિ, તોપણ તેથી મુનિ દીનતા સેવે નહિ–અર્થાત્ કોઈ મને નવાં વસ્ત્રો વહોરાવીને મારી વસ્ત્રોની તંગી મટાડે તો ઠીક એવો વિચાર તે કરે નહિ. વસ્ત્રાલાભથી કદાચિત અચેલ દશા આવી જાય તોપણ એવો પરિષહ ગ્લાનિ પામ્યા વિના વેઠી લેવો એ મુનિનો ધર્મ છે.

(૭) અરતિ—અપરિગ્રહ દશામાં સંયમનો નિર્વાહ કરતાં અને ગામેગામે ફરતાં કાંઇ કાંઈ કષ્ટો વેઠવાનો સમય પણ આવે, તે વખતે મુનિ અરતિ ધારણ કરે નહિ અર્થાત્ તે અધીરો બની જાય નહિ, પરન્તુ તેવો પરિષહ તેણે સહન કરી લેવો.

(૮) સ્ત્રી—સંસાર છોડતાંની સાથે મુનિ સ્ત્રીને અને વિષયસ્મરણને પણ છોડેજ છે; પરન્તુ સંયમ ધારણ કર્યાં પછી કદાચ એકાંતમાં કે અન્યથા સ્ત્રી-આદિનો પ્રસંગ પડે, તો તે પ્રસંગને મનોદમનપૂર્વક નિભાવી લે અર્થાત્ મનને ચલિત થવા દે નહિ પરન્તુ પ્રસંગને વેઠી લે, તે સ્ત્રી પરિષહ.

(૯) ચર્યા—પગે ચાલીને પ્રવાસ કરવો એટલે ચર્યા. આવી ચર્યા કરતાં થાક લાગે, આહારાદિ વિષયક અગવડો વેઠવી પડે, કદાચ એવી ભટકતી જીંદગીથી કંટાળો પણ આવે પરન્તુ મુનિ એવી ચર્યાથી ચિત્તમાં જરાએ ખિન્ન નથાય અને ચર્યાનો પરિષહ વેઠીલે, તથા સ્થળે સ્થળે વિહાર કરી વહેતા જળના જેવા નિર્મળ ચારિત્ર્યને પાળે.

(૧૦) એકાસન સ્થિતિ—આ પરિષહને શાસ્ત્રમાં 'નિસીહિયા' શબ્દથી સમજાવેલો છે. સ્વાધ્યાયાદિ પ્રસંગે ચિત્ત ચોઠીને એક ને એક સ્થાને બેસી રહેવું પડે, હરી ફરી શકાય નહિ, એવી લાંબા વખતની એકાસન સ્થિતિથી કંટાળી મુનિ જરા પણ ધીરજ ન મૂકે, તેમ જ કોઈ સ્થાન એવું હોય કે જ્યાં સ્થિર જ બેસી રહેવું પડે અને હરફર કરવાથી જીવોની હિંસા થાય, તો ત્યાં પણ એકાસન સ્થિતિ મુનિ સમભાવે સહન કરે.

## શય્યા આદિના પરિષહો.

(૧૧) શય્યા—'શય્યા' એટલે આશ્રયસ્થાન, જેને આ શ્લોકમાં ગ્રંથકારે 'વસતિ' શબ્દ વડે ઓળખાવેલું છે. ગામે ગામ વિહાર કરતાં કોઈ સ્થળે મુનિને ઉતરવા-રહેવા માટે સારૂં સ્થાન ન મળે, કિંવા કશું સ્થાન ન મળવાથી વૃક્ષ નીચે રહેવું પડે, તોપણ તે પોતાના ચિત્તમાં વિષાદનો ઉદય થવા દે નહિ એ શય્યા પરિષહ.

(૧૨) આક્રોશ—કોઈ માણસ આવીને મુનિને આક્રોશવચનો-કર્કશ વચનો

સંભળાવે તોપણ શાન્ત મુનિ તે વચનો સાંભળીને તેની ઉપર એકદમ ક્રોધ ન કરે, પરન્તુ એવી ભાષા બોલનારને અજ્ઞાન બાળક સમાન માની તેને ક્ષમા કરે કિંવા માધ્યસ્થ્ય વૃત્તિથી તેને અવગણે, અર્થાત્ મુનિને યોગ્ય મૌનનું સેવન કરે.

(૧૩) વધ બંધન—સાધુને કોઇ માર મારે કે તેને બાંધે કે તેનો વધ કરે, તોપણ સાધુ તે માણસનો દ્વેષ ન કરે કિંવા મનમાં ખિન્ન ન થાય પણ એ કષ્ટ સમતાભાવે વેઠી લે, અને એવું ચિંતન કરે કે नत्थि जीवस्स नासोत्ति–અર્થાત્–આ લોકો મને મારે છે કિંવા મારી નાંખે છે, પણ તેથી મારા શરીરનો નાશ થશે, કાંઇ મારા જીવનો નાશ થવાનો નથી. ( આ પરિષહને માટે પૂર્વે સ્કન્ધાચાર્યના પાંચ સો શિષ્યોનું જે દૃષ્ટાંત આપેલું છે તે જાણીતું છે. )

(૧૪) યાચના—ગમે તેવો મોટો રાજા કે ધનવાન વેપારી હોય પણ તે સાધુપદ અંગીકાર કરે, એટલે તેણે પોતાને જોઇતાં ઉપકરણો બીજાઓ પાસેથી યાચવાં જ જોઇએ. યાચનાથી બધી વસ્તુઓ મળવી મુશ્કેલ છે એટલે ઘણી વાર યાચના નિષ્ફળ પણ જાય, છતાં યાચના વિના કશું મળી શકતું નથી એટલે યાચના તો કરવી જ પડે. પણ તેવી યાચના કરતાં કે ભિક્ષા માંગતાં સાધુ મનમાં લજ્જા ન રાખે કિંવા પૂર્વાશ્રમના ઉચ્ચ કુળનો કે મોટા અધિકારનો ખ્યાલ કરીને એવું ન વિચારે કે–"હું ક્યાં સાધુ થયો? આ કરતાં તો ગૃહસ્થાશ્રમ સારો." આ રીતે યાચના કરવી કે ભિક્ષાટન કરવું તે પણ પરિષહરૂપ છે.

(૧૫) અલાભ—યાચના કરવા છતાં કોઇ વસ્તુ નથી મળતી, તેથી સાધુ મનમાં નિરાશ કે ખિન્ન ન થાય; પરન્તુ આજે ન મળ્યું તો કાલે મળી રહેશે એવા સંતોષપૂર્વક તે અલાભનો પરિષહ સહન કરે.

(૧૬) રોગ—શરીરમાં કાંઇ રોગનો ઉદય થાય તોપણ મુનિ પોતાના શરીરની ચિંતા ન કરે, અર્થાત્ વૈદક સારવાર કે ઉપચારને માટે ઇચ્છા કે અધીરાઇ ન બતાવે; પરંતુ શાન્ત ભાવે અને પ્રસન્ન મુખે તેણે દેહપીડાનો પરિષહ સહન કરવો.

## તૃણસ્પર્શાદિ પરિષહો.

(૧૭) તૃણસ્પર્શ—દર્ભની કે સૂકા ઘાસની પથારીમાં સૂતાં બેસતાં મુનિને એ તરણાંની અણીઓ દુઃખ આપનારી થઈ પડે છે; ખાસ કરીને ઓછાં વસ્ત્રો ધારણ કરવાને લીધે એ દુઃખનું નિવારણ મુશ્કેલ થઇ પડે છે, છતાં એવા તૃણસ્પર્શનો પરિષહ મુનિ સમતાભાવે સહન કરે અને ખેદ ન કરે કિંવા એવું ન ચિંતવે કે મારી પાસે વધુ વસ્ત્રો હોત તો સારૂં થાત.

(૧૮) મલ—ઉનાળામાં શરીરે પરસેવો થાય, વાયુથી ઉડેલાં ધૂળનાં રજકણ શરીરપર પડવાથી મેલ જામે, વસ્ત્રો મલિન થાય, પરન્તુ એવા મેલભર્યાં શરીર કે કપડાંથી મુનિએ ગ્લાનિવંત થવું નહિ અર્થાત્ એ પરિષહ સહન કરતાં ચારિત્રમાં અડગ રહેવું.

(૧૯) સત્કાર-પુરસ્કાર—કોઈ સ્થળે સાધુનો સત્કાર-પુરસ્કાર થાય, અર્થાત્ કોઈ ગૃહસ્થ સાધુને અભિવંદન કરે અથવા આસનપરથી ઉઠીને માન આપે, કિંવા ભિક્ષા માટે આમંત્રણ કરે, એવા સત્કાર-પુરસ્કારથી સાધુ મનમાં ફુલાઇ જાય નહિ કે ગર્વ ધારણ કરે નહિ. જેવી રીતે પોતાને અલાભ થતાં કે કઠોર વચન સાંભળતાં તે ખિન્ન થતો નથી, તેવી રીતે સત્કાર વચનથી તે મનમાં ફુલાતો પણ નથી અર્થાત્ સત્કારને પણ તે પરિષહે છે-પચાવી દે છે.

(૨૦-૨૧) પ્રજ્ઞા-અજ્ઞાન—સાધુમાં બુદ્ધિ અને પ્રજ્ઞા તીક્ષ્ણ હોય તો તેથી તે ફુલાય નહિ પણ એમ જ સમજે કે મારૂં જ્ઞાન હજી સિંધુમાંથી બિંદુ જેટલું જ સ્વલ્પ છે. તેથી ઉલટું બુદ્ધિ મંદ હોય-સાધુ અજ્ઞાન હોય તો તેથી તે શોચ ન કરે પણ અજ્ઞાનને પોતાનાં પૂર્વ જ્ઞાનાવરણીય કર્મોના ફળ રૂપ માની એ કર્મનો ક્ષય કરવાને જ ઉદ્યમવંત બને. આ રીતે પ્રજ્ઞા અને અજ્ઞાન બેઉ મનોવૃત્તિને કોઈ પ્રકારના કષાય તરફ દોરનારાં ન બને, ત્યારે મુનિએ તે પરિષહ યથાર્થ વેઠ્યો એમ લેખાય.

(૨૨) દર્શન-સમ્યક્ત્વ—અન્ય દર્શનીઓના મિથ્યા આડમ્બરથી મુનિએ મુંઝાઈ ન જવું અને એમ ન માની લેવું કે હું પરલોકની વાતોમાં અને

આત્માની નિર્મળતાની વાતોમાં ઠગાઇ રહ્યો છું; પરન્તુ એ પરિષહ સહન કરી લઇને સ્વધર્મને વિષે સ્થિર બુદ્ધિવાળા થવું અને આંતરિક શત્રુઓ ઉપર વિજય મેળવવો.

**દૃષ્ટાન્ત**—જૂદા જૂદા પરિષહો વિષેના જૂદા જૂદા દૃષ્ટાન્તો છે, પરન્તુ દીક્ષા લીધા પછીનું શ્રી મહાવીરનું જીવન સર્વ પ્રકારના પરિષહોના સાગરરૂપ હોઇ એ જીવન જ અહીં દૃષ્ટાન્તરૂપે ઉતારવાનું યોગ્ય માન્યું છે. દીક્ષા લઇને ભગવાન મહાવીરે તુરત જ હેમંત ઋતુમાં વિહાર કર્યો. ઈંદ્રે તેમને એક દેવદૂષ્ય વસ્ત્ર આપેલું હતું પણ મહાવીરે એ વસ્ત્રને શિયાળામાં પહેરવાનો વિચાર સરખોએ કર્યો નહોતો. માત્ર તેર માસ સુધી તેમણે એ વસ્ત્ર સ્કંધ ઉપર ધારણ કર્યું હતું અને પછી તે વસ્ત્રનો પણ ત્યાગ કર્યો હતો. ચાર માસ સુધી ભ્રમરાદિક જંતુઓ તેમના શરીરને વળગીને લોહી માંસ ચૂસતા હતા. ઇર્યાસમિતિથી શોધીને માર્ગે ચાલતાં તેમને દેખી બાળકો ભયભ્રાંત થતાં અને એકઠાં થઈ તેમને લાટ-મૂઠ મારતાં પરન્તુ ભગવાન તે સહન કરી લેતા. ગૃહસ્થો અને સ્ત્રીઓની સેળ-ભેળ વસતીમાં રહેતાં ભગવાનને સ્ત્રીઓ કાંઇ કાંઇ પ્રાર્થનાઓ કરતી પરંતુ ભગવાન તેમનો પરિહાર કરતા અને વૈરાગ્યમાર્ગમાં લીન રહેતા. ગૃહસ્થો સાથે હળવું મળવું છોડીને તે ધ્યાનનિમગ્ન રહેતા. કોઇ વાર વિહારમાં અનાર્યો તેમને દંડાદિકથી મારતા કે વાળ ખેંચીને દુઃખ દેતા, તેમની તરફ કોપ કરતા, પરન્તુ ભગવાન એવા કઠોર પરિષહોની કશી દરકાર ન કરતા. નૃત્ય, ગીત કે દંડયુદ્ધ—મલ્લયુદ્ધની વાતો સાંભળી તે તે જોવા ઉત્સુક નહિ થતા અને સ્ત્રીઓને પરસ્પરની કામકથામાં તલ્લીન થએલી જોતાં તે રાગદ્વેષરહિત મધ્યસ્થપણે રહેતા. વિહારમાં તે કોઈ વખત નિર્જન ઝુંપડાંઓમાં, પાણી પીવાની પરબોમાં, હાટોમાં કે લોહારની કોડમાં અથવા ઘાસની ગંજી નીચે રહેતા. કોઇ વખતે પરામાં, બાગમાંના ઘરમાં કે શહેરમાં રહેતા, તો કોઇ વખત મશાણમાં, સૂના ઘરમાં કે ઝાડની હેઠળ રહેતા. સર્પ વગેરે જંતુઓ તથા ગીધ વગેરે પંખીઓ ભગવાનને કરડતા, શૂન્ય ઘરમાં જાર કર્મ કરવા જતા દુષ્ટો ત્યાં ભગવાનને દેખી

કનડતા અને ગામના રખેવાળો તેમને હથીયારથી ઉપસર્ગ કરતા. સ્ત્રીઓ તેમની પર મોહિત થઇ વિષયવ્યાકુળતા પ્રકટ કરતી. કોઇ વાર સુગંધી–દુર્ગંધી વસ્તુઓના, ભયંકર શબ્દોના અને બીહામણા ઉપસર્ગો થતા: એ બધા ઉપસર્ગોને ભગવાને શાન્ત ભાવે વેઠી લીધા હતા. જ્યારે શિશિર ઋતુમાં ઠંડો પવન જોસથી ફુંકાતો હતો, જ્યારે લોકો થરથર ધ્રૂજતા હતા, જ્યારે બીજા સાધુઓ એવી ઠંડીમાં વાયરા વિનાની બંધ જગ્યા શોધતા હતા તથા વસ્ત્રો પહેરવાને ચાહતા હતા, જ્યારે તાપસો લાકડાં બાળીને શીતનું નિવારણ કરતા હતા, ત્યારે ભગવાન મહાવીર ખુલ્લા સ્થાનમાં રહી શીત સહન કરતા હતા. કદાચ અત્યંત શીત પડતાં તે સહન કરવું વિકટ થતું, ત્યારે રાત્રિએ મુહૂર્ત માત્ર બહાર હરીફરીને સામ્યપણે રહેતા થકા પાછા અંદર બેસી તે શીત સહેતા હતા. **લાટ** દેશમાં વિહાર કરતાં મહાવીરને બહુ–બહુ પરિષહો સહન કરવા પડયા હતા. એ દેશમાં રહેવાને માટે તેમને બહુ હલકાં સ્થાનો મળતાં. ત્યાંના લોકો તેમને મારતા; ભોજન પણ લૂખું મળતું અને લોકો કૂતરાને છુછકારીને ભગવાનને કરડવા માટે દોડાવતા; એવે વખતે ઘણા જ થોડા લોકો કૂતરાને કરડતાં નિવારતા. **લાટ** દેશના એક ભાગ વજ્જભૂમિના લોકો બહુ ક્રોધવાળા હતા અને સાધુને દેખી કૂતરાઓ વડે ઉપદ્રવ કરતા. બૌદ્ધ ભિક્ષુકો આ પ્રદેશના ભોમીયા હોવા છતાં તેઓ કૂતરાના ઉપદ્રવમાંથી બચવા માટે સાથે મોટી લાકડી રાખતા; તોપણ કૂતરાઓ તેમની પૂઠ પકડતા અને તેમને કરડતા. ત્યાંના નીચ લોકોનાં કડવા વચન પણ ભગવાને ખૂબ સહન કર્યાં. એક વખત જંગલમાં ચાલતાં ચાલતાં સાંજસુધી તેમને કોઈ ગામ મળ્યું નહિ. કોઇ ગામને પાધર તે પહોંચતા કે તુરત ત્યાંના અનાર્ય લોકો સામા આવી તેમને મારતા અને બોલતા કે "અહીંથી દૂર જતો રહે" ઘણી વખતે **લાટ** દેશમાં લોકો ભગવાનને મૂઠીથી, ભાલાની અણીથી, પત્થરથી કે હાડકાના ખપ્પરથી મારી મારીને પોકારો પાડતા, કોઈ વખતે ભગવાનને પકડી અનેક ઉપસર્ગો કરી માંસ કાપી લેતા અથવા તેમનાપર ધૂળ વરસાવતા અથવા તેમને ઉંચા કરીને નીચે પાડતા અથવા આસનથી નીચે

પાડતા: પણ શૌર્યવંત પુરૂષ સંગ્રામને મોખરે રહીને કોઇથી પાછો હઠે નહિ, તેમ ભગવંત મહાવીર એ ઉપસર્ગોથી પાછા નહિ હઠતાં તે બધાને સહન કરતા થકા વિચરતા. (૧૬૪ થી ૧૬૭.)

## सप्तम परिच्छेद.

### સાધુની દિનચર્યા.

[ સંયમનો નિર્વાહ કરવા માટે સાધુનાં નિત્ય-નૈમિત્તિક કાર્યોનું કથન ગ્રંથકાર આ પરિચ્છેદમાં કરે છે. ]

**साधूनां दिनकृत्यम् । १६८ ॥**

**शेषे जागरणं निशोऽन्त्यचरणे स्वाध्याय आवश्यकं ।**
**स्वाध्यायः प्रतिलेखनं च यमिनां यामे दिनस्यादिमे ॥**
**ध्यानं याममितं ततो मधुकरी यामे तृतीये पुन-**
**स्तुर्येऽपि प्रतिलेखनं च पठनं सायं दिनावश्यकम् ॥**

**સાધુઓની દિનચર્યા.**

**ભાવાર્થ**—સાધુઓએ રાત્રિનો છેલ્લો પ્રહર બાકી રહે, ત્યારે જાગવું અને તે વખતે સ્વાધ્યાય તથા રાત્રિનું આવશ્યક-પ્રતિક્રમણ કરવું; ત્યારપછી સ્હવારમાં દિવસના પહેલે પહોરે પ્રતિલેખન અને સ્વાધ્યાય કરવો; દિવસને બીજે પહોરે એક પ્રહર સુધી ધ્યાન ધરવું; ત્રીજે પ્રહરે મધુકરી-વૃત્તિથી ભિક્ષાહારાદિ શરીર કૃત્ય કરવું; ચોથે પ્રહરે પથારી વગેરેનું પ્રતિલેખન તથા સ્વાધ્યાય કૃત્ય કરવું; અને સાંજે દિવસનું આવશ્યક પ્રતિક્રમણ કરવું. (૧૬૮)

**વિવેચન**—સંયમને સાધનાર તે સાધક અથવા સાધુ અને બ્રહ્મને જાણનાર તે બ્રાહ્મણ. જેણે કર્મસંન્યાસ કરેલો છે તે સંન્યાસી. સંન્યા-

સાશ્રમ એ ચોથો આશ્રમ હોવાથી અને બહુધા પહેલા ત્રણ આશ્રમોના પાલન પછી ચતુર્થ આશ્રમમાં બ્રાહ્મણો પ્રવેશ કરતા હોવાથી સંન્યાસીઓને માટે નિત્યકર્મનાં નિયમનો શ્રુતિ-સ્મૃતિકાર ઠરાવતા નથી; પરન્તુ સંન્યાસ પૂર્વેના ત્રણે આશ્રમો કે જેમાં બ્રાહ્મણ સાધકની અવસ્થામાં જ હોય છે તેને માટે શ્રુતિ-સ્મૃતિકારોએ દિનચર્યાના નિયમનો ઠરાવેલાં છે. તેવી રીતે જૈન સાધુ છદ્મસ્થ અવસ્થામાં હોઈ-કેવળજ્ઞાની નહિ હોવાથી-તેને માટે દિનચર્યાનું નિયમન હોવું જોઇએ કે જેથી તે સંયમનો સાચો સાધક અર્થાત્ સાધુત્વથી પરિપૂર્ણ બને. આ નિયમનમાં સૌથી પહેલું નિયમન રાત્રિના છેલ્લા પ્રહરમાં નિદ્રામુકત થવાનું છે. રાત્રિના ચાર ચરણ અથવા પ્રહર હોય છે, તેમાંના अंत्यचरणे એટલે છેલ્લા ચરણમાં જાગવાનું વિધાન અહીં કરેલું છે. મનુ ब्राह्मे मुहूर्ते बुध्येत-બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠવાનું કહે છે. रात्रेस्तु पश्चिमो यामो मुहूर्तो ब्राह्म उच्यते-રાત્રિનો છેલ્લો પ્રહર તે બ્રાહ્મ મુહૂર્ત છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં तइयाए निद्मोक्खं च એટલે કે રાત્રિના ત્રીજા પ્રહરમાં નિદ્રાત્યાગ કહેલો છે, પરન્તુ તેમાં ત્રીજા પ્રહરનો અંત સમજવાનો છે: એટલે એકંદરે નિદ્રામાંથી ઉઠવાનો સર્વાનુમત સમય તો રાત્રિના ત્રીજા પ્રહરના અંતનો, કે ચોથા પ્રહરના પ્રારંભનો જ છે. નિદ્રાત્યાગ પછી સ્વાધ્યાય અને આવશ્યક કરવાનું ગ્રંથકારે કહેલું છે. કૂર્મપુરાણમાં કહ્યું છે ब्राह्मे मुहूर्ते उत्थाय ध्यायेत परमेश्वरम् ॥ બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠીને પરમેશ્વરનું ધ્યાન ધરવું; એ જ રીતે ઉત્તરાધ્યયન સૂત્રમાં चउत्थी भुज्जोवि सज्झायं અર્થાત્ સ્વાધ્યાયમાં ધ્યાન લગાડવાનું કહ્યું છે. આ પ્રમાણે રાત્રિના છેલ્લા પ્રહર માટેનું નિયમન પૂરૂં થાય છે. એ નિયમનને સુદૃઢ કરવા માટે "સ્મૃતિ રત્નાવલિ" નામના ગ્રંથમાં એમ કહ્યું છે કે-बाह्मे मुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी અર્થાત્-રાત્રિના છેલ્લા પ્રહરની નિદ્રા એ પુણ્યનો ક્ષય કરનારી છે. સૂર્યોદયથી દિવસના પ્રથમ પ્રહરનો પ્રારંભ થાય છે. વેદાનુયાયીઓ માટે જે સમય શૌચ, સ્નાન, સંધ્યા-પ્રયોગાદિને માટે છે, તે જ સમયમાં અત્ર સાધુને માટે પ્રતિલેખન તથા સ્વાધ્યાયનું વિધાન છે. બીજો આખો પ્રહર ધ્યાનમાં જ વ્યતીત કરવાનું ગ્રંથ-

કાર કહે છે, અને સુચરિત બ્રાહ્મણો પણ એ સમય દેવચિંતન, પ્રાણાયામ, તર્પણાદિમાં ગાળીને ત્રીજા પ્રહરમાં ભોજન કરે છે. ગ્રંથકાર मधुकरी यामे तृतीये સૂચવે છે, કે જેવું સૂચન સંન્યાસીઓને મનુએ કરેલું છે. પુનઃ દિવસના છેલ્લા પ્રહરમાં પ્રતિલેખન અને સ્વાધ્યાય કરી સાંજે વેદાનુયાયીના સંધ્યાપ્રયોગવત્ सायं दिनावश्यकम् કરવાનું છે. આ રીતે એક સાધુની દિનચર્યા શાસ્ત્રકારોએ સુઘટિત રીતે ગોઠવી છે અને તે વિષેનાં નિયમનોમાં તેની સંયમસાધના ઉપર જ પૂરતું ધ્યાન આપ્યું છે. (૧૬૮)

[નીચેના શ્લોકમાં સાધુજનોનું રાત્રિકૃત્ય અને આ પ્રકારના નિયમનના શુભ હેતુ વિષે કથન કરવામાં આવે છે.]

**व्यर्थसमयाभावः । १६९ ।।**

**स्वाध्यायः क्षणदैकयाममनघं ध्यानं निशीथावधि।**
**निद्रैकं प्रहरं ततो विधिरयं संन्यासिनां नैत्यकः ॥**
**स्यादेतत्क्रमपालनं यदि तदा कालोऽवशिष्येत नो।**
**साधूनां विकथा-प्रलाप-कलहासूया-वितण्डाकृते ॥**

**સમય વ્યર્થ ન ગુમાવવો.**

**ભાવાર્થ**—રાત્રિના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં—મધ્ય રાત્રિ સુધી નિર્મળ ધ્યાન, અને રાત્રિને ત્રીજે પ્રહરે એક પ્રહર સુધી નિદ્રા કરવી. સંન્યાસીઓ—સાધુઓને માટે એ હમેશાંનો વિધિ છે. આ પ્રમાણે ક્રમપૂર્વક સમયની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓને વિકથા, બકવાદ, કલહ, ઇર્ષ્યા, અસૂયા કે વિતંડાવાદ જેવાં કર્મબંધજનક કાર્યો કરવાનો બિલકુલ અવકાશ ન રહે, એટલે સમયનો પૂરેપૂરો સદુપયોગ થાય. (૧૬૯)

**વિવેચન**—या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी—અર્થાત્ સર્વ પ્રાણીઓની જે નિશા—ઉંઘ લેવા માટેની રાત્રિ છે, તે રાત્રિમાં સંયમી મનુષ્ય જાગે છે. આ શબ્દોનું તાત્પર્ય એ છે કે રાત્રે મોટે ભાગે મનુષ્યો પ્રમાદવશતઃ આરામમાં સમય ગાળે છે, ત્યારે સંયમીઓ સ્વાધ્યાય, ધ્યાન, આત્મ-

ચિંતનાદિમાં સમય ગાળે છે. આટલા માટે સંયમીઓના રાત્રિના કર્તવ્ય કર્મનું સૂચન કરતાં અત્ર પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય અને બીજા પ્રહરમાં મધરાત સુધી ધ્યાનનું પ્રતિપાદન કરવામાં આવેલું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ એમ જ કહેલું છે કે રાત્રિએ पढमे पोरिसि सज्झायं बिइयं झाणं झियायइ ॥ દિવસે જે અધ્યયન કરેલું હોય તેનું પુનરાવર્તન રાત્રિના પ્રથમ પ્રહરમાં કરી લેવામાં આવે તેથી અધ્યયન પરિપક્વ થાય છે. ત્યારપછી રાત્રિનો ત્રીજો પ્રહર નિદ્રામાં ગાળવાનો છે. સંયમીઓ અને સાધકોને માટે અલ્પ નિદ્રા જ ઘટિત છે. પછી રાત્રિનો ચોથો પ્રહર અથવા બ્રાહ્મ મુહૂર્ત આવે છે કે જે સંબંધે ગત શ્લોકમાં કથન કરવામાં આવેલું છે. એ પ્રમાણે સાધુઓનું દિવસ તથા રાત્રિનું નિત્યકર્મ અથવા તો 'ટાઇમટેબલ' પૂરૂં થાય છે. જે સર્વસંગપરિત્યાગી છે તેને આવા ટાઈમિટેબલનું બંધન શામાટે? એવી શંકાના પ્રત્યુત્તર માટે શ્લોકના ઉત્તરાર્ધમાં એ ટાઈમિ ટેબલનો હેતુ દર્શાવેલો છે. નવદીક્ષિત સાધુ હોય, દીક્ષાકાળના પરિપાકવાળો મુનિ હોય કે વયોવૃદ્ધ સંન્યાસી હોય, પરન્તુ જો તેને પ્રમાદમાંથી બચાવી લેવામાં આવે તો તેથી તેનું વિશેષ કલ્યાણ સધાય છે. આ પ્રમાદનિવારણ માટે કશું આત્મહિતકર નિત્યકર્મ હોવું જોઇએ અને તે એવી રીતે ગોઠવાએલું હોવું જોઇએ કે જેથી શરીર પ્રત્યેનો ધર્મ જળવાય; અર્થાત્ દેહનું યોગ્ય રીતે રક્ષણ થાય, સંયમ સધાય અને પ્રમાદ માટે સમય જ રહેવા પામે નહિ. જો નિરીક્ષાપૂર્વક જોવામાં આવશે તો જણાશે કે એ શ્લોકોમાં દર્શાવેલું નિત્યકર્મ એ હેતુને પરિપૂર્ણ કરનારૂં છે. જો એ નિત્યક્રમને યથાવિધિ આચારવામાં આવે તો પ્રમાદ માટે અવકાશ કિંવા નવરાશ મળે નહિ અને નવરાશને અભાવે નવરાઓનાં કાર્ય જેવાં કે ભાત–ભાતની વિતંડાઓ, નિંદા–કુથલીઓ, કજીયા–કંકાસ, વેર–ઝેર, ઇર્ષ્યા–અસૂયા એ કરવાનું પણ બને નહિ. આ પ્રમાણે એ નિત્યક્રમનું પાલન જ આત્માને ભારે કરનારાં કર્મોથી સાધુનું નિવારણ કરે છે અને તેથી તેની સંયમસાધના વધારે પ્રગતિમાન થાય છે. (૧૬૯)

[ઉપરના શ્લોકના ઉત્તરાર્ધમાં કરેલા કથનને નીચેના શ્લોકવડે વધુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.]

प्रमादविजयार्थं समयमर्यादा । १७० ॥

**यावत्पञ्चविधप्रमादविजयो न स्याद्गुणारोहणं ।**
**तावन्नैव मुनेस्ततः प्रतिदिनं रुन्ध्यात्प्रमादाश्रवम् ॥**
**तद्रोधाय तडागसेतुसदृशी बद्धा जिनेन्द्रैरियं ।**
**मर्यादा समयस्य रात्रिदिनयो रक्ष्या च सा सर्वदा ॥**

**પ્રમાદ ટાળવાને સમયની મર્યાદા.**

**ભાવાર્થ** અને **વિવેચન**—પ્રમાદ પાંચ પ્રકારના છે: મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. એ પ્રમાદો ઉપર જ્યાંસુધી જય મેળવી શકાતો નથી, ત્યાંસુધી ગુણસ્થાનની ઉપલી શ્રેણી ઉપર ચઢી શકાતું નથી. જૈન શાસ્ત્રાનુસાર જ્યાંસુધી પ્રમાદ છૂટતો નથી ત્યાંસુધી એકંદરે ૧૪ માંના ૬, ૭, ૮, ૯ ગુણસ્થાનથી ઉપર ચઢી શકાતું નથી; અર્થાત્ આત્મનિર્મળતાની સાધનાનો પ્રમાદથી અવરોધ થવા પામે છે. તેટલા માટે પ્રમાદ રૂપી આશ્રવને જ મુનિએ રોકવાની જરૂર છે. આશ્રવ એટલે પાપનાં આગમનનું દ્વાર. એ દ્વારને એવી રીતે બંધ કરવું જોઇએ કે જેવી રીતે પાણીને રોકવા તળાવની પાળ બાંધવામાં આવે છે. આવી પાળની રચનાની આવશ્યકતા વિચારીને જિનેંદ્ર ભગવાને સાધુ–મુનિ માટે રાત્રિ–દિવસના નિત્યકર્મની મર્યાદા કહેલી છે, કે જે નિત્યકર્મ પૂર્વ બે શ્લોકોમાં કહી જવામાં આવ્યાં છે. જો એ નિત્યકર્મનું યથાવિધિ પાલન કરવામાં આવે તો તેથી પ્રમાદ હઠે અને સાધકની સાધના પણ વિજય સાથે પ્રગતિમાન થાય; તેટલા માટે પ્રમાદનું પ્રવેશદ્વાર બંધ કરવા રૂપી એ નિત્યકર્મને સાધુએ સર્વથા અનુસરવામાં જ તેનું સાચું હિત રહેલું છે.(૧૭૦)

[ નિત્યક્રમના પાલનમાં વિશેષતઃ તેના હેતુનું પાલન કરવા તરફ દૃષ્ટિ રાખવાનું સૂચવતાં ગ્રંથકાર કાલક્રમના ઉલ્લંઘન સમયે નિત્યક્રમનો હેતુ જાળવવાને શું કરવું ઘટિત છે તેનું નિદર્શન કરે છે. ]

कालक्रमोल्लङ्घनेऽपि कालमानस्यनोल्लङ्घनम् । १७१ ॥

**देशाचारविशेषतो मधुकरीकाले यदि व्यत्यय-**
**स्तत्रापि प्रहरद्वयं तनुकृते निद्राशनादिक्रिया ॥**

**ध्यानार्थं परिपूर्णयामयुगलं स्वाध्यायसंसिद्धये ।**
**रक्ष्यं यामचतुष्टयं मुनिवरैर्नो कालमानोत्क्रमः ॥**

### કાલક્રમનું ઉલ્લંઘન થયે પણ કાલમાનનું ઉલ્લંઘન ન કરવું.

**ભાવાર્થ** અને **વિવેચન**—દિવસનો એક પ્રહર આહારાદિ શરીરકૃત્ય માટે અને રાત્રિનો એક પ્રહર નિદ્રારૂપી શરીરકૃત્ય માટે નિત્યક્રમમાં ઠરાવેલો છે તે પૂર્વના બે શ્લોકો ઉપરથી આપણે જોઈ ગયા. એ બે પ્રહરને બાદ કરતાં દિવસ અને રાત્રિના મળી એકંદર છ પ્રહાર સ્વાધ્યાય, આવશ્યક, પ્રતિલેખન, ધ્યાનાદિ માટે રાખેલા છે. કારણવશાત્ જો કાળના અનુક્રમમાં ફેરફાર કરવો પડે તો શું કરવું? તે માટે આ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે એ અનુક્રમનું ઉલ્લંઘન કરવું પડે, તોપણ શરીરકૃત્ય અને ધર્મકૃત્ય એ બેઉ માટેના કાળના માપનું ઉલ્લંઘન ન કરવું. ઉદાહરણ તરીકે કોઈ સ્થળે મધુકરી માટે ત્રીજો પ્રહર અનુકૂળ ન હોય પણ બીજો પ્રહર અનુકૂળ હોય. નાનાં ગામોમાં ખેડૂતોની વસતી હોય તો ખેડૂતો બહુધા વહેલા ભોજન પતાવીને ખેતીના કાર્ય માટે નીકળી પડે છે, તો ત્યાં બીજે પ્રહરે ગોચરી કરવી પડે; નહિતો કદાચ એષણીય આહાર-પાણી મળવાં અશક્ય થઈ પડે. તો તેવે સ્થાને ત્રીજા પ્રહરનું ગોચરીનું કાર્ય બીજા પ્રહરમાં પતાવીને બીજા પ્રહરનું સ્વાધ્યાયાદિનું કાર્ય ત્રીજા પ્રહર ઉપર રાખવું, કિંવા સ્થાન પરત્વે ગોચરીનું કાર્ય ત્રીજા પ્રહર ઉપર રાખવું, એટલે કે ક્રમમાં ફેરફાર કરવો, પરન્તુ સ્વાધ્યાયાદિના કાર્ય માટેનો એક પ્રહર નક્કી કરેલો છે તે પ્રહર તો તેની પાછળ અવશ્ય ગાળવો જ. તાત્પર્ય એ છે કે દિનકૃત્ય અને રાત્રિકૃત્યને ક્રમોલ્લંઘનને વખતે અક્ષરશઃ વળગી રહેવાનું ન બને તો એ ક્રમ ઉલ્લંઘીને પણ એ કૃત્યોના હેતુના પાલન માટે કાળમાનને તો યથાસ્થિત જાળવવું જ. એકંદર રીતે બે પ્રહર નિદ્રા અને આહાર માટે, બે પ્રહર ધ્યાન માટે અને ચાર પ્રહર સ્વાધ્યાય-પ્રતિલેખનાદિ કાર્ય માટે, એ પ્રમાણે આઠે પ્રહરની વ્યવસ્થા પૂરી રીતે પાળવી; સમયને જરા પણ

વ્યર્થ જવા દેવો નહિ કિંવા શરીરકૃત્ય માટે વધુ સમય લેવો નહિ, કે જેથી પ્રમાદના પ્રવેશને શરીરમાં જરા પણ તક મળવા પામે.

**દૃષ્ટાંત**—વિનયચંદ્રજી નામના એક મુનિ હતા, તેમને બે શિષ્યો હતા. એકનું નામ ધર્મરતિ અને બીજાનું નામ ધર્માનંદ હતું. કાળક્રમે ધર્મરતિ માંદો પડ્યો અને તેની બિમારી વધી ગઈ એટલે ગુરૂને તથા ધર્માનંદને તેની સેવા–શુશ્રૂષા માટે બહુ વખત ગાળવો પડતો અને તેમાં નિત્યકૃત્યના નિયમનું પુનઃ પુનઃ ઉલ્લંઘન થવા લાગ્યું; છતાં ગુરૂ શિષ્યને તો બનતાંસુધી નિત્યકૃત્યનું ઉલ્લંઘન કરવા દેતા નહિ. એક વાર રાત્રિને સમયે ધર્મરતિની માંદગી વધી પડી અને તેની પાસે આખી રાત કોઈ જાગતું બેસી રહે એવી જરૂર જણાઈ. ધર્માનંદ રાત્રિના પ્રથમ પ્રહરમાં દિવસે કરેલા અધ્યયનનું પુનરાવર્તન કરી–સ્વાધ્યાય કરી નવરો પડ્યો એટલે ગુરૂ પાસે આવીને કહેવા લાગ્યો: "હું હવે ધ્યાનમાં બેસું છું, આપની આજ્ઞા છે?" ગુરૂએ વિચાર કરીને કહ્યું: "ધ્યાનમાં અત્યારે નહિ બેસો તો ચાલશે; તમે નિદ્રાનું સેવન કરો." ધર્માનંદ શય્યાપર સૂઇને નિદ્રા લેવા લાગ્યો. ગુરૂએ આ ક્રમોલ્લંઘન એવા હેતુથી કરાવ્યું હતું કે જો પોતાથી બનશે તો પોતે આખી રાત ધર્મરતિની પથારી પાસે બેસી જાગરણ કરશે, પરન્તુ જો પોતાને શરીરની સ્વસ્થતાની ખાતર નિદ્રાની જરૂર પડશે, તો રાત્રિના ત્રીજા પ્રહરમાં પોતે ધર્માનંદને પથારી પાસે જાગતો બેસાડીને પોતે નિદ્રા કરશે. ધર્માનંદ એક પ્રહર નિદ્રા લઇને સહજ જાગ્યો ત્યારે ગુરૂએ કહ્યું: "ધર્માનંદ! મને નિદ્રા આવે છે, અને તમે નિદ્રા લીધી છે, માટે હવે તમે જો ધર્મરતિની પથારી પાસે જાગતા બેસો, તો હું જરા નિદ્રા કરૂં." ધર્માનંદ બોલ્યો "ગુરૂદેવ! ત્રીજા પ્રહરમાં તો સાધુને માટે નિદ્રા જ કર્તવ્ય છે, અને આપ મને જાગવાનું કહો છો તે ઠીક કરતા નથી." ગુરૂ સમજ્યા કે શિષ્ય નિત્યક્રમ માત્ર સમજે છે પણ કારણવશાત્ એ ક્રમનું ઉલ્લંઘન કરવું પડે ત્યારે વિવેકબુદ્ધિનો કેવી રીતે ઉપયોગ કરવો તેની તેને સમજ નથી; પરન્તુ એ માંદગીની પથારી પાસે શિષ્યને બધું સમજાવવાનો એ સમય નહોતો, એટલે ગુરૂએ કશો જવાબ

દીધો નહિ. ધર્માનંદ તો પાછો ઉંઘી ગયો અને ગુરૂ જાગરણ કરતા આખી રાત બેસી રહ્યા, જ્યારે ધર્માનંદે બે પ્રહર નિદ્રા લીધી. પ્રભાતે જ્યારે ધર્માનંદે જાણ્યું કે ધર્મરતિની શુશ્રૂષા માટે ગુરૂએ આખી રાત જાગરણ કર્યું છે અને પોતે બે પ્રહર નિદ્રા લઇને નિત્યક્રમનો મોટો ભંગ કર્યો છે, ત્યારે તેને આપોઆપ સમજાયું કે પોતે પ્રમાદસેવનમાં જ એક ડગલું ભર્યું હતું. તે ગળગળો થઇને ગુરૂના ચરણમાં પડ્યો અને બોલ્યો: "ગુરૂદેવ! મારા અવિનય અને પ્રમાદની મને ક્ષમા કરો અને પ્રાયશ્ચિત્ત આપો!"

[ સાધુ આત્મહિતનો સાધક મટીને કામનાનો સાધક બને નહિ તેટલા માટે ગ્રંથકાર એક શ્લોકમાં તેને પ્રબોધ આપીને આ દિનચર્યા પ્રકરણને સમાપ્ત કરે છે. ]

### मन्त्रतन्त्रादिवर्जनम् । १७२ ॥

**नो क्रीडा न कुतूहलं जनमनःप्रह्लादनायोचितं ।**
**नो मन्त्रादिविभूतिमोहजननं नोच्चाटनापादनम् ॥**
**नोत्पातादिनिमित्तशास्त्रकथनं नो मोहनं मारणं ।**
**किन्त्वात्मोन्नतये विधातुमुचितं स्वाध्याययुक्तं तपः ॥**

### મંત્રતંત્રાદિમાં સમય ન ગુમાવવો.

**ભાવાર્થ**—સ્વાધ્યાયાદિ આત્મિક કાર્ય મૂકીને ત્યાગીઓએ ક્રીડા–ગમ્મત કે લોકોને રંજન કરવા માટે કુતૂહલ ન કરવું જોઇએ; તેમ જ મંત્રતંત્રાદિની વિભૂતિ દર્શાવી લોકોને મોહમાં ન પાડવા, ઉચ્ચાટનાદિ પ્રયોગો ન કરવા, ઉત્પાતાદિ નિમિત્ત શાસ્ત્રનો પ્રકાશ ન કરવો, મોહન કે મારણ વિદ્યા ન સાધવી; કેવળ આત્માની ઉન્નતિને માટે સ્વાધ્યાય, ધ્યાન, તપાદિનું જ અનુષ્ઠાન ત્યાગીઓએ કરવું ઉચિત છે. (૧૭૨)

**વિવેચન**—સંસારનો ત્યાગ આત્મહિત અર્થે છે. આત્મહિતની સાધનામાં સંસારનાં કર્મો બાધક થઇ પડતાં હોવાથી તેનો ત્યાગ કરવામાં આવે છે; પરન્તુ એ ત્યાગથી જે કાંઈ સ્વલ્પ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી

અનેક ત્યાગીઓ પતિત થઇ જાય છે. યોગસિદ્ધિ માટે બાવા બનેલાઓ યોગનાં ૮૪ આસનોનો ઉપયોગ મદારીની પેઠે રમતો કરવામાં અને તે રીતે ભિક્ષા માંગી ખાવામાં કરતા જોવામાં આવ્યા છે! આ જ રીતે અનેક સંસારત્યાગીઓ મંત્ર–તંત્ર–કુતૂહલાદિમાં પડી જઇને ત્યાગનો મહિમા ઘટાડે છે એટલું જ નહિ પણ મંત્ર–તંત્રાદિ હમેશાં કામનાથી યુક્ત હોઈ ત્યાગીને ત્યાગમાંથી ભ્રષ્ટ કરે છે. કામનાઓ પાછળ રચ્યો પચ્યો રહેનાર, મંત્ર–તંત્ર–યોગાદિના પ્રયોગો કામનાને અર્થે કરનાર, ધન કમાવા માટે એ વિભૂતિઓની પાછળ લોકોને ભરમાવનાર, સંસારનો ત્યાગ કરવા છતાં વિશેષ ને વિશેષ બંધનમાં પડે છે. એક કાળ એવો હતો કે જે વખતે જૈન મુનિઓ અને બૌદ્ધ ભિખ્ખુઓમાં પણ તંત્રવિદ્યા ખૂબ પ્રસરી હતી અને ધર્મ પતિત થવા લાગ્યો હતો. પરન્તુ ખરા સાધુનું તે લક્ષણ નથી. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૫ મા અધ્યયનમાં કહ્યું છે કે—

**मंतंमूलं विविह विज्जचित्तं वमण विरेयण धूमनेत्त सिणाणं ।**
**आउरे सरणंतिगिच्छियं च तं परिणाय परिव्वए स भिक्खू ॥**

અર્થાત્—મંત્ર, જડી–બુટ્ટી, વિવિધ વૈદ્યક, વમન, વિરેચન, આંખનાં અંજન, વિલાપ અને સાંત્વન, એટલાં વાનાં પોતાને રોગ થવાથી કરે નહિ અને અન્યને માટે પણ કરાવે નહિ તે ખરો સાધુ કહેવાય. પોતાના દેહની કામનાને અર્થે કે પરને અર્થે પણ આવા પ્રયોગો કરવાનું આત્મહિત સાધકને માટે અનુચિત હોઈ, સાધુઓને તેથી દૂર રહેવાનું ગ્રંથકારે અત્ર ફરમાવેલું છે. મંત્ર-તંત્ર વિદ્યાના પ્રયોગોમાં વશીકરણ, સ્તંભન, મોહન, ઉચ્ચાટન, મારણ અને શાન્તીકરણ એટલા વિભાગો મુખ્ય છે. આમાંનું કશુંએ મુનિએ સ્વઅર્થે કે પરઅર્થે ન કરવું જોઇએ; ઉપદ્રવનું શાન્તીકરણ એ કોઇનું અનિષ્ટ કરવા માટે ન હોઈ શકે, છતાં તેમાં પણ કામનાનો જ હેતુ હોવાથી નિષ્પરિગ્રહી અને નિષ્કામ મુનિને માટે તે ઉચિત નથી; તેણે તો માત્ર આત્મોન્નતિને પોતાનું લક્ષ્યબિંદુ બનાવી स्वाध्याययुक्तं तपः–સ્વાધ્યાય, ધ્યાન, તપાદિનું જ અનુષ્ઠાન કરવું. એટલું ધ્યાનમાં રાખવું

જોઇએ કે એક મ્યાનમાં બે તલ્વારો સમાતી નથી. આત્મસિદ્ધિ માટેનું ધર્માનુષ્ઠાન અને કામનાસિદ્ધિ માટેનું મંત્રાનુષ્ઠાન-તંત્રાનુષ્ઠાન બેઉ એકી સાથે રહી શકતાં નથી, કારણકે તે પરસ્પર વિરૂદ્ધ દિશામાં ગતિ કરનારાં બળો છે. આજે જ્યાં ત્યાં યોગભ્રષ્ટ જોગી—બાવાઓ ભીખ માંગી ખાતા નજરે પડે છે તેનું કારણ એ જ છે કે તેઓ એક મ્યાનમાં બેઉ તલ્વારો સમાવી શકયા હોતા નથી. (૧૭૨)

# अष्टम परिच्छेद.

## સાધુસમાજની મર્યાદા.

[ વેદાનુયાયીઓના આરણ્યક અને ઉપનિષદ ગ્રંથોના પ્રણેતા જે ઋષિમુનિઓ હતા તેઓ તત્ત્વચિંતનાર્થે વનનિવાસ કરતા અને તેમની પાસે અનેક જિજ્ઞાસુઓ આવતા એટલે પ્રત્યેક ઋષિ અથવા ગુરૂનું તે એક કુળ બનતું. એવાં ગુરૂકુળોમાં તત્ત્વ-જ્ઞાનનું અને વિદ્યાઓનું અધ્યયન કરવામાં આવતું. આ પ્રકારની પુરાતન ગુરૂકુળ સંસ્થા આજે વેદાનુયાયીઓમાં અસ્તિત્વમાં રહી નથી, પરન્તુ ઋષિ-મુનિઓના તત્ત્વજ્ઞાનનો વારસો મેળવનારા બ્રાહ્મણોએ નાના સ્વરૂપનાં ગુરૂકુળો અથવા શાળાએ સ્થાપીને વેદાધ્યયન ચાલુ રાખ્યું છે. વેદાનુયાયીઓની ગુરૂકુળ સંસ્થા આ રી વત્ લુપ્ત થઇ ગઈ હોવા છતાં બૌદ્ધ અને જૈન ધર્મની સંઘસંસ્થા આજે વિદ્યમાન રહી છે. વેદમાર્ગના શ્રમણો આજે રહ્યા નથી અને સંસારી બ્રાહ્મણો જ શ્રમણોનું કાર્ય લઈ બેઠા છે, ત્યારે જૈન શ્રમણસંસ્થા ઉત્તરોત્તર અનેક વિઘ્નોની વચ્ચે થઇને પણ ચાલી રહી છે; તેનું કારણ છે મર્યાદાથી યુક્ત એવો સાધુસમાજ. આ પરિચ્છેદમાં એ સમાજની રચના, તેની ઉપયુક્તતા અને તેના અધિકારી વર્ગના કર્તવ્યનો બોધ ગ્રંથકાર કરે છે. ]

व्यवहारनिश्चयनयाभ्यां साधुता । १७३ ॥

**लिङ्गं सर्वमिदं यदत्र कथितं बाह्यं मुनेर्लक्षणं ।**
**तस्यावश्यकता मता व्यवहृतेर्मार्गे समाजाश्रिते ॥**

दृष्ट्या निश्चयरूपया त्वभिमतं प्राधान्यमात्मोन्नतेः ।
सैवाभ्यन्तरलक्षणं सुविदितं मोक्षस्य संसाधकम् ॥

## વ્યવહાર અને નિશ્ચયદૃષ્ટિએ સાધુતા.

**ભાવાર્થ**—સાધુનો વેષ અને બાહ્યાચાર પરત્વે જે કાંઇ પૂર્વે કહેવામાં આવ્યું તે બધું સાધુતાનું બાહ્ય લક્ષણ છે; સમાજને સાધુતાની ઓળખાણ માટે વ્યવહારના માર્ગમાં તેની આવશ્યકતા છે; નિશ્ચયદૃષ્ટિએ તો આત્મોન્નતિનું જ પ્રધાનપણું અભીષ્ટ છે અને તે જ મોક્ષને સાધનાર સાધુતાનું આંતરિક લક્ષણ પ્રસિદ્ધ છે; અર્થાત્ આત્મવિકાસમાં જ ખરી સાધુતા છે અને તેથી જ સાધુતાનું માપ થઇ શકે છે. (૧૭૩)

**વિવેચન**—પૂર્વે સાધુઓનો વેશ, દિનચર્યા, દિનચર્યામાં કરવા માટેનો વિવેક, દિનચર્યાને દોષરહિત રાખવાના નિયમનો ઇત્યાદિ જે કહેવામાં આવ્યું છે તે બધાં સાધુતાનાં બાહ્ય લક્ષણો છે; એ લક્ષણો સંયમને પોષે છે અને સાચી સાધુતા લાવનારાં સાધનો બની શકે છે ખરાં; પરન્તુ બાહ્ય લક્ષણોનું પાલન જ હમેશાં સાચી સાધુતારૂપ હોતું નથી. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩મા અધ્યયનમાં ગૌતમ કેશીકુમારને સમજાવે છે કે " સાધુઓનાં નાના પ્રકારનાં બાહ્ય લક્ષણો લોકો તેમને ઓળખી શકે તેટલા માટે દાખલ કરવામાં આવેલાં છે; સંયમના નિર્વાહ અર્થે અને જ્ઞાનગ્રહણને અર્થે ભિન્ન ભિન્ન વેષ યોજાયલા છે. પરન્તુ હે કેશીકુમાર! શ્રી પાર્શ્વનાથ અને શ્રી વર્ધમાન ભગવાનની એવી આજ્ઞા છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ જ મોક્ષનાં સાધનરૂપ છે, બાહ્ય લક્ષણો મુક્તિનાં સાધનરૂપ નથી. " આ રીતે જોતાં સમજાશે કે સાધુતાનો બધો બાહ્યાચાર સંયમનો પોષક હોવા છતાં તે બાહ્યાચાર જ સાધુતા નથી; વ્યવહાર નયની દૃષ્ટિએ તે માત્ર સાધુતા છે. ત્રણ વસ્ત્ર ધારણ કરીને ઇર્યા સમિતિને શોધતો કોઇ સાધુ જતો હોય તેને આપણે કહીએ કે 'તે સાધુ છે' પરન્તુ તે માત્ર વ્યવહારૂ ઉક્તિ છે; તેનો બાહ્યાચાર સાધુનો હોવા છતાં તેનામાં મોક્ષસાધક સાધુતા છે કે નહિ તે આપણા જાણતા હોતા નથી એટલે નિશ્ચય નયની દૃષ્ટિએ આપણે કહી શકતા નથી કે 'તે

સાધુ છે.' નિશ્ચય નયે તો તે જ સાધુ છે કે જેણે સાચો સંયમ સાધીને આત્માને ઉન્નતિપથગામી કર્યો છે, જેણે કર્મોની નિર્જરા કરી ગુણસ્થાનકની ઉચ્ચ શ્રેણીમાં ડગલું મૂક્યું છે અને જેણે નવું કર્મબંધન અટકાવ્યું છે.

**શંકા**—વ્યવહાર દૃષ્ટિએ દેખાતો સાધુ નિશ્ચયદૃષ્ટિએ સાધુ હોય કિંવા ન પણ હોય, તો વ્યવહાર દૃષ્ટિની ઉપયોગિતા શી અને શા માટે સાધુનાં બાહ્ય લક્ષણોનો, આચારનો, વેષનો, એ બધો ખટાટોપ કરવો જોઈએ ? આત્મોન્નતિનો સાચો સાધક હોય પણ કદાચ તે સાધુતાનાં બાહ્ય લક્ષણો પૂરાં ન પાળતો હોય, તેથી કાંઈ તે અસાધુ નથી, તો પછી આ બધું બાહ્ય લક્ષણોનું વિધાન શું નિરૂપયોગી ઠરતું નથી ?

**સમાધાન**—ના, તે ઉપયોગી છે. ઉન્નતિના કોઈ પણ માર્ગનું જ્યારે અંકન કરવાનું હોય છે, ત્યારે સામાન્ય સમાજના અપવાદરૂપ કોઈ વિશિષ્ટ શક્તિસંપન્ન વ્યક્તિઓને દૃષ્ટિ સમીપે રાખીને તેવું અંકન થતું નથી, પણ સમાજની સાધારણ વ્યક્તિઓને દૃષ્ટિ સમીપે રાખીને તેમને ઉન્નત કરવા માટેના માર્ગનું જ રેષાંકન થાય. આ રીતે સાધુઓના કર્તવ્યનું રેષાંકન આ બધા આચાર દ્વારા કરવામાં આવ્યું છે, તે સામુદાયિક દૃષ્ટિએ જ કર્યું છે અને તેમાંનો આચાર વિશિષ્ટ શક્તિના ધણી એવા કોઇ પુણ્યશીલ આત્માને નિરૂપયોગી પણ હોય, પણ તેથી તેની વ્યાવહારિક ઉપયોગિતા ઓછી થતી નથી, એ બધો નિરર્થક ખટાટોપ નથી અને સામાન્ય જનસમુદાયના સંયમને પોષે તેવા જ પ્રકારનાં એ લક્ષણો અને આચારો ગોઠવેલા છે. અનુભવે તેની ઉપયોગિતા સિદ્ધ પણ કરી આપેલી હોવાથી સાધુઓને માટે એ વ્યવહાર દષ્ટિનો ત્યાગ કરવો હિતકર નથી. વ્યવહારના 'समाजाश्रित' માર્ગને માટે તેની ઉપયોગિતા ગ્રંથકારે આ શ્લોકમાં કહી છે તેમાં પણ વસ્તુત આ જ અભિપ્રાય રહેલો છે. વ્યવહાર દૃષ્ટિની પ્રધાનતાને લીધે બાહ્યાચારી કુસાધુઓ સાધુરૂપે ઓળખાય એ સંભવિત છે, પરન્તુ એટલા આચારનું બંધન પણ જો દૂર કરવામાં આવે, તો કશો પણ બાહ્યાચાર પાળ્યા વિના નિશ્ચય દષ્ટિના સાધુ કહેવડાવનારા દાંભિકોથી આ જગત જરૂર

ઉભરાઇ જાય અને એવા સાધુઓ તો સમાજને વિશેષ શાપરૂપ થઈ પડે. આ રીતે પણ વ્યવહાર દૃષ્ટિની સાધુતા ઉપયોગી ઠરે છે.

**દૃષ્ટાન્ત**—ભરત ચક્રવર્તીને અરીસાભુવનમાં ઘરેણાં ઉપરથી મોહ ઉતરતાં આત્મિક દિવ્યસ્વરૂપનું ભાન થતાં કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારપછી તેણે દીક્ષા લીધી. મરૂદેવી માતા જ્યારે પ્રથમ જીનેશ્વર પોતાના પુત્ર ઋષભદેવ ભગવાનને વાંદવા જતાં હતાં ત્યારે પોતાના પુત્રને તીર્થંકરની દીવ્ય સાહેબીમાં જોઇને કોઇ કોઈનું સગું નથી એવું ભાન થતાં મોહનીય કર્મ તોડયું, એ જ ક્ષણે તે કેવળ જ્ઞાન પામી મુક્તિ વર્યા. આમાં ભરતને પ્રથમ કેવળ જ્ઞાન થયું અને પછી સાધુવેશ પહેર્યો, જ્યારે મરૂદેવી માતાને દીક્ષા લીધા વિના કેવળ જ્ઞાન થયું: એ દૃષ્ટાંતો બતાવે છે કે જૈન ધર્મમાં બાહ્યાચારનું મહત્ત્વ જોઇને તે કરતાં વધારે આંકવામાં આવ્યું નથી, અને સાચું મહત્ત્વ તો આત્મોન્નતિનું જ કહેલું છે. ( ૧૭૩ )

[ વ્યવહાર દૃષ્ટિથી સાઓધુના આચારની જેટલી આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા સાધુઓને તેમના અધ્યયન–આચારાદિમાં નિયંત્રિત રાખવાની છે: નિમ્ન શ્લોકમાં ગ્રંથકાર એવા નિયામકો કોણ અને કેવા જોઇએ તેનું સૂચન કરે છે.]

**आचार्योपाध्यायौ । १७४ ॥**

**गच्छे साधुसमाजरक्षणकृते सङ्घेन संस्थापितः ।**
**स्यात्सर्वोत्तमसाधुताङ्कितमतिः सन्नायकश्चैकक: ॥**
**एवं शास्त्रविदग्रणीर्गुणमणिः स्यात्पाठकोऽप्येकको–**
**नाचार्येण च पाठकेन रहितो गच्छो भवेच्छोभनः ॥**

**આચાર્ય અને ઉપાધ્યાય.**

**ભાવાર્થ**—ગચ્છ કે સંપ્રદાયમાં સાધુ સમુદાયનું રક્ષણ કરવાને માટે સંઘે મળીને જેનામાં સર્વથી શ્રેષ્ઠ સાધુતા હોય અને જે શાસ્ત્રસંપત્તિયુક્ત હોય તેને સમુદાયના નાયક–આચાર્ય તરીકે સ્થાપવા જોઈએ; તેમજ શાસ્ત્રવેત્તાઓમાં જે અગ્રેસર હોય અને સમભાવાદિ ગુણોથી વિભૂષિત હોય તેવી

એક વ્યક્તિને પાઠક-ઉપાધ્યાય તરીકે નીમવા જોઇએ : આચાર્ય કે ઉપાધ્યાય વિનાનો ગચ્છ-સંપ્રદાય શોભતો નથી. (૧૭૪)

**વિવેચન**—જેવું વેદાનુયાયીઓનું ગુરૂકુળ હોય છે તેવા જૈન સાધુઓના ગુરૂકુળને ગચ્છ એવું નામ આપવામાં આવે છે અને એ સાધુસમુદાય નાના-મોટા ટોળાઓમાં સતત વિહાર કરતો રહેતો હોવાથી તે એક જંગમ ગુરૂકુળ રૂપ જ હોય છે. જો સાધુઓના મોટા સમુદાયની આચારાદિ વ્યવસ્થા જાળવવા માટે એક નાયક ન હોય તો તેથી એ સમુદાય સડે છે અથવા પતિત થવા લાગે છે, કે જેવી રીતે આગેવાન વિનાનું કે માર્ગદર્શક નેતા વિનાનું સૈન્ય આંધળું લેખાય છે. આવા એક નાયક તરીકે આચાર્યની સંસ્થાપના ગચ્છ-સંપ્રદાય કે ગુરૂકુળમાં કરવી જોઇએ કે જે બધા મુમુક્ષુઓને નિયમનમાં રાખે, તેમના આચારાદિ ઉપર અંકુશ રાખે, માર્ગથી ભ્રષ્ટ થતાં તેમનું ધ્યાન દોરે અને સન્માર્ગમાં પુનઃ સ્થાપિત કરે, જરૂર પડતાં પ્રાયશ્ચિત આપે અને કોઈ સાધુ ઉન્માર્ગનો આગ્રહી જ હોય તો તેને ગચ્છ કે સંપ્રદાયથી બહિષ્કૃત પણ કરે. આવો નેતા કે નાયક હમેશાં શ્રેષ્ઠ સાધુતાથી કે શાસ્ત્રસંપત્તિથી યુક્ત હોવો જોઈએ કારણકે તેવી યોગ્યતા વિના તે પોતાની જવાબદારીને યથાર્થ રીતે અદા કરી શકતો નથી. આચાર્યની સાથે સંપ્રદાયમાં એક પાઠક કિંવા ઉપાધ્યાય પણ હોવો જોઇએ. આચાર્ય સર્વશ્રેષ્ઠ હોવાથી અને શાસ્ત્રસંપત્તિથી યુકત હોવાથી નાના-મોટા સાધુઓને શાસ્ત્રાધ્યયન કરાવવા સમર્થ હોય છે, પરન્તુ એ બધા કાર્યમાં તેને મદદ કરવા માટે ઉપાધ્યાયની જરૂર હોય છે કે જે સાધુઓના અધ્યયનનો ભાર ઉપાડી લે અને આચાર્યનો ભાર ઓછો કરે. એ ઉપાધ્યાય શાસ્ત્રવેત્તા અને સમભાવી હોવો જોઇએ. આ રીતે ગચ્છ કે સંપ્રદાયમાં એક આચાર્ય અને એક ઉપાધ્યાય હોવા જોઇએ કે જેઓ સાધુસમુદાયને નિયમમાં રાખી તેમને આત્મકલ્યાણને માર્ગે સતત દોર્યા કરે અને એ રીતે પરોપકાર કરે. અહો ! તેમની એ પરોપકારિતા કેટલી બધી મૂલ્યવાન છે ? પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાના મહામંત્રમાં--નવકાર મંત્રમાં પણ તેમને સ્થાન આપવામાં આવ્યું છે : **नमो आयरियाणं, नमो उवज्झायाणं** એ બે પદો કોણ નથી જાણતું ? (૧૭૪)

**[ એમાંના આચાર્યની યોગ્યતા અને કર્તવ્ય કર્મનો બોધ નિમ્ન બે શ્લોકોમાં કરવામાં આવે છે. ]**

आचार्यपदयोग्यता । १७५ ॥

सर्वेषां हितसाधने समदृशा शक्तिर्यदि स्यात्परा ।
सम्पत्स्यात्सकलाऽपि शास्त्रविहिताचार्यस्य योग्योदिता
ग्राह्यं सूरिपदं समुन्नततरं तेनैव मेधाविना ।
नोचेद्दत्तमपि स्वयं हितधिया त्याज्यं विलम्बं विना ॥

आचार्यकर्त्तव्यम् । १७६ ॥

गच्छाचारसुपालनं स्वयमलं गच्छव्यवस्थापनं ।
भाविक्लेशनिदानबीजदहनं ज्ञानक्रियोद्धारणम् ॥
धर्मोत्साहविवर्द्धनं जगति सद्धर्मस्य सञ्चारणं ।
सङ्घे स्वास्थ्यसमाधिसाम्यजननं कृत्यं हि सूरेरिदम् ॥

**આચાર્યની યોગ્યતા.**

**ભાવાર્થ**—સાધુ--સાધ્વી આદિ ચતુર્વિધ સંઘને સમદષ્ટિથી જોવાની અને બધાનું સરખું હિત સાધવાની જેનામાં પરમ શક્તિ હોય અને શાસ્ત્રમાં કહેલ આચાર્યને યોગ્ય બધા પ્રકારની સંપત્તિ વિદ્યમાન હોય તે જ મેધાવી પુરૂષે ઉંચા પ્રકારનું આચાર્યપદ સ્વીકારવું જોઇએ; જો તેવી યોગ્યતા ન હોય તો સંઘે આપેલું પણ સૂરિપદ સમાજના હિતની ખાતર વગરવિલંબે પોતાની મેળે છોડી દેવું જોઇએ. (૧૭૫)

**આચાર્યનું કર્ત્તવ્ય.**

જે ગચ્છના પોતે આચાર્ય હોય તે ગચ્છના સાધુ--સાધ્વી--સમુદાયમાં શાસ્ત્રમર્યાદિત આચાર પળાવવો, પોતાની જાતે ગચ્છની પરિપૂર્ણ વ્યવસ્થા જાળવવી, ભવિષ્યમાં ક્લેશ ઉપજવાનો સંભવ જણાય તો તેનું મૂળ કારણ તપાસી ક્લેશનાં બીજ બાળી નાંખવાં, જ્ઞાન અને ક્રિયાનો ઉદ્ધાર કરવો, સમાજમાં ધર્મનો ઉત્સાહ વધારવો, જગતને ચારે ખૂણે ધર્મનો સંચાર

કરવો, સંઘમાં સ્વસ્થતા, સમાધિ અને સમભાવની પ્રવૃત્તિ કરાવવી, એ બધું આચાર્યનું કર્તવ્ય છે. (૧૭૬)

**વિવેચન**—આચાર્ય એ આખા સાધુસમાજનો નિયામક અને માર્ગદર્શક હોય છે, એટલે સાધુસમાજનું સંરક્ષણ કરવાને તેણે પોતાના સંપ્રદાયના સર્વ સાધુઓનું એકસરખું હિત સાધવા જેવી સમદષ્ટિ રાખવી જ જોઇએ, એ ખુલ્લું છે. એવી સમદષ્ટિવાળો અને સમર્થ સાધુ જ આચાર્ય થઈ શકે અને એ યોગ્યતા તેનામાં ન હોય તો સાધુસમાજમાં અનેક પ્રકારના ઉપદ્રવો અને બંડો ચાલે છે કારણકે સાધુઓના સ્વભાવો પણ મનુષ્યસ્વભાવ જેવા જ બહુવિધ હોય છે. આ ઉપરાંત આચાર્યમાં શાસ્ત્રકથિત સર્વ સંપદાઓ પણ હોવી જોઇએ. આ સંપદાઓ દશાશ્રુતસ્કંધ સૂત્રમાં કહેલી છે. (૧) આચાર સંપદા–મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારનો યતિધર્મ ઇત્યાદિ અખંડ આચાર પાળે અને સંઘને શુદ્ધાચારમાં પ્રવર્તાવે, આઠ પ્રકારના મદથી, અહંકારથી અને ક્રોધાદિથી રહિત હોય; દ્રવ્ય ક્ષેત્રકાળ અને ભાવ એ ચારે પ્રકારના પ્રતિબંધથી રહિત હોય; ચપળતારહિત, ઇંદ્રિયોનું દમન કરનાર, ત્યાગવૃત્તિ રાખનાર અને આચારવંત હોય. (૨) સૂત્ર સંપદા—બહુશ્રુત હોય, સ્વસમય પરસમયનો જાણનાર હોય એટલે સર્વ સૂત્રોનો પારગામી અને વાદી-પ્રતિવાદીને ઉત્તર દેવા સમર્થ હોય; જેટલાં આગમ ભણે તેટલાંને નિશ્ચય રીતે ધારણ કરે; શુદ્ધ સ્પષ્ટ ઉચ્ચારણ કરે. (૩) શરીર સંપદા—પ્રમાણોપેત–પૂરેપૂરૂં ઉંચું શરીર હોય; દઢ સંહનન હોય; પરિપૂર્ણ ઈંદ્રિયોથી યુક્ત હોય; હસ્તાદિ અંગોપાંગ શોભનીક હોય કે જેથી તેનું દર્શન બીજાઓને પ્રિયકારી થાય. (૪) વચન સંપદા—એવું વચન બોલે કે જેને બીજાઓ માન્ય કરે અર્થાત્ પરિપૂર્ણ વિચારપૂર્વક બોલે; મધુર, કોમળ અને ગંભીર વચન બોલે; ક્ષેત્ર-કાળ-ભાવ જોઇને અનિશ્ચિત–રાગદ્વેષરહિત વચન બોલે; સ્પષ્ટ વચન બોલે–અપ્રતીતિકારી વચન ન બોલે. (૫) વાચના સંપદા—પ્રમાણિક શિષ્યને વાચના દેવાની આજ્ઞા દે; પહેલાં આપેલી વાચનાને સારી રીતે

પ્રણમાવે-ઉપરાઉપરી વાચના ન દે; વાચના લેનાર શિષ્યનો ઉત્સાહ વધારે અને ક્રમશઃ વાચના દે; વાચના સારી રીતે સમજાવે અને અપવાદનું રહસ્ય સારી રીતે બતાવે. (૬) યતિ સંપદા—કોઇ પણ વાતને શીઘ્ર, બરાબર અને બીજાઓની સહાય વિના ગ્રહણ કરે—સાંભળે સમજે; તેને વિષે પૂરી વિચારણા કરે; કોઈ પણ વાત કે વસ્તુનો નિશ્ચય કરે અને કોઇ પણ વાત કે વસ્તુ જોઇ સાંભળી ન હોય, કઠિન હોય, તોપણ બીજાની સહાય વિના ધારણ કરે. (૭) પ્રયોગ સંપદા—કોઇ વાદી સાથે શાસ્ત્રાર્થનો પ્રયોગ કરવાનો હોય તો પહેલાં પોતાની શક્તિ, જ્ઞાન તથા વાદીની શક્તિ જ્ઞાન વગેરેનો વિચાર કરે, ક્ષેત્ર અનુકૂળ છે કે પ્રતિકૂળ, રાજા પ્રજા અનુકૂળ છે કે પ્રતિકૂળ, સુશીલ છે કે દુઃશીલ ઇત્યાદિ વાર્તાનો વિચાર કરે; સ્વ અને પરનો વિચાર કરે; એટલે શાસ્ત્રાર્થના ફળનો વિચાર કરે, તેથી જૈન ધર્મ ઉપરનો રાજા-પ્રજાનો ભાવ ઘટશે કે નહિ ઇત્યાદિ બાબતોનો વિચાર કરે; વાદી કયા વિષયનો શાસ્ત્રાર્થ કરવા ઇચ્છે છે અને તેનું જ્ઞાન પોતાનામાં કહેલું છેઃ એ બધું વિચારીને જ શાસ્ત્રાર્થનો પ્રયોગ કરે. (૮) સંગ્રહ સંપદા—ક્ષેત્રસંગ્રહ અર્થાત્ ગચ્છના સાધુ ગ્લાન, વૃદ્ધ, રોગી વગેરેને માટે ક્ષેત્રનો સંગ્રહ કરે અને વિચારે કે અમુક સાધુ અમુક ક્ષેત્રમાં રહેવાથી તેની સંયમયાત્રાનો નિર્વાહ થશે અને શ્રોતાઓને લાભ મળશે: શીતોષ્ણ કે વર્ષાઋતુને માટે સાધુસમાજને જોઇતાં ઉપકરણોનો ખ્યાલ રાખે; જ્ઞાનનો અને જ્ઞાનાર્થીઓનો સંગ્રહ કરે અને વખત આવ્યે તેમનો ઉપયોગ શાસનના કાર્યમાં કરે; શાસનને શોભાવે તેવા સુશિષ્યની સંપદાનો સંગ્રહ કરે. આ પ્રકારની સર્વ સંપદાઓ જો આચાર્યમાં હોય છે તો તે સંપ્રદાયના વડા તરીકેનું પોતાનું કર્તવ્ય યથાયોગ્ય રીતે બજાવી શકે છે અને સાધુસમાજને સુયોગ્ય નિયમનમાં રાખી તેમને ઉન્નતિપથાનુગામી બનાવી શકે છે. જે સાધુ દીક્ષા કિંવા ચારિત્ર્યમાં સમયની દૃષ્ટિએ મોટો હોય તે વધારે યોગ્યતાવાળો માનવાનો સામાન્ય રીવાજ હોઇ કેટલાક સંપ્રદાયમાં દીક્ષાએ મોટા સાધુને આચાર્ય પદ આપવામાં આવે છે, પરન્તુ જો તેવા સાધુમાં આચાર્યની સંપદાઓનું પ્રમાણ પૂરતું

ન હોય તો તે આચાર્યનુ પદ યથાર્થ રીતે વહન કરી શકતો નથી. કદાચિત વડીલ સાધુપ્રત્યેની માનબુદ્ધિથી કિંવા વિનયની દૃષ્ટિથી એવા સાધુને આચાર્ય પદ આપવામાં આવતું હોય તો તેણે સાધુસમાજ તથા શ્રાવકસમાજના હિતની ખાતર પોતાની મેળેજ એ પદ છોડી દેવું જોઈએ અને અન્ય કોઇ સંપદાયુક્ત સુસાધુને જ એ પદ આપવાનું કહેવું જોઇએ. શાસ્ત્રકારે આ બધી સંપદાઓની આવશ્યકતા દર્શાવી છે તે સુઘટિત છે એમ આચાર્યના કર્તવ્યની વિચારણા કરતાં જણાઇ આવે છે. સાધુસમુદાયમાં શાસ્ત્રવિહિત આચાર પળાવવામાં માર્ગદર્શક અને તેનો રખેવાળ એ આચાર્ય પોતે જ છે, તેને સાધુસમુદાયની વ્યવસ્થા પૂરેપૂરી જાળવવી પડે છે; અર્થાત્–સાધુઓને તેમનું કલ્યાણ કરનારી અને શ્રાવકોનું પણ હિત કરનારી આજ્ઞાઓ દીર્ઘ દૃષ્ટિપૂર્વક આપવી પડે છે; સાધુઓના સ્વભાવભેદને કારણે કે અન્ય કારણે ક્લેશનો ઉપદ્રવ સંભવિત લાગતો હોય તો એ ક્લેશની ચિકિત્સા કરી તેનું નિદાન શોધી કાઢવું અને એ નિદાનને જ બાળી નાંખવા ઘટતું કરવું એ પણ આચાર્યને શિરેજ રહેલું હોય છે; જ્ઞાન અને ક્રિયા કે જે મોક્ષ સુધી પહોંચવા માટેના રથનાં બે પૈડાં છે તે પૈડાંનો ઉદ્ધાર કરી એ રથને ગતિમાન રાખવો, સમાજમાં ધર્મોત્સાહ વધારવો, ધર્મનો સર્વત્ર પ્રચાર કરવો અને તદ્વિષયક યોજનાઓ કરી પોતાનાં અંગોપાંગરૂપી સાધુઓદ્વારા તે અમલમાં મૂકવી, સંઘમાં શાન્તિ–સ્વસ્થતા–સમતા પ્રસારવી : ઇત્યાદિ અનેક કાર્યોનો ભાર આચાર્ય ઉપર રહેલો છે. પૂર્વે કહેલ આચાર, સૂત્ર, શરીર, વચન, વાચના, મતિ, પ્રયોગ અને સંગ્રહ વિષયક સંપદાઓ જો આચાર્યમાં ન હોય કિંવા ઓછી હોય તો તેથી સંપ્રદાયનું જહાજ તે સુષ્ઠુ ગતિથી ચલાવી શકતો નથી અને પોતાનો ભાર બરાબર ઉપાડી શકતો નથી. આ રીતે કર્તવ્યભારની દૃષ્ટિથી જોતાં આચાર્યની સંપદાનો મેળ બરાબર જામે છે. (૧૭૫–૧૭૬)

[ હવે એક શ્લોકમાં ઉપાધ્યાયનું કર્તવ્ય કહી ગ્રંથકાર આ પરિચ્છેદને સમાપ્ત કરે છે.]

उपाध्यायकर्त्तव्यम् । १७७ ॥

**पाठ्याः पुत्रदृशा सदैव मुनयः सर्वेऽपि विद्यार्थिनो ।**
**नो चौर्यं न च पक्षपातकरणं तत्त्वार्थपाठे कदा ॥**
**सच्छैल्या पठनार्हशास्त्ररचना कार्या पुनर्नव्ययो-**
**पाध्यायेन विचक्षणेन समये स्वीये परस्मिंस्तथा ॥**

ઉપાધ્યાયનું કર્તવ્ય.

**ભાવાર્થ** તથા **વિવેચન**—ઉપાધ્યાયનું કાર્ય મુખ્યત્વે કરીને પાઠક્નું એટલે મુમુક્ષુ સાધુ વિદ્યાર્થીઓને શાસ્ત્રપઠન કરાવવાનું હોય છે; એટલે ઉપાધ્યાય શાસ્ત્રપારંગત હોય, સ્વસમય–સ્વદર્શનમાં અને પરસમય–પરદર્શનમાં પણ તે નિષ્ણાત હોવો જોઇએ તે તો નિઃસંશય છે; પરન્તુ પોતાનું જ્ઞાન બીજા સાધુઓને આપતાં–તેમને ભણાવતાં તેણે એવી રીતે જોવું જોઇએ કે જેવી રીતે એક વત્સલ પિતા પોતાના પુત્રો તરફ જોતો હોય. સુજ્ઞ પિતા સ્વાભાવિક રીતે પુત્રો પ્રત્યે સુકોમળ દષ્ટિવાળો હોય છે અને તે પુત્ર-પુત્ર વચ્ચે ભેદ કે પક્ષપાત કરતો નથી, સૌ તરફ સમદષ્ટિથી જુએ છે; તેવી રીતે ઉપાધ્યાયે સમદષ્ટિથી સર્વ વિદ્યાર્થીઓને શાસ્ત્રીય તત્ત્વોનું જ્ઞાન આપવું જોઈએ; વિદ્યાર્થીથી જ્ઞાન ચોરી રાખવું ન જોઈએ, અર્થાત્–શાસ્ત્રનો અર્થ ગોપવવો ન જોઈએ તેમજ કોઈને વધુ શિક્ષણ ને કોઇને ઓછું એવો ભેદ કરવો ન જોઇએ. શાસ્ત્રીય તત્ત્વો જાણનારને જેમ સુગમ પડે તેમ નવી નવી શૈલીથી ભણવાયોગ્ય શાસ્ત્રોની રચના કરવી : એ જ એક વિચક્ષણ ઉપાધ્યાયનું સાધુસમાજ પ્રત્યેનું કર્તવ્ય કર્મ છે. (૧૭૭)

# नवम परिच्छेद.

## તપશ્ચર્યા.

तपश्चर्या । १७८ ॥

**स्वाध्याये न मनोरुचिर्यदि भवेन्मान्द्यान्मतेः कस्यचि-**
**द्ध्याने नापि मनःस्थितिर्गुरुगमाभावाच्चलत्वाद्धृदः॥**
**तस्याभ्यन्तरशुद्धये त्वनशनादिद्वादशानां पुराऽ-**
**नुष्ठानं तपसां यथाक्रममिदं निष्काममावश्यकम् ॥**

**તપશ્ચર્યા.**

**ભાવાર્થ**—બુદ્ધિ મંદ હોવાને લીધે જો સ્વાધ્યાયમાં સાધુના મનની રૂચિ ન થતી હોય અને ગુરૂગમના અભાવથી કે હૃદયની ચંચળતાથી ધ્યાનમાં પણ મન સ્થિર ન થતું હોય તો સાધુએ અભ્યંતર શુદ્ધિને માટે અનશન આદિ બાર પ્રકારનાં તપનું નિષ્કામ વૃત્તિથી ક્રમસર અનુષ્ઠાન કરવું આવશ્યક છે. (૧૭૮)

**વિવેચન**—પૂર્વે સાધુના દિનકૃત્યમાં શરીરકૃત્ય સિવાય બધો કાળ સ્વાધ્યાય અને ધ્યાનમાં ગાળવાનું વિધાન કરેલું છે. મોક્ષના ધ્યેયસુધી પહોંચવાને માટે એ જ બે ક્રિયાઓ આવશ્યક છે, જ્યારે શરીરકૃત્ય દેહના નિભાવને અર્થે આવશ્યક છે. સ્વાધ્યાય અને ધ્યાનમાં આપણે ગીતાના જ્ઞાનયોગ અને ભક્તિયોગનો ભણકારો સાંભળીએ છીએ. જ્ઞાનનું સાધન સ્વાધ્યાય છે અને ભક્તિનું સાધન ધ્યાન છે. ज्ञानादेव हि मुक्तिः स्यात् । ज्ञान-क्रियाभ्यां मोक्षः । भक्त्या मामभिजानाति । ઇત્યાદિ પૃથક્ પૃથક્ વાક્યોમાંના કોઈમાં જ્ઞાનની, કોઇમાં ભક્તિની અને કોઈમાં જ્ઞાન અને ક્રિયાની સાધના દ્વારા મોક્ષપ્રાપ્તિ કહેલી છે: પરન્તુ વસ્તુતઃ જ્ઞાન અને ભક્તિનો પરસ્પર સંબંધ રહેલો છે. મહાત્મા **ગાંધીજી** કહે છે કે "ત્યાગશક્તિ ઉત્પન્ન કરવાને સારૂ જ્ઞાન જોઈએ. એક પ્રકારનું જ્ઞાન તો ઘણા પંડિતો પામે છે.

વેદાદિ તેને મોઢે હોય છે, પણ એમનામાંના ઘણા ભોગાદિમાં રચ્યા પચ્યા હોય છે." આ માટે જ્ઞાનની સાથે ભકિત જોઇએ. પણ જ્ઞાન વિનાની ભકિતનો અતિરેક કેવો હોય? ગાંધીજી કહે છે કે "લૌકિક કલ્પનામાં ભક્ત એટલે વેવલો, માળા લઇને જપ જપનાર, સેવાકર્મ કરતાં પણ તેની માળામાં વિક્ષેપ આવે. તેથી તે ખાવાપીવા વગેરે ભોગ ભોગવવાને સમયે જ માળાને હાથમાંથી મૂકે. ઘંટી ચલાવવાને સારૂ કે દર્દીની સારવાર કરવાને સારૂ કદી નહિ." આ માટે ભકિતની સાથે જ્ઞાન પણ જોઇએ. એકલું જ્ઞાન કે એકલી ભકિત મોક્ષ આપનારી થતી નથી, પરન્તુ જ્ઞાનને પરિણામે આપોઆપ ભકિત ઉત્પન્ન થાય છે: એક જન્મમાં નહિ તો જન્માંતરે થાય છે અને ભકિતને પરિણામે આપોઆપ જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે: એ પ્રમાણે અન્યોઅન્ય જ્ઞાન અને ભકિત પૂરક થઈને મોક્ષના સાધનરૂપ બને છે. ગીતા એ બાબત સ્પષ્ટ કરતાં કહે છે કે बहूनां जन्मनामंते ज्ञानवान् मां प्रपद्यते । वासुदेवः सर्वमिति ॥ અર્થાત્–ઘણા જન્મો પછી જ્ઞાનવાન માણસ પ્રભુને પિછાણે છે અને સમજે છે કે આખું વિશ્વ પ્રભુમય જ છે. તેવી જ રીતે ભકિતને માટે કહ્યું છે કે भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः । અર્થાત્–ભકિતથી પ્રભુ વિષયનું તાત્ત્વિક જ્ઞાન મનુષ્યને થાય છે. આ પ્રમાણે ભકિતદ્વારા જ્ઞાનનો અને જ્ઞાનદ્વારા ભકિતનો યોગ થતાં તેવો યોગ મોક્ષપ્રાપ્તિનું સાધન બને છે. પરન્તુ કોઈની મતિ એવી મંદ હોય કે જ્ઞાનપ્રાપ્તિ માટેના સ્વાધ્યાયમાં તેની રૂચિ જાગૃત ન થાય અને અભ્યાસ કરવા છતાં તેમાં પ્રગતિ થાય નહિ; એવી રીતે કોઇનું હૃદય એવું ચંચળ હોય કિંવા ગુરૂગમનો અભાવ હોય કે ભકિતના સાધનમાંએ મન પ્રવર્તતું ન હોય, ત્યારે શું કરવું? સ્વાધ્યાય અને ધ્યાન કિંવા જ્ઞાન અને ભકિત ઉભયના અનધિકારીઓને જ્ઞાન અને ભકિતના અધિકારી બન્યા વિના તો ચાલવાનું જ નથી કારણકે તે વિના મોક્ષના ધ્યેયે પહોંચી શકાતું નથી. અનધિકારીને અધિકારી બનાવવાનું સાધન છે તપશ્ચર્યા. અનશન આદિ બાર પ્રકારનાં તપ યથાક્રમે નિષ્કામ વૃત્તિથી કરવાથી અભ્યંતર શુદ્ધિમાં પહોંચાય છે અને એવી શુદ્ધિ થવાથી જ્ઞાન અને ભકિતમાં–સ્વાધ્યાય તથા ધ્યાનમાં મન ગતિ સાધે છે. આટલા માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે:—

जहा महा तलागस्स संनिरुद्धे जलागमे।
उस्सिंचणाए तवणाए कम्मेण सोसणा भवे॥
एवंतु संजयस्सावि पावकम्म निरासवे।
भवकोडी संचियं कम्मं तवसा निज्जरिज्जइ॥

અર્થાત્—જેમ કોઇ મોટા તળાવનો પાણી આવવાનો માર્ગ રૂંધી રાખવાથી અને તે તળાવના ઉપયોગ તથા સૂર્યના તાપથી તે ધીમેધીમે શોસાઇ જાય છે, તેવી રીતે સાધુ જો પાપકર્મને આવવાનો માર્ગ રૂંધે અને તપ કરે તો કોટિ ભવમાં તેને લાગેલાં કર્મની નિર્જરા થઇ જાય. મનુ પણ કહે છે કે तपसा कल्मषं हंति–તપથી મનનો મેલ નાશ પામે છે એટલે આભ્યંતર શુદ્ધિ થાય છે. श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः અર્થાત્–શ્રદ્ધાવાન્ પુરૂષ જો જ્ઞાનની પાછળ લાગે અને ઇંદ્રિયનિગ્રહરૂપ તપનો આશ્રય લે તો તે જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે. આ રીતે જ્ઞાન અને ભક્તિરૂપી બીજને પ્રતિકૂળ હોય તેવા મનરૂપી ખેતરને અનુકૂળ બનાવવાને તપનું અનુષ્ઠાન કરવું જોઇએ; એવા અનુષ્ઠાનથી જ ચિત્તક્ષેત્રમાં જ્ઞાન–ભક્તિનાં બીજને અંકુરો ફૂટે છે અને સ્વાધ્યાય તથા ધ્યાનમાં રૂચિ પણ ઉત્પન્ન થાય છે. પતંજલિ પણ આ જ વિધાનને પુષ્ટિ આપતાં કહે છે કે तपः स्वाध्यायेश्वर-प्रणिधानानि क्रियायोगः અર્થાત્–તપશ્ચર્યા, સ્વાધ્યાય અને ઇશ્વરનું પ્રણિધાન એટલે ધ્યાન એ જ ક્રિયાયોગ છે. આ જ ક્રિયાયોગનું પ્રતિપાદન તે આ અને હવે પછી આવતા પરિચ્છેદોમાં ગ્રંથકારનું લક્ષ્ય રહેલું છે. (૧૭૮)

[તપ એ શરીરનો વિષય છે અને ઇંદ્રિયનિગ્રહ એ મનનો વિષય છે, તથા મુક્તિ તો મન દ્વારા જ પ્રાપ્ત થવી જોઈએ; તો તપથી મનને કેવી રીતે લાભ થાય? આવી સ્વાભાવિક શંકાનું નિરસન ગ્રંથકાર નિમ્ન શ્લોકવડે કરે છે.]

बाह्यतपसोऽभ्यन्तरतपःप्रवेशः।१७९॥

**आरभ्याऽनशनाच्च बाह्यतपसो गन्तव्यमभ्यन्तरे।**
**वैयावृत्त्यपथेन शान्तिनिरतैर्व्युत्सर्गनिष्ठावधि॥**

**तन्नैवैहिकपारलौकिकसुखप्राप्तीच्छयाऽप्यल्पया ।**
**नो कीर्त्तिस्तुतिवाञ्छयाऽपितु निराकर्त्तुं पुरा कर्मणाम् ॥**

### બાહ્ય તપમાંથી અભ્યંતર તપમાં પ્રવેશ.

**ભાવાર્થ**—બાહ્ય તપના પ્રથમ પ્રકાર અનશન–ઉપવાસથી શરૂઆત કરીને બીજા–ત્રીજા આદિ બાહ્ય તપનું અનુષ્ઠાન કરતાં અભ્યંતર તપમાં પ્રવેશ કરવો; શાન્તિપરાયણ મુનિએ અભ્યંતર તપનું અનુષ્ઠાન કરતાં વૈયાવૃત્ત્યને માર્ગે થઈ વ્યુત્સર્ગ તપની નિષ્ઠાપર્યંત પહોંચવું; તે તપોનુષ્ઠાન પણ આ લોક કે પરલોકની સુખપ્રાપ્તિની સ્વલ્પ પણ ઇચ્છાથી કે કીર્તિ તથા સ્તુતિની ઇચ્છાથી નહિ, કિંતુ પૂર્વે કરેલાં કર્મોનું નિરાકરણ કરવાને જ કરવું. (૧૭૯)

**વિવેચન**—બાહ્ય તપ એ અભ્યંતર તપમાં પ્રવેશ કરવાનું દ્વાર છે અને તેટલા જ માટે બાહ્ય તપની આવશ્યકતા છે. આજે કેટલાકો બાહ્ય તપના લાભો ગણાવતાં શારીરિક લાભોની ગણત્રી સારી પેઠે કરી બતાવે છે. ઉપવાસાદિ કરવાથી શરીર સ્વસ્થ રહે છે અને ઊનોદરી કરવાથી રોગો થતા નથી, કિંવા અમુક સંખ્યા જેટલા ઉપવાસ કરવાથી અમુક રોગો મટે છે, એ બધા શારીરિક લાભો તપના છે ખરા; પરન્તુ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી–કર્મની નિર્જરાના હેતુથી તપ કરનારાઓએ ભૂલી જવું જોઈએ નહિ કે શરીરની સ્વસ્થતા એ જ તપનું લક્ષ્ય નથી. તપ તો ચિત્તશુદ્ધિ માટે, વૃત્તિઓના શમન માટે અને વાસનાની પ્રબળતાને હઠાવવા માટે કરવાનું છે અને તેથી કદાચ શરીરની સ્વસ્થતાનો થોડો ભોગ આપવો પડતો હોય તોપણ તે ભોગ આપીને તપ કરવું એ તેનું આધ્યાત્મિક લક્ષ્ય છે. જ્યાંસુધી એ દૃષ્ટિબિંદુથી તપ ન થાય ત્યાંસુધી બાહ્ય તપ એ અભ્યંતર તપનું પ્રવેશદ્વાર ન બને અને તપદ્વારા ચિત્તશુદ્ધિ કરવાનો હેતુ સિદ્ધ ન થાય. આ કારણથી બાહ્ય તપના એક પછી એક પ્રકારનું અનુષ્ઠાન કરતાં કરતાં અભ્યંતર તપમાં પ્રવેશ કરવો એ જ યુક્ત છે અને બાહ્ય તપનો એ જ હેતુ છે. બાહ્ય તપના છ પ્રકાર છે: અનશન એટલે ઉપવાસ, ઊનોદરિક

એટલે ભૂખ કરતાં ઓછું ખાવું તે, ભિક્ષાચર્યા એટલે ઘેર ઘેર ફરીને ભિક્ષા કરી ખાવું તે, રસપરિત્યાગ એટલે સ્વાદિષ્ઠ ખોરાકનો ત્યાગ કિંવા જિહ્વા-લલ્ય ઉપર વિજય, કાયક્લેશ એટલે ટાઢતાપ સહન કરવાં તે અને પ્રતિસંલેખના એટલે શયન—આસનમાં નિઃસંગ તથા સ્થિર રહી ઇંદ્રિય-નિગ્રહ કરવો. આ છ પ્રકારનાં તપ અનુક્રમે આદરવાથી અભ્યંતર તપમાં એટલે ચિત્તશુદ્ધિકારક તપમાં પ્રવેશ કરાય છે. શારીરિક તપથી શારીરિક વિષયોનું દમન થાય છે અને શારીરિક વિષયોના દમનથી માનસિક વિષ-યોનો ઉત્પાત શાન્ત થવા લાગે છે; તે જ કારણથી બાહ્ય તપને અભ્યંતર તપના પ્રવેશદ્વાર રૂપ કહ્યું છે. પણ એ બાહ્ય તપનો ઉપયોગ જો શારીરિક દૃષ્ટિથી—શારીરિક સ્વાસ્થ્ય માટે કર્યો હોય તો તેથી અભ્યંતર લાભ થતો નથી, કિંવા આ ભવમાં તપરૂપી શારીરિક કષ્ટ વેઠવાથી પરભવમાં દેવલોકની ઋદ્ધિ પ્રાપ્ત થશે એવી ઇપ્સાથી જો બાહ્ય તપ કર્યું હોય તો તેથી પણ અભ્યં-તર લાભ થતો નથી; આટલા માટે ગ્રંથકારે પૂર્વ શ્લોકમાં निष्कामम् શબ્દનો ઉપયોગ કર્યો છે અને આ શ્લોકમાં પણ એ જ શબ્દના વિવરણ રૂપે કહ્યું છે કે પારલૌકિક સુખ, કીર્તિ, સ્તુતિ ઇત્યાદિ વાંચ્છના રાખ્યા વિના પૂર્વ-કર્મની નિર્જરા કરવા માટે જ તપ કરવું જોઇએ. સફળ તપને માટે કહ્યું છે કેઃ निर्दोषं निर्निदानाढ्यं तन्निर्जराप्रयोजनम्। चित्तोत्साहेन सद्बुद्धया तप-नीयं तपः शुभम् ॥ અર્થાત્—નિર્દોષ, કામના—નિયાણા વિનાનું અને માત્ર નિર્જરાના કારણભૂત એવું શુભ તપ સારી બુદ્ધિ વડે મનના ઉત્સાહપૂર્વક કરવું. આધુનિક સમયમાં શ્રાવક—શ્રાવિકાઓ પુષ્કળ બાહ્ય તપ કરે છે પરન્તુ તેની પાછળ થોડા જ દાખલાઓમાં અભ્યંતર દૃષ્ટિબિંદુ હોય છે, અને જે કોઇ થોડાઓ બાહ્ય તપનો હેતુ અભ્યંતર તપમાં પ્રવેશ કરવાનો હોવાનું સમજે છે તેઓ પણ તપમાં ક્રમ કે નિયમિતતા જાળવતા નથી એટલે તે અભ્યંતર દૃષ્ટિબિંદુને નિષ્ફળ કરે છે. ઉપરાઉપરી ઉપવાસો જ કરવા, આયંબીલો જ કરવાં, કિંવા એકાશનો જ કર્યા કરવાં, પરન્તુ જાણે કે અમુક સમય પછી તપની મોસમ પૂરી થતી હોય તેમ ત્યારપછી તુરત જ તપ છોડી દે અને સર્વ પ્રકારના આહારવિહાર ચાલુ રાખ્યા કરે; આથી જે કાંઈ શારીરિક

તપની અસર શારીરિક વિષયો પર–સ્થૂળ ઇંદ્રિયો ઉપર થઇ હોય છે, તે નાશ પામે અને કૂતરાની પૂંછડી જેવી વાસનાઓ અને વૃત્તિઓ પૂર્વવત્ અનિયંત્રિત બનીને રાચવા તથા મ્હાલવા લાગી જાય છે. આ રીતે બાહ્ય તપ નિષ્ફળ નીવડે છેઃ આ નિષ્ફળતા ન થાય તેટલા માટે પૂર્વ શ્લોકમાં ગ્રંથકારે यथाक्रमम् અર્થાત્ ક્રમ જાળવીને તપશ્ચર્યા કરવાનું કહ્યું છે અને આ શ્લોકમાં અનશનથી આરંભ કરીને એક પછી એક તપના પ્રકારને આદરવાનું કહ્યું છે. એ ક્રમ ત્યજી દેવાથી કિંવા સ્વલ્પ તપ આદરીને પુનઃ ઇંદ્રિયોને મોકળી મૂકવાથી તપનો લાભ પણ નાશ પામે છે. ઉપર કહેલા બાહ્ય તપોને અનુક્રમે આદરીને છ પ્રકારના અભ્યંતર તપમાં પ્રવેશ કરવો. પ્રાયશ્ચિત્ત એટલે ગુરૂ સમીપે પાપનું આલોચન કરવું અને કરેલ પાપનો પસ્તાવો કરવો, વિનય એટલે ગુરૂ પ્રત્યે પૂર્ણ વિનય અને માનબુદ્ધિથી વર્તવું, વૈયાવૃત્ત્ય એટલે ગુરૂ આદિકની સેવા કરવી, સ્વાધ્યાય એટલે શાસ્ત્રાધ્યયન કરવું, ધ્યાન એટલે ધર્મધ્યાન શુકલધ્યાનમાં નિમગ્ન થવું અને વ્યુત્સર્ગ એટલે કાયોત્સર્ગ કરવો. આમાં પણ અનુક્રમ જાળવવા માટે વૈયાવૃત્ત્યને માર્ગે થઇને ઠેઠ વ્યુત્સર્ગસુધી નિષ્ઠાપૂર્વક પહોંચવાનું વિધાન સુઘટિત રીતે કરવામાં આવેલું છે. ઉપર કહેલા બાહ્ય તપના ૬ પ્રકાર અને અભ્યંતર તપના ૬ પ્રકાર વિષે વિસ્તારપૂર્વક વિવેચન ગ્રંથના હવે પછીના વિભાગમાં આવે છે. (૧૭૯)

[ બાહ્ય તપમાંના પહેલા બે પ્રકાર ઉપવાસ અને ઊનોદરી વિષે ગ્રંથકાર નીચેના શ્લોકમાં કહે છે. ]

**उपवासौनोदर्ये । १८० ॥**

**एकैकान्तरभोजनेन सततं कृत्वोपवासादिकं ।**
**कार्या वृद्धिरपूर्वशक्त्युदयने यावच्च संस्तारकम् ॥**
**नो शक्तिर्यदि तावती प्रतिदिनं न्यूनत्वमापादये-**
**दाहारे वसनादिकोपकरणे भावे कषायात्मके ॥**

## ઉપવાસ અને ઊણોદરી.

**ભાવાર્થ**—તપના ઉમેદવારે પ્રથમ છૂટા છૂટા ઉપવાસથી સતત તપશ્ચર્યા શરૂ કરવી; પછી એકાંતર ઉપવાસ કરવા; જેમ જેમ તપની શક્તિ વધતી જાય, તેમ તેમ તપસ્યામાં વૃદ્ધિ કરવી અને છેવટે સંથારા-સુધી પહોંચવું. જો ઉપવાસ કે એકાંતરા આદિ તપ જેટલી શક્તિ ન હોય તો દરરોજ ઊણોદરી તપ કરવું એટલે કે પોતાનો હમેશનો જે ખોરાક હોય તેમાં ઘટાડો કરવો, વસ્ત્રાદિ ઉપકરણોમાંય બનતો ઘટાડો કરવો અને ક્રોધાદિ કષાયમાં ઉપયોગ રાખી ન્યૂનતા કરવી; એમ દ્રવ્ય અને ભાવ ઊણોદરી તપનો અભ્યાસ કરવો. (૧૮૦)

**વિવેચન**—ઉપવાસ અને ઊણોદરી તપ કેવી રીતે કરવું તેનું વિધાન અત્ર સંક્ષેપમાં કરેલું છે. તપ કરવાની શક્તિ પણ ધીરે ધીરે કેળવવી પડે છે, કારણકે દેહની ઇંદ્રિયો અને વૃત્તિઓએ જે જે વિષયોનું સેવન અનિ-યંત્રિત રીતે કરેલું હોય છે, તેમાંથી તેમને પાછી વાળવી, તેમને નિયંત્રિત કરવી અને એ રીતે તેમને અભ્યંતર શુદ્ધિના સાધનભૂત બનાવવી એ તપનો હેતુ છે; ઇંદ્રિયો કે વૃત્તિઓ ઉપર કારમો પ્રહાર કરીને તેમને ગ્લાન બનાવી દેવી એ તપનો હેતુ નથી અને તેથી તપ સિદ્ધ થતું નથી.

**रसरुधिरमांसमेदोऽस्थिमज्जशुक्राण्यनेन तप्यन्ते ।**
**कर्माणि चाशुभानीत्यतस्तपो नामनैरुक्तम् ॥**

અર્થાત્—રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર તેમ જ અશુભ કર્મો તેનાથી તાપ પામે છે, માટે તેવું નામ 'તપ' કહેલું છે. ઇંદ્રિયો, વૃત્તિઓ અને અશુભ કર્મોને તપાવનારૂં તપ તેમની ઉપર પ્રહાર કરવાનું હોઈ જ ન શકે. શક્તિની બહાર, અણગમાથી કે વેઠની પેઠે ઉપ-વાસાદિ તપશ્ચર્યા કરવી એ તદ્દન અનિષ્ટ છે અને તેટલા માટે કહેલું છે કે—

**सो अ तवो कायव्वो जेण मणो मंगुलं न चिंतेइ ।**
**जेण न इंदिय हाणी जेण जोगा न हायंति ॥**

અર્થાત્—જે તપ કરવાથી મન દુષ્ટ ન થાય, ઇંદ્રિયોની હાનિ ન થાય

અને યોગ પણ ન હણાય તેવું જ તપ કર્તવ્ય છે. આ પ્રમાણે શાન્તિ-સમાધિપૂર્વક તપ આદરવાં અને તેમાં આગળ વધવા માટે ધીરે ધીરે ડગલું ભરવું જોઇએ. પહેલાં છૂટક છૂટક ઉપવાસ કરવા, પછી એક-એક દિવસને અંતરે ઉપવાસ કરી, પછી એક સાથે બે, પછી ત્રણ, પછી ચાર એમ ધીરે ધીરે આગળ વધીને જેમ જેમ તપ કરવાની શક્તિ વધતી જાય તેમ તેમ પૂર્વે કહેલા છએ પ્રકારના બાહ્ય તપ સિદ્ધ કરવા, એટલે કે છેલ્લા સંસ્તારક -સંથારાસુધી પહોંચવું. આ વિધાનમાં ગ્રંથકારે सततं શબ્દ હેતુપૂર્વક વાપરેલો છે. જોકે એ શબ્દ ઉપવાસના કથન સંબંધે વાપર્યો છે, તોપણ સર્વ પ્રકારના બાહ્ય તપમાં 'સતતતા' જાળવવા માટેને તે દ્યોતક છે. ઉપર કહ્યું છે તેમ તપ રસ-રૂધિરાદિને તાપ આપવા માટે છે અને જ્યાંસુધી વિષય કષાય તપતા નથી ત્યાંસુધી અભ્યંતર શુદ્ધિ થતી નથી. જો સ્વલ્પ તપથી ઇંદ્રિયો-વૃત્તિઓને સહજ તપાવ્યા પછી તપને છોડી દેવામાં આવે તો તપેલી વૃત્તિઓ ઠંડી પડી જાય અને તપની અસર નાબૂદ થતાં પુનઃ વિષય-કષાયમાં પ્રવૃત્તિ કર્યા કરે; તેટલા માટે ઉપવાસાદિ સર્વ પ્રકારનું તપ સતત જ કર્યા કરવું એવું અત્ર કહેલું છે અને તે વાસ્તવિક જ છે. આવી રીતે કરેલું ઉપવાસાદિ તપ અભ્યંતર તપ માટેનું સાધન બને છે અર્થાત્ તેથી માનસિક શુદ્ધિ થાય છે તેવું વિજ્ઞાનશાસ્ત્રીઓએ પ્રયોગોદ્વારા સિદ્ધ કરેલું છે. ડો. એડવર્ડ હુકર અનેક પ્રયોગો પછી પોતાનો એવો અભિપ્રાય જાહેર કરે છે કે "ઉપવાસથી માનસિક બળ બીલકુલ ક્ષીણ થતું નથી, કારણકે મગજનું પોષણ કરનારૂં તત્ત્વ ખુદ મગજમાં જ ઉત્પન્ન થાય છે. તેનું પોષણ કરવાને શરીરના બીજા કોઇ પણ ભાગની જરૂર પડતી નથી. તેના પોષણ માટે અન્નની જરૂર નથી કારણકે તે સ્વતઃ પોતાનું પોષણ કરે છે અને પોતાનું કામ નિયમિત રીતે કર્યે જાય છે. જીવનની સર્વ શક્તિનો ઉદ્ભવ મગજમાં જ થાય છે. જે વખતે મગજ કામ કરવાથી થાકે છે ત્યારે તેનો થાક ભોજનથી ઉતરતો નથી પણ આરામથી ઉતરે છે. નિદ્રાનો આરામ મગજનું ઉત્તમ રીતે પોષણ કરે છે અને દિવસે કરેલા શ્રમથી વિગલિત થએલાં ગાત્રોમાં પ્રાતઃકાળે પ્રસન્નતા આવે છે તે આ

આરામથી જ." માનસિક શક્તિ મગજ ઉપર આધાર રાખે છે અને મગજનું પોષણ કરવા માટે ખોરાકની જરૂર નથી એ આ ઉપરથી સમજી શકાય છે. જ્યારે મનુષ્ય માનસિક ચિંતાથી કે રાગ–દ્વેષાદિ વિકારોથી ઘેરાયલો હોય છે ત્યારે તેની ભૂખ સૌથી પહેલાં નષ્ટ થાય છે, તેમજ શરીરમાં કાંઇ રોગ–વિકાર થાય છે ત્યારે પણ ભૂખ મરી જાય છે. ભૂખનો નાશ એ રોગ કે વિકારનું ચિહ્ન છે એમ સમજવાનું નથી, પણ મનુષ્યની પ્રકૃતિનું બંધારણ એવું છે કે રોગ કે વિકારને મીટાવવા માટેજ તે ભૂખનો નાશ કિંવા ઉપવાસ એક ઉપચાર રૂપે નિર્માણ થએલો છે. આ જ કારણથી આર્ય વૈદ્યકશાસ્ત્રમાં પણ સ્પષ્ટ રીતે કહેલું છે કે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારૂં ઉપવાસ રૂપી તપ એક મોટું દિવ્યૌષધ છે. જૈન શાસ્ત્રમાં ઉપવાસ–અનશન તપના બે મુખ્ય પ્રકારો કહેલા છેઃ એક પ્રકાર સ્વલ્પ સમયના અનશનનો અને બીજો જીવનપર્યંતના અનશનનો. આ બેઉ પ્રકારના ઉપભેદો અનેક છે. સામાન્ય ઉપવાસ ગમે તેટલી સંખ્યાના હોય તે સ્વલ્પ સમયના ભેદમાં ગણાય છે અને જીવનપર્યંતનું અનશન તે સંથારો અથવા સંસ્તારક ગણાય છે. મનને ગ્લાન થવા દીધા વિના, શુભ બુદ્ધિથી, કર્મબંધને તોડવાના ઉત્સાહપૂર્વક જીવનપર્યંતનું અનશન આદરવું તે ઉલ્લાસપૂર્વક મૃત્યુને આદરવાનું કાર્ય છે. આ મનની પરમ ઉચ્ચ દશા છે અને તેથી તે તપનો અંતીમ ભેદ ગણાયલો છે.

ઊણોદરી તપના મુખ્ય બે પ્રકાર છે : દ્રવ્ય ઊણોદરી અને ભાવ ઊણોદરી. દ્રવ્ય ઊણોદરી એટલે ખોરાકમાં, વસ્ત્ર–પાત્રાદિ ઉપકરણોમાં ઘટાડો કરતા જવું તે; અને ભાવ ઊણોદરી એટલે ક્રોધાદિ કષાયોમાં ઉપયોગપૂર્વક ઘટાડો કરતા રહેવું તે. 'ઊણોદરી'નો શબ્દાર્થ એવો છે કે 'પેટને ઊણું રાખવું તે.' ભૂખ કરતાં ઓછું ખાવું, જરૂર કરતાં ઓછાં વસ્ત્રો રાખવાં, ઓછાં પાત્રોથી અને બીજાં ઉપકરણોથી ચલાવી લેવું એ તપ છે કારણકે તેની સીધી અસર ઇંદ્રિયોની સંયમવૃત્તિ ઉપર થાય છે. ગ્રંથકાર કહે છે કે જો ઉપવાસ કરવાની શકિત ન હોય તો તે ઊણોદરી તપ કરવું એટલે કે રોજ ઓછું ઓછું ખાતા જવું.

**द्वात्रिंशाः कवलाः पुंस आहारस्तृप्तये भवेत् ।**
**अष्टाविंशतिरेवेष्टाः कवलाः किल योषितः ॥**

અર્થાત્—પુરૂષ ૩૨ કોળીયા અને સ્ત્રી ૨૮ કોળીયા આહાર કરવાથી તૃપ્ત થાય છે. પરન્તુ 'કોળીયા'નો અર્થ કરતાં રખેને કોઇ બે–પાંચ રોટલીનું એક પડીકું વાળીને મ્હોંમાં પધરાવે અને કોળીઓ ગણી લે, તેટલા માટે કોળીયાનું પણ શાસ્ત્રકારે માપ બાંધ્યું છે. શાસ્ત્રકાર 'કુકડઅંડ' જેવડો એટલે મ્હોંની ફાડ જેવડો એક કોળીયો ગણે છે અને પંડિત **આ**શાધર सहस्रतंडुलमितः એટલે એક હજાર ચોખાના દાણા જેવડો કોળીયો ગણે છે. એવડા ૩૨ કોળીયા એ પુરૂષનો આહાર ગણાય. ૧ થી ૮ કોળીયાથી પૂર્ણ ઊણોદરી, ૯ થી ૧૨ કોળીયાથી સમાર્ધ ઊણોદરી, ૧૩ થી ૧૬ કોળીયાથી વિભાગ ઊણોદરી, ૧૭ થી ૨૪ કોળીયાથી પ્રાપ્ત ઊણોદરી અને ૨૫ થી ૩૧ કોળીયાથી કિંચિત્ ઊણોદરી તપ કર્યું લેખાય છે. આ ઊણોદરી તપમાં પણ ક્રમેક્રમે આગળ વધવાથી પૂર્ણ ઊણોદરી અને પરિણામે અનશન કરવાને શરીર કેળવાય છે અને તપમાં સારી પેઠે પ્રગતિ કરી શકાય છે. પરન્તુ ઊણોદરી તપ એ વસ્તુતઃ અનશન કરતાં સહેલું સમજવાનું નથી. કારણ પહેલો ઉપવાસ કઠીન લાગે અને તેટલા માટે ભલે ઊણોદરીને માર્ગે ચઢીને ઉપવાસ કરવામાં આવે, પરંતુ જેઓએ ઉપવાસ કરવાની શક્તિ કેળવી છે તેઓને તો ઊણોદરી તપ ઉપવાસ કરતાં વધુ કઠીન લાગે છે અને ઊણોદરી તપને ઉપવાસની પછી શાસ્ત્રકારે સ્થાન આપ્યું છે તે ઉત્તરોત્તર વધતી કઠીનતાનો વિચાર કરીને જ આપ્યું હોય એમ લાગે છે. અપૂર્ણ ભોજન કરવાથી મન અને તનને વધુ પરિષહ વેઠવો પડે છે કારણકે તેથી ઉઘડેલી ભૂખને દાબવી પડે છે. ઉપવાસમાં ભૂખ મરી જવાથી તેમાં ઊણોદરી જેવો પરિષહ સહન કરવો પડતો નથી. **અપ્ટન સીં**ક્લેર નામના એક વિદ્વાને રોજ એક નાનું ફળ ખાઇને કેટલાક દિવસ ઊણોદરી કરવાનો નિશ્ચય કર્યો હતો, પરન્તુ ઉપવાસ કરતાંએ વધારે કષ્ટ લાગવા માંડ્યું અને તેથી તેણે ફળ ખાવાનું છોડીને પૂર્ણ ઉપવાસ જ

કરવાનું પસંદ કર્યું. આ દ્રવ્ય ઊણોદરીની સાથે જો ભાવ ઊણોદરી તપ ન કર્યું હોય તો તેથી તપનો પૂરો લાભ મળતો નથી. કહ્યું છે કે—

**कषायविषयाहारत्यागो यत्र विधीयते ।**
**उपवास: स विज्ञेयः शेषं लंघनकं विदुः ॥**

અર્થાત્—જે ઉપવાસાદિમાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે તેને ઉપવાસ જાણવો; તે સિવાય બીજી લાંઘણ જાણવી.

**દૃષ્ટાન્ત**—બાહ્ય તપના અને વિશેષે કરીને અનશનના ઉત્તમ દૃષ્ટાંત તરીકે **ધન્ના** અણગારનો તપ અત્ર જાણવા જેવો છે. **ધન્નો** કુંવર ૩૨ સ્ત્રીઓ પરણ્યો હતો અને અતુલ ઋદ્ધિવાળો હતો. એકદા **મહાવીર** ભગવાનનો ઉપદેશ સાંભળવાથી તેને ત્યાગની અભિલાષા થઇ અને અત્યંત આગ્રહથી માતા પાસેથી રજા લઇ તેણે દીક્ષા લીધી. દીક્ષા લઇને તુરત જ **ધન્ના** અણગારે છઠ્ઠ-છઠ્ઠને પારણે આયંબીલ કરવા માંડ્યાં એટલે અનશન અને રસપરિત્યાગ બેઉ પ્રકારના તપનો પ્રારંભ કર્યો. સાથે સાથે બીજા પ્રકારના તપ પણ આદરવા માંડ્યા અને આઠ માસમાં તો એટલી ઘોર તપશ્ચર્યા કરી કે શરીરમાં એક લોહીનું બિંદુ કે માંસની પેશી રહી નહિ! હાડકાના માળા પર વીંટેલું ચામડું માત્ર અવશિષ્ટ રહ્યું. પરન્તુ એથી **ધન્ના** અણગારના મનને કશી ગ્લાનિ કે કલેશ થયાં નહિ અને તપશ્ચર્યા માટેનો ભાવ ઉત્તરોત્તર ચડતો ગયો. કષાયો શમી ગયા. ચિત્ત વિશુદ્ધ થઇ ગયું. આત્મા નિર્મળ થયો. દેહમાં રૂધિરબિંદુ નહિ હોવા છતાં તેમના મુખ પર તપનું અલૌકિક તેજ દેખાતું. દેહ અશક્ત થવાથી તેમણે છેવટે વિપુલ-ગિરિપર જઇને જીવનપર્યંત-પાદોપગમન અનશન કર્યું અને એક માસના અનશનને અંતે તેમણે શાન્તિ-સમાધિથી કાળ કર્યો. સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા દેવ તે થયા. ભગવાન કહે છે કે તે મહા-વિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, દીક્ષા લઈ, કર્મોનો નાશ કરી કેવળ જ્ઞાન પામી મોક્ષે જશે. (૧૮૦)

[ બાહ્ય તપના ત્રણ વધુ પ્રકારો વિષે નીચેના શ્લોકમાં કહેવામાં આવ્યું છે. ]

भिक्षाचरीरसपरित्यागकायक्लेशाः । १८१ ॥

**दोषान् षण्णवतिं विहाय विशदा ग्राह्या हि भिक्षोचिता**
**तत्राऽभिग्रहधारणं सुयमिनां द्रव्यादिभेदैः सदा ॥**
**आचाम्लादिविधानतो मुनिजनैस्त्याज्या घृताद्या रसाः।**
**स्थित्वाऽनेकविधासनैरभिमुखं सूर्यस्य कुर्यात्तपः ॥**

**ભિક્ષાવૃત્તિ, રસપરિત્યાગ અને કાયકલેશ.**

**ભાવાર્થ**—તપસ્વી મુનિએ આહારના છન્નુ દોષ વર્જીને નિર્મળ ભિક્ષા લેવી, તેમાં પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અનેક પ્રકારે અભિગ્રહ ધારણ કરવા તે બાહ્ય તપનો ત્રીજો ભેદ છે. આયંબીલ, નીવી, વગેરે તપ કરતાં ઘી, દૂધ, તેલ વગેરે રસનો તપસ્વી મુનિએ ત્યાગ કરવો તે બાહ્ય તપનો ચોથો પ્રકાર છે. અનેક પ્રકારનાં આસનો વાળી સૂર્યની સામે આતાપના લેતાં તપ કરવું તે પાંચમો કાયકલેશ નામે તપનો પ્રકાર છે. ( ૧૮૧ )

**વિવેચન**—'ભિક્ષાચરી' ને 'વૃત્તિસંક્ષેપ' તપને નામે પણ ઓળખવામાં આવે છે. ભિક્ષાચરીમાં ભિક્ષાવૃત્તિનો સંક્ષેપ કરવાનો અને એ રીતે તપશ્ચર્યા કરવાનો હેતુ રહેલો છે. મનુસ્મૃતિમાં કહેલું છે કે—

**भैक्षेण वर्त्तयेन्नित्यं नैकान्नादीभवेद् व्रती ।**
**भैक्षेण व्रतिनो वृत्तिरुपवाससमा स्मृता ॥**

અર્થાત્—વ્રતીએ હમેશાં ભિક્ષા માંગીને ખાવી પરંતુ કોઈ એક જ ગૃહસ્થના અન્નનું ભક્ષણ કરનાર થવું નહિ; ભિક્ષાચરણ કરવાથી વ્રતીની વૃત્તિ ઉપવાસરૂપી તપ કરવાથી જેવી હોય છે તેવી થાય છે.

પૂર્વે એષણીય આહારાદિ ગ્રહણ કરવાનો જે સાધુધર્મ કહેલો છે તેમાં આહારના ૯૬ દોષથી રહિત આહાર જ એષણીય હોય છે; પરન્તુ એષણીય આહાર ગ્રહણ કરવામાંએ સંક્ષેપ કરવો–સંયમ સાધવો તે આ તપનો હેતુ છે. આમાં મુનિએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવવડે અભિગ્રહ

ધારણ કરવાનો છે. દ્રવ્યથી મુનિ એવો અભિગ્રહ ધારણ કરે કે ભિક્ષામાં હું અમુક જ વસ્તુ ગ્રહણ કરીશ. ક્ષેત્રથી મુનિ અભિગ્રહ ધારણ કરે કે અમુક મર્યાદિત સ્થાનમાંથી જ તે વસ્તુ ગ્રહણ કરીશ. ક્ષેત્રથી અભિગ્રહ કરવામાં મુનિ ગોચરીના ૬ પ્રકારમાંનો કોઈ પ્રકાર મનમાં ધારી રાખે. (૧–૨) પેટી અને અર્ધ પેટીના આકારે અર્થાત્ ગામ અથવા શેરીને ચોખુણ કલ્પીને તેને ચારે ખૂણે આવેલાં ચાર ઘેર ભિક્ષાર્થે જવું તે. (૩) ગોમૂત્રિકા એટલે સર્પાકારે–અમુક ઘરો પડતાં મૂકીને અમુક ઘેરથી જ ભિક્ષા લેવી તે. (૪) પતંગ વિથીકા એટલે પતંગ ઉડે છે તેવી રીતે એક બીજાથી ઘણે દૂર આવેલાં ઘેર ભિક્ષાર્થે જવું તે. (૫) શમ્બૂકાવર્ત એટલે શંખના વળની પેઠે અમુક ઘર પડતાં મૂકી અમુક ઘેર ભિક્ષા માંગવી તે. (૬) આયતમ–ગત્વા પ્રત્યાગત એટલે અમુક અંતર સુધી સીધા ગયા પછી પાછા ફરીને અમુક અમુક ઘેર ભિક્ષા માંગવી તે. મુનિ કાળથી અભિગ્રહ ધારણ કરે એટલે અમુક વખતે જ આહાર ગ્રહણ કરે; અને ભાવથી અભિગ્રહ ધારણ કરે એટલે મનમાં એમ ધારે કે–મને કોઈ વાસણમાંથી લઇને કોઈ વસ્તુ વહોરાવે તો લઉં, કિંવા વાસણમાં નાંખતાં નાંખતાં વહોરાવે તો લઉં, કિંવા નાંખીને પાછી કાઢી વહોરાવે તો લઉં, કિંવા બીજાને આપતાં આપતાં વહોરાવે તો લઉં, કિંવા બતાવીને આપે તો લઉં, ઇત્યાદિ. આ પ્રકારની ભિક્ષાચર્યાથી આહાર સંબંધી વિશિષ્ટ સંયમને મુનિ કેળવી શકે છે, અને એ જ તેની તપશ્ચર્યા છે. બીજાં તપો નિયત છે, ત્યારે આ તપ અનિયત છે. ઉક્ત દ્રવ્યાદિથી ધારેલો અભિગ્રહ ક્યારે પૂરો થાય તે કહી શકાય નહિ. તેથી જ તે અનિયત તપશ્ચર્યા લેખાય છે. અભિગ્રહધારી મુનિઓને દિવસોના દિવસો સુધી એષણીય આહાર નહિ મળ્યો હોવાનાં દૃષ્ટાંતો શાસ્ત્રમાં નોંધાએલાં છે.

એક રસનેંદ્રિયને અતૃપ્ત રાખવાથી પ્રમાદ થતો અટકે છે, નીરોગી થવાય છે, અને બીજી સર્વ ઇંદ્રિયો પોતપોતાના વિષયથી નિવૃત્ત થાય છે, તેટલા માટે સંયમીને માટે રસપરિત્યાગ એ મહત્ત્વનું તપ છે. इंद्रियाणां जये शूरः

–ઇંદ્રિયોને જે જય કરે છે તે જ શૂરો છે અને એવું શૂરત્વ સંપાદન કરવાને ઇંદ્રિયોના જયનું સાધન રસપરિત્યાગ આદરણીય છે; તેથી ઉલટું **दुद्धदही विगईओ आहारेइ अभिक्खणम्**–જે દુષ્ટ સાધુ હોય છે તે દૂધ, દહીં, ઘી વગેરે વિગયો–વિકૃતિઓને વારંવાર ખાય છે. વિકૃતિઓ ૧૦ પ્રકારની છે. મધ, માંસ, મદિરા અને માખણ એ અભક્ષ્ય વિકૃતિઓ હોઈ સર્વથા ત્યાજ્ય છે અને દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, તથા પકવાન્ન એ છ વિકૃતિઓ સંયમીને માટે ત્યાજ્ય છે. આ બધા રસો વિકૃતિઓ કહેવાય છે કારણકે તેને બગડતાં વાર લાગતી નથી–તેમાં જંતુઓ ઉત્પન્ન થાય છે અને મરે છે, તેમ જ તે વિષયોત્પાદક પદાર્થો હોવાથી અસંયમના કારણીભૂત બને છે. દૂધ દહીં વગેરે જે છ વિગયો છે તેને એક મુનિ સર્વથા ત્યજી શકતો નથી કારણકે દેહનિર્વાહાર્થે જેમ ખોરાકની જરૂર છે તેમ આંખોના તેજની જાળવણી માટે કેટલાક પ્રમાણમાં એ વિગયોની પણ જરૂર હોય છે, છતાં મુનિ એ વિગયોનું સેવન સ્વચ્છંદી રીતે ન કરે તેટલા માટે કહ્યું છે કે–

**विकृतिकृद्रसानां यत्त्यागो यत्र तपो हि तत् ।**
**गुर्वाज्ञां प्राप्य विकृतिं गृह्णाति विधिपूर्वकम् ॥**

અર્થાત્—વિકાર કરનારા રસોનો ત્યાગ કરવો તે રસપરિત્યાગ નામનું તપ કહેવાય છે, તેમાં પણ ગુરૂની આજ્ઞા લઇને વિધિપૂર્વક વિકૃતિ ગ્રહણ કરાય. રસપરિત્યાગ નામે તપ આદરનાર મુનિ તો જિહ્વાલૌલ્ય અને વિકારમાંથી બચવા માટે એવા પદાર્થોનું સેવન ઓછું કરે અને છેવટે કેવળ બંધ કરે. આટલા માટે તે તપની સિદ્ધિ કરવા ગ્રંથકારે આયંબીલ આદિ કરવાનું વિધાન કરેલું છે કે જેમાં રસરહિત–લુખ્ખો અને વિગયરહિત આહાર જ કરી શકાય. કાયકલેશ તપ એ બાહ્ય તપનો પાંચમો પ્રકાર છે. પરિષહ પોતાથી અને બીજાથી એમ બેઉ પ્રકારથી ઉત્પન્ન થતા ક્લેશ રૂપ હોય છે અને કાયકલેશ માત્ર પોતે જ ઉત્પન્ન કરેલા કલેશના અનુભવ રૂપ હોય છે એટલો તેમાં ફેર છે, અને તેટલા કારણે તે તપરૂપ છે. યોગનાં ૮૪ આસનો કહેવાય છે તેમાંનાં પદ્માસન, વીરાસન, ઉત્કટુકાસન, લગુડાસન

ઇત્યાદિ આસનો વાળીને સૂર્યની સામે બેસી કે ઊભા રહી, કાયોત્સર્ગ કરી આતાપના લેવી તે કાયકલેશ નામનો તપ કહેવાય છે. આવાં આસનોથી અને આતાપનાથી કાયાને કલેશ થાય, પણ આત્માને કે મનને કલેશ ન થવો જોઇએ, અને તો જ તે તપ છે એટલું ભૂલવું ન જોઇએ. કહ્યું છે કે कायकिलेसो संसारवास निव्वेअ हेउत्ति અર્થાત્–કાયકલેશ તપ સંસારવાસમાં નિર્વેદ કરવાનો હેતુભૂત હોય છે; એટલે તેમાં મનઃકલેશની સંભાવના ન જ હોવી જોઇએ. (૧૮૧)

[ બાહ્ય તપમાંના છેલ્લા પ્રતિસંલેખના તપ વિષે નીચેના શ્લોકમાં કહેવામાં આવ્યું છે. ]

**प्रतिसंलेखनातपः । १८२ ॥**

**कार्यश्चेन्द्रियनिग्रहो मुनिवरैर्जेयः कषायोच्छ्र्यो–**
**रुद्ध्वा योगमनिष्टमिष्टसुखदो योगो नियोज्यः शुभः ॥**
**निस्सङ्गः शयनासनादिषु सदा वर्त्तेत गुप्तेन्द्रियः ।**
**षड्भिर्बाह्यतपोभिरेभिरनिशं कर्म्माणि भिन्द्यान्मुनिः॥**

**પ્રતિસંલેખના તપ.**

**ભાવાર્થ**—તપસ્વી મુનિએ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, વધતા જતા કષાયો ઉપર જીત મેળવવી, અનિષ્ટ અશુભ યોગનો નિરોધ કરીને ઇષ્ટ સુખ આપનાર શુભ યોગમાં સ્થિર થવું, શયન આસન વગેરેમાં નિઃસંગ રહેવું, હમેશાં ઇંદ્રિયોને ગોપવી રાખવી, તે છઠ્ઠું પ્રતિસંલેખના તપ છે. એ છ પ્રકારના બાહ્ય તપથી તપસ્વી મુનિએ નિરંતર કર્મને છેદવાં. (૧૮૨)

**વિવેચન**—આ શ્લોકમાં પ્રતિસંલેખના તપના ચાર પ્રકારો કહેલા છે. જૈન શાસ્ત્રના ગ્રંથોમાં આ તપને કોઈ સ્થળે સંલેખના અને સંલીનતાને નામે પણ ઓળખવામાં આવે છે. પ્રતિસંલેખના એટલે ગોપવવાની ક્રિયા. ઇંદ્રિયોને ગોપવવી તે ઇંદ્રિયપ્રતિસંલેખના. ઇંદ્રિયો રાગી અને કામી એવા બે પ્રકારની છે. આંખ અને જીભ એ રાગી ઇંદ્રિય છે કારણકે જ્યારે કોઈ વસ્તુ ઉપર મનમાં રાગ ઉત્પન્ન થાય છે ત્યારે એ ઇંદ્રિયનો

વ્યાપાર થાય છે. કોઇ સુંદર દશ્ય હોય અને તે જોવાની ઇચ્છા મન કરે ત્યારે આંખ તે તરફ ફરે અથવા કોઇ સારી વસ્તુ હોય અને તે ખાવાની ઇચ્છા મન કરે ત્યારે જીભ તેનો સ્વાદ લે; પરન્તુ કામી ઇંદ્રિય તો મનની ઇચ્છા વિના પણ વિષયભોગની વસ્તુના સમાગમમાં આવે છે. ઇચ્છા ન હોય છતાં વાજીંત્રોનો મધુર નાદ કાનમાં પેસીને વિષયને જગાડે, ઇચ્છા ન હોવા છતા ફૂલ કે અત્તરની સુગંધ વાયુ સાથે મળીને નાકમાં પેસી વિષયને જગાડે, ઇચ્છા ન હોય છતાં શીતળ વાયુ તપેલા દેહને સ્પર્શ કરીને સુખ ઉપજાવતાં વિષયને જગાડે, એટલે એ ઇંદ્રિયો કામી છે. એ પાંચે ઇંદ્રિયોની પ્રતિસંલેખના કરવી એટલે कार्यश्चेन्द्रियनिग्रहः–ઇંદ્રિયનિગ્રહ કરવો. રાગી ઇંદ્રિયોનો નિગ્રહ કરવા કરતાં કામી ઇંદ્રિયનો નિગ્રહ વધારે કઠીન છે. આંખ બંધ રાખી કે ખાદ્ય પદાર્થ હાથે ઉપાડીને મુખમાં ન મૂક્યો એટલે આંખ અને જીભનો નિગ્રહ થઈ શકે; પરન્તુ અનિચ્છાએ કાનમાં શબ્દ પેસે, નાકમાં સુગંધ પેસે અને શરીરને સ્પર્શ થાય, છતાં વિષયની જાગૃતિ થવા ન દેવી તે વિશેષ કઠીન છે; અને એવો નિગ્રહ કઠીન છે, માટે જ તે 'તપ' છે. ઉવવાઇ સૂત્રમાં આ પ્રકારના ઇંદ્રિયનિગ્રહનો એક જ માર્ગ સૂચવ્યો છે અને તે એ કે ઇંદ્રિયને વિષયના સાધન તરફ જતી રોકવી, છતાં એ સાધન અનિચ્છાએ ઇંદ્રિયને વિષયોપભોગ કરાવે, તો તેમાં રાગ કે દ્વેષ ધારણ ન કરતાં ચિત્તની સમતા જાળવી રાખવી એટલે નિગ્રહ આપોઆપ થઈ ચૂક્યો સમજવો. પ્રતિસંલેખનાનો બીજો પ્રકાર जेयः कषायोच्छ्रयः કહ્યો છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે. સાધુજીવનમાં એ કષાયનો ત્યાગ જ કર્તવ્ય હોય છે છતાં તેનો ઉદય થઇ આવે તે સંભવિત છે. તે વખતે તેનો નિરોધ કરવો અને નિરોધ કરવાના યત્ન છતાં તેનો ઉદય થાય તો તેને–પ્રત્યેક કષાયના વિકારને નિષ્ફળ કરવો તે કષાયપ્રતિસંલેખના તપ ગણાય. ક્રોધને ક્ષમા વડે, માનને વિનય વડે, માયાને સરળતા વડે અને લોભને સંતોષ વડે નિષ્ફળ કરવો એટલે કષાયો ઉપર જીત મેળવવા રૂપી જે તપ તેનો લાભ મુનિ પામી શકે. પ્રતિસંલેખનાનો ત્રીજો પ્રકાર યોગપ્રતિસંલેખના. મન,

વચન અને કાયા અનિષ્ટ યોગમાં પ્રવર્તતાં હોય ત્યારે તેમને એવા યોગમાંથી રોકી ઇષ્ટ–સુખદ યોગમાં પ્રવર્તાવવાં તે યોગપ્રતિસંલેખના તપ કહેવાય છે. મન ખરાબ વિચારમાં ગતિ કરતું હોય ત્યારે તેને તેમાંથી રોકી સારા વિચારમાં લગાડવું, મુખમાંથી કટુ–કર્કશ વચનો નીકળવા જતાં હોય કે નીકળતાં હોય ત્યારે તેવાં વચનોને રોકી મધુર વચનોની ઉદીરણા કરવી, અને કાયાના હાથ–પગાદિ અવયવોને સમાધિમાં–કાચબાની પેઠે સંકોચીને નિશ્ચલ રાખવાં, એટલે પ્રતિસંલેખના તપ સિદ્ધ થાય. શયનાસનપ્રતિસંલેખના તે નિસ્સંગ દશા છે. મુનિ પોતાનું શયન અને આસન એવે સ્થાને રાખે કે જ્યાં તે નિસ્સંગ દશામાં રહી શકે એટલે કે જેના સંગથી ઇંદ્રિયોનું ગોપન કઠીન થઇ પડે તેવાના સંગથી રહિત દશામાં રહે. ઉદ્યાન, દેવાલય, હાટ, પાણીની પરબ ઇત્યાદિ જે સ્થાને મુનિ ઉતરે તે સ્થાને ઇંદ્રિયોના ગોપનમાં ઉપદ્રવ કરે તેવી વ્યક્તિઓ–સ્ત્રીઓ, નપુંસકો કિંવા માદા–પશુઓ ન હોવાં જોઇએ. એવી નિસ્સંગ દશામાં રહેવાથી તે ગુપ્તેન્દ્રિય થઇને વર્તી શકે અને તપસિદ્ધિ કરી શકે. એ પ્રમાણે બાહ્ય તપના છ પ્રકાર આચરવાથી એક મુનિ કર્મબંધનોને કાપી શકે અને આવતાં કર્મોને રોકી શકે. (૧૮૨)

[ બાહ્ય તપનો વિષય પૂરો થતાં હવે અભ્યંતર તપના વિષયમાં પ્રવેશ થાય છે: તેમાં પ્રથમ પ્રાયશ્ચિત્ત નામક અભ્યંતર તપ વિષે કહે છે. ]

**अभ्यन्तरतपः । प्रायश्चित्तम् । १८३ ॥**

**स्याच्चेन्मूलगुणे तथोत्तरगुणे दोषो लघुर्वा महाँ–**
**स्तत्कालं गुरुसन्निधौ मुनिवरैरालोचनीयः स्वयम् ॥**
**दद्युर्यद्गुरवो विशुद्धिनियतं छेदं तपो वेतर-**
**त्प्रायश्चित्तमतिप्रसन्नमनसा तत्तद्विधेयं द्रुतम् ॥**

**અભ્યન્તર તપ: પ્રાયશ્ચિત્ત.**

**ભાવાર્થ**—મુનિને મૂલ ગુણ–મહાવ્રતોમાં અને ઉત્તર ગુણ–ઈર્યા

સમિતિ આદિ સમિતિ–ગુપ્તિમાં નાનો કે મોટો કોઈ પણ દોષ લાગી ગયો હોય તો તત્કાળ પોતાના ગુરૂની પાસે જઇને પોતાની મેળે તે દોષનું આલોચન કરવું જોઇએ: એટલે ગુરૂ સમક્ષ તે દોષ જાહેર કરવો જોઇએ; ગુરૂ મહારાજ દોષની વિશુદ્ધિ થાય તે માટે જે કાંઈ છેદ કે તપ કરવાનું કહે તે અત્યંત પ્રસન્ન મનથી જલ્દી આચરી લેવું તેનું નામ પ્રાયશ્ચિત્ત તપ. (૧૮૩)

**વિવેચન**—પૂર્વે મુનિધર્મનું વિવરણ કરતાં મહાવ્રતવિષયક પ્રતિજ્ઞાઓ, કષાયપરિહારની પ્રતિજ્ઞાઓ, સમિતિ–ગુપ્તિ આદરીને તેનું પાલન કરવાના નિયમો ઈત્યાદિ વિષે કહેવામાં આવ્યું છે. આ પ્રતિજ્ઞાઓ, પરિહારો, નિયમો ઈત્યાદિમાં જ્યારે કારણવશાત્ કિંવા અકસ્માત્ મુનિથી સ્ખલના થઈ જાય છે ત્યારે તે દોષિત અથવા પાપી બને છે. આવો દોષ થતાં તેમાંથી મુક્ત થવાને તુરત જ યત્ન કરવો તે એવા સંયોગોમાં મુનિનો પ્રથમ ધર્મ થઈ પડે છે. प्रायश्चित्तं हि पापानां पश्चात्ताप इति स्मृतः–પાપનું પ્રાયશ્ચિત્ત તે પશ્ચાત્તાપ છે; પરન્તુ મનમાં ને મનમાં પશ્ચાત્તાપ જો કરવામાં આવે તો તે પ્રાયશ્ચિત્ત થતું નથી, તેટલા માટે પાપની આલોચના ગુરૂની સમીપે કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ખ્રિસ્તી ધર્મમાં જેને Confessions કહે છે અને ધર્મગુરૂની સમીપે એ 'કન્ફેશન્સ' એટલે પાપનો પ્રકાશ કરવાનું જે વિધાન છે તે વસ્તુતઃ પ્રાયશ્ચિત્તરૂપી તપ જ છે. પોતાનાં કરેલાં પાપો જે ગુપ્ત હોય છે–કોઈ જાણતું હોતું નથી, તે પોતાની મેળે ગુરૂજનોની સમીપે કહી બતાવવાં તે સહેલું કાર્ય નથી. મનનો અત્યંત આર્દ્ર ભાવ થયા વિના તે કાર્ય બની શકતું નથી. 'નિશીથ ચૂર્ણિ'માં કહ્યું છે કે–तं न दुक्करं जं पडिसेविज्जइ, तं दुक्करं जं सम्मं आलोइज्जई–અર્થાત્–જે અકાર્યનું પ્રતિસેવન કરવું તે દુષ્કર નથી, પણ જે તેની સમ્યક્ પ્રકારે આલોચના લેવી તે જ દુષ્કર છે. આલોચના આટલી દુષ્કર હોઇને જ તેને પ્રાયશ્ચિત્તરૂપી તપમાં ગણવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મમાં માનનારાઓએ મૃત્યુટાણે આવી રીતે પાપપ્રકાશ કરી પાપની આલોચના કરવાના અને તેથી પાપનો ભાર જાણે કે હલકો થવાથી આત્માને શાન્તિ

મળી હોય તેવા બનાવોના પુષ્કળ દાખલાઓ મળી શકે છે. આવા પ્રાયશ્ચિત્તથી અભ્યંતર–માનસિક લાભો કેવા થાય ? તે સંબંધે કહ્યું છે કે—

**लहु आह्लाइजणणं अप्पपरनिवत्ति अज्जवं सोही ।**
**दुक्करकरणं आणा निस्सल्लत्तं च सोहि गुणा ॥**

અર્થાત્—ગુરૂ સમીપે પાપપ્રકાશ કરવાથી અંતરમાં લઘુતા આવે છે, મનનો ભાર ઓછો થએલો લાગવાથી આહ્લાદ ઉત્પન્ન થાય છે, પોતાની અને પરની નિવૃત્તિ થાય છે, આર્જવ સિદ્ધ થાય છે, શુદ્ધતા પ્રાપ્ત થાય છે, પાપપ્રકાશ જેવું દુષ્કર કાર્ય પોતે કર્યું એમ મનને લાગે છે, ગુરૂની આજ્ઞા (ગુરૂ કહે તે વ્રત–તપ કરવાની ) પ્રાપ્ત થાય છે અને અંતર નિઃશલ્ય બની જાય છે; એ બધા 'શોધિ' કહેતાં આલોચનાના અભ્યંતર ગુણો છે. મનમાં જ પસ્તાવો કરવાથી પ્રાયશ્ચિત્ત સિદ્ધ થતું નથી, કારણકે મનનો સ્વભાવ ચંચળ છે અને પરિસ્થિતિ બદલાતાં કિંવા પશ્ચાત્તાપની અસર સંયોગવશાત્ નાબૂદ થતાં પુનઃ પાપપ્રવૃત્તિ માટે મન લલચાય છે; તેટલા માટે ગુરૂ સમીપે પ્રાયશ્ચિત્ત કરવું આવશ્યક છે. તેથી મનની વિશુદ્ધિ થવાથી અને લઘુતા–ઋજુતા ઇત્યાદિ પ્રાપ્ત થવાથી પાપમાં પુનઃપ્રવૃત્તિ થવાનો સંભવ તદ્દન ઓછો થઈ જાય છે. પાપની આલોચના એ તપ તો છે, પરન્તુ પ્રાયશ્ચિત્તની પૂર્ણાહુતિ તો ગુરૂ જે આજ્ઞા કરે અને છેદ કે તપ કરવાનું કહે તે તત્કાળ પ્રસન્ન મનથી આચરવા વડે જ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે आलोयणा रिहाइयं पायछित्तं तु दसविहं ॥ जे भिक्खू वहइ सम्मं पायछित्तं तमाहियं ॥ અર્થાત્–ગુરૂસમીપે પાપાલોચના કરવી, અને દસ વિધે પ્રાયશ્ચિત્ત કરવું, તથા કાયાએ કરીને તે રૂડી રીતે સેવવું તેનું નામ પ્રાયશ્ચિત્ત. ઉવવાઇ સૂત્રમાં આ દસવિધ પ્રાયશ્ચિત્ત કિંવા ગ્રંથકાર કહે છે તે 'છેદ' અને 'તપ' નીચે મુજબ કહેલા છે. (૧) ગુરૂની સમીપે પાપનો પ્રકાશ કરવો. (૨) મિથ્યા દુષ્કૃત દઇને પ્રતિક્રમણ કરવું. (૩) આલોચના અને મિથ્યા દુષ્કૃત બેઉ કરવાં. (૪) દોષિત વસ્તુનો ત્યાગ કરવો. (૫) કાયોત્સર્ગ કરવો. (૬) આયંબીલાદિ તપ કરવું. (૭) દીક્ષામાં છ માસ સુધી હેઠળ ઉતરવું. (૮) ફરીથી દીક્ષા લેવી. (૯) જે પ્રકારથી પાપ લાગ્યું હોય તે કાર્યથી દૂર રહેવું. (૧૦) સમુ-

દાયની બહાર રહીને તપ કરવું. ગુરૂ કહે તેવી રીતે આમાંનું એક કિંવા વધુ પ્રકારનું તપ કરવાથી પ્રાયશ્ચિત્ત થાય અને એ રીતે શુદ્ધિ પ્રાપ્ત થાય. (૧૮૩)

[ હવે બીજા વિનય રૂપી અભ્યંતર તપ વિષે કહે છે. ]

विनयः । १८४ ॥

**मूलं धर्मतरोः किलास्ति विनयः सप्तप्रकारो मतः ।**
**सेव्यः सर्वविधोऽपि दर्शनगतो भेदो विशेषेण वै ॥**
**उत्थानासनदानवन्दननमस्कारैश्च भक्त्यादिभि ।**
**गुर्वादौ विनयः क्रियेत मुनिभिस्त्यक्त्वाऽखिलाऽऽशातनाः**

**વિનય.**

**ભાવાર્થ**—ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે, તેના સાત પ્રકારો છે, તે બધા સેવવાયોગ્ય છે: પણ તેમાં દર્શનગત ભેદ એટલે દર્શન વિનય વિશેષે કરીને સેવવાયોગ્ય છે; દીક્ષિત મુનિએ ગુરૂઆદિની બધી આશાતના દૂર કરીને ગુર્વાદિક બહારથી આવે ત્યારે ઉઠીને ઊભા થવું, બેસવાને આસન આપવું, વંદના નમસ્કાર કરવાં, ભક્તિ–બહુમાનાદિથી વિનય કરવો તે અભ્યંતર તપનો બીજો પ્રકાર સમજવો.

**વિવેચન**—" વિનય વેરીને પણ વશ કરે " એવું કહેવત છે; વશીકરણના મહામંત્ર રૂપી વિનય એ કાંઇ સામાન્ય વસ્તુ ન હોય. ગ્રંથકાર વિનયને धर्मतरोः मूलम्–ધર્મરૂપી વૃક્ષના મૂળ તરીકે ઓળખાવે છે કે જેવી રીતે શ્રી વીર ભગવાને શાસનના મૂળરૂપે વિનયને ઓળખાવતાં કહ્યું છે:

**विणयो सासणे मूलं विणयो निव्वाणसाहगो ।**
**विणायाओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ॥**

અર્થાત્—વિનય એ શાસનનું મૂળ છે, વિનય નિર્વાણપ્રાપ્તિમાં સહાયક થાય છે; જે વિનયથી રહિત છે તેનામાં ધર્મ ક્યાંથી અને તપ પણ ક્યાંથી ? તાત્પર્ય એ છે કે વિનય એ ધર્મનો પાયો છે. ઉવવાઈ સૂત્રમાં

વિનયનાં સાત પ્રકારો કહેલા છેઃ જ્ઞાનનો વિનય, દર્શનનો વિનય, ચારિત્રનો વિનય, મનથી વિનય, વચનથી વિનય, કાયાથી વિનય અને લોકોપચાર વિનય. સર્વ પ્રકારના જ્ઞાનીઓનો વિનય કરવો તે જ્ઞાન વિનય. ગુરૂજનોની શુશ્રૂષા કરવી અને અનાશાતના કરવી તે દર્શન વિનય. પાંચ પ્રકારના ચારિત્રનો વિનય કરવો એ ચારિત્ર વિનય. મનથી વિનય કરવો તે મન વિનય, વચનથી વિનય કરવો તે વચન વિનય અને કાયાથી વિનય કરવો તે કાય વિનય. દેશ–કાળ–ભાવને અનુકૂળ રહી ગુરૂઆદિ પ્રત્યે શુભ પ્રવૃત્તિ કરવી તે લોકોપચાર વિનય. આ સાતે પ્રકારનો વિનય આદરવાયોગ્ય છે, છતાં ગ્રંથકારે દર્શન વિનય ઉપર ખાસ ભાર મૂકયો છે, એટલે આપણે વિનયના એ ભેદમાં વિશેષ ઉંડા ઉતરીશું. દર્શન વિનયના મુખ્ય બે ભેદ શુશ્રૂષા વિનય અને અનાશાતના વિનય છે, એટલે શ્લોકના ઉત્તરાર્ધમાં આ બેઉ મુખ્ય ભેદનો સમાવેશ કરેલો છે. ગુરૂ બહારથી આવે ત્યારે ઉઠીને ઉભા થવું, આસન માટે આમંત્રણ કરવું કિંવા જ્યાં બેસે ત્યાં આસન બિછાવી આપવું, સત્કાર –સન્માન–વંદના–આગતાસ્વાગતા, હાથની અંજલિ જોડીને નમસ્કાર, અને જતી વખતે વળાવવા જવું, એ સર્વ પ્રકારે ભકિતપૂર્વક શુશ્રૂષા કરવી તે શુશ્રૂષા વિનયના પ્રકારો છે. અરિહંત, ધર્મ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, કુલ, ગણ, સંઘ, ક્રિયાવંત, સ્વધર્મી, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની એ પંદરની આશાતના કરવી નહિ; તેમની ભકિત માનપૂર્વક કરવી અને તેમનાં ગુણ–કીર્તિને પ્રકાશિત કરવાં, એવી રીતે ૪૫ પ્રકારનો અનાશાતના વિનય સૂત્રગ્રંથોમાં કહેલો છે.

મનુસ્મૃતિમાં ગુરૂ પ્રત્યે શિષ્યે દાખવવા જોઇતા વિનય સંબંધે કહ્યું છે કે—

**शय्यासनेऽध्याचरिते श्रेयसा न समाविशेत् ।**
**शय्यासनस्थश्चैवैनं प्रत्युत्थायाभिवादयेत ॥**
**ऊर्ध्वं प्राणाह्युत्क्रामन्ति यूनः स्थविर आयति ।**
**प्रत्युत्थानाभिवादाभ्यां पुनस्तान्प्रतिपद्यते ॥**

અર્થાત્—ગુરૂની શય્યા તથા આસન પર પરોક્ષ અથવા પ્રત્યક્ષ કદાપિ બેસવું નહિ, અને પોતાની શય્યા તથા આસન પર બેઠા હોઇએ અને ગુરૂ

આવે તો તે પરથી ઉઠીને તેમનું અભિવાદન કરવું. પોતાનાથી વિદ્યાદિ ગુણોમાં વૃદ્ધ, ગુરૂ આદિ પુરૂષ આવે તે સમયે યુવાન્ પુરૂષોના પ્રાણ બહાર નીકળવા જેવા થાય છે; પછી જ્યારે તે યુવાન પુરૂષ તે વૃદ્ધને પ્રત્યુત્થાન તથા અભિવાદનથી સત્કારે તેણે કરીને પાછા પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે ગુર્વાદિક પ્રત્યે કરેલો શુશ્રૂષા અને અનાશાતના વિનય તપરૂપ બને છે, અને તેથી આંતરિક નિર્મળતાની પ્રાપ્તિ થાય છે.

**अन्यैर्गुणैः प्रभ्रष्टोऽपि यद्यस्ति विनयो दृढः ।**
**भूयो गुणानवाप्नोति अर्हन्नको निदर्शनम् ॥**

અર્હન્નક મુનિ ( અરણીક મુનિ ) ગોચરી કરવા જતાં ચંદ્રમુખી સ્ત્રીના મોહપાશમાં બંધાઇ ગયા અને એ નવજુવાન મુનિ એ સ્ત્રીને ત્યાં જ રહી સુખવિલાસ ભોગવવા લાગી ગયા; પરન્તુ અર્હન્નકમાંથી વિનય ગયો ન હોતો તેથી જ્યારે તેમની શોધ કરતાં કરતાં તેમનાં માતુશ્રી સાધ્વી વેશે તેમની સમીપે આવીને ઊભાં રહ્યાં કે તુરત જ એ વિનયાન્વિત પુત્ર તથા સાધુએ માતાનો બોધ માથે ચઢાવી લઇ દુષ્કૃત્યનો ત્યાગ કર્યો, પ્રાયશ્ચિત્તમાં પાદપોગમન અનશન સ્વીકારી લીધું અને અનશનમાં જ મૃત્યુની ભેટ લીધી. આ રીતે વિનય આંતરિક નિર્મળતાના સાધનરૂપ બને છે.

**દૃષ્ટાન્ત**—ઉજ્જયિની નગરીમાં સ્નાત્રોદ્યાન નામે એક ઉદ્યાનમાં ચંડરૂદ્ર સૂરિ નામે એક જૈન આચાર્ય શિષ્ય પરિવાર સાથે પધાર્યા. સૂરિ એવા ક્રોધી હતા કે શિષ્યોના ન્યૂનાધિક દોષ જોઇને તેમને બહુ રોષ ચડે. આ સર્વ શિષ્યોને મારા એકલાથી સંભાળી શકાતા નથી અને ક્રોધને લીધે આત્માનું કાર્ય વણસે છે એમ વિચારીને ગુરૂ શિષ્યોથી થોડે દૂર એકાન્તમાં ધર્મધ્યાન કરવા લાગ્યા. એક વાર કેટલાક જુવાનીયાઓ ફરતા ફરતા તે ઉદ્યાનમાં આવી ચડયા, તેમાં તુરતનો પરણી આવેલો એક વણિક પુત્ર હતો. આ વણિક પુત્રને આગળ કરીને બીજા જુવાનિયા સાધુઓની સમીપે ગયા અને બોલ્યા : "મહારાજ ! આ અમારા મિત્રની સ્ત્રી ભાગી ગઇ છે અને એ દુ:ખીયો થઈ ગયો છે, એટલે એને સંસાર ઉપર વિરાગ આવી

ગયો છે; આપ કૃપા કરીને એને દીક્ષા આપો." ગુરૂદેવ આ મશ્કરાઓને પાંશરા કરશે એમ ધારીને સાધુઓએ કહ્યું: "અમે શિષ્ય રહ્યા, વ્રત અમે ન દઈ શકીએ. દીક્ષા લેવી હોય તો અમારા ગુરૂ અહીં જ બિરાજે છે તેમની પાસે જાઓ." ઉન્માદિયા જુવાનો તો ગુરૂ પાસે પહોંચ્યા અને માંહોમાંહે હસતા વંદન કરીને બેઠા. વણિક પુત્ર બોલ્યો: "મહારાજ! હું ઘેરથી ભાગી આવ્યો છું અને મને આપના ચરણારવિંદની લગની લાગી છે. આપ મને પ્રવ્રજ્યા આપો એટલે હું આ ભવસાગર તરી જઉં." જુવાન મશ્કરી કરે છે તે જોઇને ગુરૂ કોપાયમાન થયા ને બોલ્યા: "દીક્ષા લેવી હોય તો તરત રાખ લઈ આવ." એક જણ જઇને રાખ લઇ આવ્યો, એટલે ગુરૂએ તો એ નવપરિણીત યુવકને ઝાલીને તેના કેશનો લોચ કરી નાંખ્યો ને તેને સંયમ આપી દીધો! આ જોઇને સાધુ રખેને પોતાનેય મૂંડી નાંખે એવા ભયના માર્યા બીજા સર્વ મિત્રો મૂઠી વાળીને ભાગી છૂટ્યા. એ નવપરિણીત તથા હવે નવદીક્ષિત વણિકપુત્રે વિચાર્યું કે "મેં મારી જીભે વ્રતનો સ્વીકાર કર્યો, ને હવે ઘેર કેમ કરીને જવાય? ભલે ભૂલથી, પણ માણસ જે એક વાર બોલી ગયો એ તો વજ્રમાં અક્ષર કોતરાઈ ગયા; પછી તે કેમ અન્યથા થાય? હવે તો પાસો પડ્યો તે ખરો. વિના આયાસે ચિંતામણી હાથ આવી ગયો તેને શું કેમ છોડું?" તરૂણની મનોદશા પલટાઈ ગઇ હતી. તેણે ગુરૂને વિનવ્યું: "મહારાજ! આપણે અહીં રહીશું તો મારાં સગાં સંબંધી આપણને સુખે નહિ રહેવા દે તથા કદાચ તેઓ મારૂં વ્રત મુકાવી દેશે, અને બધો સાધુપરિવાર સાથે રહેશે તો વિહાર છાનો નહિ રહે, માટે આપણે બે જણા બીજે ક્યાંય ચાલ્યા જઇએ." ગુરૂ કહે: "હવે તો સાંજ પડી અને રાત્રિએ હું દેખતો નથી." શિષ્યે કહ્યું: "હું આપને ખાંધે ચડાવી લઇશ." આ પ્રમાણે રાત્રિએ ગુરૂશિષ્ય ચાલી નીકળ્યા. અંધારી રાતે ઉંચા નીચા પ્રદેશમાં શિષ્યના પગ વારે વારે લચકાય અને ગુરૂને હડદા આવે, એટલે ગુરૂ એને માથે દંડ મારે. આમ કરતાં શિષ્યનું માથું ફૂટ્યુ અને ત્યાંથી લોહીની ધારા ચાલી. પણ શિષ્ય એક અક્ષરે બોલતો નથી અને ઉલટું એમ વિચારે છે કે "અહો! આ મહાત્મા શિષ્ય-

પરિવારમાં સુખની લહેરમાં બિરાજતા હતા ત્યાંથી તેમને ઉપાડીને મેં અભા-ગીયાએ કેવા દુ:ખી કર્યા ! ગુરૂને આખો ભવ સુખ દેનારા એવા કોક ભાગ્યશાળી શિષ્યો થાય છે, પણ મેં તો પ્રથમ દિવસે જ એમને મહાકષ્ટ દીધું ! " આમ સ્વનિંદા કરતાં શિષ્યને જ્ઞાન ઉપજ્યું અને જ્ઞાનને બળે તે સરખી ભૂમિ ઉપર ગજગતિએ ચાલવા લાગ્યો. ગુરૂને હડદા આવતા બંધ થયા એટલે તેમણે શિષ્યને પૂછ્યું : " તને માર્ગ દેખાય છે કે ? " શિષ્યે કહ્યુ: " આપની કૃપાએ કરીને બધું દેખાય છે. " ગુરૂએ જાણ્યું કે શિષ્યને જ્ઞાન ઉપજ્યું છે, એટલે તે એકદમ શિષ્યની ખાંધથી ઉતરી પડ્યા અને હાથ જોડી માન મોડી શિષ્યની ક્ષમા માંગીને વિચારવા લાગ્યો કે " આ નવા શિષ્યને ધન્ય છે કે મેં ક્રોધ કરીને દંડેદંડે માર્યો પણ મન વચન કાયાની સમતાથી ચળ્યો નહિ. મને સંયમ લીધાને જુગના જુગ વહી ગયા, આચાર્ય પદ પામ્યો, ક્રોધના દોષ જાણ્યા, છતાં ક્રોધને વારી શકતો નથી, તો ધિક્ છે મને. આટલાં વર્ષ મેં અસિધારા વ્રત પાળ્યું, પણ તે ક્રોધથી નિષ્ફળ ગયું. હવે મારે કદાપિ ક્રોધ ન કરવો. " એમ વિચારતાં ગુરૂને પણ જ્ઞાન થયું. આ રીતે શિષ્યનું દર્શન વિનય રૂપી તપ ઉભયનું કલ્યાણ કરનારૂં થયું. (૧૮૪)

[ હવે ત્રીજા અભ્યંતર તપ વૈયાવચ્ચ વિષે નીચેના શ્લોકમાં કહેવામાં આવે છે. ]

**वैयावृत्त्यम् । १८५ ॥**

**भिक्षाद्यानयनेन भारवहनोपाङ्गादिसम्बाधनै-**
**र्वैयावृत्त्यतपस्तपस्विभिरलं कार्यं श्रुतज्ञानिनाम् ॥**
**एवं ज्ञानिभिरप्यभीष्टतपसां ग्लानत्वरोगोद्भवे ।**
**भैषज्यानयनादिसाधनभरैः सेव्यास्तपोधारिणः ॥**

**વૈયાવચ્ચ.**

**ભાવાર્થ**—વૈયાવચ્ચ-વૈયાવૃત્ત્ય એટલે સેવાભક્તિ. તપસ્વી મુનિએ શ્રુતપરાયણ જ્ઞાની મુનિઓને ભિક્ષા લાવી આપવી, વિહારમાં તેમનો ભાર

ઉપાડી લેવો, હાથ–પગ વગેરે દાબવા, એવી રીતે તપસ્વીએ જ્ઞાનીની વૈયાવચ્ચ કરીને અભ્યંતર તપના ત્રીજા પ્રકારનું અનુષ્ઠાન કરવું; તેમજ જ્ઞાની મુનિએ પણ તપસ્વીની ગ્લાન અવસ્થા થાય કે રોગાદિનો ઉપદ્રવ થાય, ત્યારે ઔષધ લાવી, પથ્ય પાણીનો યોગ મેળવી, તપસ્વીની સેવા બજાવતાં વૈયાવૃત્ત્ય તપનો આદર કરવો. ( ૧૮૫ )

**વિવેચન**—સાધુઓમાંના કોઇ સ્વાધ્યાયદ્વારા જ્ઞાનમાર્ગે વળે છે, ત્યારે કોઇ તપાદિદ્વારા ભક્તિમાર્ગે વળે છે. આ બેઉ માર્ગાવલંબી સાધુઓએ કારણ ઉપસ્થિત થયે પરસ્પરની વૈયાવચ્ચ કરવી–સેવાભક્તિ કરવી અને એવી સેવાભક્તિ તે એક પ્રકારનું તપ છે. તપની ઋદ્ધિવાળો સાધુ કે જ્ઞાનની ઋદ્ધિવાળો સાધુ પોતાથી ઉંચી કે નીચી શ્રેણીના સાધુની–શ્રેણીનો વિચાર કર્યા વિના–પ્રસંગવશાત્ સેવાભક્તિ કરે, મહત્તા–લઘુતાનો વિચાર છોડી દે, એ વસ્તુતઃ માનસિક તપ જ છે. સેવાભક્તિ કરવી એ એક એવો ગુણ છે કે જેનો અતિરેક થયા છતાં તેનું કશું અનિષ્ટ ફળ સેવાભક્તિ કરનારને મળતું નથી. આટલા માટે કહ્યું છે કે—

**वेयावच्चं निययं करेह उत्तमगुणे धरंताणं ।**
**सव्वं किर पडिवाई वेयावच्चं अपडिवाई ॥**
**पडिभग्गस्स मयस्स व नासई चरणं सुअं अगुणणाए ।**
**न हु वेयावच्चं चिअ असुहोदय नासए कम्मं ॥**

અર્થાત્—જો કે બીજા ઉત્તમ ગુણો કોઇ માણસ ધારણ કરે તોપણ તે સર્વ ગુણો કોઈ વાર પ્રતિપાતી થાય છે ( ભ્રષ્ટ થાય છે ), પણ વૈયાવૃત્ત્ય ગુણ અપ્રતિપાતી છે, તે ગુણથી પ્રાણી ભ્રષ્ટ થતો નથી, માટે નિરંતર વૈયાવૃત્ત્ય કરવું. મદે કરીને ભ્રષ્ટ થએલા માણસનું ચારિત્ર નષ્ટ થાય છે અને આવૃત્તિ વિના ( વારેવારે સંભાર્યા વિના ) શ્રુત નષ્ટ થાય છે, પણ વૈયાવૃત્ત્ય ગુણ કદાપિ નાશ પામતો નથી. વૈયાવૃત્ત્ય અશુભોદયવાળા કર્મનો નાશ કરે છે. વૈયાવૃત્ત્ય રૂપી ગુણની આટલી વિશેષતા છે. શાસ્ત્રમાં વૈયાવચ્ચના દસ પ્રકાર કહ્યા છે. આચાર્ય, ઉપાધ્યાય, નવદીક્ષિત શિષ્ય, રોગી સાધુ,

તપસ્વી, સ્થવિર, સાધર્મિક, કુળ (ગુરૂભાઈ), ગણ (સંપ્રદાયના સાધુઓ) અને ચતુર્વિધ સંઘની વૈયાવચ્ચ, એ દસ પ્રકારની વૈયાવચ્ચ છે. ગુરૂજનો કે તપસ્વી, રોગી આદિ નાના મોટા સાધુઓને વ્યાધિ કે પરિષહાદિને લીધે અસ્વસ્થતા આવી હોય ત્યારે તેમને ભિક્ષા લાવી આપવી, વિહાર પ્રસંગે તેમનો ભાર ઉપાડી લેવો, થાક લાગ્યો હોય તો તેમની વિશ્રામણા કરવી–પગ કે ઉપાંગ દબાવવાં, વ્યાધિ થયો હોય અને દર્દી સાધુની ઇચ્છા હોય તો તેને માટે ઔષધ વહોરી લાવવું, ઇત્યાદિ અનેક પ્રકારે સેવાભક્તિ કરી શાતા ઉપજાવવી તે સાધુજનોને માટે વૈયાવચ્ચના મુખ્ય ભેદો અત્ર કહેવામાં આવેલા છે. વૈયાવચ્ચ કરવાનું પાત્ર પોતાથી દીક્ષા, જ્ઞાન, વય, તપ, પદવી, ઇત્યાદિમાં ઉચ્ચ છે કે નીચ છે તેનો વિચાર છોડવાથી જે તપ થાય છે તેના સંબંધમાં ગૌતમે મહાવીર ભગવાનને પૂછયું કે "**वेयावच्चेण भंते किं जणयइ ?**"–હે ભગવાન્! વૈયાવચ્ચ કરવાથી શું થાય? ભગવાને જવાબ આપ્યો : "**गोयमा ! नीयं गोयं कम्मं न बंधइ.**"–હે ગૌતમ! વૈયાવચ્ચથી નીચ ગોત્રકર્મ ન બંધાય. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે—

**अभिवादनशीलस्य नित्यं वृद्धोपसेविनः ।**
**चत्वारि तस्य वर्द्धन्ते आयुर्विद्यायशोबलम् ॥**

અર્થાત્—ગુરૂ આદિ વૃદ્ધોની નિત્ય સેવા કરનાર તથા તેઓનું અભિવાદન કરવાના સ્વભાવવાળા પુરૂષનાં આયુષ્ય, બુદ્ધિ, યશ અને બળ વૃદ્ધિ પામે છે.

**દષ્ટાંત**—નંદિષેણ મુનિ કોઇ પણ રોગી, ગ્લાન કે વૃદ્ધ મુનિની સેવાભક્તિ કરવાને હમેશાં તત્પર રહેતા અને તેવી સેવાભક્તિ કરવાનો પ્રસંગ પોતાને મળ્યો તે માટ પોતાને ધન્ય માનતા. વળી તે અનશનાદિ તપશ્ચર્યા પણ ખૂબ કરતા. મુનિની આવી સેવા ભાવના વિષે દેવલોકમાં દેવોની વચ્ચે ચર્ચા ચાલી અને સૌ તેને ધન્ય ધન્ય કહેવા લાગ્યા, પરન્તુ બે દેવોને નંદિષેણની પરીક્ષા કરવાનો વિચાર થયો. એક દેવે વૃદ્ધ રકતપિત્તિયા સાધુનું રૂપ ધારણ કર્યું અને બીજાએ જુવાન સાધુનું રૂપ ધર્યું. વૃદ્ધ સાધુ નગરથી દૂર જંગલમાં રહ્યા અને જુવાન સાધુ નંદિષેણને સ્થાનકે આવ્યો. નંદિષેણે એક

માસના ઉપવાસ કર્યા હતા, તેનું પારણું કરવાને તે બેસવા જતો હતો, એટલામાં જુવાન સાધુએ આવીને કહ્યું : "નંદિષેણ મુનિ ! મારા ગુરૂ અતિ વૃદ્ધ અને રોગી છે અને હું બહુ થાકી ગયો છું, તો તમે જઇને તેમને લઈ આવો." વૃદ્ધ અને રોગી સાધુની સેવા કરવાનો પ્રસંગ આવ્યો જાણી સેવાભાવી નંદિષેણ મુનિ એકદમ પારણું કરવાનું પડતું મૂકીને જંગલમાં ગયા, તો ત્યાં એક વૃક્ષ તળે વૃદ્ધ, રક્તપિત્તથી પીડાતા અને ગ્લાન સાધુને તેમણે જોયા. તેમણે વૃદ્ધ સાધુને પોતાની સાથે આવવા કહ્યું, તો વૃદ્ધ સાધુએ કહ્યું : "મને તરસ બહુ લાગી છે, માટે તું નગરમાંથી પાણી લઈ આવ." નંદિષેણ નગરમાં પાછા ફર્યા, પણ ક્યાંય વિશુદ્ધ–એષણીય પાણીનો જોગ મળ્યો નહિ. છેવટે ત્રીજે પહોરે એક લોટો પાણી મળ્યું, તે લઈને નંદિષેણ મુનિ વૃદ્ધ સાધુ પાસે આવ્યા. વૃદ્ધ સાધુ તો કોપાયમાન થઇ ગએલા ! "ઓ નંદિષેણ ! તરસે મારો જીવ જાય છે અને પાણી લાવતાં તને આટલી બધી વાર થઇ ?" એમ કહેતાં જ ગુસ્સાથી સાધુએ પાણીના લોટાને ઠેસ મારી પાણી ઢોળી નાંખ્યું ! નંદિષેણે સાધુને શાન્ત કર્યા અને કહ્યું: "હે ગુરૂ ! પાણી તો ઢોળાઇ ગયું છે અને હવે કહો તો બીજું લઇ આવું." ગુરૂએ કહ્યું : "ના, પાણી નથી જોઈતું. તું મને ઉપાડીને ચાલ; મારાથી હીંડી શકાશે નહિ." નંદિષેણે વૃદ્ધ સાધુને ખાંધે બેસાડી ચાલવા માંડયું. માર્ગમાં વૃદ્ધ સાધુ પોતાના રોગપીડિત દેહમાંથી રોગના જંતુઓથી ભરેલી રસી નંદિષેણના દેહ ઉપર પાડે, મળ–મૂત્ર કરે, પણ નંદિષેણ તો મનમાં એમજ કહે કે "અહો ! આ બિચારા વૃદ્ધ મુનિને કેવી પીડા થતી હશે ? તેમનું શરીર કેવું રોગથી ઘેરાઈ ગયું છે ? હું ક્યારે તેમને સ્થાનકે પહોંચાડી સુખ ઉપજાવું." આવા ભાવ મનમાં ધારતાં નંદિષેણને જ્ઞાન થયું અને સાધુ વેશધારી બેઉ દેવોને પણ નંદિષેણના વૈયાવૃત્ત્યની પ્રતીતિ ઉત્પન્ન થતાં આ રીતે તેમની કસોટી કરવા માટે ક્ષમા માંગી. (૧૮૫)

# दशम परिच्छेद.

## તપશ્ચર્યા : સ્વાધ્યાય.

[ અભ્યંતર તપના ૭ ભેદમાંના ત્રણ ભેદ પ્રાયશ્ચિત્ત, વિનય અને વૈયાવચ્ચ ગત પરિચ્છેદમાં કહેવામાં આવ્યા છે. બાકી રહેલા ત્રણ ભેદ સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ ગહન અને વિસ્તૃત હોવાથી ત્રણ જૂદા જૂદા પરિચ્છેદોમાં ગ્રંથકારે તેનો સમાવેશ કર્યો છે. તેમાં પ્રથમ સ્વાધ્યાય તપનો અધિકાર આ દશમા પરિચ્છેદમાં આપેલો છે. ]

**स्वाध्यायप्रकाराः । १८६ । १८७ ॥**

**शास्त्राणां किल वाचनं च मननं तद्वन्निदिध्यासनं ।**
**स्मृत्यर्थं पठनं रहस्यसहितं तात्पर्यसंशोधनम् ॥**
**शङ्कायां गुरुसन्निधौ सविनयं पृष्ट्वा तदुच्छेदनं ।**
**भाषाज्ञानपुरस्सरं विनयिनां स्वार्थं विना पाठनम् ॥**
**नैपुण्ये सकलागमेषु जनिते व्याख्यानविस्तारणं ।**
**सज्जिज्ञासुसभासमक्षमुचितं धर्माभिवृद्ध्यै सदा ॥**
**सत्त्वाकर्षकतत्त्वशास्त्ररचना साहित्यसञ्चारणं ।**
**ज्ञातव्याः सकला अपीह यमिभिः स्वाध्यायभेदा इमे॥**

युग्मम् ॥

**સ્વાધ્યાયના પ્રકાર.**

**ભાવાર્થ**—તાત્ત્વિક શાસ્ત્રગ્રંથોનું વાંચન કરવું, મનન કરવું, નિદિધ્યાસન કરવું, સ્મરણમાં રહે તેટલા માટે પાઠ કરવો, રહસ્ય સહિત ધારણા કરવી, દરેક વાક્યના અર્થ અને તાત્પર્યનું શોધન કરવું, કોઇ સ્થળે શંકા

રહેતી હોય તો ગુરૂ આદિની પાસે જઈ વિનય સહિત પૂછીને શંકાનું નિવારણ કરવું, શાસ્ત્રની ભાષાનું જ્ઞાન પૂરેપૂરી રીતે મેળવીને સ્વાર્થ વિના જિજ્ઞાસુઓને ભણાવવું, બધાં શાસ્ત્રોમાં નિપુણતા મેળવ્યા પછી જિજ્ઞાસુઓની સમક્ષ ધર્મની વૃદ્ધિને અર્થે વિસ્તારથી વ્યાખ્યાન આપવું, મનુષ્યોનું આકર્ષણ કરે તેવાં તાત્ત્વિક શાસ્ત્રોની રચના કરવી, ધર્મના સાહિત્યનો પ્રચાર કરવો; એ બધા સંયમીઓએ કરવાયોગ્ય સ્વાધ્યાયના પ્રકારો જાણવા. (૧૮૬-૧૮૭)

**વિવેચન**—સ્વાધ્યાયનો મહિમા જૈન તેમ જ જૈનેતર શાસ્ત્રોમાં વર્ણવેલો છે. જૈન શાસ્ત્રમાં સ્વાધ્યાયને એક પ્રકારનું તપ લેખ્યું છે, કારણ-કે ઇંદ્રિયો તથા મનનો સારી પેઠે સંયમ કર્યા વિના સ્વાધ્યાય થઈ શકતો નથી. મનુસ્મૃતિમાં સ્વાધ્યાયનો મહિમા ગાતાં કહેલું છે કે—

**यः स्वाध्यायमधीतेऽब्दं विधिना नियतः शुचिः ।**
**तस्य नित्यं क्षरत्येष पयो दधि घृतं मधु ॥**

અર્થાત્—જે પુરૂષ હમેશાં શુદ્ધ થઈ વિધિવડે એક વર્ષ પર્યંત સ્વાધ્યાય કરે તેને તે સ્વાધ્યાય હમેશાં દૂધ દહીં મધ અને ઘીને વરસાવે છે; તાત્પર્ય એ છે કે સ્વાધ્યાયથી મનુષ્ય સુખી અને સંપત્તિમાન થાય છે. મહાનિશિથ સૂત્રમાં સ્વાધ્યાયરૂપી તપને માટે કહેલું છે કે—

**बारसविहंमि तवे, अब्भंतर बाहिरे कुसलदिट्ठे ।**
**नवि अत्थि न वि च होहि, सज्झाय समं तवो कम्मं ॥**

અર્થાત્—સર્વજ્ઞ ભગવંતે કહેલા અભ્યંતર અને બાહ્ય એવા બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય જેવું તપકર્મ કોઇ છે પણ નહિ અને થશે પણ નહિ. શાસ્ત્રગ્રંથોમાં સ્વાધ્યાયના પાંચ ભેદ અથવા પાંચ પ્રકારો કહેલા છેઃ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. ગ્રંથકારે આ ભેદોના ઉપભેદો ઉપર લક્ષ રાખીને એકંદરે અગીઆર પ્રકાર આ બે શ્લોકમાં દર્શાવેલા છે. વાચન, મનન અને નિદિધ્યાસન એ વસ્તુતઃ વાચનાના જ ભેદો છે. કોઈ પણ શ્લોક કે વાક્યનું આંખ તથા મુખથી વાચન કરવું

તેથી ‘ વાચના ’ શબ્દનો પૂર્ણ અર્થ ગ્રહણ થતો નથી, એટલે મુખકે નેત્રથી વાચન, મનથી મનન અને ચિત્તમાં એ વાચનનું ધારણ કહેતાં નિદિધ્યાસન થાય એટલે ‘ વાચના ’ની ક્રિયા પૂરી થાય. આ પ્રમાણે વાચના એ એક વાક્ય તથા તેના અર્થનો માત્ર માનસિક સંગ્રહ અથવા તો અવધાન છે, અને તેથી તે સ્વાધ્યાયનું એક અંગ છે. જો એ વાચનની સમજમાં કિંવા તેના અર્થમાં કાંઇ શંકા રહેતી હોય તો તે માટે ગુરુને પૃચ્છા કરવી અને શંકાનું છેદન કરવું તે બીજો પૃચ્છના નામક પ્રકાર છે. પૃચ્છના વડે વિશુદ્ધ થએલા જ્ઞાનને સ્મૃતિમાં જડી દેવા માટે તેનું વારંવાર પઠન કરવું કિંવા શાસ્ત્રના શબ્દમાં કહીએ તો પરાવર્તના કરવી એ તેનો ત્રીજો મુખ્ય પ્રકાર છે. અનુપ્રેક્ષાને ગ્રંથકારે બે વિભાગોમાં વહેંચી છેઃ રહસ્યધારણા અને તાત્પર્યશોધન. અનુપ્રેક્ષાનો શબ્દાર્થ કરીએ તો એ થાય છે કે સૂત્રાર્થનો મુખથી ઉચ્ચાર કર્યા વિના મનમાં તેનું ધ્યાન કરવું તે. સ્વાધ્યાયનું નવનીત તે તેનું રહસ્ય કહેવાય. એવા રહસ્ય સાથે તાત્પર્યનું શોધન કરવું તે સ્વાધ્યાયના વિષયનું મૌન રહી એકાંતમાં નિર્મળ ધ્યાન કરવાનો જ વિધિ છે. આવા ધ્યાનથી સમજેલા વાક્યાર્થનું રહસ્ય શું છે અને તે રહસ્ય વાક્ય કિંવા વાક્યોમાં વણી લેવાનો શાસ્ત્રકારનો હેતુ શો છે–તાત્પર્ય શું છે તે ચિતિશક્તિ સમીપે સ્ફુટ થાય છે. આ હેતુપૂર્વક ઉત્પ્રેક્ષાને બે વિભાગમાં વહેંચીને તેને વિસ્તારમાં સમજાવી છે. સ્વાધ્યાયના તત્ત્વનું ધ્યાન કરવા સંબંધે કહ્યું છે કે—

**संकुलाद्विजने भव्यः सशब्दान्मौनवान् शुभः ।**
**मौनजान्मानसः श्रेष्ठो जापः श्लाघ्यः परः परः ॥**

અર્થાત્—ઘણા માણસોમાં રહીને સ્વાધ્યાયના તત્ત્વનું ધ્યાન અર્થાત્ જાપ કરવા બેસવું તે કરતાં એકાન્ત વધારે સારી છે, મુખથી બોલીને જાપ કરવા બેસવું તે કરતાં મૌન વધારે સારૂં છે અને મૌન જાપ કરતાં માનસિક જાપ–ધ્યાન–ચિંતન ઉત્તરોત્તર વધારે પ્રશંસનીય છે. સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર ધર્મકથા છે. ધર્મકથાના ચાર ઉપભેદો ગ્રંથકારે અત્ર દર્શાવ્યા છે અને એ ઉપભેદો શાસ્ત્રમાં નહિ દર્શાવેલા હોવા છતાં તેની

ઉપયુક્તતા છાની રહે તેમ નથી. પાઠન, વ્યાખ્યાન, સાહિત્યપ્રચાર અને ગ્રંથરચના એ ધર્મકથાના ઉપભેદો છે. પોતાને પ્રાપ્ત થએલા જ્ઞાનનો લાભ અન્ય જિજ્ઞાસુઓને વિશુદ્ધ રીતે પાઠન દ્વારા આપવો, તેમાં કશો સ્વાર્થ સાધવાનો સંકલ્પ પણ કરવો નહિ, તે વસ્તુતઃ ઉચ્ચ પ્રકારની ધર્મકથા જ છે. અત્ર भाषाज्ञानपुरस्सरं શબ્દનો પ્રયોગ કરેલો છે, તે પાઠનની વિશુદ્ધતાની અપેક્ષાથી જ કરેલો છે. શાસ્ત્રગ્રંથોમાં નિપુણતા મેળવ્યા પછી જિજ્ઞાસુ-ઓની સભામાં વ્યાખ્યાન આપવું, ઉપદેશ કરવો, અને એ રીતે ધર્મની અભિવૃદ્ધિ કરવી તે તો વિશુદ્ધ ધર્મકથા જ છે. આકર્ષક અને તાત્ત્વિક ગ્રંથોની રચના કરવી અને ધર્મના સાહિત્યનો પ્રચાર કરવો એ બે ધર્મ-કથાના ભેદો ભલે આધુનિક લેખાય, છતાં તેની ઉપયોગિતાની કોઈ ના કહી શકે તેમ નથી. જે વખતે મહાવીર ભગવાને ઉપદેશ કર્યો હતો તે વખતે ગ્રંથલેખનની કે ગ્રંથપ્રચારની પ્રવૃત્તિ અસ્તિત્વમાં નહોતી; સૂત્રો ગ્રંથારૂઢ થયા ત્યારપછી ગ્રંથોની સુંદર પ્રતો કરીને તેનો પ્રચાર કરવાની પ્રથા ઉપકારક લેખાવા લાગી, અને સૂત્રો શ્રોતાઓ તથા અભ્યાસીઓને સુગમ્ય બને તેટલા માટે તે ઉપર ભાષ્યો, ટીકાઓ, ચૂર્ણીઓ અને પૃથક્ પૃથક્ ગ્રંથોની રચના થઇ. धम्मकहानो હેતુ ધર્મનો ઉપદેશ આપવાનો હતો અને ગ્રંથરચના તથા ધર્મસાહિત્યનો પ્રચાર પણ ઉપદેશનો હેતુ સારવા માટે આધુનિક સમયનું અનુકૂળ સાધન હોઈ તેનો સમાવેશ સ્વાધ્યાયરૂપી તપની અંદર કરવામાં અને એ તપાચરણનું મુનિઓને માટે વિધાન કરવામાં ગ્રંથકારે સુઘટિત કાર્ય કરેલું લેખાશે એ નિઃસંશય છે. એટલું ખરૂં છે કે ધર્મકથાના આ બધા ઉપભેદો પણ મુનિને માટે ‘ તપ ’ રૂપે જ અસ્તિત્વમાં રહે અને સંયમમાં વિક્ષેપ કરે તેવી પ્રવૃત્તિરૂપ બની ન જાય. સ્વાધ્યાયના એ સર્વ પ્રકારોનું અનુષ્ઠાન કરવામાં આવે પણ સંયમીનું ધ્યાન તો તેમાંથી થતી તપસંસિદ્ધિ તરફ જ લાગી રહેલું હોય. (૧૮૬–૧૮૭)

[ હવે જ્ઞાનના આઠ આચારો વિષે કહે છે કે જે આચારોનું પાલન સ્વાધ્યાય રૂપી તપની ફળસિદ્ધિ માટે આવશ્યક છે. ]

ज्ञानाचाराष्टकम् । १८८ ॥

**अस्वाध्यायविवर्जनेन पठनं स्वाध्यायकाले सदा ।**
**गुर्वादौ विनयं विधाय तदपि प्रेम्णा प्रकृष्टेन वै ॥**
**कार्यं योग्यतपो गुरोरुपकृतेर्नो विस्मृतिः सर्वथा ।**
**शब्दार्थोभयशुद्धिरष्टपठनाचारा इमे शोभनाः ॥**

### જ્ઞાનના આઠ આચાર.

**ભાવાર્થ**—સ્વાધ્યાય કાળે-અસજ્ઝાય ટાળીને–શાસ્ત્રનું પઠન કરવું, અધ્યાપક–ગુર્વાદિકનો બરાબર વિનય સાચવીને ભણવું, જે ભણવાનું હોય તેના ઉપર ઉત્કૃષ્ટ પ્રેમ રાખી–રૂચિપૂર્વક ભણવું, શાસ્ત્રના આલાવા પ્રમાણે ઉપધાન તપ કરવું, ભણાવવામાં જેણે પરિશ્રમ લીધો હોય તેવા અધ્યાપક–વિદ્યાગુરૂનો ઉપકાર કોઇ પણ રીતે ભૂલવો કે ગોપવવો નહિ, શાસ્ત્રના પાઠનો શુદ્ધ ઉચ્ચાર કરવો, અર્થમાં લેશમાત્ર ફેરફાર ન કરવો અર્થાત્ શુદ્ધ અર્થ કરવો, શબ્દ અને અર્થ ઉભયની શુદ્ધિ સાચવવી, એ જ્ઞાનના આઠ આચાર શાસ્ત્રમાં કહેલા છે; તેનો ઉપયોગ કરી શાસ્ત્ર ભણવાથી વિદ્યા સુશોભિત થાય છે. (૧૮૮)

**વિવેચન**—અત્ર વિવરણ સાથે જે આઠ જ્ઞાનાચાર કહેલા છે તે શાસ્ત્રમાં સંક્ષેપમાં નીચે મુજબ કહ્યા છેઃ काले विणए बहुमाणे उपहाणे तहय निन्हवणे । वंज्जण अत्थ तदुभए अठविहा नाणमायारो ॥ (૧) વેદાનુયાયીઓ જેને 'અનધ્યાયી' કહે છે, તેને જૈન શાસ્ત્રમાં 'અસજ્ઝાય'–અસ્વાધ્યાય કહે છે. આ અસજ્ઝાય તે એવો સમય હોય છે કે જે વખતે શાસ્ત્રનું વાચન–પઠન થાય નહિ અને કરીએ તો દોષભાગી થઇએ. જૈન શાસ્ત્રમાં ૩૨ અસજ્ઝાય કહી છે. નજીકમાં હાડકાં, માંસ, લોહી કે વિષ્ટા પડી હોય, શ્મશાન હોય, ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ હોય, કોઈ મોટો માણસ મરણ પામ્યો હોય, રાજ્યમાં કાંઇ વિઘ્ન હોય, નજીકમાં પંચેંદ્રિયનું કલેવર હોય, તારા ખર્યાં હોય, દિશાઓ રાતી થઇ હોય, અકાલે ગાજવીજ, વીજળી,

કડાકા થાય, બીજચંદ્રોદય વખતે ચાર ઘડી, આકાશમાં નવીન ચિન્હ થાય, ધુમસ પડે, ઝાકળ પડે, તોફાની પવન વાય, અષાડ સુદ ૧૫ અને વદ ૧, ભાદરવા સુદ ૧૫ અને વદ ૧, કારતક સુદ ૧૫ અને વદ ૧, ચૈત્ર સુદ ૧૫ અને વદ ૧, સૂર્યોદય પહેલાં બે ઘડી, મધ્યાહ્નને બે ઘડી, સાંજે બે ઘડી અને મધરાત્રે બે ઘડી: એ બત્રીસ કાળ સ્વાધ્યાયને માટે અયુક્ત એટલે દોષપૂર્ણ હોય, તેનો ત્યાગ કરીને ઇતર સજ્ઝાય કાળમાં શાસ્ત્રનું પઠન-પાઠન કરવું. (૨) શિક્ષણ આપનાર અધ્યાપક કિંવા ગુરૂ પ્રત્યે સંપૂર્ણ વિનય રાખીને શાસ્ત્રનું અધ્યયન કરવું. વિનયરૂપી તપને વિષે પૂર્વે કહેવામાં આવેલું જ છે. (૩) અભ્યાસના વિષયનું બહુ માન કરીને એટલે કે ઉત્કૃષ્ટ પ્રેમપૂર્વક અધ્યયન કરવું. રૂચિ વિના કેવળ વેઠની પેઠે અધ્યયન કરવું તે નિરર્થક છે અને જ્ઞાન જેવી ઉત્કૃષ્ટ વસ્તુની અવગણના છે. કહ્યું છે કે—

**इग दु ति मासखवणं संवच्छरमवि अणसिओ हुज्जा ।**
**सज्झाय झाण रहिओ एगोवासफलं पि न लभिज्जा ॥**

અર્થાત્—એક માસ, બે માસ કે ત્રણ માસનાં માસક્ષપણ કરે, અથવા એક વર્ષ સુધી અણસણ કરે, પણ જો તેનો સ્વાધ્યાય ધ્યાનરહિત હોય, તો એક ઉપવાસનું પણ ફળ મેળવતો નથી. (૪) અધ્યયનના વિષયની ઉપર દૃષ્ટિ રાખીને આચાર્ય કે ગુરૂ જે કાંઈ તપ કરવાનું કહે તે તપને ઉપધાન કહેવામાં આવે છે. આવું ઉપધાન તપ કરવાથી જિજ્ઞાસુની બુદ્ધિ અને વૃત્તિ નિર્મળ થાય છે અને વળી અધ્યયન માટેની તેની જિજ્ઞાસાની કસોટી પણ સારી પેઠે થાય છે. સુષ્ઠુ રીતે ઉપધાન વહીને સ્વાધ્યાય કરનાર વિશેષ નિર્મળ ચિત્તવાળો સાધુ બને છે, સ્વાધ્યાયમાં તેની વૃત્તિ એકાગ્ર થાય છે અને જેવી સેવા તે જ્ઞાનની કરે છે તેવી જ સેવા તેની કરવા જ્ઞાન તેની હજુરમાં ઉપસ્થિત થાય છે. (૫) અધ્યાપક કે વિદ્યા-ગુરૂનો ઉપકાર ભૂલી જવો નહિ કે ગોપવવો નહિ એ પણ જ્ઞાનનો પ્રશસ્ત આચાર છે. કોઈ વાર તીવ્ર બુદ્ધિનો શિષ્ય ગુરૂ કે અધ્યાપકથીએ વધુ અભ્યાસ કરીને આગળ વધી જાય છે, કિંવા કોઇ તુચ્છ વ્યક્તિ પાસેથી

પણ જ્ઞાન ગ્રહણ કરવાની જિજ્ઞાસુને જરૂર પડે છે; તેવે સમયે ગુરૂ કે અધ્યાપકનો ઉપકાર ભૂલવો નહિ કિંવા તેમના ઉપકારને કબૂલ રાખતાં લજાવું કે હલકું માનવું નહિ. (૬) શાસ્ત્રના મૂળ પાઠનો શુદ્ધ ઉચ્ચાર કરવો. (૭) અર્થમાં પણ શુદ્ધતા જાળવવી લેશ પણ ફેરફાર કરવો નહિ અને (૮) મૂળ તથા અર્થ ઉભયની શુદ્ધતા એકસરખી રીતે જાળવીને અભ્યાસ કરવો કે જેથી **रक्ष** ને સ્થાને **मक्ष** જેવા હાસ્યજનક અને દોષપૂર્ણ પ્રયોગો થતા અટકી જાય. આ પ્રમાણે આઠ આચારો સહિત જો જ્ઞાનની ઉપાસના કરવામાં આવે તો સ્વાધ્યાયરૂપી અનુપમ તપની સિદ્ધિ જિજ્ઞાસુ કરી શકે છે.

**દૃષ્ટાંત**—ગુરૂનો ઉપકાર ગોપવનારનું એક દૃષ્ટાંત અત્ર ઉપયોગી થશે. એક નદીને કાંઠે એક બગલો બેઠો બેઠો માછલાનો શિકાર કરતો હતો. પાણીમાં રમતાં માછલાંના ટોળા ઉપર તે કારમી ઝડપ મારતો અને એકાદ માછલાને જ ચાંચમાં લઇ બીજા ત્રણ ચાર માછલાને પોતાના નહોરની હેઠળ દબાવી રાખતો. પછી એક પછી એક માછલાને પગથી ઉંચે ઉછાળીને બગલો પોતાની ચાંચમાં ઝીલી લેતો ! નદીને સામે કાંઠે બેઠેલો એક ભીલ બગલાની આ શિકારની કળા જોઇને તાજુબ થયો. તેણે પણ બગલાનું અનુકરણ કરવા માંડ્યું. નદી પરથી કાંકરા વીણીને તે હાથવડે ઉંચે ઉછાળતો અને પછી તે કાંકરાને મ્હોંથી ઝીલી લેતો. ધીરે ધીરે કાંકરાને મ્હોંમાં અને પછી દાંતમાં ઝીલી લેવાની કળા સિદ્ધ થઇ ત્યારે તેણે કાંકરાને બદલે લોખંડના ખીલાને ઉછાળી મ્હોમાં ઝીલી લેવાની ટેવ પાડી. તેથી આગળ વધીને તેણે છરી ઉછાળીને મ્હોંથી ઝીલી લેવાની કળા સાધી અને છેલ્લે જ્યારે તેણે એ કળાપર સારી પેઠે પ્રભુત્વ મેળવ્યું ત્યારે ખુલ્લી તલ્વારને ઉંચે ઉછાળી તેની અણીને દાંતથી પકડી લેવાનો પ્રયોગ સિદ્ધ કર્યો. પછી એ ભીલ રાજા રજવાડાઓમાં ફરી પોતાની આ કળા બતાવવા અને બહુ માન–પાન મેળવવા લાગ્યો. એક રાજા તેના આ પ્રયોગથી ખૂબ પ્રસન્ન થયો અને તેણે પૂછ્યું કે “ હે ભીલ ! તને આવી સુંદર કળા કયા ગુરૂએ શીખવી ? ” આ પ્રશ્ન સાંભળીને ભીલ વિચારમાં

પડી ગયો. ખરી રીતે તે એ કળા બગલા પાસેથી જ શીખ્યો હતો, પરન્તુ એ વાત કહેવાથી પોતાનું માન ઘટી જશે એવી ધારણાથી તેણે કહ્યું: " આ કળા તો હું ઘણાં વર્ષના પરિશ્રમથી મારી મેળે જ શીખ્યો છું. " રાજાએ કહ્યું: " ત્યારે એ તલ્વારનો પ્રયોગ મને એક વાર ફરીથી કરી બતાવ: મને હજીએ જોવાની હોંશ રહી ગઇ છે. " ગુરૂના ઉપકારને ગોપવીને અસત્ય કથન કરવાનો દોષ કરી ચૂકેલો ભીલ ફરીથી તલ્વાર ઉછાળીને ઝીલી લેવાનો પ્રયોગ કરવા તૈયાર થયો. પોતાની આ સ્વયંસિદ્ધ કળા માટે રાજાને પોતાને માટે ખૂબ માન ઉત્પન્ન થયું છે, એવા ખ્યાલથી -ઘમંડથી તેણે જોર છટાથી જ તલ્વાર ઉછાળી પરન્તુ તલ્વાર નીચે આવતાં જ તેના ઘમંડે તેની ચોટને ભૂલવી અને તલ્વાર દાંતથી પકડાવાને બદલે સીધી તેના નાક અને મ્હોં પર આવતાં તે સખ્ત રીતે ઘાયલ થઇને મૃત્યુ પામ્યો. (૧૮૮)

[ હવે સ્વાધ્યાય તપના ઉપસંહારમાં ઉત્તરોત્તર કેવા વિષયોનો અભ્યાસ કરીને સ્વાધ્યાયની સિદ્ધિ કરવી તે વિષે ગ્રંથકાર કહે છે. ]

स्वाध्यायनिष्ठा । १८९ ॥

**ज्ञानाचारसमादरेण चरणद्रव्यानुयोगौ पुराऽ-**
**धीत्याऽध्यात्मविचारशास्त्रजलधेः पीत्वा च तत्त्वामृतम्॥**
**सम्पाद्य स्थिरतां धियो विमलतां चित्तप्रसादं तथा ।**
**प्राप्तव्यं जनितोत्तरोत्तरगुणैः स्वाध्यायनिष्ठापनम् ॥**

## સ્વાધ્યાયની સિદ્ધિ.

**ભાવાર્થ** તથા **વિવેચન**—પૂર્વે જે જ્ઞાનના આઠ આચાર કહ્યા છે તેનો સમ્યક્ પ્રકારે આદર કરીને સંયમધારીએ પ્રથમ ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનું અધ્યયન કરવું. ચરણાનુયોગ એટલે સાધુ જનોના આચારનું શાસ્ત્ર અને દ્રવ્યાનુયોગ એટલે આ જગત્‌માંના સ્થૂળ પદાર્થાદિનું જ્ઞાન. જ્યારે સંયમી પહેલાં પોતાના આચારમાં દૃઢ અને નિર્દોષ બને,

તથા આ જગતના પદાર્થોની તથા તેના પર્યાયોની માહિતી પોતાના ચિત્ત-રૂપી ભંડારમાં સારી પેઠે સંગ્રહે, ત્યારે જ તે સૂક્ષ્મ પદાર્થો—આધ્યાત્મિક વિષયો વગેરેના કઠીન પ્રદેશમાં ગતિ કરવાને યોગ્ય બને છે; તેટલા માટે ગ્રંથકાર પ્રથમ ચરણદ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાનું કહીને પછી કહે છે કે જેમાં આત્મિક વિચારણા હોય તેવા અધ્યાત્મ શાસ્ત્રરૂપ સમુદ્રનું મથન કરવું, તેમાંથી તત્ત્વામૃતનું પાન કરવું અને તે રીતે આત્માની સ્થિરતા, બુદ્ધિની નિર્મળતા અને ચિત્તની પ્રસન્નતા મેળવવી : એમ उत्तरोत्तरगुणैः અર્થાત્ એક પછી એક ડગલું આગળ વધવારૂપી ગતિપૂર્વક ગુણશ્રેણીપર ચડવું અને સ્વાધ્યાયની સમાપ્તિ કરવી. સ્વાધ્યાયની ઉંચામાં ઉંચી ટોચે પહોંચવાનો માર્ગ આ રીતે " ડગલે ડગલે ડુંગરા " ની પેઠે આગળ વધવાનો છે. ( ૧૮૯ )

# एकादश परिच्छेद.

## તપશ્ચર્યા : ધ્યાન.

[ અનુક્રમે કરીને તપનો અગીયારમો પ્રકાર ધ્યાન વિષય ઉપસ્થિત થાય છે. એ અભ્યંતર તપનો પ્રકાર છે. ધ્યાનને માટે તેનું ક્ષેત્ર-ચિત્ત દોષરહિત કરવું, આસન સિદ્ધ કરવું, શ્વાસોચ્છ્વાસ ઉપર જય મેળવી પ્રાણ સાથે ચિત્તનો સંબંધ જોડવો અને પછી ધ્યાનના પ્રકારો પિછાણીને શુભ ધ્યાન આદરવું: એ બધો વિધિ આ લાંબા પરિચ્છેદમાં કહેવાનો ગ્રંથકારનો સંકલ્પ છે. સૌથી પહેલાં નીચેના બે શ્લોકોમાં ગ્રંથકાર ચિત્તની નિર્મળતા સાધવાના હેતુપૂર્વક તેના આઠ દોષોથી મુમુક્ષુને પરિચિત કરે છે. ]

**अष्टौ चित्तदोषाः। १९० । १९१ ॥**

**दोषो ग्लानिरनुष्ठितौ प्रथम उद्वेगो द्वितीयस्तथा ।**
**स्याद् भ्रान्तिश्च तृतीयकश्चपलतोत्थानं चतुर्थो मतः॥**

क्षेपः स्यान्मनसः क्रियान्तरगतिर्मुक्त्वा प्रवृत्तक्रिया-
मासङ्गः प्रकृतक्रियारतिरतो दुर्लक्ष्यतोर्ध्वं पुनः ॥
तत्कालोचितवर्त्तनेऽरुचिरथो रागश्च कालान्तर-
कर्त्तव्येऽन्यमुदाह्वयो निगदितो दोषः पुनः सप्तमः ॥
उच्छेदः सदनुष्ठिते रुगभिधो दोषोऽष्टमो गद्यते ।
ध्याने विघ्नकरा इमेऽष्ट मनसो दोषा विमोच्याः सदा॥

**ચિત્તના આઠ દોષો.**

**ભાવાર્થ**—કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાનમાં ગ્લાનિ ઉત્પન્ન થાય તે ચિત્તનો પ્રથમ દોષ. અનુષ્ઠાન કરતાં મનમાં ઉદ્વેગ રહ્યા કરે તે બીજો દોષ. અનુષ્ઠાનના સ્વરૂપમાં ભ્રાન્તિ હોય-કંઇને બદલે કંઈ કરે તે ત્રીજો ભ્રાન્તિ-દોષ. અનુષ્ઠાનમાં બેઠા પછી મનમાં ચપળતા રહ્યા કરે તે ઉત્થાન નામે ચોથો દોષ. ચાલતી ક્રિયાને પડતી મૂકી બીજી-બીજી ક્રિયામાં ચિત્ત-વૃત્તિ દોડ્યા કરે તે ક્ષેપ નામે પાંચમો દોષ. ચાલતી ક્રિયામાં મુંઝાઈ રહીને તેની પછીના અનુષ્ઠાનનું લક્ષ ન રાખે અર્થાત્ ઉત્તર ક્રિયાની ઉપેક્ષા કરે તે આસંગ નામે છઠ્ઠો દોષ. ચાલુ અનુષ્ઠાનમાં અરૂચિ રાખીને કાલા-ન્તરમાં કરવાના અનુષ્ઠાન ઉપર રાગ રાખે તે અન્યમુદ્ નામે સાતમો દોષ. સદનુષ્ઠાનનું ઉત્થાપન કરવું-ઉચ્છેદ કરવો તે રૂગ્ નામે આઠમો ચિત્તનો દોષ જાણવો. ચિત્તના એ આઠ દોષો ધ્યાનશ્રેણી ઉપર ચડવામાં વિઘ્ન કરનારા છે, માટે ધ્યાનના જિજ્ઞાસુઓએ તે દોષોનો હમેશને માટે ત્યાગ કરવો. (૧૯૦-૧૯૧)

**વિવેચન**—ધ્યાન એ ચિત્તનો વિષય છે એટલે સૌથી પહેલાં ચિત્તરૂપી ક્ષેત્રને વિશુદ્ધ કરવું જોઇએ, એટલે કે તેને દોષરહિત કરવું જોઇએ. પતંજલિએ યોગશાસ્ત્રમાં ચિત્તની પાંચ અવસ્થાઓ કહી છે અને હેમચંદ્રાચાર્યે ચાર અવસ્થાઓ કહી છે. પાંચ અવસ્થાઓ તે ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર

અને નિરૂદ્ધ અવસ્થા છે; અન્ય મતે વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એવી ચિત્તની ચાર અવસ્થાઓ છે. એમાંની એકાગ્ર અને નિરૂદ્ધ કિંવા શ્લિષ્ટ અને સુલીન એ બે અવસ્થાઓ દોષરહિત થએલા ચિત્તની ધ્યાન માટેની સુસજ્જ અવસ્થાઓ છે, અને બાકીની અવસ્થાઓ તે દોષયુક્ત ચિત્તની જૂદી જૂદી અવસ્થાઓ છે. આ અવસ્થાઓને લીધે ચિત્તમાં જન્મતા દોષોના પ્રકારો આ શ્લોકોમાં દર્શાવેલા છે. પતંજલિના અભિપ્રાય મુજબ ચિત્તમાં વિક્ષેપ કરનારા અંતરાયો નવ પ્રકારના છેઃ—व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥ વ્યાધિ, સ્ત્યાન (મૂઢતા), સંશય, પ્રમાદ, આળસ, અવિરતિ, ભ્રાન્તિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ એ નવ ચિત્તના વિક્ષેપો છે અને સદનુષ્ઠાનમાં અંતરાયો છે. જેવી રીતે આ નવ અંતરાયો ચિત્તની ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત અવસ્થાના અંકુરો છે, તેવી જ રીતે તે ત્રણે અવસ્થાના અંકુરો અત્ર દર્શાવેલા આઠ દોષો પણ છે. સંક્ષેપમાં કહીએ તો પતંજલિએ ગણાવેલા નવ દોષો અને આ આઠ દોષો કે જે હરિભદ્ર સૂરિએ કરેલી વર્ગણાને અનુસારે છે તે લગભગ સમાન ભૂમિકા રોકે છે. ધ્યાન કિંવા અન્ય ધર્માનુષ્ઠાન પ્રત્યે અંતઃકરણમાં ગ્લાનિ ઉત્પન્ન થાય—વિષાદ થાય તે ચિત્તનો પ્રથમ દોષ છે. કોઈ વાર દેહમાં વ્યાધિ અસ્તિત્વ ધરાવતો હોવાથી કે થાક લાગવાથી એવી ગ્લાનિ ઉપજે છે અને તે સ્થિતિ ધ્યાન માટે ઈષ્ટ નથી. ચિત્તમાં કોઈ પ્રકારની તૃષ્ણા કે ઇચ્છાથી ઉદ્વેગ—ચિંતા ઉપજે તે તેનો બીજો દોષ છે. પતંજલિ જેને અવિરતિ દોષ કહે છે તે આ જ પ્રકારનો છે. કોઇ અનુષ્ઠાનનું સ્વરૂપ આવું હશે કે તેવું હશે, એમ ચિત્તમાં સંદેહ થયા કરે અને સાધનને અસાધનરૂપ તથા અસાધનને સાધનરૂપ માનીને કાંઇને બદલે કાંઈ કરે તે ભ્રાન્તિ નામનો ત્રીજો દોષ છે. પતંજલિએ કહેલા ભ્રાન્તિદર્શન અને સંશય નામના દોષોનો સમાવેશ આ એક દોષની ગણત્રીમાં થાય છે. ચંચળતાને યોગે ઉત્થાન—ચલવિચલતા ઉત્પન્ન થાય અને ક્ષેપ—એક અનુષ્ઠાન છોડીને બીજા અનુષ્ઠાનને પકડવા દોડવાનું મન થાય તે ચિત્તનો ચોથો તથા પાંચમો દોષ છે. આ બેઉ દોષો પતંજલિએ કહેલા અનવસ્થિતત્વના ફળ રૂપ છે અર્થાત્

ચિત્તની અસ્થિરતાના પરિણામરૂપ છે. એક જ અનુષ્ઠાનમાં મુંઝાઇ રહી ત્યારપછીના અન્ય અનુષ્ઠાન તરફ ઉપેક્ષાદૃષ્ટિ રાખે એટલે આસંગ ઉપજે, જે પતંજલિએ કહેલા પ્રમાદ તથા આલસ્ય રૂપી દોષોનું જ પરિણામ લેખાય. પતંજલિએ કહેલો અલબ્ધભૂમિકત્વ નામનો ચિત્તદોષ સાધકના ચિત્તને અસંતોષ વડે બહિર્મુખ રાખે છે, તેવી જ રીતે અત્ર કહેલો અન્યમુદ્ નામનો સાતમો દોષ ચાલુ અનુષ્ઠાનમાં સાધકને અસંતુષ્ટ અને અરૂચિમાન રાખી દૂર દૂર રહેલા અનુષ્ઠાનમાં રાગ ઉપજાવે છે. અને છેલ્લે સદનુષ્ઠાનનું ઉત્થાપન–ઉચ્છેદ કરાવનારો રૂગ્ નામનો દોષ તો પતંજલિએ કહેલા સ્ત્યાન–મૂઢતા–चित्तस्याकर्मण्यता ની ભૂમિકામાં આવે છે. આ ઉપરાંત પતંજલિ દુઃખ, મનઃક્ષોભ, અંગનું અજેયત્વ, અને શ્વાસ પ્રશ્વાસના વિક્ષેપને પણ ચિત્તના દોષો તરીકે ગણાવે છે, પરન્તુ ગ્રંથકારે અત્ર એ દોષોની જૂદી ગણત્રી કરી નથી અને આગળ જતાં મન તથા પ્રાણનો સંબંધ સાધવા માટેનું, અંગનું અજેયત્વ મેળવવા માટે આસનસિદ્ધિનું, શ્વાસપ્રશ્વાસના દોષહરણ માટે પ્રાણાયામનું વિધાન કરેલું છે, તે એ વિશિષ્ટ દોષોનું વિરેચન કરવાનો હેતુ સારવા માટે છે. આ બધા દોષો ચિત્તના સ્વાભાવિક દોષો છે એટલે તે મનુષ્યના સ્વભાવની સાથેજ જન્મેલા છે. મનુષ્યસ્વભાવ સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોનો બનેલો છે એટલે એ ત્રણે ગુણોનાં જૂદાં જૂદાં રૂપોદ્વારા પોતાનો ધર્મ ચિત્તરૂપી ક્ષેત્રની અંદર બજાવે છે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે—

**सर्वद्वारेषु देहेऽस्मिन् प्रकाश उपजायते ।**
**ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥**
**लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।**
**रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥**
**अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।**
**तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥**

અર્થાત્—આ દેહમાં સર્વ ઇંદ્રિયોમાં જ્યારે જ્ઞાનરૂપ પ્રકાશ ઉત્પન્ન થાય છે, ત્યારે ચિત્તમાં સત્ત્વગુણ જ વિશેષ વધેલો છે એમ સમજવું. ચિત્તમાં

રજોગુણની વિશેષ વૃદ્ધિ થયે લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરંભ, અશાન્તિ અને ઇચ્છા ઉત્પન્ન થાય છે. ચિત્તમાં તમોગુણની વિશેષ વૃદ્ધિ થયે જ અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ તથા મોહ ઉપજે છે. આ ઉપરથી સમજાશે કે ચિત્તમાં સત્ત્વગુણ પ્રધાન હોવા છતાં જ્યારે તેમાં રજસ્ અને તમસ્ વિશેષ વ્યાપે છે અને સત્ત્વને ગૌણ બનાવી પોતે પ્રધાન બને છે, ત્યારે તેની ક્ષિપ્ત, વિક્ષિપ્ત તથા મૂઢ દશા થાય છે, અને ઉપર જણાવેલા આઠે દોષો પોતાનો વ્યાપાર ચલાવે છે. ચિત્ત ત્રણે ગુણોનું બનેલું હોવા છતાં એ ગુણોમાં પ્રધાન કે ગૌણ બનવાનો ધર્મ રહેલો છેઃ જ્યારે ચિત્તની સ્થિતિ એવી થાય કે તેમાં સત્ત્વગુણ જ પ્રધાન બને અને રજસ્ તમસ્‌નું તિરોધાન થાય ત્યારે જ ઉપર જણાવેલા દોષો સ્વભાવની સાથે જન્મેલા હોવા છતાં તિરોધાન પામે અને ચિત્તક્ષેત્ર ધ્યાનરૂપી યોગપ્રક્રિયાને માટે વિશુદ્ધ બની રહે. ચિત્તની એવી નિર્દોષ અવસ્થા ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે તે સત્ત્વપ્રધાન બને અર્થાત્ એકાગ્ર અને નિરૂદ્ધ બને. પતંજલિએ योगश्चित्तवृत्तिनिरोधः એવું જે એક મહત્ત્વનું સૂત્ર કહ્યું છે તે નિરોધ આવી દોષરહિત કિંવા એકાગ્ર અને નિરૂદ્ધ ચિત્તાવસ્થામાં જ શક્ય છે. (૧૯૦–૧૯૧)

[ચિત્તની દોષરહિત કિંવા સમસ્થિતિ પ્રાપ્ત કરવા માટે શું કરવું? પતંજલિ તે દોષો દૂર કરવાને–तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः–એમ એક તત્ત્વનો અભ્યાસ કરવાનું કહે છે. એ એક તત્ત્વ કયું? તે જૂદાં જૂદાં તત્ત્વો સૂચવે છે, અને તેમાં वीतरागविषयं चित्तम् તથા यथाभिमतध्यानाद् નો પણ સમાવેશ કરે છે. આ એક અભ્યાસની શ્રેણી ગ્રંથકારે ગ્રહણ કરી છે અને તદ્વિષયક વિધાનમાં આગળ વધવા માટે ધ્યાનસિદ્ધિના અવલંબન રૂપ આસનસિદ્ધિ વિષે પહેલાં કહે છે.]

आसनानि । १९२ ॥

**पर्यङ्कोत्कटिकाब्जवज्रलकुटाङ्गोत्सर्गवीरासन-**
**गोदोहासनभद्रकासनमिति ध्यानासनान्यूचिरे ॥**

यद्यद्भाति सुखासनं स्थिरतया तस्यैव तेष्वादरो ।
हेयं कष्टदमाशनं प्रथमतो ध्यानाचलारोहणे ॥

### આસનના પ્રકાર.

**ભાવાર્થ**—પર્યંકાસન, ઉત્કટિકાસન, અબ્જ–કમલાસન, વજ્રાસન, લકુટાસન, કાયોત્સર્ગાસન, વીરાસન, ગોદોહાસન અને ભદ્રકાસન : એ નવ ધ્યાનનાં આસન કહ્યાં છે; તથાપિ પ્રારંભમાં ધ્યાનરૂપ પર્વત ઉપર ચઢવા માટે એમાંનું જે આસન સુખરૂપ ભાસે અને જે આસને વધારે સ્થિર રહી શકાય તેનો પ્રથમ આદર કરવો અને કષ્ટ આપનાર આસનનો ત્યાગ કરવો. (૧૯૨)

**વિવેચન**—ચિત્તની દોષરહિત કિંવા સમસ્થિતિની સાધના તે ધ્યાનનું પ્રથમ પાદ કિંવા પગલું છે, એટલે ધ્યાનને માર્ગે વળવાથી તે દોષો દૂર થતાંની સાથે સાથે ધ્યાનસિદ્ધિ પણ ઉપલબ્ધ થાય છે. આ કારણથી ધ્યાનની પૂર્વ પીઠિકામાં ચિત્તના દોષો દર્શાવવામાં આવ્યા છે, પરન્તુ ધ્યાનની પ્રક્રિયાથી ઇતર એવો ચિત્તદોષોના દૂરીકરણનો વિધિ દર્શાવવામાં આવ્યો નથી.

ધ્યાનની પ્રક્રિયાનો પ્રારંભ કરતાં સૌથી પહેલાં આસનસિદ્ધિ કરવી જોઇએ. યોગનાં ૮૪ આસનો છે અને યોગના ગ્રંથોમાં તે બધાં આસનોનો વિધિ દર્શાવવામાં આવ્યો છે, પરન્તુ એ બધાં આસનો ધ્યાનસિદ્ધિ માટે આવશ્યક નથી, કારણકે તેમાંનાં ઘણાંખરાં આસનોનો હેતુ તો વાયુ ઉપર જય મેળવવા પૂરતો કિંવા દેહ અને તેની શિરાઓના આરોગ્ય પૂરતો જ હોય છે. આ કારણથી ગ્રંથકારે ધ્યાનને અર્થે हेयं कष्टदमासनं અર્થાત્–કષ્ટપ્રદ આસનનો ત્યાગ કરવાનું અને સુખાસનનો જ આદર કરવાનું કહેલું છે. કાયક્લેશ કરનારૂં આસન–કષ્ટપ્રદ આસન ધ્યાનસિદ્ધિમાં વિઘ્ન રૂપ થઈ પડતું હોવાથી તે પ્રકારનાં આસનોને નિરૂપયોગી લેખી અત્ર પર્યંકાસન, ઉત્કટિ-કાસન, કમલાસન, વજ્રાસન, લકુટાસન, કાયોત્સર્ગાસન, વીરાસન, ગોદોહાસન અને ભદ્રકાસન એ નવ આસનોને ધ્યાન માટે ઉપયોગી લેખ્યાં છે. એ

નવ આસનોમાંનું પણ જે કોઈ આસન મુમુક્ષુને સુખાસનરૂપ લાગે તે જ આસન તેને ઉપયોગી સમજવું; પરન્તુ ધ્યાનમાં આસનનો હેતુ દેહ તથા મનની ચંચળતા, આળસ, આદિ રજો અને તમોગુણનો નાશ કરવાનો છે; **आसनेन रजो हन्ति ॥** એટલે સુખાસન કરવાનો હેતુ કષ્ટપ્રદ આસનનો ત્યાગ કરવાનો છે, પરંતુ ધ્યાન ધરતાં આળસ કે તંદ્રા આવવા લાગે એવું સુખાસન આદરવાનો નથી. પ્રસ્તુત નવ આસનો એવા પ્રકારનાં છે કે જેથી રજોગુણ હઠે અને દેહને કષ્ટકારક થાય નહિ. એ બધાં આસનો સિદ્ધ કરવાનો વિધિ નીચે મુજબ છે:

પર્યંકાસન—બેઉ જંઘાના નીચલા ભાગો પગના ઉપર મૂકવે છતે અને જમણો તથા ડાબો હાથ બન્ને નાભિ પાસે ઉંચા ઉત્તર–દક્ષિણ (આડા) રાખવાથી પર્યંકાસન થાય છે. મહાવીર દેવને નિર્વાણ અવસરે આ આસન હતું. જાનુ અને હાથને પ્રસારીને સૂવું તેને પતંજલિ પર્યંકાસન કહે છે.

ઉત્કટિકાસન—કેડની નીચેના નિતંબોને પગની પાનીની સાથે નીચે જમીન ઉપર અડકાડવા તે ઉત્કટિકાસન કહેવાય છે. આ આસનમાં મહાવીર ભગવાનને કેવળજ્ઞાન થયું હતું. લૌકિક ભાષામાં જેને ઉભડક બેસવું કહેવામાં આવે છે તે આ જ આસન.

પદ્માસન–કમલાસન—જમણા પગને ડાબા સાથળપર મધ્ય ભાગમાં રાખવો અને ડાબા પગને જમણા સાથળપર મધ્ય ભાગમાં રાખવો તથા બન્ને પાનીપર પ્રથમ ડાબો હાથ ચત્તો રાખી તે ઉપર જમણો હાથ ચત્તો રાખવો, દાઢીને હૃદય સમીપે ચાર આંગળ દૂર રાખવી અને જીભને ઉપરના દાંતના મૂળના મધ્ય ભાગમાં સ્થાપી નાસિકાની અણી ઉપર દૃષ્ટિને સ્થિર કરવી. (યોગશાસ્ત્રમાં આ આસનને ચિત્ત, પ્રાણ તથા ઇંદ્રિયોની સ્થિરતાને પ્રાપ્ત કરનારૂં કહ્યું છે.)

વજ્રાસન—ડાબો પગ જમણા સાથળપર અને જમણો પગ ડાબા સાથળપર સ્થાપી પછી વજ્રની આકૃતિ માફક પાછળ બેઉ હાથ રાખી તે હાથ વડે બેઉ પગના અંગૂઠા પકડવા–અર્થાત્ પીઠ પાછળ હાથ કરી ડાબા

પગના અંગૂઠાને ડાબા હાથથી અને જમણા પગના અંગૂઠાને જમણા હાથથી પકડવા તેને વજ્રાસન કહે છે. હઠયોગમાં સિદ્ધાસનને વજ્રાસન કહેવામાં આવે છે.

લકુટાસન—આ આસન યોગશાસ્ત્રના ગ્રંથોમાં પરિચિત નથી, પણ જૈન શાસ્ત્રગ્રંથોમાં પરિચિત છે. જેવી રીતે ગધેડાની ઉપર ભારની ગૂણ લાધવામાં આવે છે તેવી રીતે મસ્તકનું શિખાસ્થાન અને પગ એ બેને આધારે દેહની ગોળ કમાન વાળીને સ્થિર થવું તે લકુટાસન અથવા લગુડાસન કહેવાય છે. ( હેમચંદ્રાચાર્ય નવ સુખાસનોમાં લકુટાસનની ગણત્રી ન કરતાં દંડાસનની ગણત્રી કરે છે. બેસીને આંગળીઓ, ગુલ્ફ—પાની અને સાથળ એ ત્રણે જમીનને અડકે એવી રીતે પગ લાંબા કરવા તેને દંડાસન કહે છે. ' જ્ઞાનાર્ણવ ' માં દંડાસનનું નામ નથી. )

કાયોત્સર્ગાસન—બન્ને ભુજાઓને નીચી લટકતી રાખી ઊભાં અથવા બેઠાં કાયાની અપેક્ષા રાખ્યા વગર રહેવું તેને કાયોત્સર્ગાસન કહે છે.

વીરાસન—સિંહાસન ઉપર બેઠેલા અને પગ નીચા મૂકેલા હોય, ત્યારે પાછળથી આસન કાઢી લીધા પછી તે માણસ જેવી રીતે રહી શકે તેવી રીતે રહેવું તેને વીરાસન કહે છે. આ વીરાસન કાયકલેશ તપના સંબંધમાં વપરાય છે. સુખાસન તરીકે વીરાસન એવું જાણવું કે—ડાબો પગ જમણા સાથળપર અને ડાબા સાથળપર જમણો પગ, એ પ્રકારે જે બેસવું તે વીરાસન છે.

ગોદોહિકાસન—પગના અંગૂઠા તથા આંગળીઓના આધાર પર પગનો ફણો ઊભો રાખી બેઉ પાનીઓ ઉપર સીવની આવે એવી રીતે દેહને ટેકવી બેઉ સાથળપર બેઉ હાથની કોણીઓને ટેકવીને બેસવું તે ગોદોહિકાસન છે. સંક્ષેપમાં કહીએ તો ગાયને દોહવા માટે જેવી રીતે બેસવું પડે તેવી રીતે ધ્યાન ધરવા માટે બેસવું તે ગોદોહિકાસન જાણવું.

ભદ્રાસન—સીવનીના ડાબા ભાગમાં ડાબા પગની એડી પગને ઉલટાવીને રાખવી અને સીવનીના જમણા ભાગમાં જમણા પગની એડી

પગને ઉલટાવીને રાખવી. બન્ને પાદતળોનો સંપુટ એ રીતે થઈ ગયા પછી તે ઉપર બેસી બેઉ હાથનાં આંગળાં આપસમાં ભરાવી ત્યાં પગ ઉપર રાખવાં તે ભદ્રાસન કહેવાય છે. કઠીન આસનો વડે શરીરનો શ્રમ થયો હોય તો તે શ્રમને આ આસન દૂર કરે છે. ( 'જ્ઞાનાર્ણવ' માં 'ભદ્રાસન' ને સ્થાને ' સુખાસન ' નામ આપ્યું છે. )

આમાંનું કોઈ પણ આસન દીર્ઘ સમયસુધી સ્થિર કરવાનો અભ્યાસ કરવો આવશ્યક છે, અને તેટલા માટે ગ્રંથકારે स्थिरतया શબ્દનો પ્રયોગ કર્યો છે. આસનમાં સ્થિરતા પ્રાપ્ત થયા વિના ધ્યાન રૂડી રીતે સધાતું નથી. યોગપ્રદીપિકામાં કહ્યું છે કે-कुर्यात्तदासनं स्थैर्यमारोग्यं चांगलाघवम् । અર્થાત્-સ્થિરતા, આરોગ્ય અને અંગલાઘવ સધાય તેવું જ આસન આદરવું. પતંજલિ પણ स्थिरसुखासनम् સૂત્રવડે આસનની સ્થિરતાનો બોધ કરે છે. (૧૯૨)

[ આસનસિદ્ધિ કર્યાં પછી પ્રાણાયામની દિશાનો બોધ કરવાના હેતુપૂર્વક ગ્રંથકાર પ્રાણ અને મનનો સંબંધ સમજાવે છે. ]

**प्राणमनसोः सम्बन्धः । १९३ ॥**

**यावत्प्राणगतिर्भवेन्न नियता तावत्स्थिरं नो मना ।**
**मिश्रत्वादुभयोर्मनःपवनयोः क्षीराम्बुवत्सर्वथा ॥**
**छेदे प्राणगतेर्मनोगतिरपि च्छिन्नैव तस्याः पुन-**
**र्विच्छेदे विषयैः सहेन्द्रियगतिर्नष्टैव सिद्धिस्ततः ॥**

## પ્રાણ અને મનનો સંબંધ.

**ભાવાર્થ**—જ્યાંસુધી પ્રાણની ગતિ નિયંત્રિત થતી નથી, ત્યાં-સુધી મન સ્થિર થતું નથી કેમકે દૂધ અને પાણીની પેઠે મન તથા પ્રાણ પણ સર્વથા ઓતપ્રોત થઈ ગએલ છે. જો પ્રાણની ગતિનો છેદ થાય તો મનની ગતિ છેદાયલી જ સમજવી અને મનની ગતિનો છેદ થયો તો

વિષયોની સાથે ઇંદ્રિયોની ગતિ પણ અટકી ગએલી સમજવી, અને વિષય પ્રત્યે ઇંદ્રિયગતિ અટકી એટલે ધ્યાનની સિદ્ધિ થઇ. (૧૯૩)

**વિવેચન**—પ્રાણ શબ્દ વડે અત્ર 'વાયુ' નું બોધન થાય છે. જ્યાંસુધી દેહમાં વાયુ ફરે છે ત્યાંસુધી જ જીવન છે અને એ વાયુ દેહમાંથી કાયમને માટે ચાલ્યો જાય છે એટલે દેહનું મરણ થાય છે. એ પ્રમાણે વાયુની ગતિ સાથે આ સ્થૂળ દેહની જીવન્ત સ્થિતિનો સંબંધ રહેલો છે. એ પ્રાણની અર્થાત્ વાયુની ગતિને જો નિયત–નિયંત્રિત કરવામાં આવે તો મન પણ નિયંત્રિત થાય છે. મન અને પ્રાણ એ દૂધ અને પાણીની પેઠે ઓતપ્રોત મળી ગએલાં છે. હેમચંદ્રાચાર્ય મન અને પ્રાણને **संविलितौ नीरक्षीरवत्** કહે છે. એટલે પ્રાણને નિયત કરતાં મન પણ નિયત થાય છે અને પ્રાણને અનિયત રાખતાં મન ચંચળ બને છે. હઠયોગ–પ્રદીપિકામાં કહ્યું છે કે—

**चले वाते चलं चित्तं निश्चले निश्चलं भवेत् ।**
**योगी स्थाणुत्वमाप्नोति ततो वायुं निरोधयेत् ॥**

અર્થાત્—પ્રાણવાયુ ચલાયમાન હોય છે ત્યારે ચિત્ત પણ ચલાયમાન હોય છે અને પ્રાણવાયુ નિશ્ચલ હોય છે ત્યારે ચિત્ત પણ નિશ્ચલ હોય છે. પ્રાણવાયુ અને ચિત્ત એ બેઉ નિશ્ચલ હોય છે ત્યારે યોગી નિશ્ચલતાને પામે છે; માટે વાયુનો નિરોધ કરવો જોઇએ.

પ્રાણવાયુની સ્થિરતા ઉપર મનની પણ સ્થિરતાનો આધાર હોવાથી જો પ્રાણવાયુની ગતિનો છેદ કરવામાં આવે તો મનની ગતિનો પણ છેદ થાય એટલે કે તે સ્થિર–નિશ્ચલ થાય. મન નિશ્ચલ થવાથી કિંવા મનની ગતિનો છેદ થવાથી મનની આજ્ઞાને અનુસરનારી ઇંદ્રિયોની ગતિનો પણ છેદ થાય છે અર્થાત્ ઇંદ્રિયો પોતાની પ્રવૃત્તિ કરતી નથી. ઇંદ્રિયો સ્વ સ્વ વિષયની રાગી હોવાથી તેઓ હમેશાં વિષય–કષાયમાં ગતિમાન હોય છે, પરન્તુ તેમની ગતિનો છેદ થતાં તેમના વિષય–કષાય–પ્રવૃત્તિરૂપી વ્યાપારનો પણ છેદ થાય છે, અને એમ થતાં ધ્યાનની સિદ્ધિ આપોઆપ

થાય છે; આટલાં કારણોથી પ્રાણવાયુની ગતિનો છેદ કરવો જોઇએ અર્થાત્ નિરોધ કરવો જોઇએ. (૧૯૩)

[ પ્રાણની ગતિનો છેદ કરવો-નિરોધ કરવો એટલે પ્રાણાયામ : એ પ્રાણાયામ કેવી રીતે સિદ્ધ કરવો તે વિષે ગ્રંથકાર નીચેના બે શ્લોકમાં કહે છે. ]

प्राणायामः । रेचकपूरककुंभकाः । १९४ । १९५ ॥

**प्राणायाम उपाय एक उदितो ध्यानस्य संसिद्धये ।**
**श्वासोच्छ्वासगतिच्छिदात्मकतया ख्यातः पुनःस त्रिधा॥**
**वायुः कोष्ठगतोऽतिमन्दगतितो निःसार्यते यद्बहिः।**
**सोऽयं रेचकनामको निगदितो भेदस्तदीयोऽग्रिमः ॥**
**घ्राणाद्द्वादशकाङ्गुलस्थपवनं त्वाकृष्य यत्पूर्यते।**
**कोष्ठे पूरकनामकः स मुनिभिर्भेदो द्वितीयो मतः॥**
**नाभावेव स पूर्यमाणपवनो यत्नेन यद्रुध्यते ।**
**सोऽयं कुम्भकनामकः सुविदितो भेदस्तृतीयः पुनः॥**

પ્રાણાયામ: રેચક, પૂરક તથા કુંભક.

**ભાવાર્થ**—મનને સ્થિર કરવા ધ્યાનની સિદ્ધિ મેળવવા માટે પ્રાણાયામ એક ઉપાય દર્શાવ્યો છે. શ્વાસોચ્છ્વાસની ગતિનો નિરોધ કરવા રૂપ પ્રાણાયામના ત્રણ પ્રકાર પ્રસિદ્ધ છે; તેમાં કોઠામાં ગએલ વાયુ અતિમંદ ગતિથી ધીમેધીમે બહાર કાઢવામાં આવે તે રેચક નામનો પ્રાણાયામનો પહેલો ભેદ શાસ્ત્રકારોએ કહેલો છે. ( ૧૯૪ ). નાસિકાથી બાર આંગળ દૂર રહેલ બહારના પવનને ખેંચીને તે કોઠામાં પૂરવામાં આવે તે પૂરક નામે પ્રાણાયામનો બીજો ભેદ જાણવો; કોઠામાં પૂરાએલ પવન યત્નવડે નાભિમાં રોકી રાખવો તે કુંભક નામે પ્રાણાયામનો ત્રીજો ભેદ સમજવો. ( ૧૯૫ ).

**વિવેચન**—પૂર્વ શ્લોકમાં જે પ્રાણની ગતિના છેદની આવશ્યકતા વ્યક્ત કરી છે, તેનો ભાવાત્મક અર્થ એ છે કે પ્રાણવાયુની ગતિનો નિરોધ કરવો, કે જેનું નામ પ્રાણાયામ છે. હેમચંદ્રાચાર્ય પોતાના યોગશાસ્ત્રમાં કહે છે કે–**प्राणायामो गतिच्छेदः श्वासप्रश्वासयोर्मतः ॥** પતંજલિ પણ પ્રાણાયામની એવી વ્યાખ્યા કરે છે કે **श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥** અર્થાત્ શ્વાસ અને પ્રશ્વાસની ગતિનો વિચ્છેદ કરવો–નિરોધ કરવો–તેની ગતિને રોકવી તેને પ્રાણાયામ કહે છે. આ નિરોધના ત્રણ વિભાગ છે : **रेचकः पूरकश्चैव कुंभकश्चेति स त्रिधा ॥** રેચક, પૂરક અને કુંભક કરવા. બહારનો વાયુ નસકોરાં વાટે અંદર જાય તેને શ્વાસ કહે છે અને અંદરનો અશુદ્ધ વાયુ નસકોરાં વાટે બહાર નીકળે તેને પ્રશ્વાસ કહે છે. શ્વાસ વખતે બહારનો વાયુ નાકમાં થઇને ગળાના પાછલા ભાગમાંથી કંઠમાં થઇ ફેફસાંમાં જાય છે. કંઠમાં જે શ્વાસનળી છે તે કરોડની ગરદનના પાંચમા મણકાથી પીઠના બીજા મણકા સુધી જઇ તેના બે વિભાગ થાય છે. તે દરેક ભાગ એક એક ફેફસામાં જાય છે. આ દરેક મોટા ભાગના વિભાગો થઈ ફેફસાંમાં ચારે બાજુએ ફેલાય છે. તેના પણ અનેક વિભાગો થતાં તેઓ ઘણા સૂક્ષ્મ થાય છે અને તેઓના છેડાના વિભાગોની બાજુએ તેમજ છેડાઓ ઉપર કરોડો સૂક્ષ્મ પરપોટીઓ હોય છે. એ પારદર્શક હોઇ ફેફસાંની ઉપર તથા અંદર રહેલી છે. એ પરપોટીઓ ઉપર લોહીની કેશવાહિનીઓની જાળ પથરાએલી છે અને તેમાં શરીરનું બગડેલું લોહી ફરે છે. શ્વાસ લીધા પછી બહારની હવા આ પરપોટીઓમાં ભરાઇ રહે છે. તે હવા બગડેલા લોહી સાથે મળી જઇ અશુદ્ધ લોહીને શુદ્ધ કરે છે. આ રીતે શ્વાસ અને પ્રશ્વાસથી શરીરમાં અનેક ફેરફાર થાય છે. પરન્તુ નાક વાટે શ્વાસ પ્રશ્વાસ ન કરતાં જો અન્નનળીથી હવા ગળવામાં આવે તો તે હોજરી અને આંતરડાંમાંથી પસાર થાય છે અને મળદ્વાર વાટે નીકળી જાય છે. જ્યારે હોજરી અને આંતરડાંમાં ખોરાક હોતો નથી ત્યારે થોડી ઘણી હવા ભરાયલી રહે છે તે મુખથી આવતા ઓડકારથી અથવા મળદ્વારના વાયુસંચારથી બહાર નીકળી જાય છે. આ રીતે નાસિકા દ્વારા જ કરવામાં આવેલું પ્રાણવાયુનું પાન દેહને હિતકારક છે

એમ સમજાય છે અને તેથી પ્રાણાયામ નાસિકા દ્વારા જ કરવો જોઈએ. પ્રાણાયામનું પ્રથમ અંગ જે રેચક છે તે ફેફસાંમાંથી વાયુનું રેચન નાસિકા દ્વારા કરવાની ક્રિયા છે. પરન્તુ આ રેચન કારમા નિઃશ્વાસ વડે નહિ કરતાં अतिमंदगतितः એટલે અત્યંત ધીરે ધીરે કરવું જોઇએ. વેગથી રેચક કરવાથી બળની હાનિ થાય છે, એટલે મંદ ગતિથી રેચન કરવાનું કહ્યું છે. હઠ-યોગપ્રદીપિકામાં કહ્યું છે કે रेचयेच्च ततोऽन्येन शनैरेव न वेगतः–બીજી નાડીથી પ્રાણને હળવે હળવે છોડવો–વેગથી નહિ. રેચક–પૂરકનો હેતુ એવો નથી કે भस्त्रावल्लोहकारस्य रेचपूरौ स संभ्रमौ–લોહારની ધમણની પેઠે રેચક–પૂરક સંભ્રમથી કર્યા કરવા ! જ્યારે મંદ ગતિથી વાયુનું વિસર્જન કરવામાં આવે ત્યારે જ તે રેચક બને છે અને પ્રાણાયામનું અંગ બને છે. પ્રાણાયામનું બીજું અંગ પૂરક છે. નાસિકાથી બાર આંગળને અંતરે આવેલા વાયુને આકર્ષીને તેને કોઠામાં એટલે ફેફસાંથી માંડીને નાભિના પ્રદેશ સુધીમાં જે પૂરવામાં આવે તેને પૂરક કહેવામાં આવે છે. આ પૂરકવિધિ પણ મંદ ગતિથી જ કરવાનો છે. प्राणं सूर्येण चाकृष्य पूरयेदुदरं शनैः । અર્થાત્–સૂર્ય નાડીદ્વારા પ્રાણને આકર્ષીને ધીરે ધીરે ઉદરને ભરવું એમ યોગગ્રંથોમાં વિધાન કરેલું છે. આ પ્રમાણે કોઠામાં પૂરેલા પ્રાણવાયુનો રોધ કરી રાખવો: નવો વાયુ ખેંચવો નહિ અને પૂરેલો વાયુ છોડવો નહિ તેને કુંભક કહેવામાં આવે છે. આ કુંભકથી પ્રાણની ગતિનો છેદ થાય છે. કુંભકના આઠ ભેદો યોગશાસ્ત્રમાં કહેલા છે અને અત્ર તેનું પ્રયોજન નથી, પરન્તુ કુંભક કરવાની શક્તિ જેટલી કેળવાય છે તેટલા પ્રમાણમાં પ્રાણાયામની ક્રિયા વિશેષ ફળવતી નીવડે છે. રેચક અને પૂરક કરવાના સંબંધમાં યોગીઓ એક વિશેષ સૂચન એ કરે છે કે જમણા નાસાપુટથી વાયુને આકર્ષીને ડાબા નાસાપુટથી છોડવો અને પુનઃ ડાબા નાસાપુટથી આકર્ષીને જમણા નાસાપુટથી છોડવો એ પ્રકારનો પ્રાણાયામ વિશેષ હિતકારી છે અને એ પ્રમાણે એક નાસાપુટથી વાયુને આકર્ષવા–છોડવા માટે બીજા નાસાપુટને દાબી રાખવા માટે આંગળીનો ઉપયોગ કરવામાં હરકત નથી. આ પ્રાણા-

યામને અનુલોમ વિલોમ પ્રાણાયામ કહે છે. અત્ર ગ્રંથકારે પ્રારંભમાં રેચક, પછી પૂરક અને છેલ્લે કુંભક કરવાનું કહેલું છે: આ પ્રાણાયામનો એક ક્રમ છે અને તે તાંત્રિક ક્રમ છે. પતંજલિ એ ક્રમ સૂચવે છે. બીજો ક્રમ પ્રથમ પૂરક પછી કુંભક અને છેલ્લે રેચક કરવાનો છે જેને વૈદિક ક્રમ કહેવામાં આવે છે. એ ક્રમ યાજ્ઞવલ્ક્ય સૂચવે છે. પરન્તુ આ બેઉ ક્રમ પ્રાણવાયુની ગતિના છેદ માટે અને ચિત્તની નિર્મળતા સાધવા માટે એક સરખા ઉપયોગી છે. પ્રાણાયામનો અભ્યાસ કેટલે સુધી આગળ વધારવો ઇષ્ટ છે તે સંબંધે કહ્યું છે કે—

**प्रातर्मध्यंदिने सायमर्धरात्रौ च कुंभकान् ।**
**शनैरशीति पर्यन्तं चतुर्वारं समभ्यसेत् ॥**

અર્થાત્—પ્રાતઃકાળે, મધ્યાહ્નને, સાયંકાળે અને મધરાતે એ ચારે કાળમાં હળવે હળવે એંશી સુધી ચાર વાર પ્રાણાયામનો અભ્યાસ કરવો. (આ અભ્યાસ કરનારે અસજ્ઝાયના સમયનો ત્યાગ કરવા પૂરતો વિવેક આદરવો આવશ્યક છે.) એ પ્રમાણે પ્રાણાયામના વિધિનું મુખ્ય તત્ત્વ રહેલું છે. (૧૯૪–૧૯૫)

[ આ પ્રમાણે પ્રાણાયામ કરવાથી કેવા ફળની પ્રાપ્તિ થાય છે વિષે ગ્રંથકાર નિમ્ન શ્લોકમાં કહે છે. ]

**प्राणायामफलम् । १९६ ॥**

**प्राणाऽपानसमानकप्रभृतयः पञ्चाऽनिला देहगा–**
**स्तत्स्थानादिकबोधनेन मुनिना कार्यः शुभस्तज्जयः ॥**
**स्यात्प्राणादिजये शरीरमखिलं नीरोगमभ्यासतो ।**
**हृत्पद्मं विकसेच्च सत्वरमलं साध्या भवेद्धारणा ॥**

**પ્રાણાયામનું ફળ.**

**ભાવાર્થ**—પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ

વાયુ દેહમાં હોય છે. તે દરેકના સ્થાન અને સ્વરૂપને જાણીને ધ્યાનના જિજ્ઞાસુએ તે વાયુ ઉપર જીત મેળવવી; પ્રાણાદિ વાયુને જીતવાથી શરી-રના રોગોનું નિવારણ થઇ શકે છે, એટલે શરીર નીરોગી થવાથી ધ્યાનનો અભ્યાસ સારી રીતે થઈ શકે છે; તેથી હૃદયકમળ જલદી વિકસ્વર થાય છે અને ધારણા બરાબર રીતે સાધ્ય થાય છે. (૧૯૬)

**વિવેચન**—શરીરમાં પ્રાણાદિ નામે પાંચ પ્રકારના વાયુ વહે છે. મુખ્ય તો પ્રાણ અને અપાન એ બે જ વાયુ છે પરન્તુ સ્થાનભેદથી તથા ક્રિયાભેદથી તેના પાંચ પ્રકારો ગણેલા છે. શ્વાસદ્વારા બહારનો પ્રાણવાયુ હૃદયપ્રદેશમાં જાય છે, તે સર્વ પ્રકારની લોહીની ચેષ્ટા કરાવે છે અને ક્ષુધા–તૃષા કરવી તે તેની ક્રિયા છે. ગુદા અને તેની આસપાસના પ્રદે-શમાં રહેનાર વાયુ તે અપાન. મળમૂત્રને નીચે લઇ જવાં અને વીર્યનું વિસર્જન કરવું તે તેનું કાર્ય છે. સમાન વાયુ નાભિમંડળમાં રહે છે. ખાધેલા–પીધેલા રસોને સારી રીતે ચલાવી શરીરને પુષ્ટ કરી બધા રસોને તે તે નાડીઓમાં વહેંચી દે છે. ઉદાન વાયુનું સ્થાન કંઠ છે અને શ્વાસ તે એની ક્રિયા છે. શરીરને નમાવવું, ઉંચું કરવું, વાણીને સ્પષ્ટ કરવી તે તેનું કાર્ય છે. વ્યાન વાયુ આખા શરીરમાં વ્યાપી રહેલો છે. તે પ્રાણ–અપાનને ધારણ કરવામાં મદદ કરે છે. પ્રાણ–અપાનનો કુંભક કરવો વગેરે કાર્યો આ વાયુથી થાય છે. આખા શરીરમાં રૂધિરનો સંચાર કરાવનાર તથા સ્પર્શેન્દ્રિયનો સહાયભૂત એ વાયુ છે. આ પ્રાણાદિ વાયુઓ વિષે સંપૂર્ણ જ્ઞાન મેળવીને મુનિએ તેનો જય કરવો આવશ્યક છે કારણકે તે ઉપર જય મેળવવાથી શરીર નીરોગી થાય છે અને ધ્યાનાદિના અભ્યાસવડે હૃદયરૂપી કમળ–અનાહત ચક્ર વિકાસ પામતાં ધારણા સિદ્ધ થાય છે. જ્યાંસુધી પ્રાણાયામથી શ્વાસપ્રશ્વાસની ગતિ નિયંત્રિત થતી નથી ત્યાં-સુધી શરીરની નાડીઓ મળથી વ્યાપ્ત રહે છે અને જૂદા જૂદા વાયુઓ તેમાં નિયમિત ગતિ કરી શકતા નથી. मलाकुलासु नाडीषु मारुतो नैव मध्यगः —અર્થાત્ મળથી આકુલિત થએલી નાડીઓમાં પવન મધ્યચારી થતો નથી. પરન્તુ—

**शुद्धिमेति यदा सर्वं नाडीचक्रं मलाकुलम् ।**
**तदैव जायते योगी प्राणसंग्रहणे क्षमः ॥**

જ્યારે મળાકુલ આખું નાડીચક્ર શુદ્ધિ પામે છે, ત્યારે જ પ્રાણના સંગ્રહણમાં યોગી શક્તિમાન થાય છે.

**विधिवत्प्राणसंयामैर्नाडीचक्रे विशोधिते ।**
**सुषुम्नावदनं भित्त्वा सुखाद्विशति मारुतः ॥**

વિધિપૂર્વક કરેલા પ્રાણાયામોથી નાડીચક્ર વિશુદ્ધ થતાં પ્રાણવાયુ સુષુમ્ના નાડીના મુખનું ભેદન કરીને તેમાં પ્રવેશ કરે છે.

**मारुते मध्यसंचारे मनःस्थैर्यं प्रजायते ।**
**यो मनः सुस्थिरीभावः सैवावस्था मनोन्मनी ॥**

જ્યારે સુષુમ્નાની મધ્યમાં પ્રાણવાયુના સંચાર થાય છે ત્યારે મનની સ્થિરતા થાય છે અને એ રીતે જે મનનું સ્થિર થવું તે જ મનોન્મની અવસ્થા છે.

સુષુમ્ના નાડીના મુખમાં પ્રાણવાયુનો સંચાર થતાં જ નાભિપ્રદેશમાં રહેલી કુંડલિની જાગૃત થાય છે. મનુષ્યના શરીરમાં મસ્તિષ્કથી માંડીને ગુદા સુધીમાં જે ચક્રો રહેલાં છે, તેમાંનું એક ચક્ર કુંડલિની છે. એ કુંડલિની હમેશાં સુપ્ત અવસ્થામાં જ રહે છે અને પ્રાણાયામ દ્વારા તેને જાગૃત કરવાનો યોગીનો યત્ન હોય છે.

**सुप्ता गुरुप्रसादेन यदा जागर्ति कुंडली ।**
**तदा सर्वाणि पद्मानि भिद्यंते ग्रंथयोऽपि च ॥**

જ્યારે એ રીતે સૂતેલી કુંડલિની જાગે છે, ત્યારે સર્વ ગ્રંથીઓ ભેદાઇ જાય છે અને સર્વ કમળો ઉઘડી જાય છે.

ગ્રંથકારે અત્ર પ્રાણાદિનો જય થતાં हृत्पद्मं विकसेत्–હૃદયકમળ વિકસે છે એવું સંક્ષેપમાં કહ્યું છે તેનો વિસ્તૃત અર્થ એવો છે કે પ્રાણ સુષુમ્ના નાડીમાં પ્રવેશ કરતાં કુંડલિની જાગૃત થાય છે અને બધાં કમળોનો વિકાસ થાય છે. ફક્ત हृत्पद्म–હૃદયકમળ એકનો જ ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે હૃદયપ્રદેશમાં રહેલું કમળ ‘ અનાહત ચક્ર ’ કહે-

વાય છે અને જ્યારે કુંડલિની જાગૃત થાય છે ત્યારે યોગીને એ ચક્રમાંથી અનાહત નાદ શ્રવણગોચર થાય છે. ધ્યાનસિદ્ધિનું આ એક ઉંચું પગથીયું છે. જ્યારે કુંભક કરવામાં આવે છે ત્યારે તેનો ધક્કો કુંડલિનીને લાગે છે અને તે સર્પાકારે હોવા છતાં જાગૃત થઇને સીધી થઈ જાય છે અને પ્રાણુ સુષુમ્નામાં પ્રવેશી પ્રત્યેક ચક્રને ભેદતો બ્રહ્મરન્ધ્ર કે જે મસ્તિષ્કને સ્થાને રહેલું છે તેમાં જાય છે. તે સમયે મનોવૃત્તિ શાન્ત થવાથી અનેક ભવની વાસનાઓના સંસ્કારો નાશ પામવા લાગે છે તથા વિવેકબુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ સમાધિ દશા છે અને અનાહત ચક્રમાં નાદ સંભળાવા લાગે તે મધ્યમ દશા છે. આ બધો વિષય ગ્રંથકારે સંક્ષેપમાં સમજાવ્યો છે કારણકે તેની સિદ્ધિ ગુરૂગમ્યતા વિના અશક્ય છે અને ગુરૂગમ્યતા આવશ્યક પણ છે. યોગ વિષય ગુરૂ વિના શીખવો તે હાનિપ્રદ થવાનો સંભવ છે. જાણીતા થીઓસોફીસ્ટ પંડિત લેડબીટર સત્ય જ કહે છે કે "I should advise every one to abstain from them unless directed to try them by a competent teacher who really understands what they are intended to achieve." અર્થાત્–યોગપ્રક્રિયાઓ શામાટ અને કેમ કરવી તે સંપૂર્ણ રીતે સમજનાર ગુરૂની દેખરેખ વિના એ પ્રક્રિયાઓના અખ્તરા નહિ કરવાની હું દરેક જિજ્ઞાસુને સલાહ આપું છું." (૧૯૬)

[ ધ્યાનસિદ્ધિ અને ચિત્તવિશુદ્ધિને માટે આ તો દ્રવ્યપ્રાણાયામની વાત થઇ; પરંતુ તેથીએ વિશિષ્ટ જે ભાવપ્રાણાયામ છે તે વિષે હવે ગ્રંથકાર કહે છે.]

**भावप्राणायामः । १९७ ॥**

**ब्राह्यप्राणविशोधनं न सफलं स्यात्सर्वथा योगिना-**
**मत्रास्ति क्षतिसम्भवोऽपि न ततोस्याऽत्यादरःशोभनः**
**तत्यक्त्वा बहिरात्मभावमखिलं भावं निपूर्यान्तरं ।**
**स्थातव्यं परमात्मभावशिखरे ध्यानाङ्गमेतद्वरम् ॥**

## ભાવપ્રાણાયામ.

**ભાવાર્થ**—ઉપર બતાવેલ દ્રવ્યપ્રાણાયામની રીતે જોકે બાહ્ય પ્રાણની શુદ્ધિ થવાથી રોગાદિની નિવૃત્તિરૂપ ફળ થવા સંભવ છે, તથાપિ આત્મધ્યાનપરાયણ યોગીઓને માટે તે ફળ પૂરતું નથી; એટલે બાહ્ય પ્રાણ-શોધન સર્વથા સફળ નથી, એટલું જ નહિ પણ એ રીતમાં કંઇ ફેરફાર થવાથી ક્ષતિ થવાનો પણ સંભવ છે. માટે તેનો અતિ આદર શોભાસ્પદ નથી; કિન્તુ ભાવપ્રાણાયામનું સ્વરૂપ સમજીને તેનો આદર કરવો જોઇએ. ભાવપ્રાણાયામમાં બહિરાત્મભાવનો રેચક, અંતરાત્મભાવનો પૂરક અને પરમાત્મભાવનો કુંભક કરવો જોઇએ. આ ભાવપ્રાણાયામ ધ્યાનનું ઉત્તમ અંગ છે. (૧૯૭)

**વિવેચન**—પતંજલિ યોગનાં આઠ અંગો ગણાવે છેઃ **यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि** ॥ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ અંગો છે. આમાંનાં પ્રથમ ચાર અંગો વિષે અહીંસુધીમાં વિવેચન આવી ગયું છે. પતંજલિ જે ક્રમાદિ બતાવે છે તેનું ગ્રહણ અત્ર કરવામાં આવ્યું ન હોવા છતાં તેનો આશય જળવાય તેવી રીતે તે વિષે કહેવામાં આવ્યું છે. રાજયોગ કે હઠયોગમાં ચિત્ત ઉપર જય મેળવવાને આસન–પ્રાણાયામનો પ્રયોગ આવશ્યક લેખવામાં આવે છે, છતાં ચિત્ત ઉપર જય મેળવવાનો એક બીજો માર્ગ પણ છે અને તે ભાવપ્રાણાયામ છે. વાયુના નિરોધદ્વારા પ્રાણાયામ સાધવાથી ચિત્ત ઉપર જે જય મેળવી શકાય છે તે જ જય ભાવપ્રાણાયામથી પણ મેળવી શકાય છે. આ ભાવપ્રાણાયામનું કથન અત્ર કરેલું છે. વાયુ ઉપર જય મેળવવારૂપી દ્રવ્યપ્રાણાયામના લાભો તો કહેવાઇ ગયા છે; પરન્તુ તેથી હાનિ થવાનોય સંભવ છે. યોગશાસ્ત્રના ગ્રંથોમાં પ્રાણાયામાદિ પ્રક્રિયાઓથી અનેક પ્રકારના રોગોનો નાશ થવાનું કહેવામાં આવ્યું છે તે સત્ય છે. અમુક પ્રકારનાં આસનોથી અંગોપાંગો ઉપર સારો કાબૂ મેળવી શકાય છે અને શરીરની સહનશક્તિમાં વધારો કરવા ઉપરાંત આરોગ્ય પણ જાળવી શકાય છે; પણ તે પ્રક્રિયા **न सफलं स्यात्सर्वथा**—સર્વથા સફળ થતી નથી. અત્ર યોગપ્રક્રિયાને નિરર્થક જ કહેવાનો ગ્રંથકારનો

આશય નથી, પણ તે સર્વથા સફળ થતી નથી અને તે માર્ગે ચડનાર પ્રત્યેક જિજ્ઞાસુની આશા પૂરી થતી નથી એમ કહેવાનો આશય છે, કારણકે તેમાં કાંઇ ભૂલ કે ફેરફાર થવાથી ક્ષતિનો સંભવ છે. યોગશાસ્ત્રના ગ્રંથોમાં જ આ ભયસ્થાનો સ્પષ્ટ રીતે દર્શાવેલાં છે. હઠયોગ પ્રદીપિકામાં કહ્યું છે કે—

**प्राणायामादियुक्तेन सर्वरोगक्षयो भवेत् ।**
**अयुक्ताभ्यासयोगेन सर्वरोगसमुद्भवः ॥**
**हिक्का श्वासश्च कासश्च शिरः कर्णाक्षिवेदना ।**
**भवन्ति विविधा रोगाः पवनस्य प्रकोपतः ॥**

અર્થાત્—યુક્ત પ્રાણાયામથી સર્વ રોગોનો નાશ થાય છે પરન્તુ અયુક્ત પ્રણાયામથી અનેક રોગોની ઉત્પત્તિ થાય છે. હેડકી, શ્વાસ, કાસ, શિરોરોગ, કર્ણરોગ અને જ્વરાદિ નાના પ્રકારના રોગો પ્રાણવાયુના કોપથી થાય છે. આ માર્ગે જનારાઓને પંડિત લેડબીટર સ્પષ્ટ–સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપે છે: We are sometimes told that such a faculty can be developed by means of exercises which regulate the breathing, and that this plan is one largely adopted and recommended in India. It is true that a type of clairvoyance may be developed along these lines but too often at the cost of ruin both physical and mental. Many attempts of this sort have been made in Europe and America. This I know personally because many who have ruined their constitutions, and in some cases brought themselves to the verge of insanity, have come to me to know how they could be cured. Some have succeeded in opening astral vision sufficiently to feel themselves perpetually

haunted; some have not even reached that point, yet have wrecked their physical health or weakened their minds so that they are in utter despair; some one or two declare that such practice has been benificial to them. અર્થાત્–કેટલીક વાર આપણને એમ કહેવામાં આવે છે કે દિવ્યદર્શન-શક્તિનો વિકાસ દીર્ઘ શ્વાસ–પ્રશ્વાસના વ્યાયામથી (પ્રાણાયામથી) કરી શકાય છે અને એ પદ્ધતિ હિન્દુસ્તાનમાં સારી પેઠે અનુસરાય છે તથા સૂચવાય છે. એ વાત ખરી છે કે એક પ્રકારની દિવ્યદર્શનની શક્તિ એ રીતે કેળવી શકાય ખરી, પરન્તુ ઘણી વાર તેની પાછળ શારીરિક અને માનસિક શક્તિનો ભોગ લેવાય છે. યુરોપ અને અમેરિકામાં એ પ્રકારે શક્તિવિકાસ કરવાના અનેક પ્રયત્નો થયા છે. આ વાત હું પોતે અંગત રીતે જાણું છું, કારણકે એ પદ્ધતિને અનુસરીને પ્રક્રિયા કરનારાઓમાંના ઘણા કે જેઓએ પોતાનાં શારીરિક બંધારણની ખુહારી કરી નાંખી છે અને બીજાઓને લગભગ ઘેલછા લાગુ પડી છે તેઓ મારી પાસે એ પ્રકારના રોગમાંથી મુક્ત કેમ થવાય તે જાણવા માટે આવ્યા છે. કેટલાકો દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત કરવામાં સફળ થયા છે અને તેથી તેઓ હમેશાં પોતાની આસપાસ પ્રેતાત્માઓ ભ્રમણ કરતા જુએ છે! કેટલાકો હજી એ સ્થિતિએ પહોંચ્યા નથી છતાં પોતાના શારીરિક આરોગ્યનું નખ્ખોદ વાળી બેઠા છે અને મનને એટલી હદસુધી નિર્બળ બનાવી ચૂક્યા છે કે તેઓ તદ્દન નિરાશ બની ગયા છે; માત્ર કોઇ એક બે જણાઓ જ મને એવા મળ્યા છે કે જેઓ એ પદ્ધતિ પોતાને લાભકારક થઇ હોવાનું કહે છે." વળી સિદ્ધિ માટે કાંઈ પ્રાણાયામની અનિવાર્ય આવશ્યકતા પણ નથી. હેમચંદ્રાચાર્ય આ સંબંધે સ્પષ્ટ કહે છે કે—

> तन्नाप्नोति मनः स्वास्थ्यं प्राणायामैः कदर्थितम् ।
> प्राणस्यायमने पीडा तस्यां स्याच्चित्तविप्लवः ॥
> पूरणे कुंभने चैव रेचने च परिश्रमः ।
> चित्तसंक्लेशकरणान्मुक्तेः प्रत्यूहकारणम् ॥

અર્થાત્—પ્રાણાયામે કરી, કદર્થના પામેલું મન સ્વસ્થતા પામતું નથી, કારણકે પ્રાણનો નિગ્રહ કરતાં :શરીરને પીડા થાય છે અને શરીરને પીડા થવાથી મનમાં ચપળતા થાય છે. પૂરક કુંભક રેચક કરવામાં પરિશ્રમ પડે છે. પરિશ્રમથી મનમાં સંકલેશ–ખેદ થાય છે અને મનની સંક્લેશિત સ્થિતિ મોક્ષમાર્ગનું એક ખરેખરૂં વિઘ્ન છે.

આ દ્રવ્ય પ્રાણાયામને બદલે જો ભાવપ્રાણાયામ કરવામાં આવે તો તે અભય અને સિદ્ધિપ્રદ થાય. જેવી રીતે પ્રાણાયામમાં વાયુનો રેચક, પૂરક અને કુંભક કરવામાં આવે છે, તેવી રીતે ભાવપ્રાણાયામમાં બહિરાત્મભાવનો રેચક, અંતરાત્મભાવનો પૂરક અને પરમાત્મભાવનો કુંભક કરવો કે જે ધ્યાનનું ઉત્તમોત્તમ અંગ છે. યોગસૂત્રકાર પતંજલિ કાંઈ એકલી હઠયોગની ક્રિયાઓનું કે પ્રાણાયામાદિનું જ પ્રતિપાદન કરતો નથી. તે કહે છે કે–अभ्यासवैराग्याभ्यां तन्निरोधः અર્થાત્–અભ્યાસ અને વૈરાગ્યથી વૃત્તિઓનો નિરોધ થાય છે ( કે જે યોગની વ્યાખ્યા છે. ) પુનઃ यत्नोऽभ्यासः એ સૂત્ર વડે તે અભ્યાસની વ્યાખ્યા એવી કહે છે કે ચિત્તનો નિરોધ કરવાનો જે અત્યંત માનસ ઉત્સાહ તે જ યત્ન, અને दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ॥ એટલે વિષયોમાં રાગશૂન્ય ચિત્તની જે વશીકાર સંજ્ઞા–વિતૃષ્ણા તે વૈરાગ્ય. આ અભ્યાસ અને વૈરાગ્યને વાયુ ઉપર જય મેળવવાની એક જ દિશામાં બાંધી શકાતા નથી પરન્તુ ભાવપ્રાણાયામની બીજી દિશામાં પણ બાંધી શકાય છે અને તેથી ધ્યાનસિદ્ધિના ઇતર માર્ગનું પણ બોધન થાય છે. આ માર્ગ અત્ર ગ્રંથકારે બોધ્યો છે. પંડિત લેડબીટર પણ એ જ માર્ગને સહીસલામત માને છે. તે યોગપ્રક્રિયાઓથી દિવ્ય શક્તિ ખીલવવાને બદલે એકાગ્રતા, ધ્યાન અને ધારણાનો માર્ગ બતાવે છે કે જે ભાવપ્રાણાયામનું જ એક સ્વરૂપ છે. તે કહે છે કે The man who would try for the higher must free his mind from worry and from lower cares; while doing his duty to the uttermost, he must do it impersonally and for the right's sake and leave the

result in the hands of higher powers...But the man who wishes to try to unfold these faculties within himself will be very ill-advised if he does not take care first of all to have utter purity of heart and soul, for that is the first and greater necessity. આ શબ્દોનું તાત્પર્ય એ છે કે–જે માણસ–ઉચ્ચ શક્તિ કેળવવાને યત્ન કરવા ઇચ્છતો હોય તેણે સાંસારિક દુગ્ધાઓને અને તુચ્છ પ્રકારની ચિંતાઓને પોતાના મનસ્માંથી દેશવટો દેવો જોઇએ (બહિરાત્મભાવનો રેચક); પછી તેણે પોતાથી જે કાંઈ બને તે ફરજો સંપૂર્ણ રીતે બજાવવી જોઇએ અને તે બધું તેણે નિષ્કામ વૃત્તિથી–પોતા માટે નહિ પણ સત્યને માટે કરવું જોઇએ (અંતરાત્મ ભાવનો પૂરક); અને છેલ્લે તેનું ફળ પરમાત્માના હાથમાં જ રહેવા દેવું જોઇએ. (પરમાત્મ ભાવનો કુંભક)...પણ જે માણસ આ શકિતઓનો સાક્ષાત્કાર પોતામાં થએલો જોવાની ઇચ્છા કરે તે જો પોતાના અંતઃકરણ અને આત્માની પવિત્રતા જાળવવાની કાળજી ન ન રાખે, તો તેણે અયોગ્ય કરેલું લેખાશે; કારણકે આ પ્રકારના વિકાસ માટે એ પ્રકારની પવિત્રતા એક પરમ આવશ્યક વસ્તુ છે. એક જ ગિરિશિખર પર જવાના જેમ અનેક માર્ગો હોય છે, તેમ એક જ ધ્યાનની સિદ્ધિ માટેના બે મુખ્ય માર્ગ ગ્રંથકારે બોધ્યા છેઃ તેમાંનો પહેલો દ્રવ્ય પ્રાણાયામનો છે અને બીજો ભાવપ્રાણાયામનો છે. દ્રવ્યપ્રાણાયામ કરતાં ભાવપ્રાણાયામનો માર્ગ વિશેષ કઠીન છે ખરો, પરન્તુ દ્રવ્યપ્રાણાયામનો માર્ગ જેટલો ભયભરેલો છે તેટલો જ ભાવપ્રાણાયામનો માર્ગ નિર્ભય છે. દ્રવ્યપ્રાણાયામને માર્ગે પડેલાઓ રાજયોગ સાધવા જતાં હઠયોગમાં પડી જાય છે અને હઠયોગમાંએ પાર નહિ પડતાં કાંતો શારીરિક–માનસિક આરોગ્ય ગુમાવી બેસે છે અને કાંતો જીવનમાં પતિત થાય છે; ત્યારે ભાવ-પ્રાણાયામના માર્ગમાં પાછા પડવા જેવું હોતું જ નથી. તેમાં ભરવામાં આવતું ડગલું ધીરૂં પણ દૃઢ અને નિર્ભય છે, અને તેથી તેને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. (૧૯૭)

[ હવે યોગના પાંચમા અંગ પ્રત્યાહાર વિષે સમજાવવામાં આવે છે. ]

प्रत्याहारः । १९८ ॥

**यावद्धावति चञ्चलेन्द्रियगणो बाह्येषु शब्दादिषु ।**
**स्याच्चित्तं मलिनं बहिस्तदनुगं ध्यानस्य नो सम्भवः॥**
**अत्रावश्यक इन्द्रियार्थविजयश्चित्तं विधातुं स्थिरं ।**
**प्रत्याहार उदाहृतोऽयममलो योगस्य सत्साधनम् ॥**

**પ્રત્યાહાર.**

**ભાવાર્થ**—જ્યાંસુધી ચપળ ઈંદ્રિયોનો સમૂહ બાહ્ય શબ્દાદિ વિષય તરફ દોડયા કરે છે ત્યાંસુધી ચિત્ત પણ મલિન થઇને તેની પાછળ પાછળ ભટક્યા કરે છે; એટલે ધ્યાનની સિદ્ધિ થવાનો સંભવ રહેતો નથી; માટે આ સ્થળે ચિત્તને સ્થિર કરવાને માટે વિષય તરફ દોડતી ઈંદ્રિયોને પકડી કબજામાં રાખવી જરૂરની છે. આનું નામ જ પ્રત્યાહાર કહેવાય છે. પ્રત્યાહાર પણ યોગનું એક નિર્મળ સાધન છે. (૧૯૮)

**વિવેચન**—દ્રવ્યપ્રાણાયામાદિથી કિંવા ભાવપ્રાણાયામાદિથી ચિત્તની ચંચલતાનો એક વાર નાશ કરવામાં આવ્યો, અર્થાત્ ચિત્તને સ્થિર કરવામાં આવ્યું, છતાં જો ઇંદ્રિયો તેને વશ રહી વર્તે નહિ તો તેથી પુનઃ ચિત્ત પોતે પતિત થવા લાગે છે. કહ્યું છે કે--

**इन्द्रियाणां हि सर्वेषां यद्येकं क्षरतीन्द्रियम् ।**
**तेनास्य द्रवते प्रज्ञा दृतेः पादादिवोदकम् ॥**

અર્થાત્—સર્વે ઇંદ્રિયોમાંથી જો એક પણ ઇંદ્રિયનું સ્ખલન થાય છે તો જેવી રીતે ચર્મપાત્રમાંના છિદ્રથી જળ બહાર વહી જાય છે તેવી રીતે તે સ્ખલન વડે તે પુરૂષની પ્રજ્ઞા બહાર વહી જાય છે. આ કારણથી ઇંદ્રિયોને સ્વ સ્વ વિષય તરફ દોડતી અટકાવીને સ્થિર ચિત્તને અનુસરનારી બનાવવા રૂપી પ્રત્યાહારનો આદર મુમુક્ષુએ કરવો જોઇએ. **પતંજલિ** કહે છે કે स्वविषयासंप्रयोगे चित्तस्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥ ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥ અર્થાત્–પોતાના વિષયના અસંબંધમાં ઇન્દ્રિયોની ચિત્તના

સ્વરૂપને અનુસરવા જેવી જે અવસ્થા તે પ્રત્યાહાર છે અને તેની સિદ્ધિથી ઇન્દ્રિયોનો પરમ જય થાય છે. આમ કહીને ગ્રંથકાર ઇન્દ્રિયોના સર્વ પ્રકારના વ્યાપારને અટકાવવાનું કહેતા નથી. यावद्धावति चञ्चलेंद्रियगणः એ શબ્દોના પ્રયોગનો હેતુ એ છે કે ઇન્દ્રિયો ચંચળતાપૂર્વક વિષયો તરફ દોડે છે, એ જ અનિષ્ટ છે: નહિ કે ઇન્દ્રિયોનો બધો વ્યાપાર જ નિર્મૂળ કરવો. ઇન્દ્રિયો પોતાનો વ્યાપાર રાગબુદ્ધિપૂર્વક ન કરે, તેમાં જ રસિકતાથી ડૂબાડૂબ ન બને એ તાત્પર્ય છે. આંખથી હજારો પદાર્થો દેખાય છે, તોપણ જો તે દશ્ય પદાર્થો નીરખવામાં રાગબુદ્ધિ ન હોય તો તેથી બંધ પ્રાપ્ત થતો નથી. પ્રિય અને અપ્રિય હજારો શબ્દો સાંભળવામાં આવે તોપણ જો તે ગ્રહણ કરવામાં રાગ કે દ્વેષ ન થાય, કિંવા પ્રિય શબ્દો સાંભળવામાં સુખબુદ્ધિ અને અપ્રિય શબ્દો સાંભળવામાં દુ:ખબુદ્ધિ ઉત્પન્ન થાય નહિ તો તેથી એમ ન કહેવાય કે શ્રવણેંદ્રિય ચંચલતા તરફ—પોતાના વિષય તરફ દોડે છે: એટલે કે તેથી બંધ પ્રાપ્ત થતો નથી. એવી જ રીતે જીભ, નાસિકા અને સ્પર્શેન્દ્રિય માટે સમજી લેવું. જેણે ઇન્દ્રિયો ઉપર જય મેળવ્યો છે એટલે કે જેણે પ્રત્યાહાર સિદ્ધ કર્યો છે તેને માટે ઇંદ્રિયોનો વ્યાપાર કર્મબંધકારક નથી, તેથી જ કહેવાય છે: “ જ્ઞાનીકો ભોગ સવિ નિર્જરાકો હેતુ હૈ. ” પરંતુ કેટલાક સંપ્રદાયોમાં અજીતેંદ્રિયો પણ આજકાલ જીતેંદ્રિયોનો સ્વાંગ ધારણ કરીને ઇન્દ્રિયોનો વિષય રસિકતાથી ભોગવે છે અને તેથી આ પ્રકારની માન્યતા હાલમાં ખૂબ વગોવાઈ છે. ગૃહસ્થાવાસમાં તીર્થંકરો ભોગાવલિ કર્મ ભોગવતા છતાં ઘણાં કર્મને બાંધતા ન હતા, તેનું કારણ એ હતું કે વિષયો પર તેમની રાગદ્વેષની પરિણતિ અત્યંત મંદ હતી અને ઉદાસીન પરિણામી હતા. પ્રત્યાહાર તે મનની આ સ્થિતિનો વાચક છે, અને યોગનું એક સાધન છે. પરન્તુ બાહ્ય ઇન્દ્રિયોના નિગ્રહ વિના આંતર્ ઇન્દ્રિયોનો નિગ્રહ સર્વથા સર્વ કોઇને માટ શક્ય નહિ હોવાથી બાહ્ય અને આંતર્ ઉભય ઇન્દ્રિયોનો નિગ્રહ પ્રત્યાહારના સાધકે કરવો એ વિશેષ ઉચિત છે. (૧૯૮)

[ હવે યોગના એક વિશેષ અંગ ધારણા વિષે કહે છે. ]

धारणा । १९९ ॥

**नासाग्रं हृदयं मुखं च नयनं नाभिश्च भालं श्रुति-स्तालु भ्रू रसना च मस्तकमिति स्थानानि योगस्य वै। एषामन्यतमे स्थलेऽभ्यसनतश्चित्तस्य यद्बन्धन-मेतल्लक्षणधारणाऽपि सततं साध्या समाध्यर्थिभिः॥**

ધારણા.

**ભાવાર્થ**—નાસિકાનો અગ્ર ભાગ, હૃદય, મુખ, નેત્ર, નાભિ, કપાલ, કાન, તાળવું, ભ્રૂકુટી, જીભ અને મસ્તક: એ અગીયાર ધ્યાન અથવા ધારણાનાં સ્થાન દર્શાવ્યાં છે. એમાંના કોઈ પણ સ્થાને અભ્યાસના બળથી ચિત્તને બાંધવું–રોકવું, તેનું નામ ધારણા. સમાધિના ઉમેદવારે નિરંતર અભ્યાસ કરી ધારણા સાધ્ય કરવી જોઇએ. (૧૯૯)

**વિવેચન**—ધ્યેયપ્રદેશમાં ચિત્તનો બંધ તેનું નામ ધારણા. કહ્યું છે કે—

**प्राणायामेन पवनं प्रत्याहारेण चेन्द्रियम् ।**
**वशीकृत्य ततः कुर्याच्चित्तस्थानं शुभाश्रये ॥**
**एषा वै धारणा ज्ञेया यच्चित्तं तत्र धार्यते ॥**

અર્થાત્—પ્રાણાયામથી પવનને, અને પ્રત્યાહારથી ઇંદ્રિયોને વશ કરીને પછી ચિત્તને શુભ સ્થાને સ્થિત કરવું તે ધારણા કહેવાય છે. **પતંજલિ** ધારણાને ચિત્તનો દેશબન્ધ કહે છે. ચિત્તને કયા કયા દેશોમાં બાંધવું તે વિષે અત્ર ગ્રંથકારે અગીઆર સ્થાનો ગણાવ્યાં છે: નાસિકાનો અગ્ર ભાગ, હૃદય, મુખ, નેત્ર, નાભિ, કપાળ, કાન, તાળવું, ભ્રૂકુટી, જીભ અને મસ્તક. હેમચંદ્રાચાર્ય આ પ્રમાણે ૧૧ સ્થાનો ધારણાનાં ગણાવે છે અને લગભગ આવી જ દશ આધ્યાત્મિક ધારણાઓ ગરૂડપુરાણમાં કહી છે:

**प्राङ्नाभ्यां हृदये चाथ तृतीये च तथोरसि ।**
**कण्ठे मुखे नासिकाग्रे नेत्रभ्रूमध्यमूर्धसु ॥**
**किञ्चित्तस्मात्परस्मिंश्च धारणा दश कीर्तिताः ॥**

અર્થાત્—નાભિચક્રમાં, હૃત્પદ્મમાં, અનાહત ચક્રમાં, કંઠમાં, જિહ્વાના અગ્ર ભાગમાં, નાસિકાગ્રમાં, નેત્રમાં, ભ્રૂમધ્યમાં, મૂર્ધામાં અને મ્ર્ધાની ઉપર બાર આંગળનો પ્રદેશ : એ દશ સ્થાનોમાં દશ ધારણાઓ કહી છે.

જેણે આસન તથા પ્રાણાયામની સિદ્ધિ કરી છે તેને ધારણાની સિદ્ધિ માટે બહુ યત્ન કરવો પડતો નથી, પરંતુ જેઓ કાચે-પાકે અભ્યાસે ધારણાને સિદ્ધ કરવા મથે છે તેને કાંઈક વધુ શ્રમ વેઠવો પડે છે. આ કારણથી ગ્રંથકારે अभ्यसनतः અને सततं એ બે ક્રિયાવિશેષણ અવ્યયો વાપર્યા છે. એ શબ્દપ્રયોગોનું તાત્પર્ય એ છે કે સતત અભ્યાસ વડે જ ચિત્તને જૂદા જૂદા પ્રદેશોમાં બાંધી શકાય છે અને ધારણા સિદ્ધ કરી શકાય છે. ધ્યાન તથા સમાધિના શિખર પર ચડવા માટે ધારણા એ મહત્ત્વનું પગથીયું છે, અને એ પગથીયા તરીકે જ તેનો ઉપયોગ કરવો જોઇએ છે. જેવી રીતે આસનસિદ્ધિ કરનારાઓ ત્યાંથી આગળ નહિ વધીને કસરતબાજ મદારીઓ થઈ આસનના પ્રયોગો કરી લોકોને આશ્ચર્ય પમાડવાનો ધંધો કરે છે અને પ્રાણાયામ કરનારાઓ ત્યાંથી આગળ વધવાનું છોડીને પવનને કબજે રાખવાના ચમત્કારો કરી લોકોમાં માનપાન પામવા લાગે છે, તેવી રીતે ધારણાની સિદ્ધિએ પહોંચેલાઓ પણ કેટલીક વાર પતિત થાય છે. ઉપર કહેલાં અગીઆર અંગોમાં મનને સ્થિર કરવાનો અભ્યાસ કરવાથી કેટલીક સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જીવિત, મરણ, પરાજય, લાભાલાભ, ઈત્યાદિનું જાણવાપણું, ચમત્કારશક્તિ, દિવ્ય શબ્દશ્રવણ ઈત્યાદિ પ્રાપ્ત થતાં અર્ધદગ્ધ યોગી એ નાદે ચડી જાય છે અને સમાધિના અપૂર્વ આનંદને જતો કરે છે! આ નાદે ચડવાથી લૌકિક ખ્યાતિ પ્રાપ્ત થાય પણ આત્મહિત સધાતું નથી અને આત્મા પતિત થવા લાગે છે. તેણે સાધેલો ઇંદ્રિયનિગ્રહ અને ચિત્તની સ્થિરતા ઇત્યાદિનો જે આધ્યાત્મિક લાભ છે તેને પણ તે ખૂએ છે. આ કારણથી મુમુક્ષુએ ધારણા ત્યારે જ કરવી કે જ્યારે તે સમાધિનો જ અર્થી હોય : અન્યથા નહિ. આ કારણથી ગ્રંથકારે समाध्यर्थिभिः એ શબ્દનો પ્રયોગ હેતુપૂર્વક કરેલો છે. (૧૯૯)

[ હવે ગ્રંથકાર 'ધ્યાન' વિષય પર આવે છે અને તેમાં પ્રથમ 'ધ્યાન'નું લક્ષણ સમજાવે છે. ]

ध्यानलक्षणम् । २०० ॥

**ऐकाग्र्यं मनसः स्वलक्ष्यविषये ध्यानं मतं तज्जिनै-**
**र्लक्ष्यं चेदशुभं तदाऽशुभमिदं स्यादार्त्तरौद्रात्मकम् ॥**
**हेयं तद्द्विविधं सदा मुनिवरैर्ध्यानं तु सेव्यं शुभं ।**
**यल्लक्ष्येण शुभेन सम्भवति वै तद्धर्म्यशुक्लात्मकम् ॥**

ધ્યાનનું લક્ષણ.

**ભાવાર્થ**—પોતાના લક્ષ્યના વિષયમાં અર્થાત્ ધ્યેય તરફ મનની એકાગ્રતા સાધવી તેનું નામ ધ્યાન જીન ભગવાને કહ્યું છે. આ ધ્યાન શુભ અને અશુભ એ બેઉ પ્રકારનું હોય છે. લક્ષ્ય–ધ્યેય જો અશુભ હોય તો તે આર્ત્ત અને રૌદ્રરૂપ અશુભ ધ્યાન થાય છે. આ બન્ને પ્રકારનું અશુભ ધ્યાન મુનિવરોએ સર્વથા ત્યજવું જોઇએ. શુભ લક્ષ્ય–ધ્યેયની સાથે મનને એકાગ્ર કરવાથી ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનરૂપ શુભ ધ્યાનની નિષ્પત્તિ થાય છે, તે બે ધ્યાનનું સેવન કરવું જોઇએ. (૨૦૦)

**વિવેચન**—પોતાના લક્ષ્યમાં ચિત્તની એકાગ્રતા તે ધ્યાન; પછી તે લક્ષ્ય ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય, શુભ હોય કે અશુભ હોય. શુભ લક્ષ્યનું ધ્યાન તેજ હિતાવહ છે અને અશુભનું ધ્યાન અહિતકર છે એ ખુલ્લું છે; યોગના કોઈ પણ ગ્રંથમાં અશુભ ધ્યાન કર્તવ્ય લેખ્યું નથી, છતાં ધ્યાનના પ્રકારોમાં અશુભ ધ્યાનનીએ ગણત્રી કરવી પડે, એટલે અહીં શુભ તથા અશુભ સર્વ પ્રકારનાં ધ્યાનની સમજૂતી આપવામાં આવી છે. **યાજ્ઞવલ્ક્ય** સગુણ ધ્યાન અને નિર્ગુણ ધ્યાનને આદરણીય કહીને જણાવે છે કે—

**अन्यान्यपि बहून्याहुर्ध्यानानि मुनिपुंगवाः ।**
**मुख्यान्येतानि चैतेभ्यो जघन्यानीतराणि तु ॥**

અર્થાત્—મુનિવરો બીજાં પણ બહુ ધ્યાનો કહે છે, પણ તેમાં આ બે (સગુણ અને નિર્ગુણ) ધ્યાનો મુખ્ય છે, જ્યારે બીજાં ધ્યાનો તેનાથી ઉતરતાં છે. જૈન શાસ્ત્ર ધ્યાનની વ્યાખ્યા આપતાં કહે છે :-

**अंतोमुहुत्तमित्तं चित्तावत्थाण मेगवत्थुंमि।**
**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ॥**

અર્થાત્—એક જ વસ્તુમાં અંતર્મુહૂર્ત માત્ર જે ચિત્તનું અવસ્થાન-એકાગ્રતા તે છાદ્મસ્થિકનું ધ્યાન છે અને યોગે નિરોધ તે જિનેશ્વરોનું ધ્યાન છે. છાદ્મસ્થિક અવસ્થાનું ધ્યાન જો શુભ હોય તો તે મોક્ષનો હેતુ થાય છે અને અશુભ હોય તો તે સંસારનો હેતુ બને છે. ધ્યાનની ગણત્રીમાં તો બેઉ આવે છે, પરન્તુ ધ્યાનની શુભાશુભતા જ મોક્ષ અને બંધની કારણીભૂત છે.

**अहो ध्यानस्य माहात्म्यं येनैकापि हि कामिनी ।**
**अनुरागविरागाभ्यां भवाय च शिवाय च ॥**

અહો! ધ્યાનનું કેવું માહાત્મ્ય છે કે જેથી એક જ સ્ત્રી અનુરાગ તથા વિરાગે કરીને ભવને માટે સાધનભૂત થાય છે અને મોક્ષને માટે પણ સાધનભૂત થાય છે. અશુભ ધ્યાનના બે પ્રકાર આર્તધ્યાન અને રૌદ્ર-ધ્યાન છે અને શુભ ધ્યાનના બે પ્રકાર ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન છેઃ જેવું લક્ષ્ય તેવો તે ધ્યાનનો પ્રકાર સમજવો તેમાં અશુભ પ્રકારોને ત્યાજ્ય અને શુભ પ્રકારોને આદરણીય સમજવા.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ગણત્રી અપ્રશસ્ત અને ત્યાજ્ય ધ્યાન તરીકે અત્ર કરવામાં આવી છે પરન્તુ આવશ્યક નહિ હોવાથી ગ્રંથકારે તેની વિશેષ સ્પષ્ટતા કરી નથી. શ્રી મહાવીર ભગવાને આ બેઉ ધ્યાનના પ્રકારો સૂત્રમાં સમજાવ્યા છે. અપ્રિય સંયોગ આવી પડતાં તેના વિયોગનું ચિંતન કરવું, પ્રિય સંયોગ ઉપસ્થિત થતાં તે સદા સર્વદા ચાલુ રહે એવું ચિંતવવું, રોગની પ્રાપ્તિ થતાં તેના વિયોગની અને સુખકારી કામભોગની પ્રાપ્તિ થતાં તેનો વિયોગ નથવાની આકાંક્ષા કરવી એ આર્તધ્યાન કહેવાય છે. જે આર્તધ્યાનનો ભોગ થઈ પડે તે શોચ કરે, આક્રંદ કરે, રૂએ અને વિલાપ કરે, એ તેનાં લક્ષણો છે. હિંસાનો, જૂઠનો, ચોરીનો અને ભોગોપભોગના સંરક્ષણનો અનુબંધ કરવો એ રૌદ્રધ્યાન કહેવાય છે. આ ધ્યાનનો ભોગ થએલો મનુષ્ય હિંસાદિનો થોડો કે વધુ દોષ કરે છે, અનિષ્ટ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને મરતાંસુધી પાપનો પશ્ચાત્તાપ કરતો નથી. આ બે

અપ્રશસ્ત ધ્યાનોની વાત થઈ. બીજાં બે જે પ્રશસ્ત ધ્યાનો છે તે વિષે આગળ જતાં ગ્રંથકારે લંબાણથી સમજૂતી આપી છે. (૨૦૦)

[ ધ્યાનનું લક્ષણ સમજાવ્યા પછી ગ્રંથકાર પ્રશસ્ત ધ્યાનની આવશ્યકતા નિમ્ન શ્લોકમાં બતાવે છે. ]

ध्यानावश्यकता । २०१ ॥

**मोक्षः कर्मलयात्मकः स च भवेन्नैवात्मभानं विना।**
**तद्भानं सुलभं भवेन्न यमिनां चित्तस्य साम्यं विना॥**
**साम्यं सिद्ध्यति नैव शुद्धिजनकं ध्यानं विना सर्वथा।**
**तस्माद्ध्यानयुगं श्रयेन्मुनिवरो धर्म्यं च शुक्लं पुनः॥**

**ધ્યાનની આવશ્યકતા.**

**ભાવાર્થ**—કર્મનો સર્વથા વિલય થાય તેનું નામ મોક્ષ છે, અર્થાત્ કર્મ અને દુઃખના બંધનથી સર્વથા છૂટવું તે મોક્ષ આત્માનું ભાન થયા વિના સંભવે નહિ; ચિત્તની સામ્યાવસ્થા વિના સંયમીને પણ આત્માનું ભાન થવું સુલભ નથી; ચિત્તની સામ્યાવસ્થા પણ મળ અને વિક્ષેપને દૂર કરનાર શુભ ધ્યાન વિના સર્વથા સંભવે નહિ; માટે સંયમધારીઓએ પરંપરાએ મોક્ષપ્રાપ્તિ માટે ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન એ બે ધ્યાનનો આશ્રય લેવો. (૨૦૧)

**વિવેચન**—શુભ ધ્યાનનું ફળ આત્મસાક્ષાત્કાર છે અને આત્મસાક્ષાત્કાર એ મોક્ષનું સાધન છે, તેથી ધ્યાનની પરમાવશ્યકતા શાસ્ત્રોમાં કહેવામાં આવી છે. જ્યાંસુધી ચિત્ત ધ્યાનવડે સામ્ય અવસ્થાને પામતું નથી, અને સામ્યાવસ્થા માટે ચિત્તના મળ રૂપી દોષોનો નાશ થતો નથી, ત્યાંસુધી મુમુક્ષુને આત્માનું ભાન થતું નથી. તેથી જ કહ્યું છે કે—

**सिद्धाः सिद्ध्यन्ति सेत्स्यन्ति यावन्तः केऽपि मानवाः ।**
**ध्यानतपोबलेनैव ते सर्वेऽपि शुभाशयाः ॥**

અર્થાત્—જે કોઈ મનુષ્યો સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે, તે સર્વે શુભાશયવાળા ધ્યાન તપના બળે કરીને જ સિદ્ધપણું પામે છે.

**निर्जराकरणे बाह्यात्श्रेष्ठमाभ्यन्तरं तपः॥**
**तत्राप्येकातपत्रत्वं ध्यानस्य मुनयो जगुः॥**

અર્થાત્—નિર્જરા કરવામાં બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે; તેમાં પણ ધ્યાન તપનું એકછત્રપણું છે. તે તપ ચક્રવર્તી છે એમ મુનિઓ કહે છે.

ધ્યાન વિના આત્મભાન થતું નથી, અને કેવળ શુભ ધ્યાનથી જ આત્મભાન થતાં સંસાર તરી ગયાના દૃષ્ટાન્તો મળે છે. પૂર્વે **ભ**રત ચક્રવર્તી અને **મ**રૂદેવા માતાનાં દૃષ્ટાંતો આપેલાં છે, તે ઉપરથી જણાશે કે માત્ર શુભ ધ્યાનને જ યોગે તેઓ સિદ્ધિ પામ્યાં હતાં. કોઇ કહેશે કે તેમણે ક્યાં પ્રાણાયામ, આસન, ધારણાદિ ભૂમિકાઓ વટાવવાને પદ્ધતિસર તપશ્ચર્યા કરી હતી? આવી જ શંકાનો જાણે કે જવાબ હોય તેમ ગરૂડપુરાણમાં કહ્યું છે કે—

**आसनस्थानविधयो न योगस्य प्रसाधकाः ।**
**विलम्बजननाः सर्वे विस्तरा हि प्रकीर्तिताः॥**

અર્થાત્—આસનના અને સ્થાનના વિધિઓ યોગના અત્યંત ઉપકારક નથી; તે સર્વ વિસ્તારો ઉત્તમાધિકારીને યોગમાં વિલંબ કરનારા ગણાય છે. આ ઉપરથી સમજાશે કે ધીમે ધીમે આગળ વધવાની શક્તિવાળા મુમુક્ષુને માટે પૂર્વે જણાવેલો બધો ક્રમ આવશ્યક હોવા છતાં પરમ આવશ્યક વસ્તુ તો ધ્યાન જ છે; કારણકે મુંડકોપનિષદ્‌માં કહ્યા પ્રમાણે ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः॥ અર્થાત્–ધ્યાન કરનારો પુરૂષ જ ચિત્તશુદ્ધિ થયા પછી પરમાત્મ તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે. આ પ્રમાણે જૈન તેમ જ જૈનેતર શાસ્ત્રગ્રંથો ધ્યાન ઉપર જ આત્મસાક્ષાત્કારનો અને પરિણામે સિદ્ધિપદનો આધાર રહેલો બતાવે છે. ‘ધ્યાન બિંદુ’ ઉપનિષદ્‌માં ધ્યાનની મહત્તા એટલેસુધી કહેવામાં આવી છે કે—

**यदि शैलसमं पापं विस्तीर्णं योजनान् बहुन्।**
**भिद्यते ध्यानयोगेन नान्यो भेदः कथंचन॥**

અર્થાત્—જો પર્વતના જેવાં ઉંચાં અને અનેક યોજનપર્યંત વિસ્તાર

વાળાં પાપો હોય તોપણ બ્રહ્મનું ધ્યાન કરવાથી તે સર્વ પાપોનું ભેદન થાય છે: અન્ય કોઇ પણ ઉપાયથી તે પાપોનું ભેદન થતું નથી.

**દૃષ્ટાન્ત**—પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાજગ્રહી નગરીની નિકટમાં આવેલા વૈભારગિરિ પર્વત પાસે કાયોત્સર્ગ ધ્યાનમાં વિરાજતા હતા. એવામાં રાજદૂતના મુખમાંથી નીકળેલા અશુભ વર્તમાનવાળા શબ્દો તેમના સાંભળવામાં આવ્યા અને તેમના હૃદયમાં વહેતી શુભ પરિણામની ધારા કુંઠિત થઇને યુદ્ધો લડવારૂપી અશુભ પરિણામની ધારા વહેવા લાગી. તે એ જ સ્થિતિમાં એટલા દુર્ધ્યાન સુધી ચડી ગયા કે સાતમી નરકને યોગ્ય કર્મો બાંધ્યાં. પછી માથે સહજ હાથ ફેરવ્યો. મસ્તક પર રાજમુકુટ નહોતો પણ કેવળ મુંડિત મસ્તક હતું! તુરત તેમને ભાન આવ્યું કે, અરે હું તો સાધુ છું અને મેં મનમાં આ યુદ્ધો લડવાના અને ચક્રવ્યૂહો કરવાના મનોરથો શીદ રચ્યા? પોતાનું અશુભ કર્મ તેમને સમજાયું, પસ્તાવો થયો, પુનઃ ભાવો નિર્મળ થવા લાગ્યા અને પરિણામે નિર્મળ ધ્યાન ધરતા થકા કેવળ જ્ઞાન પામ્યા. શ્રી મહાવીર સ્વામીની પાસે પ્રસન્નચંદ્રના મરણ અને અન્ય ગતિમાં અવતાર સંબંધમાં શ્રેણિક રાજા પૂછે છે, એટલી વારમાં તો પ્રસન્નચંદ્ર રાજર્ષિ કેવળજ્ઞાની થયા તે કેવળ શુભ ધ્યાનનો જ પ્રભાવ છે. (૨૦૧)

[ હવે ધ્યાનને માટે કેવું સ્થાન પસંદ કરવું તે વિષે કહે છે.]

**ध्यानक्षेत्रम् । २०२॥**

**उद्यानं कदलीगृहं गिरिगुहा द्वीपं सरित्सङ्गमो ।**
**ग्रामैकान्तगृहं च शैलशिखरं वृक्षस्तटं तोयधेः ॥**
**यत्र स्त्रीपशुपण्डकाद्यगमनं कश्चिन्न कोलाहलः ।**
**स्थानं तादृशमुत्तमं यमभृतां ध्यानस्य संसिद्धये ॥**

**ધ્યાનને યોગ્યક્ષેત્ર.**

**ભાવાર્થ**—ઉદ્યાન, કદલીગૃહ, પર્વત ઉપરની ગુફા, દ્વીપ, એ નદીઓનો

કે સમુદ્ર અને નદીનો સંગમ થતો હોય તે સ્થાન, ગામની અંદરનું એકાન્ત ઘર, પર્વતનું શિખર, ઝાડ, સમુદ્રતટ, ઈત્યાદિ સ્થળો કે જ્યાં સ્ત્રી, પશુ, નપુંસક, બાળક વગેરેનું આવાગમન ન હોય તેમ જ કોઇ જાતનો કોલાહલ થતો ન હોય તેવા પ્રકારનું શાન્ત સ્થાન સંયમી મુનિઓના ધ્યાનની સિદ્ધિ માટે ઉત્તમ છે. (૨૦૨)

**વિવેચન**—ધ્યાન માટેનું સ્થાન એકાન્ત, પવિત્ર અને કોઈ પણ પ્રકારના ઉપદ્રવથી રહિત હોવુ જોઈએ, કારણકે એવા અનુકૂળ સ્થાનની અપ્રાપ્તિથી જો પ્રતિકૂળ સ્થાને ધ્યાન કરવામાં આવે છે તો તેથી ધ્યાનનો ભંગ થાય છે. કેટલાક સંયોગો ધ્યાનાદિ યોગપ્રક્રિયા માટે પ્રતિકૂળ અને કેટલાક સંયોગો અનુકૂળ હોય છે. 'હઠયોગ પ્રદીપિકા'માં કહ્યું છે કે અત્યંત આહાર, પરિશ્રમ, બકવાદ, નિયમનો અનાદર, મનુષ્યોનો સમાગમ અને ચંચળતા એ છ દોષોથી યોગનો વિનાશ થાય છે અને ઉત્સાહ, સાહસ, ધૈર્ય, તત્ત્વજ્ઞાન, નિશ્ચય તથા જનસમાગમનો પરિત્યાગ એ છ નિયમોથી યોગની સિદ્ધિ થાય છે. આ ત્યાજ્ય અને ગ્રાહ્ય વસ્તુસ્થિતિમાં ઉપદ્રવરહિત એકાંત સ્થાનનો જ મહિમા દર્શાવવામાં આવેલો છે. 'ગોરક્ષ શતક'માં કહ્યું છે કે—

**वर्जयेद्दुर्जनप्रान्तं वह्निस्त्रीपथिसेवनम् ।**
**प्रातःस्नानोपवासादिकायक्लेशविधिं तथा ॥**
**एकान्ते विजने देशे पवित्रे निरुपद्रवे ।**
**कंबलाजिनवस्त्राणामुपर्यासनमभ्यसेत् ॥**

અર્થાત્—દુર્જનની સમીપે વાસ, અગ્નિનું સેવન, સ્ત્રીસંગ, તીર્થયાત્રા-ગમન, પ્રાતઃસ્નાન, ઉપવાસાદિ તથા શરીરને કલેશ આપનારી ક્રિયા, એ સર્વનો યોગાભ્યાસકાળે ત્યાગ કરવો. ઉપદ્રવ વિનાના પવિત્ર ને નિર્જન એવા એકાંત દેશમાં કંબલ, મૃગચર્મ ને વસ્ત્રની ઉપર આસનનો અભ્યાસ કરવો.

યોગ પ્રક્રિયાને માટે પ્રતિકૂળ સ્થાન તથા સંયોગો ત્યજીને અનુકૂળ સ્થાન તથા સંયોગોની વિચારણાપૂર્વક આ શ્લોકમાં ધ્યાન માટેનાં અનુકૂળ સ્થાનો દર્શાવેલાં છે. ઉદ્યાન—બગીચો કે જ્યાં મનુષ્યોની આવજા બહુ ન

હોય અને જે જાહેર બગીચો ન હોય, કદલીગૃહ અથવા કેળનાં ઝુંડ, પર્વતની ગુફા કે જેમાં કેવળ નીરવતા હોય, શાન્ત તથા એકાન્ત દ્વીપ-પ્રદેશ, બે નદીઓના કે એક નદી અને સાગરના સંગમનું સ્થાન કે જે શાન્ત હોય અને વહેતા જળના ધીરા નાદ સિવાય બીજો કશો કોલાહલ ન હોય, નગરમાંનું એકાંત ગૃહ, પર્વતનું શિખર, વૃક્ષ, સમુદ્રતટ ઇત્યાદિ સ્થાનો શાન્તિથી યુક્ત અને એકાંતવાળાં હોઈ તે બધાં ધ્યાન માટે ઉપયોગી છે. વળી જો ધ્યાનને માટે નગરમાંનું કોઇ ઘર ઇત્યાદિ પસંદ કરાય, તો ચિત્તને ચલિત કરી મૂકે તેવાં સ્ત્રી, પશુ, નપુંસકાદિ કે જે ધ્યાનને માટે ઉપદ્રવકારક છે તેની આવજા પણ ત્યાં ન હોવી જોઇએ. અત્ર નદીઓના સંગમસ્થાન ઇત્યાદિને કોલાહલરહિત સ્થાન લેખવામાં આવ્યું છે, કારણકે વહેતા જળનો નાદ ધીરો અને કર્ણરોચક હોય છે, પરન્તુ કોઈ કોઈ યોગી જનો તો એવા સ્થાનને પણ કોલાહલવાળું અને ઉપદ્રવકારક લેખી તેનો ત્યાગ કરવાનું કહે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં યોગાભ્યાસ માટે અનુકૂળ સ્થાન નીચે પ્રમાણે કહ્યું છે:

**समे शुचौ शर्करवह्निवालुकाविवर्जिते शब्दजलाशयादिभिः ।**
**मनोनुकूले न तु चक्षुपीडने गुहानि वाताश्रयणे प्रयोजयेत् ॥**

અર્થાત્—સર્વ બાજુથી સમાન, પવિત્ર, કાંકરા અગ્નિ રેતી કોલાહલ અને જલાશયથી રહિત, મનને અનુકૂળ, મચ્છરથી રહિત ને અત્યંત વાયુથી રહિત ગુહા આદિ સ્થાનમાં સાધકે યોગાભ્યાસ કરવો. એકંદરે સર્વ રીતે અનુકૂળ તથા ઉપદ્રવરહિત સ્થાન ધ્યાન માટે પસંદ કરવું. (૨૦૨)

[ હવે ધ્યાનમાં કેવી સ્થિતિએ બેસવું તે વિષે કહે છે. ]

**ध्यानस्थितिः । २०३ ॥**

**श्लाघ्या पूर्वदिशाऽथवोत्तरदिशा ध्यानाय शास्त्रे मता ।**
**तत्काष्ठाभिमुखो यथोक्तसमये स्थित्वा यथाऽर्हासने ॥**

नासाग्रे नयनद्वयं स्थिरतरं कृत्वाऽथ शान्ताननो ।
ध्याताऽक्षिप्तमनाः प्रमादरहितो ध्याने च तिष्ठेन्मुनिः ॥

## ધ્યાનની સ્થિતિ.

**ભાવાર્થ**—શાસ્ત્રમાં ધ્યાનને માટે પૂર્વ દિશા અથવા ઉત્તર દિશા ઉત્તમ ગણેલી છે. માટે તે દિશા તરફ મુખ રાખીને યથોચિત સમયે યોગ્ય આસને બેસીને શાન્ત મુખવાળા, મનના આક્ષેપ વિનાના અને પ્રમાદરહિત મુનિએ નાસિકાના અગ્ર ભાગ ઉપર બે નેત્રને અત્યંત સ્થિર કરીને ધ્યાનમાં બેસવું. (૨૦૩)

**વિવેચન**—ધ્યાનને અર્થે પૂર્વાભિમુખ કિંવા ઉત્તરાભિમુખ યોગ્ય સમયે અને યોગ્ય આસને બેસવું. યોગ્ય સમયના સંબંધમાં પૂર્વે સાધુની દિનચર્યાના વિષય પરત્વે કહેતાં ધ્યાન માટેના સમયો નિશ્ચિત કરેલા છે, અને યોગ્ય આસનના સંબંધમાં પૂર્વે જે નવ સુખાસનો કહેલાં છે તેમાંનું કોઈ અનુકૂળ આસન પસંદ કરીને બેસવાનું છે. પછી પૂર્વે જે ધારણાનાં સ્થાનો કહેલાં છે તેમાંનું એક સ્થાન કે જે નાસિકાનો અગ્ર ભાગ છે તેની તરફ દૃષ્ટિ ટેકાવી રાખીને ધ્યાનનો આરંભ કરવો; પણ ધ્યાનમાં ધ્યાતા પોતાના મનને આક્ષેપયુક્ત કે પ્રમાદયુક્ત બનવા દે નહિ. આ બધાં ધ્યાન-સ્થિતિનાં લક્ષણો ઉપરથી સમજાશે કે આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન એ પાંચેનો યોગ જ્યારે સુષ્ઠુ રીતે સધાય ત્યારે જ ધ્યાનનું સફલીભવન થાય છે અથવાતો યથાર્થ ધ્યાન થયું લેખાય છે. થીઓ-સોફીસ્ટો પણ ધ્યાનનો વિધિ લગભગ આવા જ પ્રકારનો યોગ્ય લેખે છે. મી. લેડબીટર કહે છે કે—Choose a certain fixed time for yourself when you can be undisturbed; the early morning is in many ways the best, if that can be managed...Sit down comfortably where you will not be disturbed, and turn your mind with all its new-ly-developed power of concentration, upon some

selected subject demanding high and useful thought. We in our Theosophical studies have no lack of such subjects, combining deepest interst with greatest profit. અર્થાત્—"તમારે માટે તમે એક એવો ચોક્કસ સમય પસંદ કરો કે જ્યારે તમને કશો માનસિક-શારીરિક ઉપદ્રવ થાય નહિ કે કોઈ કશી હરકત કરે નહિ. અનેક દૃષ્ટિથી જોતાં વહેલો પ્રભાતનો સમય સર્વોત્તમ છે, એટલે જો બની શકે તો એ જ સમય ધ્યાનને માટે નક્કી કરવો...તે વખતે તમે એવે સ્થાને સુખપૂર્વક બેસો કે જે સ્થાને તમને કોઇ વિઘ્ન કરે નહિ. પછી એકાગ્રતાના સારી પેઠે થએલા વિકાસવાળા તમારા ચિત્તને કોઈ પસંદ કરેલા વિષય તરફ દોરો. એ વિષય એવો જોઈએ કે જેમાં ઉચ્ચ અને ઉપયોગી વિચારણાની જરૂર પડે. અમારા થીઓસોફીના અભ્યાસમાં અમને એવા વિષયોનો તોટો પડતો નથી, કે જે વિષયોમાં ખૂબ જ રસ પડે અને વળી જેની વિચારણા લાભદાયક થઈ પડે."

ધ્યાન સાધવાની રીતિઓમાં ન્યૂનાધિક ફેરફાર હોવા છતાં જૈન અને જૈનેતર શાસ્ત્રો તેની પદ્ધતિની સમાનતાનું જ આ રીતે દર્શન કરાવે છે. (૨૦૩)

[ધ્યાન વિષે સામાન્ય વિવેચન કર્યા પછી ગ્રંથકાર બે પ્રકારનાં પ્રશસ્ત-શુભ ધ્યાન વિષે વિવેચન કરે છે: તેમાં પ્રથમ ધર્મધ્યાન વિષે કહેતાં બે શ્લોકમાં તેના ચાર પ્રકારોનું નિદર્શન કરે છે.]

धर्मध्यानप्रकाराः । आज्ञाविचयाऽपायविचयौ । २०४ ॥

**आज्ञाऽपायविपाकरूपविचयैर्धर्म्यं चतुर्धा मतं ।**
**सार्वाज्ञाऽऽदरपूर्वचिन्तनमलं ध्यानं तदाज्ञात्मकम् ॥**
**रागद्वेषकषायदोषजनिता हानिर्यदा मृश्यते ।**
**शुद्ध्यर्थं निपुणैरपायविचयध्यानं द्वितीयं तु तत् ॥**

विपाकविचयसंस्थानविचयौ। २०५ ॥

प्राग्जन्मार्जितपुण्यपापजनितं सर्वं च दुःखं सुखं।
यत्रेत्थं परिभाव्यते तदनघं ध्यानं विपाकाभिधम् ॥
संस्थानं जगतः सपादशिखरं गत्यागती तद्भवे।
चिन्त्यन्ते स्थिरमानसे यदमले ध्यानं चतुर्थं तु तत् ॥

**ધર્મધ્યાનના પ્રકાર : આજ્ઞા વિચય અને અપાય વિચય.**

**ભાવાર્થ**—ધર્મધ્યાનના એકંદર ચાર પ્રકાર છે: આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચય. તેમાં જ્યારે આત્માના ઉદ્ધાર માટે તીર્થંકરની શી શી આજ્ઞાઓ છે તેનું આદરપૂર્વક સંપૂર્ણ રીતે ચિંતન કરવામાં આવે અને તેના ઉપર મનને એકાગ્ર કરવામાં આવે, ત્યારે ધર્મધ્યાનના પ્રથમ પ્રકાર આજ્ઞા વિચયની નિષ્પત્તિ થાય છે. જ્યારે રાગ, દ્વેષ અને કષાયના દોષથી શી શી હાનિ થાય છે તેનું ચિંતન કરવામાં આવે અને તે દોષોની શુદ્ધિ માટે પુખ્ત વિચાર કરતાં તેના ઉપર મનની એકાગ્રતા કરવામાં આવે ત્યારે અપાય વિચય નામે ધર્મધ્યાનનો બીજો પ્રકાર સિદ્ધ થાય છે. (૨૦૪)

**વિપાક વિચય અને સંસ્થાન વિચય.**

જે વખતે સંસારમાંની સર્વ સંપત્તિ કે વિપત્તિ, સુખ કે દુઃખ, સંયોગ કે વિયોગ, પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલાં પોતાનાં પુણ્ય કે પાપનું જ ફળ છે એવો વિચાર કરવામાં આવે અને તેના ઉપર મનની એકાગ્રતા સાધવામાં આવે તે વખતે વિપાક વિચય નામે ધર્મધ્યાનના ત્રીજા પ્રકારની સિદ્ધિ થાય છે અને જ્યારે આ જગત્—લોકની પગથી તે શિખર—ટોચ સુધીની આકૃતિ અને તેની અંદર આ જીવનું જવું તથા આવવું, જન્મ ને મરણ અથવા પરિભ્રમણનું એકાગ્ર થએલ નિર્મળ મનમાં ચિંતન કરવામાં આવે ત્યારે સંસ્થાન વિચય નામે ધર્મધ્યાનના ચોથા પ્રકારની નિષ્પત્તિ થાય છે. (૨૦૫)

**વિવેચન**—જેવી રીતે **પતંજલિ** પોતાના યોગસૂત્રમાં સગુણ ધ્યાન

અને નિર્ગુણ ધ્યાન એવા બે ધ્યાનના ભેદો પાડે છે, તેમ જૈન શાસ્ત્રમાં પ્રશસ્ત ધ્યાનના ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન એવા બે ભેદો પાડવામાં આવેલા છે; તોપણ આ બેઉ વર્ગીકરણો એક બીજાના પર્યાયવાચક નથી, એટલે એ વર્ગીકરણ એક જ દૃષ્ટિથી થએલું નથી. સગુણ ધ્યાન એ આલંબનસહિત ધ્યાન છે અને નિર્ગુણ ધ્યાન એ આલંબનરહિત છે, જ્યારે ધર્મ ધ્યાન આલંબનસહિત અને શુક્લ ધ્યાન કાંઇક આલંબનસહિત તથા કાંઇ આલંબન-રહિત છે. તે વિષે આગળ જતાં વિવેચન આવશે. ધર્મ ધ્યાન કે સગુણ ધ્યાન બેઉમાં એક દૃષ્ટિબિંદુ સમાન છે અને તે એ કે ચિત્તની પરમ ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાને ઉચ્ચ ભાવનાઓથી ચિત્તનું પોષણ કરવું. સગુણ ધ્યાન તે સૂર્ય, વિષ્ણુ, અગ્નિ ઇત્યાદિ દેવસ્વરૂપને મનસૂમાં ધારણ કરી તે સ્વરૂપ પણ પોતાનું જ છે, 'सोऽहं' છું, એવું અવધારવાનું છે; ધર્મ ધ્યાન તે દેવોનાં મૂર્ત સ્વરૂપોનું નહિ પણ તેમના જીવનગુણોનું અને આપણા જીવનગુણોની ન્યૂનતાનું ચિત્તમાં ધ્યાન કરી ઉચ્ચ શ્રેણી પર ચડવા વિષેનું ધ્યાન કરવાનું છે. થીઓસોફીસ્ટો ચિત્તને સ્થૂળ પદાર્થોના માનસિક ધ્યાનની કેળવણી આપીને પછી જીવનના ઉચ્ચ ગુણોના વિકાસ માટેનું ધ્યાન ધરવાની પદ્ધતિ બતાવે છે: મી. લેડબીટર કહે છે કે:—If you prefer it, you can take some moral quality, as is advised by the Catholic Church when it prescribes this exercise. In that case, you would turn that quality over in your mind, see how it was an essential quality in the Devine order, how it was manifested in Nature about you, how it had been shown forth by great men of old, how you yourself could manifest it in your daily life, how (perhaps) you have failed to display it in the past and so on. Such meditation upon a high moral quality is a very good exercise in many ways, for it

**not only trains the mind, but keeps the good thought constantly before you.** અર્થાત્—"જો તમે ધ્યાન કરવાનું પસંદ કરો, તો ધ્યાનના વ્યાયામ માટે જેમ કેથોલીક ખ્રીસ્તી ધર્મગુરૂઓ કહે છે તેમ કોઇ નૈતિક ગુણને ગ્રહણ કરી શકો. જો તમે એવો કોઇ ગુણ ચિત્તમાં ધારો તો તે જ ગુણ વિષે પુનઃ પુનઃ વિચાર કર્યા કરો, દેવાંશી મનુષ્યોએ તેને કેવી રીતે એક મહત્ત્વનો ગુણ લેખ્યો છે તેનું નિરીક્ષણ કરો, તમારી આસપાસ પ્રસરેલી કુદરતમાં એ ગુણ કેવી રીતે દર્શન દઇ રહ્યો છે તેનો વિચાર કરો, પ્રાચીન સમયના મહાન પુરૂષો એ ગુણને કેવી રીતે બતાવી રહ્યા હતા તેનું સ્મરણ કરો અને ભૂતકાળમાં તમે તે ગુણનું દર્શન કરાવવાને કેમ નિષ્ફળ નીવડયા છો તેનુંએ આત્મનિરીક્ષણ કરો. ઉંચા નૈતિક ગુણ ઉપર આવું ધ્યાન ઘણી રીતે ધ્યાનના સારા વ્યાયામ રૂપ બને છે, કારણકે તેથી મગજ કેળવાય છે એટલું જ નહિ, પણ તમારી સમક્ષ નિરંતર એક ઉંચો-ઉમદા વિચાર રહ્યા કરે છે." આ નિર્ગુણ ધ્યાનનો કિંવા ધર્મધ્યાનનો જ એક પ્રકાર છે. તેમાં જે આલંબન છે, તે પ્રકારનાં આલંબનો ધર્મધ્યાનમાં પણ હોઇ શકે છે એમ જૈન શાસ્ત્ર કહે છે.

જૈન શાસ્ત્રમાં ધ્યાનના ચિંતન વિષયને અનુસરીને ધર્મધ્યાનના ચાર ભેદો પાડયા છે અને એ ભેદોની વ્યાખ્યાઓ ઉપરના બેઉ શ્લોકોમાં આપેલી છે. ઉવવાઈ સૂત્રમાં ધર્મ ધ્યાનના જે ચાર ભેદો **आणाविजए, अवायविजए, विवागविजए** અને **संठाणविजए** કહેલા છે, તે ચાર ભેદો નીચે મુજબ છેઃ (૧) શ્રી તીર્થંકર ભગવાને આત્માના ઉદ્ધાર માટે શી શી આજ્ઞાઓ કરી છે, પોતે ધર્મનું પાલન કેવી રીતે કર્યું હતું અને તેને આધારે તે મનુષ્યોને શો ઉપદેશ કરી ગયા છે તેનું આદરપૂર્વક-શ્રદ્ધાપૂર્વક ચિંતન કરવું, તેમાં ચિત્તને એકાગ્રતાથી જોડી રાખવું તે આજ્ઞાવિચય નામનો પ્રકાર સમજવો. મી. લેડબીટરે ધ્યાનના વિષયના સૂચનમાં ઉપર જે કાંઇ કહ્યું છે તેમાં દેવાંશી મનુષ્યોએ કહેલા મહત્ત્વના ગુણ વિષે અને તેવા ગુણોથી યુક્ત ચારિત્ર્ય તેમણે કેવી રીતે આચરી બતાવ્યું હતું તે વિષે પણ ઉલ્લેખ આવે છે; વસ્તુતઃ

એવું ચિંતન આજ્ઞા વિચયના પેટામાં જ સમાઇ જાય છે. હેમાચાર્ય કહે છે કે : तदाज्ञारूपमादेयं न मृषाभाषिणो जिनाः–સર્વજ્ઞનું વચન આજ્ઞારૂપે જ સ્વીકારવું, કેમકે જીનેશ્વરો કદાપિ અસત્ય બોલતા નથી. (૨) આજ્ઞા વિચયમાં કર્તવ્યની વિચારણા આવે ત્યારે બીજા અપાય વિચયમાં ત્યજવાયોગ્ય અકર્તવ્યની વિચારણા આવે છે. રાગ, દ્વેષ, કષયાદિ દોષોથી આત્માને શી શી હાનિ થાય છે, આત્મા તેથી કેવા કેવા નવીન કર્મબંધનમાં જકડાતો જાય છે, એ બંધન તોડવાને અને નવું બંધન થતું અટકાવવાને હવે શું કરવું જોઈએ, ઇત્યાદિ વિષયનું ચિંતન બીજા અપાય વિચયમાં લેખાય છે. સદા જાગરૂક એવો મુમુક્ષુ ત્યાજ્ય દોષોથી સર્વથા મુક્ત ન થાય ત્યાંસુધી તે દોષોથી થતી હાનિનો પણ વિચાર કરે અને ગ્રાહ્ય ગુણોનું પણ ચિત્તમાં ધ્યાન કરે. (૩) રાગ અને દ્વેષાદિ કષાયો ક્યારે ટળે ? જ્યારે સુખ પ્રતિ હર્ષ અને દુઃખ પ્રતિ દ્વેષ ઉત્પન્ન થાય નહિ પણ સુખમાં કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, સંયોગમાં કે વિયોગમાં ચિત્તની સમસ્થિતિ રહે, ત્યારે એ કષાયો ટળ્યા લેખાય. ચિત્તની આવી સમસ્થિતિની સાધના કર્મવિપાકના ચિંતન વિના પ્રાપ્ત થતી નથી. આ જન્મમાં સુખ છે તે પૂર્વ જન્મમાં ઉપાર્જેલા પુણ્યનું ફળ છે, આ જન્મમાં દુઃખ છે તે પણ પૂર્વનાં પાપનું ફળ છે : એમાં હર્ષ શો, કે શોક શો ? એ સુખદુઃખાદિ વડે પુણ્ય અને પાપરૂપી કર્મની નિર્જરા થઇ રહી છેઃ આ પ્રકારના ચિંતનથી વિપાક વિચય નામે ધ્યાનનો ત્રીજો પ્રકાર થાય છે. (૪) ચિત્ત વૈરાગ્યના જળથી પૂર્ણ રસબસ–તરબોળ ત્યારે થાય કે જ્યારે જીવના જન્મ-જરા–મરણ રૂપી પરિભ્રમણના ચિંતનપૂર્વક તેને ખરૂં આત્મભાન થાય. આ ચિંતન માટે લોકનું સ્વરૂપ સંપૂર્ણ રીતે ચિત્તમાં લાવવું, તેની અંદર આ જીવને અનેક યોનિઓમાં અવતારો થયા, પ્રત્યેક અવતારે જન્મ, જરા, મરણનાં કષ્ટો વેઠયાં અને પુનઃ પુનઃ એવા ફેરા ફરવાના જ રહ્યા છે, એ ફેરા જેમ બને તેમ ઓછા થાય તે માટે કર્મબંધન તોડવાં અને નવાં કર્મોને આવતાં અટકાવવા સિવાય આરો નથીઃ આવા વિશુદ્ધ પરિણામને માટે સંસ્થાન વિચય નામના ધ્યાનની આવશ્યકતા છે.

શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે—

**नानाद्रव्यगतानंतपर्यायपरिवर्तनात् ।**
**सदासक्तं मनो नैव रागाद्याकुलतां व्रजेत् ॥**

અર્થાત્—આ લોકસ્વરૂપનો વિચાર કરવાથી, અનેક દ્રવ્યોમાં રહેલાં અનંત પર્યાયોને પરાવર્તન કરવાથી (દ્રવ્યગત પર્યાયના સંબંધમાં વિચાર કરવાથી) નિરંતર તેમાં આસક્ત થએલું મન રાગાદિ આકુળતા પામતું નથી. એ પ્રમાણે ધર્મ ધ્યાનના ચારે પ્રકારો આત્માના નિર્મલીકરણના સાધનરૂપ છે. (૨૦૪-૨૦૫)

[ધર્મધ્યાનનાં આલંબન અને ભાવના ગ્રંથકાર નીચેના શ્લોકમાં કહે છે.]

**धर्मध्यानालम्बनादीनि । २०६ ॥**

# धर्मध्याननगाधिरोहणकृते शास्त्रोक्तमालम्बनं ।
# ग्राह्यं वाचनप्रच्छनोहनकथेत्येवं चतुर्भेदकम् ॥
# संसाराशरणैकता क्षणिकता रूपाश्चतुर्भावना ।
# भाव्या ध्यानविशुद्धये समुदियाद्यावत्प्रकृष्टा रुचिः ॥

**ધર્મધ્યાનનાં આલંબન અને ભાવના.**

**ભાવાર્થ**—ધર્મધ્યાનરૂપી પર્વત ઉપર ચઢવાને માટે શાસ્ત્રમાં ચાર પ્રકારનાં આલંબન-ટેકા કહ્યા છે: આધ્યાત્મિક અને તાત્ત્વિક શાસ્ત્રોનું વાંચન, શંકા હોય તો ગુર્વાદિને પૂછીને ખુલાસો મેળવવો, પરિયટ્ટણા—મનન કરવાયોગ્ય વિષય ઉપર ઉહાપોહ કરવો, અને અભ્યસ્ત તત્ત્વોની કથા કરવી. એ ચાર આલંબન ધ્યાનના ઉમેદવારે ગ્રહણ કરવાં. ધ્યાનની વિશુદ્ધિ માટે, અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના અને એકત્વ ભાવનાઃ એ ચાર ભાવના ત્યાંસુધી ભાવવી કે જ્યાંસુધી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ રૂચિ ઉત્પન્ન થાય. (૨૦૬)

**વિવેચન**—ધર્મધ્યાનને ગ્રંથકાર એક પર્વતની તુલામાં મૂકે છે તે યથાર્થ છે. જેવી રીતે પર્વતને **नग** ( આવ જા ન કરે તેવો–સ્થિર ) કહ્યો છે, તેવું ધર્મધ્યાન સ્થિર અને અચળ હોય, પરન્તુ તેની ઉપર કાંઈ મનુષ્ય પક્ષીની પેઠે ઉડીને ચડી જઈ શકતો નથી: તેણે તો તેની ઉપર ક્રમે ક્રમે ચઢવાનું છે અને તે એવી રીતે કે ડગલું ભુલાય નહિ, નહિતો એક ડગલું ભૂલતાં ખસીને ઉંડી તળેટીમાં ગબડી પડવાનો ભય રહે છે. આવા ઉંચા પર્વત ઉપર ચડવા માટે આલંબન–ટેકા પણ જોઇએ અને તે આલંબનો અત્ર શાસ્ત્રને આધારે આપવામાં આવ્યાં છે. ઉવવાઇ સૂત્રમાં **वायणा, पुच्छणा, परियट्टणा** અને **धम्मकहा** એ ચાર આલંબનો કહેલાં છે. શાસ્ત્રમાં જે સ્વાધ્યાય તપના પાંચ પ્રકારો કહેલા છે તેમાંના જ આ ચાર પ્રકારોને ધર્મધ્યાનના આલંબનરૂપ કહેલાં છે, કારણકે પૂર્વે જે ધર્મધ્યાનના ચાર પ્રકારો કહ્યા છે તે પ્રકારોનું અનુશીલન સ્વાધ્યાય તપનાં આવાં આલંબનો વિના શક્ય નથી. શાસ્ત્રશબ્દોનું વાચન કરવામાં આવે, શંકા હોય તો તેનું નિવારણ ગુરૂ આદિ ગીતાર્થ મુનિઓને પૂછીને કરવામાં આવે, શીખેલા વિષયનું પુનઃ પુનઃ રટન અથવા મનમાં પુનરાવર્તન કરવામાં આવે અને જેનો અભ્યાસ કર્યો તેની પુનઃ પુનઃ કથા કરવામાં આવે, તો જ તીર્થંકરોની આજ્ઞાઓનું ચિંતન ધર્મધ્યાન પ્રસંગે થવા પામે, તો જ રાગદ્વેષના મર્મને સમજીને ચિત્ત તેના ત્યાગમાં અધિરૂઢ થાય, તો જ કર્મોના વિપાકનું રહસ્ય સમજાય તથા શ્રદ્ધા જાગે અને તો જ ચોરાશી લાખ જીવયોનિના પરિભ્રમણનાં કારણો તથા તે કારણોની વિદારણાના માર્ગમાં ચિત્ત એકાકાર થાય. આવાં કારણોથી ધર્મધ્યાનનાં પણ આલંબનો છે અને એ આલંબનોનું યથાર્થ ગ્રહણ કરવામાં આવે તો ધર્મધ્યાનનું અનુશીલન સુગમ્ય તથા શીઘ્રસાધ્ય થાય. ધર્મધ્યાનના આલંબનરૂપે જે સ્વાધ્યાય તપના ચાર પ્રકારો કહ્યા, તે ઉપરાંત એક બાકી રહેલો પ્રકાર તે " અનુપ્રેક્ષા "નો છે. આ અનુપ્રેક્ષા–વિચારણાના ચાર પ્રકારો શાસ્ત્રમાં કહેલા છે જે અનિત્ય, અશરણ, સંસાર અને એકત્વ ભાવના છે. બાર ભાવનાઓમાંની આ પહેલી ચાર ભાવનાઓ છે. આ જગતની પ્રત્યેક વસ્તુ

અનિત્ય છે, લક્ષ્મી–શરીર–યૌવન ઇત્યાદિમાંનું કશું નિત્ય કે શાશ્વત નથી એવી જે ભાવના કરવી અને તે વડે ચિત્તને પોષવું તે અનિત્ય ભાવના છે. આ જગત્‌માં જીવને આપ્તજન–સગું, પ્રેમાળ સ્ત્રી કે વત્સલ માતા-પિતા, રાજા કે સમ્રાટ્ કોઈ શરણ આપે તેમ નથી, દરેક જીવ અશરણ છે–અનાથ છે, શરણ છે એક માત્ર ધર્માચરણનું: એ પ્રમાણે જીવની અશરણતાનું ચિંતન કરવું તે અશરણ ભાવના છે. જગત્ અનિત્ય છે અને જીવ અશરણ છે; ધર્મનું શરણ ન સ્વીકારતાં તેને જે સંસારમાં પરિભ્રમણ કરવાનું છે તે સંસાર કેવો છે ? ચૌદ રાજલોકના અસંખ્યાત પ્રદેશ છે તેમાંના દરેક પ્રદેશે અનંતાનંત વાર જન્મમરણ કરી જીવે અનંતાં પુદ્‌ગલપરાવર્તન નીપજાવ્યાં, તોપણ તેનો છેડો આવ્યો નથી. જન્મ–જરા–મરણ–નરકાદિનાં દુઃખો વેઠયાં, અનેક જીવો સાથે ચિત્રવિચિત્ર સંબંધો બાંધ્યા, તોપણ સંસારનો છેડો આવ્યો નહિ. એવો આ સંસાર અ-પાર છે, એવું ચિંતન તે ત્રીજી સંસાર ભાવના છે. આ અશાશ્વત જગતમાં અશરણ એવો હું એક જ છું, મારૂં કોઈ નથી અને કશું નથી, હું અસહાય છું, માત્ર ધર્મ જ મારી સાથે સહાયરૂપે સાથે આવશે, એ પ્રકારની ભાવના તે ચોથી એકત્વ ભાવના છે. પૂર્વે કહેલા ધર્મધ્યાનના ચાર પ્રકારોનું આ ચારે ભાવના સારી રીતે પોષણ કરનારી હોઈ તેની સાથે તે ભાવનાનો સંબંધ શાસ્ત્રોમાં સુઘટિત રીતે યોજ્યો છે. ધ્યાનમાં ઉત્કૃષ્ટ રૂચિ ઉત્પન્ન થાય ત્યાં-સુધી એ ભાવનાઓ ભાવવાજોગ છે. (૨૦૬)

[ હવે ચાર પ્રકારનાં ધ્યેયોનાં લક્ષણો નીચેના ત્રણ શ્લોકોમાં કહેવામાં આવે છે. ]

**चतुर्विधे ध्येये पिण्डस्थलक्षणम् । २०७ ॥**

**पिण्डस्थं प्रथमं पदस्थमपरं रूपस्थरूपोज्झिते ।**
**ध्येयं ध्यानविधौ चतुर्विधमिदं शास्त्रेषु संलक्ष्यते ॥**
**पार्थिव्यादिकधारणात्मकतया यच्चिन्तनं स्वात्मन ।**
**ऐकाग्र्येण तदुच्यते मुनिवरैः पिण्डस्थनामादिमम् ॥**

पदस्थम् । २०८ ॥

नाभौ चित्तमुखे च षोडशचतुर्विंशाष्टपत्राम्बुजं ।
संस्थाप्याक्षरमातृकाः प्रतिदलं संकल्प्य यच्चिन्तनम् ॥
यद्वा सत्परमेष्ठिमन्त्रवचनं चित्ते स्थिरं चिन्त्यते ।
ध्येयं तद्धि पदस्थमाप्तपुरुषैरुक्तं द्वितीयं शुभम् ॥

रूपस्थरूपातीते । २०९ ॥

अर्हच्छान्तदशास्वरूपममलं संस्थाप्य चित्ते स्थिरे ।
वैशद्येन विचिन्त्यते चिरतरं रूपस्थमेतन्मतम् ॥
रूपातीत–निरञ्जनाऽघरहितं सिद्धं समालम्ब्य यत् ।
तेनैक्यं परिभाव्यते स्वहृदये रूपोज्झितं तन्मतम् ॥

ધ્યેયના ચાર પ્રકારમાં પ્રથમ પિંડસ્થનું લક્ષણ.

**ભાવાર્થ**—ધ્યાનના વિધિમાં ધ્યેયના ચાર પ્રકાર શાસ્ત્રમાં જોવામાં આવે છે, તે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત. તેમાં પાર્થિવી આદિ ધારણારૂપે આત્માનું એકાગ્રતાથી ચિંતન કરવામાં આવે તેને મુનિવરો ધ્યેયના ચાર પ્રકારમાંનું પ્રથમ પિંડસ્થ ધ્યેય કહે છે. (૨૦૭)

**પદસ્થ ધ્યેય.**

નાભિમાં સોળ પાંખડીવાળા, ચિત્તમાં ચોવીશ પાંખડીવાળા અને મુખમાં આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરીને તેના ઉપર દરેક પાંખડીએ અમુક વર્ણમાળાના અક્ષરોની સ્થાપના કરીને તેનું એકાગ્રતાપૂર્વક ચિંતન કરવામાં આવે અથવા પંચ પરમેષ્ઠિમંત્રના શબ્દોનું એકાગ્ર થએલા ચિત્તમાં સ્થિરતાપૂર્વક ચિંતન કરવામાં આવે તેને આપ્ત પુરૂષો બીજું પદસ્થ ધ્યેય અથવા ધ્યાન કહે છે. (૨૦૮)

## રૂપસ્થ અને રૂપાતીત.

અરિહંત ભગવાનની શાન્ત દશાનું નિર્મળ સ્વરૂપ સ્થિર અને એકાગ્ર ચિત્તમાં સ્થાપીને અતિ નિર્મળતાથી અમુક વખત તેનું ચિંતન કરવામાં આવે તે રૂપસ્થ નામે ત્રીજા પ્રકારનું ધ્યેય; રૂપથી અતીત થએલા, નિરંજન નિરાકાર મળરહિત સિદ્ધ ભગવાનનો આશ્રય કરીને તેની સાથે પોતાના આત્માનું એકપણું પોતાના હૃદયમાં એકાગ્રતાપૂર્વક ચિંતવવામાં આવે તે રૂપાતીત નામે ચોથા પ્રકારનું ધ્યેય સમજવું. (૨૦૯)

**વિવેચન—**આ શ્લોકત્રયીમાં ધ્યેયના ચાર પ્રકારની સમજૂતી આવે છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા એ ચાર ભેદોનો સ્વીકાર વેદશાસ્ત્રીય યોગગ્રંથો અને જૈન યોગગ્રંથો પણ કરે છે, માત્ર એ ધ્યેયમાં ધ્યાન કરવાના વિધિમાં જૂદી જૂદી પરિભાષા જોવામાં આવે છે. આપણે અત્ર એ ચારે ધ્યેયની અનુક્રમે સમજૂતી આપીશું કે જે સમજૂતી ઉપર આપેલી શ્લોકત્રયીમાં કાંઇક સંક્ષિપ્ત રૂપે દેખા દે છે.

(૧) પૃથ્વી, અગ્નિ, વાયુ, જળ અને આકાશ એ પાંચ તત્ત્વો છે. એ પાંચ તત્ત્વોનો પ્રત્યેક પદાર્થ–પિંડ બનેલો છે. આ પંચતત્ત્વનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન છે. વેદશાસ્ત્રમાં તે પંચતત્ત્વના ધ્યાનનો વિધિ છે, તેને અનુસરતો પણ પરિભાષામાં ભિન્નતાવાળો જૈન શાસ્ત્રમાં કથેલો તેનો વિધિ છે. જૈન શાસ્ત્રાનુસાર પાર્થિવી, આગ્નેયી, વાયવી, વારૂણી અને તત્ત્વભૂ એ પાંચ ધારણારૂપે આત્માનું એકાગ્રતાથી ચિંતન કરવાનું છે. **હેમાચાર્ય** નિમ્ન શ્લોક વડે એ પાંચે ધારણઓનાં નામ કથે છે :

**पार्थिवी स्यादथाग्नेयी मारुती वारुणी तथा ।**
**तत्त्वभूः पंचमी चेति पिंडस्थे पंचधारणा: ॥**

પાર્થિવી ધારણા અને તેનું ધ્યાન આ પ્રમાણે કરવું: આ તિર્છો લોક એક રાજપ્રમાણ લાંબો–પહોળો છે. તેમાં પહેલાં ક્ષીરસમુદ્રને કલ્પવો. તે સમુદ્રની મધ્યમાં જંબૂદ્વીપની પેઠે એક લાખ યોજનના વિસ્તારવાળું અને એક હજાર પાંખડીઓવાળું કમળ ચિંતવવું. કમળની મધ્યે કેસરાઓ છે, તેની મધ્યે દેદીપ્યમાન પીળી પ્રભાવાળી અને મેરૂ પર્વત સમાન પરિમાણ-

વાળી કર્ણિકા છે એવી કલ્પના કરવી. તે કર્ણિકાની ઉપર એક ઉજ્જ્વલ સિંહાસન છે તે ઉપર પોતે બેસીને સર્વ કર્મોનો ઉચ્છેદ કરૂં છું એમ કલ્પવું, તે કલ્પનામાં સ્થિર થઇ જવું. આઠ કર્મોની પ્રકૃતિઓના પુદ્‌ગલ-સ્કંધોને આત્માના પ્રદેશોથી ખંખેરી નાંખી ચૌદ રાજલોકમાં ફેંકી દીધા એમ ધ્યાવું. પછી પોતાનો આત્મા અનંત કોટિ સૂર્યના તેજ કરતાં પણ અનંત જ્ઞાનપ્રકાશથી સર્વ લોકાલોકને પ્રકાશે છે એમ ચિંતવવું. પછી ચૌદ રાજલોકમાં ઉઠેલાં કર્મપુદ્‌ગલો સ્થિર થઇ જાય છે અને સુવર્ણના સિંહાસન ઉપર મને દેવતાઓ તથા ઇન્દ્રો બેસાડી દેશના સાંભળે છે એવું ચિંતન કરવું. લાખો જીવો આવી તત્ત્વ સાંભળે છે પણ હું સાક્ષી તરીકે તેઓનાં આચરણ વિચારો જોઇ રહું છું—મને તેમાં હર્ષ કે શોક થતો નથી એમ ચિંતવવું. સ્ફટિક રત્ન સમાન નિર્મળ એવા અસંખ્ય પ્રદેશોમાં સમયે સમયે સર્વ ભાસ થાય છે એવી ભાવના ભાવવી, અને અસંખ્યાત પ્રદેશ સ્થિર એકરૂપ છે એમ ધ્યાવું. એ પાર્થિવી ધારણા થઈ. આગ્નેયી ધારણા માટે નાભિની અંદર સોળ પાંખડીવાળું કમળ ચિંતવવું અને તે કમળની કર્ણિકામાં अर्हं એવો મંત્ર સ્થાપવો. તે કમળની પ્રત્યેક પાંખડીમાં અનુક્રમે अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः એમ સોળ સ્વરોને સ્થાપન કરવા, અને તે કમળમાં એકાગ્ર ચિત્તથી લીન થઈ જવું, એટલેસુધી કે કમળ વિના અન્ય વસ્તુનું સ્મરણ પણ રહે નહિ. પછી હૃદયમાં આઠ પાંખડીનું કમળ ચિંતવવું, અને પ્રત્યેક પાંખડીમાં અનુક્રમે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મનું એકેક પાંખડીમાં સ્થાપન કરવું. એ કમળનું મુખ એવી રીતે નીચું રાખવું કે જેથી સોળ પાંખડીવાળા કમળની ઉપર તે કમળ અધોમુખ રહી ઝૂલ્યા કરે. પછી સોળ પાંખડીવાળા કમળમાં સ્થાપેલા अर्हं માંના र्हंના રેફબિંદુથી ધૂમ્રશિખા નીકળતી ચિંતવવી, ધીમે ધીમે તેમાંથી અગ્નિકણિકાઓ અને પછી અનેક જ્વાળાઓ નીકળતી ચિંતવવી. એ જ્વાળાઓ વડે હૃદયાંતર્ગત અષ્ટ કર્મોની પાંખડીવાળું કર્મ-કમળ બળે છે એવી કલ્પના કરવી. મહામંત્ર अर्हंના ધ્યાનથી ઉત્પન્ન થએલા

અગ્નિવડે અષ્ટ કર્મની પાંખડીવાળું કમળ બળીને ભસ્મ થાય છે એવી ભાવના કરવી. પછી શરીરની બહાર ત્રણ ખૂણાવાળો બળતો અગ્નિનો સમૂહ કલ્પવો અને એ અગ્નિસમૂહ તથા શરીરની અંદર મહામંત્રના ધ્યાનથી ઉત્પન્ન થએલ અગ્નિ–જ્વાળા એ બે વડે દેહ અને અષ્ટ કર્મનું કમળ એ બેઉ બળીને ભસ્મ થાય છે એવું કલ્પી શાન્ત થવું. આ આગ્નેયી ધારણાનું સ્વરૂપ છે. ત્રીજી વાયવી ધારણાનું ધ્યાન આ પ્રમાણે કરવું:–"ત્રણ ભુવનનાં વિસ્તારને પૂરનાર એવા પ્રચંડ વાયુને કલ્પવો. આગ્નેયી ધારણાથી શરીર અને કર્મની જે ભસ્મ થઈ ગએલી છે તે ભસ્મને એ વાયુ ઉડાડી નાંખે છે એવી કલ્પના કરવી. પછી વાયુ શાન્ત થઈ જાય છે એમ ધ્યાવું. વારૂણી ધારણા આ પ્રમાણેઃ-અમૃતસમાન વર્ષાને વર્ષાવનાર મેઘમાળાથી ભરપૂર એવા આકાશની કલ્પના કરવી. એ આકાશમાંથી થતી જળવૃષ્ટિ વાયુથી ઉડી ગએલી દેહ તથા કર્મની રાખને શાંત કરે છે તથા ધોઇ નાંખે છે એવી ભાવના ભાવવી. છેવટે વરૂણમંડળ શાન્ત થાય છે એમ કલ્પવું. એ વારૂણી ધારણા થઈ. છેલ્લી તત્ત્વભૂ ધારણા આ પ્રમાણઃ–ધ્યાતાએ સાત ધાતુરહિત, પૂર્ણ ચંદ્રકાન્તિની પેઠે નિર્મળ સર્વજ્ઞ સમાન પોતાના આત્માને ચિંતવવો; પછી સિંહાસન ઉપર બેઠેલા, સર્વ કર્મોનો નાશ કરનાર, શરીરની અંદર રહેલા એવા નિરાકાર આત્માને સ્મરવો. એ પ્રમાણે તત્ત્વભૂ ધારણા સકલ કર્મનો ક્ષય કરે છે અને આત્માને પરમાત્મસ્વરૂપ–બ્રહ્મસ્વરૂપ બનાવે છે. આ પાંચ ધારણાઓ પણ વૈદિક યોગની પંચ તત્ત્વની ધારણાઓની પેઠે આત્માને अहं ब्रह्मास्मि નો સાક્ષાત્કાર કરાવે છે.

પિંડસ્થ ધ્યાન કરનાર પોતાને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ, એ પાંચે પ્રકારના શરીરથી ભિન્ન–પૃથક્ નિર્ધારે છે અને તેથી દેહાદિ અંગોનાં કાર્યોમાં આત્મા અહં તથા મમત્વ પરિણામથી બંધાતો નથી. તે ભોગ્ય પદાર્થોની ઇચ્છાઓમાં બંધાતો નથી અને અનેક જીવોને દુઃખ આપવા પ્રેરાતો નથી. કર્મના યોગે વસ્ત્રરૂપ શરીર તો અનેક મળે છે તથા છૂટે છે, તોપણ તેથી તે જરા પણ હર્ષ વા શોકને ધારણ કરતો નથી. પિંડસ્થ ધ્યાનનો યોગી પ્રારબ્ધકર્મ યોગે અનેક કાર્ય કરતો છતો પણ આત્માના

સ્વરૂપમાં ધ્યાન રાખે છે. શરીરમાં રહેલો આત્મા શરીરથી ભિન્ન છે એવું નિશ્ચયાત્મક જ્ઞાન થતાં બાહ્ય સંયોગોમાં રહ્યો છતો પણ તે તેમાં લેવાતો નથી. આત્માના પ્રદેશમાં ચોંટેલું ચિત્ત નિર્વિકલ્પ દશાવાળું થાય છે અને તેથી આત્માની શક્તિઓ ખીલવા માંડે છે. વચનસિદ્ધિ અને સંકલ્પ-સિદ્ધિ સહજ બને છે. જેઓ આત્માના અસંખ્યાત પ્રદેશોનું ધ્યાન ધરે છે પણ જગત્માં ઉપકાર કરવાની પ્રશસ્ત ઇચ્છા ધરાવે છે તેઓ તીર્થંકરાદિ પદને પ્રાપ્ત કરે છે અને જેઓ ઉપકાર કરવાની ઇચ્છાને પણ ત્યજીને પિંડસ્થ ધ્યાન ધરે છે તેઓ મૂક કેવળી થઇ સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે. શરીરના કોઇ પણ ભાગમાં આત્માના પ્રદેશોનું ધ્યાન થઇ શકે છે. નાભિચક્રમાં ધ્યાન ધરવાથી કાયવ્યૂહનું જ્ઞાન થાય છે એટલે કે શરીરની નાડીઓનું અને તેમનાં કાર્યોનું જ્ઞાન થાય છે તેમજ મનના સંકલ્પવિકલ્પોનો વિલય થાય છે. કંઠ કૂપમાં ધ્યાન કરવાથી ક્ષુધા–તૃષા શમે છે અને વાણીનો સારી રીતે પ્રકાશ થાય છે. કૂર્મ નાડીમાં ધ્યાન કરવાથી સ્થિરતાની વૃદ્ધિ થાય છે અને ચંચળતા શમે છે. બ્રહ્મરન્ધ્રમાં ધ્યાન કરવાથી સિદ્ધ પુરૂષોનાં દર્શન થાય છે, પાપોનો નાશ થાય છે અને ધર્મશ્રદ્ધા વધે છે. હૃદયમાં ધ્યાન કરવાથી હૃદયશુદ્ધિ થાય છે, જ્ઞાનભાસ થતો જાય છે, સત્યની પ્રતીતિ થાય છે અને પરહૃદયને વાંચી શકાય છે. મનોવર્ગણાની સાથે લેશ્યાનો જે સંબંધ છે તેનું જ્ઞાન મનોવર્ગણામાં ધ્યાન કરવાથી થાય છે. તેમાં વિશેષ સંયમ કરવાથી મનઃપર્યવ જ્ઞાન પ્રકટે છે. એ જ રીતે કાન, નાક, આંખ, જીભ અને સ્પર્શેન્દ્રિયમાં ધ્યાન કરવાથી તે તે ઇંદ્રિયોની શક્તિનો વિકાસ થાય છે. કાયબળ, વાણી બળ અને મનો-બળમાં ધ્યાન કરવાથી તે તે બળ વૃદ્ધિ પામે છે. મસ્તકમાં ધ્યાન કરવાથી મગજના જ્ઞાનતંતુઓ પુષ્ટ થાય છે અને તર્કશક્તિ વધુ ને વધુ ખીલે છે. આ રીતે સ્વપિંડના કોઇ પણ અંગમાં પિંડસ્થ ધ્યાન કરી શકાય છે અને તેના શારીરિક તેમ જ આધ્યાત્મિક લાભો થાય છે, પરન્તુ તે સર્વમાં બ્રહ્મ-રન્ધ્રમાં આત્માના પ્રદેશોનું ધ્યાન કરવું સર્વશ્રેષ્ઠ છે. જે વખતે બ્રહ્મરન્ધ્રમાં આત્માના અસંખ્યાત પ્રદેશોનું ધ્યાન ધરવામાં આવે છે તે વખતે શ્વાસો-ચ્છ્વાસની ગતિ મંદ પડે છે. આત્માના અસંખ્યાત પ્રદેશમાં તન્મયતા થવાથી

શ્વાસોચ્છ્વાસની ગતિ બિલકુલ ઓછી થઇ જાય છે અને તે વખતે આનંદ આનંદ થઇ જાય છે, આત્માની અનંત શક્તિનો અનુભવ થાય છે, સર્વ જીવો ઉપર સમતારૂપ અમૃત મેઘવૃષ્ટિ વર્ષાવાય છે, તે વખતે એવો અનુભવ થાય છે કે, અહો, આવી દશામાં સદા કાળ રહેવાય તો સારૂં ! એવી દશા ક્ષયોપશમ ભાવમાં લાંબા કાળ સુધી ટકતી નથી, તોપણ પુનઃ પિંડસ્થ ધ્યાન ધરી તેવી દશા પ્રાપ્ત કરવા ધ્યાની ઉદ્યમ કરે છે, અને પાછો તેવો જ આનંદ લે છે. બીજાં છાદ્મસ્થિક કાર્યોમાં જોડાતાં તે ઉપાધિની વિકલ્પ દશા અનુભવે છે, પણ તેમાં તેને રસ પડતો **નથી** એટલે ગમે તેમ કરી પાછો ધ્યાનમાં પ્રવેશ કરે છે. આવી સહજ સુખની દશાનો અનુભવ થતાં બાહ્ય સુખની સર્વ પ્રકારની અભિલાષાઓ ટળે છે.

(૨) પદસ્થ ધ્યેયમાં ધ્યાન અનેક પ્રકારે કરાય છે, તેમાંનો એક પ્રકાર ગ્રંથકારે અત્ર દર્શાવેલો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પદનું ચિત્તની સ્થિરતાપૂર્વક જે ધ્યાન કરવામાં આવે તેને પદસ્થ ધ્યેયનું ધ્યાન કહેવામાં આવે છે. બીજો પ્રકાર એવો છે કે નાભિપ્રદેશમાં સોળ પાંખડીનું કમળ ચિંતવી તેમાં अ થી अः પર્યંત સોળ સ્વરોની સ્થાપના કરી તેનું અનુક્રમે ધ્યાન કરવું. ત્રીજો પ્રકાર એવો છે કે હૃદયકમળમાં ચોવીસ પાંખડીવાળું કમળ ચિંતવી તેમાં क થી म સુધીના અક્ષરો અનુક્રમે ચોવીસે પાંખડીઓમાં સ્થાપી म ને કમળની કર્ણિકામાં સ્થાપવો અને પ્રત્યેક પદનું અનુક્રમે ધ્યાન કરવું. ચોથો પ્રકાર એ છે કે મુખમાં આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરવી અને તેમાં य થી ह સુધીના અક્ષરો સ્થાપી તેનું ધ્યાન કરવું. આ જ પ્રમાણે ॐ કારનું, अर्हं મંત્રનું, ॐ ह्रीँ श्रीँ अर्हं नमः એ મંત્રનું અને અન્ય મંત્રોનું પણ પદસ્થ ધ્યાન કરી શકાય છે. એ પ્રમાણે અક્ષરોનું અને પદોનું ધ્યાન કરતો છતો યોગી ચિત્તની ચંચળતાને વારે છે અને શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે. પદસ્થ ધ્યાનનો સાધક નિમિત્તજ્ઞાનને પણ પ્રાપ્ત કરી શકે છે, છતાં સાચો યોગી તો પદસ્થ ધ્યેયના આલંબનથી ધરેલા ધ્યાન વડે આત્માની નિર્મળતા કરનારા શુક્લ ધ્યાનમાં જ ગતિ કરવાને ઉદ્યમવંત બને.

(૩) સમવસરણમાં બેઠેલા તીર્થંકર ભગવાનનું સ્વરૂપ તે રૂપસ્થ ધ્યેય અને તેમાં ધ્યાન કરવું તે ધ્યાનનો ત્રીજો પ્રકાર. ભગવાનની શાન્ત દશાનું ચિત્તમાં અવધારણ કરવું, તેમના મસ્તકમાંથી પ્રકટતી તેજધારાઓને ચિત્ત-પ્રદેશમાં ઝીલવી, એમના અનંત ગુણોનું સ્મરણ પ્રકટાવવું અને તેવા જ ગુણો પોતાના આત્મામાં પ્રચ્છન્ન રૂપે રહ્યા છે તેનું પ્રકટીકરણ કરવાનું ધ્યાન ધરવું તે આ પ્રકારનું ધ્યાન છે. આઠ કર્મ રૂપી છે અને તેના સંબંધમાં મારો આત્મા અનાદિ કાળથી રહ્યો છે. રૂપમાં રહેલો મારો આત્મા વસ્તુતઃ રૂપથી ન્યારો છે, સિદ્ધ સમાન અનંત ગુણમય છે ઇત્યાદિ જે ભાવના ભાવવી તેને રૂપસ્થ ધ્યેયમાંનું ધ્યાન સમજવું. આ ધ્યાનમાં એવા વિચારો કરવા કે મારો આત્મા ગુણે કરી પંચપરમેષ્ઠી રૂપ છે અને એ ગુણો પ્રકટ કરવાનો મારો ઉદ્યમ છે; તથા જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણો-વડે મારો આત્મા દીપ્તિમાન છે, ઇત્યાદિ. આત્મામાં જ પરમાત્મ દશા રહી છે પણ ધ્યાન વિના તે પ્રકટ થતી નથી, એટલા માટે રૂપસ્થ ધ્યેયમાં ધ્યાન કરવાની યોજના છે. તેથી સંકલ્પ વિકલ્પવાળી ચિત્તદશાનો નિરોધ થાય છે, મોહના ઉછાળા સ્વયમેવ શાન્ત પડે છે, અનેક શક્તિઓ પ્રકટે છે અને મનની નિર્મળતા સહેજે સધાય છે.

(૪) રૂપથી અતીત—આકારરહિત, જ્ઞાનાનન્દ સ્વરૂપ, નિરંજન સિદ્ધ પરમાત્માનો આશ્રય કરીને તેની સાથે સત્તાથી સિદ્ધસમાન એવા પોતાના આત્માનું એકત્વ ચિત્તમાં અવધારવું—ધ્યાવું, તે રૂપાતીત ધ્યેયનું ધ્યાન સમ-જવું. પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યેયના અવલંબનપૂર્વક મુમુક્ષુ યોગીએ રૂપાતીત ધ્યેય પર જવું અને સ્થૂળમાંથી સૂક્ષ્મ આત્મા ઉપર જતાં આત્માના ગુણપર્યાયોની શુદ્ધતા ચિંતવવી. આત્માનો ઉપયોગ એક જ ઠેકાણે રાખવો અને બહિર્માં મનને જવા દેવું નહિ; એમ કરવાથી રૂપાતીત ધ્યેયમાં પ્રવેશ થશે અને અહર્નિશ તેનો અભ્યાસ કરવાથી રૂપાતીત ધ્યેયમાં ધ્યાનની સ્થિરતા થશે. રૂપાતીત ધ્યાનના જિજ્ઞાસુએ દ્રવ્યાનુયોગનું તેમ જ અધ્યાત્મશાસ્ત્રોનું જ્ઞાન સારી પેઠે પ્રાપ્ત કરવું કારણકે તે વિના જડ-ચેતનની ભિન્નતાનો બરાબર ખ્યાલ ચિત્તપ્રદેશમાં રહેતો નથી. ચારે ધ્યાનોમાં રૂપાતીત ધ્યાન

સર્વોપરિ છે. એ ધ્યાન કરનાર યોગી કર્મરૂપી લાકડાંને બાળીને તેની ભસ્મ કરે છે અને તે અનન્ત શક્તિને પ્રકટાવવા સમર્થ બને છે. જેમ જેમ રૂપાતીત ધ્યેયમાં ધ્યાનની પ્રગતિ તથા વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ વર્ણાદિ વિશિષ્ટ રૂપી પદાર્થોમાં થતું અહં તથા મમત્વ વિલય પામે છે. હું તુંની કલ્પનાનું જોર ક્ષય પામે છે. નિશ્ચયથી નિરાકાર એવો પોતાનો આત્મા છે એવું ભાન યોગીને થતાં તે ભાન ત્રણે કાળમાં અખંડ રહે છે. રૂપાતીત ધ્યેયનો ધ્યાતા દુનિયાની જંજાળથી મુક્ત થઈ સહજ આનંદને પ્રાપ્ત કરે છે અને બાહ્ય દશાનાં નામ, શરીરના આકાર તથા હર્ષ શોકને કેવળ વિસરી જાય છે. મન પોતાના આત્માનું જ આલંબન કરીને રહે અને શુદ્ધોપયોગમાં સ્થિર થાય, જડ તથા ચેતન સમપણે ભાસે તેને સમરસી ભાવ કહે છે. એવા સમરસી ભાવને યોગી રૂપાતીત ધ્યેયમાંના ધ્યાનથી પામે છે. (૨૦૭–૨૦૮–૨૦૯)

[ ધર્મધ્યાનનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર તેના ફળનું બોધન નીચેના એક શ્લોકમાં કરે છે. ]

धर्मध्यानफलम्। २१० ॥

**धर्मध्यानमिदं वदन्ति मुनयो वैराग्यसञ्जीवनं।**
**लेश्याशुद्धिकरं कुकर्मदहनं कामानलाम्भोधरम् ॥**
**सालम्बं प्रथमं तथापि सतताभ्यासेन शुद्धं भव-**
**च्छक्तं प्रापयितुं क्रमेण विशदं शुक्लं निरालम्बनम् ॥**

ધર્મધ્યાનનું ફળ.

**ભાવાર્થ**—પ્રાચીન મુનિઓ એમ કહી ગયા છે કે આ ધર્મધ્યાન વૈરાગ્યને સજીવન બનાવનાર છે, લેશ્યાની શુદ્ધિ કરનાર છે, અશુભ કર્મના ઈંધનને બાળી ભસ્મ કરનાર છે, કામવિકાર રૂપ અગ્નિને ઠારવામાં અંભોધર–મેઘ સમાન છે, પ્રથમ આલંબનસહિત છે તોપણ નિરંતરના અભ્યા-

સથી જેમ વિશુદ્ધ બનતું જાય તેમ તેમ આલંબનરહિત ને નિર્મળ શુક્લ ધ્યાન તેની હદમાં ક્રમે ક્રમે ધ્યાતાને પહોંચાડનાર છે. (૨૧૦)

**વિવેચન**—આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચય એવા ધર્મ ધ્યાનના ભેદો અને ધ્યેયને અનુસરીને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એવા પાડેલા વિશેષ ભેદો ઉપરથી એટલું સમજી શકાય તેમ છે કે આ ધ્યાન સાલંબન હોઈ તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવ હોય છે, અને જેમ જેમ ધ્યાતા આગળ વધતો જાય છે તેમ તેમ લેશ્યાનું વિશુદ્ધીકરણ થતાં પીત, પદ્મ અને શુક્લ લેશ્યા ઉદ્ભવે છે: આ કારણથી પ્રાચીન સમયમાં મુનિઓએ ધર્મ ધ્યાનની જે સ્તુતિ કરી છે અને અત્ર ગ્રંથકાર પણ તેની સ્તુતિ કરે છે તે યોગ્ય જ છે. શ્રી હેમચંદ્રાચાર્ય ધર્મ ધ્યાનના ફળ વિષે કહે છે:—

**अस्मिन्नितांतवैराग्यव्यतिषंगतरंगिते ।**
**जायते देहिनां सौख्यं स्वसंवेद्यमतींद्रियः ॥**

અર્થાત્—આ ધ્યાનમાં અત્યંત વૈરાગ્ય રસના સંયોગથી તરંગિત થએલા યોગીઓને પોતે અનુભવ કરી શકે તેવું અતીંદ્રિય આત્મિક સુખ પ્રાપ્ત થાય છે. આ આત્મિક સુખ જ ચિત્તની રાગદ્વેષરહિત સમસ્થિતિનું પર્યાયવાચક છે. સાલંબન ધ્યાનમાં ધર્મ ધ્યાન એ ઉચ્ચ શિખરે વિરાજે છે અને નિરાલંબ ધ્યાનમાં પ્રવેશ કરવા માટેનું તે છેલ્લું પગથીયું છે. શુક્લ ધ્યાનને યોગ્ય હાલનાં શારીરિક બંધારણ હોતાં નથી એવું યોગી જનો કહે છે, કારણકે શરીરના કટકા થાય તોપણ ચિત્તની સમસ્થિતિમાં ક્ષેપ–વિક્ષેપ ઉત્પન્ન ન થાય એવું શરીરસંસ્થાન હોવું જોઇએ, તે આ કાળમાં હોતું નથી; આ કારણથી ધર્મ ધ્યાન એ શુક્લ ધ્યાનનું પ્રવેશદ્વાર હોવા છતાં આધુનિક કાળમાં ધર્મધ્યાન સર્વથા ઉપયોગી અભ્યાસવાયોગ્ય અને આદરવાયોગ્ય ધ્યાન છે. શાસ્ત્રીય દૃષ્ટિએ શુક્લ ધ્યાનનો સ્પર્શ કરાવનાર ધર્મ ધ્યાન જ છે.

**દૃષ્ટાંત**—આ શ્લોકમાં ધર્મ ધ્યાનનાં જે ફળો કહ્યાં છે તે ફળનો સ્વાદ લેનાર દૃઢપ્રહારીનું દૃષ્ટાંત અહીં અર્થસૂચક થઈ પડશે. દૃઢપ્રહારી બ્રાહ્મ-

ણપુત્ર હતો પરંતુ ઉદ્ધત પ્રકૃતિવાળો હોઇ તે કાળક્રમે ચોરોનો નાયક થયો હતો અને ચોરોની ટોળી સાથે વનમાં રહેતો હતો. એક વાર તેના નાયક-પદ હેઠળની ચોર ટોળીએ કુશસ્થળ નામનું ગામ લૂંટવા માંડયું અને ચોરો લૂંટ કરતા કરતા એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં પેઠા. બ્રાહ્મણને સ્ત્રી તથા નાનાં બાળકો હતાં અને બાળકો ઘણા વખતથી ખીર ખાવાને આતુર થયાં હોવાથી બ્રાહ્મણ અતિ પરિશ્રમે ખીરની સામગ્રી લાવી નદીપર ન્હાવા ગયો હતો. ખીર તૈયાર થઈ હતી એવામાં ચોરો પેઠા. અહીં કાંઈબીજું લૂંટવાનું મળ્યું નહિ એટલે તેમણે ખીરનું વાસણ ઉપાડયું. બિચારાં બાળકો પોતાનું ભોજન લૂંટાતું જોઈ ત્રાસી ગયાં. એટલામાં ઘેર આવતા બ્રાહ્મણને લૂંટની ખબર પડી. તે ક્રોધવશ થતો ઘેર પહોંચ્યો અને એક મોટી ભોગળ લઇ ચોરોને મારવા દોડ્યો. ભોગળના પ્રહારથી ચોરો નાઠા અને કેટલાક મૂઆ પણ ખરા. આ વાતની દઢપ્રહારીને ખબર પડી એટલે તે હાથમાં તલ્વાર લેતો દોડયો. બ્રાહ્મણના ઘરમાં પ્રવેશતાં જ એક ગાય આડી આવી તેનો એક જ ઝાટકે તેણે પ્રાણ લીધો. દઢપ્રહારીનો પ્રહાર એટલો દઢ હતો કે તે કદાપિ ખાલી જતો નહિ. ગાયને મારીને આગળ વધતાં બ્રાહ્મણની ગર્ભ-વતી સ્ત્રી તેને અટકાવવા આવી. દઢપ્રહારીએ તેને પણ એક ઝાટકે કાપી નાંખી, અને સ્ત્રીનો ગર્ભ તરફડતો ભોંયે પડયો! ઓરડામાં પેસતાં બ્રાહ્મ-ણને જોઇ તેને પણ દઢપ્રહારીએ કાપી નાંખ્યો. આ પ્રમાણે ગૌહત્યા, સ્ત્રી-હત્યા, ભ્રૂણહત્યા અને બ્રહ્મહત્યા કરી તે જુએ છે કે બ્રાહ્મણનાં બાળકો આક્રંદ કરી રહ્યાં છે. ક્રૂર સ્વભાવના ચોરમાં દયા પ્રેરાઇ અને પોતાના અવિચારી કર્મોનો તેને પસ્તાવો થવા લાગ્યો. આ બાળકોને પોતે નિરાધાર કરી મૂક્યાં તે પાપમાંથી પોતે ક્યારે છૂટશે એવું વિચારતો પોતાનું બળ તેણે આવાં કર્મોમાં વાપર્યું તે માટે તે પોતાને ધિક્કારવા લાગ્યો. પાપથી ગ્લાનિ પામેલો દઢપ્રહારી ચોરોની ટોળીને છોડીને નગર બહાર ચાલ્યો ગયો અને એક વૃક્ષ હેઠળ બેઠો. તેનો વૈરાગ્યરસ વૃદ્ધિ પામતો હતો; એટલામાં ચારણ મુનિઓને તેણે દૂરથી જતા જોયા. તે તેમને શરણે ગયો અને પોતાનાં પાપોનું પ્રકાશન કરી તે પાપોથી મુક્ત થવાનો ઉપાય

પૂછવા લાગ્યો. મુનિઓએ તેની યોગ્યતા જોઈ તેને સંક્ષેપમાં દેહ તથા આત્માની ભિન્નતા, કર્મોને આવવાનાં કારણો તથા રોકવાના હેતુઓ તથા ઉપાયો ઇત્યાદિ સમજાવી સમભાવનો ઉપદેશ કર્યો. દૃઢપ્રહારીના આત્માને વિવેકથી વાસિત થએલો જોઇને મુનિઓએ તેને દીક્ષા આપી. એ જ અવસરે દૃઢપ્રહારીએ ગુરૂ પાસે અભિગ્રહ લીધો કે: “ આ પાપ મને જ્યાંસુધી સાંભરશે અથવા લોકો મને યાદ કરાવી આપશે, ત્યાંસુધી હું અહીં જ આહારાદિનો ત્યાગ કરી કાયોત્સર્ગ મુદ્રાએ રહી ધ્યાન કરીશ. ” મુનિઓ તેને ત્યાં જ છોડીને ચાલ્યા ગયા. દૃઢપ્રહારી નગરના ઉત્તર દરવાજે કાયોત્સર્ગ મુદ્રાએ ધ્યાનસ્થપણે રહ્યો. લોકો દૃઢપ્રહારીને સાધુના વેશમાં જોઈ તેને ઢોંગી માની ધુતકારવા, ગાળો દેવા અને મારવા લાગ્યા. દૃઢપ્રહારીએ ઘણાને માર્યા હતા અને ઘણાનાં ધન લૂંટ્યાં હતાં. તે બધાં હવે વેર વાળવા લાગ્યાં, પણ દૃઢપ્રહારી તેથી ઉદ્વેગ ન પામ્યો. ક્ષમા તથા ધૈર્ય તેણે છોડયું નહિ. ક્રોધનું સંયમન તેણે બરાબર કરી રાખ્યું. તન અને મનનાં કષ્ટો વેઠતો, પોતાનાં કર્મોને યાદ કરતો, એ કષ્ટો કર્મના ફળરૂપ છે એમ સમજતો અને ગુરૂના ઉપદેશનું જ ધ્યાન ધરતો તે દોઢ માસ ઉત્તર દરવાજે રહ્યો. પછી દોઢ માસ દક્ષિણને દરવાજે રહ્યો. એમ ચારે દરવાજે રહી તેણે છ માસ ધ્યાનસ્થ અવસ્થામાં ગાળ્યા અને લોકોનો ઉપદ્રવ સહન કર્યો. તે વિચારતો: “ હે આત્મન્ ! કલ્યાણના અર્થી જીવોએ આક્રોશ, માર, બંધન, તાડન કે તર્જન સર્વ સહન કરવું જોઇએ એટલું જ નહિ પણ નિર્મમત્વ થઈ શરીરથી પણ નિરપેક્ષ થવું જોઇએ. ” વખત જતાં દૃઢપ્રહારીનું ધૈર્ય, ક્ષમા, વિવેક અને ધ્યાન પરાકાષ્ઠાએ પહોંચ્યાં. છેવટે દેહાસક્તિનો પણ લોપ થયો અને આત્મરમણતામાં જ તે લીન રહેવા લાગ્યો. શત્રુ કે મિત્ર તેને કોઈ રહ્યા નહોતા. એ પ્રમાણે કર્મેંધનોનું દહન કરતાં છ માસે તે કેવળજ્ઞાન પામ્યો અને આયુષ્યાદિ કર્મોનો ક્ષય થતાં મોક્ષપદ પામ્યો. (૨૧૦)

[ ક્રમે કરીને હવે શુક્લ ધ્યાનનો વિષય આવે છે. ]

शुक्लध्यानम् । २११ ॥

चित्तं यत्र बहिर्न याति विषयासङ्गेऽपि वैराग्यतः ।
देहच्छेदनभेदनेऽपि नितरामेति प्रकम्पं न तत् ॥
शुक्लध्यानमुदाहृतं किल चतुर्भेदं स्वरूपोन्मुखं ।
रागद्वेषलयात् कषायविजयादेतत्परं मोक्षदम् ॥

## શુકલ ધ્યાન.

**ભાવાર્થ**—જે ધ્યાનમાં ઇંદ્રિયોને વિષયનું સાન્નિધ્ય મળવા છતાં વૈરાગ્યના બળથી ચિત્તવૃત્તિ મુદ્દલ બહિર્મુખ ન થાય, તેમ જ કોઈ શસ્ત્રથી દેહનું છેદનભેદન કરે તોપણ સ્થિર થએલ ચિત્ત જરા પણ કંપે કે ડગે નહિ તે ધ્યાનનું નામ શુકલ ધ્યાન કહેવાય છે. તેના પણ ચાર પ્રકાર અથવા ચાર પાદ છે. તે ધ્યાન સ્વરૂપાભિમુખ હોઇને રાગદ્વેષ તથા કષાયનો સર્વથા વિલય કરાવીને સાક્ષાત્ પરમ મોક્ષને આપનારૂં છે. (૨૧૧)

**વિવેચન**—ક્રમે કરીને ધર્મ ધ્યાન કરતાં શુકલ ધ્યાન એક પગથીઉં ઉંચું ગણાય છે. છતાં વસ્તુતઃ ધર્મધ્યાનના ધ્યાતા તથા શુકલ ધ્યાનના ધ્યાતાની યોગ્યતામાં વિશાળ અંતર રહેલું છે. ઇંદ્રિયો વિષયોથી આકર્ષાઇને જરા પણ બહિર્મુખ ન થાય એ શુકલ ધ્યાનના ધ્યાતાની મુખ્ય યોગ્યતા છે. આવી જ યોગ્યતા ધર્મ ધ્યાનના ધ્યાતાની પણ કહી છે, પણ ધર્મધ્યાનમાં ધારણા રહેલી છે અને શુકલ ધ્યાનમાં ધ્યાતાની ઇંદ્રિયો કેવળ વિષયાતીત અને ચિત્ત ધારણારહિત થવાં જોઇએ, એટલે કે એ ધ્યાનનો ધ્યાતા ચિત્તની રમણતામાં એટલો મગ્ન રહે કે તેને દેખવું, સાંભળવું, સુંઘવું, સ્પર્શવું ઇત્યાદિ ઇંદ્રિયોના વ્યાપારનો ખ્યાલ પણ ન રહે અને જાણે પાષાણની ઘડેલી પ્રતિમા હોય તેવી રીતે સ્થિરતાપૂર્વક કેવળ મસ્ત દશામાં જ રહે. શ્લોકની પહેલી પંક્તિમાં જે ઇંદ્રિયો બહિર્મુખ ન થવાની ધ્યાતાની યોગ્યતા વિષે કહ્યું છે તેમાં બીજી પંક્તિવડે વિશેષ સ્પષ્ટતા કરી છે, તે એવી રીતે કે કોઇ એવા ધ્યાતાના દેહનું શસ્ત્રથી

છેદન-ભેદન કરે તોપણ તેના ચિત્તની સ્થિરતા ડગે નહિ, ત્યારે એ શુક્લ ધ્યાન થયું કહેવાય. આ બેઉ પંક્તિઓ ઉપરથી ચિત્તની બહિર્મુખતાનો ત્યાગ કિંવા ઇંદ્રિયોની વિષયાતીતતાવડે ગ્રંથકાર શું કહેવા ઇચ્છે છે તે સ્પષ્ટ થાય છે. આવા ધ્યાતા કોણ થઈ શકે તે વિષે શ્રી હેમાચાર્ય કહે છે કે—शुक्लध्याने तस्मान्नास्त्यधिकारोऽल्पसाराणाम् ॥ અર્થાત્—શુકલધ્યાન કરવાનો અધિકાર અલ્પ સત્ત્વવાળા જીવોને હોતો નથી. જો પહેલું સંઘેણ એટલે દેહનું વજ્રઋષભનારાચ સંઘેણ હોય તો જ તે દેહના છેદન–ભેદન જેવા ઉપસર્ગો તથા પરિષહોને સહી શકે અને પૂર્વના જ્ઞાનના જાણકાર હોય તો જ તેઓ ચિત્ત તથા ઇંદ્રિયોને કેવળ વિષયાતીત રાખીને વર્તી શકે. આવા ઉચ્ચતમ શુકલ ધ્યાનથી રાગદ્વેષનો લય થાય છે અને કષાયો ઉપર વિજય મેળવાય છે, એટલે પરમ વીતરાગ દશાનું સૂચક શુકલ ધ્યાન મોક્ષદાયી થાય છે. આ શુકલ ધ્યાનના ચાર ભેદો અથવા પાયા છે. (૨૧૧)

[ શાસ્ત્રમાં શુકલ ધ્યાનના જે ચાર પાદ અથવા પાયા કહ્યા છે તે (૧) સવિચાર-સવિતર્ક (૨) અવિચાર-અવિતર્ક (૩) સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ અને (૪) ઉચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ, એ પ્રમાણે છે. તે હવે અનુક્રમે કરીને કહે છે. પહેલાં પ્રથમ પાદ સવિચાર શુકલ ધ્યાન નીચેના શ્લોકોમાં કહે છે. ]

**शुक्लध्यानप्रथमपादः । २१२ ॥**

**आद्यौ द्वौ श्रुतयोगयोश्च कुरुतः किञ्चित्समालम्बनं ।**
**द्वावन्यौ भवतोऽर्हतोऽन्त्यसमये शुद्धौ निरालम्बनौ ॥**
**स्याद्योगश्रुतसंक्रमो बहुविधो यत्र त्रियोगान्विते ।**
**शुक्लं तत्प्रथमं विचारसहितं नानावितर्काश्रितम् ॥**

**शब्दार्थयोगसंक्रमणम् । २१३ ॥**

**उक्तं संक्रमणं त्रिधा जिनवरैः शब्दार्थयोगाश्रया–**
**दालोच्यैकवचो वचोऽन्तरगतिः शब्दाभिधः संक्रमः॥**

एवं योगपदार्थयोरपि पुनर्ज्ञेयोऽन्यगत्यात्मकः ।
सोऽयं संक्रमणार्थकोऽत्र गदितः शब्दो विचारात्मकः ॥

### શુકલ ધ્યાનનો પ્રથમ પાદ.

**ભાવાર્થ**—શુકલ ધ્યાનના ચાર પાદમાંના પ્રથમના બે પાદ શ્રુત શબ્દ તથા અર્થ અને યોગ–મન આદિના વ્યાપારનું કાંઈક આલંબન કરે છે, એટલે બે પાદ સાલંબન છે અને ત્રીજો તથા ચોથો એ બે પાદ અરિહંત ભગવાન ચૌદમે ગુણઠાણે થઇ મોક્ષમાં જાય તે વખતે છેલ્લી ઘડીએ હોય તે પરમ શુદ્ધ અને નિરાલંબન હોય છે. શુકલ ધ્યાનીની જે અવસ્થામાં ત્રણે યોગ વિદ્યમાન છે તે વખતે યોગમાંથી શ્રુતમાં અને શ્રુતમાંથી યોગમાં અનેક પ્રકારે સંક્રમણ થાય છે, માટે ત્યાં સવિચાર–નાના વિતર્કાશ્રિત નામે શુકલ ધ્યાનનો પ્રથમ પાદ નિષ્પન્ન થાય છે. (૨૧૨)

### શબ્દ અર્થ અને યોગનું સંક્રમણ.

શબ્દ અર્થ અને યોગને આશ્રીને સંક્રમણ ત્રણ પ્રકારનું જિનવરોએ કહ્યું છે. એક શબ્દનું આલોચન કરીને બીજા શબ્દ પ્રત્યે ગતિ કરવી તે શબ્દસંક્રમ; એવી જ રીતે એક યોગનો આશ્રય કરીને એક યોગમાંથી બીજા યોગમાં જવું તે યોગસંક્રમ, અને એક અર્થનું ચિંતન કરીને બીજા અર્થ પ્રત્યે જવું તે અર્થસંક્રમ; એટલે શબ્દસંક્રમ, યોગસંક્રમ તથા અર્થસંક્રમ એમ ત્રણ પ્રકારનો સંક્રમ છે. શુકલ ધ્યાનના પ્રકારમાં જે સવિચાર શબ્દ આવે છે, તેમાં વિચાર શબ્દ ઉક્ત સંક્રમણ અર્થમાં વપરાયેલ છે. સવિચાર એટલે સંક્રમણસહિત એવો અર્થ થાય છે. (૨૧૩)

**વિવેચન**—સવિચાર (સવિતર્ક) અને અવિચાર (અવિતર્ક) એ બે શુકલ ધ્યાનના પાયામાં શ્રુત (શબ્દ તથા અર્થ) નું અને યોગ (મન–વચન–કાયા) નું આલંબન રહે છે તેથી એ બે પાયા આલંબનસહિત છે, અને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ તથા ઉચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ એ બે પાયા કેવળ આલંબનથી રહિત છે. ધ્યાનમાં આ આલંબનસહિતતા

તથા આલંબનરહિતતા કેવી રીતે થાય એ ચારે પાયાના વિવેચન ઉપ-રથી આગળ જતાં સમજાઈ જશે. શ્રુતોપદેશમાંથી એક વખત એક પદાર્થ અથવા તેનો પર્યાય લઈ તેની ઉપર વિચાર કરવો; પછી બીજા પદાર્થ અથવા બીજા પર્યાય ઉપર વિચાર કરવો. એક પદાર્થ ઉપર આવી વિચા-રણાવડે બરાબર નિરીક્ષા કરવી એ પદાર્થસંક્રમણ કહેવાય. એવી જ રીતે એક શબ્દપર વિચાર કરીને બીજા શબ્દપર સંક્રમણ કરવું તે શબ્દસંક્રમણ કહેવાય. મન–વચન–કાયાના યોગોમાંના એક યોગ પર થોડો વખત સ્થિર રહી બીજા તરફ સંક્રમણ કરવું તે યોગસંક્રમણ કહેવાય. એવી રીતે શુક્લ ધ્યાનના પ્રથમ પાદમાં એક પદાર્થથી બીજા પદાર્થપર, એક શબ્દથી બીજા શબ્દપર અને એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમણ થયા કરે છે. ધર્મધ્યાનમાં બહારની વસ્તુનું આલંબન હતું તે શુક્લ ધ્યાનમાં દૂર થાય છે અને તેને બદલે હવે પદાર્થનું જ્ઞાનદ્વારા આલંબન થાય છે, વિશુદ્ધ અવલોકનપૂર્વક તેની આલોચના થાય છે અને તેમાં થોડા સમયસુધી સ્થિરતા થાય છે. એવી રીતે યોગમાંના ત્રણે યોગપર વારાફરતી સંક્રમણ થયા કરે છે. એક વસ્તુનો નિત્ય પર્યાય લીધો તો તે ઉપર કેટલોક વખત સ્થિરપણે ધ્યાન ચાલે છે; વળી બીજા પર્યાયપર વિચારણા ચાલે છે. એવી રીતે અમુક દ્રવ્યના પર્યાયો ઉપર એક પછી એક વિચાર ચાલ્યા કરે છે. આ ધ્યાનને સવિતર્ક અને સવિચાર કહેવાનું કારણ એ છે કે અહીં એક પછી એક વિતર્કો શ્રુતોપદેશનાં અવલંબનો હોય છે, એક પર્યાયથી બીજા પર્યાયપર વિચારણા ચાલ્યા કરે છે અને પર્યાયભેદે શબ્દસંક્રમણ પણ થયા કરે છે. વળી આ પ્રકારનું સંક્રમણ સિદ્ધ થતાં શબ્દસંક્રમણ કે અર્થસંક્રમણમાંથી યોગસંક્રમણ અને યોગસંક્રમણમાંથી શબ્દ–અર્થ સંક્રમણ પણ થાય છે. આ ત્રણ પ્રકારનું સંક્રમણ તે જ શુક્લ ધ્યાનની સવિચારતા અથવા વિતર્કાશ્રિતતા છે. આ પ્રકારના શુક્લ ધ્યાનથી–સવિ-ચારથી જડની અનિત્યતા અને આત્માની નિત્યતા કિંવા જડ અને ચેતન વચ્ચેના પૃથક્પણાનું નિર્મળ જ્ઞાન થાય છે, તેથી આ ધ્યાનના પહેલા પાયાને પૃથક્ત્વ શ્રુતવિચાર કિંવા પૃથક્ત્વવિતર્કને નામે પણ ઓળખ-

વામાં આવે છે. ચિત્તની સવિચાર કિંવા સવિતર્ક અવસ્થા ઉપરથી ચિત્તની ચંચળતાનો અર્થ સમજવો નહિ; એક જ દ્રવ્યના સંબંધમાં ચિત્તની સ્થિરતા હોવાથી ત્યાં ચિત્તની ચંચળતા હોતી નથી પરન્તુ સ્થિર ધ્યાનાવસ્થા હોય છે. સંક્રમણથી ધ્યાનીની ચિત્તાવસ્થા ચંચળતાને પ્રાપ્ત થતી નથી. ૮, ૯, ૧૦ અને ૧૧ મે ગુણસ્થાનકે એ ધ્યાન મુનિને થાય છે. તેથી ચિત્ત શાન્ત થાય છે, આત્મા આભ્યંતર દૃષ્ટિને પામે છે, ઇંદ્રિયો નિર્વિકાર થાય છે અને મોહનો ક્ષયોપશમ થાય છે. (૨૧૨–૨૧૩)

[ હવે શુક્લ ધ્યાનના બીજા પાદ વિષે ગ્રંથકાર સમજૂતી આપે છે. ]

**शुक्लध्यानद्वितीयपादः । २१४ ॥**

**न स्यात्संक्रमणं बहुत्वविरहाद्यत्रैकयोगाश्रिते ।**
**तत्र स्यादविचारनामकमिदं शुक्लं द्वितीयं शुभम् ॥**
**स्यादत्राखिलघातिकर्मविलयो मोहस्य निर्मूलनात् ।**
**कैवल्यं प्रकटीभवेदतिशयैः सर्वैः समं निर्मलम् ॥**

**શુક્લ ધ્યાનનો બીજો પાદ.**

**ભાવાર્થ**—શુક્લ ધ્યાનીની જે અવસ્થામાં ત્રણ યોગમાંનો એક જ યોગ હોય છે તે વખતે બહુત્વના અભાવથી સંક્રમણ ન હોય, માટે તે વખતે અવિચાર નામે શુક્લ ધ્યાનનો બીજો પાદ સંભવે. આ અવસ્થામાં મોહનીય કર્મનો સર્વથા ઉચ્છેદ થતાં ચારે ઘાતિકર્મનો વિલય થાય છે અને ચોત્રીશે અતિશયની સાથે નિર્મળ કેવળજ્ઞાન પ્રકટ થાય છે. (૨૧૪)

**વિવેચન**—ધ્યાતા જ્યારે શ્રુતમાંથી યોગમાં અને યોગમાંથી શ્રુતમાં સંક્રમણ કરતાં કરતાં સ્થિરતાને પામે છે અને મનની શુદ્ધતા તથા નિશ્ચળતાને અનુભવે છે ત્યારે તેની સવિચાર–સવિતર્ક દશાનો લોપ થાય છે અને એક જ યોગથી એકત્વવિચારણામાં પરોવાય છે. આને ધ્યાનની 'અવિચાર' કિંવા નિર્વિકલ્પ દશા કહી શકાય. આ અવસ્થામાં યોગમાં સંક્રમણ કરવાનું રહેતું નથી, એક દ્રવ્ય, એક પર્યાય અને એક પુદ્ગલનું તે દર્શન કરે છે, અર્થાત

દ્રવ્યમાં રહેલા પર્યાયમાં ભિન્નતા હોવા છતાં તેમાં રહેલી અંતિમ એકતા અનુભવે છે અને એ વિશિષ્ટ ધ્યાનથી ધ્યાતામાં બુદ્ધિની એટલી નિર્મળતા આવે છે કે અત્યારસુધી સર્વ વસ્તુઓનો બોધ થઈ શકે તેવું જે જ્ઞાન આવરણ પામ્યું હતું તે આવરણ એ વિશિષ્ટ ધ્યાનથી ખસી જવા પામે છે. એ અવસ્થામાં મોહનીય કર્મનો ઉચ્છેદ થઇ ચૂકયો હોય છે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય એ ઘાતીકર્મનો પણ વિલય થઈ ચૂકયો હોય છે, એટલે જેમ વાદળાંનું આવરણ દૂર થતાં સૂર્ય પ્રકાશી ઉઠે તેમ ધ્યાતાનું નિર્મળ કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રકટ છે. તેમાં શ્રુતવિચારનું અવલંબન હોય છે પણ દ્વિતીય પાદને અંતે નિરાલંબન દશા આવી પહોંચે છે. કેવળજ્ઞાની સર્વ લોકાલોક, બાહ્યાભ્યંતર, સૂક્ષ્મ—બાદર, સર્વ પદાર્થોને હસ્તામલકવત્ દેખે—જાણે છે, અને અનેક પ્રકારની લબ્ધિઓને પામે છે. દેવેન્દ્રો અને મુનીન્દ્રો તેને નમસ્કાર કરે છે. કેવળીની વાણીમાં અનેક પ્રકારના ગુણો પ્રકાશ પામે છે, એ વાણીથી મિથ્યાત્વનો અંધકાર દૂર નાસે છે અને અનેક જીવોનું આત્મકલ્યાણ સધાય છે. (૨૧૪)

[ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી કેવળી જગત્‌ની સેવા કરવામાં ઉદ્યુક્ત થાય છે, તે વિષે હવે કહે છે. ]

**केवलिनो जगत्सेवा । २१५ ॥**

**कैवल्येऽधिगते जिनस्य तु जगत्कल्याणमार्गे स्वयं ।**
**वृत्तिः स्याज्जिननामकर्मवशगाऽऽनन्त्याद्दयास्रोतसः ॥**
**सत्तत्त्वामृतवर्षणेन वसुधां कृत्वा परां शीतलां ।**
**मुक्तेर्मार्गनिदर्शनेन जगतः सेवां विदध्यादयम् ॥**

## કેવલીની જગત્સેવા.

**ભાવાર્થ**—વીતરાગને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં પોતાનું કલ્યાણ તો થયું, હવે જગતનું કલ્યાણ કરવાના માર્ગમાં જિન નામકર્મના ઉદયથી અને અનંત ભાવદયાનો પ્રવાહ ચાલવાથી પોતાની મેળે તેમની વૃત્તિ થાય છે,

તેથી કેવળી ભગવાન્ સત્યતત્ત્વરૂપ અમૃતનો વરસાદ વરસાવવાથી આ પૃથ્વીને પરમ શીતળ બનાવીને જગતને મુક્તિનો માર્ગ દર્શાવવાદ્વારા જગત્‌ની સેવા બજાવે. (૨૧૫)

**વિવેચન**—છદ્મસ્થ અવસ્થામાંથી ધ્યાનવડે ઊર્ધ્વ ગતિ કરીને વીતરાગ જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે તેમની પ્રત્યેક પ્રવૃત્તિ નિર્મળ અને કર્મબંધનથી રહિત જ હોય છે. તેમની વાણીમાં નિરવદ્યતા જ હોય છે એટલે એમના ઉપદેશમાં એક પણ વચન અપાયકારક હોતું નથી. તીર્થંકર નામકર્મનો જો ઉદય થયો હોય તો તીર્થંકરપણે અને નહિતો સામાન્ય કેવળીપણે તે જગતના જીવોને ઉપદેશ આપી, સત્ય તત્ત્વનું જ્ઞાન કરાવી, મુક્તિનો માર્ગ દર્શાવી સેવા બજાવે છે, અને એ રીતે વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય એ બાકી રહેલાં ચાર અઘાતી કર્મોનો પણ ક્ષય કરવાની સ્થિતિમાં આવે છે. તે વખતે તેમના ચિત્તમાં સમસ્ત જગતના જીવો પ્રત્યે એવી ભાવદયા વહે છે કે તેમને પોતાના અને બીજાના આત્મા વચ્ચે ભેદ દેખાતો નથી, જગતનાં મનુષ્યો અને તીર્યંચો પણ તેમના ઉપદેશને સાંભળી સમજી શકે છે અને પોતાનું કલ્યાણ સાધી શકે છે. આ સ્થિતિમાં દેવો કેવળીની પૂજા કરે છે, બહુમાન કરે છે, અને કોઇ વાર કાંઇ ઉપસર્ગો વેદવાનો સમય પણ આવે છે, પરન્તુ એ પૂજા કે ઉપસર્ગની કશી અસર તેમના મન પર થતી નથી. ચિત્તની એવી ઉદાત્ત સ્થિતિમાં કેવળી ભગવાન પૃથ્વીને પોતાના વચનામૃતની વૃષ્ટિથી શીતળ કરતા વિચરે છે અને તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે, છતાં કેવળી ભગવાન તો તેમાંએ અલિપ્ત રહે છે. કેવળી જ શુક્લ ધ્યાનના ત્રીજા પાયાને પ્રાપ્ત કરવા સમર્થ છે. (૨૧૫)

[ હવે શુક્લ ધ્યાનના ત્રીજા અને ચોથા પાયાની પરમોચ્ચ સ્થિતિનું નિદર્શન નીચેના બે શ્લોક વડે કરવામાં આવે છે. ]

**शुक्लध्यानतृतीयपादः । २१६॥**

**स्थित्वा स्थूलशरीरयोगसरणौ सूक्ष्मं विधत्ते जिनो ।**
**वाणीमानसयोगमन्त्यसमये स्थित्वा ततस्तद्युगे ॥**

स्थूलं कायिकचेष्टितं पुनरिदं सूक्ष्मं विधायेतरद् ।
रुन्ध्याद्योगयुगं तदेव कथितं सूक्ष्मक्रियाख्यं पदम् ॥

शुक्लध्यानचतुर्थपादः । २१७ ॥

अर्हन्मुक्तिपदप्रयाणसमये पञ्चस्वरोच्चारणा ।
कालं तिष्ठति सूक्ष्मयोगविलये शैलेशवन्निश्चलः ॥
एतच्चैव मतं चतुर्थचरणं ध्यानस्य शुक्लस्य वै ।
व्युच्छिन्नक्रियनामकं शिवपदासन्नं समाप्तार्थकम् ॥

### શુકલ ધ્યાનનો ત્રીજો પાદ.

**ભાવાર્થ**—જે અવસ્થામાં શુકલ ધ્યાની કેવળી ભગવાન્ અંતવખતે બાદર-સ્થૂળ કાયયોગમાં રહીને વચનયોગ અને મનોયોગને સૂક્ષ્મ બનાવે છે, તેમજ મનવચન યોગમાં રહીને વળી સ્થૂળ કાયયોગને સૂક્ષ્મ બનાવે છે અને તેમાં રહીને વળી મનવચન યોગને રોકે છે તે વખતે ફક્ત સૂક્ષ્મ કાયયોગની સૂક્ષ્મ ક્રિયા રહેવાથી સૂક્ષ્મક્રિય નામે શુકલ ધ્યાનનો ત્રીજો પાદ નિષ્પન્ન થાય છે.

### શુકલ ધ્યાનનો ચોથો પાદ.

અરિહંત ભગવાન્ મુક્તિપદમાં પ્રયાણ કરવાના હોય તે વખતે સૂક્ષ્મ કાયયોગનો પણ નિરોધ કરીને પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર કરીએ તેટલો વખત મેરૂ પર્વતની પેઠે નિશ્ચલ અયોગ અવસ્થામાં શૈલેશી અવસ્થામાં રહે તે જ વ્યુચ્છિન્નક્રિય નામે શુકલ ધ્યાનનો ચોથો પાયો છે. આ પાદમાં સકળ અર્થની સમાપ્તિ થાય છે, અને શિવપદનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. (૨૧૭)

**વિવેચન**—સૂક્ષ્મક્રિય એટલે અત્યંત થોડી ક્રિયા. આ અવસ્થામાં કેવળીને સ્વલ્પ કર્મરજ લાગેલી હોય છે, પરન્તુ એ રજ કેવી હોય છે? જેમ સેકેલું અનાજ ખાવાથી પેટ ભરાય છે, પરન્તુ તે વાવવાથી ઊગતું નથી, તેમ એ અઘાતી કર્મની સત્તાથી કેવળી ચલનાદિ ક્રિયા કરે છે પરન્તુ એ ક્રિયા-કર્મ ભવાંકુર ઉત્પન્ન કરી શકતું નથી. આ કારણથી માત્ર સૂક્ષ્મ કર્મ

તેમને લાગે છે. શુકલ ધ્યાનના ત્રીજા પાયામાં કેવળી ભગવાન્ કર્મને કેવી રીતે સૂક્ષ્મ કરે છે? તે યોગનિરોધ કરે છે, એટલે કે પ્રથમ બાદર-સ્થૂળ કાયયોગમાં સ્થિતિ કરે છે અને બાદર વચનયોગ તથા મનોયોગને સૂક્ષ્મ કરી નાંખે છે. પછી સૂક્ષ્મ વચનયોગ અને મનોયોગમાં સ્થિતિ કરી બાદર કાયયોગને પણ સૂક્ષ્મ કરી નાંખે છે. છેવટે સૂક્ષ્મ કાયયોગમાં સ્થિતિ કરીને કેવળી સૂક્ષ્મ વચનયોગ અને સૂક્ષ્મ મનોયોગનો પણ નિગ્રહ કરે છે-રોકે છે. આ રીતે ૧૩ મે ગુણઠાણે કેવળીને માત્ર સૂક્ષ્મ કાયયોગ રહે છે અને એવી સ્થિતિને સૂક્ષ્મક્રિય ધ્યાનને નામે ઓળખવામાં આવે છે. ત્યારપછી કેવળી ધ્યાનના ચોથા પાયામાં દાખલ થાય છે અને એ પાયો છેલ્લે ૧૪ મે ગુણઠાણે જ પ્રાપ્ત થાય છે. ત્રીજા પાયામાં જે સૂક્ષ્મ કાયયોગ અવશિષ્ટ રહ્યો છે તેનો પણ નિરોધ કરવો તે વ્યુચ્છિન્નક્રિય નામનો શુકલ ધ્યાનનો છેલ્લો પાયો છે. એ અવસ્થામાં અ ઇ ઉ ઋ લૃ એ પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર થાય એટલો કાળ બાકી રહે ત્યારે કેવળીને અયોગી ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. ત્યાં સર્વ યોગનો નિરોધ થાય છે એટલે કેવળી મેરૂ પર્વતની પેઠે નિશ્ચલ-શૈલેશી અવસ્થામાં રહે છે. એજ વ્યુચ્છિન્નક્રિય પાદ છે. એ પાદમાં ક્રિયા રહેલી હોતી નથી એટલે અક્રિયાવસ્થા જ પ્રાપ્ત થાય છે, અને અઘાતી કર્મોનો સદંતર નાશ થાય છે. ગુણસ્થાનકનો કાળ પૂર્ણ થતાંસુધી એ અવસ્થા રહે છે અને ત્યારપછી મુક્તાવસ્થા પ્રાપ્ત થાય છે, એટલે આ પાદને शिवपदासन्न-મુક્તિપદ જેની અત્યંત નિકટ આવી રહેલું છે તેવું પાદ કહેવામાં આવ્યું છે. (૨૧૬-૨૧૭)

[ નીચેના શ્લોકમાં ગ્રંથકાર શુકલ ધ્યાનનાં શાસ્ત્રોકત આલંબનો તથા ભાવનાનું નિદર્શન કરે છે ]

**शुक्लध्यानालम्बनभावना । २१८ ॥**

**क्षान्तिर्मार्दवमार्जवं च यमिनां निर्लोभवृत्तिश्चतु**
**रालम्बा अधिरोहणे निगदिता ध्याने तु शुक्लाभिधे ॥**
**एवं पापमपायकारणमयं देहोऽशुभः पुद्गला-**
**वर्त्तानन्त्यमिदं जगच्चलमिति ध्येयाश्चतुर्भावनाः ॥**

## શુકલ ધ્યાનનાં આલંબન અને ભાવના.

**ભાવાર્થ**—સંયમીઓને શુકલ ધ્યાન ઉપર ચઢવાને માટે ક્ષમા, નિર્લોભતા, ઋજુતા–સરલતા અને મૃદુતા એ ચાર આલંબન કહ્યાં છે; તેમ જ શુકલ ધ્યાનની વિશુદ્ધિ માટે પાપ માત્ર અપાયકારણ–હાનિકર્તા છે, આ દેહ અશુભ–અશુચિમય છે, આ જીવ અનંત પુદ્‌ગલપરાવર્તનથી સંસારમાં પરિભ્રમણ કરે છે અને આ જગત્ નશ્વર ચલાયમાન છે, એ ચાર ભાવનાઓ ભાવવી. (૨૧૮)

**વિવેચન**—શુકલ ધ્યાનના પહેલા બે પાયામાં સક્રિયતાનું અસ્તિત્વ હોઇ યોગનું (પહેલામાં ત્રણ અને બીજામાં એકનું) પણ અસ્તિત્વ છે, એટલે ત્યાંસુધી સંયમીના ચિત્તને ઉચ્ચ શ્રેણીએ ચડતા જવા માટેનું આલંબન હોય તે સ્વાભાવિક છે. આ આલંબનો ચાર છે. અત્ર ગ્રંથકારે निगदिताः–'કહેલા' એ શબ્દપ્રયોગ એટલા માટે કર્યો છે તે આલંબનો શાસ્ત્રકથિત છે. ઉવવાઇ સૂત્રમાં તે આલંબનોનું વિધાન છે. ક્ષમા, મૃદુતા, ઋજુતા અને નિર્લોભતા રૂપી આલંબનો વડે શુકલ ધ્યાનમાં સ્થિર રહી શકાય છે અને પ્રથમમાંથી બીજા પાદમાં તથા બીજા પાદમાંથી ત્રીજા પાદમાં ચડી શકાય છે. આ ઉપરાંત શુકલ ધ્યાનીની ચાર અનુપ્રેક્ષાઓ અથવા ભાવનાઓ કહી છે. પ્રાણાતિપાતાદિ દરેક પાપ અપાયનું કારણ છે એવું ચિંતવવું તે એમાંની પહેલી ભાવના છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આશ્રવના ભેદો છે અને આશ્રવોને ભગવંતે અપાયનાં કારણ રૂપ કહ્યાં છે, એવા શ્રુતના ચિંતનમાંથી યોગમાં સંક્રમણ વડે અને યોગમાંથી શ્રુતમાં સંક્રમણ વડે ઉત્તરોત્તર જૂદી જૂદી ભાવનાઓ ભાવતાં શુકલ ધ્યાનમાં ધ્યાતા આગળ ને આગળ વધતો જાય છે. એવી જ રીતે ત્રણ ભાવનાઓ વિષે સમજવું. અશુચિ ભાવના એટલે એવું ચિંતવવું કે આ દેહ અશુભ–અશુચિ પરમાણુઓનો બનેલો છે એટલે તે ઉપર રાગ દશા શી ? ત્રીજી અનંત પુદ્‌ગલપરાવર્તન ભાવના છે એટલે આ જીવ સંસારમાં પરિભ્રમણ કરતો થકો અનંત પુદ્‌ગલપરાવર્તન કરી ચૂક્યો છે, હવે એ સંસારમાં રાગદશા શી, એવું જે ચિંતન તે શુકલ ધ્યાનની ત્રીજી ભાવના છે. અને ચોથી

વસ્તુના પરિણામ પલટવાના એટલે કે જગતની ચલિતતાના સ્વભાવનું ચિંતન કરવું એ ભાવના : એથી જગત્‌ની નશ્વરતા—અનિત્યતાનું આત્માને ભાન થતાં વીતરાગ દશાની કેળવણી તેને મળે છે. આ આલંબનો અને ભાવનાઓ વસ્તુતઃ ધ્યાનના ઉચ્ચતમ શિખરે ચડવાનાં પગથીયાં છે. તે પગથીએ પગ મૂકતો થકો ધ્યાતા આત્માને નિર્મળ કરતો ઉંચે ચડતો જાય છે. (૨૧૮)

[ શુકલ ધ્યાન એ આત્માના નિર્મળીકરણ માટેનું ઉંચામાં ઉંચું શિખર છે ખરૂં, પરન્તુ તે પર ચડવાનું આ યુગમાં અતિ દુષ્કર છે, તે દર્શાવતાં ગ્રંથકાર મુમુક્ષુને એ ધ્યાનનો ઉચ્ચ મનોભાવ રાખવાનું સૂચન કરે છે. ]

**शुक्लध्यानदुष्करत्वम् । २१९ ॥**

**शुक्लध्यानमपेक्षतेऽपरिमितं वीर्यं च चित्तात्मनो-**
**राद्यं संहननं स्थिरं दृढतरं वैराग्यभावं पुनः ॥**
**नैतेषां यदि सम्भवोऽत्र समये भाव्या तदा भावना।**
**भाव्याशा नियता न साधनबलं यावत्समापद्यते ॥**

**શુકલ ધ્યાનની દુષ્કરતા.**

**ભાવાર્થ**—શુકલ ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે અંતઃકરણની પૂરેપૂરી દઢતા અને આત્માનું અપરિમિત વીર્ય—સામર્થ્ય જોઈએ, છ સંઘયણમાંનું પ્રથમ વજ્રઋષભનારાચ સંઘયણ જોઈએ અને અત્યંત દઢ વૈરાગ્ય ભાવ જોઇએ. આ સમયમાં-પાંચમા આરામાં જો તેનો સંભવ ન હોય તો ભાવીની આશા રાખીને ઉપર જણાવેલી શુકલ ધ્યાનની ભાવના ભાવવી, જ્યાંસુધી અપરિમિત વીર્યઆદિ સાધનસામગ્રી પૂરતી રીતે પ્રાપ્ત ન થાય ત્યાંસુધી. (૨૧૯)

**વિવેચન**—પૂર્વે શ્લોક ૨૧૧માં 'શુકલ ધ્યાન' વિષેના વિવેચનમાં જણાવવામાં આવ્યું છે કે અલ્પ સત્વવાળા જીવોને શુકલ ધ્યાનનો અધિકાર નથી. એ અધિકાર નહિ હોવાનું કારણ એ છે કે તે ધ્યાન અત્યંત દુષ્કર

છે, તેમાં ચિત્ત અને આત્માના અપરિમિત સામર્થ્યની તેમ જ સુદૃઢ દેહ-યષ્ટિની જરૂર પડે છે. आद्यं संहननं એટલે પહેલું વજ્રઋષભનારાચ સંઘયણ કે જેમાં વજ્રની માફક હાડકાંઓની મજબૂતાઇવાળું શરીર હોય અને સારી પેઠે દૃઢ થએલું વૈરાગ્યવાસિત ચિત્ત હોય તે જ શુક્લ ધ્યાનનો અધિકારી છે અને આ સમયમાં એવી યોગ્યતા કોઇમાં હોવાનો અસંભવ હોવાથી શુક્લ ધ્યાનની ભાવના ભાવવાનું એટલે કે શુક્લ ધ્યાનને પોતાના અંતિમ આદર્શ તરીકે સ્થાપી તેની તરફ ગતિ કરવાને ઉદ્યમશીલ રહેવાનું ઉચિત છે. જ્યાંસુધી અપરિમિત વીર્ય અને દેહાદિરૂપ સાધનસામગ્રી પ્રાપ્ત થાય નહિ—એવો અપૂર્વ અવસર આવે નહિ, ત્યાંસુધી શુક્લ ધ્યાનને માત્ર આદર્શ લેખીને તેથી ઉતરતી કોટિનાં ધર્મ ધ્યાનમાં આગળ વધતા રહેવું એ ચિત્તની વીતરાગ દશા તથા આત્માની નિર્મળતા સાધવાનો વહેવારૂ માર્ગ છે. બાકી હેમાચાર્ય પણ આધુનિક સમયના લોકોને માટે શાસ્ત્રકથિત શુક્લ ધ્યાન દુષ્કર લેખતાં કહે છે " दुष्करमप्याधुनिकैः शुक्लध्यानं यथाशास्त्रम् ॥ ધર્મધ્યાનનો અવિચળ સ્થિતિકાળ અંતર્મુહૂર્તનો છે અને એમાં ક્ષાયોપશમિક ભાવ છે તેથી અવસ્થાંતર થયા કરે છે. એ શુક્લ ધ્યાનની અપેક્ષાએ અલ્પ છે, પણ આર્ત—રૌદ્ર ધ્યાન કરતાં એની સ્થિતિ ઘણી ઉંચી છે, એટલે આધુનિક સમયને માટે ધર્મ ધ્યાન જ ઇષ્ટ છે. (૨૧૯)

## द्वादश परिच्छेद.

### તપશ્ચર્યા : વ્યુત્સર્ગ.

[ હવે તપનો છેલ્લો પ્રકાર 'વ્યુત્સર્ગ તપ' આવે છે. ]

व्युत्सर्गतपोऽथवा विवेकः । २२० ॥

**देहादौ परवस्तुनि प्रथमतो जाताऽऽत्मबुद्धिश्च या ।**
**सम्पन्नं जलदुग्धवत्तदुभयोरैक्यं तयाऽनादितः ॥**

**निश्चित्योभयलक्षणानि सततं बुद्ध्या विविच्योभयं।**
**भेदाभ्यासबलेन हंसवदिदं त्याज्यं परं स्वग्रहे ॥**

## વ્યુત્સર્ગ તપ અથવા વિવેક.

**ભાવાર્થ**—દેહાદિ પૌદ્‌ગલિક વસ્તુમાં ઘણા વખતથી જે આત્મબુદ્ધિ થઈ ગઇ છે અને અનાદિ કાળથી પાણી તથા દૂધની માફક જડ અને ચેતન–પુદ્‌ગલ તથા આત્મા એ બન્નેની એકતા થઈ ગઇ છે, તે બન્નેનાં પૃથક્ પૃથક્ લક્ષણોનો નિશ્ચય કરીને મુમુક્ષુઓએ નિરંતર ભેદ અભ્યાસના બળથી તે બન્ને પદાર્થો હંસની પેઠે પોતાની બુદ્ધિમાં છૂટા પાડીને સ્વવસ્તુ–આત્મતત્ત્વનું ગ્રહણ કરવું અને પરવસ્તુ–પૌદ્‌ગલિક તત્ત્વનો ત્યાગ કરવો જોઇએ. (૨૨૦)

**વિવેચન**—સ્વ અને પરનો ભેદ પારખવાનો વિવેક તેનું જ નામ વ્યુત્સર્ગ. સામાન્ય રીતે મનુષ્ય બહિર્મુખ વૃત્તિવાળો–બહિરાત્મા હોય છે, કારણકે શરીરાદિ જડ–પૌદ્‌ગલિક વસ્તુના લાંબા કાળના સહવાસથી તેને શરીરમાં જ આત્મબુદ્ધિ ઉત્પન્ન થએલી હોય છે; વસ્તુતઃ તે આત્મવિભ્રમ છે. જ્ઞાનાર્ણવમાં કહ્યું છેઃ–

**आत्मबुद्धिः शरीरादौ यस्य स्यादात्मविभ्रमात् ।**
**बहिरात्मा स विज्ञेयो मोहनिद्रास्तचेतनः ॥**

અર્થાત્—આત્મવિભ્રમે કરીને જે શરીરાદિ જડ વસ્તુમાં આત્મબુદ્ધિ ધારણ કરે છે અને જેની મોહનિદ્રાથી ચૈતન્ય અસ્ત પામી ગયું છે તે બહિરાત્મા છે. આવા બહિરાત્મભાવનો વિલય થઇને અંતરાત્મભાવ ત્યારે જાગૃત થાય કે જ્યારે જડને જડરૂપે અને ચેતનને ચેતનરૂપે ઓળખવાનો, ચેતન આત્મા છે અને તે સ્વ છે તથા દેહ જડ છે અને તે પર છે એમ સ્વ–પરનો ભેદ પિછાણવાનો વિવેક મનુષ્યમાં જાગૃત થાય. આ કારણથી જડ અને ચેતન અથવા પુદ્‌ગલ અને આત્માનાં લક્ષણોનો મુમુક્ષુએ અભ્યાસ કરવો જોઇએ અને એવા નિશ્ચયવાળા થવું જોઇએ કે અપ્પા कत्ता विकत्ताय दुहाणय सुहाणय અર્થાત્–આત્મા જ સુખ અને દુઃખનો

કર્તા તથા અકર્તા છે; જડ–ચેતનનો આવો ભેદ જાણ્યા પછી મુમુક્ષુએ આત્મરૂપ ચેતન જે 'સ્વ' છે અને દેહરૂપ જડ જે 'પર' છે તેમાંથી 'સ્વ'નું ગ્રહણ કરી 'પર'નો ત્યાગ કરવામાં ઉદ્યુક્ત થવું જોઇએ. यस्यात्मन्यात्मनिश्चयः सोऽन्तरात्मा मतस्तज्ज्ञैः અર્થાત્–આત્માનો જ જેણે આત્મભાવમાં નિશ્ચય કર્યો છે તેને જ્ઞાની પુરૂષોએ અંતરાત્મા કહ્યો છે. આવો અંતરાત્મભાવ કિંવા સ્વરૂપનો વિવેક પ્રકટે છે ત્યારે વ્યુત્સર્ગ તપ સહજ સિદ્ધ બને છે. (૨૨૦)

[ આવો વિવેક પ્રકટતાં જે જડ–ચેતન વચ્ચેના ભેદનું જ્ઞાન ઉત્પન્ન થાય તેનો ખ્યાલ નીચેના શ્લોકથી આપવામાં આવ્યો છે. ]

**भेदज्ञानम् । २२१ ॥**

**देहो नास्ति ममाहमस्मि न पुनर्देहस्य काले क्वचित् ।**
**स्थूलोऽयं क्षणभङ्गुरः पुनरहं चैतन्यरूपः स्थिरः ॥**
**दुःखं जन्मजराऽवसानजनितं रोगाद्युपाध्युद्भवं ।**
**देहस्यैव न चास्ति मेऽथ सहजानन्दस्वरूपोऽस्म्यहम् ॥**

**ભેદજ્ઞાન.**

**ભાવાર્થ**—આ દેહ મારો નથી, હું કોઇ પણ કાળે આ દેહનો થવાનો નથી; આ દેહ સ્થૂળરૂપ અને ક્ષણભંગુર છે, ત્યારે હું સ્થિર અને ચૈતન્યરૂપ છું; જન્મ, જરા, મૃત્યુથી ઉત્પન્ન થતું અને રોગ, આધિ, ઉપાધિથી પ્રગટ થતું દુઃખ અને કલેશ આ દેહને જ છે, તે મને નથી, કારણકે હું તો સહજ આનંદ સ્વરૂપ છું: આમ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો.(૨૨૧)

**વિવેચન**—જ્યારે દેહમાંથી अहं બુદ્ધિનો લોપ થાય છે, ત્યારે ચિત્તની એવી સમઅવસ્થા હોય છે કે દેહની પીડા તુચ્છ જણાય છે અને આત્મા તો ક્ષણભંગુર દેહની પરવા કર્યા વિના अहं ब्रह्मास्मि સમજીને આનંદ સ્વરૂપને પામી રહે છે. દેહ એક નથી કે મારો નથી, તે તો સ્થૂળ અને અનિત્ય પદાર્થ માત્ર છે: જે 'હું' છું તે તો નિર્મળ–ચૈતન્ય સ્વરૂપ આત્મા છું, તેને આધિ–વ્યાધિ કે ઉપાધિ, જન્મ–જરા કે મૃત્યુથી દુઃખ થતું નથી પણ

માત્ર દેહને જ સુખદુઃખ થાય છે: આવું ભેદજ્ઞાન જ્યારે પ્રકટ થાય છે ત્યારે આત્માને માટે જે ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે—

**अच्छेद्योयमदाह्योयमक्लेद्योऽशोष्य एव च।**
**नित्यः सर्वगतः स्थाणुरचलोयं सनातनः॥**

અર્થાત્—આત્મા અછેદ્ય (કાપી ન શકાય તેવો), અદાહ્ય (બાળી ન શકાય તેવો), અક્લેદ્ય (ભીંજાઇ ન શકે તેવો), અશોષ્ય (શોષાય નહિ તેવો), નિત્ય, સર્વત્ર ઉપયોગ યોજનાર, સ્થિર, અચળ અને સનાતન છે: એ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. દેહ અને આત્મા વચ્ચેનો ભેદ સમજાવનારૂં જે જ્ઞાન તે ભેદજ્ઞાન. આ ભેદનો અભ્યાસ કરવાથી વૈરાગ્ય સુદૃઢ થાય છે, અને વ્યુત્સર્ગ તપની સિદ્ધિ સહજ બને છે.

**દૃષ્ટાન્ત**—ભેદજ્ઞાને કરીને કેવળ જ્ઞાન પામનાર ગજસુકુમાલનું દૃષ્ટાન્ત અહીં બંધ બેસતું થશે. ગજસુકુમાલ કૃષ્ણ મહારાજનો નાનો ભાઇ થતો હતો. માતા દેવકીનો તેની ઉપર બહુ પ્રેમ હતો. તે જુવાન થયો ત્યારે એક વાર બાવીસમા તીર્થંકર નેમનાથ પ્રભુ દ્વારકાનગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા, અને કૃષ્ણ મહારાજ ગજસુકુમાલને સાથે લઈ પ્રભુનાં દર્શન કરવાને જવા લાગ્યા. રસ્તામાં સોમિલ નામે બ્રાહ્મણનું ઘર આવ્યું. એ ઘરની અગાશીમાં સોમા નામની એ બ્રાહ્મણની સૌંદર્યવતી કન્યા સખીઓ સાથે રમતી હતી તે કૃષ્ણના જોવામાં આવી અને તેનું લગ્ન ગજસુકુમાલ વેરે કરવાનો કૃષ્ણનો વિચાર થયો. કૃષ્ણે સોમિલને બોલાવી સોમાનાં લગ્ન વિષે વાતચીત કરી, સોમાને કુંવારા અંતઃપુરમાં મોકલી દીધી. પછી બેઉ ભાઈ ઉદ્યાન તરફ પ્રભુદર્શન કરવા જવાને આગળ વધ્યા. પ્રભુનો ઉપદેશ સાંભળી ગજસુકુમાલને વૈરાગ્ય ઉપજ્યો. તેમણે દીક્ષા લેવા માટે માતા પાસે આજ્ઞા માંગતાં માતાને મૂર્છા આવી ગઇ. ઘણું ઘણું સમજાવ્યા છતાં ગજસુકુમાલે દીક્ષા લેવાનો નિશ્ચય છોડયો નહિ અને પ્રભુ પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને તુરત જ પ્રભુ પાસેથી બારમી ભિખ્ખુની પડિમા આદરવાની રજા મેળવી અને પોતે શ્મશાનમાં જઈ કાયોત્સર્ગ કરી અડગપણે ઊભા. સાંજ પડી એટલે સોમિલ બ્રાહ્મણ જંગલમાંથી હોમ માટે સમિધનાં લાકડાં લઇને ગામ તરફ આવતો હતો તેની દૃષ્ટિ ગજસુકુમાલ પર પડી. જોતાં વેંત તેને ક્રોધ

ઉપજ્યો. તે બોલ્યો : "અરે, જેની સાથે **સોમા**નાં લગ્ન થવાનાં હતાં તે **ગજસુકુમાલ** તો સાધુડો થઇને અહીં ઊભો છે ! અરે, દુષ્ટ ! તારે જો મુંડાવું જ હતું તો શામાટે મારી પુત્રીને કુંવારા અંતઃપુરમાં મોકલાવી રંડાપો અપાવ્યો ?" એ ક્રોધી બ્રાહ્મણે **ગજસુકુમાલ**ને સખ્ત શિક્ષા કરવાનો વિચાર કર્યો. તેણે ધ્યાનસ્થ ઊભેલા **ગજસુકુમાલ**ને માથે લીલી માટીની પાળ બાંધી અને શ્મશાનમાં બળતી એક ચિતામાંથી ઠીબડી ભરી બળતા અંગારા લાવી **ગજસુકુમાલ**ને માથે બાંધેલી માટીની પાળની વચ્ચે ઠાલવ્યા. મુંડન કરાવેલા માથાની ચામડી ચરચર કરતી બળવા લાગી અને ચામડી પછી મગજનું માંસ બળવા લાગ્યું ! એથી થતી પીડાનું તો પૂછવું જ શું ? પણ **ગજસુકુમાલે** માથું કે શરીરનો કોઈ ભાગ ચોર્યો કે હલાવ્યો નહિ, તેમ **સોમિલ** ઉપર દ્વેષ પણ આણ્યો નહિ. કોઇના સસરા પાંચ પચીસ રૂપિયાની પાઘડી બંધાવે છે, ત્યારે મને મારો સાસરો મોક્ષની પાઘડી બંધાવે છે, એવો ભાવ **ગજસુકુમાલ** મુનિના શુભ ધ્યાનમાં સ્ફુરતો હતો. આ બધો પ્રભાવ, આ શૂરવીરતા, આ નિશ્ચલતા, એ ભેદજ્ઞાનનું પરિણામ હતું. એ વખતે **ગજસુકુમાલ**નો આત્મા જાણે શરીરથી બહાર નીકળી કર્મોને હંફાવવા મેદાનમાં પડયો હોય અને શરીર સાથે કાંઇ પણ સંબંધ ન હોય, તેમ દુઃખ વેદ્યા વિના આત્મભાવમાં લીન થએલો હતો; તેમના બહિરાત્મભાવનો તો ક્યારનોય ધ્વંસ થઈ ગયો હતો, અને અત્યારે અંતરાત્મભાવમાંથી એ પરમાત્મ ભાવમાં જવાની તૈયારી કરતો હતો. ક્ષપક શ્રેણીએ ચઢતા શુક્લ ધ્યાનના છેલ્લા પાયાને સ્પર્શતાં સકલ કર્મનો અંત કરી અંતગડ કેવળી થઇ ગજસુકુમાલ મુનિ મોક્ષે પહોંચ્યા. (૨૨૧)

[ હવે વ્યુત્સર્ગ તપના બે ભેદમાંના પહેલા દ્રવ્યવ્યુત્સર્ગ તપ વિષે કહે છે. ]

**द्रव्यव्युत्सर्गतपः । २२२ ॥**

**व्युत्सर्गो द्विविधो मतो जिनवरैर्द्रव्येण भावेन वा ।**
**गच्छाङ्गोपधिभोजनादिविधया ख्यातश्चतुर्धाऽऽदिमः॥**
**आसन्ने मरणे विहाय ममतां गच्छे तनौ चोपधौ ।**

# त्याज्यं भोजनपानकं च निखिलं निष्कामबुद्ध्या बुधैः॥

## દ્રવ્યવ્યુત્સર્ગ તપ.

**ભાવાર્થ**—જિનવરોએ વ્યુત્સર્ગ તપના બે પ્રકાર કહ્યા છે: દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. ગચ્છ, શરીર, ઉપકરણ અને ભોજન આદિ ભેદથી પ્રથમ દ્રવ્યવ્યુત્સર્ગ તપ ચાર પ્રકારનું છે. જ્યારે મરણ નજીકમાં આવે ત્યારે ગચ્છ, શરીર અને ઉપકરણ-ઉપધિ ઉપરથી મમતા ઉતારી નાંખીને છેવટ નિષ્કામ વૃત્તિથી વિબુધોએ ચાર પ્રકારનું અન્નપાણી પણ ત્યજી સંથારો કરવો જોઇએ. (૨૨૨)

**વિવેચન**—વ્યુત્સર્ગ તપના બે પ્રકાર શાસ્ત્રમાં કહ્યા છે: દ્રવ્યવ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ. વિ+ઉત્સર્ગ=વિશેષે કરીને ત્યાગ તે વ્યુત્સર્ગ. દ્રવ્યવ્યુત્સર્ગના ચાર પ્રકારો છે; ગચ્છ-સંપ્રદાયના મમત્વનો ત્યાગ, શરીરના મમત્વનો ત્યાગ, ઉપકરણ–દેહ કે ધર્મચર્યાદિનાં સાધનોના મમત્વનો ત્યાગ અને અન્ન પાણીના મમત્વનો ત્યાગ. આ બધું નિષ્કામબુદ્ધિથી–કામનારહિત વૃત્તિથી કરવું; એટલે તેથી દ્રવ્યવ્યુત્સર્ગ તપ સિદ્ધ થાય. હું અમુક ગચ્છનો સાધુ છું કે અમુક સંપ્રદાયને માનું છું એવો મમતા ભાવ ચિત્તમાંથી વિલય પામે અને માત્ર એવું જ માને કે હું તો નિર્મળ આત્મા છું, મારે હવે ગચ્છ કે સંપ્રદાયની સાથે શા લેવા દેવા છે? આવી ચિત્તવૃત્તિથી ગચ્છ–સંપ્રદાય પ્રત્યેના મમત્વનો કે તેનાં નિશાનોનો ત્યાગ કરે. દેહ ઉપરથી મમત્વ ઉતારી નાંખે એટલે કાયોત્સર્ગ કરે–કાયામાંથી મમત્વ ભાવનો ત્યાગ કરે, જંતુઓ એ કાયાને કરડે કે ખાઇ જાય, સર્પો દંશે કે સિંહ માંસ તોડી લે, વાયુ સુખ ઉપજાવે કે તાપ દઝાડે, એવા કોઈ પણ સુખ–દુઃખને ગણકારે નહિ અને માત્ર ત્યાગભાવમાં જ લીન રહે તે કાયોત્સર્ગ કહેવાય. જે કાંઈ દુઃખો કે સુખો થાય છે તે શરીરને થાય છે, હું ને–મારા નિર્મળ આત્માને તેથી કશાં સુખ દુઃખ થતાં નથી એવો ભાવ જ્યારે પ્રકટે છે, ત્યારે ચિત્તને જરાએ ખેદ કે ગ્લાનિ થતી નથી, તે અડગ રહે છે, દુઃખમાંથી શરીરનાં અંગોને બચાવવાની વૃત્તિ ઉદ્‌ભવતી નથી અને એવા કાયોત્સર્ગમાં જ તપસ્વી દેહને વોસીરાવી દે છે–મૃત્યુને સમભાવે નિમંત્રે છે.

**ण मे देहे परिसहा**—મારા શરીરે પરિષહ છે જ નહિ એવી જ પ્રબળ ભાવના તેનામાં વર્તી રહે છે. જ્યારે ઉપધિ-ઉપકરણોનો ઉત્સર્ગ તપસ્વી કરે છે ત્યારે તેણે ગચ્છ કે શરીર ઉપરના મમત્વનો સંપૂર્ણ ત્યાગ જ કરેલો હોય છે. ઉપકરણો કાંતો ધર્મચર્યાર્થે કે સંપ્રદાયની વિશિષ્ટતા–પૃથક્તા સૂચવવા માટેનાં બાહ્ય સાધનો હોય છે; અને કાંતો દેહના રક્ષણ માટેના સ્થૂળ પદાર્થો હોય છે. ગચ્છ અને શરીર ઉપરનું મમત્વ છાંડયું કે એ બધાં ઉપકરણો પરનું મમત્વ છૂટી જાય છે. રજોહરણ કે અમુક રંગનું વસ્ત્ર ઈત્યાદિ મારે શામાટે જોઈએ ? આત્માને વિશિષ્ટ રૂપે ઓળખાવવાની કે શરીરને રક્ષવાની હવે શી જરૂર છે ? એવો જ ભાવ તપસ્વીના ચિત્તમાં સદોદિત રહે છે. આ પ્રકારના ઉત્સર્ગો સાધ્યા પછી દેહને નિભાવવા અન્ન–પાણી ગ્રહણ કરવાની પણ વૃત્તિ રહેતી નથી. આ વૃત્તિમાં રમણ કરતો આત્મા શું વિચારે ?

**जावज्जीवं परीसहा उवसग्गाइति संखया।**
**संवुडे देहभेयाए इतिपन्नेधियासए॥**

અર્થાત્—જ્યાંલગી જીવીશ ત્યાંલગી પરિષહો અને ઉપસર્ગો સહેવાના છે, એમ ધારીને " મેં શરીરથી જૂદો થવા માટે જ શરીરનો ત્યાગ કરેલો છે " એમ વિચારી, મુનિ સર્વ પરિષહો અને ઉપસર્ગો વેઠે. શરીરથી જૂદા થવાને શરીરનું પોષણ પણ છોડી તેનો ત્યાગ કરવાની વૃત્તિ જ્યારે તપસ્વીને ઉદ્ભવે ત્યારે તે સંથારો કરે, અર્થાત્ વિશુદ્ધ સ્થાને બેસી, સર્વ યોગોને નિરોધી, અન્નપાણીનો ત્યાગ કરી શરીરને વોસરાવી દે. આ રીતે સર્વાંશે દ્રવ્યવ્યુત્સર્ગ તપ સિદ્ધ થાય. (૨૨૨)

[ હવે ભાવવ્યુત્સર્ગ તપ વિષે કહે છે. ]

**भावव्युत्सर्गतपः ।२२३॥**

**स्यात्संसारकषायकर्मभिदया भावात्मकोऽपि त्रिधा।**
**व्युत्सर्गः प्रथमं कषायविलयः कार्यः क्षयश्रेणि**
**जातेऽस्मिन् घनघातिकर्मविरहः संसारनाशस्ततो।**
**व्युत्सर्गे परिनिष्ठिते च सकले सर्वं हि निष्ठां गतम्॥**

**ભાવાર્થ**—ભાવવ્યુત્સર્ગ તપ પણ સંસાર કષાય અને કર્મના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં પ્રથમ ક્ષપક શ્રેણી ઉપર આરૂઢ થઇને કષાયનો વિલય કરવો, કષાયનો લય થતાં ચાર ઘનઘાતિ કર્મનો નાશ થશે અને કર્મનો નાશ થયો એટલે સંસારનો પણ નાશ થયો સમજવો: એટલે વ્યુત્સર્ગ તપની સિદ્ધિ થતાં સકળ કાર્યની સિદ્ધિ થઈ સમજવી. (૨૨૩)

**વિવેચન**—ભાવવ્યુત્સર્ગ તપના ત્રણ પ્રકાર : કષાય વ્યુત્સર્ગ, સંસાર વ્યુત્સર્ગ અને કર્મવ્યુત્સર્ગ. ક્રોધ, માન, માયા અને લોભ, એ ચારે કષાયને ત્યાગે તે કષાયવ્યુત્સર્ગ. નરક ગતિમાં, તિર્યંચ ગતિમાં, મનુષ્યગતિમાં કે દેવ ગતિમાં જવાના કારણનો ત્યાગ કરે અર્થાત્ સર્વ પ્રકારના સંસારના કારણને નિવારે તે સંસારવ્યુત્સર્ગ. આઠ પ્રકારનાં જે કર્મ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય એના બંધનાં કારણોથી નિવૃત્ત થાય તે કર્મવ્યુત્સર્ગ. ભાવવ્યુત્સર્ગ તપ-પૂર્વક દ્રવ્યવ્યુત્સર્ગ તપ થાય ત્યારે જ તે સાર્થક થાય છે અને દ્રવ્યથી દેહ ઉપરનું મમત્વ ગયું તથા ભાવથી શુભ કર્મબંધન ઉપરથી પણ મમત્વ ગયું એટલે સકલ કાર્યની સિદ્ધિ જ થઈ લેખાય એમાં શો સંશય? જૂના કર્મના બંધને તોડવા અને નવા કર્મના બંધને અટકાવી ભાવે કરીને કર્મબંધનાં કારણોને પણ છેદી નાંખવાં એટલે આત્મ-કલ્યાણ સધાઈ ચૂક્યું સમજવું, કારણકે નવીન સંસાર થતો ત્યાંથી અટકે છે અને આત્મા મુક્તિને જ વરે છે. (૨૨૩)

[ એક બાજુએ ધ્યાન અને બીજી બાજુએ તપશ્ચર્યા એ બેઉ આત્મકલ્યાણનાં સાધનો હોઈ તે બેઉના ફળની એકતા વિષે ઉપસંહાર કરી ગ્રંથકાર ગ્રંથની પૂર્ણાહુતિ કરે છે. ]

ध्यानतपसोः फलैक्यम् । २२४ ॥

**ध्यानं ध्यानिजनस्य पाकसमये दत्ते शुभं यत्फलं ।**
**दद्यादत्र फलं तदेव शमिनः पक्त्वा तपस्या ध्रुवम् ॥**
**मध्ये यद्यपि भाति साधनविधौ भेदः कथञ्चित्तयो-**

# निष्ठायां तु तयोः फलैक्यकलनान्नास्त्येव भेदो मनाक्॥

## ધ્યાન અને તપના ફળની એકતા.

**ભાવાર્થ**—ધ્યાની પુરૂષને પરિપાકસમયમાં ધ્યાન જે શુભ ફળ આપે છે તે જ ફળ શાન્ત તપસ્વીને પરિપકવ થએલી તપસ્યા પણ આપે છે. વચમાં જોકે સાધનવિધિમાં કોઇ એક રીતે ભેદ પ્રતીત થાય છે, તોપણ પરિણામે તે બેનું એક જ ફળ જણાયાથી પરિણામે જરા પણ ભેદ નથી; માટે જ્ઞાનના અધિકારીએ સ્વાધ્યાય અને ધ્યાનથી પોતાની દિનચર્યા પૂરી કરવી અને તપના અધિકારીએ તપસ્યાથી સમાપ્ત કરવી. (૨૨૪)

**વિવેચન**—જેવી રીતે હઠયોગી સમાધિને સાધે છે અને રાજયોગી પણ સમાધિને સાધે છે, છતાં બેઉનાં ક્રિયા–વિધિમાં અંતર હોય છે, તેવી રીતે ધ્યાની અને તપસ્વી ઉભયનાં સાધનવિધિમાં અંતર હોવા છતાં ઉભયને સમાન ફળની પ્રાપ્તિ થાય છે. પૂર્વે જણાવવામાં આવ્યું છે તેમ જ્ઞાન અને ભક્તિના સંગમથી આત્મા મુક્ત દશાને પામે છે કારણકે સાચો જ્ઞાની છેવટે શ્રદ્ધાળુ–ભક્ત બને છે, અને સાચા ભક્તને જ્ઞાન પ્રાપ્ત થયા વિના રહેતું નથી; તેવી જ રીતે સાચો તપસ્વી કે જે બાહ્ય અને અભ્યંતર તપનું અનુષ્ઠાન કરી ચૂક્યો હોય છે તે કષાયોને પાતળા પાડી વસ્તુતઃ જ્ઞાન–ભક્તિની સ્પર્શના કર્યા વિના રહેતો નથી, એટલે તે પણ અંતે–पाकसमये વીતરાગ દશાને પામી શકે છે. સ્વાધ્યાયશીલ અને ધ્યાનશીલને જે ફળપ્રાપ્તિ થાય છે, તે જ ફળપ્રાપ્તિ આ રીતે બાહ્યાભ્યંતર તપસ્વીને થતી હોવાથી એ બે માર્ગો એક જ ગિરિશિખર પર ચડવાના જૂદા જૂદા માર્ગો છે. આ કારણથી પૂર્વે મુનિની જે દિનચર્યા સૂચવવામાં આવી છે તેમાં અધિકારીએ સ્વાધ્યાય તથા ધ્યાનમાં અને સ્વાધ્યાય તથા ધ્યાનના અનધિકારીએ તપશ્ચર્યામાં પોતાની પ્રવ્રજ્યાનો સમય ગાળવો, તે દિનચર્યાનો અહીં ઉપસંહાર થાય છે. ધ્યાન અને તપના ફળની એકતા તે બે જૂદી જૂદી સીઢીઓ પર થઇને એક જ માળ પર જઈ પહોંચવાના કાર્યરૂપ છે, અને ચતુર્થ આશ્રમધર્મ–સંન્યાસને ગ્રહણ કરી ચૂકેલા મુમુક્ષુને જે કોઈ

સીઢી અનુકૂળ થાય તે સીઢીનો ઉપયોગ કરવાનું સૂચન કરી ગ્રંથકાર આ છેલ્લા ખંડની પૂર્ણાહુતિ કરે છે. (૨૨૪)

ग्रन्थप्रशस्तिः । २२५ । २२६ ॥

गच्छे स्वाम्यजरामरो दिनमणिर्लोंकाभिधे विश्रुत-
स्तत्पट्टे मुनिदेवराजविबुधः श्रीमौनसिंहस्ततः ॥
सूरिर्देवजिदाह्वयः श्रुतधरः पट्टे तदीयेऽभव-
त्स्वामिश्रीनथुजिद्गणी गुणखनिः शिष्यस्तदीयः पुनः॥
ख्यातः स्वामिगुलाबचन्द्रविबुधः श्रीवीरचन्द्राग्रज-
स्तच्छिष्येण तु रत्नचन्द्रमुनिना कर्त्तव्यमार्गावहः ॥
ग्रन्थोऽयं ख-गजा-ऽङ्क-भू-परिमिते वर्षे शरत्पूर्णिमा-
सौम्याह्नि प्रथितोऽथ राजनगरे पूर्णीकृतः श्रेयसे ॥

युग्मम् ॥

ગ્રન્થપ્રશસ્તિ.

**ભાવાર્થ** તથા **વિવેચન—લોં**કા શાહ નામના મહાપુરૂષે સંવત્ ૧૫૩૧ માં સ્થાપેલા લોંકા ગચ્છની એક શાખા તે **લીં**બડી સંપ્રદાય: એ સંપ્રદાય પણ ઘણો જૂનો છે પરંતુ વર્તમાન **લીં**બડી સંપ્રદાયના યોજક શ્રી **અ**જરામરજી સ્વામી હતા. **લીં**બડી સંપ્રદાયના સાત–આઠ બીજા ફાંટા પડી જઈ કાઠિયાવાડમાં જૂદા જૂદા સંપ્રદાયોને નામે પ્રસરી ગયા હતા, એટલે ગ્રંથકારની સીદ્ધી લીંટીએ એ સંપ્રદાયના યોજક શ્રી **અ**જરામરજી જ હોઇ અત્ર તેમને આદિ પુરૂષ લેખવામાં આવ્યા છે. **લીં**બડી સંપ્રદાયમાં તે સૂર્યની પેઠે પ્રખ્યાતિ પામ્યા હતા, કારણકે તત્પૂર્વે સાધુઓમાં જે કાંઈ આચારસ્ખલનાઓ હતી તે દૂર કરવા માટે શ્રી **અ**જરામરજી સ્વામીએ ગચ્છના કેટલાક નિયમો સ્થાપ્યા હતા અને તદનુસાર વર્તવાની ફરજ

સાધુઓને શિરે નાંખી હતી. એ જ દિનમણિ–સૂર્યનો પ્રકાશ **લીંબડી** સંપ્રદાયના સાધુઓ આજસુધી ઝીલી રહેલા છે. તેમની પાટે તેમના શિષ્ય પૂજ્ય શ્રી **દેવરાજજી** સ્વામી થયા; તેમની પછી પૂજ્ય શ્રી **મોણસિંહ** સ્વામી પાટે આવ્યા. તેમની પછી શાસ્ત્રનિષ્ણાત પૂજ્ય શ્રી **દેવજી** સ્વામી આચાર્ય થયા; તેમની પાટે તેમના શિષ્ય ગુણગણમંડિત પૂજ્ય શ્રી **નથુજી** સ્વામી આવ્યા; તેમના પ્રખ્યાત શિષ્ય શ્રી ગુલાબચંદ્રજી સ્વામી કે જેમણે પોતાના લઘુ ભ્રાતા મહારાજ શ્રી **વીરજી** સ્વામીની સાથે દીક્ષા ધારણ કરી છે ( અને જે વિવેચનના લેખનકાળે **લીંબડી** સંપ્રદાયની પૂજ્ય પદવીપર વિરાજે છે ) તેમના શિષ્ય મુનિ શ્રી રત્નચંદ્રજીએ કર્ત્તવ્યમાર્ગદર્શક " કર્ત્તવ્ય–કૌમુદી "નો આ બીજો ગ્રંથ વિક્રમ સંવત ૧૯૮૦ ( ख=०, गज=८, अङ्क=९, भू=१ )ના આસો સુદી ૧૫–શરત્ પૂનમ ને બુધવારને દિવસે ગુજરાત દેશમાં સુપ્રસિદ્ધ રાજનગર એટલે **અમદાવાદમાં** ચાતુર્માસ રહીને પોતાના તથા પરના શ્રેયસ્ માટે પૂર્ણ કર્યો છે. પ્રથમ ગ્રંથ ૧૯૭૦ માં લખાએલો અને આ બીજો ગ્રંથ ૧૯૮૦ માં લખાયો, એટલો મોટો વખતનો ગાળો બેઉ ગ્રંથોના લેખન વચ્ચે પસાર થયો તેનું કારણ એ છે કે એ ગાળામાં મુનિશ્રી અર્ધમાગધી ભાષાના કોષની રચનામાં ગુંથાઈ ગયા હતા. તે કાર્ય પૂર્ણ થતાં આ બીજા ગ્રંથની રચના હાથમાં લેવામાં આવી હતી. ગ્રંથકારે ૧૦ વર્ષના ગાળા પછી બીજો ગ્રંથ લખ્યો, તે ઉપરાંત વિવેચનકારે બીજાં ૬ વર્ષના ગાળા પછી વિવેચન પૂર્ણ કર્યું, એટલે આ બીજો ગ્રંથ પ્રથમ ગ્રંથ પછી ૧૬ વર્ષે પૂરો થવા પામ્યો છે! **कालाय तस्मै नमः ॥** ( ૨૨૫–૨૨૬ ) ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

## इति द्वितीय खण्ड समाप्त ॥

## समाप्तोऽयं ग्रंथः